વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦/-
વર્ષ : ૪૫મું
જાન્યુઆરી - ૨૦૨૦
અંક - ૫૦૦


(કુલ પાના : ૧૫૬)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર

## સંભારણા - ૪ વિશેષાંક




## વિકાસના પંથે નવી કેડી કંડારવા સદાય ..... આગે કદમ

: મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાળા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, વાહણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kjssmangalmandir@gmail.com • Web site : www.kuthchijainahd.org

# ઔષધીય વનસ્પતિઓ દ્વારા સ્વાસ્થ્ય જાળવવા માટે અમારાં શ્રેષ્ઠ આરોગ્યલક્ષી પ્રકાશનો




આપના શહેરના બધા બુકસેલર્સને ત્યાં મળે જ છે અથવા મંગાવી આપશે.

NAVNEET®

Knowledge is wealth

## NAVNEET EDUCATION LIMITED

**Correspondence Address :** Navneet House, Gurukul Road, Memnagar, **Ahmedabad – 380 052**. India
**Phone :** (079) 6630 5000, 6630 5001, 2745 1000 • **Fax :** (079) 6630 5011, 2748 8000
**email :** navneet.ahd@navneet.com • **Website :** www.navneet.com

DEEP Industries Limited

Oil & Gas Exploration
Production & Services



- EXPLORATION AND PRODUCTION OF OIL AND GAS BLOCKS
- EXPLORATION AND PRODUCTION OF COAL BED METHANE
- NATURAL GAS COMPRESSION SERVICES
- OIL & GAS PROCESSING EQUIPMENT
- WORK OVER AND DRILLING RIGS
- HIGH PRESSURE MOBILE AIR COMPRESSION
- NATURAL GAS BASED POWER GENERATION
- GAS DEHYDRATION UNIT

• CONTACT DETAILS •

Deep Industries Limited

**Address :** 12A & 14, Abhi Shree Corporate Park,
Ambli Bopal Road, Ambli, Ahmedabad-380 058, Gujarat, INDIA.
**Phone # :** +91-2717-298510 **Fax # :** +91-2717-298520
**Website :** www.deepindustries.com **E-mail :** info@deepindustries.com

# પ્રથમ પુણ્યતિથિએ આદરાંજલિ



જન્મ
તા. ૧૨-૧૧-૧૯૩૦

અરિહંત શરણ
તા. ૧૦-૦૧-૨૦૧૯

સમાજસેવા... પરમાર્થ માટેના સત્કાર્યો... જીવદયા... પ્રમાણિક... પરગજુ... પ્રેરણામૂર્તિ...

## સ્વ. શ્રી હીરજી પાસુભાઈ શાહ (દેઢિયા)

વ્યક્તિ પૃથ્વી પર જન્મ લે છે ત્યારે કેટલાક લક્ષણો તેની પાસે હોય છે. કેટલીક વ્યક્તિઓ આ પૃથ્વી પરથી વિદાય લે છે ત્યારે આ લક્ષણોને લાક્ષણિકતાઓમાં પલટાવી જાય છે. તેથી કાયમી વિદાય પછી પણ તેમની લાક્ષણિકતાઓ સૌના સ્મૃતિપટ પર અંકિત રહે છે. આપશ્રી તે પૈકી – એક છો. નિરાધાર તથા જરૂરતમંદ વ્યક્તિઓ પ્રત્યે તેમજ જીવદયા - અહિંસા ક્ષેત્રમાં આપ તેના આશ્રય સ્થાન સમા રહ્યા હતા. ધાર્મિક ભાવના, સત્ય, પ્રેમ અને કરુણા એ જ તમારું જીવન હતું. પરિશ્રમના દિવસો વિતાવી પરિવારને તમે સમૃદ્ધ બનાવી ગયા.

સૌમ્યશીલ, મિલનસાર, જાહેર જીવનના કાર્યોમાં સમર્પિત રહેનારા, પરોપકારી, પ્રેમાળ અને પરદુ:ખભંજન, સુમધુર સંબંધોથી સૌના સહૃદયી બની સમગ્ર પરિવારને સ્નેહના તાંતણે ગુંથી રાખનારા...

સમગ્ર પરિવારજનો માત્ર યાદગીરીના પુષ્પો અને વહેતા આંસુના અભિષેક અર્પણ કરે છે.

સ્નેહમૂર્તિના આત્મા... આપશ્રીની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે આદરાંજલિ...

પરમ કૃપાળુ પરમાત્મા આપના આત્માને દિવ્ય અને પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

### ● આપના પરિવારજનો ●

પુત્રવધુ - પુત્ર : નવલ ગિરીશ દેઢિયા
પુત્રી - જમાઈ : નિર્મળા ભવાનજી નાગડા
પૌત્રી : કાજલ સાવલા
પૌત્રવધુ - પૌત્ર : રૂપલ ગૌરવ દેઢિયા
પૌત્રવધુ - પૌત્ર : નેહલ દિપેન દેઢિયા
દોહિત્રવધુ - દોહિત્ર : ગીરા રાહુલ નાગડા

પર પૌત્રી : તેઆરા ગૌરવ
પર પૌત્ર : જીઆંશ દિપેન
પર દોહિત્રી : દિશા સાવલા
પર દોહિત્રીઓ : રીયા, ફેરી રાહુલ નાગડા

મે. શાહ રોડલાઇન્સ - અમદાવાદ

છેલ્લા ૪૪ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**
પ્રતાપ નારાણજી દંડ

***અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.***

### લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

***– મુખ્યતંત્રી***

# અનુક્રમણિકા

● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
બોપલ - અમદાવાદ ખાતે નવા મેડિકલ સેન્ટરનું ઉદ્‌ઘાટન : નિમંત્રણ ........ ૮

**તંત્રી લેખ :**

● 'મંગલ મંદિર' ૫૦૦મા અંકની વિક્રમી આગેકૂચ ........ ૧૦
● અગત્યના દિન : રાષ્ટ્રીય અને વિશ્વ ........ ૧૨
● 'મંગલ મંદિર'ના વિશેષાંકો - ૫૦૦મા અંક સુધીની મંજિલ (એક ઝાંખી) ........ ૧૩
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પ્રતિષ્ઠા ઉર્ધ્વગતિ તરફ ........ ૧૭
● વિકાસની કેડી એકધારી રીતે કંડારતા - ૫૦૦મા અંક સુધીની મંજિલ
'મંગલ મંદિર' મુખ્ય અંશોની એક ઝલક ........ **દિનેશ આર. મહેતા** ..... ૧૯

**વિભાગ-૧**

● પુરાતત્ત્વ અને કચ્છ ........ **ડૉ. પુલીન વસા** ..... ૨૨
● પ્રતિભાશાળી કચ્છી મહિલાઓ ........ **દિનેશ આર. મહેતા** .... ૨૫
● જ્યાં અર્થપૂર્ણ જિંદગી છે ત્યાં દિવાળી છે ........ **અવંતિકા ગુણવંત** ..... ૨૬
● કચ્છનું રણ અને રણદ્વિપો ........ **નરેશ અંતાણી** .... ૨૮
● વિચાર કણિકા ........ **શાંતિલાલ સંઘવી** .... ૨૯
● બાળકની નિષ્ફળતામાં પણ એની પડખે ........ **ફાધર વર્ગિસ પોલ** .... ૩૧
● પ્રેમી પંખીડા! ........ **ચિત્રસેન શાહ** .... ૩૩
● સામા પ્રવાહે તરવું છે : પશ્ચિમી સંસ્કૃતિની આલોચના ........ **મુરજી ગડા** .... ૩૪
● ભારતીય સંસ્કૃતિમાં અહિંસાની સાધનાનું મહત્ત્વ ........ **ડૉ. રામજીભાઈ સાવલીયા** ..... ૩૬
● યુરિનરી લીકેજ ........ **ડૉ. નીતા ઠાકરે** .... ૩૯
● પડકારોને પડકારે તે યુવાન ........ **સલોની નવીનભાઈ લાલકા** .... ૪૦
● ચાળીસીના ઉંબરે ........ **ડૉ. મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ શાહ (ગડા)** .... ૪૨
● કચ્છમાં બાગાયત ખેતી ........ **સંકલન : નવીનચંદ્ર નારાણજી સોદાગર** .... ૪૪
● અય મહોબ્બત, તેરે અંજામ પે રોના આયા ........ **ડૉ. ગિરીશ વીછીવોરા** .... ૪૭
● ધરતીનું ઋણ અદા કરીએ, મૃત્યુ પાછળ વૃક્ષારોપણ ........ **ગાંગજી લીલાધર દેઢિયા** .... ૪૯
● ક્રોધ કાબૂમાં રાખો ........ **પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)** .... ૫૧
● અમૃતનો ઓડકાર ........ **ડૉ. આઈ.કે. વીજળીવાલા** .... ૫૨
● ગુજરાતના સાર્વત્રિક વિકાસનું સુદ્રઢ આયોજન : ગુજરાત વિઝન-૨૦૨૦ ........ **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** .... ૫૫
● મારો વાંચનપ્રેમ ........ **કાંતિ ભટ્ટ** ..... ૫૬
● પાઈપલાઈન આવી, હવે નહેર પણ આવશે ........ **મુકેશ ઝવેરી** .... ૫૯
● કેટલાક પવિત્ર તમાચા ........ **દિનેશ પાંચાલ** ..... ૬૨
● સ્વામી શ્રી સચ્ચિદાનંદજીના અનુભવો-૨ : સસૂર, પગલા હૈ ક્યા? ........ **સ્વામી શ્રી સચ્ચિદાનંદ** ..... ૬૩
● મારો પહેલો મિત્ર ........ **ફાધર વાલેસ** ..... ૬૪
● ઝિંદાદિલી...– જેઓ મુશ્કેલીઓ વચ્ચે પણ અડગ છે ........ **પ્રભુલાલ સંઘવી** ..... ૬૬
● શિક્ષણમાં ગુણવત્તાનું મૂલ્યાંકન ........ **ડૉ. કાંતિલાલ ગોર 'કારણ'** ..... ૬૭
● યુવા વિકાસ અને કારકિર્દીનું ઘડતર ........ **દિનેશ આર. મહેતા** .... ૭૦
● સત્ય ઘટના : હું કલંકિની નથી ........ **પદ્મા ફાડિયા** .... ૭૨
● વ્યક્તિ વિશેષ : કચ્છી અગ્રણી સપૂત તુલસીદાસ મૂળજી શેઠ ........ **સંજય ઠાકર** .... ૭૪
● પ્રાર્થના એટલે પ્રભુ સાથેનો સંવાદ ........ **ડૉ. ઊર્મિલા શાહ** ..... ૭૬
● કચ્છનું શ્વેત રણ! ........ **ભરત'કુમાર' પ્રા. ઠાકર** .... ૭૮

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**માનદ્ મંત્રી**
શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા
ઘર : ૨૬૬૧૨૦૮૯
મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦

**સહમંત્રી**
શ્રી રોહિત સંઘવી

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**


- જિંદગીમાં 'કન્ટ્રોલ' કરવા જેવી ત્રણ મહત્ત્વની બાબત .................. **ડૉ. ચંદ્રકાંત મહેતા**.... ૮૧
- જિંદગી ગુજરે તે ઘર .................. **ચંદ્રહાસ ત્રિવેદી**..... ૮૩
- ભારતની દુનિયાને ભેટ .................. **મુરજી ગડા**..... ૮૫
- ઈનફર્ટિલિટિ — વંધ્યત્વ .................. **ડૉ. મિલી શાહ**..... ૮૭
- કચ્છની નોબત - શરણાઈ વાદનની કળા — પરંપરા .................. **જોરાવરસિંહ જાદવ**.... ૮૮
- ઘડપણમાં સુખી કેવી રીતે થવાય? .................. **દિનેશ પાંચાલ**..... ૯૧
- પરિવર્તનના પ્રવાહો .................. **શાંતિલાલ સંઘવી**..... ૯૩
- (તંત્રીલેખ) શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
  તેના સુવર્ણ જયંતી વર્ષના પૂર્ણાહુતિ સમારંભના સમયે .................. **અશોક મહેતા**..... ૯૫
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
  સુવર્ણ જયંતી વર્ષ - પૂર્ણાહુતિ સમારોહ શાનદાર રીતે સંપન્ન થયો .................. **મંત્રીશ્રી**..... ૯૯
- "હમસફર" .................. **ડૉ. સુધા મૂર્તિ (અનુવાદ : સોનલ મોદી)**... ૧૦૨
- વિકલાંગોને જીવતા દેવ માનતા ઉદ્યોગપતિ .................. **કિરણ ચાંપાનેરી 'સેતુ'**... ૧૦૪
- માધ્યમોનું ભાવિ .................. **ડૉ. યાસીન દલાલ**... ૧૦૬


## કાવ્યો

('મંગલ મંદિર'ના આ અંકમાં વિભાગ-૧માં 'સંભારણા'ના લેખોમાં જગ્યા પડે ત્યાં ત્યાં ફીલર તરીકે ઘણી જગ્યાએ કાવ્યો મૂકવામાં આવેલ છે, જેની વિગત નીચે મુજબ છે)


- કચ્છ રણોત્સવ .................. **પ્રા. સૂર્યકાંત ભટ્ટ**..... ૨૪
- સાગર શું સતાવે છે? .................. **ગૌતમ અસ. જોષી**..... ૩૯
- જીવનની પગદંડી .................. **રતિલાલ એ. મહેતા**..... ૪૧
- સ્વપ્નની રાત .................. **કાજલ ગિરીશ દેઢિયા**..... ૫૮
- દિલ માટે ધન છે, પણ પ્યાર નથી! .................. **આનંદકુમાર આડે**..... ૫૮
- મેઘ રાજાને પ્રાર્થના .................. **અનિલ હેમરાજ મોતા**..... ૭૧
- સમાજની કરોડરજ્જુ .................. **દિલીપ કે. મહેતા**..... ૭૫
- રુબાયત .................. **આનંદકુમાર આડે**..... ૭૭
- આંઉ આંકે ગોત્યો આય .................. **ઓસમાન સાટી**..... ૮૨
- કાવ્યકુંજ .................. **ગુલાબચંદ ધારશી રાંભિયા**..... ૮૭
- કચ્છી નઉં વરે .................. **સંકલન : કુંજલતા રમણિકલાલ ગાલા**..... ૯૮
- બેટી .................. **સલોની નવીન લાલકા**..... ૯૮
- કવચિત્ .................. **શરદચંદ્ર હરિલાલ શાહ 'સહસા'**.. ૧૦૫


## આંજો કાગર


- આંજો કાગર .................. ૧૧૦-૧૧૯


## વૈવિધ્ય


- કચ્છી સાહિત્ય ક્ષેત્રે અભિનવ સીમાચિહ્નઃ અંજાર ખાતે કચ્છી ભાષામાં અનુવાદ વિષયક પરિસંવાદ .................. ૫૦
- કચ્છી એકાક્ષરી ભાષાની કમાલ .................. **સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા**..... ૬૫
- અહેવાલ : ઐતિહાસિક અવસર ● નમામિ દેવી નર્મદા .................. **દિનેશ આર. મહેતા**.. ૧૨૦
- વિશિષ્ટ કચ્છી વ્યક્તિ .................. ૧૨૧
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : ભાવભર્યું આગોતરું આમંત્રણ .................. ૧૨૨


Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Pratap Dand ● Yearly Subscription : Rs.150/-**

## વિભાગ-૨

### લેખ


**કચ્છ**

● દુલેરાય કારાણી તથા શંભુદાન ગઢવી વચ્ચે પ્રેમ, સ્નેહ અને અહોભાવ ................ **પુષ્પદાન એસ. ગઢવી, કચ્છના પૂર્વ સાંસદ** ..... ૧૨૪

**જડીબુટ્ટી**

● જ્યાં પ્રેમ છે ત્યાં આશા છે, જ્યાં ઘૃણા છે ત્યાં નિરાશા છે ........................................ **ડૉ. પલ્લવી કે. શાહ "વ્યાખ્યાતા"** ..... ૧૨૭

**ઇતિહાસ**

● ઉત્તરાયણનો પર્યાય પતંગ : ઇતિહાસ .................................................................................... **ડૉ. મિહિર એમ. વોરા** ..... ૧૨૮

**આરોગ્ય**

● મારા ૭૧ વર્ષના મમ્મી સમજાવવા છતાં કાંઈ સમજતા નથી– **ડૉ. મણિલાલ ગડા, મનોચિકિત્સક**
પોતાનું ધાર્યું કરે છે - ૩ : ડિમેન્સિયા બીમારી વિશે ગેરસમજ ..... **ડૉ. દીપ્તિ શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક** ....... ૧૨૯

**ઇશારો**

● પરિતોષ એન્જિનિઅર ........................................................................................................ **ડૉ. સુધીર ચી. મોદી** ..... ૧૩૧

**ખુશ રહો**

● સ્માઇલ પ્લીઝ ............................................................................................................ **જાગૃતિ તન્ના "જાનકી"** ..... ૧૩૨

**વાર્તા**

● સ્વાતંત્ર્ય દિન! ........................................................................................................................ **હરેશ ધોળકિયા** ..... ૧૩૩

**વૈવિધ્ય**

● કચ્છી બોલીની ઉપબોલીઓ ........................................................................................ **મહેન્દ્ર સાકરચંદ દોશી** ..... ૧૩૭

● ગેમ્સ ગેલેરી : જ્ઞાન સાથે ગમ્મત : રસવંદના - નવરસ ગેમ ........................................................ **ભાવના એ. ઝવેરી** ..... ૧૩૮

● સોશિયલ મીડિયાનો ફાયદો : ૪૦૦થી વધુ જ્ઞાતિ જોડાઈ ........................................................................................ ૧૩૮

**YOUTH CLUB**

● **Wonderful Questions to Read and Answer** ........................................................................ ૧૩૯

**નિયમિત વિભાગો**

● બાલુડેં જ્યું ગાલિયું ........................................................................ **સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા** . ૧૪૨

● ***Nano Nine*** શબ્દ રમત-૧૫૯ ........................................................................ **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૧૪૩

● ***Nano Nine Sudoku*** (ક્રમાંક : ૧૧૧૭) ........................................................................ **સંકલન : રજનીકાંત પારેખ** . ૧૪૫

● વલોવતન ........................................................................ **સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ** . ૧૪૬

● સમાજ દર્પણ ........................................................................................................ ૧૪૭

● સંસ્થા સમાચાર ........................................................................................................ ૧૪૭

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## બોપલ - અમદાવાદ ખાતે નવા મેડિકલ સેન્ટરનું ઉદ્‌ઘાટન

### નિમંત્રણ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ બોપલ ખાતે એક નવા મેડિકલ સેન્ટરની સ્થાપના કરવા જઈ રહેલ છે. તેના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં પધારવા અમદાવાદ - ગાંધીનગર સ્થિત દરેક કચ્છી પરિવારને ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવે છે. ઉદ્‌ઘાટન કાર્યક્રમ બાદ સમૂહ ભોજન લઈ સૌ છૂટા પડીશું.

***કાર્યક્રમ અને સ્થળની વિગત નીચે મુજબ છે :***

- *તારીખ : રવિવાર, તા. ૧૨-૦૧-૨૦૨૦*
- *સમય : સવારમાં ૧૦ કલાકે*
- *સ્થળ : શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત*
  *નવનીત મેડિકલ સેન્ટર અને કંચનબેન નવીનચંદ્ર શાહ ઓ.પી.ડી. સેન્ટર તથા*
  *દીપ ફાઉન્ડેશન્સ મેડિકલ ચેક-અપ સેન્ટર*
  ગાલા હબ એનેક્ષ, બીજા અને ત્રીજા માળે, ગાલા જીમખાના પાસે, બોપલ, અમદાવાદ

***ઉપરોક્ત કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે નીચે મુજબના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.***

| | | |
|---|---|---|
| *શ્રી ચંદ્રકાંત ગોગરી* | *આરતી ગ્રુપ* | *મુંબઈ* |
| *શ્રી દીપકભાઈ ભેદા* | *બિલ્ડર અને સામાજિક કાર્યકર* | *મુંબઈ* |
| *શ્રી બિપીન કાનજી જૈન* | *અગ્રણી* | *મુંબઈ* |
| *શ્રી વલ્લભજી ભાણજી ગડા* | *બિલ્ડર* | *મુંબઈ* |
| *શ્રી મૂકેશભાઈ ઝવેરી* | *જાહેર અગ્રણી* | *ભુજ* |
| *શ્રી હિતેશ મોતા* | *અગ્રણી અને કાર્યકર* | *મુંબઈ* |
| *શ્રી હરીશભાઈ રંગવાલા* | *હર્ષા એન્જિનિયર્સ* | *અમદાવાદ* |
| *શ્રી નયન ભેદા* | *અગ્રણી અને સામાજિક કાર્યકર* | *મુંબઈ* |
| *શ્રી મેઘજીભાઈ પટેલ* | *પટેલ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ* | *અમદાવાદ* |

આપશ્રીને આ કાર્યક્રમમાં પધારવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવે છે.

**પ્રદીપ મહેતા**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પ્રતાપ નારાણજી દંડ**
**મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

---

**અગત્યની હકીકત :**

સવિનય જણાવવાનું કે બોપલ ખાતેની તેની સ્કીમ ગાલા હબ એનેક્ષમાં બીજે અને ત્રીજે માળે ૬,૨૦૦ ચો.ફુટ કાર્પેટ એરીયા જેટલી જગ્યા નવનીત ફાઉન્ડેશને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને મેડિકલ સેન્ટરની સ્થાપના કરવા ફાળવેલ છે. તદુપરાંત રૂા. ૧.૫૦ કરોડનું ડોનેશન પણ આપેલ છે. એ જ રીતે ત્રીજા માળે મેડિકલ ચેક-અપ સેન્ટર ઊભું કરવા દીપ ફાઉન્ડેશને રૂા. ૧.૦૦ કરોડનું ડોનેશન આપેલ છે. આ સાથે બંને દાતાશ્રીઓનો આભાર માનવામાં આવે છે.

બાકીના ખર્ચને પહોંચી વળવા સમાજે નીચે મુજબની સ્કીમનું આયોજન કરેલ છે કે જેમાં ઉત્સાહભેર ભાગ લેવા દરેક કચ્છી પરિવાર અને અન્ય પરિવારને પણ આમંત્રિત કરવામાં આવે છે.

***સ્કીમ નીચે મુજબ છે :***

**ગાલા હબ એનેક્સના ત્રીજા માળ પર**

- *પેથોલોજી વિભાગ પર નામ મૂકવાના : રૂા. ૨૧.૦૦ લાખ*
- *એક્સ-રે વિભાગ પર નામ મૂકવાના : રૂા. ૨૧.૦૦ લાખ*
- *સોનોગ્રાફી વિભાગ પર નામ મૂકવાના : રૂા. ૨૧.૦૦ લાખ*
- *ફિઝિયોથેરાપી વિભાગ પર નામ મૂકવાના : રૂા. ૨૧.૦૦ લાખ*
- *ડેન્ટલ વિભાગ પર નામ મૂકવાના : રૂા. ૧૧.૦૦ લાખ*
- *આઈ ઑપરેશન માઈનોર ઑપરેશન થિયેટર પર નામ મૂકવાના : રૂા. ૧૫.૦૦ લાખ*
- *ત્રીજા માળના રીસેપ્શન વિભાગ પર નામ મૂકવાના : રૂા. ૧૧.૦૦ લાખ*
- *ઓ.પી.ડી. કન્સલ્ટિંગ વિભાગ પર નામ મૂકવાના : રૂા. ૫.૦૦ લાખ (અપાઈ ગયેલ છે)*
- *જનરલ વોર્ડ પર નામ મૂકવાના : રૂા. ૫.૦૦ લાખ (અપાઈ ગયેલ છે)*
- *સન્માનનીય દાતા તરીકે બોર્ડ પર નામ મૂકવાના : રૂા. ૨.૫૧ લાખ (દરેક નામના) (વધુમાં વધુ ૨૫ નામ લેવામાં આવશે.)*

*ઉપરોક્ત યોજનામાં હોંશભેર ભાગ લેવા દરેક કચ્છી પરિવારને આમંત્રિત કરવામાં આવે છે.*

**પ્રદીપ મહેતા**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પ્રતાપ નારાણજી દંડ**
**મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**નોંધ :** *કાર્યક્રમના દિવસે ઉપરોક્ત સ્થળે જવા - આવવા માટે બસની વ્યવસ્થા નીચે મુજબ કરવામાં આવી છે. ઈચ્છુક સભ્યોએ તેનો લાભ લેવા અનુરોધ છે.*

*૧. શ્રી કચ્છી જૈન ભવન - પાલડીથી : સવારે ૯.૦૦ કલાકે*
*૨. મણિનગરથી : સવારે ૯.૦૦ કલાકે*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ★ 'મંગલ મંદિર' : 'સંભારણા વિશેષાંક સંબંધી....

★ 'મંગલ મંદિર' અંક ૪૦૨ : માસ ઓક્ટોબર / નવેમ્બર - ૨૦૧૧નો વિશેષાંક વર્ષ ૧૯૭૫થી વર્ષ ૨૦૦૪ દરમિયાન 'મંગલ મંદિર'માં પ્રસિદ્ધ થયેલ લેખન સામગ્રીઓમાંથી વીણેલ કૃતિઓ સંભારણા-૧ (ભાગ-૧ અને ૨) તરીકે પ્રકાશિત કરવામાં આવ્યો હતો.

★ 'મંગલ મંદિર' અંક ૪૨૬ : માસ નવેમ્બર-૨૦૧૩નો વિશેષાંક વર્ષ ૨૦૦૩થી વર્ષ ૨૦૧૩ દરમિયાન 'મંગલ મંદિર'માં "કચ્છ અને તેની પાણીની સમસ્યા" સંબંધિત પ્રસિદ્ધ થયેલ લેખન સામગ્રી સંભારણા-૨ તરીકે પ્રકાશિત થયેલ.

★ 'મંગલ મંદિર' અંક ૪૩૭ : માસ ઓક્ટોબર-૨૦૧૪નો વિશેષાંક વર્ષ ૨૦૦૫થી વર્ષ ૨૦૦૮ દરમિયાન 'મંગલ મંદિર'માં પ્રસિદ્ધ થયેલ લેખન સામગ્રીઓમાંથી વીણેલ કૃતિઓ સંભારણા-૩ તરીકે પ્રકાશિત કરવામાં આવ્યો હતો.

★ હવે ***'મંગલ મંદિર' અંક ૫૦૦ : માસ જાન્યુઆરી-૨૦૨૦નો વિશેષાંક*** વર્ષ ૨૦૦૯થી વર્ષ ૨૦૧૩ દરમિયાન 'મંગલ મંદિર'માં પ્રસિદ્ધ થયેલ લેખન સામગ્રીઓમાંથી વીણેલ કૃતિઓ સંભારણા-૪ તરીકે સંપુટ-૧ માં પ્રકાશિત કરવામાં આવી છે. તે સાથે સંપુટ-૨ માં નિયમિત લેખન સામગ્રી — કૃતિઓ રજૂ કરી છે.

*આશા છે કે, અમારો આ પ્રયાસ આપ સૌ સુજ્ઞ વાચકવર્ગને પસંદ પડશે.*

*— તંત્રી મંડળ, 'મંગલ મંદિર'*

તંત્રીલેખ

# 'મંગલ મંદિર'
# ૫૦૦મા અંકની વિક્રમી આગેકૂચ...

બૃહદ અમદાવાદ - ગાંધીનગર વિસ્તારમાં કાયમી વસવાટ કરતા કચ્છી જૈન પરિવારોના સામાજિક સંગઠન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત મુખપત્ર ''મંગલ મંદિર''નો આ પાંચસોમો અંક છે. આ વિક્રમી અંકને વાચકો સમક્ષ મૂકતાં એનું તંત્રીમંડળ હર્ષ અને ગૌરવની લાગણી અનુભવે છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના અર્ધી સદી ઉપરના ઇતિહાસનું સ્વર્ણિમ પ્રકરણ એટલે એનું મુખપત્ર 'મંગલ મંદિર'. **એક સશક્ત જ્ઞાતિ સમાજના સક્ષમ 'હમસફર' તરીકે આ મુખપત્ર આજે લગભગ અડધી સદીને આરે અડીખમ ઊભું છે.**

બૃહદ અમદાવાદ - ગાંધીનગરમાં કચ્છી પરિવારો શહેરના વિભિન્ન વિસ્તારોમાં જે એકબીજાથી દૂર દૂર છે, ત્યાં છૂટાછવાયા વસેલા છે. આ પૈકી વિભિન્ન ઘટકના જૈન પરિવારોનાં મૂળ વતન કચ્છમાં છે. વરસોથી બલકે પેઢીઓથી વતનથી દૂર રહેવા છતાં તેમનો કચ્છ સાથેનો સંબંધ - લગાવ અકબંધ છે. આ હકીકત, એમને એમની કર્મભૂમિ પછી ભલે એ મુંબઈ, અમદાવાદ કે અન્યત્ર હોય, ત્યાં 'હમવતની' તરીકે પરસ્પર સંકળાયેલા રાખે છે. ભારત આઝાદ થયું તે પહેલાં અમદાવાદમાં કચ્છી પરિવારોની અને તેમાં પણ કચ્છી જૈન પરિવારોની સંખ્યા જૂજ હતી. સને ૧૯૬૦માં ભાષાવાર પ્રાંત રચના થતા મુંબઈ વસતા ઘણા કચ્છી જૈન પરિવારોએ અમદાવાદ સ્થળાંતર કર્યું. કેટલાક પરિવારો અન્ય સ્થળોએથી પણ આવ્યા. ત્યારથી અમદાવાદમાં કચ્છી જૈન પરિવારોની સંખ્યામાં વૃધ્ધિ થતી ગઈ. આ પરિવારોને એમની આ નવી કર્મભૂમિમાં દૂર દૂર વસતા, એમના ભાંડરુઓ સાથે પરસ્પર ઓળખાણ થાય, તે માટે તેમને એક સ્થાયી અને વ્યાપક મંચની આવશ્યક્તા હતી. ૧૯૬૩થી કચ્છી જૈનોનો વસવાટ થયો. સને ૧૯૬૬માં શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન મિત્ર મંડળ ચાલતું હતું. ૧૯૭૦માં આ મંડળને શ્રી કચ્છી જૈન સમાજમાં ફેરવવામાં આવ્યું. ૧૯૮૫-૮૬માં શ્રી કચ્છી જૈન સેવા સમાજનું નવું નામકરણ થયું. તે સમયે અને તેનાં અગાઉ **શ્રી હીરજી પાસુ શાહ** તેના પ્રમુખપદે હતા. સમયાંતરે આ સંસ્થાનો વ્યાપ વિસ્તૃત થતાં સમાજલક્ષી પ્રવૃત્તિઓનો પણ વિકાસ થયો. સ્થાનિકે દૂર દૂર વસતા વિભિન્ન સંપ્રદાયના જૈન પરિવારો તેમના કેન્દ્રિય સમાજ સાથે જોડાતા ગયા. આ પરિવારોને સમાજમાં એક તાંતણે બાંધી રાખવા તેમજ તેમના વચ્ચે પરસ્પર સંવાદ અને એમના સમાજ સાથેના સંપર્ક અને માહિતીનું આદાન-પ્રદાન નિયમિત થતું રહે તે માટેના માધ્યમ તરીકે મુખપત્ર પ્રકાશિત કરવાનું આયોજન થયું. તત્સમયે, સમાજના એક અગ્રીમ કાર્યકર **શ્રી પ્રભુલાલ કપૂરચંદ સંઘવી**એ સમાજના મુખપત્રની **''પ્રેરણા''** નામથી ઓગસ્ટ ૧૯૭૫થી શરૂઆત કરી. આ રીતે એમના તંત્રીપદે ''પ્રેરણા'' નામક મુખપત્રનું પ્રકાશન અને વિતરણ શરૂ થયું. પ્રારંભે આ મુખપત્ર ચાર પૃષ્ઠનું ટેબ્લોઇડ ચોપાનિયા સ્વરૂપનું હતું. એમાં મુખ્યત્વે અમદાવાદ સ્થાનિકે તેમજ કચ્છ અને અન્યત્ર વસતા કચ્છી જૈન પરિવારોને સ્પર્શતા સમાચાર ખાસ કરીને જન્મ-મરણ, સગપણ આદિની વિગતો તેમજ સમાજ પ્રાયોજિત પ્રવૃત્તિઓ અને કાર્યક્રમો અંગેની માહિતીનો સમાવેશ થતો હતો. અમદાવાદ મધ્યે સમાજના લગભગ ૩૦૦ પરિવારોને આ મુખપત્ર ઘેરબેઠા નિઃશુલ્ક મળતું થયું.

**ત્યારબાદ જાન્યુઆરી ૧૯૭૭માં આ મુખપત્રનો ખૂબ જ મહત્ત્વનો પડાવ આવ્યો.** ''પ્રેરણા''ના નામે રજિસ્ટ્રેશન કરાવવામાં કોઈ ટેકનિકલ મુશ્કેલી હોવાથી **એ મુખપત્રનું નામ જાન્યુઆરી ૧૯૭૭થી ''મંગલ મંદિર'' રાખવામાં આવ્યું.** સમાજના મુખપત્રને ભારત સરકારના સૂચના અને પ્રસારણ મંત્રાલયના રજિસ્ટ્રાર ઑફ ન્યુઝ પેપર્સ દ્વારા માન્યતા મળી. એની A-8ની સાઇઝમાં ડિઝાઇન થઈ અને ટાઇટલ 'મંગલ મંદિર' થયું. કાયદેસરનું રજિસ્ટ્રેશન થતાં, આ મુખપત્રને ભારત સરકારના પોસ્ટલ ખાતા દ્વારા ખૂબ જ ઓછા પોસ્ટલ દરે સમાજના સભ્યોને મોકલવાનું સુલભ થયું.

એપ્રિલ ૧૯૭૮ સુધી શ્રી પ્રભુલાલભાઈ સંઘવી આ મુખપત્રના તંત્રીપદે રહ્યા. એમના સમય દરમ્યાન મુખપત્રનો ક્રમશઃ વ્યાપ વધ્યો. લગભગ પાંચસો નકલોનું વિતરણ થવા લાગ્યું.

સને ૧૯૭૮ના મે માસથી મુખપત્રનું તંત્રીપદ સમાજના મહિલા અગ્રણી **શ્રીમતી પ્રમીલાબેન કુરુવા**એ સંભાળ્યું. એમના તંત્રીપદે 'મંગલ મંદિર'નો બહુમુખી વિકાસ થયો. અમદાવાદ જૈન સમાજલક્ષી વિગતો અને સમાચારો ઉપરાંત માદરે વતન કચ્છની સ્થિતિ, સંસ્કૃતિ અને માહિતી તથા વાચકોની રુચિ અનુરૂપ 'વતનના વર્તમાન'નો પણ સમાવેશ થવા લાગ્યો. વાચકોની સંખ્યામાં વૃદ્ધિ થઈ. જૂન ૧૯૮૪માં શ્રીમતી પ્રમીલાબેનનું અકાળે અવસાન થતાં, મહિલા મંડળનું પ્રમુખપદ તેમજ 'મંગલ મંદિર'નું તંત્રીપદ સમાજના અન્ય મહિલા અગ્રણી **શ્રીમતી ચંદ્રિકાબેન દેઢિયા**એ સંભાળ્યું. જુલાઈ ૧૯૮૪થી ઓગસ્ટ ૨૦૦૬ સુધી એટલે કે લગભગ ૨૨ વર્ષ સુધી શ્રીમતી ચંદ્રિકાબેનના તંત્રીપદે મુખપત્ર પ્રગતિ કરતું રહ્યું. એમના સમય દરમિયાન સહતંત્રી તરીકે ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયના માલિક **શ્રી મનુભાઈ શાહ** અને શ્રી અશોકભાઈ મહેતા સક્રિય રહ્યા. તદુપરાંત, ૧૯૯૫માં **શ્રી સૂરજલાલ મહેતા** સંપાદક મંડળમાં જોડાયા. સભ્ય સંખ્યા લગભગ બમણી થઈ. મુખપત્રમાં સમાવિષ્ટ સામગ્રીમાં વૈવિધ્ય આવ્યું. શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત થતા મુખપત્ર "કચ્છશ્રુતિ" સાથે સંપર્ક અને એકસૂત્રતામાં વૃદ્ધિ થઈ. પરિણામે, અમદાવાદમાં વસતા અન્ય કચ્છી પરિવારો માટે "મંગલ મંદિર" અને જૈન પરિવારો માટે "કચ્છશ્રુતિ" પોતીકાં થયાં.

સને ૨૦૦૬ જાન્યુઆરીના અંકથી 'મંગલ મંદિર'ની સાઈઝ A-4 થઈ. કવરપેજ રંગીન થયું. પૃષ્ઠ સંખ્યામાં વૃધ્ધિ થઈ. સપ્ટેમ્બર-૨૦૦૬થી સપ્ટેમ્બર-૨૦૧૫ સુધી 'મંગલ મંદિર'ની ધૂરા **શ્રી અશોકભાઈ મહેતા**એ સંભાળી. શ્રી મનુભાઈ શાહ તથા શ્રી સૂરજલાલભાઈ મહેતા તંત્રી મંડળમાં રહ્યા. તે સમય દરમિયાન, પત્રકારત્વ ક્ષેત્રે અનુભવી એવા સમાજના એક સભ્ય **શ્રી દિનેશ આર. મહેતા**, જેઓ 'મંગલ મંદિર'ને એમના અનુભવોનો લાભ આપતા હતા, તેઓશ્રી ઓક્ટોબર ૨૦૧૦થી સહતંત્રી તરીકે જોડાયા. તેમણે સપ્ટેમ્બર ૨૦૧૫ સુધી 'મંગલ મંદિર'નું સંપાદન કાર્ય સુપેરે સંભાળ્યું. 'મંગલ મંદિર'ના ૩૦ જેટલા વિશેષાંકો, જેવા કે ઉદ્યોગ વિશેષાંક આદિ પ્રકાશિત થયા. અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રારંભના વિશેષાંકોમાં **'કચ્છશ્રુતિ'ના તત્કાલિન તંત્રી શ્રી હંસરાજભાઈ કંસારા**નું મહત્ત્વનું યોગદાન રહ્યું હતું. તદુપરાંત, તેઓશ્રીએ અથાગ પરિશ્રમ લઈને મુખપત્રની જૂની ફાઈલોનો અભ્યાસ કરી, રજિસ્ટ્રાર ઑફ ન્યુઝ પેપર્સ, દિલ્હી સાથે સતત પત્ર વ્યવહાર કરી, રજિસ્ટ્રેશન અંગે ઊભી થયેલી ગૂંચ ઉકેલવામાં ખૂબ જ મદદ કરી હતી.

'મંગલ મંદિર'ની પ્રતિષ્ઠામાં ઉત્તરોત્તર વૃદ્ધિ થતી રહી. એમની સભ્ય સંખ્યા પણ વધતી રહી. અમદાવાદ ઉપરાંત કચ્છ તેમજ મુંબઈ, ગુજરાત, દક્ષિણ ભારત અને અન્ય સ્થળોએ પણ એની માંગ વધતી રહી. દરમિયાનમાં એક અન્ય મુશ્કેલીનો સામનો કરવો પડ્યો. પોસ્ટલ ખાતાએ સામાજિક સંસ્થાઓના મુખપત્રોનું વિતરણ નિઃશુલ્ક હોય, તેમને પોસ્ટલ કન્સેશન ન આપવાનો નિર્ણય કર્યો. સમાજને 'મંગલ મંદિર'નું લવાજમ નક્કી કરવું પડ્યું. સ્વાભાવિક રીતે જ એના સરક્યુલેશનમાં ઘટાડો થયો. જો કે ધીરે ધીરે ગ્રાહકોની સંખ્યામાં ફરી વૃદ્ધિ થતી ગઈ અને ૨૦૦૦થી વધુ નકલોનું નિયમિત વિતરણ થવા લાગ્યું.

***જૂન ૨૦૧૫માં મુંબઇ સ્થિત શૈલજા નૈયર ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા આયોજિત મુખપત્રોની સર્વેમાં દેશના વિભિન્ન ભાષાના માધ્યમથી પ્રકાશિત ૮૦૦૦ સામયિકોમાંથી જે ૧૦૦ સામયિકોનું ચયન થયું તેમાં, દસમું ગૌરવપ્રદ સ્થાન 'મંગલ મંદિર'ને મળ્યું. 'મંગલ મંદિર'ની આ પ્રતિષ્ઠા બદલ સમાજ ખૂબ જ ગૌરવ અનુભવે છે.***

ઓક્ટોબર, ૨૦૧૫થી મુખપત્રના તંત્રી તરીકે **શ્રી પ્રતાપ નારાણજી દંડ** છે.

'મંગલ મંદિર' સમાજના પરિવારજનોને એક તાંતણે બાંધનાર એક મુખપત્ર છે. એટલું જ નહીં, પરંતુ સમાજનું મહત્ત્વનું અંગ છે. એની પ્રાથમિકતા સમાજ અને એને લગતી માહિતીનું આદાન-પ્રદાન કરવાની છે. આ બાબતની પણ કસોટી થઈ. ઓક્ટોબર ૨૦૧૫થી સપ્ટેમ્બર ૨૦૧૮ સુધી સમાજે સાહિત્ય ક્ષેત્રના પરંતુ અન્ય જ્ઞાતિના એક સર્જકનો સંપાદન સહયોગ મેળવ્યો હતો. જે વ્યવસ્થા પાછળથી સમાજને અયોગ્ય જણાઈ. ઉપરાંત મુખપત્રના અગાઉના સ્તરની

ગરિમાનું ધોરણ જાળવવા સમાજે એના મુખપત્રને ફરીથી ૨૦૧૫ની સ્થિતિએ લાવી દીધું. તંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ **ઓક્ટોબર ૨૦૧૮થી શ્રી દિનેશ આર. મહેતાને ફરીથી મુખપત્રનો કારભાર સોંપવામાં આવ્યો.** સામયિકના કલેવરમાં ફેરફાર થયો. તજજ્ઞ લેખકશ્રીઓ ઉપરાંત નવા નિષ્ણાત લેખકશ્રીઓની લેખન સામગ્રીઓ મેળવીને પ્રકાશિત કરવામાં આવી રહી છે. તે સિવાય, આમ સમાજના નવા લેખકશ્રીઓની કૃતિઓ પ્રકાશિત કરીને તેમને પ્રોત્સાહિત કરવામાં આવે છે અને મુખપત્રમાં કેટલાક નવા વિભાગો સામેલ કરવામાં આવ્યા છે. તે સિવાય, સમાજ, કચ્છ અને અન્ય સામાજિક સંસ્થાઓના સમાચાર તથા માહિતીઓનો યોગ્ય સ્વરૂપે કવરેજ કરવામાં આવે છે. 'મંગલ મંદિર'ની ગત ૪૪ વર્ષની યાત્રામાં આ પ્રકારના અનેક નાના-મોટા પ્રસંગોનું દસ્તાવેજીકરણ અવશ્ય રસપ્રદ થઈ શકે. પરંતુ હાલ, એના ૫૦૦મા અંકની ઉજવણીના સમયે 'મંગલ મંદિર' એના કાર્યકર્તાઓ, લેખકો, વાચકવર્ગ, ગ્રાહક પરિવાર, વિજ્ઞાપન દાતાઓ તથા શુભેચ્છકોનો આભાર માને છે. **તે સિવાય, મુખપત્રમાં પ્રકાશિત થતા વિભાગીય કોલમના તમામ સંપાદકોનો ખાસ આભાર માને છે.** તેમના નિયમિત યોગદાન વિના મુખપત્રની સજાવટ અધૂરી ગણાય. જ્યારથી 'મંગલ મંદિર'ની સાઇઝ A-4 થઈ, કવરપેજ રંગીન થયું તેમજ અંદર ચાર કલર (મલ્ટી કલર)ની જાહેરાતો છપાવા લાગી, ત્યારથી કવરપેજ તૈયાર કરવામાં ભાઈ **શ્રી પ્રદીપ મહેતા**એ ઉમદા યોગદાન આપ્યું છે. તે સાથે અમદાવાદ સ્થિત મુદ્રા પ્રિન્ટર્સના શ્રી જયેશ શાહ તથા સંસ્થા કાર્યાલયના શ્રી પરાગ સોની – જેમણે છેલ્લા કેટલાય વર્ષોથી મુખપત્રનું એકધારું નિયમિત પ્રકાશન અને વિતરણ કરવામાં જરૂરી તમામ સાથ-સહકાર આપ્યો છે, દરેકનો ખૂબ ખૂબ આભાર. ■

## ભારત : અગત્યના રાષ્ટ્રીય દિન

## વિશ્વ : અગત્યના દિન

### માસ : જાન્યુઆરી

**ભારત**

- ૦૧ નૂતન વર્ષ દિન
- ૦૯થી ૧૧ : પ્રવાસી ભારતીય દિન
- ૧૧ લાલબહાદુર શાસ્ત્રી પુણ્યતિથિ
- ૧૨ યુવા દિન (સ્વામી વિવેકાનંદનો જન્મદિન)
- ૧૪ મકરસંક્રાંતિ દિન
- ૧૫ થલ સેના દિન
- ૨૩ દેશપ્રેમ દિન (સુભાષચંદ્ર બોઝનો જન્મદિન)
- ૨૫ મતદાન દિન
- ૨૬ પ્રજાસત્તાક દિન
- ૩૦ શહીદ દિન (મહાત્મા ગાંધી પુણ્યતિથિ)
  રાષ્ટ્રીય કુષ્ઠરોગ નિવારણ દિન

**વિશ્વ**

- ૦૧ નૂતન વર્ષ દિન
- ૧૦ વિશ્વ હાસ્ય દિન
- ૩૦ શહીદ દિન (મહાત્મા ગાંધી પુણ્યતિથિ)
  વિશ્વ કસ્ટમ દિન

### માસ : ફેબ્રુઆરી

**ભારત**

- ૦૧ જમનાદાસ બજાજ પુણ્યતિથિ
- ૦૨ તટરક્ષક દિન
- ૧૨ સર્વોદય દિન, ઉત્પાદકતા દિન
- ૧૪ વેલેન્ટાઇન ડે
- ૧૮ રામકૃષ્ણ પરમહંસ જન્મદિન
- ૨૧ માતૃભાષા દિન
- ૨૨ કસ્તૂરબા ગાંધી પુણ્યતિથિ
- ૨૪ સેન્ટ્રલ એક્સાઇઝ દિન
- ૨૮ રાષ્ટ્રીય વિજ્ઞાન દિન
- ૨૯ મોરારજીભાઈ દેસાઈ જન્મદિન


**વિશ્વ**

- ૦૪ વિશ્વ કેન્સર દિન
- ૧૪ વેલેન્ટાઇન ડે


# મંગલ મંદિરની ૫૦૦ અંકની યાત્રા ટાઈટલ પાનાના સચિત્ર સથવારે....



અંક-૨૨ • માર્ચ-એપ્રિલ ૧૯૭૮
શ્રી પ્રભુભાઈ સંઘવીના તંત્રીપણા હેઠળનો છેલ્લો અંક



અંક-૨૩ • મે-૧૯૭૮
સ્વ. પ્રમીલાબહેન કુરુવાના તંત્રીપણા હેઠળનો પ્રથમ અંક




અંક-૨૮ • ઓક્ટોબર-૧૯૭૮
ટાઈટલની ડિઝાઈનમાં ફેરફાર




અંક-૮૪ • જૂન-૧૯૮૩
મુખપૃષ્ઠ પર હોદ્દેદારોના નામ પ્રસારિત કરવાની શરૂઆત



અંક-૯૩ • મે-જૂન ૧૯૮૪
સ્વ. પ્રમીલાબહેન કુરુવાના તંત્રીપણા હેઠળનો છેલ્લો અંક



અંક-૯૪ • જુલાઈ-૧૯૮૪
શ્રીમતી ચંદ્રિકાબહેન દેઢિયાના તંત્રીપણા હેઠળનો પ્રથમ અંક




અંક-૧૦૦ • ફેબ્રુઆરી-માર્ચ ૧૯૮૫
મંગલ મંદિરનો ૧૦૦મો અંક વિશેષાંક સ્વરૂપે



અંક-૧૨૦ • નવેમ્બર-૧૯૮૭
દીપોત્સવી વિશેષાંક



અંક-૧૪૪ • એપ્રિલ-૧૯૯૦
શ્રી કારાણી સ્મૃતિ વિશેષાંક



અંક-૧૬૭ • મે-૧૯૯૧
મંદિરમાં પ્રવેશ કરવા ગેઈટ સાથેની ડિઝાઈન



અંક-૨૦૦ • જૂન-જુલાઈ ૧૯૯૪
મંગલ મંદિરનો ૨૦૦મો અંક વિશેષાંક સ્વરૂપે



અંક-૨૨૮ • ફેબ્રુઆરી-૧૯૯૭
શ્રી કચ્છી જૈન ભવન તથા મેડિકલ સેન્ટર ઉદ્ઘાટન સમારોહ અહેવાલ વિશેષાંક



અંક-૨૪૦ • ફેબ્રુઆરી-૧૯૯૮
શ્રી કચ્છી જૈન ભવન નામકરણ વિધિ વિશેષાંક




અંક-૨૬૪ • માર્ચ-૨૦૦૦
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ ભૂમિપૂજન સમારોહ



અંક-૨૮૬ • જાન્યુઆરી-૨૦૦૨
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ ઉદ્ઘાટન વિશેષાંક - ૧



અંક-૨૮૭ • ફેબ્રુઆરી-૨૦૦૨
શ્રી કચ્છી વિશ્રામગૃહ ઉદ્ઘાટન વિશેષાંક-૨



અંક-૩૦૦ • માર્ચ-૨૦૦૩
મંગલ મંદિરનો ૩૦૦મો અંક વિશેષાંક સ્વરૂપે



અંક-૩૧૧ • માર્ચ-૨૦૦૪
શ્રી કચ્છી જૈન ભવન પર આરોગ્ય મેળો



અંક-૩૧૮ • ઓક્ટોબર-૨૦૦૪
મુંબઈ સેમિનારના અહેવાલ સ્વરૂપે



અંક-૩૨૯ • સપ્ટેમ્બર-૨૦૦૫
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ ફ્રી વિશેષાંક - ૧





અંક-૩૩૦ ● ઓક્ટોબર-૨૦૦૫
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
ફ્રી વિશેષાંક-૨




અંક-૩૩૧ ● નવેમ્બર-૨૦૦૫
દીપોત્સવી અંક




અંક-૩૩૩ ● જાન્યુઆરી-૨૦૦૬
મંગલ મંદિર
A4 સાઈઝ સ્વરૂપે




અંક-૩૪૦ ● ઓગસ્ટ-૨૦૦૬
શ્રીમતી ચંદ્રિકા દેઢિયાના તંત્રીપણા
હેઠળનો છેલ્લો અંક





અંક-૩૪૧ ● સપ્ટેમ્બર-૨૦૦૬
શ્રી અશોક મહેતાના તંત્રીપણા
હેઠળનો પ્રથમ અંક




અંક-૩૪૨ ● ઓક્ટોબર-૨૦૦૬
દીપોત્સવી વિશેષાંક





અંક-૩૪૭ ● માર્ચ-૨૦૦૭
કચ્છ ઉદ્યોગ વિશેષાંક





અંક-૩૫૪ ● નવેમ્બર-૨૦૦૭
દીપોત્સવી અંક -
મુંબઈ વિશેષાંક





અંક-૩૬૦ ● એપ્રિલ-૨૦૦૮
ટાઈટલમાં વિવિધતાની શરૂઆત
ધોમધખતો તાપ





અંક-૩૬૩ ● જુલાઈ-૨૦૦૮
અમદાવાદ-ગાંધીનગર વિશેષાંક
ભાગ-૧





અંક-૩૬૩ ● જુલાઈ-૨૦૦૮
અમદાવાદ-ગાંધીનગર વિશેષાંક
ભાગ-૨





અંક-૩૬૬ ● ઓક્ટોબર-૨૦૦૮
પોર્ટ્રેન ટાઈટલ




અંક-૩૬૭ ● નવેમ્બર-૨૦૦૮
દીપોત્સવી વિશેષાંક




અંક-૩૬૯ ● જાન્યુઆરી-૨૦૦૯
દક્ષિણ ગુજરાત વિશેષાંક
ભાગ-૧




અંક-૩૬૯ ● જાન્યુઆરી-૨૦૦૯
દક્ષિણ ગુજરાત વિશેષાંક
ભાગ-૨





અંક-૩૭૨ ● એપ્રિલ-૨૦૦૯
ભગવાન મહાવીર




અંક-૩૭૩ ● મે-૨૦૦૯
સૂર્યના પ્રખર તેજ કિરણ




અંક-૩૭૪ ● જૂન-૨૦૦૯
અષાઢી બીજ વિશેષાંક




અંક-૩૭૫ ● જુલાઈ-૨૦૦૯
વરસાદથી હરિયાળી




અંક-૩૭૬ ● ઓગસ્ટ-૨૦૦૯
મિચ્છામિ દુક્કડમ્





અંક-૩૭૮ ● ઓક્ટોબર-૨૦૦૯
ગુજરાતના રાષ્ટ્રીય નેતા
દીપોત્સવી અંક




અંક-૩૭૯ ● નવેમ્બર-૨૦૦૯
ભારતના પ્રથમ વડાપ્રધાન




અંક-૩૮૧ ● જાન્યુઆરી-૨૦૧૦
પ્રજાસત્તાક દિન




અંક-૩૮૨ ● ફેબ્રુઆરી-૨૦૧૦
આવાસ યોજના
ઉદ્ઘાટન સમારોહ અહેવાલ




અંક-૩૮૩ ● માર્ચ-૨૦૧૦
હોળી - ધૂળેટી તહેવાર




અંક-૩૮૪ ● એપ્રિલ-૨૦૧૦
પાનખરની મોસમ




અંક-૩૮૫ ● મે-૨૦૧૦
સૂર્ય જ્વાળાઓ





અંક-૩૮૭ ● જુલાઈ-૨૦૧૦
અષાઢી બીજ વિશેષાંક




અંક-૩૮૮ ● ઓગસ્ટ-૨૦૧૦
ખીલેલું પુષ્પ





અંક-૩૮૯ ● સપ્ટેમ્બર-૨૦૧૦
ઝાકળના બિંદુ





અંક-૩૯૦ ● ઓક્ટોબર-૨૦૧૦
ધોધની ઝલક





અંક-૩૯૧ ● નવેમ્બર-૨૦૧૦
દીપોત્સવી વિશેષાંક





અંક-૩૯૨ ● ડિસેમ્બર-૨૦૧૦
બરફમાં પહાડ





અંક-૩૯૪ ● ફેબ્રુઆરી-૨૦૧૧
વસંતના વધામણાં





અંક-૩૯૫ ● માર્ચ-૨૦૧૧
સુનહરી પ્રભાત





અંક-૩૯૬ ● એપ્રિલ-૨૦૧૧
કચ્છમાં સુરખાબ





અંક-૩૯૭ ● મે-૨૦૧૧
વિજય વિલાસ પેલેસ
માંડવી, કચ્છ




અંક-૩૯૮ ● જૂન-૨૦૧૧
કચ્છમાં દુષ્કાળ




અંક-૩૯૯ ● જુલાઈ-૨૦૧૧
અષાઢી બીજ વિશેષાંક




અંક-૪૦૦ ● ઓગસ્ટ-૨૦૧૧
કચ્છ : ગઈકાલ, આજ અને આવતીકાલ
વિશેષાંક ભાગ-૧




અંક-૪૦૨ ● ઓક્ટો/નવે.-૨૦૧૧
દીપોત્સવી અંક : ભાગ-૧
સંભારણાં વિશેષાંક-૧




અંક-૪૦૨ ● ઓક્ટો/નવે.-૨૦૧૧
દીપોત્સવી અંક : ભાગ-૨
સંભારણાં વિશેષાંક-૧




અંક-૪૦૭ ● એપ્રિલ-૨૦૧૨
૫૦મું સુવર્ણ જયંતી વર્ષ
આરંભ





અંક-૪૧૯ ● એપ્રિલ-૨૦૧૩
૫૦મું સુવર્ણ જયંતી વર્ષ
સમાપન





અંક-૪૨૨ ● જુલાઈ-૨૦૧૩
અષાઢી બીજ
કચ્છી સંસ્થા વિશેષાંક-૨




અંક-૪૨૬ ● નવેમ્બર-૨૦૧૩
દીપોત્સવી અંક
કચ્છ અને તેની પાણીની સમસ્યા : સંભારણા-૨





અંક-૪૩૪ ● જુલાઈ-૨૦૧૪
અષાઢી બીજ વિશેષાંક




અંક-૪૩૭ ● ઓક્ટોબર-૨૦૧૪
દીપોત્સવી વિશેષાંક




અંક-૪૫૦ ● નવેમ્બર-૨૦૧૫
દીપોત્સવી અંક
વાર્તાસાગર વિશેષાંક




અંક-૪૬૨ ● નવેમ્બર-૨૦૧૬
દીપોત્સવી વિશેષાંક
૨૧મી સદીનું કચ્છ




અંક-૪૭૩ ● ઓક્ટોબર-૨૦૧૭
દીપોત્સવી અંક
કચ્છની વર્તમાન વિભૂતિઓ




અંક-૪૮૬ ● નવેમ્બર-૨૦૧૮
દીપોત્સવી અંક
કચ્છના સાહિત્ય સર્જકો





અંક-૪૯૪ ● જુલાઈ-૨૦૧૯
અષાઢી બીજ
કચ્છ વિશેષાંક




અંક-૪૯૫ ● ઓગસ્ટ-૨૦૧૯
રાષ્ટ્રીય પર્વ :
૧૫મી ઓગસ્ટ વિશેષાંક




અંક-૪૯૮ ● નવેમ્બર-૨૦૧૯
દીપોત્સવી અંક
કચ્છી ઓજસ વિશેષાંક




અંક-૫૦૦ ● જાન્યુઆરી-૨૦૨૦
૫૦૦મો વિક્રમી અંક
સંભારણાં વિશેષાંક-૪

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પ્રતિષ્ઠા ઊર્ધ્વગતિ તરફ

## 'મંગલ મંદિર'ને ICE Award – 2015 એનાયત કરવામાં આવ્યો

**"શૈલજા નાયર ફાઉન્ડેશન"** તરફથી ભારતભરના પ્રતિષ્ઠિત 'ઈન હાઉસ' સામયિકોને આમંત્રણ આપી તેની વિવિધ કોપીઓ મંગાવવામાં આવી હતી. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર 'મંગલ મંદિર'એ પણ આ હરીફાઈમાં ભાગ લઈ તેની પ્રકાશિત કરવામાં આવતી કોપીઓમાંથી કેટલીક કોપીઓ મોકલી આપેલ હતી. ભારતભરમાંથી લગભગ **૪૦૦૦ સામયિકોએ** આ હરીફાઈમાં ભાગ લીધેલ હતો.

ત્યારબાદ "શૈલજા નાયર ફાઉન્ડેશન"ની જ્યુરીએ વિવિધ સામયિકોની ચકાસણી કરી હતી અને તેમાંથી **૧૦૦ સામયિકોને** અલગ તારવવામાં આવ્યાં હતાં, કે જે, તેમના હિસાબે વાચક વર્ગને વૈવિધ્યપૂર્ણ અને ઉત્કૃષ્ટ પ્રકારના લેખો અને સામગ્રી નિયમિતપણે પીરસે છે.

**આ ૧૦૦ મેગેઝિનોમાં તેઓએ 'મંગલ મંદિર'ને પણ પસંદ કર્યું હતું.** ત્યારબાદ તેઓએ આ પ્રત્યેક મેગેઝિનને ICE Award – 2015 રૂપે 'સર્ટિફિકેટ ઓફ મેરિટ' એનાયત કર્યાં હતાં.

ગત તા. ૧૯-૯-૨૦૧૫ના આ ફાઉન્ડેશનની ટીમ રૂબરૂમાં શ્રી કચ્છી જૈન ભવન પર આવીને આ સર્ટિફિકેટ એનાયત કરી ગયેલ હતી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર "મંગલ મંદિર"ને "શૈલજા નાયર ફાઉન્ડેશન" તરફથી ICE Award – 2015 પ્રાપ્ત થયેલ હોવાથી સમાજની તેમજ 'મંગલ મંદિર'ની પ્રતિષ્ઠામાં અનેરો વધારો થયેલ છે.

'મંગલ મંદિર'ના તંત્રી મંડળની ટીમ છેલ્લાં કેટલાંક વર્ષોથી એકરાગ થઈને આ સામયિકને ઉત્તરોત્તર ઊર્ધ્વ ગતિ તરફ લઈ જવા પ્રયાસ કરી રહી છે. પ્રકાશન અર્થે આ ટીમ અવારનવાર ચર્ચા કરી પ્રકાશન હેતુનું ડાયરેક્શન નક્કી કરે છે. પરંતુ છેલ્લાં ત્રણેક વર્ષથી તેના મોટાભાગની જવાબદારી **તંત્રી મંડળના શ્રી દિનેશભાઈ મહેતા** વહન કરી રહેલ છે.

જાણીતા લેખકશ્રીઓના સંપર્કમાં રહેવું, આવેલ લેખોમાંથી તેને પસંદ કરવા, જરૂરી લેખોને એડિટ કરવા, સંસ્થાના અહેવાલો યોગ્ય લખાણો સાથે પ્રસારિત કરવા, પ્રૂફ રીડિંગ કરવું વગેરે પ્રકારની મોટાભાગની જવાબદારી તેઓ સક્ષમતાપૂર્વક પાર પાડી રહ્યા છે. પ્રાપ્ત એવોર્ડના મોટાભાગના યશના અધિકારી તરીકે તેમની ગણના કરવામાં આવે તો તે અસ્થાને નહીં ગણાય.

સાથે સાથે 'મંગલ મંદિર'ને વિકસાવવા છેલ્લાં ૪૦ વર્ષોથી સમાજનાં અનેક કાર્યકરોએ યથાયોગ્ય પ્રયાસ કરી તેને આ લેવલે પહોંચાડેલ છે. શરૂના સમયમાં શ્રીમતી ચંદ્રિકાબેન દેઢિયા તથા સ્વ. સૂરજલાલભાઈ મહેતાનો ફાળો પણ અનેરો રહેલ છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યોએ અને 'મંગલ મંદિર'ના વાચક વર્ગે 'મંગલ મંદિર' પ્રત્યે જે ચાહના અને વિશ્વાસ મૂકેલ છે, તે વિશ્વાસ પણ સાર્થક થયેલ દેખાય છે.

શૈલજા નાયર ફાઉન્ડેશન તરફથી આવેલ પત્ર તથા 'સર્ટિફિકેટ ઓફ મેરિટ' આ સાથે સહુ વાચકવર્ગની જાણ ખાતર અત્રે પ્રસારિત કરતાં આનંદ અનુભવું છું.

*અશોક મહેતા, મુખ્ય તંત્રી - 'મંગલ મંદિર'*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

*Dear Participant,*
*Greetings from ICE Awards Team.*

*We are pleased to inform you that the jury has selected your in-house magazine to be amongst the top 100 meritorious magazines for ICE Awards 2015.*

*Congratulations and thank you for participating and supporting our cause to promote internal communication.*

*Please find enclosed your certificate of merit and we wish your magazine and organization the very best in all your endeavours.*

*Thanks and best regards,*

*Dr. Sonali Nair (99301 16526)*


ICE
In-house Communication Excellence
Awards 2015
(A Shailaja Nair Foundation Initiative)
Certificate of Merit
awarded to
MANGAL MANDIR
of
SHREE KUTCHI JAIN SEVA SAMAJ-AHMEDABAD
Powered by:
Initiative of:
Dr. Chandraprakash Dwivedi
Head of Jury
Pratap Nair - Chairman
Shailaja Nair Foundation
www.shailajanair.com

# વિકાસની કેડી એકધારી રીતે કંડારતા – ૫૦૦મા અંક સુધીની મંજિલ

## 'મંગલ મંદિર'... મુખ્ય અંશોની એક ઝલક

★ 'મંગલ મંદિર'ને સુંદર રીતે સજાવનાર તજજ્ઞ લેખકશ્રીઓ – જેઓના સહકાર વગર 'મંગલ મંદિર' કદાચ આ ઊંચાઈ સર કરી શક્યું ન હોત...

- સ્વામી શ્રી સચ્ચિદાનંદજી
- શ્રી દુલેરાય કારાણી
- પદ્મશ્રી ડૉ. કુમારપાળભાઈ દેસાઈ
- ડૉ. ગિરીશ વીછીવોરા
- શ્રી હરેશ ધોળકિયા
- ડૉ. મણિલાલ ગડા
- ડૉ. દીપ્તિ શાહ (ગડા)
- ડૉ. યાસીન દલાલ
- શ્રી મુરજી ગડા
- શ્રી દિનેશ પાંચાલ
- ડૉ. ઊર્મિલા શાહ
- ડૉ. આઈ.કે. વીજળીવાલા
- ડૉ. કાન્તિ ગોર 'કારણ'
- શ્રી દામજી માણેક ગડા
- શ્રી શાંતિલાલ સંઘવી
- શ્રી શાંતિલાલ વ. શાહ
- શ્રી નરેશ પી. અંતાણી
- શ્રી સંજય પી. ઠાકર
- પ્રા. સૂર્યકાંત ભટ્ટ
- શ્રી દિનકર મહેતા
- ડૉ. ચંદ્રકાંત મહેતા
- શ્રી ભોલાભાઈ ગોલીબાર
- શ્રી હસમુખ અબોટી
- શ્રી હંસરાજ કંસારા
- શ્રી ચિત્રસેન શાહ
- શ્રી શશીકાંત ઠક્કર
- સુશ્રી ભાવના એ. ઝવેરી
- સુશ્રી સુનિતા એ. શાહ
- ડૉ. મેહા સંઘવી
- સુશ્રી અરુણા એ. ઠક્કર
- સુશ્રી રમીલાબેન પી. મહેતા
- સુશ્રી ચૌલા કુરુવા
- શ્રી 'આરસી' શાહ
- શ્રી કેશુભાઈ દેસાઈ
- પ્રા. પૃથ્વી શાહ
- શ્રી મિતેષ એમ. સોલંકી
- શ્રી ભીમજી નાકરાણી
- ડૉ. કિશોર સાધુ
- શ્રી ચંદ્રકાન્ત પટેલ 'સરલ'
- શ્રી એમ. ડી. સોલંકી
- ડૉ. સુધીર ચી. મોદી
- શ્રી બલવીરસિંહ જાડેજા
- શ્રી કિરણ ચાંપાનેરી 'સેતુ'

★ ઉપરોક્ત સર્જનકર્તાઓ સાથે સાહિત્ય જગતના કેટલાક અન્ય સર્જકો પણ છે જેમણે પ્રસંગોપાત તેમની ઉચ્ચત્તમ કૃતિઓથી 'મંગલ મંદિર'ને સજાવવા જરૂરી યોગદાન આપ્યું છે.

★ તે સિવાય, કેટલાક નિયમિત ધોરણે 'મંગલ મંદિર'ના કોલમનિસ્ટ તરીકે રહ્યા છે. જેમાં **શ્રીમતી ચંદ્રિકાબેન એમ. શાહ, સૂરજલાલભાઈ મહેતા, શાંતિલાલભાઈ સંઘવી, પોપટલાલભાઈ ધરોડ, ગુલાબચંદ ધારશી રાંભિયા, રજનીકાન્ત પારેખ, દિનેશચંદ્ર શાહ** વગેરેના નામોનો ઉલ્લેખ અવશ્ય કરવો પડે.

★ ઉપરોક્ત યાદી પૈકી **ડો. મણિલાલ ગડા**, મનોચિકિત્સક; **ડો. દીપ્તિ શાહ (ગડા)**, મનોચિકિત્સક તથા **ગુલાબચંદ ધારશી રાંભિયા** અનુક્રમે આરોગ્ય ક્ષેત્રે અને બાલુડેં જ્યું ગાલિયું વિભાગમાં ઘણા લાંબા સમયથી 'મંગલ મંદિર' સાથે સંકળાયેલા છે અને 'મંગલ મંદિર'ને ઉમદા લેખન સામગ્રીઓનું નિયમિત રીતે યોગદાન પ્રદાન કરી રહ્યા છે. જેની અત્રે ખાસ નોંધ લઈએ છીએ.

★ 'મંગલ મંદિર' પરિવાર સાહિત્ય જગતના ઉપરોક્ત સર્વે તજજ્ઞ લેખકશ્રીઓનો તથા અન્ય સર્વે હિતેચ્છુ લેખકશ્રીઓનો આ ૫૦૦મા અંકના પ્રકાશનના સમયે ખાસ આભાર માને છે.

★ **'મંગલ મંદિર'ના સૂત્રધારો :**

| | |
|---|---|
| • શ્રી પ્રભુલાલભાઈ કે. સંઘવીએ સમાજના મુખપત્રની શરૂઆત 'પ્રેરણા' નામના માસિકથી ૧૯૭૫માં કરી હતી. ત્યારબાદ સામયિકનું નામ 'મંગલ મંદિર' થયું હતું. | ઓગસ્ટ ૧૯૭૫થી એપ્રિલ ૧૯૭૮ |

| | |
|---|---|
| • સ્વ. પ્રમીલાબેન ઉમરશી કુરુવા | મે ૧૯૭૮થી જૂન ૧૯૮૪ |
| • શ્રીમતી ચંદ્રિકાબેન ચંદ્રકાન્ત દેઢિયા | જુલાઈ ૧૯૮૪થી ઓગસ્ટ ૨૦૦૬ |
| • શ્રી અશોકભાઈ એસ. મહેતા | સપ્ટેમ્બર ૨૦૦૬થી સપ્ટેમ્બર ૨૦૧૫ |
| • શ્રી પ્રતાપભાઈ દંડના નેજા હેઠળ અન્ય સાહિત્ય સર્જક દ્વારા | ઓક્ટોબર ૨૦૧૫થી સપ્ટેમ્બર ૨૦૧૮ |
| • શ્રી પ્રતાપભાઈ દંડના તંત્રીપદ સાથે શ્રી દિનેશ આર. મહેતા | ઓક્ટોબર ૨૦૧૮થી |

★ મુખપત્રની શરૂઆત ઓગસ્ટ ૧૯૭૫માં 'પ્રેરણા' નામથી થઈ.

★ જાન્યુઆરી ૧૯૭૭થી આ મુખપત્ર 'મંગલ મંદિર'ના નામે ચાલુ કરવામાં આવ્યું.

★ મુખપત્રની શરૂઆતમાં ૫૦૦, ત્યારબાદ ૬૦૦, ૧૨૦૦, ૧૫૦૦ અને ૨૦૦૦થી ૨૫૦૦ નકલો છપાતી હતી.

★ અંક-૨૮, ઓક્ટોબર-૧૯૭૮થી ટાઈટલની ડિઝાઈનમાં ફેરફાર થયો.

★ અંક-૩૩૩, જાન્યુઆરી-૨૦૦૬થી એ-૪ સાઈઝ - સ્વરૂપે મુખપત્ર પ્રકાશિત થયું.

★ મુખપત્રના ત્રીજા પડાવ દરમિયાન શ્રી મનુભાઈ શાહ અને શ્રી અશોકભાઈ મહેતા સહતંત્રી તરીકે સક્રિય રહ્યા.

★ ૧૯૯૫માં મુખપત્રને શ્રી સૂરજલાલભાઈ મહેતાનો સહયોગ પ્રાપ્ત થયો.

★ સપ્ટેમ્બર ૨૦૦૬થી શ્રી સૂરજલાલભાઈ મહેતા અને શ્રી મનુભાઈ શાહ મુખપત્રના તંત્રી મંડળમાં જોડાયા.

★ અંક ૩૬૦, એપ્રિલ ૨૦૦૮થી મુખપત્રના ટાઈટલમાં સતત બદલાવ થયો.

★ અંક ૩૯૦, ઓક્ટોબર ૨૦૧૦થી શ્રી દિનેશ આર. મહેતા તંત્રી મંડળમાં સામેલ થયા.

★ મુખપત્રના કુલ ૩૦ જેટલા વિશેષાંકો પ્રકાશિત થયા છે.

★ વિશેષાંકો પૈકી ઉદ્યોગ વિશેષાંક, મુંબઈ વિશેષાંક, અમદાવાદ - ગાંધીનગર વિશેષાંક, કચ્છી સંસ્થાઓ વિશેષાંક, કચ્છ અને તેની પાણીની સમસ્યા વગેરે વિશેષાંકો ખાસ સ્વરૂપે હતા.

★ 'મંગલ મંદિર'ના કેટલાક વિશેષાંકો તથા દિલ્હી ખાતે મેગેઝિનની રજિસ્ટ્રેશન પ્રક્રિયામાં શ્રી હંસરાજભાઈ કંસારાનો વિશેષ સહયોગ પ્રાપ્ત થયો હતો.

★ ભારત સરકારના પોસ્ટલ ખાતાએ સામાજિક સંસ્થાઓના મુખપત્રોનું વિતરણ નિઃશુલ્ક હોય, તેમને પોસ્ટલ કન્સેશન ન આપવાનો નિર્ણય કર્યો છે.

★ છેલ્લા કેટલાંક વર્ષોમાં મુખપત્ર 'મંગલ મંદિર'માં વિવિધ પ્રકારના લેખો, લેખન સામગ્રીઓ પ્રકાશિત થયેલ છે. તેનાં નિરૂપણ સ્વરૂપે વિતેલા વર્ષોનું આજના પ્રવર્તમાન પરિપ્રેક્ષ્યમાં સ્મરણ કરવા 'સંભારણા' વિશેષાંક રજૂ કરેલ છે.

★ સમગ્ર દેશમાં પ્રકાશિત ૮૦૦૦ સામાયિકોમાંના ચયનમાં 'મંગલ મંદિર'ને ગૌરવપ્રદ મોખરાના સ્થાને ઍવોર્ડ - સર્ટિફિકેટ પ્રાપ્ત થયો.

***– દિનેશ આર. મહેતા***

***તંત્રી મંડળ : 'મંગલ મંદિર'***

**ભાગ ભેંસ ભાગ**

એક ભેંસ જંગલમાં ડરેલી ગભરાયેલી ભાગી રહી હતી. ઉંદરે પૂછ્યું, : 'કેમ આટલી દોડે છે?'

*ભેંસ* : પોલીસ જંગલમાં હાથી પકડવા આવી છે.

*ઉંદર* : પણ તું તો ભેંસ છે ને!

*ભેંસ* : હા, પણ આ ઈન્ડિયા છે બકા! અહીં પકડાઈ ગઈ તો કોર્ટમાં એ સાબિત કરતા ૨૦ વરસ લાગી જશે કે હું હાથી નહીં, ભેંસ છું!

આ સાંભળીને ઉંદર પણ ભાગવા લાગ્યો.

# મંગલ મંદિર
# વિક્રમી ૫૦૦ અંક

## સંભારણા-૪ વિશેષાંક


# વિભાગ-૧

# પુરાતત્ત્વ અને કચ્છ

ડૉ. પુલીન વસા

"આ ચલાયમાન જગતમાં જો કશું પણ અચળ હોય તો તે તેની ચંચળતા છે."

આ સૃષ્ટિમાં સતત ફેરફારો થતા રહે છે. જ્યાં જંગલો હતાં ત્યાં રણ થઈ ગયાં છે અને જ્યાં સમુદ્ર હતો ત્યાં આજે જમીન અને પહાડો જોવા મળે છે.



આપણું કચ્છ પણ એક સમયે સમુદ્ર તળ હતું. લાખો વર્ષ સુધી નદીના પૂરમાં આવેલો કાંપ જમા થતો હતો અને કાળક્રમે કોઈક વિશાળ ધરતીકંપથી તે જળકૃત ખડકો બની બહાર આવ્યો અને કચ્છની ભૂમિ બની. આ જળકૃત ખડકોએ છેલ્લા ૨૦ કરોડ વર્ષોનો ઈતિહાસ પોતાની અંદર સંઘરી રાખ્યો છે અને જ્યારે કોઈ પણ સંશોધક અહીં લટાર મારે છે ત્યારે તેને સંઘરાયેલા નમૂનાઓ જોવા મળે છે.

આ રીતે કચ્છનો પુરાતત્ત્વ ઈતિહાસ ઘણો જ જૂનો છે.


કચ્છની મોટા ભાગની જમીન જળકૃત ખડકોની બનેલી હોવાથી અહીંથી છેક ક્રિટેશિયસ અને જુરાસિક સમયના અશ્મિઓ (ફોસીલ્સ) મળે છે. ૨-૩ મિ.મિ.થી કરીને ૬૦-૭૦ સે.મી.ના વ્યાસના એમોનાઈટ્સ, સ્ટારફીશ, સીએનેમોન, સેન્ડડોલર, શંખ છીપ વગેરે ફોસીલ્સ મળે છે. વાંઢાય, નાગરેચા, જખૌ, અબડાસાનો કેટલોક વિસ્તાર, લખપત અને ભુજ તાલુકાના અમુક વિસ્તારોમાં સામાન્ય આંટો મારવા ગયા હો અને ફોસીલ્સ જોવાની દૃષ્ટિ હોય તો રસ્તાની બંને બાજુ કે જંગલોમાં કે ડુંગરાળ વિસ્તારોમાં તમને આ અશ્મિઓ જોવા મળે છે.

જો તમે વધુ ધ્યાનથી શોધખોળ કરો તો ક્યારેક ડાયનાસોરનાં હાડકાં, દાંત, ઇંડાં પણ મળી આવે. મને સંપૂર્ણ વિકસીત ગર્ભવાળું ડાયનાસોરનું ઇંડું મળ્યું છે. જેમાં ઈંગુવાનોડોન પ્રકારના ડાયનોસોરનો ગર્ભ જોવા મળે છે. આ ઈંડાંનો મેં સી.ટી. સ્કેન પણ કરાવ્યો છે જે આ તથ્યને પ્રતિપાદિત કરે છે. આજ વિસ્તારમાંથી મને ડાયનોસોરના હાડકાં અને દાંતના ફોસીલ્સ પણ મળ્યા છે. વિખ્યાત સંશોધક શ્રી મોહનસિંહ સોઢાને પણ ડાયનોસોરનું હાડપિંજર, શાર્ક માછલીનાં દાંત, કાચબો વગેરે ફોસીલ્સ મળ્યા છે. તેમણે ભેગા કરેલા ફોસીલ્સના સંગ્રહ જોવાલાયક છે.

કેટલા વર્ષ પહેલાં માણસે કચ્છમાં પ્રવેશ કર્યો? આ પ્રશ્નનો ચોક્કસ જવાબ હજી પુરાતત્ત્વવિદોને મળ્યો નથી, પણ પાષાણયુગના માનવીના ઓજારો મળ્યા હોવાથી એટલું ચોક્કસ કહી શકાય કે આ સમયથી જરૂર માણસે અહીં વસવાટ કર્યો હશે. ભારતીય પુરાતત્ત્વના પિતામહ શ્રી હસમુખભાઈ સાંકળિયાને કચ્છમાંથી પાષાણયુગના માનવીના ઓજાર ભૂખી નદીના વિસ્તારમાંથી મળ્યા હતા. મને મારા સંશોધન દરમ્યાન ગાંધીગ્રામ પાસેથી મેગાલીથીક કબરો મળી આવી છે. આ ગોળાકાર કબરો પૂર્વ દિશામાં ખૂલે છે. કબરોના સમૂહની વચ્ચમાં ત્રણ મેનહીર (૫-૮ ફુટ ઊંચો પથ્થર) પણ જોવા મળે છે. આ કબરોની આસપાસ પાષાણયુગની પતરીઓ, ચામડું ઉતરડવાના સ્ક્રેપર તેમજ જે પથ્થરમાંથી પતરી ઉતારવામાં આવતી (કોરસ્ટોન) તે પથ્થર પણ મળી આવ્યા છે. આવા પ્રકારની ગોળાકાર કબરો ગુણિયાસર, ડોણ પાસે અને માંડવી તથા અબડાસા તાલુકાનાં ઘણાં ગામડાંઓ પાસે જોવા મળે છે. તેટલું જ નહીં, તે કબરો દરિયા કિનારાથી ૧૫-૨૦ કિ.મી.ના અંતરે એક સાંકળ પણ બનાવે છે.

આજથી ૫ હજાર વર્ષ પહેલાં માણસે નદીના કિનારા પર નગરો બાંધી વસવાટ શરૂ કર્યો. સુસંસ્કૃત સિંધુકાલીન વસાહતો





જગતની સહુથી પ્રાચીન વસાહતો ગણાય છે. ખરેખર સિંધુ નદીની સભ્યતા એ કાળવાચક શબ્દ છે. કારણ કે આ વસાહતો છેક અફઘાનિસ્તાનથી કરીને પંજાબ સુધી અને સિંધુ કાંઠેથી લઇને ગુજરાતના ધોળાવીરા, લોથલ અને મહારાષ્ટ્રના દાઇમાબાદ સુધી વિસ્તરલી હોવા છતાં તેમની નગરરચના, વજનિયાં, લિપિ એક જ સરખાં હતાં. અખંડ ભારતની જનેતા એવી આ સંસ્કૃતિના સમયગાળાને આપણે સિંધુ સંસ્કૃતિ ગણીએ છીએ.

ધોળાવીરા, ખડીરમાં આવેલું સિંધુકાલીન મહાનગર, પુરાતત્ત્વનો બેજોડ નમૂનો છે. અહીંથી તે સમયનું દ્યોતક એવું સીટાડેલ, ઉપલું નગર તેમજ નીચલું નગર મળી આવ્યાં છે. નદીમાંથી શહેરમાં પાણી લઇ આવવાની બેનમૂન વ્યવસ્થા, પાણીના વિશાળ ટાંકા અહીં જોવા મળે છે. આજથી પાંચ હજાર વર્ષ પૂર્વેના માનવપગલાં અને છાતી પર કાંસાનો અરીસો રાખીને ચિરનિદ્રામાં પોઢેલી સ્ત્રીનું હાડપીંજર જોતાં રૂંવાડાં ઊભા થઇ જાય છે. સીટાડેલના એક પ્રવેશદ્વાર પર સિંધુલિપિમાં લખેલા અક્ષરોવાળું પાટિયું અને ખૂબ સુંદર રીતે પોલીશ કરેલા ડમરૂ આકારના પથ્થરો અહીંની ખાસિયત છે, જે બીજી કોઇ વસાહતમાં જોવા નથી મળ્યા. સીટાડેલમાં આવેલા કૂવાના પથ્થર પર પાણી ખેંચવાની રસ્સીથી પડી ગયેલા નિશાન, કાદવમાં પડેલાં ભેંસના પગલાં આ પ્રાચીન નગરને જીવંત બનાવી મૂકે છે.

ધોળાવીરા ઉપરાંત પાબુમઠ, દેશલપુર, ગુંતલી, શિકારપુર અને હાલમાં કાળા ડુંગરની ખીણમાં આવેલા કુરન પાસેથી પણ સિંધુ વસાહતો મળી આવી છે.

માંડવી તાલુકાના નાની રાયણ ગામમાંથી મને છેલ્લા પાંચ હજાર વર્ષના માનવ વસવાટના પુરાવાઓ મળ્યા છે. સિંધુકાલીન વૃષભ, માતૃકા, ડીશ ઓન સ્ટેન્ડ પ્રકારનાં વાસણો મળ્યાં છે, તો હિસ્ટરી પિરિયડ અર્થાત્ ઇસુ પહેલાંનાં ૪૦૦ વર્ષથી કરીને ઇસુ પછીના ૪૦૦ વર્ષના સમયગાળાના અસંખ્ય અવશેષો મળ્યા છે. આના પરથી પુરવાર થાય છે કે અહીં અતિ સુસંસ્કૃત અને કલાપ્રિય લોકો વસતા હતા અને તેમનો પરદેશ સાથે વ્યાપક વેપારી સંબંધ હતો. તેઓ બૌદ્ધ અને હિન્દુ ધર્મ પાળતા અને પોતાના બાળકો માટે સુંદર રમકડાં બનાવતા.

મને અહીંથી રોમથી આયાત થયેલી અનાજ દળવાની ઘંટી, દારૂના વાસણો (જેને રોમન એમ્ફોરા કહેવાય છે) મળ્યા છે તો રોમન અસર દર્શાવતા મોલ્ડેડ વેર, સ્ટેમ્પડ વેર અને રોલેટેડ વાસણો મળ્યા છે. બ્રાહ્મી લિપિ લખેલાં ત્રણ સીલ મળ્યાં છે, જેમાંના એક પર બસ્ટાર્ડ જેવા પક્ષીની પૂંછડી પર બેઠેલું ઘુવડ તે સીલ તાંત્રિક હોવાનું સૂચવે છે. આજથી બે હજાર વર્ષ પહેલાં રોમથી આવેલા વહાણોનો સામાન રૂકમાવતી નદી વાટે ભરતી સમયે નાની રાયણ ઉતરતો અને અહીં બનેલા અત્યંત કલાત્મક શંખના ઘરેણાં, માટીનાં વાસણો વગેરે પરદેશ જતાં. ઇસુ પછીની છઠ્ઠી સદીનો બાયઝેન્ટાઇન સિક્કો અને તે જ સમયનો બગદાદનો દિનાર છેક તુર્કીની રાજધાની ઇસ્તમ્બુલ (તે સમયનું કોન્સ્ટેનટીનોપલ) અને બગદાદ સાથે વેપારી સંબંધોનો નક્કર પુરાવો છે. આ ઉપરાંત ક્ષત્રપ અને ગુપ્ત સમયના સિક્કાઓ પણ મળ્યા છે.

માટીના મણકા, અત્યંત સુંદર શંખના ઘરેણાં અહીંના લોકોની સૌંદર્ય માટેની ધગશ બતાવે છે તો ૪૦ કિલો અનાજ રહી શકે તેવી કોઠી, અત્યંત કલાપૂર્ણ સ્ટેમ્પ કરેલાં વાસણો અને ૪ ફુટ ઊંચી ત્રાંબાના વાસણ જેવા રણકાવાળી કોઠી ઉત્કૃષ્ટ કુંભાર-કલાની સાક્ષી પૂરે છે.

થોડી બૌદ્ધ ગુફાઓ લખપત તાલુકાના સિયોત ગામે કટેશ્વરના મંદિર પાસેથી મળી આવી છે. અહીંથી પુરાતત્ત્વવિદોએ હજારો બૌદ્ધ પ્રતિમાઓ ખોદી કાઢી છે. તે ગુફાની આસપાસના વિસ્તારમાંથી વિથોણ શાળાના ઉત્સાહી શિક્ષક શ્રી પદમશીભાઇ ચૌહાણ અને તેમના વિદ્યાર્થીઓએ તે સમયના અસંખ્ય અવશેષો ગોતી કાઢ્યા છે. આ અવશેષો નાની રાયણમાંથી મળતા અવશેષોને ઘણે અંશે મળતા આવે છે.

ક્ષત્રપ સમયના ૨૦ શિલાલેખોમાંથી ૧૦ તો કચ્છમાંથી અને તેમાંના ૬ ઔધો ગામમાંથી મળી આવ્યા છે અને જાણીતા ઇતિહાસવિદ્ રસેશ જમીનદારના કહેવા મુજબ આ ગામ ક્ષત્રપોના શાસનકાળનું મુખ્ય કેન્દ્ર હોવું જોઇએ.

આ સ્થાપિત અવશેષો ઉપરાંત પુરાતત્ત્વને લગતી બીજી ઘણી જગ્યાઓ છે જે ખૂબ જ રસપ્રદ છે, પરંતુ પૂરતા સંશોધનના અભાવે તેનો સમયગાળો નક્કી નથી થયો. દા.ત. જખૌનું કબ્રસ્તાન. જખૌ ગામથી ૨ કિ.મી. દૂરના જૂના બંદર તરફ એક પ્રાચીન કબ્રસ્તાન છે, જેમાં ૨ હજારથી વધારે કબરો છે. અહીં જુદી જુદી જાતની કબરો જોવા મળે છે જે સહેજે અસામાન્ય કહી શકાય. અમુક કબરો પથ્થર પાથરીને બની છે તો અમુકના માથાના ભાગના પથ્થર પર વિવિધ ચિહ્નો કોતરવામાં આવ્યાં છે જેવાં કે ખંજર, હોડી, વહાણ, પાંદડાં, ગોળાકાર વગેરે. તો અમુક કબરોમાં નીચે ઉતરવાની ઓરડી જેવું બાંધકામ કરવામાં આવ્યું છે અને અમુક પર જનાના જેવો આકાર કોતરવામાં આવ્યો છે. એક કબરના પથ્થર પર ઉર્દુ ભાષામાં લેખ છે જે કચ્છનો સહુથી જૂનો મુસ્લિમ શિલાલેખ ગણાય છે. તો એક કબરના પથ્થર પર બ્રાહ્મી જેવી લિપિમાં લખાણ છે. પ્રાચીન બંદર નજીક આવેલી આટલી વૈવિધ્યવાળી કબરો ખરેખર રસપ્રદ છે. તે જ રીતે કચ્છની ઉત્તર સરહદે વ્યાપક માનવ વસવાટ હતો જે કાળક્રમે ખસીને મધ્ય કચ્છ તરફ આવ્યો અને દક્ષિણ સરહદે દરિયાથી પંદર-વીસ કિ.મી. દૂર વ્યાપક વસવાટ હતો જે દરિયા કિનારા તરફ ખસ્યો હોવાના પુરાવાઓ પણ મળ્યા છે. આ આંતરિક સ્થળાંતરો પણ ઊંડું સંશોધન માંગી લે છે.

કચ્છના કેરા ગામે આવેલું અત્યંત સુંદર કોતરણીવાળું ભગ્ન શિવમંદિર તેમજ તેનાથી પહેલી સદી જૂનું પુંઅરાનું શિવમંદિર અને તેથી પણ પહેલી સદી જૂનું કોટાયનું શિવમંદિર સ્થાપત્યના ઉત્કૃષ્ટ નમૂનાઓ છે. આમ, કચ્છ સાચા અર્થમાં પુરાતત્ત્વનો ખજાનો છે. અહીંથી મળી આવેલા સમૃદ્ધ વારસાનો યોગ્ય અભ્યાસ થાય અને જાળવણી થાય તેમજ તે આવનારી પેઢીઓ માટે સચવાયેલો રહે તે અત્યંત આવશ્યક છે.

*('સંભવામિ કંઠસ્થ કણેકણે'માંથી સાભાર)*

*(મંગલ મંદિર, સપ્ટેમ્બર-૨૦૦૯)*

## કચ્છ રણોત્સવ

*રણોત્સવને મનભરી માણવા ઉછળ્યો માનવ મહેરામણ*
*જ્યાં કચ્છી કસબના કસબીઓએ પાથર્યા કલાના કામણ*
*ન રહ્યા અહીં કોઈ દેશ વિદેશી ના કોઈ અથડામણ*
*ખરીદવી કેટલી કલાકૃતિઓ એવી એક જ અકળામણ.*
*કચ્છી કલાની કૃતિઓ નીરખી ન મારે મટકું પાંપણ*
*છે આ તો કચ્છની ભાતીગળ કલા અને એ જ એની થાપણ.*
*કેવો અદ્‌ભુત ત્રિવેણી સંગમ અહીં દરિયો ડુંગરા અને રણ*
*આંખોમાં અલૌકિક સૌંદર્ય ભરીને વિચરે અનેક જણ.*

**પ્રા. સૂર્યકાંત ભટ્ટ - ભુજ**

*(મંગલ મંદિર, જાન્યુઆરી-૨૦૦૯)*

## કચ્છનું રણ અને રણદ્વિપો

**(અનુસંધાન : પાના નં.-૨૮ ઉપરથી ચાલુ)**

કચ્છનું નાનું રણ પૂર્વ પશ્ચિમ ૧૨૮ કિ.મી. લાંબું અને ઉત્તર-દક્ષિણ ૧૬ થી ૬૪ કિ.મી. પહોળું છે. એના પશ્ચિમ છેડાની ઓછામાં ઓછી પહોળાઇ ૬.૫ માઇલની છે.

● **નાના રણમાં પડતી નદીઓ :**

કચ્છના રણમાં દક્ષિણમાંથી મચ્છુ, બ્રાહ્મણી, કનકાવતી, ફુલકા અને ચંદ્રભાગા તથા પૂર્વ તથા ઇશાનમાંથી બનાસ, સરસ્વતી અને રૂપેણ આટલી નદીઓ પોતાના પાણી ઠાલવે છે. આથી ચોમાસામાં નાનું રણ જળ બંબાકાર બની જાય છે.

ઇસવીસન ૧૯૬૩માં બનાસ નદી ઉપર કચ્છના નાના રણની ઉપરવાસમાં દાંતીવાડા ડેમ બાંધવામાં આવતાં બનાસ નદીના શ્રાવ વિસ્તારમાંથી ૧૧.૫ ચો.મી. વિસ્તાર બંધાઇ જતાં કચ્છમાં આવતાં તેના પાણીમાં ઘટાડો નોંધાયો છે. સરસ્વતી નદી પર પણ પાટણ જિલ્લામાં ડેમ બંધાયો છે. જો કે આ નદી તો સમુદ્ર સંગમ પામતી નથી. રણમાં જ એ અદ્રશ્ય બની જાય છે. જ્યારે રૂપેણ ૧૦૦૦ ચો.મી. શ્રાવ વિસ્તાર ધરાવે છે. મચ્છુના પાણી રણની દક્ષિણ-પશ્ચિમે સૂરજબારી પુલના પશ્ચિમ ભાગમાં પડે છે. એના પર મચ્છુ ૧ તથા ૨ એમ બે બંધો બંધાયા છે. આ પૈકી બીજા નંબરનો ડેમ ઇસવીસન ૧૯૭૯ની મોરબીની અતિવૃષ્ટિમાં તૂટી ગયો છે.

● **કચ્છના નાના રણના બેટો :**

કચ્છના નાના રણમાં પુંગ, ધુતારીમાતા, નાંદા, મરડક, કેશમારી અને ભાંગટના ટાપુઓ આવેલા છે. આ બેટો પર સાધારણ ઘાસ ઉગે છે. ચોમાસામાં આ બેટની જમીન પાણીની સપાટીથી થોડી ઊંચી રહે છે. મોટા રણ અને નાના રણની વચ્ચે એક સ્થળે માત્ર પંદર જ માઇલની પટ્ટીથી વાગડ વિસ્તારને જોડે છે. સંભવ છે કે, એ પણ એક બેટ હોય. જો એ સ્વીકારીએ તો એ પરિપ્લસે સૂચવેલો છઠ્ઠો બેટ અને બાકીનું કચ્છ એ સાતમો બેટ ગણી શકાય.

બન્ની વિસ્તારની દક્ષિણ-પશ્ચિમ સરહદને અડતો ધીણોધર ડુંગર પાસે જ્વાળામુખી કે ધરતીકંપ જેવા કારણોસર અકસ્માતને કારણે અહીંનો સમુદ્ર સૂકાઇ ગયો હોવાની અનુશ્રૃતિ છે. એની બાજુમાં આવેલા નિરોણાને પણ બંદર કહેવાયું છે. આથી આગળ પૂર્વમાં જતાં ધ્રંગ અને લોડાઇ વિસ્તારમાંથી આજે પણ સમુદ્ર હોવાના ખ્યાલ આવે છે. કહેવાય છે કે એક સમયે અહીંથી સમુદ્રના પાણી જમીન ચીરીને બહાર નીકળતાં અને ચીરઇ સુધી વહેતાં હતા. ચીરઇ ગામનું નામ પણ આ ઘટનાના સંદર્ભમાં સૂચક છે. આ સમુદ્રના પાણી ચોબારીથી કડોલ, ખારોઇ, નેર, બંધડી, લતાડા ડુંગર અને લુણવા પાસેથી થઇને ઉત્તરે સમુદ્રમાં મળતાં હતા. તે આ અનુમાનને પુષ્ટિ આપે છે.

*(મંગલ મંદિર, નવેમ્બર-૨૦૧૯)*

# પ્રતિભાશાળી કચ્છી મહિલાઓ



દિનેશ મહેતા

*અખબારી આલમના 'દિવ્ય ભાસ્કર' યુનિટ દ્વારા ગયા વર્ષે ગુજરાત રાજ્યની વગદાર વ્યક્તિઓની એક યાદી પ્રસિદ્ધ થઈ હતી. તે પ્રમાણે ત્યાર પછીના વર્ષમાં ગુજરાત રાજ્યમાં વિવિધ ક્ષેત્રે સફળતા હાંસલ કરનાર ૧૦૦ પ્રતિભાશાળી મહિલાઓની યાદી પ્રસિદ્ધ કરી છે. આ યાદીમાં કચ્છ જિલ્લાની, અમદાવાદ સ્થિત બે મહિલાઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે, જે સમગ્ર કચ્છી પ્રજાજનો માટે ગૌરવપ્રદ બાબત છે. આ બે મહિલાઓનું કાર્યક્ષેત્ર, સિદ્ધિ તેમજ તેમનો ટૂંક પરિચય અત્રે પ્રસ્તુત છે.*



## શ્રીમતી વિજ્યાલક્ષ્મીબહેન શેઠ

કચ્છ જિલ્લાના વિજયાલક્ષ્મીબહેન શેઠે તેમની કારકિર્દીની શરૂઆત કોલેજમાં એક વ્યાખ્યાનકાર તરીકે કરી હતી. ત્યારબાદ સિવિલ સર્વિસીસની પરીક્ષા આપીને ભારતીય પોસ્ટલ સર્વિસીસમાં દાખલ થયા હતા. તે સમયે ગુજરાત સરકારના અર્થશાસ્ત્ર વિભાગમાં મંત્રી તરીકેની કામગીરી પણ બજાવેલ છે. તેમણે યુ.પી. પોસ્ટલ એડમિનિસ્ટ્રેશનમાં એક વર્ષ કામ કરીને પ્રોડક્ટિવિટીઝમાં સારું પરિણામ લાવી બતાવ્યું હતું. તે રાજ્યના મહારાજગંજ ગામમાં દેશની સોલર કોમ્પ્યુટરાઈઝ્ડ પોસ્ટ ઓફિસનો પ્રયોગ તેમણે સૌપ્રથમ કર્યો હતો.

છેલ્લે ગુજરાત રાજ્યના મુખ્ય પોસ્ટ માસ્ટર જનરલના હોદ્દા પરથી નિવૃત્ત થયા હતા. નિવૃત્તિ બાદ ગ્રામીણ વિસ્તારમાં શિક્ષણનો ફેલાવો કરનાર સારસ્વતમ્ સંસ્થા સાથે તેઓશ્રી સંકળાયેલા છે. દરેક બાળક પોતાનું નિર્દોષ બાળપણ આનંદપૂર્વક માણે અને તેવા દરેક બાળકને ઉચ્ચ કક્ષાનું શિક્ષણ પ્રાપ્ત થાય તેવી તેમની મહેચ્છા છે. સારસ્વતમ્ સંસ્થા હાલે કચ્છમાં વીસ જેટલી હાઈસ્કૂલો ચલાવી રહેલ છે.


તેમનું જન્મસ્થળ ભુજ (કચ્છ) છે. નાની વયમાં જ ડ્રામા, ડાન્સ, રમતગમત, ડિબેટ્સ વગેરે ક્ષેત્રોમાં આગળ હતા. તેમના પિતાશ્રી એક સમયે કચ્છ જિલ્લાના કલેક્ટરના હોદ્દા પર હતા.



## શ્રીમતી સેજલબહેન દંડ

કચ્છ જિલ્લાના અબડાસા તાલુકાના સેજલબહેન દંડે વડોદરામાંથી બી.એસસી. કર્યા બાદ મુંબઈમાં પોસ્ટ ગ્રેજ્યુએશન કરી રહ્યા હતા ત્યારે રાજસ્થાન રાજ્યના ભંવરીદેવી નામના એક મહિલાની સ્થિતિ અને તેમના સંજોગો જાણવાની એક તક પ્રાપ્ત થઈ હતી. આ પ્રસંગ તેમની જિંદગીનું ટર્નિંગ પોઈન્ટ બની ગયું. ગ્રામીણ ગરીબ મહિલાઓના ઉત્કર્ષ અર્થે કાંઈક કરવાની પ્રેરણા ઉદ્ભવી હતી. ત્યારબાદ આ કાર્યમાં જાતે રસ દાખવીને પોતાના ત્રણ મિત્રો સાથે ૧૯૯૫માં 'આનંદી' નામની એક બિન સરકારી સંસ્થા ઊભી કરી દીધી. આ સંસ્થાએ સમાજમાં કચડાયેલી જાતિ અને ગ્રામીણ મહિલાઓના વિકાસ અર્થે કામગીરી શરૂ કરી હતી. "કોઈપણ દેશના પ્રજાજનો અગર ભૂખ્યા સૂઈ જતા હોય, તો તે દેશનો વિકાસ અધૂરો ગણાય છે" તેમ તેઓનું કહેવું છે. આ પ્રવૃત્તિ દરમિયાન ૧૯૮૯માં બચીબહેન નામના એક અન્ય મહિલાના સંપર્કમાં આવતાં, તે મહિલા અભ્યાસ કરીને આગળ વધી શકે છે તેમ સેજલબહેનને જણાયું હતું. આ કારણથી, ઉચ્ચ અભ્યાસ કરવા માટે પ્રેરણા આપીને જરૂરી એવી બધી સગવડ કરવામાં મદદ કરી હતી. આજે એ મહિલા એક આયુર્વેદિક સેન્ટર ખૂબ જ સફળતાપૂર્વક ચલાવે છે. સેજલબહેને એમ.એસ.ડબલ્યુ. કર્યા બાદ ગુજરાત સરકારના કલ્યાણ વિભાગ હેઠળ મહિલાઓના સંબંધિત પ્રોજેક્ટ કર્યા છે. ટી.આઈ.એસ.એસ.માં પ્રોફેસર તરીકે એક વર્ષ કાર્ય કર્યું છે. ત્યારબાદ સામાજિક ન્યાય કેન્દ્રમાં પણ કામગીરી કરી છે. તોફાનગ્રસ્ત વિસ્તારમાં સેવા આપવા બદલ તેમને વિશ્વ વાત્સલ્ય ટાઈમ્સ એશિયા - ૨૦૦૨ ઍવૉર્ડ પ્રદાન થયેલ છે.

***(મંગલ મંદિર, ઓક્ટોબર-૨૦૦૯)***



# જ્યાં અર્થપૂર્ણ જિંદગી છે ત્યાં દિવાળી છે

અવંતિકા ગુણવંત

કપડાંનું કબાટ ગોઠવતાં આનંદપૂર્ણાના હાથમાં ફોટોગ્રાફસનું જૂનું આલ્બમ આવ્યું, એના લગ્નના ફોટાનું આલ્બમ, આજથી ત્રીસ વરસ પહેલાનું એ આલ્બમ.

આનંદપૂર્ણાએ આલ્બમ ખોલ્યું અને પ્રથમ પાના પર નજર કરી. નજર ત્યાં ચોંટી જ રહી. સોળે શણગાર સજેલી લજ્જાભર્યું સ્મિત વેરતી આ સુંદર રૂપવતી યૌવના શું હું છું? આશા ઉત્સાહથી આ ચહેરો કેવો ઝળહળે છે! આંખો પ્રસન્નતાથી ચમકે છે! **દુલ્હનવેશ સજ્યો ત્યારે કેટકેટલાં સ્વપ્નાં હતા!**

અને આજે? આજે હું કેવી થઇ ગઇ છું? માથાના વાળ તદ્દન સફેદ અને સાવ આછા, આંખે ચશ્માં, ગાલ બેસી ગયેલા અને હાથે, ગળે કરચલીઓ. શરીર પરનો આ ફેરફાર શું ઉંમર થવાથી થયો છે? ના. હજી તો હું અધવચ્ચે જ પહોંચી છું, પણ શરીરનો આ ઘસારો તો પિતૃગૃહ છોડ્યું ત્યારથી શરૂ થઇ ગયો હતો.

લગ્નના છએક મહિના પછી હું બસ સ્ટેન્ડે ઊભી હતી ત્યારે મારા લગ્નના ફોટા પાડનાર ફોટોગ્રાફર ત્યાંથી પસાર થયો. સહેજ આગળ નીકળી ગયો હતો છતાં એ પાછો વળ્યો. એનું સ્કૂટર મારી નજીક લાવીને પૂછે, ''આનંદપૂર્ણા બહેન તમે?'' મેં હા કહી પછી ચિંતાતુર સ્નેહાળ સૂરે એણે પૂછ્યું હતું, ''બહેન કેમ આવા થઇ ગયાં છો? મેં તો પહેલી નજરે તમને ઓળખ્યાં જ ન હતા, માંદા પડી ગયા હતાં?''

''ના રે ભાઇ, સાજી સમી છું.'' મેં જવાબ આપ્યો હતો, પણ મારા બોલવામાં કદાચ આનંદભર્યો રણકો ન હતો. ફોટોગ્રાફર ભાઇ બોલ્યા ન હતા પણ એમના ચહેરા પર દુઃખદ આશ્ચર્ય છવાઇ ગયું હતું. ખાસ પરિચય નહિ એટલે વધારે પૂછ્યું નહિં.

મારા લગ્ન પછી વાસ્તવિકતા ખૂબ આકરી હતી, ડગલેને પગલે તકલીફો જ તકલીફો આવતી હતી. ક્યારેક થતું હતું કે લગ્ન શું એ ભૂલ હતી, કે લગ્ન ખોટા પાત્ર સાથે થયા હતા?

પછી થાય, લગ્નનું પાત્ર તો મા બાપે જ પૂરી તપાસ કરીને પસંદ કર્યું હતું. એમના આશીર્વાદ લઇને હું પતિગૃહે શુભમુહૂર્તે સંચરી હતી, પતિગૃહે પણ બધાંએ ઉમળકાથી આવકારી હતી તો **જીવનમાં જબરજસ્ત પલટો કેમ આવ્યો? હું ભોંયે કેમ ફેંકાઇ ગઇ? સગવડભરી જિંદગી ક્યાં ગઇ?** જો કે ત્યારે હૈયે તો હામ હતી કે જે જિંદગી મળી છે, જેવી જિંદગી મળી છે એને ધાર્યા રૂપરંગ હું આપીશ. ત્યારે કેટકેટલા મોરચે સંઘર્ષ કરવાનો હતો પણ ડર ન હતો. હું અને મનપ્રબોધ મહેનત કરવામાં પાછા નહોતા પડ્યા. અમે બેઉ ૧ + ૧ = ૧ હતા. કોઇ સગાંનો સાથ સહકાર સહાય ન હતાં પણ અમે તો ઇશ્વરને જ પોકારતા હતા કે એક બાર, પ્રભુ, એક બાર હાથ પકડ લે. મનકા દીપ જલાઉં મૈં. મન નિરાશાથી ઘેરાઇ જાય ત્યારે ઇશ્વરને પ્રાર્થના કરતાં 'ઘોર રજનીમાં માર્ગ નવ સૂઝે નિજ શિશુને સંભાળ'.

પણ જે સંઘર્ષ આકરો હતો, ક્યારેક શરીર સાથ ન દેતું, ચિંતાએ ભૂખ તરસ, ઊંઘ છીનવી લીધાં હતાં. મને ઇશ્વરમાં શ્રદ્ધા હતી, જાતમાં વિશ્વાસ હતો છતાં શરીર લથડતું જતું હતું, અમારા સંઘર્ષનો કોઇ અંત દેખાતો ન હતો. હું રડી પડતી.

ત્યારે મનપ્રબોધ કહેતા, **''આપણાં દુઃખ તો કંઇ નથી, તું બહાર નીકળ, લોકોની હાડમારી જો તો ખબર પડશે કે આપણાં દુઃખ એવાં વિકટ નથી.** આવતીકાલે આપણા જીવનમાં સુખનો સૂરજ ઉગશે.''

મનપ્રબોધની મનની મક્કમતા અને સિદ્ધાંતનિષ્ઠા અનન્ય છે. એમણે જીવનમૂલ્યો સાથે કદી બાંધછોડ નથી કરી. હું દિવસોના દિવસો સુધી રોટલી સાથે કાં તો દાળ બનાવું કાં તો શાક બનાવું, ભાણામાં દાળ અને શાક બંને વાનગીઓ ન હોય, પણ મનપ્રબોધ જરાય ઉદાસ ન થાય.

**એ કહે, ''ભરપેટ ખાવાનું મળે છે તે ઓછું છે?''** જો કે હું અકળાઇ ઉઠતી કે આ તે કંઇ જિંદગી છે! જીવનની પ્રાથમિક જરૂરતોય સરળતાથી ન મળે. પૌષ્ટિક ખોરાકનાય ફાંફાં. આવી જિંદગી? હું બળાપો કરતી પણ મનપ્રબોધ જાતમહેનતથી આગળ વધેલા માણસની જીવનકથાઓ લાવતા અને પ્રેરણા મળે એવી વાતો વારંવાર કરતા.

મનપ્રબોધ કહેતા, લક્ષ્મી નસીબની વસ્તુ છે, એની પાછળ પડો તો ય જે ઘડીએ, જેટલી મળવાની હોય એટલી, એ જ ઘડીએ મળે. પણ **વિદ્યા પુરુષાર્થથી મળે છે, માટે આપણે એવું જ્ઞાન મેળવવા મથવાનું કે જેથી આપણો આંતરિક વિકાસ થાય,**

**આપણો પૈસાનો મોહ છૂટે. અપમાન આપણને સંતાપ ન આપે.** આમ મનપ્રબોધના ઉચ્ચ વિચારોને લીધે હું સામાન્યતામાં જકડાયેલી ન રહી. મારા વિચારોમાંથી નકારાત્મકતા બાદ થતી ગઇ. પણ હજી મારું મન મનપ્રબોધ જેવું અડગ નથી. આ આલ્બમ જોયું અને મને લગ્ન પહેલાંની મારી જિંદગી યાદ આવી ગઇ. પિતાના ઘરનો વૈભવ યાદ આવી ગયો.

ઓહો, કેવા વૈભવભર્યા એ દિવસો હતા. પૈસાની કોઇ ગણતરી ન હતી. જ્યારે જે ખરીદવું હોય એ ખરીદી શકતી. મનમાં તુક્કો આવે તો બિનઉપયોગી ચીજો પણ ખરીદી લાવતી. બા, બાપુજી કદી પૈસાનો હિસાબ માંગતાં નહિ. ઘરના કોઇ કામની જવાબદારી મારા માથે ન હતી. કોઇ ચિંતા ન હતી. મોજ કરવા જ જન્મ લીધો હોય એવું લાગતું હતું. ધનવાન બાપની દીકરી તરીકે બધે માનભર્યો આવકાર મળતો.

અને અત્યારે તો નજીકનાં સગાંય અવગણના કરે છે, હું હેતપ્રેમથી એમના ઘેર જાઉં તોય ઉમળકાભર્યો આવકાર નથી હોતો. મને ઓછું આવી જાય છે. ભાઇના ઘેર કોઇનું આંખ માથું દુઃખે તો હું મારાં બધાંય કામ પડતા મૂકીને ભાઇના ઘેર જાઉં, ચાકરી કહું તોય મારી કોઇ કદર નહિ. વાર તહેવારે કે પ્રસંગે હું મારી પહોંચ કરતાં ય વધારે વ્યવહાર કરું, એમના ઘેર કોઇની વર્ષગાંઠ હોય તો ભેટ લઇને પહોંચી જાઉં, પણ એમને મારી ભેટ સામાન્ય લાગે. ભેટ પ્રેમથી સ્વીકારવાના બદલે મોં મચકોડીને એક બાજુ મૂકી દે. મારાં ભાવ, ભાવનાની કોઇ પરવા જ નહિ.

મારા લગ્ન પ્રસંગના આ આલ્બમે મારાં જીવનનાં પાછલા ત્રીસ વરસ યાદ કરાવી દીધાં. આ ત્રીસે ત્રીસ વરસ હું સંતાપથી શેકાતી રહી છું. પૈસાના અભાવે મને કડવી બનાવી દીધી છે. ક્યારેક તો મનપ્રબોધને હું કઠોરતાથી મહેણાં મારું છું કે, તમારી સાથે લગ્ન કર્યા ત્યારથી હું ચેન, આરામ, નિરાંત શું, એ ભૂલી ગઇ છું. હું મહેણાં મારું ને પછી રડું. મનપ્રબોધ મને સમજે છે. એ પ્રેમથી કહે, 'તું શું કરવા મૂંઝાય છે, એક દિવસ એવો જરૂરથી આવશે જ્યારે આ દુઃખ, વ્યથા સંતાપ નહિ હોય.'

પણ ક્યારે, મનપ્રબોધ, ક્યારે એ દિવસ આવશે? હવે મારામાં ધીરજ નથી. ચાર દિવસ પછી દિવાળી છે. હજી એકે મીઠાઇ મેં બનાવી નથી. મનમાં ઉત્સાહ નથી છતાંય સગાંઓને મળવા જવું પડશે. ત્યારે એ વરસો જૂની સાડી પહેરવાની. ને બીજા તો દિવાળી પર નવી લેટેસ્ટ ફેશનની સાડી લે, દાગીના કરાવે. જ્યારે ત્રીસ ત્રીસ વરસ થઇ ગયાં મેં એકે દાગીનો નથી ઘડાવ્યો. **સાચું સોનું પહેરવાના દિવસો હવે નથી રહ્યા, પણ ખોટા દાગીના પણ ક્યાં કદી ખરીદી શકી છું?**

આનંદપૂર્ણા આમ શોકમગ્ન બેઠી છે. ત્રીસ વરસના દાંપત્ય જીવનની ઉદાસી એને ઘેરી વળી છે. એ જ સમયે મનપ્રબોધ ત્યાં આવે છે, એ પત્નીનો શોકભર્યો ચહેરો અને ખોળામાં ઊઘાડું પડેલું આલ્બમ જોઇને બધું સમજી જાય છે.

એ પત્નીને કશું પૂછતો નથી, પણ ખુલ્લી બારીમાંથી દેખાતાં વૃક્ષ તરફ આંગળી કરીને કહે છે, ''જો, જો આ ઝાડ નાનકડું છે પણ કેવું ડોલે છે? અને આ મોટું ઝાડ પણ મોજથી ડોલે છે. બન્ને ઝાડ પોતપોતાની જગ્યા પર છે, રોજ એમના ગજા પ્રમાણે વધે છે, ફાલે છે અને મસ્ત બનીને જીવે છે. બંનેનાં રૂપ, રંગ, આકાર, સત્ત્વ સાવ અલગ છે. છતાં એકબીજાની હરીફાઇ નથી કરતા કે સરખામણી કરીને ઈર્ષા નથી કરતા. અને તેથી જ આવા મનોહર છે.''

આનંદપૂર્ણા, જો આ નાનું ઝાડ એની બાજુમાં ઊગેલા મોટા ઘટાદાર ઝાડને જોઇને નાનમ અનુભવ્યા કરે અને અંતાપ કરે તો શું થાય? એ સૂકાઇ જાય, એનું અસ્તિત્વ નાબૂદ થાય. એ મરી જાય એમાં બીજા કોઇને નુકસાન નથી જવાનું, પણ એ એની જિંદગી ગુમાવી બેસે.

તું તો સમજદાર છે. તું બીજાની સાથે આપણી જિંદગી સરખાવ નહિ. તું લઘુતાગ્રંથિ ન અનુભવ. તું આત્મવિશ્વાસ ના ગુમાવીશ. આપણી પાસે ભલે પૈસા નથી, પણ આપણી જિંદગી સત્ત્વહીન નથી. પણ આ દિવાળી આવે છે...

તું સુંદર કપડાં અને શણગારનો કેમ મોહ રાખે છે? તું તારી સાદાઇથી વધારે શોભે છે. જો આ ઝાડ પાસે મોટા ઝાડ જેવી ઘટા નથી તોય શોભે છે ને! આનંદપૂર્ણા, માણસ એના સંસ્કારથી, વિવેક વિનયથી શોભે છે; નહિ કે હીરામોતીના અલંકારો અને મોંઘા વસ્ત્રોથી.

આનંદપૂર્ણાને પતિની વાત સ્પર્શી. એની ઉદાસીનતા દૂર થઇ. એ બોલી, ''તમે મને દરેક વખતે ધૂળ માટીમાં રગદોળાતી બચાવો છો. જીવનનો સાચો મહિમા તમારા સંગે મેં અનુભવ્યો છે. હવે મને કોઇ ફરિયાદ નથી, સંતાપ નથી, ઉદ્વેગ નથી. **આપણી દિવાળી આજથી શરૂ થઇ. મારા અંતરમાં તમે દીવો પ્રગટાવ્યો.'' આનંદપૂર્ણાનો ચહેરો આનંદથી ચમકતો હતો.**

*'શાશ્વત', કે.એમ. જૈન ઉપાશ્રય*
*ઑપેરા સોસાયટી પાસે, પાલડી,*
*મદાવાદ-૩૮૦ ૦૦૭.*

*(મંગલ મંદિર, ઓક્ટોબર-૨૦૦૯)*

*દરિયો પણ અજીબ રીત નિભાવે છે,*
*શ્વાસ હોય ત્યાં સુધી ડૂબાડે છે*
*અને શ્વાસ છૂટે પછી કિનારો બતાવે છે.*

# કચ્છનું રણ અને રણદ્વિપો



નરેશ અંતાણી

ભારતના સંસ્કૃતિના અંગરૂપ ગુજરાતના પુરાતત્ત્વ, કલા, સંસ્કૃતિ, શિલ્પ અને સ્થાપત્યના ઇતિહાસમાં કચ્છનું યોગદાન સવિશેષ રહેલું છે. જે રીતે અનેક સંસ્કૃતિઓએ ભારત વર્ષમાં પ્રવેશવા માટે કચ્છ પ્રદેશનો ઉપયોગ કર્યો છે. તે જ રીતે કચ્છી પ્રજાએ પણ પોતાની સંસ્કૃતિનો પ્રસાર વિશ્વભરમાં ફેલાવ્યો છે. અને આથી કચ્છમાં આવતા કોઇપણ પ્રવાસીની નજરમાં તરત વસી જાય એવું કંઇ પણ હોય તો કચ્છની કલાની સાથોસાથ કચ્છનું રણ છે. પ્રવાસી કચ્છની વાત કરે એટલે તેમાં રણનો ઉલ્લેખ તો આવે જ. આનું કારણ કદાચ એ હશે કે કચ્છમાં વસવાટ લાયક જમીન કરતાં રણનો વિસ્તાર થોડો વધારે છે અને વળી કચ્છનું રણ પણ અન્ય રણો કરતાં નોખું અને અદ્વિતીય છે. વિશ્વના અજાયબ પ્રદેશોમાંનો એક પ્રદેશ તે કચ્છનું રણ છે. આથી એનું મહત્ત્વ વધારે છે.

કચ્છનું રણ એ 'અલ્લાહ બંધ'ને બાદ કરતાં કચ્છની ભૂમિનું છેલ્લું સર્જન માનવામાં આવે છે. ટેક્ષસ કે ટેથીસ સમુદ્ર જ્યારે ઉત્તર અને દક્ષિણ ભારતને જુદો પાડતો હતો ત્યારે સૌરાષ્ટ્ર એક બેટ હતો ત્યારે હાલનું કચ્છનું રણ એ ચોક્કસ રીતે સમુદ્રની નીચે ગરક થયેલું હશે. પેરિપ્લસના લેખકે પણ આ પ્રદેશની એ સમયે છીછરા અખાત તરીકે નોંધ કરી છે.

રણનો અર્થ સામાન્ય રીતે જેમાં ક્ષારનું તત્ત્વ વધારે હોય તેવી રેતીવાળી સપાટ ભૂમિ એવો કરાય છે. અને તેના નિર્માણમાં ભરતીના મોજાંઓ અને નદીઓના પૂર મહત્ત્વનો ભાગ ભજવે છે. જો કે આ અર્થ કચ્છના રણને અનુરૂપ નથી.

રણ શબ્દ સંસ્કૃત 'અરણ્ય' કે એરિણ ઉપરથી આવ્યો છે. એનો અર્થ રણ કે ખારોપાટ થાય છે. અરણ્યનો બીજો અર્થ જંગલ પણ થાય છે. જો કે જંગલ સાથે કચ્છને કોઇ સંબંધ નથી એટલે અહીં તેનો અર્થ ખારોપાટ તરીકે કરી શકાય.

કચ્છના રણનો સૌ પ્રથમ ઉલ્લેખ પરિપ્લસમાં જ જોવા મળ્યો છે. જેમાં રણ માટે એરિનોન શબ્દ વપરાયો છે. જો કે અખાત કે છીછરા પાણીના પ્રદેશ તરીકે આજે પણ કચ્છના રણમાં ચોમાસામાં રણ ઉપર પાણી ફરી વળે ત્યારે અખાત જેવો ભાસ ઉભો કરે છે.

કચ્છનું રણ અસ્તિત્વમાં કઇ રીતે આવ્યું હશે તેવો પ્રશ્ન સહેજે થાય અને તેની ઉત્પત્તિ જુદી જુદી માન્યતાઓના આધારે જાણવા મળી છે. બર્ન્સના મત મુજબ સમુદ્ર ખસી જવાને કારણે રણનું નિર્માણ થયું. જ્યારે મૅકમર્ડોની માન્યતા છે કે, સમુદ્રનું તળીયું ઉપર આવવાના કારણે કચ્છનું રણ સર્જાયું. તો એબટ નોંધે છે તે મુજબ રણ એ હકરા નદીનો દોઆબ ગણાતો હતો. આ હકરા નદી સિંધની પૂર્વ સીમામાં વહેતી હતી. અંદાજે દસમી સદીથી તેની શાખા ઓધ થતાં તે ધીમે ધીમે ખસી ગઇ અને પછી બંધ થઇ ગઇ, જેનો હવાલો સિંધુએ સંભાળ્યો અને તે પણ પછીથી ખસી ગઇ. આથી તેનો દોઆબ ઉજ્જડ બની રણમાં પરિણમ્યો હશે.

એક એવી પણ માન્યતા છે કે સમગ્ર વિસ્તાર સંભવતઃ કોઇ મોટા ધરતીકંપને કારણે ઊંચો આવ્યો હોય. કારણકે કોઇ સામાન્ય કારણથી આમ બનવું શક્ય નથી. ભૂકંપને કારણે આ પ્રદેશ સમુદ્ર સપાટીથી ઊંચો આવ્યો હોય એમ માનવાને સબળ કારણો છે. કચ્છનો ઇસવીસન ૧૮૧૯નો ભૂકંપ 'અલ્લાહ બંધ'ના સર્જન માટે અને અનેક સ્થળોને પાણીમાં ડુબાડી દેનાર તરીકે જાણીતો છે.

કચ્છની આ ધરતી રણમાં પરિવર્તન પામી એ પહેલાં રણને પૂર્વ કાંઠે નગરપારકર અને શ્રીમાળ બંદરો હોવાના પ્રમાણો મળે છે તો અત્યારના નિરોણ અને વીરોવાવ બંદરો પણ હતાં. નાના રણની પૂર્વ તરફના સમી તાલુકાના તારાનગરમાં આજે પણ વહાણ લાંગરવાના કડાંઓ છે. ટૂંકમાં આ પ્રદેશ અગાઉ પાણી નીચે હતો. પછી એ ભલેને ખરાબો કે છીછરો અખાત કેમ ન હોય.

● **કચ્છનું નાનું રણ :**

કચ્છનું નાનું રણ એ ઉજ્જડ અને ખારો પ્રદેશ છે, જેનું ક્ષેત્રફળ ૧૪૭૪ ચોરસ માઇલ છે. આ રણનો પશ્ચિમ છેડો કંડલા બંદરની હંસસ્થલ ખાડીને મળે છે. પૂર્વ-પશ્ચિમ ફેલાયેલાં આ રણની દક્ષિણે સૌરાષ્ટ્રના માળિયા, બજાણા અને પૂર્વમાં ખારાઘોડા, ઝીંઝુવાડા અને રાધનપુર તથા ઉત્તરમાં સાંતલપુર અને પશ્ચિમે કચ્છ આવેલું છે.

ઉત્તર-પશ્ચિમ ખૂણામાં નાનું રણ મોટાં રણને બે માઇલના ગાળાથી મળે છે. આ ગાળા ઉપરથી દિલ્હી તરફનો રેલ માર્ગ અને સામખિયાળી-પાલનપુર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પસાર થાય છે.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૨૪ ઉપર)**

# વિચાર કણિકા



શાંતિલાલ સંઘવી

મહાવીર માત્ર કોરા તત્વજ્ઞાની ન હતા પરંતુ પ્રખર પર્યાવરણશાસ્ત્રી, મનોવૈજ્ઞાનિક અને આરોગ્યશાસ્ત્રી પણ હતા. અગાઉના તીર્થંકરોએ બતાવેલ માર્ગ ઉપર આંખ મીંચીને ચાલનારા ન હતા પણ મૌલિક વિચારક અને દૃષ્ટા હતા. કાલ્પનિક વાતો નહીં પણ વ્યવહારુ આદર્શને સમજનારા હતા.

*ક્રિયાકાંડી નહીં પણ માનવીય,*

*નિયમવાદી નહિ પણ બુદ્ધિવાદી,*

અઘરી ન સમજાય એવી વાતો કરનારા નહીં પણ સહજ અને સરળ, ભેદભાવમાં માનનારા નહીં પણ સમાનતામાં માનવાવાળા, અંધશ્રદ્ધા (મિથ્યાદૃષ્ટિ) વાળા નહીં પણ વૈજ્ઞાનિક અભિગમ વાળા હતા.

અને એટલે જ તેઓ પ્રખર ક્રાંતિકારી અને સુધારક હતા. સુધારકો અને રૂઢિચુસ્તો વચ્ચેનો વિવાદ તો આદિકાળથી ચાલ્યો આવે છે. **મનુષ્ય સમાજનો ઘણો મોટો ભાગ ચીલે ચાલનારો જ હોય છે અને આવો સમાજ, સુધારાઓનો જલદી સ્વીકાર કરી શકતો નથી.**

ધર્મના વિષયની ચર્ચા, વિવેચના કરનાર જો ધર્મની ઉત્પત્તિ અને વિકાસના ઈતિહાસ બાબતે અજ્ઞાન હોય તો તેવી ચર્ચાનું કશું પરિણામ આવે નહિ. કદાચ મતભેદમાંથી મનભેદ પણ સર્જાય. સંઘર્ષ પણ થાય અને નવા નવા સંપ્રદાયો જનમતા જાય. **ધર્મની ચર્ચા કરનારે એક વાત એ પણ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે ઇતિહાસમાં ગમા-અણગમા હોતા નથી. એટલે અણગમતી હકીકતો પ્રત્યે પણ જે સમભાવ ટકાવી ન શકે તેણે ધર્મની ચર્ચામાં પડવા જેવું નથી.** આ વાત તમામ ધર્મના તમામ લોકોને લાગુ પડે છે. ધર્મ એ રૂઢિચુસ્તો અને શ્રદ્ધાળુઓ માટે મગજનો નહીં પણ લાગણીનો વિષય હોય છે. અણગમતી વાતથી તરત જ તેમની લાગણી દુભાય.

મહાવીર, બુદ્ધ, ઈશુ, કૃષ્ણ, ગાંધી, નાનક વગેરે વગેરે મહામાનવો જો માત્ર ચીલે ચાલનારા હોત તો જગતને કશું જ પ્રદાન ન કરી શક્યા હોત.

મહાવીર પોતે અગાઉના તીર્થંકરોના ચીલે ચીલે જિંદગીભર ચાલ્યા એમ બોલીએ તો તે કેટલું બધું હાસ્યાસ્પદ લાગે? **કોઇપણ મૌલિક ચિંતક ક્યારેય પણ જૂના ચીલે ચાલી શકે જ નહીં.** જગતને સુધારવા માટે જ આવા લોકો જન્મ ધારણ કરતા હોય છે. મહાવીરનો હેતુ લોકોને જેમ બને તેમ જલદી મોક્ષે કે દેવલોકે મોકલવાનો હોઇ શકે જ નહીં. મહાવીરનો હેતુ લોકો સુખી થાય, લોકોનું કલ્યાણ થાય – બધા જ સુખી થાય એવો હતો. બધાજ સુધારકોનો હેતુ ઓછાવત્તા અંશે આવો જ હોય છે. તેમને પરલોકની વાતોમાં રસ હોતો નથી. મહાવીરને પણ ભગવાનની, દેવી દેવતાઓની, યજ્ઞ વગેરે ક્રિયાકાંડની મંદિર દેરાસરોની વિવિધ પૂજા વિધિઓની એવા કશાની પરવા ન હતી. આજે અને અત્યારે લોકો સુખી થાય એ માટે શું કરવું એ જ એમની ચિંતા હતી.

લોકો તો જો તેમની વાતને સમજે અને આચરણમાં ઉતારે તો અવશ્ય સુખી થાય પણ **સુધારકો પોતે કદી સુખી હોતા નથી. કારણકે તેમના વિરોધીઓની સંખ્યા ઘણી જ મોટી હોય છે.** સુધારાઓ થકી અનેક લોકોના સ્થાપિત હિતને નુકસાન થતું હોય છે. માત્ર આપણા દેશના જ નહીં પણ જગતભરના સુધારકોએ અનેક કષ્ટોનો સામનો કરવો પડ્યો છે અને ઘણાએ પોતાના પ્રાણ ગુમાવ્યા છે. સુધારકો ઝનૂની કે અસહિષ્ણુ કે હિંસક હોતા નથી. જ્યારે શ્રદ્ધાળુઓ અને રૂઢિચુસ્તો મારામારીને હિંસા પર ઉતરી આવ્યાના અનેક બનાવો નોંધાયા છે.

જો ધર્મને પરિણામલક્ષી બનાવવો હોય તો સમયે સમયે તેમાં જરૂરી સુધારા કરવા જ પડે. અત્યાર સુધી જૈન માર્ગ વ્યક્તિમૂલક રહ્યો છે. તેને હવે સમાજમૂલક-જનતામૂલક બનાવવો પડશે. **કશા ઉમદા હેતુ વગર દેહને કષ્ટ આપવાથી પુણ્ય પ્રાપ્ત થાય છે તે માન્યતા છોડવી પડશે.** દુઃખીઓ અને ગરીબોની સેવા કર્યા વગર મુક્તિ ન જ મળે એવો સિદ્ધાંત સ્વીકારવો પડશે. જૈન માર્ગ માત્ર થોડા ગણ્યાગાંઠ્યા લોકોને જ માત્ર સ્વીકાર્ય ન બનાવતાં વ્યાપક લોક સ્વીકાર્ય બનાવવો પડશે. સમયની જરૂરત મુજબ વેશ અને અમુક આચારમાં પણ ફેરફાર કરવા પડશે. જરૂરત હોય ત્યાં વિજ્ઞાનની સહાયતા લેવી પડશે.

'જૈન' શબ્દનો જન્મ મહાવીર પછી થયો. તેથી પહેલા 'શ્રમણ' શબ્દ હતો. ૨૫૦૦ વર્ષ પછી પણ જૈનોની સંખ્યા પૂરા એક કરોડની પણ નથી એના કારણો તપાસવા પડશે. તથા નિષ્પક્ષ અને કડક આત્મ નિરીક્ષણ કરવું પડશે. અરીસામાં

પોતાને જોઇને રાજી થયા કરવાનું હવે પરવડશે નહીં. **માત્ર જુદા જુદા પ્રકારની તપસ્યાઓ કર્યા કરવાથી જૈન માર્ગનો વિકાસ નહીં થાય.** અન્યાયનો પ્રતિકાર કરવાની હિંમત અને શૂરવીરતા કેળવવી પડશે, નમાલાપણું નહીં ચાલે. નમાલાઓના ધર્મની જગતમાં કશી કિંમત હોતી નથી. પોતાની જાતને વખાણવાનું બંધ કરવું પડશે. જૈન ગ્રંથોમાં સમાયેલી જગત કલ્યાણની વાતોને જુદી જુદી ભાષામાં ભાષાંતર કરીને જગત સમક્ષ રજૂ કરવી પડશે. **માત્ર નવા નવા દેરાસરોને સ્થાનકો બાંધ્યા કરવાથી કામ નહીં ચાલે. ધર્મસ્થાનનો પૈસો એ સમાજનો, લોકોનો પૈસો છે અને એ પૈસાનો ઉપયોગ લોકો માટે થવો જોઇએ,** માનવતાના કાર્યોમાં થવો જોઇએ. માત્ર બે-ચાર નહીં પણ ડઝનબંધ સુધારાઓ કરવા પડશે, જો આપણે જૈન માર્ગનો ખરો મહિમા સમજ્યા હોઇએ તો.

પરિવર્તન તો આવશે જ. લાખ કોશિશ કરવાથી પણ પરિવર્તનને રોકી શકાશે નહિ. એટલે સમજીને પરિવર્તન સ્વીકારી લેવામાં જ શાણપણ છે. ઋષભદેવના સમયમાં જે હતું તે મહાવીરના સમયમાં ન હતું અને જે મહાવીરના સમયમાં હતું તે આજે નથી. અને જે આજે છે તે ભવિષ્યમાં નહીં હોય. ઝાઝા દૂર જવાની પણ જરૂર નથી. આપણા પોતાના જ દાદા, પોતાના પિતા, પોતે જાતે અને પોતાના સંતાનોના સમયનો વિચાર કરવાથી ઘરમાં ને ઘરમાં આખી વાત સમજાઇ જશે.

જૈન માર્ગી સાધુ સાધ્વીઓ અને પ્રબુદ્ધ જૈન નાગરિકોએ માત્ર જૈન ફિલસૂફીનો જ અભ્યાસ કરવાથી નહીં ચાલે પણ જગતની અન્ય વિવિધ ફિલસૂફીઓનો પણ ગહન અભ્યાસ કરવો પડશે.

અને તમામ શ્રદ્ધાળુજનોએ વાત સ્વીકારવી પડે તેમ છે કે ન રામે, ન કૃષ્ણે, ન મહાવીર કે ન બુદ્ધ તથા ઇશુ કે મહંમદે પોતાના હાથે એક અક્ષર પણ લખેલ નથી તેમજ પોતાની હયાતીમાં અન્ય પાસે લખાવેલ નથી. તમામ સાહિત્ય પાછળથી સર્જાયું છે. આવા સેંકડો વર્ષ પછી સર્જાયેલા સાહિત્યની પ્રમાણભૂતતા કેટલી? જૈન પૂરતી વાત કરીએ તો મહાવીર સિવાયના અન્ય એકપણ તીર્થંકરના ઉપદેશ વિશે કોઇ કશું જ જાણતું નથી. આ સંજોગોમાં કોઇપણ વાતને જડતાથી વળગી રહેવું એ કેટલે અંશે યોગ્ય ગણાય?

એક પણ જૈન છોકરો કે છોકરી પોતપોતાના વિષયમાં Master ડિગ્રીથી ઓછું ભણેલી ન હોવી જોઇએ. **શ્વેતાંબર-દિગંબર-દેરાવાસી-સ્થાનકવાસી-અમુક ગચ્છ કે અમુક કોટી જેવી વેવલી અને મૂર્ખાઇ ભરેલી વાતો કરનાર વ્યક્તિની ગણતરી હવે 'મૂર્ખ'માં થવી જોઇએ.** જગતચોકમાં માથા ભાંગે એવા પ્રતિભાવાન જૈન યુવક-યુવતીઓ હવે પાકવા જોઇએ. કહેવાય છે કે જૈનોના પૂર્વજો રાજપૂત હતા. તો હવે જૈનોમાં રાજપૂતી ખમીર પ્રગટવું જોઇએ. જૈનો માત્ર પૈસા ગણતા વેપારીઓ નથી પણ જ્ઞાનસાધક શૂરવીરો છે એમ નવા લક્ષની સ્થાપના થવી જોઇએ. દરેક ક્ષેત્રે પરિવર્તન, પરિવર્તન અને પરિવર્તન જોઇએ. નવા વિચાર, નવા આદર્શો, નવી દૃષ્ટિ જોઇએ.

જગતભરમાં નિઃસ્વાર્થ સેવાભાવથી કામ કરનાર કોઇપણ વ્યક્તિ સ્થૂળ અર્થમાં ભલે જૈન ન પણ હોય તે છતાં જૈનોએ તે સૌનો સ્વીકાર કરવો જોઇએ અને તે સૌમાંથી પ્રેરણા લેવી જોઇએ. કોઇપણ મહાપુરુષને પરાયા સમજવાથી માત્ર અને માત્ર આપણને જ નુકસાન છે. મહાપુરુષોને પેદા કરવામાં ભગવાને ક્યારેય કંજૂસાઇ કરી નથી, જગતને ખૂણે ખૂણે અગણિત મહાપુરુષો જન્મેલા છે અને વર્તમાનમાં પણ કાર્યરત છે. કોઇ એક-બે ને વળગી રહીને અન્યની ઉપેક્ષા કરવાથી નુકસાન તો આપણને પોતાને જ છે.

સારું કામ કરનાર, નિઃસ્વાર્થ સેવાભાવી તમામ સ્ત્રી પુરુષો બધાજ, વ્યાપક અર્થમાં, જૈન જ ગણાય. જૈન એટલે સંકુચિતતાનો અભાવ. જગતમાં જેટલા સારા એટલા મારા.

**હજુ સુધી એકપણ જૈનને 'નોબેલ', 'પુલિત્ઝર', 'બૂકર' કે 'મેગ્સેસે' એવૉર્ડ મળેલ નથી. કેમ? હજુ સુધી પોતાના દેશમાં પણ એક પણ જૈન 'ભારત રત્ન' (ઘણું કરીને) બની શકેલ નથી. કેમ?**

શું જૈનોમાં બુદ્ધિ નથી? શક્તિ નથી? આવડત નથી? સખત મહેનત કરવાની વૃત્તિ નથી? **ખોબા જેટલી પારસીકોમ દરેક ક્ષેત્રમાં આગળ છે તો જૈનો આટલા બધા પાછળ અને ઉપેક્ષિત કેમ? જરૂર ક્યાંક ખામી છે.**

જૈનોએ આજની તારીખ સુધી એક કોમ તરીકે જૂના જમાનામાં જે લોકોને ઢેઢ, ભંગી, ચમાર વગેરે વગેરે નામથી ઓળખવામાં આવતા હતા તેવા સાવે સાવ છેવાડાના માણસોના ઉદ્ધાર-કલ્યાણ માટેની એકપણ પ્રવૃત્તિ કરી નથી.

અત્યાર સુધીમાં અનેક હરિજનોએ ધર્મ પરિવર્તન કરી લીધેલ છે અને અનેક આદિવાસીઓએ પણ ધર્મ પરિવર્તન કરી લીધેલ છે. પરંતુ જૈન માર્ગીઓએ તેમની કદી ચિંતા કરી નથી. તેમને કદી અપનાવ્યા નથી, તેમની કદી સેવા કરી નથી. આ બધું હવે ન ચલાવવું જોઇએ. જૈન માર્ગીઓએ એક નવો પણ આખરી અને અનિવાર્ય એવો સિદ્ધાંત એટલે કે પ્રથમ મહાવ્રત એટલે કે "દીન દુઃખિયાની સેવા વગર મુક્તિ નથી" એ ફરજિયાત રૂપે સ્વીકારી લેવો જોઇએ. જૈનમાર્ગીઓ પાસે પૈસા છે. આ પૈસાનો ઉપયોગ નવા દેરાસરો અને નવા તીર્થો તથા ભવ્ય ઉત્સવો વગેરે માટે ન કરતાં દલિતોના રાહતકાર્ય માટે,

**(અનુસંધાન : જુઓ પાના નં.-૪૧ ઉપર)**

# બાળકની નિષ્ફળતામાં પણ એની પડખે

ફાધર વર્ગિસ પોલ

"તમારો દીકરો તો ખૂબ સારો છોકરો છે. તે ખૂબ હોંશિયાર અને મહેનતુ છે. હું તો ધારતો હતો કે એસ.એસ.સી. પરીક્ષામાં એ ફર્સ્ટ ક્લાસ લાવશે, પણ... એના નાપાસ થવાથી અમે પણ દુ:ખી છીએ. મને સમજાતું નથી કે કેવી રીતે તે નાપાસ થયો છે!"

મને ગણિતમાં સો માંથી ૮૫ ગુણ સાથે એક હિંદી સિવાય બધા વિષયોમાં સારા ગુણ મળ્યા હતા. પણ હિંદીમાં પાસ થવા માટેના ૩૫ ગુણને બદલે મને ફક્ત ૩૦ ગુણ મળ્યા હતા અને હું નાપાસ જાહેર થયો હતો!

મારા બાપુજી હિંદી ભાષાના મારા શિક્ષકના ઘરનું સરનામું શોધીને એમને ઘરે પહોંચ્યા. તેમને મારા નાપાસ થવાનાં કારણો જાણવાં હતાં. જવાબમાં મારા શિક્ષકે બાપુજીને ઉપરોક્ત શબ્દો કહ્યા.

મારા હિંદી વિષયના શિક્ષકના શબ્દોમાં જ બાપુજીએ બાને, મને અને મારાં બધાં ભાઇ-બહેનોને મારા નાપાસ થવા અંગે વાત કરી. ત્યારે મારા માથા પરથી એક મોટો બોજ ઊતરી ગયો હોય એવો મને હળવાશનો અનુભવ થયો. મારા શિક્ષકે મારા બાપુજીને મારા વિશે ખૂબ સારો અભિપ્રાય આપ્યો હતો અને મારા પ્રત્યે હમદર્દી પણ બતાવી હતી.

વળી, હિંદી શિક્ષકને મળ્યા પછી મારા બાપુજી મારો બચાવ કરનાર પણ બન્યા હતા. બાપુજી પોતાના મિત્રોને પણ મારા બચાવમાં વાતો કરતા હતા. એક વાર મેં મારા બાપુજીને કહેતા સાંભળ્યા કે, "વર્ગીસનું હિંદીનું પેપર તપાસનાર શિક્ષકે પોતાની પત્ની સાથે લડીને કે બાળકો સાથે ગુસ્સે થઇને પેપર સુધાર્યુ હશે અથવા તો તેઓએ બેદરકારીથી પેપર વાંચ્યા વિના ઓછા ગુણ આપ્યા હશે!"

આગલા વર્ષે તે વખતના દસમા ધોરણમાં મારા ક્લાસમાં એટલે કે સ્કૂલમાં પહેલા નંબરે પાસ થઇને મેં વાર્ષિક દિનની ઉજવણીમાં ઇનામ મેળવ્યું હતું. એટલે ૧૧મા ધોરણમાં નાપાસ થવાની વાત હું કલ્પી પણ શકતો નહોતો. પણ એ જ પરિણામ આવ્યું ત્યારે મને ખૂબ મોટો આઘાત લાગ્યો હતો. અને મને ખૂબ શરમ પણ આવતી હતી. વર્ષો સુધી હું મારા નાપાસની વાત કોઇને કહેતો નહોતો.

પણ મારા હિંદી શિક્ષકે મારા માટેની કદર તથા હમદર્દીના શબ્દો મારા બાપુજીને કહ્યા હતા અને મારા બાપુજી અમારા ખેતરમાં તે વખતે કામ કરતા ૧૫-૨૦ ખેતમજૂરોને એકલા મૂકીને મારા નાપાસ થવાનાં કારણો જાણવા માટે મારા હિંદી શિક્ષકનું ઘર શોધીને એમને મળવા ગયા હતા. આ રીતે હું નાપાસ થયો હતો છતાં મારા શિક્ષક અને બાપુજીએ મારા પ્રત્યે અનહદ પ્રેમ પ્રગટ કર્યો હતો. મારી કદર કરી હતી. મારા જીવનમાં તે વખતની બંને નોંધપાત્ર વ્યક્તિઓએ મને ઉતારી પાડ્યો નહોતો, મારી ટીકા કરી નહોતી, પણ મારા પ્રત્યેનાં પ્રેમ, કદર અને તેમના આદરમાનથી હું હેમખેમ કટોકટીમાંથી પાર ઊતરી શક્યો છું. મારા આ હચમચાવી નાખનાર અનુભવમાંથી હું કેટલાંક તારણો પર આવી ગયો છું.

૧. જે બાળકની હાર અને નિષ્ફળતામાં એનાં માબાપ અને શિક્ષક-શિક્ષિકાઓ એની પડખે રહે તે બાળક ખરેખર ધન્ય છે. એ બાળક જાણે છે કે તેનાં માબાપ અને એનાં શિક્ષક-શિક્ષિકાઓ કેવળ એના માર્કસ કે એની હોંશિયારીને નહિ પણ એને ચાહે છે. એવા બાળકને પોતાનાં માબાપ અને પોતાનાં શિક્ષક-શિક્ષિકાઓનાં પ્રેમ અને કદર મેળવવા માટે સતત પ્રયત્ન કરવાની જરૂર નથી. માબાપ અને શિક્ષક-શિક્ષિકાઓનાં પ્રેમ અને કદરનો એ ગુલામ નથી. એ મુક્ત છે, એ સ્વતંત્ર છે, એ પોતાની જાતનો માલિક છે. એ કોઇની કઠપૂતળી નથી. એનું પોતાનું આગવું વ્યક્તિત્વ છે. એ ઘડી સાચવી શકે છે.

૨. જ્યારે બાળકની કામગીરી અને સિદ્ધિઓ અપેક્ષા કરતાં ખૂબ નીચે હોય ત્યારે પણ જે બાળકનાં માબાપ અને શિક્ષક-શિક્ષિકાઓ એની સાથે આદરમાનથી વર્તે છે, તે બાળક ધન્ય છે. તે બાળક જાણે છે કે એનાં માબાપ અને શિક્ષક-શિક્ષિકાઓનું આદરમાન એના માટે છે, કેવળ એની નાનીમોટી સિદ્ધિઓ અને કામગીરી માટે નહિ. એ બાળકને પોતાનાં માબાપ અને શિક્ષક-શિક્ષિકાઓએ એના પર મૂકેલી અપેક્ષાઓના ગુલામ રહેવાની જરૂર નથી. પણ એ જે છે તેને તેનાં માબાપ આદરમાનથી જુએ છે; અને તેને પ્રેમ અને કદરથી સ્વીકારે છે.

૩. જે બાળકનાં માબાપ અને શિક્ષક-શિક્ષિકાઓ એની હાર ને હતાશામાં પણ એના પર શ્રદ્ધા રાખે છે અને એનામાં શ્રદ્ધા સંકોરે છે તે બાળક નિષ્ફળતામાં પણ પોતાના પર શ્રદ્ધા રાખશે. તે નિષ્ફળતા અને હારના પગથિયે ચઢીને સફળતાને વરશે. અમેરિકન લેખક માર્ક ટ્વૈનની સલાહ છે કે, "તમારી મહત્ત્વાકાંક્ષાને ઉતારી પાડનાર લોકોથી દૂર રહેજો. નાનાસૂના માણસો હંમેશાં એવું કરશે; પણ ખરેખર મોટા માણસો તમને ખાતરી કરાવશે કે તમે મોટા બની શકશો."

બાળક સારો દેખાવ કરે ત્યારે માબાપ એને કદરથી પ્રોત્સાહન આપે છે એ જ ઉત્સાહથી બાળકની હાર અને હતાશામાં પણ એની પડખે રહીને એનામાં શ્રદ્ધા રાખવામાં આવે તો સમય જતાં તે બાળક પોતાનામાં શ્રદ્ધા રાખતું થશે અને સમયના વહેણમાં એક સારા નાગરિક બનીને મોટી મોટી સિદ્ધિઓ મેળવશે.

૪. સામાન્ય રીતે બાળક અને એનાં માબાપ કે એનાં શિક્ષક-શિક્ષિકાઓ વચ્ચેનો સંબંધ અરસપરસનાં પ્રેમ અને કદરનો સંબંધ હોય છે. નિષ્ફળતા અને હારમાં પણ બાળકને પોતાનાં માબાપનાં તથા શિક્ષક-શિક્ષિકાઓનાં પ્રેમ અને કદરનો અનુભવ થવો જોઇએ. બાળકને નબળાઇ અને હાર-નિરાશામાં માબાપ કે શિક્ષક-શિક્ષિકાઓનાં પ્રેમ અને કદરની ખાતરી હોવાની જરૂર છે. જ્યારે બાળક સારા ગુણ લાવે કે અન્ય રીતે સારો દેખાવ કરે ત્યારે એની કદર થાય, પ્રેમથી એની સાથે વર્તવામાં આવે તે જ રીતે એની નિષ્ફળતા અને હારમાં પણ એની સાથે પ્રેમ અને આદરમાનથી વર્તવામાં આવે તો તે બાળક સહેલાઇથી પોતાની નિષ્ફળતામાંથી હેમખેમ બહાર નીકળશે. એથી ઊલટું, બાળક ધારેલી સિદ્ધિ ના મેળવે ત્યારે પ્રેમને બદલે એને ધિક્કારવામાં આવે, કદરને બદલે એની ટીકા કરવામાં આવે તો બળતામાં ઘી હોમવા જેવું થશે. બાળકને પોતાની નિષ્ફળતામાંથી બહાર નીકળવાનું મુશ્કેલ લાગશે. તે માનસિક તનાવ અને ઉદાસીનતાનો અનુભવ કરશે. માબાપ કે શિક્ષક-શિક્ષિકાઓએ ધાર્યું ન હોય એવું ખોટું પગલું ભરી બેસે તો નવાઇ નહિ.

૫. બાળકની નિષ્ફળતા કે નબળાઇની પળોમાં એની સ્વતંત્રતાને માબાપ અને શિક્ષક-શિક્ષિકાઓએ સાચવવાની જરૂર છે. બાળક એક સ્વતંત્ર વ્યક્તિ છે. બાળક નાનું કે મોટું એનું પોતાનું આગવું વ્યક્તિત્વ છે. બાળકના સ્વતંત્ર વ્યક્તિત્ત્વ પ્રત્યે આદરમાનની જરૂર છે. મને યાદ છે, એસ.એસ.સી.માં મને હાર મળી ત્યારે મને સાતમા ધોરણમાં ભણાવનાર મારા કાકાએ મારી ઉત્તરવહીની ફેરતપાસણી કરાવવાની વાત કરી હતી. પણ એનું પરિણામ આવે ત્યાં સુધીમાં આગળના અભ્યાસ માટે પ્રવેશ મેળવવાનો સમય વીતી જાય એવું હતું. તેને માટે આખા દિવસની મુસાફરી કરીને રાજનગરી તિરૂવનંતપુરમ્ પહોંચવાની જરૂર હતી. વળી, એના સારા પરિણામની કોઇ ખાતરી નહોતી. એટલે મેં બધાને કહ્યું કે, 'ગમે તેમ મારું એક વર્ષ તો બગડશે; પણ મને ખાતરી છે કે, હું ફરી વાર બધા વિષયો લઇને પરીક્ષા આપું તો મને સારી સફળતા મળશે. બધાએ મારી વાત માન્ય રાખી. મારાં માબાપ અને બીજા વડીલોએ મારા સ્વતંત્ર મતનો સ્વીકાર કર્યો હતો, એમાં મને આનંદ થયો હતો. આજે એ બનાવમાં મારા સ્વતંત્ર વ્યક્તિત્વનો વિકાસ જોઉં છું.'


બાળક પ્રત્યે યોગ્ય વલણ રાખવા અને એની સાથે શ્રેષ્ઠ રીતે વર્તવા માટેની એક જડીબુટ્ટી છે. તે છે તમે તમારા બાળકને તમારા ઘરના મોંઘેરા મહેમાન માનજો. આપણા મહેમાનને આપણે ઘરમાં ખૂબ પ્રેમ અને આદરમાનથી આવકારીએ છીએ. મોંઘેરા મહેમાન વિશે આપણે ઘણું બધું જાણવા ઇચ્છીએ છીએ. એ જ રીતે બાળકો વિશે પણ આપણે ઘણું બધું શોધી કાઢવાનું હોય છે. બાળક એક ગૂઢ રહસ્ય છે. પ્રેમ અને આદરમાનથી આપણે મહેમાન બાળક વિશે ધીરે ધીરે ઘણુંબધું જાણી શકીશું. જેટલું વધુ તમે તમારા બાળક વિશે જાણો તેટલો સારો હશે તમારા બાળક સાથે તમારો સંબંધ.

સામાન્ય રીતે માબાપ અને શિક્ષક-શિક્ષિકાઓ પોતાનાં બાળકની ભૌતિક જરૂરિયાતો સમજે છે. તેઓ બાળકને યોગ્ય ખોરાક, કપડાં અને સુરક્ષિત રીતે રહેવાના રહેઠાણ જેવી મૂળભૂત જરૂરિયાત પૂરી પાડે છે. પણ એની માનસિક અને બૌદ્ધિક જરૂરિયાતો પર પૂરતું ધ્યાન આપવામાં આવતું નથી. બાળકના સર્વાંગી વિકાસ માટે ભૌતિક બાબતોની જેમ પ્રેમ, કદર, આદરમાન, એની સાથેનો મનમેળ, શ્રદ્ધા, એની સ્વતંત્રતાનો સ્વીકાર જેવી માનસિક બાબતોને પોષવાની પણ તાતી જરૂર છે. બાળકના માનસિક વિકાસમાં પોતાનો ફાળો આપવા માટે માબાપ તેમ જ શિક્ષક-શિક્ષિકાઓએ એની સાથે પ્રેમ અને આદરમાનથી સમય ગાળવાની જરૂર છે. એક સ્વતંત્ર વ્યક્તિ તરીકે બાળકનો સ્વીકાર કરીને એની સાથે વર્તવાની જરૂર છે. છેલ્લે, ભગવાન ઇસુના શબ્દોમાં કહીએ તો, "ચોક્કસ માનજો કે જ્યાં સુધી તમારી વૃત્તિ બદલાય અને તમે બાળક જેવા ન બની જાઓ, ત્યાં સુધી તમે કદી ઇશ્વરના રાજ્યમાં દાખલ થઇ શકવાના નથી."

*('અખંડ આનંદ' ડિસેમ્બર-૨૦૦૯માંથી સાભાર)*

*(મંગલ મંદિર, ફેબ્રુઆરી-૨૦૧૦)*

**મનની શાંતિ સિવાય આ દુનિયામાં વધુ કિંમતી કંઈ જ નથી.**



# પ્રેમી પંખીડા!



ચિત્રસેન શાહ

'પ્રેમી પંખીડાં' શબ્દ પોલીસ ડિપાર્ટમેન્ટ તેમજ ન્યૂઝપેપરવાળાઓને અતિ પ્રિય હોય છે! જેવા કોઇ યુવક યુવતીને પંખીડાંની માફક(!) અંધારામાં ગાર્ડનમાં બેઠેલા જુએ કે પોલીસ એક્શનમાં આવી જાય અને ઝડપી લે! અને બીજા દિવસના ન્યૂઝ પેપરમાં બોક્સમાં સમાચાર આવી જાય કે- 'પ્રેમી પંખીડાં' ઝડપાયા!

થોડા સમય પહેલાં ત્રણેક ન્યૂઝપેપરમાં થઇને પાંચ-સાત જગ્યાએ આવેલા આવા સમાચારે આ રસપ્રદ વિષય પર લખવા અમને પ્રેર્યા છે! બાકી આંખોની કેટલીક તકલીફોને કારણે અમે લખવાનું સદંતર બંધ તો નથી કરી શક્યા પણ ઓછું જરૂર કરી નાખ્યું છે. અને ટી.વી. ચેનલોના પ્રોગ્રામની માફક જ અમે પણ વારંવાર વચ્ચે વચ્ચે વિરામ લઇએ છીએ! ફેર ફક્ત એટલો જ છે કે ટી.વી. ચેનલોને 'વિરામ'ના પૈસા મળે છે-અમને નથી મળતાં!

આ અંગે મશ્કરી કરતાં અમારા એક મિત્ર કહે છે - 'પરંતુ લોકોને તો આરામ જરૂર મળે છે!'

પોલીસવાળાઓ લાકડી પછાડતા પછાડતા ગાર્ડનમાં આંટાફેરા મારતા હોય અને ખૂણે ખાંચરે કોઇ યુવક યુવતી 'ગોધૂલી'ના સમયે (એટલે કે ધૂળ ઉડાડતી ઉડાડતી ગાયનો ધણ જ્યારે જંગલમાંથી પાછા ફરી રહ્યા હોય તેવા સાંજના સમયે! જોકે હવે તો એ દિવસો જ ક્યાં રહ્યા છે કે આવા દૃશ્યો જોવા મળે! બાકી હવે તો ડેન્માર્કના કોપનહેગનમાં મળેલ ગ્લોબલ વોર્મિંગ અંગેની કોન્ફરન્સમાં એ.સી. હોલમાં બેસી ચિંતા અને ચર્ચા કરતાં લોકો જરૂર દેખાય!)

નજીક નજીક બેઠાં હોય અને પ્રેમપૂર્વક વાતો કરતાં હોય એટલે પોલીસના મનમાં શંકાના વાદળો ઘેરાય! તે તો તરત મેમો બુક કાઢીને યુવક-યુવતીને ધમકાવતાં કહેશે-'અત્યારે અંધારામાં તમે લોકો કેમ બેઠાં છો?! ચાલો લખાવો નામ' આવા સમયે પોલીસના મુખ પર આનંદ છલકાતો હોય અને તેમાં સ્પષ્ટ વંચાતું હોય-'પ્રેમી પંખીડાં ઝડપાયા!'

એક વખત આવી રીતે ઝડપાયેલા યુવક-યુવતીને જ્યારે પોલીસે પૂછ્યું ત્યારે તેમણે જવાબ આપ્યો-'સાહેબ, અમે પ્રેમી પંખીડા નથી! અમે તો છીએ પતિ-પત્ની! અમારા લગ્નને વીસ વર્ષ થઇ ગયા છે!' આ સાંભળી પોલીસની આંખ આશ્ચર્યથી પહોળી થઇ ગઇ! તે માની જ ન શક્યો! તેણે યુવકને કહ્યું- **'તમે જે રીતે પ્રેમપૂર્વક એકબીજા સાથે વાતો કરી રહ્યાં હતાં તે જોઇને માનવામાં નથી આવતું કે તમે પતિ-પત્ની છો!** તેમ છતાં પતિ પત્ની હો તો ચાલો, બતાવો લગ્નનું સર્ટિફિકેટ!'

યુવક-યુવતીને પોલીસવાળાના આઇ.ક્યુના આંક વિશે શંકા જાગી!

યુવકે કહ્યું- 'સાહેબ, હદ કરો છો તમે! લગ્નનું સર્ટિફિકેટ સાથે લઇને ફરવાનું?! અરે, લોકો ડ્રાઇવિંગ લાઇસન્સ પણ સાથે લઇને ફરતા નથી અને તમે લગ્નના સર્ટિફિકેટ સાથે લઇને ફરવાની વાત કરો છો?! વીસ વર્ષ પછી ઘણીવાર લગ્નજીવનના પણ ઠેકાણા ન હોય ત્યાં લગ્નના સર્ટિફિકેટના તો ક્યાંથી જ હોય?!'

અરે, કોઇ કિસ્સામાં તો એવું પણ બની શકે કે લગ્નના સર્ટિફિકેટની પાછળ જ ડાઇવોર્સનો કાચો ડ્રાફ્ટ તૈયાર કરાયો હોય!

પોલીસવાળાએ પેલા યુવક-યુવતીને કહ્યું-'ચાલો, આજે જવા દઉં છું પરંતુ આવતીકાલે પોલીસ સ્ટેશને આવી સાહેબને સર્ટિફિકેટ બતાવી જવાબ લખાવી જજો!'


પોલીસ ડિપાર્ટમેન્ટમાં 'જવાબ'નું ઘણું મહત્ત્વ હોય છે! જેવા કોઇ પણ ફરિયાદ લખાવવા જાય કે એ લોકો જવાબ લખાવવાનું કહેશે! સવાલ પૂછ્યા વગર જવાબ માગશે!

'પ્રેમી પંખીડાં' પોલીસવાળાઓના હીટ લિસ્ટ પર જ હોય છે! અમુક ગુનેગારોને પકડવાનો ક્વોટા જ્યારે પૂરો કરવાનો હોય ત્યારે 'ચેઇન સ્નેચર'ને પકડવા કરતાં પ્રેમી પંખીડાં ઝડપવા વધારે ઇઝી પડે છે!

સાચે સાચા પ્રેમી પંખીડાં જ્યારે ઘેરથી અને મા-બાપથી છુપાઇને ગાર્ડનમાં મળવા ભેગા થયા હોય અને પોલીસના હાથે ઝડપાઇ જાય ત્યારે તે લોકોને પોલીસ પ્રાઇમ મિનિસ્ટર જેવો લાગે છે!

એક વાર એવી રીતે ખૂણે ખાંચરે બેઠેલા યુવક-યુવતીને ઝડપીને પોલીસે રૂઆબ છાંટતા કહ્યું- 'ચાલો, લખાવો નામ!' ત્યારે યુવકને પોલીસની મશ્કરી કરવાની ઇચ્છા થઇ. તેણે કહ્યું 'મારું નામ શાહજહાં છે અને આ મારી સાથે છે તે મારી પત્ની છે અને તેનું નામ મુમતાઝ મહલ છે!' પોલીસને પોતાના ઇતિહાસના જ્ઞાનને પ્રદર્શિત કરવાની ઇચ્છા થઇ' તેથી તેણે તરત

**(અનુસંધાન : જુઓ પાના નં.-૪૧ ઉપર)**



## સામા પ્રવાહે તરવું છે...
# પશ્ચિમી સંસ્કૃતિની આલોચના



મુરજી ગડા

જ્યારે કોઈ અણછાજતી ઘટના બને છે, સંતાનો સાથે મા-બાપના સંબંધ બગડે છે ત્યારે કેટલાક વર્તમાનપત્રો અને સામયિકો એનો દોષ પશ્ચિમી સંસ્કૃતિ પર ઢોળે છે. આવું વાંચીને લોકો પણ એવું માનતા થાય છે. આમાં સત્ય સાથે અસત્યનો અંશ પણ ઘણો છે.

જ્યારે ત્યારે વગોવાતી આ પશ્ચિમી સંસ્કૃતિ સાચેજ શું છે અને આપણી સામાજિક સમસ્યાઓ માટે કેટલી જવાબદાર છે એ ઘણું વિશ્લેષણ માંગી લે છે.

બધી જ સંસ્કૃતિઓમાં સારા નરસાનું મિશ્રણ છે. બે-ત્રણ હજાર વરસ પહેલાં કોઈએ ઘડેલા આદર્શોને સંસ્કૃતિનો સાચો અને પૂર્ણ માપદંડ ન માની લેવાય. આજે આપણી નજર સામે જે દેખાય છે તે બધું આપણી સદીઓની સંસ્કૃતિનો નિચોડ છે. એજ આપણી આજની સંસ્કૃતિ છે. એ સ્થાનિક હોય કે બહારથી આવી હોય, આપણે અપનાવી એટલે આપણી થઈ ગઈ. ભારતીય સંસ્કૃતિમાં ગૌરવ લેવા જેવી ઘણી બાબતો છે. સાથે સાથે જાતિભેદ અસ્પૃશ્યતા, અંધશ્રદ્ધા, ભ્રષ્ટાચાર, દંભ, દહેજ, જાહેર જગ્યાઓની ગંદકી વગેરે ઘણી આપણી સંસ્કૃતિની કાળી બાજુ પણ છે. એક સંસ્કૃતિ કરતાં બીજી ચડિયાતી છે એમ બેધડક કહેવું વાજબી નથી. આનો અર્થ એમ પણ નથી કે પશ્ચિમી સંસ્કૃતિ દોષરહિત છે. એના ઘણા પાસા આપણને અનુકૂળ આવે એવા નથી.

આઝાદી પછીના થોડા વરસ આપણે આપણા બધા પ્રશ્નો માટે અંગ્રેજોને દોષ આપતા હતા. હવે શબ્દપ્રયોગ બદલાઈને પશ્ચિમી સંસ્કૃતિ વપરાય છે. જોકે એનો ખરો ઈસારો અમેરિકા (U.S.A.) તરફ હોય છે. પશ્ચિમના અન્ય દેશોની સંસ્કૃતિ વિશે ભારતના લોકોને ઝાઝો ખ્યાલ નથી.

આ અમેરિકન સંસ્કૃતિ સમજવા માટે એનો ઈતિહાસ જાણવો જરૂરી છે. અમેરિકાની ભૂમિ શોધાયાને ૫૦૦ વર્ષ અને એક સ્વતંત્ર રાષ્ટ્ર બનવાને હજી ૨૩૫ વર્ષ થયા છે. જ્યારે અંગ્રેજો ભારત પર પ્રભુત્વ જમાવવાની વેતરણમાં હતા ત્યારે અમેરિકા અંગ્રેજી શાસનથી મુક્ત થયું હતું.

અમેરિકા સંપૂર્ણપણે બીજા દેશોમાંથી આવેલા વસાહતીઓનો દેશ છે. ત્યાંના મૂળ વતનીઓ તો ગણતરીમાં ન લેવાય એટલા જૂજ છે. શરૂઆતમાં અંગ્રેજો ત્યાં ગયા એટલે ત્યાં અંગ્રેજી ભાષા અને સંસ્કૃતિનું પ્રભુત્વ રહ્યું છે. પાછળથી યુરોપના બીજા દેશોમાંથી પણ લોકો ત્યાં જવા લાગ્યા. બીજા વિશ્વયુદ્ધ પછી વળી નવો પ્રવાહ શરૂ થયો અને દુનિયાના બધા દેશોમાંથી મોટી સંખ્યામાં લોકો ત્યાં જવા લાગ્યા.

પાંચસો વરસ પહેલાં શરૂ થયેલું આ એકતરફી માનવીય સ્થળાંતર/ દેશાંતર જરાય ધીમું નથી પડ્યું. આજે પણ દુનિયાના ઘણા દેશોમાંથી માન્યામાં ન આવે એટલા લોકો ત્યાં જવા ઉત્સુક છે. વિઝાના નિયંત્રણ ન હોય તો પરિસ્થિતિ બેકાબૂ બની જાય. અત્યારે ત્યાં સવા કરોડ જેટલા ગેરકાયદે આવેલા વિદેશીઓ છે.

આ આકર્ષણ પાછળ સંપત્તિ ઉપરાંત અન્ય કારણો પણ છે. વ્યક્તિગત વિકાસની ત્યાં ઘણી તકો છે. ત્યાં દુનિયાની શ્રેષ્ઠ શિક્ષણ સંસ્થાઓ છે જેમાં હડતાળો પડતી નથી. જાતિ, રંગ વગેરે પર આધારિત ભેદભાવ હવે ઘણા ઓછા થઈ ગયા છે. શિસ્ત અને કાયદાપાલન ઊંચું છે. સામાન્ય માણસને ભ્રષ્ટાચાર નડતો નથી તેમજ ન્યાય મળવાની શક્યતા ઘણી વધુ છે. સ્વચ્છતા છે, મોકળાશ છે અને દરેક વસ્તુની વિપુલતા છે.

આ એક એવો દેશ છે જ્યાં વસતિ વધારો બે રીતે થાય છે. દેશમાં જન્મેલા તેમજ બહારથી આવેલાને લીધે. આજે અમેરિકાની ૧૫ ટકા વસતિ દેશાંતર કરીને આવેલી પ્રથમ પેઢીની છે. ત્રણ-ચાર પેઢી પાછળ જઈએ તો અડધી પ્રજાના પૂર્વજો અન્ય કોઈ દેશમાંથી આવેલા જણાશે.

આમ તો ભારતના ભૂતકાળમાં પણ બહારથી ઘણા આવ્યા છે. ફરક એટલો છે કે આર્યોથી માંડીને અંગ્રેજો સુધીના આગંતુકોમાંથી કેટલાક લૂંટીને જતા રહ્યા અને બાકીના રાજ કરવા રોકાયા. જે થોડાઘણા રહ્યા છે એ પણ મુખ્ય પ્રવાહમાં પૂર્ણપણે ભળી શક્યા નથી. પારસીઓ જેવા અલ્પ અપવાદ છે.

દેશાંતર કરનાર પ્રથમ પેઢી (First Generation Immigrants) બધા પોતાના બેગ બિસ્તરા સાથે પોતાની સંસ્કૃતિ પણ લાવે છે અને બને તેટલી જાળવી રાખવાની કોશિશ કરે છે. જ્યારે એમની બીજી પેઢી મુખ્ય પ્રવાહમાં ભળવા માગે છે. તેઓને ઘરના અને બહારના સાંસ્કૃતિક વાતાવરણના ફરક વચ્ચે પોતાનો માર્ગ શોધવાના આત્મમંથનમાંથી પસાર થવું પડે છે. ભારતીયોની આ પેઢી ABCD તરીકે ઓળખાય છે. એમની યાતના સમજવાને બદલે બહુધા એમને હાંસીપાત્ર બનાવાય છે. એમના પછીની પેઢી સંપૂર્ણપણે મુખ્ય પ્રવાહમાં ભળી જાય છે.

આ બધો બદલાવ કોઈપણ બાહ્ય દબાણ વગર સ્વેચ્છાએ થાય છે. એટલેજ અમેરિકાને Melting Pot કહેવાય છે.

અમેરિકન સંસ્કૃતિ ત્યાં ગયેલા બધા દેશવાસીઓની સામુહિક સંસ્કૃતિનો નિચોડ છે. એ સદા ધબકતી અને સમય પ્રમાણે બદલાતી સંસ્કૃતિ છે. યુરોપિયનો લાંબા સમયથી રહેતા હોવાથી સંસ્કૃતિ પર એમનું પ્રભુત્વ હતું. હવે સમીકરણ બદલાઈ રહ્યા છે. મધ્ય અને દક્ષિણ અમેરિકા તેમજ એશિયન સંસ્કૃતિની અસર વર્તાઈ રહી છે. અમેરિકનોની એક ખાસિયત છે કે તેઓ જે પણ નવું હોય એને ખુલ્લા મને એક વખત અજમાવશે, અને ગમે તો અપનાવશે. એમને સંસ્કૃતિનો કે મોટાપણાનો મિથ્યા આડંબર નડતો નથી.

પશ્ચિમી સંસ્કૃતિ વિશેના આપણા ખ્યાલ મુખ્યત્વે એમના સિનેમા, ઇન્ટરનેટ, છૂટાછેડાના ઊંચા દર વગેરે પરથી આવેલ છે. આ વાજબી નથી. (આમ તો ૭૦ના દાયકા સુધી પશ્ચિમના દેશોમાં ભારતની છાપ ભૂખમરાના, મદારીઓના, રસ્તે રઝળતી ગાયોના અને ભીખારીઓના દેશ તરીકેની હતી. એ પણ વાજબી નહોતું.) ખાસ કરીને ત્યાંના યુવા વર્ગની જીવનપદ્ધતિ બધાની ટીકાપાત્ર બને છે. એને વિસ્તારમાં સમજીએ.

એક હજાર વરસ જેટલો લાંબો ઇતિહાસનો મધ્યયુગ, આખી દુનિયાનો અંધકારયુગ કહેવાય છે. તે સમય દરમિયાન સત્તાધીશો, ધર્મગુરુઓ અને સમાજના આગેવાનો સંસ્કૃતિ ઘડતા હતા અથવા તો એને સ્વીકૃતિ આપતા હતા. આ બધા સામાન્ય રીતે મોટી ઉંમરના પુરુષો હતા. પરંપરાના ઓઠા હેઠળ એમણે પ્રજાનું ખૂબ શોષણ કર્યું છે અને સ્ત્રીઓ પર અત્યાચાર કર્યા છે. ચારસો વરસ પહેલાં યુરોપ આ અંધારિયા યુગમાંથી બહાર આવવા લાગ્યું. બાકીની દુનિયા છેલ્લી અડધી સદીથી ધીરે ધીરે નવા યુગમાં પ્રવેશી રહી છે.

નવા યુગમાં સ્વતંત્ર રીતે વિચારવાની અને નવા અખતરા કરવાની શરૂઆત થઈ છે. એની આગેવાની યુવા પેઢીએ લીધી છે. એનો પાયો વિચારોની મુક્ત અભિવ્યક્તિ, વ્યક્તિ સ્વાતંત્ર્ય અને સ્વાવલંબન પર આધારિત છે. આ સ્વતંત્રતા અને સ્વાવલંબનની શરૂઆત, તેઓ પુખ્ત વયના થતાં મા-બાપથી અલગ રહેવાથી કરે છે. વિકસિત દેશોમાં આર્થિક રીતે આ શક્ય છે. આ પ્રથા ઘણાને જલદી જવાબદાર નાગરિક બનાવે છે, જ્યારે કેટલાકને આકરો સંઘર્ષ કરવો પડે છે.

સંસ્કૃતિ પરની યુવા પેઢીની અસર સંગીત, નૃત્ય, મનોરંજન, રમતગમત વગેરેમાં ચોખ્ખી દેખાય છે. એટલુંજ નહીં, સાહિત્ય અને ધંધામાં પણ એ પેઢીનો ઘણો ફાળો છે. અમેરિકાની અત્યારની ઘણી મોટી અને સફળ કંપનીઓ શરૂ કરનાર, ત્યારે કૉલેજમાં જતા યુવાનો હતા.

અમેરિકાની સંસ્કૃતિ, એ શિક્ષિત યુવા પેઢીની વિશ્વ સંસ્કૃતિ બની રહી છે. ત્યાંથી શરૂ થતું આ સાંસ્કૃતિક પરિવર્તન ઘણું જોરદાર છે. આપણને ગમે કે ના ગમે, પણ તે આજનો પ્રવાહ છે. આખી દુનિયાનો શિક્ષિત વર્ગ એમાં જોડાવા ઇચ્છે છે. એમની સ્વતંત્રતા આપોઆપ જાહેર થઈ જાય છે અને શક્ય હોય તો સ્વાવલંબી (વિભક્ત કુટુંબ) પણ થઈ જાય છે.

અગત્યની વાત એ છે કે આ પરિવર્તન સ્વીકારવું કે નહીં એ યુવાનોના પોતાના હાથમાં છે. બંધનવાળી જૂની સંસ્કૃતિમાં કોઈની પાસે આવો વિકલ્પ નહોતો. એના માઠા પરિણામ જોયા પછી નવી પેઢી આ સ્વતંત્રતાનો અખતરો કરવા અને એની કિંમત ચુકવવા તૈયાર છે.

નાની ઉંમરે મળતી આ સ્વતંત્રતા, વધુ પડતી મહત્વાકાંક્ષા અને સિદ્ધિ ઘણી વખત અનિચ્છનીય પરિણામો પણ લાવે છે. ક્યારેક મા-બાપ પણ એનો ભોગ બને છે જે એક કમનસીબી છે. આદર્શ સમાજ વ્યવસ્થા ક્યારે પણ જાળવી શકાતી નથી. લોલકની જેમ તે કોઈ એક બાજુ જતી રહે છે. જ્યારે અંતિમે પહોંચે છે ત્યારે એની દિશા પલટાવા લાગે છે. સંસ્કૃતિનો આ દિશાપલટો ઘણો લાંબો સમય ચાલતો હોય છે. અત્યારે તો દોર યુવાપેઢીના હાથમાં છે.

આપણે ત્યાં જે માધ્યમો દ્વારા પશ્ચિમી વિચારધારા આવે છે એમાંથી સૌથી પ્રભાવશાળી અને પ્રચલિત માધ્યમ છે સિનેમા, ટેલિવિઝન અને ઇન્ટરનેટ. એની સાથે સંકળાયેલા લોકોને કોઈ એક સંસ્કૃતિને બચાવવામાં કે ફેલાવવામાં રસ નથી. એમને ફક્ત પૈસા કમાવવામાં રસ છે. એમનો જે માલ વધુ વેચાય છે એજ તેઓ બનાવે છે. એટલે સંસ્કૃતિ કે માધ્યમને દોષ દેવા કરતાં સપ્લાય/ડિમાંડના માર્કેટ ફોર્મને સ્વીકારવું રહ્યું.

સિનેમા બે ત્રણ કલાકનું મનોરંજન પૂરું પાડે છે. એના અંતે ક્યારેક સારો સંદેશ પણ હોય છે. એની સરખામણીએ ટીવી પર આવતી કૌટુંબિક સિરિયલો વર્ષોના વર્ષો ચાલે છે. એમાં બતાવાતા અવાસ્તવિક કાવાદાવા ભોળા માનસને કલુષિત કરે છે. એનાથી આપણી સંસ્કૃતિને વધારે હાનિ પહોંચે છે. આવી સિરિયલો વિદેશી નહીં પણ દેશી ઊપજ છે. એમની સામે ઉહાપોહ નથી સંભળાતો. ઊલટાનું લોકો એમને મોટાપાયે માણે છે.

ભારત અને અમેરિકા જેવા વિશાળ અને બહુરંગી પ્રજા ધરાવતા દેશની સંસ્કૃતિ જટિલ હોઈ એને સરળતાથી સમજી કે વર્ણવી ન શકાય. બન્ને સંસ્કૃતિઓમાં ઘણા જમા પાસા છે તેમજ બન્નેમાં ઘણી અનિચ્છનીય બાબતો પણ છે. એના મુખ્ય મુદ્દા આવરવાનો અહીં પ્રયાસ કર્યો છે. આપણી સંસ્કૃતિમાં જે ગર્વ લેવા જેવું છે તે ઇરાદાપૂર્વક સામેલ નથી કર્યુ કારણ કે તે બધે ઠેકાણે ખૂબ ચર્ચાય છે. સામાન્ય રીતે જે નથી કહેવાતું તે રજૂ કરવાનો મારા લેખોનો આશય છે. એટલેજ લેખનું શીર્ષક 'સામા પ્રવાહે તરવું છે' રાખ્યું છે.

*૧, શ્યામ વાટિકા સોસાયટી,*
*વાસણા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭.*
*(મંગલ મંદિર, એપ્રિલ-૨૦૧૦)*

# ભારતીય સંસ્કૃતિમાં અહિંસાની સાધનાનું મહત્ત્વ

ડૉ. રામજીભાઈ સાવલીયા

'અહિંસા'નો સામાન્ય અર્થ-કોઇ પણ જીવને દુઃખ અથવા કષ્ટ ન પહોંચાડવું એવો થાય છે. પાતંજલ યોગસૂત્રના ભાષ્યમાં અહિંસાનું લક્ષણ આપતાં જણાવાયું છે કે 'सर्वथा सर्वदा सर्वभूतानामनभिद्रोह अहिंसा' અર્થાત સર્વ પ્રકારે, સર્વ સમયે, સર્વ પ્રાણીઓની સાથે અદ્રોહ ભાવથી વર્તવું એનું નામ અહિંસા. આ અર્થને વધારે સ્પષ્ટ કરવા ઇશ્વરગીતામાં કહ્યું છે :

*कर्मणा मनसा वाचा सर्वभूतेषु सर्वदा ।*
*अक्लेशजननं प्रोक्ता अहिंसा परं महर्षिभिः ॥*

'મન, વચન અને કર્મથી સર્વદા કોઇ પણ પ્રાણીને ક્લેશ નહીં પહોંચાડવાનું નામ મહર્ષિઓએ અહિંસા રાખ્યું છે.'

*આચાર્ય શ્રી હેમચંદ્રજીએ અહિંસાનો અર્થ સમજાવતાં કહ્યું છેઃ*

*आत्मवत् सर्वभूतेषु सुखदुःखे प्रियाप्रिये ।*
*चिन्तयन्नात्मनोऽनिष्टां हिंसामन्यस्य नाचरेत् ॥*

'જેવું આપણા આત્માને સુખ પ્રિય લાગે છે અને દુઃખ અપ્રિય લાગે છે, તેવું જ બધાં પ્રાણીઓને પણ લાગે છે. આથી આપણા આત્માની સમાન અન્ય આત્માઓની પ્રત્યે પણ અનિષ્ટ એવી હિંસાનું આચરણ કદી પણ નહીં કરવું જોઇએ. આ જ બાબતને સ્વયં શ્રમણ ભગવાન શ્રી મહાવીરે પણ કહી છે :

***सव्वे पाणा पियाउया, सुहसाया, दुहपडिकूला, अप्पियवहा ।***
***पिय उजीविणो जीविउकामा, (तम्हा) णातिवाएज्ज किंचणं ॥***

'સર્વ પ્રાણીઓને આયુષ્ય પ્રિય છે, બધા સુખના અભિલાષી છે. દુઃખ સહુને પ્રતિકૂળ છે, વધ બધાને જ અપ્રિય છે, જીવિત સહુ કોઇને પ્રિય લાગે છે - બધા જીવવાની ઇચ્છા રાખે છે. આથી કોઇને મારવું કે કષ્ટ ન આપવું જોઇએ.' અહિંસાના આચરણની આવશ્યકતાને માટે આના કરતાં ઊંચો એવો બીજો કોઇ અર્થ નથી.

બૌદ્ધ ધર્મના ઉપદેશમાં પ્રવૃત્તિ પ્રેરક અહિંસા-એટલે મૈત્રી અને કરુણાનાં કાર્યો-ઉપર ઘણો જ ભાર મૂક્યો છે. બૌદ્ધ સાહિત્યમાં એના દૃષ્ટાંતરૂપે ઘણી કથાઓ છે.

વૈદિક ધર્મમાંથી જ નીકળેલા વૈષ્ણવ સંપ્રદાયે પશુયજ્ઞોને બદલે ધાન્યાદિના અહિંસામય યજ્ઞો નિર્માણ કર્યા અને પશુયજ્ઞોનો તીવ્ર નિષેધ કર્યો. વૈષ્ણવ સંપ્રદાયે બૌદ્ધ અને જૈન ધર્મોની વચ્ચેનો માર્ગ લીધો જણાય છે. યજ્ઞ કે આહાર માટે પ્રાણી હિંસા ન કરાય એ મત એણે મોટે ભાગે ગ્રહણ કર્યો.

અજ્ઞાની, અસંસ્કારી અને રોગોથી પીડાતા માનવીઓની સેવાનું સંગઠન એ ખ્રિસ્તી ધર્મે ખેડેલા અહિંસા ધર્મનું વિશિષ્ટ અંગ કહી શકાય.

ઇસ્લામે અહિંસાના સિદ્ધાન્ત પર નામ દઇ બહુ ભાર મૂક્યો નથી, પણ તેનો અર્થ એ નથી કે એણે અહિંસાને કશો ફાળો આપ્યો નથી. માનવી દ્વારા માનવીના શોષણરૂપે થતી હિંસા પર પ્રથમ ધ્યાન ખેંચનાર કદાચ ઇસ્લામ જ છે. ગુલામી પ્રથા, વ્યાજખોરી અને અનેક ધાર્મિક તથા સામાજિક વ્યવહારોમાં દેખાડાતા વિષમભાવનો એણે વિરોધ કર્યો છે. દાનધર્મ અને અનાથ-અપંગો માટેની સંસ્થાઓ પર તેણે ભાર મૂક્યો છે.

ધાર્મિક જાગૃતિ સાથે સંબંધ ન ધરાવતાં છતાં, માર્ટિન લ્યૂથર પછી યુરોપમાં જે નવો વિજ્ઞાનયુગ શરૂ થયો તેણે પણ એક નવી દિશામાં અહિંસાનું ખેડાણ કર્યુ છે. એ દિશા તે, જ્યાં ઇજા અનિવાર્ય હોય ત્યાં તે ઓછામાં ઓછી પીડાકારક થઇ શકે એવી રીતો શોધવા અને અજમાવવાની. વાઢકાપમાં જ્ઞાનતંતુઓને જડ કરી નાખનારાં ઔષધોની શોધો પણ આ ભાવનામાંથી જ થઇ છે. વનસ્પતિને તોડવા-કાપવામાંયે ઘણી વાર આ ભાવના કામ કરતી દેખાય છે.

વિજ્ઞાન તથા ઉદ્યોગયુગની પાછળ આવેલા સમાજવાદે પણ અહિંસાના એક દુર્લભ અંગને ખેડવામાં ભાગ ભજવ્યો છે. વિવિધ પ્રકારના શોષણ દ્વારા માનવ-માનવમાં જે સૂક્ષ્મ હિંસા ચાલે છે તે પારખવી તેમ જ અટકાવવી તથા આવા પ્રકારની અનેક હિંસક પ્રથાઓ તરફ ધ્યાન ખેંચવામાં સમાજવાદે બહુ મોટો ફાળો આપ્યો છે. શોષણને અનુકૂળ થનારી ઘણી માનવ વ્યવસ્થાઓ સામે તેણે લોકમત કેળવ્યો છે. એ મતો કેવળ વિચારના ક્ષેત્રમાં જ રહ્યાં નથી, પણ સમાજવાદી આદર્શ પર સંસ્થાઓ અને રાજ્યોની સ્થાપના કરી તેના પ્રયોગો પણ કરી બતાવ્યા છે. આ પણ અહિંસાનું એક દિશામાં વ્યવસ્થિત ખેડાણ છે.

આ પછી આપણો પોતાનો ગાંધીયુગ આવે છે. ગાંધીજી અહિંસાના મોટા આચાર્ય હતા. એમણે જ પહેલી વાર જાહેર કર્યું કે, અહિંસા કેવળ નકારાત્મક નિવૃત્તિ નથી, પણ એ એક પ્રવૃત્તિમાન બળ છે. બીજાં ભૌતિક અને આધ્યાત્મિક બળોની જેમ તેનાં પણ રીતસર યોજના અને ઉપયોગ કરી શકાય. ખ્રિસ્તી ધર્મની

શ્રદ્ધા, આશા અને પ્રેમ કે બૌદ્ધોની મૈત્રી અને કરુણાની વિધિરૂપ પરિભાષાને બદલે એમણે અહિંસાની નિવૃત્તિવાચક પરિભાષા વાપરી છે ખરી, પણ જેને તેઓ 'રચનાત્મક કાર્યક્રમ' કહે છે તેની સાથે તેને જોડીને એમણે એ શબ્દમાં છલોછલ પ્રવૃત્તિ ભરી દીધી છે. વળી એમણે એ પણ બતાવ્યું કે, અહિંસાનું કાર્યક્ષેત્ર જીવનના અમુક ભાગોને જ મર્યાદિત નથી. મનુષ્યજીવનની કોઇ પણ પ્રવૃત્તિ અને સમસ્યાઓને સગવડ માટે ધાર્મિક, સામાજિક, રાજકીય, સાહિત્યિક વગેરે ગમે તે નામ આપીએ, પરંતુ એ દરેકનો અહિંસક રીતે પણ ઉકેલ આણી શકાય.

આધુનિક કાળમાં હિંસા બે અતિ ભીષણ સ્વરૂપોમાં ચમકી છે : ૧. યુદ્ધ ૨. પ્રજાકીય રમખાણો. યુદ્ધહિંસા નવી તો નથી, પણ ભીષણતા અને વ્યાપ્તિની દૃષ્ટિએ છેલ્લાં બે યુદ્ધોએ જગતના પાછલાં સર્વે યુદ્ધોને પાછળ પાડી દીધાં છે. યુદ્ધ એ આંતરરાષ્ટ્રીય હિંસા છે. પ્રજાકીય રમખાણો એ પ્રજા અંતર્ગત યુદ્ધ છે. આંતરરાષ્ટ્રીય હિંસા કરતાં આવી હિંસા વધારે કઠણ અને સૂક્ષ્મ છે, કારણ કે એ પૂરી સંગઠિત પણ નથી હોતી અને અસંગઠિત પણ નથી હોતી. આ હિંસા કદી નહોતી એવા રૂપમાં આ જમાનામાં નિર્માણ થઇ છે.

પહેલા મહાયુદ્ધે ઘણા માણસોને ગંભીર વિચાર કરતા કરી મૂક્યા હતા. તેમાંથી શાંતિવાદીઓનો એક વર્ગ ઊભો થયો. બીજા યુદ્ધ વખતે પણ કેટલાક અહિંસાને વળગી રહ્યા. રમખાણોની હિંસાના વિરોધીઓનો પણ અભાવ નથી. આ બંને પ્રકારની હિંસા અટકાવવાની ઇચ્છા છતાં એ શી રીતે થઇ શકે? કઇ અહિંસાત્મક પદ્ધતિથી હિંસાને કારણ આપનારા કોયડાઓનો સંતોષકારક ઉકેલ આવે?

આ માટે ભારતીય સંસ્કૃતિમાં અહિંસાની સાધનાનો માર્ગ બતાવવામાં આવ્યો છે. વ્યક્તિ પોતે પોતાની જવાબદારી સ્વીકારી હિંસાનો ત્યાગ કરી, અહિંસાની સાધનાનો માર્ગ અપનાવે તો જ હિંસાનું સ્વરૂપ બદલાય, જીવનમાં અહિંસાના બીજ રોપાય અને તો જ માનવસમાજ શાંતિનો અનુભવ કરી શકે. આ માટે ભારતીય પરંપરામાં અહિંસાની સાધનાનો જે માર્ગ બતાવ્યો છે તે જ એકમાત્ર સરળ ઉકેલ જણાય છે.

ભારતીય પરંપરામાં અહિંસાની સાધના માટે અંતર્મુખ અને બહિર્મુખ એમ બંને રીતે જીવનને કેળવવાની વાત કરી છે. અંતર્મુખ થવાનો પ્રથમ પાઠ તે પોતાના દોષ કે ભૂલ થતાં જ તે થયાનું ભાન થવું અને તેને સુધારી લેવાની કાળજી લેવી એ છે. અન્યના દોષ સહેજે જોઇ શકાય છે. કારણ કે આપણી આંખો બહારનું બધું જોઇ શકે છે. જીવનને અંદરથી તપાસવાની દૃષ્ટિ સાંપડે ત્યારે જાણવું કે અંતર્મુખ થવાનું દ્વાર જડ્યું છે.

જીવનમાં અંતર્મુખ થવાથી ભાવની સ્થિરતા, તટસ્થતા, સમતા કેળવાય છે. જીવનમાં જેવો ભાવ ધારણ કરીએ તેવો રંગ ઊઠે છે. કેવો ભાવ સ્થિર કરવો એ આપણી જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયોની કેળવણી ઉપર અવલંબે છે. જીવને જે ભાવે તેવો ભાવ જાગે છે. જ્યારે સતત એક જ શાંત સ્વસ્થ સર્વકલ્યાણની ઝંખના કરનારો ભાવ સ્થિર થાય ત્યારે અહિંસાની સાધનાનો સાચો આરંભ થાય છે.

જીવનને અંતર્મુખતા પ્રાપ્ત કરાવવા માટે કોઇ સ્પષ્ટ નિર્દિષ્ટ માર્ગ નહીં ચીંધી શકાય. **પરંતુ એ વાત સ્પષ્ટ કહી શકાય કે અંતર્મુખ જીવનની ઝાંખી કરનારને બાહ્ય આચારનું કોઇ પણ પ્રદર્શન કે આવરણ આવશ્યક નથી રહેતું - ન રહેવું જોઇએ.** આંતરજીવનનો કોઇ પણ અનુભવ કેવળ સ્વાભાવિકતાથી વ્યક્ત થતા સદ્ભાવરૂપે જ પ્રગટ થતો રહે છે. તેને કોઇ જ પ્રકારના બાહ્ય શણગાર, દેખાવ કે પ્રદર્શનની આવશ્યકતા નથી. અંતર્મુખ જીવન એટલે સદ્ભાવને સ્થિર કરવાનો પુરુષાર્થ.

જીવનમાં અંતર્મુખતા કેળવાય એ માટે ધ્યાન, મૌન, નામસ્મરણ, ઉપાસના, ઉપવાસ બધું કરી શકાય.

**ધ્યાન એટલે ચક્ષુ બંધ કરીને ચક્ષુ દ્વારા ભાવને વિક્ષિપ્ત થતો રોકવો. નામસ્મરણ એટલે જિહ્વા કે સ્મૃતિ દ્વારા ભાવમાં વિક્ષેપ ન પડવા દેવો. મૌન એટલે વાચા દ્વારા વ્યક્ત થઇ જતા ભાવને સ્થિર કરવો. ઉપાસના એટલે શક્ય એટલી બધી રીતે ભાવને સ્થિર કરવો. ઉપવાસ એટલે જિહ્વાના સ્વાદથી ઊભા થતા અંતરાયને દૂર કરીને ભાવને સ્થિર રાખવો.**

અંતર્મુખ જીવનને પ્રવાહ વિશિષ્ટ રીતે વહેતો થવો જોઇએ. ઇન્દ્રિયો પોતપોતાના વિષયમાં રત રહે ત્યારે જે તે વાસના-ઇચ્છામાંથી ભિન્ન ભિન્ન વૃત્તિ પ્રગટ થાય છે. જેમ કે, સ્વાર્થ પૂરો કરવા માટે માણસ ગાંડી દોટ મૂકે છે ત્યારે જો તેને કોઇ અંતરાય નડે છે તો તેનામાં વેરવૃત્તિ જાગે છે. વાસના-ઇચ્છાને સ્વાર્થના સ્વરૂપે વ્યક્ત કરો તો તે વૃત્તિ બને અને તેને જ પરમાર્થ કાજે ત્યાગરૂપે પરિવર્તિત કરો તો તે ભાવનારૂપ બને છે.

જીવન વૃત્તિઓના ભારા જેવું નહીં, પરંતુ ભાવનાના તેજ અણુ જેવું તેજસ્વી બનતું જાય ત્યારે જાણવું કે અહિંસાની સાધનામાં આપણે પ્રગતિ કરી રહેલા છીએ.

જીવનની અંતર્મુખતા અને બહિર્મુખતા વચ્ચેનો ભેદ સમજવા જેટલી વિવેકશક્તિ અવશ્ય કેળવાઇ જવી જોઇએ. વિવેક વિના અહિંસાની સાધનાનો આરંભ પણ કઇ રીતે થઇ શકે? સ્થૂળ ચક્ષુથી જે કંઇ જોવાય છે તે બહિર્મુખતાનો અનુભવ છે અને સ્થૂલ ચક્ષુથી જોયા પછી દૃષ્ટા, દૃષ્ટિ અને દૃશ્ય વચ્ચેનો જે વિવેક કળી શકાય તેને જીવનની અંતર્મુખતા કહી શકાય. આ કેવળ અનુભવગમ્ય સ્થિતિ છે. બહિર્મુખતાને શબ્દબદ્ધ કરવાનું સાધન ભાષા છે. જ્યારે અંતર્મુખતાને તો સદ્ભાવ દ્વારા જ વ્યક્ત કરી શકાય.

અહિંસાની સાધના માટે અનાસક્ત ભાવ કેળવવો અનિવાર્ય

ગણાય. કારણ કે આસક્તિ જ બધા બાહ્યાંતર દોષોનું મૂળ છે. અનાસક્ત ભાવ એટલે જીવનમાં કેવળ ઉદાસીનતા કે વિષાદ નહીં, પરંતુ સંપૂર્ણ આસક્ત એવો બાહ્ય વ્યવહાર રાખીને પણ આંતરદૃષ્ટિએ અનાસક્ત રહેવું એ આવશ્યક છે. જ્યાં પોતાપણાની વૃત્તિ-અહંતા સ્થિર થાય ત્યાં જીવનનો પ્રકાશ મુક્ત ન રહેતા ઝાંખો પડી જાય છે. રાગદ્વેષ થવાનું કારણ જ આપણું મમત્વ હોય છે. અનાસક્ત ભાવ સ્થિર થયે કોઇ પણ સ્થિતિમાં સાચો સદ્ભાવ પ્રગટ થઇ શકે.

**જીવનમાં કેળવવા જેવો સર્વશ્રેષ્ઠ સદ્‌ગુણ આદરભાવ છે.** સહુ પ્રત્યે આદરભાવ કેળવાય તેની ઉપર જ અહિંસાની સાધનાનું બીજું બધું ચણતર થાય છે. સહુ પ્રત્યે આદરભાવ-સદ્ભાવ રાખો, એવું બધા ધર્મોએ, પયગંબરોએ, જીવનદૃષ્ટાઓએ માનવજાતની પ્રગતિ માટે આવશ્યક માન્યું. પરિણામે, કોઇ મંદિરમાં તો કોઇ મસ્જિદમાં તો કોઇ દેવળમાં જઇને જીવમાત્ર પ્રત્યે સદ્ભાવ કેળવે છે. ઇશ્વરને નમવાથી કે મંદિરે જવાથી સ્થૂલ જીવનમાં સુખ મેળવવાની ઇચ્છા પૂરી થશે એવું માનવું એ આસક્તિમય ભાવ છે. આપણા જીવનમાં સહુની પ્રત્યે કેવળ સદ્ભાવ પ્રગટ થતો રહે એ દૃષ્ટિ રાખવી એ અનાસક્તિ છે. ધર્મમાં હાલતાં ચાલતાં બધે જ બે હાથ જોડી નમન કરવાની કે નાનામાં નાના કાર્યમાં, પવિત્રતાનું આરોપણ કરીને તેની પ્રત્યે આદર-સદ્ભાવ રાખવાની પ્રણાલિકા પાડવામાં આવી છે. તેનું રહસ્ય એટલું જ કે જીવનમાં સતત સદ્ભાવ સ્થિર રહે અને વ્યક્ત થતો રહે.

અહિંસક જીવનની સાધનાની એક સિદ્ધિ એ કોઇ પણ પ્રકારના સંજોગો કે પ્રસંગો વચ્ચે પણ આપણો સદ્ભાવ ચલિત કે વિક્ષિપ્ત ન થાય તે છે. વેદમાં અપમાનને અમૃતની ઉપમા અપાઇ છે. **અપમાનિત સ્થિતિમાં પણ ચિત્તની સમતુલા સચવાય અને સદ્ભાવ, જેવો માન મળતાં પ્રગટે તેવો જ સ્થિર રહે તો જાણવું કે અમૃતમય એવી અહિંસક જીવનની સાધનાના સારા માર્ગે આપણે છીએ.** એ માર્ગે આગળ વધતાં વધતાં આપણા સદ્ભાવનું સ્વાભાવિક પ્રાકટ્ય જ એવું બળવાન બની જાય કે અપમાન, વેર બધું શમી જાય છે.

અહિંસાની સાધનાનો આરંભ તો માતાએ ધવડાયેલા દૂધમાંથી બાળપણથી જ થાય. વાચન, મનન, ચિંતન, નિદિધ્યાસન કે અભ્યાસથી જીવનમાં અહિંસક ભાવનું ઉદ્દીપન થઇ શકે. માનવજાતની પ્રગતિ માટે અહિંસાને જેઓ અમૂલ્ય માને તેઓમાં ખાસ કરીને સ્ત્રી વર્ગે, માતાઓએ સદ્ભાવ-સર્વની પ્રત્યે આદર રાખવાની ભાવનાને દૃઢ કરવી અનિવાર્ય છે. નિઃસ્વાર્થપણે જ્યારે માતા સદ્ભાવનું પરિશીલન કરે ત્યારે એ સંસ્કારનો વારસો તેના બાળકને મળે છે. વ્રત, ઉપવાસ, દેવદર્શન, કથાપૂજાનો હેતુ આપણામાં છે. નિઃસ્વાર્થપણે જ્યારે માતા સદ્ભાવનું પરિશીલન કરે ત્યારે એ સંસ્કારનો વારસો તેના બાળકને મળે છે. **વ્રત, ઉપવાસ, દેવદર્શન, કથાપૂજાનો હેતુ આપણામાં સદ્ભાવને સતત જાગ્રત રાખવાનો છે.**

માનવમાત્રની અંદર વિષ અને અમૃત રહેલું જણાય છે. રાગદ્વેષરૂપી ઝેરનો નાશ કર્યા વિના અહિંસાની સાધના શક્ય નથી. માણસ દૃષ્ટિ, વાચા અને સ્પર્શથી વિષ કે અમૃત જે નિર્ણય કરે તે ફેલાવી શકે છે. આપણે કેવળ આપણી જાતનો સંકુચિત વિચાર કર્યા કરીએ તો તે આંતરજીવનનો એક પ્રકારનો સડો છે. એ સડાને, સ્વાર્થી વિચારને નિત્ય થોભાવવા કે દૂર કરવા ન મથીએ તો આંતરજીવનમાં સડારૂપી રાગદ્વેષ તીવ્રપણે જાગ્રત થાય છે. આવો સડો આપણામાં ન આવે તે માટે સદાય મન, વચન અને કર્મથી શુભ ભાવના-સદ્ભાવ પ્રગટ કરવો જોઇએ.

સદ્‌ગુણ કેળવવા માટે ઘણુંખરું એકલપંથી બનવું પડે છે. કારણ કે સ્થૂલ શરીર માટીનું હોવાથી તેને અમૃતમય-સદ્‌ગુણમય થવા તરફ સમભાવથી પ્રેરવું એ પણ એક વિવેક માગી લે તેવી આકરી કસોટી છે. જીવનને વિવેક વગર શરીર, મન અને કેવળ સ્થૂલ આચારવિચારના બળથી સદ્‌ગુણની સાધનામાં ખેંચી જઇએ તો પેલા તંતુવાદ્ય જેવી સ્થિતિ થાય. **તંતુવાદ્યને સાવ ઢીલું રાખો તો તે મધુર સંગીત નહીં આપે, બહુ ખેંચો તો કર્કશ ધ્વનિ આપશે. પણ મધ્યમસર ખેંચેલા તાર જ સુમધુર મંગલમય સંગીત નીપજાવી શકશે.** એવું જ આપણા જીવનનું સમજવું. જીવનને સાવ શિથિલ, યમનિયમ વગરનું રાખવું ન ઘટે, તેમ જ તેને નિયમો, તપશ્ચર્યા, સંયમ, તિતિક્ષા વગેરેથી એટલું બધું ખેંચાયેલું - ક્ષુબ્ધ પણ ન રાખીએ કે જેથી જીવનસ્વર જ ખેંચાઇને કર્કશ બની જાય. જીવનનો હેતુ વિવેકપૂર્વક સમજી રાખવો જોઇએ. જે સમાજ અને જીવમાત્રની વચમાં આપણે જીવીએ છીએ એમને આપણા જીવનમાંથી સહાનુભૂતિ, પ્રેમ, સદ્ભાવનો અનુભવ એવી રીતે થવો જોઇએ કે તેઓ આવું અહિંસક જીવન કેળવવા પ્રેરાય.

આપણે જેમ આપણા પરિચયમાં આવનાર સગાંસંબંધીઓની સાથે સમભાવ-સદ્ભાવ કેળવવાનો છે, તેમ આપણા આંતરજીવન સાથે આપણી પોતાની જાત પ્રત્યે પણ, કેવળ કઠોર વર્તન ન રાખતાં સમભાવથી કામ લેવાનું છે. આપણે જાતને છેતરીએ નહીં કે છેતરાઇએ નહીં એટલું અવશ્ય જોવું. આપણું જીવન એક એવો પ્રકાશ છે જે ભાવિ પેઢીને પ્રકાશમય સ્થિતિમાં જ સુપરત કરી જવાનો છે, તેની સતત કાળજી રાખવી જોઇએ. અહિંસા એટલે સંપૂર્ણ ન્યાયપૂર્ણ જીવનઆચાર દ્વારા જ જીવનના પ્રકાશને તેજસ્વી રાખી શકાય છે. આટલું સમજી લીધા પછી માનવજીવનને સહાયક થવાય તેવું જીવન જીવ્યે જવું. સિપાહીની અદાથી સંપૂર્ણ નમ્રભાવથી, છતાં તેજસ્વિતા સાચવીને સદ્‌ગુણને કોઇ પણ ભોગે સાચવી રાખવા જેટલું આચારબળ આપણે વ્યક્ત કરીશું તો માનવજીવનમાં સચવાયેલા એક ઉદાત્ત સંસ્કારને આપણી પૃથ્વી ઉપર સચેત-જીવંત રાખ્યાની ફરજ પૂરી કર્યાનો સંતોષ લઇ શકીશું.

***(મંગલ મંદિર, મે-૨૦૧૦)***

# યુરિનરી લીકેજ

ડૉ. નીતા ઠાકરે

પેશાબનું (યુરિનરી) લીકેજ ક્ષોભજનક છે! પણ શું આપને ખબર છે કે તેનો ઉપાય શક્ય છે?

☞ ***યુરિનરી લીકેજ (INCONTINENCE) શું છે?***

યુરિન (પેશાબ)નું તમારી જાણ અને ધ્યાન બહાર નીકળી જવું (લીકેજ) જે તમે કન્ટ્રોલ ન કરી શકો!

ક્યારેક છીંક, ઉધરણ - ખાંસી ખાવાથી કે જોરથી હસવાથી પણ યુરિનનું લીક થઈ જવું અથવા પેશાબ કરવાની ઈચ્છા થયા પછી તેને કંટ્રોલ ન કરી શકવાથી બાથરૂમમાં બેસતા - બેસતા લીક થઈ જવું.

આ તકલીફને યુરિનરી ઈનકોન્ટિનન્સ કહેવામાં આવે છે.

☞ ***યુરિનરી લીકેજ શું ઉંમર વધતા આવતો પ્રાકૃતિક ફેરફાર છે?***

ના. ઘણા લોકોમાં આ ખોટી માન્યતા રાખવામાં આવે છે. પરંતુ આ કોઈ ઉંમર વધતા થતો ફેરફાર નથી.

☞ ***યુરિનરી લીકેજના કેટલા પ્રકાર છે?***

આ સમસ્યાના મૂળ ૩ પ્રકાર છે.

☞ ***આ તકલીફના કારણો શું છે?***

મેનોપોઝ, યોનિમાર્ગના સ્નાયુઓનું શિથિલ થવું, ડાયાબિટીસ, દવાઓ, યુરિનરી ઈન્ફેક્શન, પેશાબની કોથળીનું ઈરિટેશન, સ્થૂળતા...

☞ ***કયા પ્રકારના સ્પેશિયાલિસ્ટ આ સમસ્યાના ઉકેલ માટે મદદ કરી શકે છે?***

યુરોગાયનેકોલોજિસ્ટ આ સમસ્યાના ઉકેલમાં મદદ કરી શકે છે.

☞ ***ટ્રીટમેન્ટના વિવિધ પ્રકારો કયા છે?***

દરેક પેશન્ટની તકલીફ પ્રમાણે તેમની ટ્રીટમેન્ટ જુદી જુદી હોઈ શકે છે.

☞ ***લાઈફ સ્ટાઈલમાં સુધારા લાવવાથી ફરક પડે છે?***

હા! જેમ કે ફળ, શાકભાજીનું સેવન, ૨ લિટર પાણી પીવું, કસરત, વજન ઘટાડવું, પેલ્વિક મસલ્સની કસરત, સરળતાથી બાથરૂમમાં ઉતારી શકાય તેવા કપડાં પહેરવા વગેરે.

☞ ***કસરતથી મદદ મળી શકે છે?***

કિંગલ્સ એક્સરસાઈઝથી મદદ થઈ શકે છે.

☞ ***યુરિનરી લીકેજની આડઅસરો અને કોમ્પ્લીકેશન્સ શું છે?***

ચામડી અને યુરીનનો ચેપ, ચામડીનું તતડી જવું, બળતરા બળવી, દર્દી બહાર જવાનું ટાળે છે. ક્ષોભ, ચીડચીડાપણું, ઘણીવાર દોડીને બાથરૂમમાં જતા જતા પડી જવું અથવા ફ્રેક્ચર થઈ જવું, કપડામાંથી વાસ આવતી હશે તેવી ચિંતા થવી, અપૂરતી ઊંઘ, ડિપ્રેશન, કોન્ફિડન્સમાં ઘટાડો થવો – આ બધા કારણોસર સામાજિક રીતે અલગ થવું વગેરે....

ટૂંકમાં, યૂરિનરી લીકેજની સમસ્યાનો ઉપાય શક્ય છે. (No longer untreatable) એ માટે એક્સપર્ટની સલાહ લો અને સમસ્યાથી છૂટકારો મેળવો.


***ડૉ. નીતા ઠાકરે, એમ.ડી. ગાયનેક***
*Ph. : (H) 26467788*
*Expert in Urogynaecology. High Risk Pregnancy & Endogynaecology.*
*drthakre@gmail.com*

***(મંગલ મંદિર, જૂન-૨૦૧૦)***

## સાગર શું સતાવે છે?

*નાની અમથી વાતમાં, તું અવસર બગાડે છે;*
*આરઝું તારી છે અનેક, મુકદ્દર બતાવે છે;*
*બે ઘડીની જિંદગી, ને મદહોશી કાં આટલી?*
*બેકાબૂ થયો છે જામ આ મંતર પછાડે છે.*
*તારા વગરની સાંજ, સાવ શૂન્યમાં રહી;*
*આકાશે પ્રગટે ચાંદ, જે હમસફર વધારે છે;*
*સુગંધની તો માંગણી પતંગા કરતા નથી;*
*ફૂલ પણ આજે કંઈ ઔર ચિતાર નિહાળે છે.*
*જીવવું બસ, જીવવું એ જીવન વ્યર્થ છે;*
*'ગૌતમ' સદાય વહેતો સાગર શું સતાવે છે?*

***ગૌતમ એસ. જોષી***
***મંગલ મંદિર, મે-૧૯૯૭***



# પડકારોને પડકારે તે યુવાન

સલોની નવીનભાઈ લાલકા

પૃથ્વીનો ઉદ્‌ભવ થયો અને આપણી આ સૃષ્ટિ પર મનુષ્ય નામક સામાજિક પ્રાણીનું અસ્તિત્વ આવ્યું. મનુષ્યના જીવનના ત્રણ તબક્કા : (૧) બાલ્યાવસ્થા, (૨) યુવાવસ્થા અને (૩) વૃદ્ધાવસ્થા. આ ત્રણેયમાંથી મનુષ્યની યુવાવસ્થા તેના જીવનમાં ખૂબ જ મહત્ત્વ ધરાવે છે. યુવાવસ્થા એટલે યુવાની અને યુવાનીમાં જીવતો માનવી એટલે "યુવાન."

પોતાની શક્તિને બતાવવા તત્પર રહે કંઈક કરવાની ધગશ બતાવે, એક જોશ સાથે જીવે અને પડકારોનો સામનો કરે તે ખરો યુવાન. યુવાનીમાં પગપેસારો કરતાં જ માનવી પોતાના ભવિષ્યને ઉજ્જવળ બનાવવા, સપના જોવા માંડે છે. તે જાણતો હોય છે કે પોતે જોયેલા દરેક સ્વપ્ન સરળતાથી પૂરા થાય તેવા નથી પરંતુ તેમના મનમાં એક અડગ નિર્ણય થઈ જાય છે. પોતાનું સ્વપ્ન જેને પૂરું કરવું અઘરું છે, તેને તે પૂરી ધગશ અને મહેનતથી પૂર્ણ કરે છે.

બાળપણમાં બાળક શારીરિક અને માનસિક બંને રીતે વિકસેલું નથી હોતું. સમય જતાં તે યુવાન બને છે અને માનસિક તેમજ શારીરિક બંને રીતે તંદુરસ્ત, મજબૂત અને સક્ષમ બને છે. પોતાનાં સપનાં સાકાર કરવાની, મુસીબતો સામે લડવાની તાકાત તેનામાં આવી જાય છે. ગુલાબનું ફૂલ પણ ખૂબ જ સુંદર હોય છે પણ તેની ડાળી પર કાંટા હોય છે. યુવાનોના ધ્યેય પણ કંઈક આવા જ હોય છે. યુવાનોના ધ્યેય ગુલાબના ફૂલ જેવા હોય છે અને તે ધ્યેય સુધી પહોંચવાનો માર્ગ ગુલાબની ડાળીની જેમ કાંટાઓથી એટલે કે વિઘ્નોથી ભરેલો હોય છે. યુવાન આ દરેક કાંટાઓને, દરેક મુશ્કેલીઓને, દરેક અવરોધોને પોતાના માટેનો પડકાર માનીને હસતે ચહેરે તેમનો સામનો કરે છે. એટલે જ યુવાનો માટે આ પંક્તિ ખૂબ જ બંધબેસતી છેઃ

*"રસ્તો નહીં જડે તો રસ્તો કરી જવાના,*
*અમે મુંઝાઈને મનમાં થોડા મરી જવાના??*
*હે કાળ, કાંઈ નથી ભય, તું થાય તે કરી લે,*
*ઈશ્વર સમો ધણી છે, હિંમત અમારા દિલમાં છે,*
*અમે કંઈ તારાથી થોડા ડરી જવાના???"*

ફક્ત આજે જ નહીં પરંતુ સદીઓથી આ યુવાન પડકારોનો સામનો કરતો આવ્યો છે. સ્વામી વિવેકાનંદ કે જેઓ શિકાગોની ધર્મસભામાં વગર આમંત્રણે ગયા. ધર્મસભાની આગલી રાત એક અજાણ્યા શહેરમાં તેમણે રસ્તા પર વીતાવી. બીજા દિવસે જ્યારે તેઓ ધર્મસભામાં ગયા ત્યારે તેઓને અંદર આવવા ન દીધા. સ્વામી વિવેકાનંદની સચોટ રજૂઆતને કારણે માત્ર બે જ મિનિટ માટે પ્રવચન આપવાની પરવાનગી તેમને મળી. અને આપણા આ યુવાન સ્વામી વિવેકાનંદે પોતાના પ્રવચનની શરૂઆત 'ભાઈઓ અને બહેનો' જેવા સંબોધનથી કરી અને પોતાની વાણીથી સર્વે શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી નાખ્યા. શ્રોતાઓને પણ સમયનું ભાન ન રહ્યું. તેઓ સ્વામી વિવેકાનંદની વાણીમાં એટલા બધા ઓતપ્રોત થઈ ગયા. ભારત દેશની આબરૂ માટે સ્વામીજીએ ઝીલેલા પડકારને પૂરો કર્યો.

યુવાન કાળમાં જમશેદજી તાતા જ્યારે ગોરાઓની હોટલમાં ગયા ત્યારે ગોરાઓએ તેમને અપમાનિત કરીને કાઢી મૂક્યા. ત્યારે તેઓ ગોરાઓ સામે પડકાર ફેંકીને આવ્યા હતા કે તેઓ તેમનાથી વધારે આલીશાન હોટલ બનાવશે અને તેમાં ગોરાઓને પ્રવેશ આપવામાં નહીં આવે. જમશેદજી તાતાએ આ પડકાર ઝીલ્યો અને તેઓ મંજીલ સુધી પહોંચ્યા પણ ખરા. મુંબઈની તાજ હોટલ જમશેદજી તાતાએ ઝીલેલા પડકારનું જ પરિણામ છે.

સફળતા મેળવવા પડકારોને ઝીલતા યુવાનો માટે એક મહાન વ્યક્તિ જોન વ્હીટલરે કહ્યું છે 'સફળતાના શિખરે પહોંચેલા યુવાન લોકો કૂદકો મારી ત્યાં પહોંચી ગયા નથી પણ જ્યારે લોકો ઊંઘે છે ત્યારે પણ તેઓ આગેકૂચ કરતા હોય છે.'

ગઈકાલના અને આજના યુવાનમાં વડીલ વર્ગ ઘણો ફરક જોઈ રહ્યા છે. અને હું પોતે પણ આજના અને ગઈકાલનાં યુવાનમાં ફરક મહેસૂસ કરી રહી છું. આજે મોટાભાગનાં યુવાનો પાનના ગલ્લા કે ચાની કિટલી પર બેસી વ્યસનોનાં બંધાણી બની રહ્યા છે. પોતાનો કિંમતી સમય ટોળટપ્પા અને ખોટી આદતોમાં વેડફી રહ્યા છે. આજનો યુવા માનસ રચનાત્મક કાર્યોમાં ઓછો પણ ખંડનાત્મક કાર્યોમાં વધારે રચ્યોપચ્યો રહે છે. જે જૂજ યુવાનો સામાજિક કે વિદ્યાભ્યાસના ક્ષેત્રે સુંદર કાર્યો કરીને યુવાનોની વ્યાખ્યાને સાર્થક કરે છે, તેઓને પણ આ વિઘ્નસંતોષી લોકો ક્યાંકને ક્યાંક, કોઈને કોઈ રીતે ખલેલ પહોંચાડે છે. તેની આ જ કુટેવો તેને પડકારોનો સામનો કરતાં રોકી રહી છે. આજનો યુવાન પશ્ચિમી સંસ્કૃતિનું આંધળું અનુકરણ કરી રહ્યો છે અને આપણી ભવ્યાતિભવ્ય સંસ્કૃતિને, તેના મૂળને, તેના વજૂદને

મિટાવી રહ્યો છે. આજનો યુવાન જ્યાં સુધી પોતે જ જાગૃત નહીં થાય, હકારાત્મક વલણ, સર્જનાત્મક માનસ નહીં ધરાવે ત્યાં સુધી તેની યુવાની સાર્થક નહીં ગણાય. માટે હે મારા યુવા મિત્રો! સ્વામી વિવેકાનંદના આ શબ્દોને અપનાવો અને પોતાની યુવાનીને ખરા અર્થમાં સાર્થક કરો.

"ઊઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો..."

અંતમાં આજના યુવાનને અર્પણ આ ચાર શબ્દો :

*"તારા કદને તું ન માપ,*
*સામે ક્ષિતિજ પડી છે અફાટ,*
*તારી શક્તિ છે અમાપ,*
*તારી તાકાત છે અખૂટ,*
*જુવાન, જુવાન તું ના કર ગુમાન,*
*કામ કર એવા, મેળવ સહુનું માન,*
*યુવાન સામે ન થાય પડકાર,*
*પડકારોની સામે થાય તે જ યુવાન."*

***સલોની નવીનભાઈ લાલકા (મો. ૯૩૭૫૯ ૨૭૨૫૨)***
***(મંગલ મંદિર, જુલાઈ-૨૦૧૦)***

## જીવનની પગદંડી

*જીવનની આ પગદંડી માં,*
*કોઈક સાથે તો છે કોઈક એકલડાં*
*કોઈક વેરાન વગડે વિચરંતા*
*તો છે કોઈકના રાહે ફુલડાં*
*કોઈક ભટક્યા કરે છે જંગલમાં*
*છે કોઈકના રાહે મોતીડાં*
*કોઈકને નથી દિપક અંધારે*
*છે કોઈકના રાહે અજવાડાં*
*છે કોઈક યોદ્ધો યા ભડવિર*
*તો છે કોઈક બીચારાં બાપલડાં*
*ચેતનવંતો બનીને*
*ભ્રમણ કરીશ આ દુનિયામાં*
*સમજી વિચારી મુકીશ ડગલાં*
*નહીતર ગણના થાસે પાગલમાં*
*પ્રેમ પાથરી રહેજે સદા*
*એટલું કહું છું જીવલડાં*
*"રતિ" જેટલું સાથે નહીં આવે*
*જવાનું થાસે એકલડાં*

***રચયિતા : રતિલાલ એ. મહેતા - બાપુનગર, અમદાવાદ.***
***મંગલ મંદિર, ફેબ્રુઆરી-૨૦૦૦***

## વિચારકણિકા

**(અનુસંધાન : પાના નં.-૩૦ ઉપરથી ચાલુ)**

ગરીબોના રાહત કાર્ય માટે પૈસાનો ઉપયોગ થવો જોઇએ. કોકની આંતરડી ઠારીશું તો આપણી પણ ઠરશે.

શ્રદ્ધાળુઓ ક્ષમા કરે, પણ મારે અત્યંત અફસોસ સાથે કહેવું પડે છે કે આપણા વિદ્વાન અને સમર્થ સાધુ તથા સાધ્વીજીઓએ પણ કદી ગરીબોને ગળે લગાડ્યા નથી, ગરીબોના સુખદુઃખની ચિંતા કરી નથી.

એક અન્ય વાતનો ઉલ્લેખ પણ જરૂરી લાગે છે. **મને લાગે છે કે જૈનો 'પ્રેમતત્ત્વ'ને બરાબર સમજ્યા નથી. 'અહિંસા' એ નેગેટિવ અર્થદર્શક શબ્દ છે જ્યારે 'પ્રેમ' એ પોઝિટિવ અર્થ દર્શક શબ્દ છે.** કદાચ એ કારણ હોઇ શકે કે મહાવીરના સમય સુધી 'પ્રેમ' શબ્દનો જન્મ જ થયો ન હતો. વેદોમાં ક્યાંય પ્રેમ શબ્દ નથી. ઉપનિષદોમાં પણ પ્રેમ શબ્દ નથી. મારી ધારણા પ્રમાણે ઇ.સ.ની પ્રથમ સદી પૂર્વેના તમામ પ્રાચીન સાહિત્યમાં 'પ્રેમ' શબ્દ મળતો નથી. 'પ્રેમ' શબ્દના જન્મ, સ્વરૂપ અને વિકાસ એ જરા લાંબો પુરવાર થઇ શકે એવો વિષય છે. પણ એ માટે અલગથી અને વિસ્તારથી અલગ લેખ લખવો પડે- જે ફરીવાર ક્યારેક.

*આરએચ/૨, પુણ્યશ્રી એપાર્ટમેન્ટ,*
*કાશીરામ અગ્રવાલ હૉલ પાસે,*
*ગુજરાત યુનિવર્સિટી પાસે, અમદાવાદ-૧૫.*
***(મંગલ મંદિર, ડિસેમ્બર-૨૦૦૯)***

## પ્રેમીપંખીડા!

**(અનુસંધાન : પાના નં.-૩૩ ઉપરથી ચાલુ)**

જ સવાલ કર્યો- 'તો ક્યાં છે તાજમહેલ?' યુવક પોલીસના ઇતિહાસના અધકચરા જ્ઞાન અંગે મૂછમાં હસ્યો અને બોલ્યો- 'સાહેબ એ ત્રણે એક સાથે કઇ રીતે શક્ય બને?! મુમતાઝના ગયા પછી જ તાજમહેલ બંધાયને!'

આ સાંભળીને પણ શરમિંદા થયા વગર પોલીસે વિદાય લીધી! અને તેમ છતાં જતાં જતાં લાકડી તો પછાડતો જ ગયો!

આટલું વાંચ્યા પછી નથી લાગતું કે કોઇ પણ યુનિવર્સિટી આ લખનારને પી.એચ.ડી.ની ઉપાધિ આપી દેશે?!


- પ્રેમી પંખીડાંના શોધ નિબંધ માટે!

ત્યારે ફરીથી ન્યૂઝપેપરમાં બોક્સમાં સમાચાર ચમકશે-

'એન્જિનિયર બન ગયા ડોક્ટર!'

(રાજુ બન ગયા જેન્ટલમેન જેવું લાગે છે ને?!)

*પ્લોટ નં.-૩૧૪/એ, સેક્ટર-૨૦,*
*રાજશ્રી સિનેમા પાસે, ગાંધીનગર-૩૮૨ ૦૨૦.*
*ફોન : (૦૭૯) ૨૩૨૬૦૫૮૨*
***(મંગલ મંદિર, ફેબ્રુઆરી-૨૦૧૦)***



# ચાળીસીના ઉંબરે


ડૉ. મણિલાલ ગડા
(મનોચિકિત્સક)


ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા
બાળ મનોચિકિત્સક)

● **કેસ સ્ટડી :**

૪૬ વર્ષની ઇંન્દિરાને ચારેક વર્ષથી તકલીફ થતી હતી. જમવામાં રુચિ ઓછી થઇ ગઇ હતી. ન છૂટકે જમવા બેસતી. નબળાઇ લાગતી હતી. થોડુંક કામ કરવાથી કે થોડુંક ચાલવાથી થાક લાગતો હતો. થોડુંક જ ખાવાથી પેટ ભરેલું લાગતું. કોઇક વાર પેટ ફૂલાઇ જતું હતું. શરીરમાં તથા સ્નાયુઓમાં કળતર રહેતી હતી. માથું ભારી ભારી રહેતું હતું. ઘણી વખત માથાનો દુઃખાવો રહેતો હતો. ચક્કર આવતા હતા તથા હમણાં પડી જશે એવું લાગતું હતું.

છાતીમાં તથા સ્તનમાં દુઃખાવો રહેતો હતો. છાતી પર તથા સ્તન પર દબાણ આવતાં પીડા થતી હતી. શરીર ગરમ રહેતું હતું. તાવ જેવું લાગતું હતું પરંતુ થર્મોમીટરમાં શરીરનું તાપમાન નોરમલ આવતું હતું. હાથપગ સૂઇ જતાં હતા. ઘણીવખત હાથપગમાં ઝણઝણાટી થતી હતી. સ્વભાવ ચીડિયો થઇ ગયો હતો. નજીવી બાબતમાં ગુસ્સો આવી જતો હતો. ગુસ્સો કર્યા બાદ પાછળથી પસ્તાવો થતો હતો. વારંવાર રડવું આવતું હતું.

શારીરિક વૈદ્યકીય તપાસ (ધબકારા, બ્લડ પ્રેશર, શ્વાસોશ્વાસ, છાતી, પેટ વગેરે) નોરમલ હતી. લોહીની તપાસ (ડાયાબિટીસ માટે, થાઇરોઇડ માટે, એનિમિયા માટે, વિટામિન બી૧૨ની માત્રા વગેરે) નોરમલ હતી. એક્સ-રે, પેટની સોનોગ્રાફી, માથાનો સી.ટી. સ્કેન પણ નોરમલ હતાં. ઘણા ડૉક્ટરોનો અભિપ્રાય લીધેલ.

સ્ત્રીમાં ચીળીસીની આસપાસની ઉંમરમાં થતાં લક્ષણો, બધી તપાસ (શારીરિક, લેબોરેટરી, એક્સ-રે, સોનોગ્રાફી વગેરે) નોરમલ આવતા 'મેનોપોઝ'નું નિદાન થયું. સારવાર શરૂ કરી. છ એક મહિનાની સારવાર બાદ થોડોક સુધારો થયો. લક્ષણોમાં વધઘટ થતી. સંપૂર્ણ કાબૂ આવ્યો નહતો. ચીડિયાપણું, થાક, નબળાઇ, રડવાનું વગેરેમાં નજીવો ફરક પડ્યો હતો.

એકાએક બારેક મહિનાની સારવાર બાદ ઉપરની તકલીફો વધી ગઇ તથા નવાં લક્ષણો શરૂ થયા. કામ કરવાની ધગશ ઓછી થઇ ગઇ. પડ્યા રહેવાનું મન થતું. પરાણે કામ કરતી. ગુસ્સાનું પ્રમાણ વધી ગયું. રડવાનું વધી ગયું. સતત માથાનો દુઃખાવો રહેતો હતો. 'હું આ બીમારીમાંથી સાજી નહીં થાઉં', 'હું કોઇ કામની નથી રહી.' 'હું બધા ઉપર બોજ છું, ભારરૂપ છું' 'આના કરતાં મરી જવું વધારે સારું' આ પ્રકારના વિચારો સતત આવવા લાગ્યા. પરિવારજનોના સમજાવ્યા છતાં આ વિચારો નિયમિત આવ્યા કરતા. ઇંન્દિરા પોતાના આ વિચારો પર કાબૂ રાખી શકતી ન હતી એટલે ઇંન્દિરાને વધારે દુઃખ થતું.

સતત મરવાના વિચારો આવવાને લીધે ફેમિલી ડૉક્ટરે મનોચિકિત્સકનો અભિપ્રાય લેવાની સલાહ આપી.

ઊંડાણમાં જતાં ઇંન્દિરાના કેસમાં નીચે પ્રમાણેના મનની બીમારીના લક્ષણો હતા.

ઇંન્દિરાને પરિવારજનોની ખૂબ જ પણ ખોટી ચિંતા રહેતી હતી. સાંજના ઘરે દીકરી ૧૦-૧૫ મિનિટ મોડી આવે તો ખૂબ ચિંતા થઇ આવતી. નકારાત્મક વિચારો આવી જતા. વારંવાર મોબાઇલ પર દીકરીને ફોન કરતી. બીમારીના પહેલાં આ વર્તણૂક ન હતી. ટી.વી.ના કાર્યક્રમમાં રસ બિલકુલ ઓછો થઇ ગયો હતો. પહેલાં ટી.વી. કાર્યક્રમો જોવાનો ખૂબ શોખ હતો. કામમાં એકાગ્રતા ઓછી થઇ ગઇ હતી. અલગ અલગ વાનગીઓ બનાવવાનો રસ ઊડી ગયો હતો. સામાજિક પ્રસંગોએ જવાનું ટાળતી હતી. મનમાં અપરાધભાવ (guilty feeling) ઉત્પન્ન થયો હતો કે મારા લીધે પરિવારજનો દુઃખી થઇ રહ્યા છે. એક વખત આત્મહત્યા કરવાનો પ્રયત્ન કર્યો હતો. બિલ્ડિંગની અગાશી પરથી કૂદકો મારવા ગઇ હતી પણ હિંમત ન ચાલી એટલે ઘરે પાછી આવી ગઇ. ઘરમાં આ પ્રસંગની કોઇને જાણકારી ન હતી.

● **નિદાન :**

ઇંન્દિરા છેલ્લા ચારેક વર્ષથી મનની બીમારીથી (હતાશાની બીમારીથી) પીડાતી હતી. શારીરિક લક્ષણોની સાથેના મનના લક્ષણોને ધ્યાનમાં લઇ નિદાન કરવું જરૂરી છે. મનની બીમારીના પરિબળો ઇંન્દિરાના કેસમાં નીચે પ્રમાણેના હતા.

● **મનોવિશ્લેષણ (મનની તપાસ) :**

*(૧) મનના લક્ષણો :* મનની બીમારી વિશેના લક્ષણોની જાણકારી દર્દી તથા પરિવારજનો પાસેથી મેળવવી જોઇએ. ઇંન્દિરાના કેસમાં હતાશાની બીમારીના લક્ષણો છે. બીમારીનું પ્રમાણ ઊંડું છે કારણકે આત્મહત્યાનો પ્રયાસ કરેલ છે.

*(૨) આંતરિક પરિબળો :*

*૨.૧ આનુવંશિકતા :* ઇંન્દિરાની મોટી બહેન મંજુલાને માનસિક

હતાશાની બીમારી થઇ હતી. જેની સારવાર મનોચિકિત્સક પાસે કરાવેલ. હાલ મંજુલાની તબિયત નોરમલ છે. દવાઓ બંધ છે.

*૨.૨ વ્યક્તિત્વ :* ઇન્દિરાનો સ્વભાવ સંવેદનશીલ છે. કોઇને પણ ‘ના’ પાડવાની હિંમત નથી. બધા માટે બધું કરી છૂટે છે. નકારાત્મક લાગણીઓ દબાવી દે છે. આને લીધે માનસિક તણાવ પેદા થાય છે. તથા તણાવના હોરમોન્સ (Stress hormones) પેદા થાય છે. આને કારણે હતાશાની બીમારી થવાની શક્યતા વધી જાય છે.

*૩. બાહ્ય પરિબળો :* ઇન્દિરાના કેસમાં દબાણ લાવનારી/વધારનાર ઘટનાઓ બની હતી.

*૩.૧* પાંચેક વર્ષ પહેલાં (બીમારી શરૂ થઇ એના એકાદ વર્ષ પહેલાં) ઇન્દિરાના પતિ રમેશભાઇ ધંધાની ભાગીદારીમાંથી રાજીખુશીથી છૂટા થયા હતા તથા પોતાનો ધંધો એકલે હાથે શરૂ કર્યો હતો. શરૂઆતમાં થોડીક તકલીફો આવેલ. આની નકારાત્મક અસર ઇન્દિરાના સંવેદનશીલ મન પર થયેલ.

*૩.૨* બીમારી શરૂ થઇ એના ચારેક મહિના પહેલાં, ઇન્દિરાના ભાઇનો જુવાનજોધ દીકરો કાર અકસ્માતમાં ગુજરી ગયો હતો. કુટુંબના સૌ સભ્યોને આઘાત લાગ્યો હતો. અત્યારે ચાર વર્ષ બાદ પણ ઇન્દિરા આ આઘાત પચાવી શકી નથી. કાઉન્સેલિંગના એક સેશન્સમાં આ વાત નીકળતાં ઇન્દિરા રડી પડી હતી.

આંતરિક પરિબળો તથા બાહ્ય પરિબળોનો સમન્વય થતાં જ્ઞાનતંતુમાં ન્યુરોટ્રાન્સમીટરની માત્રામાં ફેરફાર થાય છે. હતાશાની બીમારી થાય છે. ધીમે ધીમે ઇન્દિરાના કેસમાં ત્યારબાદ હતાશાની બીમારીના લક્ષણો જોવા મળ્યા.

***૩.૩ બીમારીમાં વધારો :*** એકાએક બીમારીના લક્ષણોમાં વધારો થયેલ. એના મહિના પહેલાં એક બીજો નકારાત્મક પ્રસંગ બન્યો. દિયરની દીકરીના લગ્ન વખતે વ્યવહાર તથા લેવડદેવડ બાબત મનદુઃખ થયેલ. વાદવિવાદ થયેલ. બોલાચાલી થયેલ. આ માટે સાસુ, દેરાણી તથા અન્ય પરિવારજનોએ ઇન્દિરાને દોષિત ઠરાવેલ. પોતાના પતિએ પણ ઇન્દિરાને સાથ ન આપ્યો. પાછળથી સૌને સમજાયું કે ઇન્દિરાએ જે અભિપ્રાય આપ્યો હતો એ જ યોગ્ય હતો. આ પ્રસંગની ઇન્દિરાના મન પર ઊંડી અસર થયેલ તથા તબિયત વધારે બગડી.

- **સારવાર :**

***દવાઓ :*** મનની બીમારીમાં (હતાશાની બીમારી) મગજના જ્ઞાનતંતુઓમાં ન્યુરોટ્રાન્સમીટરની માત્રામાં ફેરફાર થાય છે. એટલે યોગ્ય દવાઓ શરૂ કરી (antidepressant medication) આથી ધીમે ધીમે જ્ઞાનતંતુમાં ન્યુરોટ્રાન્સમીટરની માત્રા વધીને નોરમલ થાય છે.

બે અઠવાડિયામાં તો શારીરિક લક્ષણોમાં સુધારો થયો. જમવામાં રુચિ આવી. ખોરાકનું પ્રમાણ વધ્યું. નબળાઇમાં ફરક પડ્યો (ટોનિક ન આપવા છતાં). મનના લક્ષણોમાં પણ ફાયદો થયો. રડવાનું લગભગ બંધ થઇ ગયું. કામમાં મન લાગવા માંડ્યું. એકાગ્રતામાં ફેરફાર થયો. મરવાના વિચારો ઓછા થયા. જીવવાની ઇચ્છા થઇ. બે મહિનાની સારવારમાં શારીરિક તથા મનના લક્ષણો કાબૂમાં આવ્યા.

***કાઉન્સેલિંગ :*** પ્રસંગો પ્રત્યેનો પ્રતિભાવ તથા પ્રતિક્રિયા નકારાત્મક લાગણીથી લેવાને બદલે તટસ્થ લાગણીથી જોવાની પદ્ધતિઓ વિશે ઇન્દિરા જોડે કાઉન્સેલિંગમાં ચર્ચા કરી. અભિગમ બદલાવવા વિશે ચર્ચા થઇ. પ્રસંગ કે હકીકતનો મનથી સ્વીકાર કરવા વિશે કાઉન્સેલિંગ કર્યું. પ્રસંગના કારણમાં જવાને બદલે એના નિરાકરણ પ્રત્યે ધ્યાન આપી અમલમાં લાવવાની પદ્ધતિઓ વિશે ચર્ચા કરી. ઇન્દિરાએ સમજણપૂર્વક પોતાના અભિગમમાં ફેરફારો કર્યા.

પતિ રમેશભાઇ સાથે પણ કાઉન્સેલિંગ કર્યું. મનના રોગ વિશેની જાણકારી આપી (psychoeducation) તથા મનના રોગ પણ શારીરિક રોગની જેમજ રોગ છે તથા આ રોગ પર દર્દીનો કાબૂ નથી હોતો એ બાબત ચર્ચા કરી.

દવાઓ દ્વારા આંતરિક પરિબળમાં ફેરફાર થતાં, મનની શક્તિ ઇન્દિરાના કેસમાં વધી. આને લીધે બાહ્ય પરિબળોની મન પર અસર ઓછી થઇ તથા કાઉન્સેલિંગ દ્વારા બાહ્ય પરિબળો પ્રત્યેનો અભિગમ બદલાતાં નકારાત્મક અસર નહિંવત થઇ. આમ દવાઓ તથા કાઉન્સેલિંગથી રોગ કાબૂમાં આવ્યો.


- **ચાળીસીના ઉંબરે :**

‘ચાળીસીના ઉંબરે’ સ્ત્રીના જીવનમાં કટોકટીનો સમય છે. આ સમયે મન તથા શરીરમાં અગત્યના ફેરફારો થાય છે. પતિને વ્યવસાયિક તથા કૌટુંબિક ક્ષેત્રે સાથ અને સહકાર, બાળકોની જવાબદારી (ભણતર, લગ્ન, વ્યવસાયિક કારકિર્દી)નું સફળતાપૂર્વક આયોજન કરવું પડે છે. કૌટુંબિક જવાબદારી, સામાજિક ક્ષેત્રે જવાબદારી સ્વીકારવી પડે છે. આ માટે સ્ત્રીનું વ્યક્તિત્વ (આંતરિક પરિબળ) મહત્ત્વનો ભાગ ભજવે છે.

સંશોધનના સર્વેક્ષણ મુજબ સ્ત્રીઓમાં ચાળીસીના ઉંબરે (ત્રીજા તથા ચોથા દાયકામાં) મનના રોગ થવાની શક્યતા વધારે હોય છે.

મનના લક્ષણો, આંતરિક પરિબળો (વ્યક્તિત્વ, આનુવંશિકતા) તથા બાહ્ય પરિબળો (મન પર નકારાત્મક દબાણ લાવનારા પ્રસંગો) પ્રત્યે સજાગ રહેવાથી યોગ્ય નિદાન કરી શકાય છે. સમયસરની યોગ્ય સારવાર કરવાથી અપેક્ષિત પરિણામો મળે છે. પ્રતિભાવ, પ્રતિક્રિયા, અભિગમમાં યોગ્ય ફેરફારો કરવાથી મનના રોગ થતા અટકાવી શકાય છે.

***(મંગલ મંદિર, ઓગસ્ટ-૨૦૧૦)***



# કચ્છમાં બાગાયત ખેતી

સંકલન :
નવીનચંદ્ર નારાણજી સોદાગર

બાગાયત ખેતી એટલે ફળફળાદિ, શાકભાજી, ફુલછોડની ખેતીના વાવેતરની ખેતી. ફળો સાથેનો નાતો આદિમાનવના સમયથી છે. આદિમાનવો પણ શરૂઆતમાં જંગલમાંના ફળફળાદિ ખાઈને જીવન નિર્વાહ કરતા. જ્યારે આજે સુધરેલા આપણે માનવીઓ પણ ફળો, શાકભાજી વગેરે આરોગીએ જ છીએ.

કુદરતે ઋતુવાર ફળફળાદિ તેમજ શાકભાજી ઉત્પન્ન કર્યા છે, પણ હાલના સમયમાં દૂરના વિસ્તારમાંથી બીજા સ્થળે ઝડપી હેરફેર થાય છે, તેથી આપણને લગભગ બારેમાસ દરેક જાતના ફળો મળતા રહે છે. પરદેશથી પણ ઘણા ફળો આયાત થાય છે અને નિકાસ પણ થાય છે. આપણે ત્યાં દક્ષિણ ભારતની કેરી માર્ચ માસમાં મળવી શરૂ થાય છે, તો ઉત્તર પ્રદેશની કેરી જુલાઇ માસ સુધી મળતી રહે છે. આમ કેરી ૫ થી ૬ માસ મળતી રહે છે. કુદરતે ઠંડા પ્રદેશમાં થતા ફળોની તાસીર (ગુણો) ગરમ, જ્યારે ગરમ પ્રદેશમાં પેદા થતા ફળોની તાસીર ઠંડી રાખેલ છે. આવી જ રીતે ઋતુવાર થતા શાકભાજી પણ આવા જ ગુણો ધરાવે છે.

આઝાદી પહેલાં કચ્છમાં બાગાયત ખેતી તદ્દન ઓછી હતી. રાજવી તેમજ પૈસાપાત્ર વેપારી જેઓ શોખથી બાગાયત ખેતી કરતા તેમને ત્યાંજ હતી. કારણકે સામાન્ય કિસાનને માટે જાતે ખેતી કરવી અને તે ખેતી ઉપર નિભાવ કરવો અત્યંત મુશ્કેલ હતો. ખેતીની પેદાશ કિસાનના કુટુંબના વર્ષ આખાના નિભાવમાં વપરાતી અને જો વધારો હોય તો વેચવા જાય તો કોઈ લેનાર ન હતું, કારણકે લોકોની ખરીદશક્તિ જ ન હતી. ગાંઠે નાણાં ન હતા, જેથી મોંઘવારી નડતી. તે સમયમાં મોટા ભાગે ચોમાસુ (વરસાદ આધારિત) ખેતી થતી. ગામમાં ભાગ્યે જ બે ચાર વાડીઓ પૈસાદારની હોય, જ્યાં પાણીની સગવડ હોય. ત્યાં પોતાના ઉપયોગ પૂરતા દેશી આંબા, નાળિયેરી, દેશી કેળાં વગેરેના થોડાં વૃક્ષો પાણીના ધોરિયા પાસે વાવેલા હોય. કૂવામાંથી પાણી બળદથી ચાવતા કોશથી ઉલેચાતું, જેથી માંડ ૨-૩ એકર જેટલી જમીનમાં પિયત થતું. જેમાં ચારો, અનાજ વગેરે વવાતું. ખેતીનો આધાર જાનવરોના છાણિયા ખાતર અને બળદ ઉપર જ હતો. સખત મહેનત પછી પણ કિસાનની હાલત અત્યંત ગરીબીમાં રહેતી. ખેતીની પેદાશ અને ગાય-ભેંસના દૂધ, દહીં, છાશ, માખણ, ઘી વગેરેમાંથી જીવનનિર્વાહ થતો. છતાં કિસાનો પોતાનું જીવન શાંતિપૂર્વક પસાર કરતા. હાથ પર નાણાં ન હતા, જેથી ખરીદ શક્તિનો અભાવ હતો. દિવાળીના પર્વે કિસાન પોતાના અને કુટુંબીજનો માટે માંડ માંડ એક-બે જોડી કાપડના કપડા સિવડાવી શકતા. તે સમયમાં વરસાદ અનિયમિત વરસતો. દુષ્કાળ, અતિવૃષ્ટિ, તીડ (Locust)ની ભીતિ રહેતી. બેકારી પણ હતી. કામ કરવા જતાં કામ ન મળતું, જેથી કામદાર વર્ગની હાલત તદ્દન ગરીબીમાં રહેતી. આથી કચ્છના ઘણા લોકો જે તે કામધંધા કે ખેતી મૂકીને વહાણોમાં દરિયા રસ્તે પરદેશ ગયા અને ત્યાં કમાયા, ત્યાં સ્થાયી થયા. જેથી આજે કચ્છી પ્રજા અનેક દેશોમાં વસે છે. આમ દુઃખ પછી સુખનો વારો આવ્યો છે.

દેશભરમાં ફળો કે શાકભાજીનો ઉપયોગ ન હતો. મોગલ રાજાઓને ફળફળાદિ, બગીચાઓ, ફુલો વગેરેનો શોખ હોતાં, તેમણે મહેલો ચણાવ્યા અને તેની આસપાસ બગીચાઓ વિકસાવ્યા. ફળ ઝાડો પણ વવડાવ્યા. બ્રિટિશરોના આગમન પછી, રાજાઓ, સુખી લોકો તેમના સંપર્કમાં આવ્યા અને તેમની રહેણીકરણી, ખોરાક, ફળફળાદિનો ઉપયોગ વગેરે અપનાવ્યા. બ્રિટિશરોએ તેમના અંગત ઉપયોગ તેમજ ધંધાદારી ધોરણે કમાણી કરવા પણ ફળફળાદિની ખેતી વિકસાવી. કાશ્મીરમાં સફરજનની ખેતી, ચાના બગીચાઓ વગેરે તેઓએ વિકસાવ્યા.

કચ્છના મહારાવશ્રીઓએ પણ તેમના રાજકાળ દરમિયાન મહેલો બંધાવ્યા ત્યારે તેની આસપાસ બગીચા, ફળફળાદિ વવડાવ્યા. તે સમયમાં શરદબાગ, રાજમહેલ, આયના મહેલ, વિજય વિલાસ પેલેસ (માંડવી)ની આસપાસ બગીચાઓ વિકસ્યા. વિજય વિલાસ પેલેસની આસપાસ ફળ ઝાડના મોટા બગીચાઓ વિકસ્યા. તેના આયોજન માટે તે સમયના બાગાયત ખેતીના જાણકાર શ્રી માવજીભાઈ ગજ્જર, ધનજીભાઈ ગજ્જરની રાહબરી હેઠળ બગીચાઓનો વિકાસ થયો. તે સમયના કચ્છના વનસ્પતિ શાસ્ત્રી શ્રી જયકૃષ્ણ ઇંદ્રજિતની સલાહ-સૂચના વનસ્પતિની વૃદ્ધિ માટે લેવાયેલ. કચ્છનો પ્રથમ બાગાયતી નિર્દશન પ્લોટ-મોડેલ ફાર્મ તે સમયના કચ્છના બ્રિટિશ પ્રધાનની સૂચનાથી વિકસ્યું. જેમાં ચીકુ, લીંબુ, જામફળ, દાડમ વગેરેનું વાવેતર કરવામાં આવેલ. તે સ્થળ હતું આજનું ભાનુશાલી નગર (ભુજ). તે સમયમાં ખેતીવાડીના સ્નાતકો માંડ ૨ જણા હતા. મુન્દ્રામાં આવેલ ચી.ચી. વાડીમાં (હાલની બાગાયત નર્સરી) પણ

ફળ ઝાડોના વાવેતર કરવામાં આવેલ. માંડવી-મુન્દ્રાના પૈસાપાત્ર ભાટિયા સદ્‌ગૃહસ્થોએ પણ તેમની વાડીઓમાં બાગ બગીચાઓ વિકસાવ્યા હતા. માંડવી પાસેના નાગલપુર ગામમાં ભાટિયા ચત્રભુજ (ચતુભા)એ તેમની વાડીમાં ચીકુ, લીંબુ, જામફળ, દાડમ, નાળિયેરી દ્રાક્ષ વગેરે વાવેલા, તે આ લખનારે જોયેલા.

**કચ્છમાં બાગાયત ખેતી મોટાપાયે વિકસાવવામાં ખેડોઇના સ્વ. શ્રી નારૂભા મેરજીભા જાડેજાનો ફાળો મોટો છે.** તેઓએ સને ૧૯૫૦માં માત્ર રૂા. ૨૦૦૦/-ની મૂડીથી બાગાયત ખેતીની શરૂઆત કરી અને ચીકુનું વ્યવસ્થિત વાવેતર કર્યું. તે સમયે તે ગામમાં નવા નિમાયેલ ગ્રામસેવક શ્રી નાગુભાઇનો સાથ સહકાર, સલાહ, સુચનો મળતા તેઓ બાગાયત ખેતીમાં સફળ થયા. તેથી તે ગામના અનેક ખેડૂતોએ બાગાયત ખેતી અપનાવી. તેના પરિણામે આજે ખેડોઇ ગામની બાગાયત ખેતી કચ્છમાં ગણનાપાત્ર છે અને કચ્છના અન્ય વિસ્તારોમાં પણ આ ખેતી પ્રત્યક્ષ જોયા પછી બાગાયત ખેતી વિકસી.

માંડવી તાલુકાના ગામ મઉંની ફળદ્રુપ જમીન અને ઝરણાના પાણીના ઉપયોગથી કેળાં-પપૈયાની ખેતી વિકસી. તે ગામમાં અગાઉ ૧૦-૧૨ વર્ષ સુધી કેળાંનો બગીચો સારું એવું વળતર આપતો. **આજે પણ કચ્છમાં મઉંના કેળાં પ્રખ્યાત છે.** આ ગામની સફળ બાગાયત ખેતી જોઇને આસપાસના ગામો દેવપર, ગઢશીશા વગેરેમાં પણ બાગાયત ખેતી વિકસી. છેલ્લાં થોડાં વર્ષો થયાં બાગાયત ખેતીને પ્રોત્સાહિત કરવા તેના નવા વાવેતર માટે સબસિડી, બેંક લોન, પિયત માટે પદ્ધતિ, વગેરેની સુવિધા મળતાં આજે આ વિસ્તારમાં બાગાયત ખેતીનો વિકાસ થયો છે. **આ વિસ્તારની કેસર કેરી દેશ-પરદેશ નિકાસ થાય છે.**

કચ્છમાં થતી ખારેકની ગણતરી કચ્છના બાગાયતી પાકોમાં કલ્પવૃક્ષ તરીકે થાય છે. તાજી ખારેક (લાલ-પીળી), ખજૂર અને સૂકી ખારેક (છવારા) એ એકજ ખજૂરી-ખારેકડીની પેદાશ છે. આપણે ત્યાં થતી તાજી લાલ-પીળી ખારેકને સૂકું અને ગરમ હવામાન (૪૫° સે થી વધારે) મળે, અને વૃક્ષ પર આ ફળો રહેતા, ફળો નરમ (Rutab) થઇને ખજૂરમાં પરિણમે. **સૂકી ખારેકને બનાવવી પડે છે, તે ખારેકડી પર થઇ શકતી નથી.**

આઝાદી પછી ૧૯૫૮ના અરસામાં ખેતીવાડી તરફથી કચ્છમાં (કચ્છ ત્યારે 'સી' સ્ટેટમાં હતું) 'ખારેક વિકાસ યોજના' હેઠળ પરદેશથી આવેલ ખારેકના પીલાનું વાવેતર ખેડોઇના સરકારી ફાર્મમાં થયું.

**ત્યારબાદ ૧૯૭૮માં મુન્દ્રા મુકામે ખારેક સંશોધન કેન્દ્રની શરૂઆત થઇ,** અને પરદેશથી આયાત થયેલ જુદી જુદી જાતની ખારેકડીના પીલાનું વાવેતર થયું. તેમાંની બરહિ અને હિલાવી જાતોની ખારેક કચ્છના હવામાનને અનુકૂળ જણાઇ છે. ૧૯૮૦ના અરસામાં 'ખારેક વિકાસ યોજના' બાગાયત ખાતા તરફથી કચ્છમાં શરૂ થઇ અને સારી જાતના ખારેકના રોપાનું વેચાણ તદ્દન નજીવા ભાવે મૂકાયું.

સને ૧૯૯૬ના અરસામાં માંડવી તાલુકાના જમણિયા ગામે આવેલ કિનુવાડીમાં 'જીફ્ડ' જર્મન ઇઝરાયેલ ફંડ ફોર રિસર્ચ ઇન ડેવલોપિંગ કન્ટ્રીઝ યોજના હેઠળ પરદેશથી ૧૫૦ જુદી જુદી જાતની ખારેકના તેમજ ૨૫૦ ટિસ્યુકલ્ચર રોપા ખલાસ જાતના વવાયા. આ યોજના સાથે સંકળાયેલા ઇઝરાયેલના ખારેકના નિષ્ણાત પ્રોફેસર આમનોન ગ્રીન બર્ગ કચ્છમાં થતી ખારેકની ખેતી નિહાળીને સુધારણા માટે સૂચનો કર્યા, અને કચ્છમાંના ખારેકના બગીચાઓની મુલાકાત લીધી. તેમણે બાગાયત પાસે બીજથી સુધરેલી ખારેકમાંની નબળી કક્ષાના તથા નકામા નર ઝાડ કાઢી નાખવા ભલામણ કરી, તેમને કચ્છની ખારેક ગમી ગઇ. તેમણે ઝરપરાના શ્રી નારાણ લધા ગઢવીની ખારેકની લગની તથા રસ જોઇને, ૧૦ માસ માટે ઇઝરાયેલની ખારેકની ખેતીની પ્રત્યક્ષ તાલીમ અને કામગીરી માટે લઇ ગયા.

કચ્છમાં ખારેક ખેતી વર્ષોથી ચીલાચાલુ પદ્ધતિએ થાય છે. તેમાં પડતી મુશ્કેલીઓ, વેચાણ વગેરે ઘણા પ્રશ્નો બાગાયતદારોને મુંઝવે છે, બાગાયતદારો વેરણ છેરણ હોઇ તેમનો અવાજ કે ફરિયાદ સરકાર પાસે પહોંચતા નથી. તેથી કચ્છમાં બાગાયતદારોનું સંગઠન 'ડેટ ગ્રોવર્સ એસોસિએશન' મુન્દ્રા મુકામે શરૂ થયું. પણ આજ દિન સુધી કોઇ નક્કર કામગીરી થઇ શકી નથી.

સને ૧૯૭૮થી ૧૯૮૫ દરમિયાન પરદેશથી ખારેક વાવેતરના નિષ્ણાતો કચ્છની મુલાકાતે આવી ગયા છે. અહીંની ખારેકના વૃક્ષોની વિવિધતા તેમજ રંગરૂપ, સ્વાદ વગેરે નિહાળી આશ્ચર્યમાં મુકાઇ ગયા. તેમનો અભિપ્રાય હતો કે 'ખારેકમાં આવી વિવિધતા, ઝડપી વૃદ્ધિ, દુનિયાના કોઇ પ્રદેશમાં નથી.'

ખારેક સંશોધન કેન્દ્ર મુન્દ્રાના પ્રબના નીકલ ઇશાક તૂર્કની વાડીમાં તેમની પસંદગીના દેશી ખારેકના પીલાનું ૮ x ૮ મીટરના અંતરે પીલાથી વાવેતર કરીને કચ્છનું પ્રથમ બાગાયતદારની વાડીમાં ખારેકનું પીલાથી વાવેતરનો ડેમોન્સ્ટ્રેશન પ્લોટ વિકસાવાયો. આમાંથી પ્રેરણા લઇને બાગાયતદારો પીલાના વાવેતર તરફ આકર્ષાયા અને પીલાથી ખારેકનું વાવેતર કરતા થયા.

કચ્છમાં આવેલ ૯મી જૂન, ૧૯૯૮ના વાવાઝોડાંથી બાગાયતદારોને ખારેક, આંબા, ચીકુ વગેરેના બગીચામાં ભારે નુકસાની વેઠવી પડી. તેમ છતાં હિંમતથી આગળ વધ્યા. તેના પરિણામે આજે બાગાયતી ખેતીમાં સુધારા થયો છે. દુનિયાનો ઇતિહાસ જોઇએ તો કુદરતી આફતોથી નુકસાની અસહ્ય થઇ

છે, પણ તેથી ફાયદા પણ અનેક થયા છે. કુદરત આવી રીતે આફતો કરીને, કંઈક સારું કરવા માટે પ્રેરણા આપે છે. આમ કચ્છમાં વાવાઝોડાથી બાગાયત ખેતીમાં ખાસ કરીને ખારેકની ખેતીમાં પરિવર્તન આવ્યું છે. હાલમાં સારી જાતની ગુણવત્તાસભર ખારેકના ફળો ટનબંધ ઉત્પન્ન થાય છે. વાવાઝોડાથી બાગાયત ખેતીની નુકસાનીથી સુધારા લાવવાનો યશ વડીલ શ્રી કાંતિસેન શ્રોફને ફાળે જાય છે. તેઓએ ઈઝરાયેલના નિષ્ણાતોને આમંત્રીને હવે ખારેકના માટે શું થઈ શકે તે માટે ચર્ચાઓ કરી, કચ્છની જમીન, પાણી, હવામાન વગેરેની મોજણી કરીને યોજના બનાવી. તેના ફળ રૂપે કચ્છમાં ખારેકના ઉત્પાદકોની બે કંપનીઓ સ્થાપાઈ. પ્રથમ 'કચ્છ ક્રોપ સર્વિસીસ લિ. - ગજોડ' (KCSL) અને બીજી 'કચ્છ ડેટસ ડેવલોપમેન્ટ કન્સોર્ટિયમ' ભુજ મુકામે સ્થપાઈ. પરદેશથી 'બરહિ' જાતના પીલા તેમજ ટિસ્યુકલ્ચર રોપા આયાત થયા. પરિણામે આજે આ જાતની ખારેકના ૩૫,૦૦૦ જેટલી સંખ્યામાં વાવેતર થયું છે. અને અમુકમાં ફૂલની પણ શરૂઆત થઈ છે.

સ્વ. શ્રી સુમતિચંદ્ર મહેતાએ પણ મુન્દ્રા મુકામે ખારેકની ખેતીમાં સુધારણા લાવવા અને કચ્છની પ્રખ્યાત ખારેકના ટિસ્યુકલ્ચર રોપાના ઉત્પાદન માટે મુન્દ્રા મુકામે 'ટિસ્યુકલ્ચર લેબોરેટરી'ની સ્થાપના 'જન્મભૂમિ ગ્રૂપ'ના સહકારથી શરૂ કરી. પરિણામે હાલમાં કચ્છની ખારેકના ટિસ્યુકલ્ચર રોપા વેચાણમાં છે.

કચ્છમાંનું હવામાન, જમીન, પાણી વગેરે ખારેક માટે અનુકૂળ છે, પણ ખારેકના ફાલ સમયે વરસાદ આવતો હોઈ, હવામાં ભેજ રહે છે, તેથી ખારેકના ફાલને નુકસાન થાય છે. વરસાદ સતત ચાલુ રહે, તો ખારેકના ફળો બગડીને ખરી જવાના પ્રસંગો કોઈક વર્ષે બને છે. આમ કચ્છમાં ખારેકની ખેતી માટે આ એક મોટી મુશ્કેલી છે.

અગાઉ મુન્દ્રા તાલુકાના ગામો - ધ્રબ, ઝરપરા, ભુજપુર વગેરેમાં ખારેકની ખેતીમાં વધુ રસ હતો. પણ હવે પોર્ટ, કારખાનાંઓની હારમાળા થતાં, જમીનના ભાવ અત્યંત વધ્યા. બાગાયત ખેતી માટે મજૂરોની અછત, ઊંડા જતા પાણીના તળ વગેરેના લીધે ખારેકની ખેતી તેમજ અન્ય ફળ પાકોની ખેતી કરવી મુશ્કેલ બની છે, જ્યારે માંડવી, ભુજ વગેરે તાલુકાઓમાં બાગાયત ખેતી વિસ્તરે છે.

ભારતભરમાં અત્યાર સુધી ખારેકની ખેતી માટે કચ્છનું એકહથ્થુ શાસન હતું (મોનોપોલી હતી). **પણ હવે, રાજસ્થાન, તામિલનાડુ વગેરે રાજ્યોમાં ખારેકની ખેતી મોટાપાયે વધવામાં છે.** ત્યાં ખારેકની ખેતી માટે કચ્છ કરતાંય વધુ અનુકૂળતાઓ હોઈ, કદાચ કચ્છની ખારેક માટેની એક હથ્થુતા ઝુંટવાઈ જાય તેવી પૂરી શક્યતા છે.


કચ્છમાં સને ૧૯૬૫ પહેલાં માત્ર દેશી આંબાનું વાવેતર હતું. કલમી આંબાનું વાવેતર જૂજ પ્રમાણમાં હતું. આઝાદી પહેલાં કચ્છના પૈસાપાત્ર લોકો મુંબઈથી આવતા ત્યારે આફુસ, પાયરી, વગેરે કેરીના ફૂલો લાવતા. તેનો ઉપયોગ કરીને તેની ગોટલી વવડાવતા. તેમાંથી તેજ જાતના ફળો મળ્યા નહિં અને તે દેશી આંબામાં જ ગણાઈ જતા. (કલમ પદ્ધતિથી જ જેતે જાતના કુળવાળા આંબા ઉત્પન્ન કરી શકાય.) બિદડા, અંજાર, ભૂજ, મઉં, ગુંદિયાલી વગેરે ગામોમાં દેશી આંબાના વાવેતર હતા. તે પણ શેઢા પાળે કે ધોરિયાની પાસે વવાતા, પ્લોટમાં વાવેતર ભાગ્યેજ કરતા. આંબાને માત્ર છાણિયું ખાતર અપાતું, જમીનમાં પાણીના તળ ઊંચે હોઈ, પિયત પણ પ્રમાણમાં ઓછું જરૂરી હતું, જેથી દેશી આંબાના ફળોમાં કુદરતી મીઠાશ અને લિજ્જત રહેતી. હવે દેશી આંબાના વૃક્ષો નવા વાવેતરો ન હોઈ ઘટવામાં છે.

આ લખનારે ૧૯૬૫માં ખેડોઈના બાગાયતદારોને સોરઠની (જૂનાગઢ જિલ્લો) પ્રખ્યાત કેસર કેરીનો સ્વાદ ચખાડ્યો, ત્યારે તેમણે આ જાતના આંબા વાવવા ઈચ્છા વ્યક્ત કરી. **તેથી થોડી કેસર કેરીની કલમો માંગરોલ (સૌરાષ્ટ્ર)થી મેળવીને ખેડોઇ ગામની વાડીઓમાં પ્રથમ વખત વવડાવી.** આમ કચ્છમાં પ્રથમ વખત કેસર કેરીનું આગમન થયું. આજે ૪૫ વર્ષે કચ્છની કેસર કેરી દેશ-પરદેશ નિકાસ થઈ રહી છે. તેના યશભાગી કચ્છના બાગાયતદારો છે.

સરકારશ્રીના બાગાયત ખાતા તરફથી પણ આંબા તેમજ અન્ય ફળઝાડના વાવેતરો વિકસાવવાની પ્રોત્સાહિત યોજનાઓ, સબસિડી, બેંક લોન, ડ્રીપ ઈરિગેશન તેમજ બાગાયતદારોની કોઠાસૂઝ, હિંમત વગેરેને લીધે **કચ્છમાં કેસર કેરીના વાવેતરો વધ્યાં છે પણ કચ્છની કેસર કેરીનો પાકવાનો સમય થોડો મોડો છે, તેથી વહેલો વરસાદ સખત પવન, વાવાઝોડાની દહેશત સતત રહે છે.** કેરીની મોસમ માંડ એકાદ મહિનાથી પણ ઓછા સમયની હોઈ, કેરીમાં શાખ પડ્યા વગર કાચી ઉતારીને ગેસમાં પકવીને વેચવાથી, તેની ગુણવત્તા અને પૂરતા ભાવ ન મળે, તેથી મુશ્કેલીઓ ઊભી થાય છે. કચ્છની કેસર કેરી હોય કે તલાલા ગીરની (સૌરાષ્ટ્ર) કેસર કેરી પણ તે કેસર જ છે, તેમાં જમીન, પાણી, હવામાનનો થોડો તફાવત પડી શકે. સૌરાષ્ટ્રના આંબાના બગીચાના ઈજારદારો, વેપારીઓ, વાપરનારા વૈજ્ઞાનિકોને પણ કચ્છનો વિસ્તાર કેસર કેરીના વાવેતર માટે વધુ અનુકૂળ ગણાયો છે.

**રાજાશાહી સમયમાં કચ્છમાં નાળિયેરીના વાવેતરો વિજય વિલાસ પેલેસના બગીચામાં તેમજ મુન્દ્રા-માંડવીના ભાટિયા સદ્ગૃહસ્થોની વાડીઓમાં હતા.** તે સમયમાં જમીનમાં

(અનુસંધાન : જુઓ પાના નં.-૪૮ ઉપર)



# અય મહોબ્બત, તેરે અંજામ પે રોના આયા

ડો. ગિરીશ વીછીવોરા

*અય મહોબ્બત તેરે અંજામ પે રોના આયા, જાને ક્યું આજ તેરે નામ પે રોના આયા.*

*યું તો હર શામ ઉમ્મિદો મેં ગુજર જાતી થી, આજ કુછ બાત હય જો શામ પે રોના આયા.*

*કભી તકદીર કા મૌસમ કભી દુનિયા કા દિલાસા, મંઝિલે ઈશ્ક મેં હર ગામ પે રોના આયા.*

*જબ હુઆ જિકર જમાને મેં મહોબત કા 'શકી', મુજકો અપને દિલે નાદાન પે રોના આયા.*

***ગીતકાર : શકીલ બદાયુની,***
***ગાનાર : બેગમ અખ્તર.***

શકીલ બદાયુનીના આ ઊર્મિ ગીતને બેગમ અખ્તરના બહેતરીન સ્વરમાં માણવું એક લહાવો છે. ગીત રેકોર્ડ કે સીડી પર શરૂ થાય, તબલા, હારમોનિયમને સારંગીનો ઉપાડ સંભળાય, ગમગીન વાતાવરણની સહેજ ઝલક પીરસાય કે તરત ઉપસી આવે બેગમ સાહેબાનો અવ્વલ નંબરનો, ભરેલો, ભારી, દર્દની દાસ્તાં લહેરાવતો બુલંદ સ્વર. પલકવારમાં જ વાજિંત્રો પશ્ચાદભૂમાં ચાલ્યા જાય ને છવાઇ રહે ફક્ત દર્દભર્યો બેનમૂન બહેલાવતો બુલંદી સ્વર. શું થયું તેનો વિચાર કરીએ તે પહેલાં એ જાદુઇ ચિરાગ આપણા દિલ દિમાગનો એવો તો સજ્જડ કબજો લઇ લે, બધું ભૂલી વિસરી, સ્વર પર ઓવારી જઇ માણતાં માણતાં ક્યાંક ખોવાઇ જવાય. ગઝલ મૂળમાં બળૂકી હોવી જ જોઇએ. એનો હર શબ્દ, હર લબ, કંઇક કહેતો હોય, ભાવદર્શી હોય ને બીજા શબ્દોની સાથે હળી મળી કંઇક અવનવું ચિત્ર ઉપસાવતો હોય. બે લીટીમાં એ ચિત્ર ફક્ત પુરું થવું જોઇએ. સાથે સાથે આખી ગઝલના મણકારૂપ સપ્રમાણને સુસંગત થવું જોઇએ, દિલને એવી તો ઠેસ પહોંચાડતું હોવું જોઇએ કે હૃદયમાંથી ઊર્મિ ઉઠી વદી બેસે 'ઔર હો જાએ' એવી નક્શીદાર ગઝલ બહુ જ ઓછી બની છે. હર ગઝલને પોતાની એક તાસીર હોય છે, એક રૂપ હોય છે, એક ભાવ હોય છે. એની એક અનુપમ શિલ્પ ધરાવતી મૂર્તિ હોય છે. એ મિજાજને જે પહેચાની શક્યો તે જ ગઝલ બરાબર ગાઇ શકે. જે ભાવક એ મૂર્તિમાં મોહિત થઇ શક્યો એને જ એ ગઝલ દિલદારીથી દર્શન આપે છે. ગઝલ ગવાય એ એક Performance અદાકારી બની રહે છે. ગાયક ગઝલના હાર્દ સુધી પહોંચી શક્યો, એની રૂહ પામી શક્યો તેજ એના મિજાજને પામી શકશે ને વહાવી વ્યક્ત કરી, ભાવક સુધી પહોંચાડી શકશે. સર્વાંગ સુંદર, સુડોળ, કમનીય, ઊર્મિસભરને હરપળે, હર લીટીએ નવી નવી ઊર્મિ જન્માવતી ગઝલ જૂજ છે. ગઝલ હંમેશાં ગહન ને ગુઢાર્થવાળી હોવી જોઇએ એ મુમકિન નથી. ઉપરટપકે સાવ સીધી સાદી સરળ ભાસતી આ ગઝલમાં શાયર શકીલ બદાયુનીએ જીવનનો મર્મ કહી દીધો છે. ઉપાડ જ જુઓને, 'અય મહોબ્બત તેરે અંજામ પે રોના આયા....' આપણને સહેજે દુન્યવી મહોબત, પ્રેમ આશિકી, આશિક-માશૂકની જીકર થતી હોવાનો ભાસ થાય છે, જે સહજવારમાં જ અલોપ થઇ, ઉચ્ચ આધ્યાત્મિક સ્તર પર પહોંચી જવાય છે. જેવી બીજી લાઇન 'જાને ક્યું આજ તેરે નામ પે રોના આયા' અરે, જેનો ગજબનો ચાહક છું એનું નામ સ્મરતા કેમ દુઃખ થાય છે ગમ ઊભરાઇ આવે છે? ગાલીબને યાદ કરીએ :-

*'યહ ન થી હમારી કિસ્મત કિ વિસાલ એ યાર હોતા, અગર ઔર જી તે, યહી ઈન્તઝાર હોતા.'*

જેની રાહ જોતાં જીવન પૂરું થઇ જાય છતાં નાસીપાસ ન થવાય એવી આશા મનમાં ઘર કરી બેઠી હોય તો જ એ ભાવ આવે. આગળ વધીએ. 'યું તો હર શામ ઉમ્મિદોમેં ગુજર જાતી થી, આજ કુછ બાત હય જો શામ પે રોના આયા.''

ઉમ્મિત રહેતીથી મનમાં કે તું જરૂર આવશે. એ ઉમ્મિદોમાં જ સાંજ ગુજરતી હતી, વીતી જાતી હતી, મને એની ફિક્ર નોતી. હું બહુ જ આશાવાદી હતો. તેં તો મને વાયદો પણ આપ્યો હતો. એટલે એ આશાના તંતુ પર ટિંગાઇ તારી વાટ ઉમંગથી જોતો હતો. એ મારો ક્રમ હતો. તો એકાએક આજે એવું શું થઇ ગયું કે એ ઉમ્મિદોભરી શામ ઉપર જ રડવું આવી ગયું? ક્યારેક વ્યક્તિ જે આશાના તંતુ પર જીવતી હોય, એને સહારે જ જીવતી હોય ને એવો હેલો પણ મનમાં ક્યારેક આવી જાય કે શું કામ આટલો આશાવંત થઇ પ્રભુદર્શનની રાહમાં જ જિંદગી વિતાવી રહ્યો છું.' ક્યારેક આવી પોતાની દર્દભરી હાલત પર રડવું આવી પણ જાય. પ્રેમલક્ષણા ભક્તિમાં, ભક્તની હરઊર્મિ સહજ રીતે ઊભરાય છે. એ નાચશે, ગાશે હસસે પણ ખરો, તો રડે શું કામ નહિ. ક્યારેક ભગવાન સાથે ઝઘડો પણ કરી બેસે. ગુલઝારે એવું જ કહ્યું છે *'શામ સે આંખ મેં નમી સી*

*હૈ, આજ ફિર આપકી કમી સી હૈ.'*

'કભી તકદીરકા મૌસમ કભી દુનિયા કા દિલાસા, મંઝિલે ઇશ્કમેં હર ડામ પે રોના આયા.'

આ એવી વાતો છે જેમાં દિલ દિમાગ કામ નહિ આવે. ક્યારેક તકદીરના ખેલ ખેલાય, ક્યારેક દુનિયાદારી આડી આવી ઊભી રહી જાય. ઇશ્ક, પ્યાર મહોબ્બતની મંજિલ તો કાંટાળો પથ છે. ત્યાં જેવા તેવાનું કામ નથી. હર ડગલે ને પગલે કંઇક થતું રહે. ક્યારેક પ્રેમની મોસમ છલકાઇ જાય ક્યારેક રડવું પણ આવી જાય. ખરો ઇશ્કબાજ આવી મુસીબતોથી ન ડરે છે, ન રડે છે. સામનો કરી પરીક્ષામાંથી પસાર થાય છે. જુઓને મૌલાના હસરત મોહાનીનો મિઝાઝ, *'આજ તક નજરોં મેં હૈ વો સોહબતે-રાઝ ઓ અપાઝ, અપના જાના યાદ હૈ, તેરા બુલાના યાદ હૈ.'*

'જબ હુઆ જિકર જમાને મેં મહોબત કા 'શકી', મુજકો અપને દિલે નાદાન પે રોના આયા.'

તારા પ્યારમાં ગળાડૂબ ખુંપેલો હતો. મને થયું હવે તો તારું સાનિધ્ય ઢુકડું છે. હું તલપાપડ હતો. મિલન માટે. પણ, યાર એ બેદર્દ દુનિયા મારી એ બેસુમાર ઇશ્કબાજીને કોઇક જુદા જ અંદાજથી જોતી રહી. દુનિયાદારીને મારી સાથેની તારી ઇશ્કબાજી મંજૂર નો'તી. લોકોએ હોબાળો મચાવ્યો ને મારા પાગલપનને ધુત્કારી કાઢ્યું. મારા એ બેહૂદા વર્તન પર ટીકાઓની ઝડી વરસી. શું કરું યાર, મને મારી નાદાનિયત, મારી છોકરમત પર જ રડવું આવ્યું ને રડતો રહ્યો. ફરી 'શાયર' બોલી ઊઠે છે, 'ન જાને કૌનસી મંઝિલ પે આ પહૂંચા હૈ પ્યાર અપના, ન હમકો ઐતબાર અપના, ન ઉનકો ઐતબાર અપના.'

શકીલ બદાયુનીની બેહતરીન કળાકૃતિને સહારો મળ્યો બેગમ અખ્તરના સ્વરનો. ગઝલનું એ સદ્‌ભાગ્ય. બેગમ સાહેબાએ એક અલગ અંદાઝથી એને ગાઇ છે. એને રમાડી છે, ભમાવી છે, એની સાથે ફેરફૂદડી ફર્યા છે. એ ગઝલને ફરી ફરી એક ચિત્તે સાંભળતા રહીએ ત્યારે જ ખ્યાલ આવે કે બેગમ સાહેબાએ એને ગાતાં પહેલાં આખી પોતાના અંગમાં ઉતારી હશે. એ ગઝલમય થઇ ગયા હશે, કારણકે ગઝલને માણતાં એવું મહેસૂસ થતું જ રહે છે કે એ ગઝલનો મિઝાઝ એની કથા વસ્તુ જાણે બેગમ સાહેબા દુઃખી થઇ વ્યક્ત કરતા ન હોય. યાદ રહે, આવું થાય ત્યારે ગાયન પાછલી સીટ પર બેસી જાય છે. અવ્વલનંબરે ઉપસે એ કૃતિનું ભાવજગત. હા, બેગમસાહેબાએ ભાવજગતમાં જ રમમાણ રહી એને ગાઇ છે. એટલે જ એના એકેએક શબ્દમાં પ્રાણપુરાયા છે ને એક જીવંત દૃશ્ય ખડું થયું છે. હરેક શબ્દ પર યોગ્ય વજન, અવાજની સીલવટમાં બદલાવ ને હલક લાજવાબ છે. ભાવક એ માણતાં માણતાં એમાં ઓતપ્રોત થઇ જાય છે. ગઝલથી ઘેરાઇ જતો નથી. ગઝલને એ ઓઢી લે છે. ગઝલથી આવર્તિત થઇ જાય છે. ખુદમાં સરી પડે છે ને સ્વ તરફ ભ્રમણ કરતો થાય છે. બસ, એટલું થયું કે ગઝલનું કામ પૂરું થયું. પછી તો 'માંહી પડ્યા તે મહાસુખ માણે.'

*૫૦/૪ રામસદન, માટુંગા, મુંબઇ-૪૦૦ ૦૧૯.*

*(મંગલ મંદિર, સપ્ટેમ્બર-૨૦૧૦)*

---

## કચ્છમાં બાગાયત ખેતી

**(અનુસંધાન : પાના નં.-૪૬ ઉપરથી ચાલુ)**

પાણીના તળ ઊંચે હતા, હવામાન થોડું ભેજવાળું રહેતું. તેથી નાળિયેરીમાં સારા એવા ફળો લાગતા. પણ હાલના સમયમાં તેનાથી વિપરીત પરિસ્થિતિ હોઇ નાળિયેરીના મોટા વાવેતરો વ્યાપારી ધોરણે કરવા હિતાવહ જણાયા નથી. કચ્છમાં ૧૯૬૦ના અરસામાં 'નાળિયેરી વિકાસ યોજના' અમલમાં આવી, નાળિયેરીના રોપા બાગાયતદારોને તદ્દન મામૂલી ભાવે વેચવામાં આવ્યા. પણ આ યોજના વધુ ફળીભૂત ન થઇ.

કચ્છમાં ચીકુના થોડાં વાવેતરો હતાં, પણ તેમાં લાડવા જેવા ગોળ ફળ (ક્રિકેટ બોલ) જેવા ફળ થતા, જે ખાવામાં પણ લિજ્જત આપતા નહિં. ખેડોઇના સ્વ. શ્રી નારૂભા જાડેજાએ ૧૯૫૮માં ચીકુની 'કાલી પત્તી' જાતની કલમો વલસાડથી મંગાવીને વાવેતરો કર્યા, જે સફળ થતાં, ખેડોઇ ગામમાં તેમજ કચ્છમાં અન્ય ગામોમાં પણ વાવેતરો વધ્યાં. **પણ છેલ્લાં થોડાં વર્ષો થયાં ચીકુની ખેતીમાં ઓછું વળતર અને ઉત્પાદનમાં ઘટાડો, જીવાતનો ઉપદ્રવ વગેરે કારણોને લીધે વાવેતરો ઘટવામાં છે.**


કચ્છમાં દાડમની ખેતીમાં જીવાતનો ઉપદ્રવ રહેતો હોઇ તેના મોટા વાવેતરો ન થતા. **પણ હાલમાં અંજાર અને ભચાઉ તાલુકાના અમુક ગામોમાં દાડમની મોટી ખેતી થઇ રહી છે.** જંતુનાશક દવાઓના ઉપયોગથી જીવાત પણ કાબૂમાં રહે છે. **અહીંના દાડમ દેશ-પરદેશ નિકાસ થઇ રહ્યા છે.**

**બોરની તેમજ આમળાની ખેતી અપનાવવાની ઝુંબેશ ૧૯૮૦ના અરસામાં થઇ. પણ આ બન્ને પાકમાં પૂરતું વળતર ન મળતાં આ પાકના બગીચાઓ ઘટી ગયા.** સરગવો, સિલ્ક કોટન (રેશમી કપાસ)ની ખેતીની પણ જાહેરાતો થઇ, વાવેતરો થયાં, પણ સફળ ન રહ્યાં. છેલ્લે 'કાજુની ખેતી'ની વાતો થઇ, વાવેતરો પણ થયાં. પણ તેમાં પણ આગળ ન વધાયું.

**કચ્છમાં નાના પાયે ચકોતરા બીજોરા, લીંબુ, સીતાફળ, રાયણ, કાળા જાંબુ, તાજી બદામ, અંજીર વગેરેની ખેતી થાય છે.** એકંદરે જોઇએ તો કચ્છનો વિસ્તાર ફળ ઝાડની ખેતી માટે અનુકૂળ છે.

*શ્રી નાગનાથ કૃપા, ૫૦ શ્રી હરિનગર,*
*કચ્છ ઓઇલ મિલ સામે, લાયજા રોડ, માંડવી, કચ્છ-૩૭૦ ૪૬૫.*

*(મંગલ મંદિર, સપ્ટેમ્બર-૨૦૧૦)*



# ધરતીનું ઋણ અદા કરીએ, મૃત્યુ પાછળ વૃક્ષારોપણ

ગાંગજી લીલાધર દેઢિયા

જન્મ લેતી દરેક વ્યક્તિનું મૃત્યુ નિશ્ચિત હોય છે. તે ક્યારે આવે છે અને કેવી રીતે આવશે એ આપણા હાથમાં નથી. વ્યક્તિ પોતાના જીવનકાળ દરમ્યાનની કેટલી બધી ક્રિયાઓ થકી આડઅસરને લીધે પ્રદૂષણ વધારવામાં, અજાણતાં ભાગીદાર બની જાય છે.

**વ્યક્તિ જ્યારે મૃત્યુ પામે છે ત્યારે એની ઈચ્છા મુજબ ચક્ષુદાન, ત્વચા દાન, કિડની દાન, લીવર (યકૃત) દાન, હૃદય દાન, અસ્થિ દાન, ફેફસાં દાન, દેહદાન અને ભવિષ્યમાં સ્ટેમસેલ દાન કરી શકે છે.** મૃત્યુ પછી પણ ઉપરોક્ત રીતે પૃથ્વી પરના કેટલા બધા લોકોને ઉપયોગી થઈ શકે છે.

પ્રદૂષણ વધારવામાં, મૃત્યુ પછી શબને બાળી નાખવાની ક્રિયા પણ ભાગ ભજવે છે. એક સામાન્ય કદની વ્યક્તિને બાળવા માટે ઓછામાં ઓછા ચારસો કિલો લાકડાંની જરૂર પડે છે. એ લાકડાંનું વિચ્છેદન પણ ધર્મને હિસાબે પાપ છે. ચારસો કિલો એટલે ઓછામાં ઓછા ચાર વૃક્ષોનું નિકંદન થાય છે. વૃક્ષો પર્યાવરણને સુધારવામાં થડ, ડાળીઓ, પાંદડાઓ, ફૂલ, ફળ વગેરે આપણને આપીને આપણી સેવા કરે છે. એને જ આપણે મરતાં મરતાં પણ મારતાં જઈએ એ કેટલું યોગ્ય છે? આપણને એક પણ વૃક્ષ કાપવાનો (સીધો અથવા આડકતરી રીતે) શું અધિકાર છે? આપણે જિંદગીભર એક પણ વૃક્ષ વાવતા નથી ત્યારે તો બિલકુલ નહીં જ. આટલી સમજ પછી આપને નથી લાગતું કે તમારા મૃત્યુ પછી તમારા શબને લાકડાં વડે બાળવામાં ન આવે? વિચારજો અને એના અમલીકરણ માટે કુટુંબની દરેક વ્યક્તિને આજે જ જણાવી દેજો. આપ કોઈ કુટુંબના કર્તાહર્તા હો તો આવા પ્રસંગોએ કુટુંબના સભ્યોને સમજાવવાની તમારી ફરજ સમજીને પ્રયત્ન કરશો તો જરૂર ઉપરોક્ત કાર્યનો પ્રચાર થશે.

હવે જ્યારે આપણી પાસે લગભગ બધા સ્મશાનોમાં વિદ્યુત વડે શબને બાળવાની સગવડ છે તો આપણે લાકડાં વડે શા માટે બાળીએ એ સમજાતું નથી. વીજળી વડે શબદહન કરવાથી નજીકના સર્વ સગાંવહાલાંના સમયનો બચાવ થાય છે અને વૃક્ષોના નિકંદનનાં પાપમાંથી બચી જઈએ છીએ અને પ્રદૂષણ વધારવામાં ભાગીદાર નથી બનતા.

વૃક્ષનું મહત્ત્વ બહુ જ છે. જ્યારે જ્યારે વૃક્ષોનું બળતણ માટે છેદન થાય છે ત્યારે જંગલો નષ્ટ થાય છે. તેને લીધે પાણી (વરસાદ)ની અછત થઈ જાય છે. વૈશ્વિક ગરમીનું પ્રમાણ વધે છે. સુનામી વખતે કિનારા પર આવેલાં વૃક્ષોએ ઘણાં લોકો અને ઘરોને રક્ષણ બક્ષેલ છે તે તો આપ જાણો જ છો. વૃક્ષોને હિસાબે જમીનનું ધોવાણ પણ અટકે છે. હવામાં ઓક્સિજન (પ્રાણવાયુ) વધે છે.

વૃક્ષોનું મહત્ત્વ આપણા રોજિંદા જીવનમાં હોય તો આપણે એનું નિકંદન કરવા તૈયાર થઈએ એ કેટલું યોગ્ય લાગે છે?

અજ્ઞાની લોકો જો વૃક્ષ નિકંદન કોઈને કોઈ કારણસર કરતા હોય તો એક નાગરિક તરીકે આપણી ફરજ થઈ પડે છે કે આપણે વૃક્ષારોપણની પ્રવૃત્તિને પ્રોત્સાહન આપીએ. આપણે નિવૃત્ત થઈએ અને શારીરિક ક્ષમતા સારી હોય તો ચોક્કસ આ દિશામાં પ્રવૃત્ત થવાથી આપણી ભાવિ પ્રજા માટે કંઈક કરી જવાની ઈચ્છા પૂર્ણ થઈ શકશે.

મૃત્યુ પછી પહેલાં સાદડીની પ્રથા હતી અને આખો દિવસ એ સાદડી ચાલતી. શહેરીકરણને હિસાબે હવે ફક્ત દોઢ કલાકની પ્રાર્થના સભા યોજવાની પ્રથા ચાલુ છે. પ્રાર્થનામાં જવા માટે લોકોને દૂર દૂરથી પણ આવવું પડે છે. આવીને, આપણે સદ્‌ગતના સગાંઓને વંદન કરી સાંત્વના આપવાનો સંતોષ મેળવીએ છીએ. સ્ત્રીઓ, મૃત વ્યક્તિની નજીકની બહેનોની પાસે જઈને ગત વ્યક્તિના મરણની યાદ અપાવતી હોય એવું લાગે છે કારણકે સગાંવહાલાંને હાથ લગાડીને પછી પોતાની જગાએ બેસી જાય છે. આથી સગાંમાં રહેલી સ્ત્રીઓના રૂદનની કેસેટ લગભગ સવા કલાકથી દોઢ કલાક ચાલુ જ રહે છે. તમને લાગે છે કે આપણી આ પ્રકારની હાજરી પુરાવવાની રીતથી આપણે સાંત્વના આપી શકીએ છીએ? હરગીઝ નહીં.

એ વ્યક્તિની યાદમાં જરૂરિયાતવાળી સંસ્થાઓમાં દાન આપવાની પ્રવૃત્તિ થઈ શકે. વર્તમાનપત્રોમાં મોટી મોટી શ્રદ્ધાંજલિની જાહેરખબરો આપવાના પૈસાનો સદુપયોગ બીજી ઘણી રીતે થઈ શકે છે. અરે, પ્રાર્થના સભા યોજીને આપણે કેટલી બધી વ્યક્તિઓને એ સભામાં આવવાનું ફરમાન (આડકતરી

રીતે) આપીએ છીએ. મોટી ઉંમરની અને હવે નાની ઉંમરની વ્યક્તિના મૃત્યુ બાદ પ્રાર્થના સભા ન યોજનારાની સંખ્યા વધવા માંડી છે અને હવેની ફાસ્ટ જીવનશૈલીમાં આવી પ્રાર્થના સભાઓ યોજવાનું કદાચ ચાર પાંચ વર્ષમાં બંધ પણ થઈ જાય.

મૃત વ્યક્તિના સગાંવહાલાં, મિત્ર વર્તુળ, એમનાથી લાભ મેળવેલ એવી સૌ વ્યક્તિઓની એવી ઈચ્છા તીવ્રપણે થાય કે એમની યાદમાં એવું કોઈ કાર્ય થાય કે જેથી ભાવિ પેઢી પણ એમને યાદ કરે. તો આવી એક પ્રવૃત્તિ છે, ખર્ચાળ અને કેટલા બધા લોકોના સમયનો વ્યય કરતી પ્રાર્થનાસભાને બદલે વૃક્ષારોપણ.

વૃક્ષારોપણના લાભો સમજ્યા પછી આપણા આર્થિક સંજોગો પ્રમાણે આપણે રહેતા હોઈએ તે મકાનની બહાર (સોસાયટીના પ્રાંગણમાં) ઓછાવત્તા અંશે વૃક્ષો વાવીએ. નગરપાલિકાની રજા લઈને રમતના મેદાનો, બગીચાઓમાં વૃક્ષારોપણ થઈ શકે છે. આપના ગામમાં કે શહેરના જાહેર સ્થળે આપ વૃક્ષો વાવીને એ મૃત વ્યક્તિની યાદમાં તેમના નામનું બોર્ડ પણ મૂકી તેમની યાદને કાયમી બનાવી શકાય.

કચ્છના બીદડા ગામમાં શ્રી હીરજીભાઈએ પોતાની વાડીમાં સેંકડો લીમડાનાં વૃક્ષો વાવીને એને ગ્રામજનો માટે ફરવાનું સ્થળ બનાવી દીધું. તેવી જ રીતે તમે જે ગામમાં જન્મ લીધો હોય અથવા જે ગામના કહેવડાવવાનો તમને હક્ક મળ્યો હોય તે, તમને નથી લાગતું કે તમારા મૃત્યુ બાદ એ ગામમાં, શહેરમાં અને પરાંમાં સર્વ રીતે ઉપયોગી વૃક્ષારોપણની પ્રવૃત્તિ તમારી યાદમાં થાય?

નગર પાલિકાઓએ ગુલમહોર જેવા વૃક્ષોને રોપવા કરતાં શિરીષ, લીમડો, વડ જેવા વૃક્ષો વાવવાં જોઈએ કારણકે એ પર્યાવરણને શુદ્ધ કરે છે અને એમના થડ બહુ મજબૂત હોય છે. જેથી મુંબઈ જેવા શહેરમાં વરસાદ સાથે આવતા જોરદાર પવન સામે પણ ટકી શકે.

ચાલો! આપણે સૌ પ્રાર્થનાસભામાની પ્રથાને તિલાંજલિ આપીને સેંકડો હજારોની સંખ્યામાં વૃક્ષારોપણની પ્રવૃત્તિમાં જોડાઈએ અને આપણા વડીલો, મિત્રો, સગાંઓની હરહંમેશ માટેની યાદને જાગૃત રાખીએ.

*૪૦૫, કેસરકુંજ, તેલંગ રોડ,*
*માટુંગા, મુંબઈ-૪૦૦ ૦૧૯.*

*(મંગલ મંદિર, ઓક્ટોબર-૨૦૧૦)*

## કચ્છી સાહિત્ય ક્ષેત્રે અભિનવ સીમાચિહ્ન

### અંજાર ખાતે 'કચ્છી ભાષામાં અનુવાદ' વિષયક પરિસંવાદ

ઐતિહાસિક નગર અંજાર ખાતે તા. ૨૩-૧૨-૨૦૧૨ના રોજ કચ્છી સાહિત્ય અકાદમી અને કુ. કૈલાસબેન અંતાણી સ્મૃતિ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે 'કચ્છી ભાષામેં અનુવાદ' વિષય પર નમૂનેદાર પરિસંવાદ અમદાવાદ શ્રી કચ્છી સમાજના મુખપત્ર 'કચ્છશ્રુતિ'ના માનદ્ પરામર્શક શ્રી હંસરાજભાઈ કંસારાના અધ્યક્ષપદે તેમજ ભાષા વૈજ્ઞાનિક શ્રી મહેન્દ્રભઆઈ દોશીના અતિથિ વિશેષપદે યોજાઈ ગયો.

ઉદ્‌ઘાટન બેઠકમાં જાણીતા કાર્ટુનિસ્ટ શ્રી રમેશભાઈના ભાવવાહી કંઠે ગવાયેલ 'મુંજી માતૃભૂમિ કે નમન' પછી ઉપરોક્ત અતિથિઓ સાથે કચ્છના મૂર્ધન્ય સાહિત્યકારો દ્વારા દીપ પ્રાગટ્ય થયું હતું. પરિસંવાદના સહસંયોજક શ્રી અમૃત મહેશ્વરીએ મહેમાનોને આવકાર તેમજ મંચસ્થ મહાનુભાવોનું પુસ્તક દ્વારા સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ અનેક મહાનુભાવોએ પાઠવેલ શુભેચ્છા સંદેશાઓનું વાંચન કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન શ્રી મહેન્દ્રભાઈ દોશીએ ભાષા વિજ્ઞાનની દૃષ્ટિએ એક ભાષાને બીજી ભાષામાં અર્થાત્મક તેમજ ધ્વન્યાન્મક રૂપાંતરની પ્રક્રિયા તેમજ કચ્છી ભાષાની લાક્ષણિકતાઓ ઉપર પ્રકાશ પાડ્યો હતો. જ્યારે અધ્યક્ષશ્રી હંસરાજભાઈએ અનુવાદ પ્રક્રિયાના વિવિધ પાસાઓ પર સાહિત્યિક સ્પર્શયુક્ત પ્રવચન આપ્યું હતું. પરિસંવાદના આરંભે બેઠકના અધ્યક્ષ, કચ્છ યુનિ.ના પૂર્વકુલપતિ ડૉ. કાંતિભાઈ ગોરે કચ્છી ભાષાની અસલિયત તેમજ વિકસિત મરાઠી ભાષાની ભૂમિકા સમજાવતાં કહ્યું કે અનુવાદ એટલે એક શીશીનું અત્તર બીજી શીશીમાં ઠાલવવાનું કામ. તે પ્રક્રિયામાં થોડુંક અત્તર ઉડી જવાની શક્યતા પણ તેમણે દર્શાવી હતી.

રસપ્રદ પ્રશ્નોત્તરીના સમયમાં ડૉ. કાંતિભાઈ તેમજ શ્રી રવિ પેથાણીએ સંતોષપ્રદ ઉત્તરો આપ્યા હતા.

બીજી બેઠકમાં અધ્યક્ષ શ્રી જયંતી જોશી 'શબાબે' એમની સદાબહાર છટામાં શેરો-શાયરીનાં છાંટણા સાથે વિષયની લાક્ષણિકતા જણાવેલ. ત્યારબાદ અન્ય વક્તાઓના પ્રવચનો બાદ કચ્છી ભાષાના અનુવાદ વિશે શ્રી ફડકેએ રસપ્રદ માહિતી આપી હતી, તેમ ઉપરોક્ત સંસ્થાની એક પ્રેસ નોટમાં જણાવવામાં આવ્યું હતું.

*(મંગલ મંદિર, ફેબ્રુઆરી-૨૦૧૩)*

***'છીએ એના કરતાં ઓછા દુ:ખી થવાની કળા અને હોઈએ એના કરતાં વધુ સુખી હોવાની અનુભૂતિ' એટલે સ્વભાવનું મેનેજમેન્ટ.***

# ક્રોધ કાબૂમાં રાખો



પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ
(કે.ડી. શાહ)

રાજસ્થાનની આ ઘટના છે.

સૈકાઓ પૂર્વે રાજસ્થાનમાં તખતગઢ શહેરમાં એક શ્રીમંત શ્રાવક રહેતો હતો. એ શ્રાવક ખૂબ ધર્મી. ધર્મ ખૂબ કરે પણ એના જીવનનો એક મોટો દોષ હતો, ક્રોધ. એ ખૂબ ક્રોધ કરતો. નાની નાની વાતોમાં ગુસ્સો કરી બેસે. કેમેય કરીને એનો ક્રોધ જતો ન હતો. છતાં તે સરળ પણ એટલો જ. એના આ દોષ ઉપર કોઇ ધ્યાન દોરે ત્યારે સરળતાથી સ્વીકારી લેતો. આ ક્રોધ બદલ તેને ખૂબ દુ:ખ થતું હતું.

એકવાર આ ભાઇને શત્રુંજય તીર્થની યાત્રા કરવાની ભાવના થઇ. અને તેની ભાવના ફળી. પાલિતાણા પહોંચીને ભાવપૂર્વક શત્રુંજયની યાત્રા કરી. યાત્રા કર્યાનો આનંદ ચરમસીમાએ પહોંચ્યો હતો. કેમ કે જિંદગીમાં પહેલી જ વાર શત્રુંજયની યાત્રાએ આવ્યા હતા. ઘણાં દિવસો પાલિતાણામાં રહ્યા અને ઘણી બધી યાત્રાઓ કરી.

હવે જ્યારે વિદાયની વેળા આવી ત્યારે ભાવપૂર્વક કરેલી આ યાત્રાઓની સ્મૃતિ કાયમ રહે એ માટે કોઇક પ્રતિજ્ઞા કરવાનું તે ભાઇને મન થયું. એમણે એક મહારાજ સાહેબને આ વાત કરી.

સાધુએ તે ભાઇને પૂછ્યું, 'તમારા જીવનમાં તમને સૌથી વધુ કયો દોષ સતાવે છે?'

પેલા શ્રાવકે નિખાલસતાથી કહ્યું, 'મને ક્રોધ બહુ સતાવે છે.'

સાધુએ કહ્યું 'જો તમે મન મક્કમ કરીને નિયમ પાળી શકતા હો તો એવો નિયમ લો કે પ્રતિકૂળ પરિસ્થિતિમાંય ક્રોધ કરવો નહીં.'

પેલા ભાઇ ક્રોધને કારણે ઘણા હેરાન થતા હતા. ક્રોધને દૂર કરવાની ઇચ્છાતો હતી જ, એટલે તેણે સાધુની વાત સ્વીકારી લીધી અને તરત પ્રતિજ્ઞા કરી લીધી.

અને પેલા શ્રાવકે પાલિતાણાથી વિદાય લઇ લીધી. તખતગઢ પહોંચ્યા ત્યારે પરિવાર-સ્નેહીજનોએ તેમને આવકાર્યા. તેમની યાત્રાની વાતો જાણીને ખૂબ ખુશ થયા, ખૂબ પ્રશંસા કરી.

છેલ્લે પેલા શ્રાવકે ક્રોધ-ત્યાગના નિયમની વાત કરી ત્યારે તો સ્વજનો ખૂબ આશ્ચર્ય પામ્યા, કેમકે સહુ તેમના ક્રોધને જાણતા હતા. પરંતુ ભત્રીજાને આ વાત ઉપર વિશ્વાસ બેસતો નહોતો, એણે કાકાની પરીક્ષા કરવાનો સંકલ્પ કર્યો.

રજાના એક દિવસે ભત્રીજાએ કાકાની યાત્રાની ખુશાલીમાં જ્ઞાતિજનોનું જમણ ગોઠવ્યું. દરેકના ઘેર બધાને આમંત્રણ મોકલ્યું પણ જાણી જોઈને કાકાને ઘેર આમંત્રણ મોકલ્યું નહીં.

આ જાણીને કાકી ગુસ્સે થઇ ગયા અને બોલ્યા 'આપણને જાણીને આમંત્રણ આપ્યું નથી માટે આપણે એમાં જમવામાં જવું નથી.'

કાકાએ પૂરી ઠંડકથી કાકીને સમજાવ્યું કે, 'આપણે તો ઘરના માણસ કહેવાઇએ. ઘરના માણસને આમંત્રણ હોતું હશે? મારી યાત્રાની ખુશાલીમાં તો જમણ ગોઠવ્યું છે. એટલે આપણે આમંત્રણની રાહ જોયા વિના સામેથી જઇશું.'

છેવટે કાકી કમને જવા તૈયાર થયા.

આ વાતની ભત્રીજાને ખબર પડી. પ્રથમ પરીક્ષામાં કાકા પાસ થયેલા જાણીને ભત્રીજો ખુશ થયો. પણ તેણે હજી કાકાની પરીક્ષા કરવાનું ચાલુ રાખ્યું. આ વખતે ભત્રીજાએ જમવાના સમયે મંડપના દ્વાર ઉપર ઊભા રહીને દરેક સ્વજનોને આવકાર્યા. દરેકને તેમની બેસવાની જગ્યા સુધી બેસાડવા આવ્યો પણ કાકા-કાકી આવ્યા ત્યારે તેમની સામે પણ જોયું નહીં. એમની સદંતર ઉપેક્ષા કરી. એમની સાથે એક શબ્દ પણ બોલ્યો નહિ. આવું જોઇને કાકી તો ધૂંઆપૂંઆ થઇ ગયા. તેમણે ધણીને કહ્યું, 'ચાલો, આપણે પાછા ઘેર જતા રહીએ. આપણું અહીં સહેજે માન નથી.'

આ વખતેય કાકાએ પૂર્ણ શાંતિથી કાકીને સમજાવવા માંડ્યું કે 'ઘરના માણસોથી પહેલા જમવા ન બેસાય. પહેલાં પીરસવું જોઇએ.' એટલે જ આપણને કોઇ બેસવાની જગ્યા બતાડતું નથી.

નારાજ થયેલી કાકીએ કાકાની શરમે થોડીવાર પીરસ્યું. છેવટે બંને જેમ તેમ કરીને સ્વજનોની સાથે જમવા બેઠા. આ પરીક્ષામાં ય કાકા પાસ થઇ ગયા.

હજી ભત્રીજો કાકાની પરીક્ષા લે છે.

હવે મહેમાનોને લાડુ પીરસતો ભત્રીજો બધાને લાડુ પીરસે છે પણ કાકાનું ભાણું ખાલી રાખીને આગળ પીરસે છે. આ જોઇને હવે કાકીથી ચૂપ રહેવાયું નહીં. એમણે જોરદાર રાડ પાડીને કાકાને કહ્યું, 'હવે તો હદ થાય છે. આટલું હડહડતું અપમાન! તમે બેશરમ બનીને અહીં બેસશો તોય હું અહીં બેસવાની નથી.'

આ સાંભળીને ય કાકાએ એવીજ ઠંડકથી કાકીને સમજાવ્યા કે 'ખરેખર તો બધા મહેમાનોએ જમી લીધા પછી જ ઘરના માણસે જમવા બેસવું જોઇએ. પણ આપણે થોડીવારમાં જ જમવા બેસી ગયા એ આપણી ભૂલ છે. એ ભૂલ આપણને સમજાય અને આપણે સાનમાં સમજી જઇએ માટે જ આપણું ભાણું ખાલી રાખ્યું છે.'

અને તરત કાકા ભાણા ઉપરથી ઊઠીને બધાને પીરસવા લાગ્યા. આકરી કસોટીઓમાંથી અપૂર્વ ક્ષમા રાખીને કાકા પાર ઉતરી ગયા તેથી ભત્રીજો ખૂબ ખુશ થઇ ગયો તેણે સહુ સમક્ષ કાકાના સ્વભાવ-પરિવર્તનની ખૂબ પ્રશંસા કરી અને કાકાના પગમાં પડીને માફી માંગી.

*સાભાર : 'મુક્તિદૂત'*

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*

***(મંગલ મંદિર, ઓક્ટોબર-૨૦૧૦)***

# અમૃતનો ઓડકાર

ડૉ. આઈ.કે. વીજળીવાલા

૧૯૮૭ની ૩૧ મી ડિસેમ્બરે વડોદરાની મેડિકલ કૉલેજને રામરામ કર્યા. પછી M.D. સિનિયર રજિસ્ટ્રાર તરીકેની એક વરસની કારકિર્દી પણ પૂર્ણ થઈ. ટૂંકમાં ભણતર પૂરું થયું હતું. હવે ઠોસ જિંદગીની કઠણ કેડીઓ પર કદમ માંડવાનાં હતાં. ભાવનગરની એક ટ્રસ્ટ હોસ્પિટલમાં બાળરોગ નિષ્ણાત તરીકેની નિમણૂક મને મળી ગઈ હતી. હું ભાવનગર ત્રીજી જાન્યુઆરી, ૧૯૮૮ના રોજ પહોંચ્યો. ટ્રસ્ટ હોસ્પિટલમાં પૂર્ણ સમયના બાળરોગ નિષ્ણાત તરીકે જોડાયો. પગાર અંગે મુખ્ય ટ્રસ્ટી સાથે બેચાર દિવસ પછી વાતચીત કરવાનું નક્કી થયું હતું.

સાત દિવસ પછી મુખ્ય ટ્રસ્ટી સાથે મિટિંગ થઈ. મને રૂપિયા, ૨,૫૦૦/- રૂપિયા (બે હજાર પાંચસો) અને ઈન્ડોર ફીસમાંથી અમુક ટકા ઈન્સેન્ટિવ આપવાનું નક્કી કરાયું. મારો આગ્રહ મને પાંચ હજાર રૂપિયા વત્તા ઈન્સેન્ટિવ મળે તેવો હતો. મેં ટ્રસ્ટીશ્રીને મારો પગાર વધારવા માટે આગ્રહ કરી જોયો. પણ ટ્રસ્ટનો જ લાભ વિચારતા ટ્રસ્ટીશ્રી, ટ્રસ્ટને જેનાથી લાભ થઈ શકે તેવા ડોક્ટર્સને વધારે પૈસા આપવા તૈયાર ન લાગ્યા. અને એ વખતે મારા હાથમાં ક્લાસ વન ઓફિસરની બીજી ૩-૪ નોકરીના નિમણૂક પત્રો હતા. એટલે મને પણ આ નોકરી છોડવી પડે તો જરાય ચિંતા નહોતી. એ જ સમયગાળામાં મને મહુવાની એક હૉસ્પિટલમાં નોકરીનો પત્ર પણ મળ્યો હતો. એટલે હું છેલ્લા કેટલાક દિવસથી મહુવા જવાનો વિચાર કરતો હતો.

મન વારંવાર આ હૉસ્પિટલની નોકરી છોડી વધારે પૈસા મેળવવા માટે મહુવા જતા રહેવાની યોજના કરતું હતું. પણ નોકરી બદલવાની જફાઓનો વિચાર આવતાં જ પાછું પડતું હતું. અને નોકરી બદલવી એટલે?- બધા લબાચા ફેરવવા, ઘરની ઘણી સામગ્રી બાંધવી, નવા સંબંધો વિકસાવવા, નવેસરથી તમારા કામનું પ્રમાણપત્ર આપવાનું વગેરે વગેરે અનેક માથાકૂટો ઊભી થઈ જાય. આ બધી ઉપાધિઓ મને અકળાવતી હતી. પરંતુ સામે ડબલ પગાર પણ દેખાતો હતો. આટલું ભણ્યા પછી વધારે પૈસા મળતા હોય તો એ શા માટે છોડવા જોઈએ? આ બધા વિચારોના જાળામાં ગૂંચવાતો હું લોઢાવાળા હૉસ્પિટલની અગાસીની રેલીંગ પકડીને ઊભો હતો. સાંજના પાંચ વાગી ગયા હતા.

'અરે વીજળીવાળા સાહેબ! ચાલો બહાર આંટો મારતા આવીએ.' હોસ્પિટલમાં મારી બાજુના ક્વાર્ટરમાં રહેતા ડૉ. મહાવીરસિંહ જાડેજાના અવાજે મને ચમકાવી દીધો, 'કહું છું, કંઈ કામ તો બાકી નથી ને? જો કોઈ દર્દી વેઈટિંગમાં ન હોય તો ચાલો ગામમાં આંટો મારતા આવીએ. અને શું ઊંડા વિચારમાં ખોવાયા છો? કંઈ સિરિયસ મેટર તો નથી ને?' કાન, નાક, ગળાના નિષ્ણાત સર્જન ડૉ. મહાવીરસિંહ દિલના પણ એક ઉમદા વ્યક્તિ છે. મળતાવડા પણ ખૂબ જ. એમની સાથે વાત કરતા હોઈએ તો એવું જ લાગે કે જાણે દાયકાઓની આપણી કોઈ અતિપરિચિત વ્યક્તિને મળી રહ્યા છીએ. એમણે અમદાવાદથી એમ.એસ. કર્યું હતું અને મેં વડોદરાથી એમ.ડી. બાકી અમારી બેચ એક જ. આ હોસ્પિટલમાં પણ લગભગ એકસાથે જ અમે જોડાયા હતા. અમને હોસ્પિટલમાં ઉપરના માળે રૂમ્સ ફાળવવામાં આવી હતી. ડૉ. જાડેજા સાહેબના અવાજથી હું તંદ્રામાંથી બહાર આવી ગયો.

'ના! ના! કંઈ કામ બાકી નથી. આ તો વધારે પગારની નોકરી કરવા મહુવા જતા રહેવું કે પછી અહીંયાં રહીને આ જ શહેરમાં કામ કરવું એ બે વિચારોની વચ્ચે અટવાતો હતો. ચાલો, હું પણ કંટાળ્યો છું. ક્યાં જવું છે?' મેં બહાર નીકળવાની તૈયારી બતાવતાં કહ્યું.

'રૂપમ ટોકીઝ (જે હાલ નથી) સુધી જતા આવીએ. મારે થોડીક ખરીદી પણ કરવી છે. બાકી તો નવું શહેર છે તે જોવાઈ પણ જશે.'

'ચાલો ત્યારે! હું તો તૈયાર જ ઊભો છું. મારે મારા બૂટને પૉલિશ કરાવવા છે.' મેં એમની સાથે દાદરો ઊતરવાનું શરૂ કર્યું.

ભાવનગર શહેરમાં રાજાશાહી વખતનું ગંગાદેરી નામનું આરસનું એક સુંદર નાનકડું સ્થાપત્ય રૂપમ ટૉકીઝની પાછળના ભાગે આવેલું છે. અત્યારે તો રૂપમ ટૉકીઝની જગ્યાએ એક મોટું બહુમાળી મકાન બની રહ્યું છે. આ ગંગાદેરી સ્થાપત્યની આજુબાજુનો વિસ્તાર ગંગાજળિયા મહાદેવના નામ પરથી ગંગાજળિયા તળાવ તરીકે ઓળખાય છે. તળાવની બરાબર વચ્ચેથી મુખ્ય રસ્તો પસાર થાય છે. એ રસ્તાની બંને તરફ સરસ મજાની લાદીજડિત ફૂટપાથ છે. આ ફૂટપાથ પર મેં એક મોચીદાદાને બેઠેલા જોયા. હું બૂટપૉલિશ કરાવવા માટે જ નીકળ્યો હતો. આ દાદાને જોતાં જ હું તેમના તરફ વળ્યો. ડૉ. જાડેજાસાહેબ એમની થોડીક ખરીદી પતાવવા મુખ્ય માર્ગ તરફ ગયા.

મોચીદાદાની પાસે પહોંચીને હું બે મિનિટ એમની તરફ

જોઇને ઊભો રહ્યો. એમને જોતાં જ એમનામાં રસ પડે તેવું અદ્‌ભુત વ્યક્તિત્વ લાગે. ખખડધજ શરીર, ક્યારે ઓળ્યા હશે તેનો અંદાજ ન લગાવી શકાય તેવા એકબીજા સાથે ચોંટી ગયેલા સફેદ વાળ, સેંકડો કરચલીઓથી લીંપાયેલો ચહેરો, ફૂટપાથની પાળીનો ટેકો લઇને બેઠેલું સાતેક દાયકા જૂનું એ શરીર વીતેલા સમયને હોકલી દ્વારા વારંવાર ધુમાડો બનાવીને બહાર ફેંકી રહ્યું હતું.

'દાદા! બૂટને પૉલિશ કરવાનું શું લેશો?' મેં પૂછ્યું.

એમણે મારી સામે જોયું. હોકલીને એક ઊંડો કસ લઇને આંખો ઝીણી કરી. મોઢેથી ખેંચેલા ઊંડા શ્વાસની સાથે જાણે કે મને પણ આખેઆખો જ આંખો દ્વારા અંદર ઉતારી દીધો! પછી કહ્યું, 'આઠ આના! આમ તો રૂપિયો લઉં છું. પણ આજે આઠ આના! નવા લાગો છો આ શેરમાં?'

'હા દાદા! આ શહેરમાં નવો જ છું' એમની માણસ પારખી જવાની શક્તિને મનોમન દાદ દેતાં મેં જવાબ વાળ્યો, પણ જો રોજનો ભાવ એક રૂપિયો હોય તો આ અચાનક આઠ આનાનો મતલબ શો? અહીંના ન હોય એ બધા પાસેથી ઓછા લો છો?'

'અરે ના સાહેબ! એવું કાંઇ નથી. મોટા ભાગનું કમાવવાનું તો બહારના લોકો પાસેથી જ હોય છે. પણ આતો આજે મોજમાં છું ને એટલે!'

ઓત્તારી! મોજમાં હોય એટલે ભાવઘટાડો! એવી તો કેવી મોજ હશે આ દાદાની? અરે! કરોડપતિ વેપારીઓ પણ ભાવ પહેલાં ડબલ કરીને પછી ખોટો ભાવઘટાડો કરવાનું નાટક કરતા હોય છે. જ્યારે અહીંયાં તો તળિયાનાં ભાવમાં પણ અડધોઅડધ ઘટાડો કરવાની વાત હતી. મને આ દાદામાં ખૂબ જ રસ પડ્યો. વધારે તો એમની મોજ અંગે જાણવાની તાલાવેલી જાગી.

'પણ દાદા! એવી તો કેવી મોજમાં છો કે આ અડધોઅડધ ભાવઘટાડો કરી નાખ્યો છે?' મેં બૂટ કાઢી એમને આપ્યા અને બાજુની પાળી પર બેસતાં પૂછ્યું.

'અરે બાપા! એની તો વાત નો કરો!' એમની આંખોમાં મોજ અને સુખની વાદળીઓ જાણે દોડાદોડી કરી રહી હતી! જાણે કોઇ અદ્‌ભુત તાનમાં હોય તેમ એણે આગળ કહ્યું, 'આજે તો સવારથી ૨૫ રૂપિયાનો ધંધો થઇ ગયો છે. રોજ માંડ દસ રૂપિયા જ મળે છે. આજ તો બસ મારા નાથે રેલમછેલ કરી દીધી છે. આ તો તમે આવ્યા, નકર હું તો ઘરે જાવા ઊભો જ થતો હતો!'

લ્યો કરો વાત! ૨૫ રૂપિયા એટલે રેલમછેલ કહેવાય?! ક્યાં હજારો રૂપિયા મળતા હોવા છતાં ઓછા પડતા હોવાનો અહેસાસ કરતો હું અને ક્યાં ૨૫ રૂપિયાને રેલમછેલ ગણતા મોચીદાદા! જિંદગીનું ગણિત કંઇ જુદી રીતથી પણ ગણી શકાય એવું મને હવે સમજાઇ રહ્યું હતું.

'દાદા! તમે ભાવનગર જ રહો છો? મારો પૂછવાનો મતલબ છે કે ભાવનગરના જ રહેવાસી છો?' મેં પૂછ્યું.

'ના બાપુ! રહું છું તો બાજુના ગામડે. હું અને મારો દીકરો સવારે ઘરેથી બાપુગાડીમાં આવીએ (ત્યારે ભાવનગર અને મહુવા વચ્ચે નેરોગેજ રેલવે ચાલતી. લોકો એને બાપુગાડી તરીકે ઓળખતાં). ઇવડો ઇ દરબારગઢ બેંક પાસે બેસીને ધંધો કરે અને રેલવે સ્ટેશનથી હું અહીંયાં સુધી સાઇકલ લઇને આવું અને આહીં ફૂટપાથ પર બેસું. ભાતું લાવીએ એટલે પોતપોતાની મેળે નવરાશે ખાઇ લઇએ. સાંજે સાતની ગાડીમાં બાપ-દીકરો પાછા જાઇં.' આટલું બોલીને એણે ચલમમાંથી ઊંડો દમ ખેંચવાની કોશિશ કરી. હોકલી ઠરી ગઇ હતી. દાદાએ જમીન પર ઠપકારીને હોકલી ખાલી કરી. નખથી બળેલી તમાકું ખોતરીને કાઢી ફરીથી ભરવાનું શરૂ કર્યું.

'દાદા! તમે સ્ટેશન સુધી રોજ ચાલતા જાવ?' મેં પૂછ્યું.

'ના બાપા! હું આ સાઇકલ પર દરબારગઢ સુધી જાંવ. પછી દરબારગઢ બેંકના દરવાજા પાંહે આ સાઇકલ મૂકી દઉં. ન્યાંથી અમે બાપદીકરો હાલતા ટેશન વયા જાઇં.'

મારી નજર દાદાની સાઇકલ પર પડી. ભરચક ચોકમાં તાળું માર્યા વગર મહિનાઓ રાખી મૂકીએ તોપણ કોઇ ન લઇ જાય તેવી! સાવ ખખડધજ! દાદાના પર્યાય જેવી. બંને પૈડાના પંખા તેમજ ચેનકવર ગાયબ હતાં. બ્રેક એક પણ નહોતી. સીટની જગ્યાએ સીટના આકારનું લાકડાનું પાટિયું લગાડેલું. અને કાટ તો એના અંગેઅંગનો જાણે શણગાર હતો.

'તમારો દીકરો કેટલા રૂપિયા કમાય?' અટકી પડેલ વાતનો દોર મેં ફરીથી સાંધ્યો.

'રોજ મારો દીકરોય દસ રૂપિયા કમાય. દસ હું કમાવ!' એટલું કહી એમણે હોકલી ફરીથી પેટાવી. એક ઊંડો દમ ખેંચીને એણે મારી સામે ઝીણી આંખે જોઇને પૂછ્યું, 'તમે તો આ શેરમાં નવા છો. તમે શું કરો છો?'

'નોકરી બદલવાનો વિચાર!' એવા શબ્દો મારા હોઠ સુધી આવી ગયા. છતાં કહ્યું કે બાળકોનો ડોક્ટર છું.

'હું..ઉં...ઉં..! એવો અવાજ મોઢેથી કાઢીને એમણે મારી સામે જોયું. મારી વાત કહ્યા વિના જ જાણી ગયા હોય તેમ ધીમે ધીમે ધુમાડો છોડીને એમણે મારા બૂટને પૉલિશ કરવાનું શરૂ રાખ્યું. પણ મારે તેમની સાથે વાતચીત શરૂ જ રાખવી હતી. એટલે મેં જ પૂછ્યું, 'તો દાદા! તમે દસ કમાવ, તમારો દીકરો દસ રૂપિયા કમાય. આ જમાનામાં વીસ રૂપિયામાં પૂરું થાય ખરું?'

'અરે વધી પડે!' બૂટ પર બ્રશ ફેરવતાં એમણે કહ્યું. મને ખરેખર નવાઇ લાગતી હતી. મારાથી પૂછાઇ ગયું, 'શું વાત કરો છો દાદા? તાણ ન પડે? વીસ રૂપિયામાં તે કંઇ પૂરું થતું હશે? પછી તકલીફ ન પડે? કંઇક નવી ચીજવસ્તુ વસાવવી હોય તો?'

'કઇ?' દાદાનો આ જવાબી પ્રશ્ન ખૂબ વેધક લાગ્યો. 'અરે મારા સાહેબ! આ મારો દીકરો છે ને? એના ઘરે પણ એક દીકરો છે. અમે ડોહો-ડોહી બે અને ઇ ત્રણ્ય એમ પાંચ જણાનું કુટુંબ છે. પરભુની દયાથી આવી સરસ લીલી વાડી છે. અને ખાધેપીધે સુખી છું. પછી કઇ ચીજની જરૂર પડે ? અને માણહને બીજું જોયેય શું?' પોતાના હર્યા-ભર્યા કુટુંબના અતિસુખના સાગરને મનની આંખથી એ માણસ માણી રહ્યો હોય તેવું લાગતું હતું.

દાદાના 'માણહને બીજું જોયેય શું?' એ શબ્દો મને બૂટમાં ભરાયેલી કાંકરીની માફક ખૂંચતા લાગ્યા. મારે શું જોઇતું હતું એ પ્રશ્ન મારું મન મને પૂછવા લાગ્યું હતું. વાત કરતી વખતે એની ખોવાઇ જવાની આદત મને કોઇ યોગીની યાદ અપાવતી હતી.

'લ્યો સાહેબ! આજે તમારી હાર્યે વાતું કરવાનીય બઉ મજા આવી. મેં નોતું કીધું કે આજ તો મોજ પડી ગઇ છે? સાચે જ મારા નાથે આજે મોજ કરાવી દીધી.' બૂટ અરીસાની માફક ચકચકિત કરી દીધા પછી એણે મારા હાથમાં મૂક્યા.

'દાદા! અત્યારે જઇને પછી શું કરશો?' મારાથી પુછાઇ ગયું.

'એયને અટાણે ઘરે જઇને બાપદીકરો ચા-પાણી પીશું. એની બાએ ચા તૈયાર જ રાખી હશે. પછી હું ખાટલે બેઠો બેઠો હોકલી પીશ અને મારા દીકરાના દીકરાને રમાડીશ. અમે એક ગા(ગાય) રાખી છે. મારી ઘરવાળી એને દોઇ રેશે ન્યાં મારો દીકરો ગા સાટુ ચારો લઇ આવશે. દીકરાની વહુ રોટલા ઘડી નાખશે. પછી બધાં વાળુ-પાણી કરીને ઘડીક બેહશું. વાતું કરશું. અને એય મજાના સૂઇ જાહું! **હું તો ભગવાનને રોજ બે હાથ જોડીને કહું છું કે બહુ સુખ આપ્યું મારા નાથ. હવે મારે કાંઇ નથી જોતું. બસ આવી લીલી વાડી સાથે જ લઇ લેજે પરભુ!'** અમીનો ઓડકાર ખાઇ રહ્યો હોય તેમ આકાશ સામે જોઇ એણે છેલ્લું વાક્ય કહ્યું. પછી ઊભા થતાં કહ્યું કે, 'લ્યો હાલો! મારો દીકરો વાટ જોતો હશે.' આટલું કહી એમણે પોતાનો સામાન ભરવા માંડ્યો.

હું અવાક થઇ ગયો હતો. બેચાર મિનિટ શું બોલવું એની સમજણ નહોતી પડતી. **હમણાં થોડા વખત પહેલાં જ વાંચેલ એક જૈન મહારાજસાહેબની ચોપડી, જેનું શીર્ષક હતું.- ફિનિશ લાઇન- યાદ આવી ગઇ. એમાં અમીરોને એમણે ખૂબ સુંદર સલાહ આપેલી છે કે ધંધામાં, પૈસાપ્રાપ્તિમાં કે ઇચ્છાઓમાં એક ફિનિશ લાઇન- અંતિમ રેખા જરૂરથી રાખવી. નહીંતર જિંદગી પૂરી થઇ જશે પણ એ માટેની દોડ પૂરી નહીં થાય.** આવી ઊંચી વાત સમજવા માટે પણ ખૂબ તૈયારી કરવી પડતી હોય છે. જ્યારે અહીં તો મોચીદાદા જેવો આ અભણ, અંગૂઠાછાપ માણસ એ ચોપડીને વગર વાંચ્યે જ જાણે આખેઆખી પચાવી ગયો હતો!

મોચીદાદાએ સામાન સાઇકલ પર ખડકેલો જોઇ હું તરત વિચારોમાંથી બહાર આવી ગયો. મેં ખિસ્સામાંથી રૂપિયો કાઢીને એમના હાથમાં મૂકી દીધો.

'દાદા! આજે મને પણ તમારી સાથે વાતો કરવાની ખૂબ જ મજા આવી છે. તમે એક કામ કરો. આખો રૂપિયો રાખી જ લો!'

ફટ દઇને આઠ આના કાઢી મારા હાથમાં મૂકતાં એણે કહ્યું, 'ના મારાસાહેબ! ના! વધારે લઉં તો અણહકનું કહેવાય. આઠ આના કીધા એટલે આઠ આના જ લેવાના. હવે રૂપિયો લઇ લઉં તો મારો રામ દુભાય!' મને રામરામ કરી સાઇકલ દોરીને એમણે ચાલવા માંડ્યું. અમારા છેલ્લા સંવાદો ચાલતા હતા તે વખતે ડૉ. જાડેજાસાહેબ પણ આવી ગયા હતા.

મોચીદાદા જતા રહ્યા. એમનું નામ પૂછવાનું પણ રહી ગયું. મારા મગજમાં તો એનું નામ હંમેશાં એક સુખી મોચી તરીકે કંડારાઇ ગયું હતું. એ તો ગયા પણ મારા મનમાં વિચારોનું વાવાઝોડું ઊભું કરતા ગયા હતા. રોજના ફક્ત ૨૦ રૂપિયા કમાતો એ માણસ આખો દિવસ કાળા તડકામાં બેસીને કામ કરતો એ માણસ એમ કહેતો હતો કે...બસ ભગવાન! ખૂબ સુખ આપ્યું તેં, હવે બીજું કંઇ નથી જોતું મારા નાથ! આનાથી વધારે એક માણહને જોઇએ પણ શું?... અને એની સામે એક હું હતો જે ઉનાળાનો તડકો જરાય ન સ્પર્શે એવી ઠંડી ચેમ્બરમાં બેસીને હજારો રૂપિયા કમાવા છતાં થોડાક વધારે રૂપિયાની લાલચમાં ભાવનગર શહેર છોડીને મહુવા જવાની ભાંજગડમાં પડ્યો હતો. મારું મન મને પૂછતું હતું કે કદાચ થોડાક વધારે હજારો કે એ પછી લાખો પણ મળશે તોય આવી, આ મોચીદાદા જેવી ખુમારીથી હું કહી શકીશ ખરો કે... બસ ભગવાન! બહુ આપ્યું તેં! હવે નહીં ખમાય મારા નાથ!.. મને એ અંગે મારા માટે પૂરી શંકા હતી. મારે તો હજુ બંગલો બનાવવો હતો, મોટર લેવી હતી, દુનિયા જોવી હતી, ટીવી, ફ્રીઝ, વોશિંગમશીન વગેરે વિધવિધ સુવિધાઓના માલિક બનવું હતું. અરે! એમ જ કહોને દુનિયાએ જેને સુખસાહ્યબી નામ આપ્યું છે તેવી દરેક વસ્તુ જોઇતી હતી. પણ આજે મારી જ અંદરથી ઊંડેથી કોઇ સવાલ કરતું હતું કે... ધારો કે કાલે આ બધું જ મળી જાય તો પણ તું આવો, આ દાદા જેવો સુખનો અને અમૃતનો ઓડકાર ખાઇ શકીશ ખરો...?

હું અને ડૉ. જાડેજાસાહેબ ચૂપચાપ સાંજની ભીડને વીંધતા અમારી હોસ્પિટલ તરફ પાછા જઇ રહ્યા હતા. મારું મન રેગિંગ કરતા કૉલેજના છોકરાઓની માફક વારંવાર મને સવાલ કરતું હતું કે બોલ! આવો અમૃતનો ઓડકાર તું ખાઇ શકીશ ખરો?

**અને વારંવાર અંદરથી કોઇ જવાબ આપતું હતું કે, 'નહીં! કદાચ ક્યારેય નહીં!'**

*લેખકના પુસ્તક 'સાઇલન્સ પ્લીઝ!'માંથી સાભાર*

*(મંગલ મંદિર, નવેમ્બર-૨૦૧૦)*

# ગુજરાતના સાર્વત્રિક વિકાસનું સુદ્રઢ આયોજન

# ગુજરાત વિઝન - ૨૦૨૦



પ્રા. સૂર્યકાંત ભટ્ટ

ગુજરાત રાજ્યે તેના અસ્તિત્વના ૫૦ વર્ષ પૂર્ણ કર્યા છે. ૧લી મે, ૨૦૧૦થી સમગ્ર ગુજરાત રાજ્યમાં વર્ષ દરમ્યાન સુવર્ણ જયંતી વર્ષની વૈવિધ્યસભર ઉજવણીના અસંખ્યાત કાર્યક્રમોના સુચારુ આયોજન હાથ ધરવામાં આવ્યા છે. આજે તો આટલા ટૂંકા ગાળામાં ગુજરાતે ઔદ્યોગિકીકરણ, ટેકનોલોજી, કૃષિ, ઊર્જા, આરોગ્ય, શિક્ષણ અને વાહન વ્યવહાર અને સંશોધન ક્ષેત્રે વિકાસની હરણફાળ ભરી છે. પરિણામે વિશ્વમાં વિકાસના નકશામાં ગુજરાત સ્થાન પામ્યું છે.

ગુજરાત શબ્દ મૂળ પ્રાકૃત ગુર્જરત્રા પરથી ઉતરી આવ્યો છે. ગુર્જર રાષ્ટ્ર એટલે ગુજરાત. ગુર્જર એ એક જાતિનું નામ છે. આમ, આ ગુર્જરો જ્યાં વસ્યા તે વિસ્તાર ગુજરાત તરીકે ઓળખાયો. આજે તો ગુજરાતની વસતિ સાડા પાંચ કરોડના આંકને આંબી ગયેલી છે. આમ ભારતની કુલ વસતિમાં ગુજરાતનો હિસ્સો પાંચ ટકા છે. ભૌગોલિક વિસ્તારમાં હિસ્સો છ ટકા છે. મૂડી રોકાણમાં ત્રીસ ટકા હિસ્સો ધરાવતા ગુજરાતમાં આજે તો ૨૬ જિલ્લાઓ કાર્યરત છે. કૃષિ ઊર્જામાં બાગાયત ખેતી અને રોકડિયા પાકોમાં ગુજરાતની અગ્રતા છે. જેમાં અનેક ફળફળાદિ અને એરંડા, મગફળી, કપાસ, તલ આદિના ઉત્પાદનોનો સમાવેશ થાય છે.

ગુજરાતમાં પ્રાકૃતિક ગેસ, તેલ અને અનેક પ્રકારના ખનીજોએ નિયોજકોને ઔદ્યોગિક ઉત્પાદનો હાથ ધરવા આકર્ષ્યા છે. બીજી તરફ રસ્તા, રેલવે, દરિયાઈ અને હવાઈ માર્ગોના ક્ષેત્રે થયેલ વિકાસે વ્યાપાર ઉદ્યોગોને વિકસાવવામાં મદદ કરી છે. પેટ્રોકેમિકલ્સ, ફાર્માસ્યુટિકલ્સ, સિમેન્ટ, ટેક્ષટાઈલ, સીરામિક, ડેરી તથા ઝવેરાત ઉદ્યોગોનો વ્યાપ વિસ્તરતો ગયો છે. સૌર ઊર્જા, પવન ઊર્જા ક્ષેત્રે પ્રગતિ હાંસલ થઈ રહી છે. બીજી તરફ ઉત્કૃષ્ટ શૈક્ષણિક વિકાસ વિશ્વસ્તરીય શિક્ષણ વિકાસ આરંભાયો છે. નર્મદા યોજના પીવાના પાણી તથા સિંચાઈ ક્ષેત્રને લાભદાયી બનાવવા પ્રયત્નશીલ છે અને પ્રવાસન ક્ષેત્રે કૂદકે ને ભૂસકે આગળ વધી રહ્યું છે.

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ 'વાઈબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટમેન્ટ સમિટો' (પરિષદો) યોજીને ગુજરાતના આર્થિક વિકાસને વેગ આપ્યો છે. રાજ્યભરમાં ગેસ ગ્રીડ, પાણી તેમજ વિસ્તારોનું નેટવર્ક, ગામડાંઓમાં બ્રોડબેન્ડ કનેક્ટીવિટી, સેઝ, બી.ઓ.ટી. રોડ, વિશ્વ બેંક સાથે કાર્બન ક્રેડિટનું ટ્રેડિંગ, ઓઈલ હેલ્થ કાર્ડ અને ગુજરાત સરકારે ૫૦ હજાર હેક્ટર જમીનની ઓનલાઈન લેન્ડ બેંક સ્થાપી. જેથી સર્વત્ર વિકાસને વેગ મળતો રહ્યો છે.


વિશ્વના આર્થિક વિકાસના નકશામાં ગુજરાત અગ્રસ્થાન પ્રાપ્ત કરી અનેકાનેક ક્ષેત્રનું હબ બને તે માટે ગુજરાત સરકારે વિઝન-૨૦૨૦ નામનો બહુમૂલ્યવાન દળદાર દસ્તાવેજ તૈયાર કર્યો છે. જેમાં આગામી દસ વર્ષમાં પ્રત્યેક ક્ષેત્રનું વિકાસનું ઉમદા મૂડી રોકાણનું બહુહેતુક આયોજન રચવામાં આવ્યું છે. **અંદાજે ૧૧,૨૫,૫૯૧ કરોડ રૂપિયાનું મૂડી રોકાણ થશે.** ગુજરાતે ૧૦મી પંચવર્ષીય યોજનામાં ૧૦.૬ ટકાનો વિકાસદર હાંસલ કર્યો છે.

ગુજરાત રાજ્યમાં ૨૦૨૦ સુધીમાં સેવા ક્ષેત્રનો ફાળો ૪૨.૦૫ ટકા, ઉદ્યોગ ક્ષેત્રનો ફાળો ૪૧.૨૦ ટકા તથા કૃષિ ક્ષેત્રનો ફાળો ૭.૮ ટકા થશે. વિદ્યુત સેવાર્થે ઈ.સ. ૨૦૨૦ સુધીમાં રૂા. ૯૫,૬૨૦ કરોડના રોકાણનો અંદાજ છે. રૂા. ૫૪,૭૫૭.૯૫ કરોડ પીવાના પાણી તથા ઔદ્યોગિક પાણી વપરાશ માટે રૂા. ૩૬,૩૬૯.૪૩ કરોડ; સિંચાઈ ક્ષેત્ર માટે રૂા. ૨૦,૭૬૮ કરોડ બંદર વિકાસ; રૂા. ૧૮,૯૩૭ કરોડ રસ્તા વિકાસ માટે, રૂા. ૨૩,૧૩૦ કરોડ ઔદ્યોગિક પાર્ક્સ માટે, શિક્ષણ સંશોધન ક્ષેત્રમાં રૂા. ૫,૨૫૧ કરોડ, પ્રવાસનક્ષેત્ર રૂા. ૧,૬૯૭.૯૯ કરોડ, એરપોર્ટ વિકાસ માટે રૂા. ૧૫૩૦.૮૭ કરોડ અને કારગો પરિવહનમાં રૂા. ૨૨૭૩.૯૩ કરોડના ખર્ચનો લક્ષ્યાંક છે.

ઈ.સ. ૨૦૨૦માં પ્રજાના અને સરકારના સહિયારા પ્રયાસથી ગુજરાત રાજ્ય તો વિકાસની ચરમ સીમાએ પહોંચી જશે. ગુજરાતમાં કન્યા કેળવણીનો દર સો ટકા કરવાનો લક્ષ્યાંક છે જ્યારે આયુષ્ય દર પુરુષોમાં ૭૩.૪ અને સ્ત્રીઓમાં ૭૭.૪ કરવાનો છે. ડૉક્ટરોની સંખ્યા એક લાખની જન સંખ્યાએ ૧૭૦ની કરવામાં આવશે. ગરીબી રેખા નીચેની વસતિનું પ્રમાણ એક ટકાથી નીચું કરવા લક્ષ્યાંક છે. આગામી એક દાયકામાં ગુજરાતની અનેકવિધ ક્ષેત્રે અનન્ય આર્થિક વિકાસના ફળ ગુજરાતની જનતાને ચાખવા મળશે.

*૬ એ લીમડા લાઇન, સંસ્કારનગર, ભુજ (કચ્છ)*
*મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

***(મંગલ મંદિર, નવેમ્બર-૨૦૧૦)***



# મારો વાંચનપ્રેમ

કાંતિ ભટ્ટ

*શ્રી કાંતિભાઈ ભટ્ટે 'મારો વાંચન પ્રેમ' નામનો લેખ 'મંગલ મંદિર'ના નવેમ્બર-૨૦૧૦ એટલે કે દીપોત્સવી અંક માટે મોકલેલ હતો. પરંતુ એ લેખ મોડો આવવાથી તેનો દીપોત્સવી અંકમાં સમાવેશ થઈ શકેલ ન હતો. હવે વાંચો શ્રી કાંતિભાઈ ભટ્ટનો "વાંચન પ્રેમ" આ અંકમાં. લેખ વાંચીને સાશ્ચર્ય આનંદ અનુભવાય!*

*– મુખ્યતંત્રી*

★

આજથી ૧૦૧ વર્ષ પહેલાં મહાન ફ્રેન્ચ લેખક અને રાજપુરુષ મોન્ટેસ્કુએ લખેલું કે મેં એવી કોઈ આપત્તિ જોઈ નથી જે એક કલાકનું વાંચન તેને માનસિક ચિંતા છોડાવી ન શકે. મને કહેવામાં આવ્યું છે કે "મારો ગ્રંથરાગ" ઉપર અંગત લેખ લખો. ૨૧મી સદીમાં એક નવો ફેશનેબલ રોગ લાગુ પડ્યો છે. મુંબઈમાં કે બીજાં શહેરોમાં જેની પાસે બહુ વધુ પડતા પૈસા થઈ ગયા છે તે જથ્થાબંધ પુસ્તકો ખરીદીને રૂપાળી લાઈબ્રેરી ઊભી કરે છે પણ વાંચતા નથી. મુંબઈના પુસ્તકપ્રેમી અને લેખનપ્રેમી જયવદન તક્તાવાલાએ તેના ઘરમાં મોટી લાઈબ્રેરી ઊભી કરેલી. તેમનો ઈન્ટરવ્યૂ લેવા ગયો ત્યારે તેમને મેં પૂછ્યું કે આમાંથી કેટલાં પુસ્તકો વાંચ્યા છે? જવાબ : "એક પણ નહીં." મેં તમામ પુસ્તકો માંગી લીધા પછી મારી ૩૧૦ ચોરસ ફુટની ઓરડીમાં લાઈબ્રેરી ઊભી થઈ. પણ લેખક તરીકે મને થોડાંક પુસ્તકોથી હજી ધરવ નથી. હું વળી પત્રકાર ઠર્યો અને દર મહિને ૮૦ની ઉંમરે મહિને ૪૫ લેખો (દૈનિક ભાસ્કરમાં દરરોજ) ૪૦ વર્ષથી લખું છું. તેથી મારે માટે પુસ્તકો અનિવાર્ય લાગે છે. **મહિને રૂા. ૨૦,૦૦૦/-થી રૂા. ૨૫,૦૦૦/-નાં પુસ્તકો, મેગેઝીનો, અખબારો ખરીદું છું.** ઈન્ટરનેટ ઉપર જગતભરનું સાહિત્ય ૨-૩ કલાક જોઉં છું.

ખરેખર તો મારો વાંચનનો પ્રેમ અમુક હદે મારા શિક્ષક પિતા હરગોવિંદદાસ તરફથી મળેલો. મારે ભાવનગરના મહારાજાનો ઉપકાર માનવો જોઈએ કે સ્ટેટના ગામડાંની પંચાયતોમાં તેમણે લાઈબ્રેરી ઊભી કરાવી. અમારા ઘરમાં પુસ્તકો વાંચીને ધરવ ન થયો. "ચંદ્રકાંત" અને "સરસ્વતીચંદ્ર" વાંચ્યા પછી હું ઝાંઝમેરની (મારું વતન) ગ્રામ પંચાયતની લાઈબ્રેરીનો બાળ લાઈબ્રેરિયન બન્યો. ગામના ખેડૂતો વાવણી કરી લે પછી વાંચવા આવતા. મને બચપણથી વાંચવાનું વ્યસન થઈ ગયેલું. બેભાન થઈ જાઉં ત્યાં સુધી વાંચતો, તે વાંચન મને પત્રકારત્વમાં કામ લાગ્યું. **નવટાંક લખવા માટે એક ટન જેટલું વાંચવું પડે છે.** ઝાંઝમેરમાં હાઈસ્કૂલ નહોતી એટલે મહુવાની મનજી નથુ હાઈસ્કૂલની લાઈબ્રેરી સુધી પહોંચતાં પહેલાં મહુવાની પ્રાથમિક શાળામાં પુસ્તકાલય નહીં હોઈને મારા ઉપર મોટી આફત આવી પડી. એ સમયે પ્રખ્યાત બાળવાર્તા લેખક જીવરામ જોશીના નાના ભાઈ દીનુભાઈ જોશી ૧૯૪૧માં અમારા પાડોશી થયા. મહુવાની નગરપાલિકામાં રસ લેનારા જશવંત મહેતાના મિત્રોએ મહુવામાં બાળમંદિર ઊભું કર્યું. દીનુભાઈ જોશીએ સૌ પ્રથમ શરત કરી કે રૂા. ૫,૦૦૦/-ના ખર્ચ વાળી લાઈબ્રેરી બાળકો માટે ઊભી કરો તો આવું અને મહુવામાં પ્રથમ બાળ લાઈબ્રેરી થઈ. પણ મને અને દીનુભાઈના પુત્રો નામે પ્રેમ અને ભરતને તે લાઈબ્રેરીમાં પ્રવેશ નહોતો. પરંતુ અમે જોયું કે લાઈબ્રેરીમાં અદ્‌ભુત સાહસ કથાના પુસ્તકો હતા. એટલે રવિવારે અમે બાળ મંદિરની ચાવી ચોરીને ચૂપચાપ ખાધાપીધા વગર આખો દિવસ વાંચીને ચાવી દીનુભાઈની કફનીમાં મૂકી દેતા. પણ કદી પુસ્તક ચોરતા નહીં.

મેં વિદેશની સફરમાં સ્ટીમરની લાઈબ્રેરીમાં વાંચ્યું છે, વિમાનમાં વાંચ્યું છે, બસની મુસાફરી કે ટ્રેનની મુસાફરીમાં પણ વાંચ્યું છે. જયપુરના મહારાણી ગાયત્રી દેવીને તેના પિતાએ જમતા જમતા વાંચતા જોયા ત્યારે પિતાએ કહ્યું, 'જ્યારે જમતી હોય ત્યારે માત્ર જમ. વાંચતા વાંચતા નહીં જમ. અને જ્યારે વાંચતી હો ત્યારે માત્ર વાંચન કરજે.' પણ ઘણા લોકો આ નિયમ પાળી શકતા નથી. હું લંડન ગયો ત્યાં એક અંગ્રેજ મિત્રને ઘરે ઉતર્યો તો તેની લાઈબ્રેરીમાં પણ પુસ્તકો હતા. હું પણ માફી સાથે લખું છું કે લઘુશંકા કરતી વખતે પણ હું પુસ્તક લઈ જાઉં છું કારણકે ૮૦ની ઉંમરે તે ક્રિયામાં ચાર પાંચ મિનિટ જાય છે, તે નક્કામી જવા દેતો નથી.

મેટ્રિક પછી સૌરાષ્ટ્રમાં કોમર્સ કોલેજ નહોતી એટલે વડોદરા પ્રતાપસિંહ કોમર્સ કોલેજમાં દાખલ થયો. સુરસાગરની પાળે કોલેજ હતી પણ સારી લાઈબ્રેરી નહોતી. અમારી પ્રતાપ નગરની હોસ્ટેલથી કોલેજ તો દૂર હતી પણ સયાજીરાવ ગ્રંથાલય તો ઘણું ઘણું દૂર હતું અને બસના પૈસા નહોતા. એટલે એ ભવ્ય પુસ્તકાલયનો લાભ ન મળ્યો.

૧૦ વર્ષ મલેશિયામાં ૧૯૫૬થી ૧૯૬૬ સુધી રહ્યો. ત્યાં કાકાના ઋણભારને ઉતારવા બિઝનેસમેન બનવું પડ્યું ત્યારે કાકાની ખાડે ગયેલી કંપનીને ઊંચી લાવવા ૧૮-૨૦ કલાક કામ કરતો. વાંચનનો સમય ન મળતો. પછી એ ગુલામીમાંથી છુટ્યો ત્યારે સ્ટીમર રસ્તે કલકત્તા થઈ રંગુન થઈ મુંબઈ આવી પત્રકાર બન્યો. સ્ટીમરમાં પુસ્તકાલય જોઈને આનંદ થયો. જાણે કોઈ યૌવનાની સાથે રોમાન્સ કરવાનું મળ્યું. મારી પુત્રી ફ્લોરીડામાં એકરટે કોલેજમાં ભણી તે કોલેજની ભવ્ય લાઈબ્રેરીનો મને લાભ મળેલો. મારી પુત્રીને પરીક્ષામાં હાથનું રાંધેલું ખાવા મળે તે માટે રસોઈ કરવા હું ફ્લોરીડા ગયેલો.

૧૯૬૬ના સપ્ટેમ્બરમાં પત્રકાર બન્યો ત્યારે વ્યાપાર - જન્મભૂમિમાં ઉપતંત્રી બન્યો. ત્યાં જાણે લોટરી લાગી ગઈ. અમૃતલાલ શેઠ પછી તમામ તંત્રીઓએ અદ્‌ભુત લાઈબ્રેરી ઊભી કરી હતી. એનો લાભ મળ્યો પણ મને તૃપ્તિ નહોતી. એ પછી મને મારા સહતંત્રી મોહનલાલ ગાંધીએ મને એશિયાટિક સોસાયટી લાઈબ્રેરી બતાવી. અદ્‌ભુત લાઈબ્રેરી હતી. જન્મભૂમિની કચેરી નજીક જ આવેલી છે. તેનું ભવ્ય બિલ્ડિંગ છે. ભારતમાં જે કોઈ પુસ્તક પ્રકાશિત થાય તેને કાનૂનનું અગર સ્વૈચ્છિક બંધન છે કે બે નકલો એશિયાટિક લાઈબ્રેરીને મોકલવી. હું તેનો સભ્ય બન્યો. મને જોઈએ તેવા જૂનાં - નવાં પુસ્તકો મળતાં આખી દુનિયાનાં મેગેઝિનો આવતા. મારા ફેવરિટ એવા ન્યુસ્ટેટ્સમેન, સ્પક્ટેટર, નેશનલ જ્યોગ્રાફિક, ન્યુસાયન્ટીસ્ટ, ટાઈમ્સ લીટરરી સપ્લીમેન્ટ, મેઈન સ્ટ્રીમ વગેરે વાંચવા મળતા. હું લગભગ ૩૩ વર્ષથી સભ્ય છું. આ ઉંમરે લાઈબ્રેરીમાં જઈ શકતો નથી. મારે ઘરે કામ કરનારી હરિજન બહેન હેમા બોરીચા મારા વતી ત્રણ વિદેશી મેગેઝીનો અને જોઈએ તેવા પુસ્તકો મંગાવું છું તે લાવે છે.

પણ આ લેખ કોઈ ધનિક - પુસ્તકપ્રેમી વાંચશે તો મારી પ્રાર્થના છે કે આજે એશિયાટિક સોસાયટીની એ લાઈબ્રેરી નાણાંની તંગીથી પીડાય છે. નવાં પુસ્તકો કે અગાઉના વિદેશી મેગેઝિનોનું લવાજમ ભરી શકતી નથી. મુકેશ અંબાણીને કોઈ પુસ્તકપ્રેમી મિત્ર માત્ર એટલું કહે કે ત્યાં અંબાણી રીડિંગ કોર્નર ઊભો કરે દર વર્ષે ફક્ત રૂા. ૨ લાખનાં પુસ્તકો કે મેગેઝીનો માટેનું દાન આપે. જ્ઞાનદાન જેવું શ્રેષ્ઠ દાન કોઈ નથી. મુંબઈ સમાચારની ઓફિસ સામે ટાઉન હોલમાં આ લાઈબ્રેરી છે. આ લાઈબ્રેરીને મરવા દેવી જોઈએ નહીં. જન્મભૂમિની લાઈબ્રેરી પણ હવે પહેલાં જેવી રહી નથી. એટલા માટે કે પત્રકારો તેનો લાભ લેતા નથી. ઈન્ટરનેટે કમબખ્તી આણી છે.

પુસ્તકો વગરની જિંદગીની હું કલ્પના કરી શકતો નથી. મુંબઈ શહેર ભાગ્યશાળી છે કે તાજમહાલ હોટલ, ઓબેરોય હોટલ અને એરપોર્ટમાં પુસ્તક ભંડારો છે. ખાસ કરીને શેરી ઉપર પુસ્તકનો સ્ટોલ માંડીને જબ્બર પુસ્તક વિક્રેતા થયેલા મિ. શાનબાગનો સ્ટેન્ડ બુકસ્ટોલ મારા પુસ્તક પ્રેમને થોડોક સંતોષે છે. ઉપરાંત મારે 'ક્રોસવર્ડ' નામના બુક સ્ટોરના નિર્માતાનો આભાર માનવો જોઈએ કે મુંબઈ શહેરમાં ત્રણચાર જગ્યાએ તેના પુસ્તક ભંડારો છે. તે જગતભરનાં લેટેસ્ટ પ્રકાશનો મંગાવે છે. અમદાવાદ એરપોર્ટ ઉપરનો બુક સ્ટોલ ગરીબમાં ગરીબ છે. અમદાવાદી લોકો વાંચનમાં સાવ ખડુસ છે. અરે અમદાવાદનાં ઘણા પત્રકારો પુસ્તકો વાંચતા નથી ત્યાં પછી સામાન્ય માનવીનો શું ખરખરો કરવો? મારા વૈદ્યમિત્ર ડૉ. પંકજ નરમનો ખાસ આભારી છું કે અમેરિકાથી તાજા પ્રકાશિત થયેલ મોંઘા પુસ્તકો લાવી, ભેટ આપે છે.

આજે મને ચિંતા એ થાય છે કે ૧૫ વર્ષથી મારી પત્ની શીલા દિલ્હી રહે છે. મેં લાઈબ્રેરી ઊભી કરેલી તે જોઈને દિલ્હીમાં મારી પુત્રી શક્તિ અને તેના અંગ્રેજી ભાષામાં કવિતા લખતા કર્ણાટકના યુવાન કવિ જીતથૈલ — બંનેએ ઉત્તમ લાઈબ્રેરી ઊભી કરેલી. પોણું ઘર પુસ્તકોથી ભરેલું હતું. પણ મારી પુત્રીના મરણ પછી એ લાઈબ્રેરી, તેનો પતિ બેંગ્લોર લઈ ગયો છે. ચિંતા એ છે કે મારી લાઈબ્રેરી હું કોને સોંપતો જઈશ? મારી પાસે સાતેક એન્સાઈક્લોપીડિયા, ભગવદગો મંડળના ૯ ગ્રંથો અને ખાસ તો વૈદક - ફાર્મસી ઉપર ૧૦૦ પુસ્તકો ઉપરાંત ૧૦,૦૦૦થી વધુ બીજા પુસ્તકો છે. શીલાને પુસ્તકોનો શોખ છે તે મોડો મોડો જાગ્યો છે. પણ છતાં મને શક્તિના મરણ પછી દત્તક પુત્રી લેવી છે, જે પત્રકારત્વ અને પુસ્તકોને પ્રેમ કરતી હોય. આખું પુસ્તક લખાય તેવું વાંચનપ્રેમ કે પુસ્તક પ્રેમનું સાહિત્ય મારી પાસે છે. વાંચન ઉપર મેં એક પુસ્તક ભરાય તેટલા લેખો લખ્યા છે પણ કોઈ પ્રકાશક નથી. કેટલીક તાજી કે જૂની વાતો વાંચન અંગે તમને રસ પડે તે માટે આપું છું :

૧. **૧૨મી સપ્ટેમ્બર, ૨૦૧૦ના રોજ જગતનું સૌથી મોંઘામાં મોંઘું પુસ્તક પ્રકાશિત થયું છે. તેની કિંમત ૮૮ લાખ ડોલર અગર ૫૭ લાખ સ્ટર્લિંગ પાઉન્ડ છે. એટલે કે એક પુસ્તકની કિંમત રૂા. ૪૧૩.૬ કરોડ છે! માનો છો? આ પુસ્તકની માત્ર ૧૧૯ નકલો છપાઈ છે! એટલે જગતની ઉત્તમ લાઈબ્રેરીમાં અને મ્યુઝિયમો જ આ પુસ્તક ખરીદી શકશે.** ઈંગ્લેન્ડમાં ગુરુવાર, તા. ૧૬-૯-૧૦ના રોજ પુસ્તક વેચવા કઢાયું હતું.

૨. હેરલ્ડ બ્લુમ નામના વિદ્વાને પુસ્તકનું બહુમાન કરતા કહેલું કે માનવ એકલો હોય અને તેના હાથમાં પુસ્તક હોય તો તે પુસ્તક વાંચીને સંસ્કૃતિનો આરાધક બની શકે.

૩. એલેકઝાન્ડર ધ ગ્રેટ ઉર્ફે સિકંદર રણ મોરચે પણ પુસ્તક વાંચતો.

૪. મોરારિ બાપુને મોઢેથી સાંભળેલી વાત છે કે તેમના કાકાબાપુ (પિતાના ભાઈ)ને પુસ્તકોનો શોખ હતો. એટલે તલગાજરડાથી ચાર કિલોમીટર ચાલીને મહુવાની

લાઈબ્રેરીમાંથી પુસ્તક વાંચવા લાવી આપતા. માલણ નદીમાં પૂર હોય તો પણ ઘણી વખત પુસ્તક ઊંચું રાખીને ગળા સમાણા પાણી તરીને પુસ્તક બદલાવી આવતા. જો નદીના પૂર આકરા હોય તો મોરારિબાપુ નદી કાંઠે બેસીને પુસ્તકો વાંચી લેતા. તમને નવાઈ લાગશે કે માંડ સેકન્ડરી સ્કૂલ સુધી ભણેલા મોરારિબાપુ આટલું બધું વિદ્વતા ભરેલું વક્તવ્ય કેમ આપી શકે છે? જવાબ છે તેમનું વાંચન!

૫. સિકંદરે સૌ પ્રથમ કામ એ કર્યું કે લગભગ ૩૪૩ વર્ષ પહેલાં એલેકઝાન્ડ્રિયા શહેર સ્થાપ્યું ત્યાં જગતમાં મશહુર બને તેવી લાઈબ્રેરી ઊભી કરી.

૬. બગદાદના હારૂલ અલી રશીદનાં પુત્ર બલીઅલ મામુનને સપનામાં એરિસ્ટોટલ આવ્યા. સપનામાં ખલીફે એરિસ્ટોટલ સાથે ચર્ચા કરી ત્યારે તેમને ગ્રીક ફિલસુફની ભવ્યતા સમજાઈ. તુરંત બગદાદની લાઈબ્રેરીમાં રાખવા માટે એરિસ્ટોટલના તમામ પુસ્તકોનો અરબી ભાષામાં અનુવાદ કરાવ્યો.

૭. મશહુર વાર્તા લેખિકા અગાથા ક્રિસ્ટી ૭૫ વર્ષ પહેલાં તેના બીજા પતિ સાથે ઇંગ્લીશ રેલવે સ્ટેશને ટ્રેનની રાહ જોઈ ઊભા હતા. સમય પસાર કરવા રેલવેના બુક સ્ટોલ પર પુસ્તક ખરીદવા ગયા પણ એકેય નવલકથાનું પુસ્તક ન મળ્યું. આજેય રેલવે સ્ટોલોની આ હાલત છે. મેગેઝિનો કે પોર્નોગ્રાફિક પુસ્તકો મળે છે. યોગાનુયોગ અગાથા ક્રિસ્ટીનો બીજા પતિ એલેક લેન પુસ્તક પ્રકાશક હતો. તેણે સારાં પુસ્તકોના પ્રચારમાં રેલવે સ્ટોલોમાં પુસ્તકો ખડકાવ્યા. વડોદરાના રેલવે સ્ટેશને અને એરપોર્ટ ઉપર કોઈ સયાજીરાવ બુક સ્ટોલ ઊભો કરશે, જ્યાં ગુજરાતી પોએટ્રી - નવલકથા મળે?

*(મંગલ મંદિર, ડિસેમ્બર-૨૦૧૦)*




*(મંગલ મંદિર, જૂન-૨૦૧૧)*

## સ્વપ્નની રાત

આંખોમાં એક ચમક આવી,
જાણે મનમાં ખુશીનાં તરંગ લાવી,
જે એકબીજાથી કહી નહીં શક્યા,
તે આંખથી આંખ કહી આવી.

જાણે સાગરની લહેરોમાં ખોવાઈ ગયા,
જાણે પ્રકૃતિનાં ખોળામાં સમાઈ ગયા,
પણ ત્યાં નથી ફૂલોની ક્યારી,
તો પછી ક્યાંથી આ સુગંધ આવી ?

ખરેખર, આંખથી આંખ કાંઇ કહી આવી.
મારા કલ્પનાના તરંગોમાં ઊડતો રહ્યો,

હર એક સપનાને હકીકત સમજતો રહ્યો;
પણ આંખમાં આંસુની એક બુંદ આવી,
જાણે આંખમાંથી પ્રેમની ભિનાશ આવી.
ખરેખર,
ખરેખર... મનમાં કોઇની યાદ આવી.

*કાજલ ગિરીશ દેઢિયા - મુંબઇ*
*મંગલ મંદિર, ફેબ્રુઆરી-૨૦૦૦*

## દિલ માટે ધન છે, પણ પ્યાર નથી!

મહાનગરની, અજબ જિંદગી, કોઈ પાસે પાડોશ નથી
ફુરસદ કોઈનેય નથી ને સહેજ કોઈને હોશ નથી
વ્યાકુળ છે હર વ્યક્તિ અહીં ને હરપલ ભાગાભાગ મચી છે
હર દિલમાં ઉત્પાત રહે છે, હર મનમાં બસ આગ છૂપી છે

આત્મકેન્દ્રિત જીવનચર્યા, બીજાનો કશો વિચાર નથી
ધનની માયા નગરીમાં દિલ માટે ધન છે, પણ પ્યાર નથી!
મનમાં કરુણા નથી ઉપજતી, બંધન છે સંવેદના પર
મૂલ્યહીન જીવન, મશીન તન, હૃદય છે નપટ ચેતના વગર

કેવી આજ મોસમ છવાણી હરેક શ્રદ્ધા હરામ થઈ છે
લાગવગ વધી - ધનવાન થવા મનની શાંતિ હરામ થઈ છે.
ચમક-દમકદાર બજાર મહીં, સત્યનો ક્યાંય વ્યવહાર નથી
ધનની માયા નગરીમાં દિલ માટે ધન છે પણ પ્યાર નથી!

આજે બે-ઘર છે માનવતા, નીકળે છે દમ અરમાનોનો
આંસુનો કોઈ સગો નથી, ભ્રમ છે અધરો પર મુસ્કાનોનો.
નિયતિ ક્રૂર છે ફુટપાથો પર, ગુજરાન ગુજારે છે માનવ
અને નીકટ ઊંચા ભવનોમાં, દાનવતાનું દીપે તાંડવ

છીપે પિપાસા ક્યાંથી, અહીં તો મૃગતૃષ્ણાની ધાર નથી
ધનની માયા નગરીમાં દિલ માટે ધન છે, પણ પ્યાર નથી.

*આનંદકુમાર આડે - યવતમાલ*
*મંગલ મંદિર, જાન્યુઆરી-૨૦૦૨*

# પાઈપલાઈન આવી, હવે નહેર પણ આવશે

મુકેશ ઝવેરી

**કચ્છના ઐતિહાસિક દાયકામાં ઔદ્યોગિક વિકાસની શરૂઆત થઇ ચૂકી છે પણ આ સરહદી પ્રદેશના લોકો જેની ચાતક નજરે રાહ જોઇ રહ્યા છે એ નર્મદાના સિંચાઇના નીર બે-ત્રણ વરસ બાદ પહોંચતાં નવી ક્રાંતિના મંડાણ થશે. ખેતી માટેનો એ સુવર્ણ ગાળો હશે. ૬૦૦ કિ.મી. દૂર પાઇપલાઇન વાટે નર્મદાના પેયજળ કચ્છ ખેંચી લાવવાનું કાર્ય ઉલ્લેખનીય ઘટના છે.**

નર્મદાનાં નીર કચ્છ માટે અત્યાર સુધી સપનાંની વાત લેખાતી પરંતુ ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદી સંકલ્પબદ્ધ થયા અને છેક ૬૦૦ કિ.મી. દૂરથી પાઇપલાઇન મારફત પીવાનું પાણી લાવીને સૂકા પ્રદેશના કચ્છ પ્રદેશની તરસ છીપાવી ત્યારથી લોકોને ખાતરી થઇ ચૂકી છે કે નર્મદા હવે વાસ્તવિકતા છે અને આવનાર બેથી ત્રણ વર્ષમાં આ સંભાવના હવે નક્કર હકીકતમાં પલટાવાની છે.

૨૦૦૧ના ધરતીકંપમાં કચ્છ તારાજ થયા પછી ફિનિક્સ પંખીની જેમ રાખમાંથી બેઠું થયું. વિકાસના ધોરીમાર્ગે દોડ લગાવવાની શરૂ કરી છે એ વિકાસ ભવિષ્યમાં વધુ સંગીન બનાવવા માટે નર્મદા યોજના ચાવીરૂપ પુરવાર થશે. રાજ્ય સરકાર અને નર્મદા નિગમ અત્યારે એ દિશામાં આગળ વધી રહ્યા છે. લક્ષ્ય એક જ છે. ૨૦૧૦ના આખર સુધી કચ્છની ધરતી પર નહેર વાટે નર્મદાનાં પાણી વહેવડાવાનું.

એક વાત હું જવાબદારીપૂર્વક કહી દઉં કે આ માત્ર વાતો નથી, પોકળ વચન નથી. કેમ કે કચ્છ શાખા નહેર અને નર્મદાના જુદા જુદા કામો માટે ૪૪૦૦ કરોડના ટેન્ડર જાહેર થઇ ગયા છે. ૨૨૦૦ કરોડના ટેન્ડર ખુલી ગયા છે અને મોટાભાગના કામ અપાઇ ગયા છે.

કચ્છના લોકોને એ જાણીને આનંદ થશે કે અત્યારે કચ્છ ઔદ્યોગિક રીતે વિકસી રહ્યું છે. આગામી બે વર્ષ બાદ નર્મદાની નહેર કૃષિ વિકાસની વાહક બનીને આવશે. કચ્છના ૧૦ તાલુકામાંથી ૭ તાલુકાને ચોમાસા દરમ્યાન મળનારા વધારાના પાણી સહિત નર્મદાનાં નીર સિંચાઇ માટે આપવાનું આયોજન છે. એ જોતાં મોટી ક્રાંતિનું નિર્માણ થઇ રહ્યું છે એની ખાતરી રાખજો.

વિકાસના છેલ્લા દાયકા પર દષ્ટિપાત કરીએ તો નર્મદા પેયજળનું અવતરણ ઐતિહાસિક ઘટના હતી. ૧૮મી મે, ૨૦૦૩ના દિવસે મુખ્યમંત્રી નરેન્દ્રભાઇએ સામખિયાળી હેડવર્કસ ખાતે પાઇપલાઇનથી આવેલાં નર્મદાના પેયજળના વધામણાં કર્યા. એ રીતે પીવા માટે ફક્ત વરસાદ પર આધારિત કચ્છ માટે એક નવો વિકલ્પ ખૂલ્યો. કચ્છ માટે આ બહુ મોટી વાત કહી શકાય. કેમકે અહીં અપૂરતા વરસાદને લીધે જમીનના પાણી સતત નીચે ઉતરતાં રહ્યાં છે. નર્મદાનાં નીરને લીધે એકતરફ ઉદ્યોગોની આંશિક જરૂરિયાત સંતોષાણી, બીજી તરફ લોકોને પીવાનાં પાણીની ચિંતા હળવી થઇ. આજે બન્ની પંથક અને ખાવડા સુધી નર્મદાની પાઇપલાઇનના પાણી પહોંચી ચૂક્યાં છે અને દેશના છેવાડાના સરહદી લખપત તાલુકા સુધી પહોંચવાની તૈયારીમાં છે.

કચ્છ માટે નર્મદાના વર્તમાન આયોજનની વિગતો જોઇએ એ પહેલાં એક-બે મહત્ત્વની વાત. એક વાત છે જમીન સંપાદનની. કેનાલો બાંધવા માટે જમીન સંપાદનના કાર્યમાં લોકોએ સ્વયંભૂ સહકાર આપ્યો છે. જંત્રી ભાવથી જમીન ખરીદવાના સરકારના હકારાત્મક નિર્ણયે પણ ભાગ ભજવ્યો છે. લોકોની નર્મદા માટેની ઈંતેઝારીનો ખ્યાલ એક વાત પરથી આવશે કે સુવઈના દલિત ભાઈઓએ વળતર લીધા વિના પોતાની જમીન નર્મદાના યજ્ઞમાં આપી દીધી છે.

મુખ્યમંત્રી કચ્છની કેટલી કાળજી રાખે છે એ વાત હવે કહેવાની જરૂર નથી. કચ્છના લોકોને તેનો અહેસાસ થઇ ચૂક્યો છે.

નર્મદાનું સપનું પરિપૂર્ણ કરવા માટે મહેસૂલમંત્રી આનંદીબહેન પટેલ અને શહેરી વિકાસમંત્રી નીતિનભાઇ પટેલની ઉચ્ચ કક્ષાની સમિતિ જમીન સંપાદનથી લઇને કેનાલોના કામ ઝડપથી આગળ ધપાવવાની કામગીરી પર દેખરેખ રાખી રહી છે. તેવી જ રીતે નર્મદા નિગમના અધ્યક્ષ રાજગોપાલન, એમ.ડી. જગદીશન તથા કચ્છ શાખા નહેરનો હવાલો સંભાળતા જોઇન્ટ એમ.ડી. શ્રીનિવાસન વચ્ચે ઉમદા સંકલન છે. સૌનો આશય એક જ છે કચ્છ સુધી વહેલી તકે નર્મદાનાં નીર

પહોંચાડવા.

કચ્છ શાખા નહેર નર્મદા યોજના મુખ્ય નહેરની સાંકળ ૩૮૫.૮૧ કિ.મી. પરથી નીકળે છે. કચ્છ શાખા નહેરની કુલ લંબાઇ ૩૭૫ કિ.મી. છે. કચ્છ શાખા નહેર બનાસકાંઠા અને પાટણ જિલ્લામાંથી પસાર થઇ કચ્છના રણને ઓળંગીને કચ્છ જિલ્લામાં પ્રવેશ કરે છે. કચ્છ શાખા નહેરની શરૂઆતની લંબાઇમાં આવતા વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિ મુજબ કચ્છ શાખા નહેરની સાંકળ ૨૦.૬૭ કિ.મી. (બનાસકાંઠા જિલ્લાના ભાભર ગામે), ૪૦.૩૦ કિ.મી. (પાટણ જિલ્લાના કિલાણા ગામે) અને ૮૨.૩૦ કિ.મી. (પાટણ જિલ્લાના મહુત્રા ગામે) પર અનુક્રમે ૧૧.૨૫ મી. ૭.૮૦ મી. અને ૮.૮૨૫ મી. ઉંચાઇના ફૉલ બાંધવાનું આયોજન કર્યું છે. કચ્છ જિલ્લામાં સાંકળ ૧૦૦.૭૯ કિ.મી. (રાપર તાલુકાના માંજુવાસ ગામે) અને ૧૧૧.૭૫૦ કિ.મી. (રાપર તાલુકાના હમીરપુરા ગામે) ઉપર પમ્પિંગ સ્ટેશન મૂકી બંને જગ્યાએ ૧.૨૧ મી. ઊંચાઇમાં તથા ભચાઉ પાસે સાંકળ ૧૮૯.૯૭ કિ.મી. પાસે ત્રીજું પમ્પિંગ સ્ટેશન મૂકી ૧૮.૭૨ મીટર ઊંચાઇમાં પાણી ઉદવહન કરવાનું આયોજન છે.

- **કચ્છ શાખા નહેરના પિયત વિસ્તારની વિગત :**

મૂળ આયોજન મુજબ કચ્છ જિલ્લાના ૪૨,૮૦૦ હેક્ટર પિયત વિસ્તારનો સમાવેશ હતો. નર્મદા આયોજન જૂથ દ્વારા વિગતવાર સર્વેક્ષણ આધારે કચ્છ જિલ્લાનો પિયત વિસ્તાર ૫૭,૩૦૦ હેક્ટર નક્કી કરવામાં આવેલો. કચ્છ જિલ્લાને વધુ પાણી ફાળવવા જિલ્લાના પ્રતિનિધિઓની અવાર-નવારની રજૂઆતોને ધ્યાનમાં રાખીને કચ્છ જિલ્લાનો પિયત વિસ્તાર ૫૭,૩૦૦ હેક્ટરથી વધારી ૧,૧૨,૭૭૮ હેક્ટર કરવામાં આવેલો છે. જે બાબતે પાણીની ફાળવણી ૦.૨૦૩ મી.એ. ફૂટથી વધારીને ૦.૪૯૬ મી.એ. ફૂટ કરવામાં આવેલી અને તે મુજબ કચ્છ શાખા નહેરની વહનક્ષમતા વધારીને ૧૨૦ ઘ.મી./સેકન્ડ કરવામાં આવેલી છે. વધુમાં ચોમાસા દરમ્યાન પુરના ઉપલબ્ધ વધારાનાં પાણીમાંથી ૧.૦ મિલિયન એકર ફૂટ પાણી કચ્છ જિલ્લાને આપવાનું આયોજન સિંચાઇ વિભાગ દ્વારા કરવામાં આવી રહ્યું છે. તે માટે કચ્છ શાખા નહેરની વહનક્ષમતા પણ વધારવામાં આવી છે.

- **બાંધકામના ચાલુ કામોની સ્થિતિઃ**

કચ્છ શાખા નહેરની સાંકળ ૦.૦ થી ૩૨.૯૭ કિ.મી. ના કામો પૂર્ણ થઇ ગયેલા છે. કચ્છ શાખા નહેરની સાંકળ ૩૨.૯૭ થી ૪૫ કિ.મી.ની લંબાઇમાં બાકી રહેલા કામ મૂળ ઇજારદારના ખર્ચે અને જોખમે પૂર્ણ કરવાની કામગીરી પ્રગતિમાં છે અને નવેમ્બર-૨૦૧૧ માં પૂર્ણ કરવાનું આયોજન છે. ક.શા.ન.ની સાં ૪૫ થી ૫૫ કિ.મી.ના કામો (૨૯૭.૯૭ કરોડ) ઇપીસી ટેન્ડર ધોરણ બહાર પાડવામાં આવેલ છે અને જે મંજૂરી હેઠળ છે. કચ્છ શાખા નહેરની લંબાઇમાં સાંકળ ૫૫ થી ૬૫ કિ.મી.ની લંબાઇમાં બાકી રહેલા કામો (૨૧.૧૮ કરોડ) પણ ઇજારદારના ખર્ચે અને જોખમે પૂર્ણ કરવાની કામગીરી પ્રગતિમાં છે. કચ્છ શાખા નહેરની સાંકળ ૬૫ થી ૮૨.૩૦ કિ.મી.ના કામો તથા

**કચ્છ શાખા નહેર હેઠળના આયોજન મુજબ પિયત વિસ્તારની જિલ્લાવાર, તાલુકાવાર અને ગામની સંખ્યાવાર વિગતો નીચે મુજબ છે.**

| *અનુ નં.* | *જિલ્લો* | *તાલુકો* | *લાભિત ગામોની સંખ્યા* | *પિયત વિસ્તાર હેક્ટરમાં* |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | બનાસકાંઠા | કાંકરેજ | ૨ | ૨૦૯૮ |
| | | દિયોદર | ૨૬ | ૧૮૪૯૪ |
| | | ભાભર | ૧ | ૨૨૫ |
| | | વાવ | ૯ | ૭૫૦૧ |
| | | **કુલ** | **૩૮** | **૨૮૩૧૮** |
| ૨ | પાટણ | રાધનપુર | ૨ | ૮૫૦ |
| | | સાંતલપુર | ૩૯ | ૩૩૯૪૩ |
| | | **કુલ** | **૪૧** | **૩૪૭૯૩** |
| ૩ | કચ્છ | રાપર | ૪૭ | ૩૮૫૬૧ |
| | | ભચાઉ | ૩૩ | ૨૫૯૩૫ |
| | | ગાંધીધામ | ૮ | ૪૧૩૪ |
| | | અંજાર | ૨૪ | ૧૩૩૬૭ |
| | | મુંદરા | ૩૪ | ૧૮૨૪૦ |
| | | માંડવી | ૩૦ | ૧૧૧૯૮ |
| | | ભુજ | ૬ | ૧૩૪૩ |
| | | **કુલ** | **૧૮૨** | **૧,૧૨,૭૭૮** |
| | | **કુલ સરવાળો** | **૨૬૧** | **૧,૭૫,૮૮૯** |

સાંકળ ૩૦.૦ થી ૮૨.૩૦ કિ.મી. ના નેટવર્કના કામોનું (૨૨૩.૪૯ કરોડ) ઈપીસી ધોરણે ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે, જે મંજૂરી અર્થે ચકાસણી હેઠળ છે. કચ્છ શાખા નહેરની સાંકળ ૦.૦ થી ૩૦.૦ કિ.મી.ની લંબાઇમાંથી નીકળી ડિસ્ટ્રીબ્યુટરીના કામો પ્રગતિમાં છે.

કચ્છ શાખા નહેર સાંકળ ૧૧૨.૫૦૦ થી ૧૩૩.૫૧૯ કિ.મી.(કુલ ૨૧ કિ.મી.)ની લંબાઇમાં બાંધકામની કામગીરી પ્રગતિમાં છે. કચ્છ શાખા નહેર સાંકળ ૧૨૨.૨૧૯ થી ૧૩૩.૫૧૯ કિ.મી. (પેકેજ કે-૨) નું કામ મૂળ ઈજારદારના ખર્ચે અને જોખમે પૂર્ણ કરવાની કામગીરી પ્રગતિમાં છે. જે જાન્યુઆરી-૨૦૧૨ માં પૂર્ણ કરવાનું આયોજન છે. જ્યારે કચ્છ શાખાના નહેર સાંકળ ૧૧૨.૫૦૦ થી ૧૨૨.૨૧૯ કિ.મી. (પેકેજ કે-૧)નું કામ પ્રગતિમાં છે અને જૂન-૨૦૧૧ સુધી પૂર્ણ કરવાનું આયોજન છે.

- **પમ્પિંગ સ્ટેશન :**

કચ્છ શાખા નહેર પર આવતા ત્રણ પમ્પિંગ સ્ટેશનના કામો માટેના ટેન્ડરો મંગાવવામાં આવેલા, જે ચકાસણી હેઠળ છે અને ઈજારદાર નક્કી થયા બાદ ટોચ અગ્રતાના ધોરણે કામો પૂર્ણ કરવાનું આયોજન છે.

- **નવાં કામોની વિગત :**

કચ્છ શાખા નહેર સાંકળ ૮૨ થી ૧૧૨.૫ કિ.મી.ના કામ ઈપીસી કરારના ધોરણે રૂા. ૪૩૪.૭૧ કરોડ, કચ્છ શાખા નહેર સાંકળ ૧૩૩.૫૧૯ થી ૧૮૯.૯૭૭ કિ.મી. ના કામ ઈપીસી કરારના ધોરણના રૂા. ૩૭૫.૭૪ કરોડ માટે ટેન્ડરો મંગાવવામાં આવેલ છે, જે મંજૂરીના આખરી તબક્કામાં છે. સદર બંને કામો ઈજારદાર નક્કી થયા બાદ આગામી ૨૪ માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

કચ્છ શાખા નહેર સાંકળ ૧૮૯.૯૭૭ થી ૨૭૩.૨૯૫ કિ.મી.ના કામ ઈપીસી કરારના ધોરણના કુલ રૂા. ૫૮૧.૩૬ કરોડના ટેન્ડર બે ભાગમાં ફરીથી માંગવામાં આવનાર છે. કચ્છ શાખા નહેર સાંકળ ૨૭૩ થી ૩૫૭ કિ.મી.ના કામોમાં બાંધકામ પૂર્વેની કામગીરી અંતિમ તબક્કામાં છે અને તેના ટેન્ડરો પણ અગ્રતાના ધોરણે બહાર પાડવાનું આયોજન છે.

કચ્છ શાખા નહેરની પેટા શાખા નહેર જેવી કે ગાગોદર અને વાંઢિયા પેટા શાખા નહેરો તથા તેના પિયત વિસ્તારના કામોના બાંધકામ પૂર્વેની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરેલી છે જે પૂર્ણ કરી ટેન્ડરો મંગાવવામાં આવનારા છે.

*તા. ૨૦-૧-૨૦૧૧ના 'કચ્છ મિત્ર'માંથી સાભાર*

*(મંગલ મંદિર, ફેબ્રુઆરી-૨૦૧૧)*

## કેટલાક પવિત્ર તમાચા

**(અનુસંધાન : પાના નં.-૬૨ ઉપરથી ચાલુ)**

સારો ડૉક્ટર કે સારો એન્જિનિયર બની શકશે!' આજે કેટલા માવતરો દીકરો ચોરી કરીને પાસ થયો હોય તેનાથી દુઃખ અનુભવે છે? માતાને ઈશ્વરે ગાઢ મમતા આપી છે. પરંતુ સંતાનોને બગાડવાની ઘણી જવાબદારી માતા સ્વેચ્છાએ નિભાવે છે.


બહુ ઓછી માતાઓ એવી ચતુર હોય છે જે જરૂર પડ્યે મમતાનો મુખોટો ઉતારીને બાળકની ભૂલ સામે માથું ઊંચકે છે. આંખે મમતાના ચશ્માં લાગ્યા પછી માતાને અર્જુનની જેમ માત્ર પક્ષીની ડાબી આંખ દેખાય છે. માતાને સંતાનોના દુર્ગુણો દેખાતાં નથી. દીકરો સંપૂર્ણ રાવણ બની ચૂક્યો હોય તો પણ માતાને તેમાં રામના દર્શન થાય છે. દીકરાના દુર્ગુણો પણ વહાલા લાગવા માંડે ત્યારે જાણવું કે વાત્સલ્યનું કેન્સર છેલ્લા સ્ટેજમાં પ્રવેશી ચૂક્યું છે. સાંભળો એક માના આ શબ્દો : 'હજી ક્યાં એની ઉંમર થઇ ગઇ છે...મોટો થશે એટલે સુધરી જશે. આપણે ય નાના હતા ત્યારે આવા જ હતાં ને? છોકરાઓ તો બધાં એવાં જ હોય...!' સંતાનો પ્રત્યેનું આવું દુર્લક્ષ વહાણમાં પડેલા કાણાં જેવું ભયંકર હોય છે. માતાની આવી વિચારધારા ભવિષ્યમાં અશ્રુધારામાં પરિવર્તિત થઇ જાય છે.

એક વાત ગળે ઉતારવી મુશ્કેલ છે પણ ૯૦ ટકા સાચી છે. એકવીસમી સદીના બહુધા બાળકો હોંશિયાર બનીને જ અવતરતાં હોય છે. જન્મ્યા પછી તેમને હોંશિયાર બનાવવા કરતાં દુન્યવી દૂષણોથી દૂર રાખવા એજ આજના માબાપની સાચી જવાબદારી બની રહે છે. હોંશિયાર દીકરાઓને ખુંખાર બનતા વાર નથી લાગતી. ઘરે મા 'ભઇલુ' કહીને બોલાવતી હોય એવો દીકરો કોલેજમાં ગયા પછી ભઇલું મટીને 'ભાઇ' બની જાય છે. બાળકો માબાપની નિગરાનીના કવરેજ એરિયાની બહાર નીકળી જાય પછી ન બગડે તે માટે તેમની સંસ્કારમય પરવરિશ કરવી પડે છે. કાચના ગ્લાસ વેચતો માણસ ગ્લાસને લાકડા પર અફાળીને તેની મજબૂતાઇની સાબિતી ગ્રાહકોને આપે છે. આજે માબાપ દીકરાઓ માટે એવી 'અનબ્રેકેબલ'ની ગેરન્ટી આપી શકતાં નથી. કારણ શું...? કારણ કે પેલા ચોરની માતાની જેમ આપણે સંતાનોને યોગ્ય સમયે તમાચા મારવાનું ચૂકી જઇએ છીએ. યાદ રહે, કેટલાક સંજોગોમાં ચુંબન કરતાં તમાચો વધુ પવિત્ર બની રહે છે. માવતરના વધુ પડતા લાડ દીકરાઓને લબાડ બનાવી દે છે. લબાડ દીકરાને માવતર ઘરખૂણે તમાચો નહીં મારશે તો તે તાડની જેમ વિકસશે અને વખત જતાં દીકરો સમાજમાં એક 'ગાળ' બની જશે. અને પોલીસ એને જાહેરમાં તમાચા મારશે.

*સી-૧૨, મજૂર મહાજન સોસાયટી,*

*ગણદેવી રોડ, જમાલપોર, નવસારી-૩૯૬ ૪૪૫.*

*(મંગલ મંદિર, ફેબ્રુઆરી-૨૦૧૧)*



# કેટલાક પવિત્ર તમાચા



દિનેશ પાંચાલ

બહુધા દીકરાઓની નજર બાપની તિજોરી પર હોય છે- લાઈબ્રેરી પર નથી હોતી. વિનોદ ભટ્ટે કહેલું : 'સોના ચાંદીની દુકાન લુંટાઇ છે. કદી પુસ્તકોની દુકાન લુંટાતી નથી!' આપણે એવાં સમાજમાં જીવીએ છીએ જ્યાં લાઇબ્રેરી કરતાં લૉકરનું મહત્ત્વ વધારે અંકાય છે. બાપની મિલકત માટે લડતાં દીકરાઓ ગલી ગલીએ મળી આવશે. બાપના પુસ્તકો માટે લડતા દીકરાઓ કરોડે એકાદ પણ નહીં હોય. બાપના સારા સંસ્કાર અને ઉજ્જવળ જિંદગીના વારસાનો દીકરાને ખાસ આનંદ હોતો નથી. બદલાતા જનજીવન સાથે મૂલ્યો બદલાઇ રહ્યાં છે. વિચારોમાં વરવા પરિવર્તન આવી રહ્યાં છે. ઇમાનદારીને લોકો નાદારી ગણવા લાગ્યા છે. સરકારી ઓફિસમાં કામ કરતો પિતા પ્રામાણિક હોય તેનું દીકરાને ગૌરવ નથી. પિતાની પવિત્ર ગરીબી દીકરાઓને કોબ્રાના ડંખ જેવી લાગે છે. માણસ કૉલગર્લની ગ્લેમર જોઇને અંજાઇ જાય છે તેમ દાણચોરોના દીકરાઓને 'હોન્ડાસિટી' કારમાં ફરતાં જોઇને ગરીબના દીકરાઓ અંજાઇ જાય છે. ગાંધીજીને ત્યાં કદી ઇન્કમટેક્ષની રેડ પડી હતી? જયલલિતાની જેમ એમના ઘરમાંથી સોનાની પાટો જડી આવે એવા સમાચારની કલ્પના થઇ શકે ખરી? સારું ચરિત્ર કે સારા સંસ્કાર હવે મ્યુઝિયમમાં સાચવી રાખવા જેવી વસ્તુ બની ગયા છે. પિતાની જગવ્યાપક પ્રતિષ્ઠાનું દીકરાને ગૌરવ હોત તો મોહનદાસ કરમચંદ ગાંધીનો દીકરો કદી દારૂ પીતો હોત ખરો?

એક પ્રશ્ન એવા પિતાને પૂછવાનું મન થાય છે જે પોતે જજ છે. તેમનો દીકરો મોટી કંપનીનો મેનેજર છે. સમજો કે એ જજ તમે પોતે છો. તમારો દીકરો ક્લાયન્ટ સાથે મળીને લાખોની લાંચનો સોદો કરે છે. તમે તે કુકર્મના સાક્ષી છો. તમારી પાસે એ કેસ આવે છે. તમે શો ચુકાદો આપશો? દીકરાને સજા કરશો કે નિર્દોષ જાહેર કરશો?

બાળપણમાં સાંભળેલી એક વાર્તાનું સ્મરણ થાય છે. એક ચોરને ફાંસીની સજા આપતાં પહેલાં તેની અંતિમ ઇચ્છા પૂછવામાં આવી. ચોરે તેની માતાને મળવાની ઇચ્છા વ્યક્ત કરી. મા અશ્રુભરી આંખે હાજર થઇ. સૌના આશ્ચર્ય વચ્ચે દીકરાએ માના ગાલ પર એક તમાચો લગાવી દીધો, અને કહ્યું : "મા, મેં ઇંડું ચોર્યું, સ્કૂલમાંથી ચોપડાં, પેન્સિલ, કંપાસબોક્સ, પૈસા વગેરેની ચોરી કરી. તેં હંમેશાં પ્રોત્સાહન આપીને મને રીઢો ચોર બનાવ્યો. જ્યારે મેં પહેલું ઇંડું ચોરેલું ત્યારે જ તેં મને તમાચો માર્યો હોત તો આજે મારે મરવાનો અને તારે રડવાનો વારો ન આવ્યો હોત!'

આ બોધકથા આજના માવતરે ગાંઠે બાંધવા જેવી છે. લોકોની વિચારધારામાં નકારાત્મક પરિવર્તનો આવી રહ્યાં છે. આજના પ્રદૂષિત માહોલમાં બાળકોને પ્રામાણિકતાના પાઠ ભણાવવા એ વહેણની વિરુદ્ધ તરવા જેવી વાત છે. હવે માબાપ દીકરાઓને એવી શિખામણ આપે છે, કોઇનો માર ખાઇને ન આવશો, મારીને આવજો. જુઠ્ઠું બોલવાની જરૂર પડે તો બોલી નાંખવું. જે પાણીથી મગ ચડે તે પાણીએ ચેડવી લેવા. ફાયદો થતો હોય તો પ્રામાણિકતાનું પૂંછડું ન પકડી રાખવું. ગાંધીજી પોતડી પહેરીને જીવી ગયેલા...આપણાથી પોતડી ના પહેરાય!' બાળકોને કેવા વિચારો, કેવા સંસ્કારો આપવા એ આખો મુદ્દો જ આજે દાંપત્યના એજન્ડા પરથી નીકળી ગયો છે. બાળકોને સંસ્કાર અને સારા ચારિત્ર્યનું ટ્યૂશન આપવાનો સમય આજે કોની પાસે છે? કેટલા માવતર પાસે બાળકો માટે ઊંડાણથી વિચારીને તૈયાર કરેલો પ્લાન હોય છે? આજે માબાપો કહે છેઃ 'સંતાનોની બહુ ચિંતા ના કરવી. સમયની રફતારમાં મોટા થતાં બાળકો એની મેળે બધું શીખી જાય છે. આપણા ઇચ્છવાથી કશું થતું નથી!' ખલિલ જિબ્રાને કંઇક એ મતલબનું કહ્યું છે : 'તમારા સંતાનો તમારા થકી જન્મે છે, પણ એ તમારી પ્રતિમૂર્તિ નથી, એ ભલે તમારી સાથે જીવે છે પણ તમે તેને તમારો પ્રેમ આપી શકો, વિચારો નહીં. એ તમારા ઘરમાં રહે છે પણ એનો સ્થાયી વિસામો છે ભવિષ્યકાળ! તમે તેને તમારી ઇચ્છાથી કાંઇ બનાવી શકશો નહીં. તેઓ તેમની મેળે જે કાંઇ બનવાના હશે તે બનશે!'

બચુભાઇ ખલિલ જિબ્રાનને સમર્થન આપતાં કહે છેઃ 'વાત ખોટી નથી. દશરથે શા માટે એવી ખેવના રાખવી જોઇએ કે રામ મારા જેવો બને..? દુનિયા દશરથની નહીં રામની પૂજા કરે છે!' ખેર, જિબ્રાન સાહેબનું ચિંતન ખોટું નથી. છતાં બાળકોને ગળથૂથીમાંથી સારા સંસ્કાર કે સારા વિચારો આપવા એ ખોટું નથી. શ્રી મોરારિબાપુએ કહ્યું છેઃ 'સંતાનોને ડોક્ટર, વકીલ કે એન્જિનિયર બનાવવાના સ્વપ્નો ના જુઓ. તેમના ભાગ્યમાં જે લખ્યું હશે તે બનશે. પણ તેને સારી પરવરિશ દ્વારા એક સારો માણસ બનાવવાનું ચૂકશો નહીં. સારો માણસ જરૂર સારો વકીલ,

(અનુસંધાન : જુઓ પાના નં.-૬૧ ઉપર)

## સ્વામી શ્રી સચ્ચિદાનંદજીના અનુભવો – ૨

# સસૂર, પગલા હૈ ક્યા?

સ્વામી શ્રી સચ્ચિદાનંદજી

સંસ્કૃત ભણવાની તીવ્ર ઉત્કંઠા હોવા છતાં કોઇ પાઠશાળાનું પગથિયું પણ જોયા વિના નિરાશ થઇને હું કાશીથી વિદાય થયો. હવે મારી આશાનું કેન્દ્ર બેલુડ મઠ હતો. મારા પ્રેરણામૂર્તિ શ્રીરામકૃષ્ણ પરમહંસદેવની ભૂમિ. સ્વામી વિવેકાનંદજીની ભૂમિ બંગાળની. એ શક્તિશાળી ધરતી, જ્યાંથી અસંખ્ય નરરત્નો પેદા થયાં હતાં. અહીં મને અવશ્ય કોઇ સદ્‌ગુરુ મળી રહેશે એવી આશા મારામાં હતી.

કાશીથી હું રઘુનાથપુર આવ્યો. મારા ખ્યાલ પ્રમાણે બિહાર શરૂ થઇ ગયું હતું. અહીંનો એક પ્રસંગ જાણવા જેવો છે. રેલવેની નજીક જ એક વૈરાગી મહાત્માનું નાનું સરખું મંદિર. ભ્રમણકાળનો મારો અનુભવ છે કે વૈરાગી તથા કબીર મંદિરો રોટલાની બાબતમાં વધુ ઉદાર રહ્યાં છે. સંન્યાસીઓનાં સ્થાનો, તેમાં પણ પંડિત સંન્યાસીઓનાં સ્થાનો તેટલાં ઉદાર નથી રહ્યાં.

વૈરાગી સાધુ મોટા ભાગે બહુ ભણેલા નથી હોતા. તુલસીકૃત રામાયણ તથા હનુમાનચાલીસા-બસ, આ બે ગ્રંથો તો ઘણા થઇ ગયા. યુ.પી., બિહારમાં રામાયણની ચોપાઇઓ તો જનજનના કંઠે રમતી હોય. વેદ તો કહેવા પૂરતા ધર્મગ્રંથ રહ્યા છે. તે કદી આમજનતા સુધી પહોંચ્યા જ નથી. આમજનતા સુધી તો રામાયણ-મહાભારત જેવા કથાગ્રંથો જ વધુ પહોંચ્યા છે. વૈરાગીસાધુ એટલે કર્મઠ સાધુ. વહેલી સવારે ઊઠે. ઠંડા પાણીએ સ્નાન કરે, લંગોટી-માત્ર કે પછી ઉપર વેંતનું કપડું પહેરે. મંદિરમાં કચરા, પૂંજા બધું કરે. ગાય હોય તો વાસીદું કરે, કાવડ લઇને વસ્તીમાં જાય. લોટ લાવે. જાતે રસોઇ બનાવે. આવ્યા-ગયા સાધુ-સંત ભગત-ભિખારીને જમાડે. કોઇ કોઇ વળી વ્યાયામની પ્રવૃત્તિ પણ કરે. આમ પૂર્ણ સ્વાવલંબી અને પરમાર્થી જીવન જીવે. સીતારામ સીતારામનો જાપ કરે. કસાયેલું શરીર, ભસ્મ અને જટાઓથી અવરણાગી રૂપ. આ બધું જોઇને એમ લાગે કે ભણેલા કરતાં આ અભણ સાધુ, સંત-વૃત્તિની વધુ નજીક છે.

હું એ વૈરાગી સંતના ત્યાં સાંજે પહોંચ્યો હતો. આરતી-પૂજા વગેરે થતાં થતાં નવ વાગી ગયા. મારી પાસે ઓઢવાનું ઘણું ઓછું હતું, પણ કોઇએ મને એક હવેલી બતાવી જે ત્રણ તરફ બંધ અને એક તરફથી ખુલ્લી હતી. તેમાં ડાંગરનું પરાળ ઢીંચણ સુધી ભર્યું હતું. આ સૌની પથારી હતી. સૌની માફક હું પણ તેમાં પેસી ગયો. એક ચાદર પાથરી અને બીજી ઓઢીને પરાળ લઇ લીધું. મજા પડી ગઇ. ઠંડી જરાય ના લાગી. ખૂબ ઊંઘ આવી. ઘસઘસાટ ઊંઘમાં કેટલો સમય વીત્યો તેની ખબર જ ના પડી. ઘણા દિવસે ટાઢ વિનાનું સૂવા મળ્યું હતું.

એક માણસે આવીને મને જગાડ્યો ત્યારે મારી આંખ ઊઘડી. બીજા બધા હરફર કરી રહ્યા હતા. મને સંકોચ થયો. અરે મારાથી મોડું ઊઠાયું! બધા જ ઊઠી ગયા છે. દાતણ કરવા હું કૂવા તરફ ગયો, હજી તો હું ઊભો જ હતો ત્યાં એક સાધુ આવીને કહે, “અરે દેખતે ક્યા હો? ચલો, ચલો, જલદી ચલો, ભોજન કર લો.” મને નવાઇ લાગી. અત્યારે પરોઢિયે ભોજન! દાતણે કર્યું નથી અને ભોજન! હું ગૂંચવાયો, શું કરવું, શું કહેવું? ત્યાં તો તેમણે જ કઠોર સ્વરમાં કહ્યું, “સસૂર, પગલા હૈ ક્યા?”

કાંઇ જ વિચાર કર્યા વિના પંદરેક માણસોની પંગત બેઠી હતી તેમાં જઇને સૌથી છેલ્લો હું પણ બેસી ગયો. વૈરાગી સાધુઓમાં સૌ પોતપોતાનું જળપાત્ર લાવે. અહીં તો પતરાળાં પણ ન હતાં. સૌ ડાબા હાથમાં રોટલી લેતા હતા, દાલ-રોટીનું ભોજન હતું. મેં મનાવ્યું કે અહીં પરોઢિયે જમી લેવાની પ્રથા હશે. પીરસનાર કોઇ સાધુ ઝડપભેર પીરસતા મારી પાસે આવ્યા અને બોલ્યા, “બોલો, કિતની રોટી? હું ઉતાવળમાં બોલ્યો, “દો”. તેમણે તરત જ બે રોટલીઓ મારા હાથમાં પછાડી. એ બે રોટલીઓ કેવી હતી! હથેળી જેવી જાડી! બધાં અનાજોના લોટવાળી શેર શેરની બે ભારે ભાખરીઓ હતી. રોટલીઓના પછડાટથી મારા હાથ નીચા થઇ ગયા. “અરે... આ ખવાશે કેવી રીતે?” હું ચિંતામાં પડી ગયો. અનેક દેવોની જય બોલ્યા પછી સૌએ જમવાનું શરૂ કર્યું. હું માંડ માંડ અડધી રોટલી ખાઇ શક્યો. વધેલી આ દોઢ રોટલીનું શું કરવું? જો કોઇ સાધુ જોઇ જશે તો? એક વાર તો માત્ર સસૂર શબ્દનું હુલામણું સંબોધન જ સાંભળવા મળ્યું. ફરી કાંઇ તેથીય વધારે હુલામણાં સંબોધનો સાંભળવા ના મળે તો સારું!

મારી બાજુમાં જે સાધુ બેઠા હતા તે કાંઇક ઠરેલ અને ભલા હતા. તેમણે કહ્યું, “નહિ ખાઇ જાતી તો રહને દો, જાવ ગઉકો ખિલા દો.” હાશ, પ્રાણમાં પ્રાણ આવ્યા. હું ઊઠ્યો. કોઇ જુએ નહિ તેમ ગાયને રોટલી ખવડાવી. હાથ મોઢું ધોઇને મંદિર

(અનુસંધાન : જુઓ પાના નં.-૮૦ ઉપર)

# મારો પહેલો મિત્ર

ફાધર વાલેસ

હમણાં એક પ્રસંગ વાંચ્યો. એક ભાઈનો મિત્ર ગુજરી જવાથી એ અત્યંત શોકમાં ડૂબેલો હતો. એના એક સુજ્ઞ વડીલે એને આશ્વાસન આપવાને અર્થે પૂછ્યું, "આટલો બધો શોક કેમ?" ત્યારે એણે જવાબ આપ્યો, "એ મારો પરમ મિત્ર હતો એટલે એના જવાથી ઘણું દુઃખ થયું છે." જાણે એ જવાબની રાહ જોતા હોય તેમ એ વડીલે કહ્યું, "વાત સાચી છે અને દુઃખ વાજબી છે. મિત્ર જાય એટલે દુઃખ થાય. પણ તમારો પરમ મિત્ર કોણ છે એ વાત શું, હજી નથી સમજાઈ?" પેલા ભાઈએ પ્રથમ તો નવાઈની સાથે વડીલની સામે જોયું. પછી થોડીવાર શાંત રહ્યો. ધીરે ધીરે એની આંખમાં આંસુ આવ્યાં, અને છેવટે જાણે પોતાની સાથે બોલતો હોય તેમ અંતર્મુખ ભાવે એમણે કહ્યું, "હા, હવે વાત સમજાઈ. પોતાનો મિત્ર હું જ પોતે છું."

એ પ્રસંગનો એક બોધ છે. ગયેલા મિત્રને દુઃખ લાગવું ન જોઈએ એમ નહિ, પણ પોતાનો મિત્ર પોતે જ છે એ બોધ છે. માણસના મિત્રો ઘણા, પણ પહેલો મિત્ર તો પોતે જ. અને દુઃખની વાત એ છે કે ઘણા લોકો પોતાના મિત્રો નહિ પણ પોતાના દુશ્મન હોય એવી રીતે વર્તે છે. કોઈ એમને ન આપે એટલી તકલીફ એ પોતાની જાતને આપે, પોતાને હલકા માને, પોતાનો તિરસ્કાર કરે, પોતાના મનની આગળ પોતાની નિંદા કરે. "હું નકામો છું, હું આળસુ છું, મેં જિંદગીમાં કશું કર્યું નથી, આખો જન્મારો બરબાદ થયો છે." ને એમ બોલનાર માણસ સફળ વેપારી છે, સુખી કુટુંબનો ધણી છે, સમાજનો પ્રતિષ્ઠિત સભ્ય છે, એટલે કે બીજાઓની આગળ એની પ્રતિષ્ઠા છે, પણ પોતાની આગળ નથી. માણસ પોતાની કદર કરતો નથી, પોતાને ન્યાય આપતો નથી. કદાચ એ બીજા લોકોની આગળ અભિમાન કરશે, પણ પોતાના મનની આગળ પોતાની યોગ્ય કિંમત પણ ન આંકે. આકાંક્ષાઓ રાખશે, પણ પોતાના વિશે હલકો અભિપ્રાય રાખશે. બડાઈ મારશે, પણ લઘુગ્રંથિ અનુભવશે. માણસ પોતાનો ન્યાયાધીશ હોય છે, પોતાનો નિંદક હોય છે, પોતાનો હરીફ હોય છે પણ પોતાનો મિત્ર નથી હોતો.

એક યુવાન માણસ રોજ સવારે વહેલા ઊઠવાનો સંકલ્પ કરે. વાંચવાનું છે, મહેનત કરવાની છે. એટલે રોજ સવારે એલાર્મ મૂકીને પાંચ વાગે ઊઠશે અને વાંચવા બેસશે એવો નિર્ણય લે, અને એ રીતે કરવા પણ માંડે છે. રોજ સવારે એલાર્મ વાગે એટલે એ ઊઠે, તૈયાર થાય, વાંચવા બેસે, અઠવાડિયું એમ ચાલે. પછી એક દિવસ આળસ લાગે અને સવારે એલાર્મ તો વાગે પણ એ પાસું બદલીને સૂતો રહે. એને ભાન તો છે કે ઊઠવું જોઈએ, પણ ઊઠતો નથી. પાંચ વાગે ન ઊઠ્યો એ ખોટું થયું એ વિચાર સૂતાં સૂતાં પણ મનમાં છે. પણ હવે ખોટું કર્યું તો સાવ ખોટું કરીએ એ અવળો નિર્ણય જાણે આત્મદ્વેષથી ઊંઘની વચ્ચે જ લેવાય અને પાંચના છ થાય અને છના સાત અને સાતના આઠ થાય, અને છેલ્લે એ જાગે તોય લાંબા સમય સુધી પથારીમાં સૂતો રહે, કંટાળી જાય, હારી જાય, જેમ તેમ ઊઠી જાય. પછી પોતે નિર્ણય પાળ્યો નહોતો એટલે પસ્તાવો થાય, પોતા ઉપર ગુસ્સો થાય. તિરસ્કાર છૂટે, નિંદા કરે, "હું નકામો છું. આઠ દિવસ પણ હું વહેલો ઊઠી ન શક્યો; આટલી સહેલી વાતમાં હું નિષ્ફળ જાઉં પછી શામાં મને સફળતા મળવાની છે? મારામાં મનોબળ નથી. શક્તિ નથી. કશું જ નથી!" પછી ત્યાં ને ત્યાં આખો પ્રયોગ બંધ કરે, એલાર્મ પાછું કબાટમાં મૂકે અને હવે ન ઉઠાય ને ન વંચાય તો કંઈ નહિ પણ વહેલા ઊઠવાના પ્રયત્ન કરવાથી આટલી હતાશા થાય તો એવો પ્રયત્ન હવે કદી નહિ કરાય એવો નિર્ણય લે. અને એ નિર્ણય તો પાળે જ.

એ યુવાન માણસ પોતાની જાતને અન્યાય કરી રહ્યો છે. સાત દિવસ એ વહેલો ઊઠ્યો હતો. આઠમે દિવસે વાંધો આવ્યો. એટલે કે પહેલા આઠ દિવસમાં સાત સારા ગયા અને એક ખરાબ. સાતમાં એ જીત્યો અને એકમાં એ હારી ગયો એટલે સરવાળે એ જીત્યો જ છે. પણ પોતાને મન એ હારી ગયો. સાત દિવસ સારા ગયા એની કદર એણે ન કરી, પણ એક ખરાબ ગયો એનો ખરખરો કર્યો. એ અન્યાય કહેવાય. ખાસ્સો અન્યાય. પોતાને ગુનાગાર ઠરાવ્યો, અને પોતાને શિક્ષા કરી. સાત દિવસ સારા ગયા એનું ઇનામ પોતાને અપાવવું જોઈતું હતું, પણ એ તો ન આપ્યું. એક દિવસ ભૂલ થઈ એ માટે ધીરજ રાખવી જોઈતી હતી એ બિલકુલ ન રાખી. પોતાને આકરી શિક્ષા કરી. ગુસ્સાની શિક્ષા, આત્મતિરસ્કારની શિક્ષા, અને વહેલા ઊઠવાનો આખો પ્રયોગ ત્યાં ને ત્યાં રદ કરી નાખવાની શિક્ષા. "હું નકામો છું, કશું કરી ન શક્યો ને કશું કરી શકવાનો પણ નથી." સખતમાં સખત ન્યાયાધીશ પણ એવી ભારે સજા ન ફરમાવી શકે! માટે પ્રશ્ન ઊઠે છે, માણસ પોતાનો મિત્ર છે કે પોતાનો દુશ્મન છે?

પ્રયોગના આઠ દિવસ પછી એ યુવાન માણસે તટસ્થ ભાવે અવલોકન કરવું જોઈતું હતું, અને સાત દિવસમાં સફળતા પછી આઠમા દિવસની ભૂલ જોઈને શાંતિથી નિર્ણય ફરીથી પાકો કરીને ને એલાર્મ મૂકીને સવારે વહેલા ઊઠવાની સાધના ચાલુ રાખવી જોઈતી હતી. એ સાચી સલાહ હતી અને એ સરળ ઉપાય હતો. તો પછી એણે એમ કેમ કર્યું?

એ યુવાન માણસને આળસ હતી એટલે એણે સવારે વહેલા ઊઠવાનો કાર્યક્રમ બંધ કર્યો એમ સહજ રીતે કોઈ પૂછે તો જવાબ આપશે. પણ એ જવાબ સાચો જવાબ નથી. સાચો જવાબ કંઈક વધારે ઊંડો અને સમજવા જેવો છે. એ યુવાન માણસને આળસ છે. એની ના નથી.

સૌ કોઈને હોય છે. તોપણ એ ધારે તો વહેલો ઊઠી શકે. પણ આળસ કરતાં બીજી અડચણ એને વધારે નડે છે. સાત દિવસ સુધી એ વહેલો ઊઠતો હતો એટલે એના મનમાં પોતાના વિશે સારો અભિપ્રાય બંધાતો હતો : "વાહ વાહ! હું કેવું કરી રહ્યો છું! હવે મેં કરી બતાવ્યું કે હું શું શું કરી શકું છું. પણ એ સારા અભિપ્રાયની સાથે બીક આવે છે. "શું હું આ પરિસ્થિતિ ટકાવી શકીશ? ક્યાં સુધી ચાલશે? કંઈક સારું કરી શકીએ એ બતાવ્યું, માટે હવે કાયમ માટે સારું કરતા રહેવું જોઈશે? મનોબળ છે એ બતાવ્યું, પછી બીજી કોઈપણ બાબતમાં એ જ પ્રમાણે કરવું પડશે. હવે બહાનું નહિ ચાલે. પણ શું, હંમેશાં દરેક બાબતમાં સીધા ચાલવા તૈયાર છીએ ખરા?"

પોતા વિશે અભિપ્રાય આવ્યો એની સાથે જોખમ આવ્યું અને પડકાર આવ્યો. તેથી જ માણસ પોતાના મનમાં પોતાના વિશેનો એ સારો અભિપ્રાય તોડવા અજ્ઞાનપણે પણ ચોક્કસ રીતે તૈયાર થઈ જાય છે. "હું સંત નથી, હું સંયમી નથી, હું હરિશ્ચંદ્ર નથી. બધા કરે છે તેમ મને પણ કરવા દો. બધા મોડા ઊઠે તો મને પણ મોડા ઊઠવા દો. બધા વિદ્યાર્થીઓ વાંચ્યા વગર પરીક્ષામાં બેસે તો મને પણ વાંચ્યા વગર બેસવા દો અને નાપાસ થવા દો. કાયમ માટે વહેલા ઊઠવાની અને પરીક્ષામાં ફર્સ્ટ ક્લાસ લાવવાની જવાબદારી તો આપણને નહિ ખપે." અને એટલા માટે જ આઠમે દિવસે એ મોડો ઊઠ્યો હતો. સારો અભિપ્રાય તૂટ્યો. આદર્શ મૂર્તિ ખંડિત થઈ. હવે શિસ્તમાં રહેવાની જરૂર નથી. હવે ગમે તેમ કરવાની છૂટ છે. હવે સલામત છીએ, સ્વતંત્ર છીએ.

માણસને પોતા વિશેનો પોતાનો સારો અભિપ્રાય ખપતો નથી. માટે એ પોતાના વિશે તટસ્થ રીતે વિચારી શકતો નથી. સાચે પ્રસંગે પણ પોતાની જાતને મોકળા મનથી શાબાશી આપી શકતો નથી. સાત દિવસ સારા જાય એની કદર ન કરે, અને આઠમે દિવસે ભૂલ થાય એ પકડી બેસે. ભૂલનો સુધારો જરૂર કરવો જોઈએ, પણ પોતાનો તિરસ્કાર તો ન જ કરવો જોઈએ.

આપણી જાતને એ પ્રશ્ન પૂછીએ : "હું મારી તરફેણમાં છું કે વિરોધમાં છું?" એમ તો હું મારી તરફેણમાં છું એમ તરત કહી નાખીશું. પરંતુ ખરેખર, સાચા અર્થમાં, અજ્ઞાતપણે પણ અને મનના ઊંડાણમાં પણ હું મારી તરફેણમાં છું કે વિરોધમાં છું એ હજી જોવાનું છે. હું ખરેખર મારો પક્ષ લઉં, મને પોતાનો ટેકો આપું, મારો સાચો મિત્ર બનું એની ખાતરી કરવાની છે.

દુનિયામાં સાચા મિત્રો ખૂબ ઓછા હોય છે. એમાં હું મારો સાચો, વિશ્વાસપાત્ર, વફાદાર, કાયમનો મિત્ર બનું એ મારી પહેલી ફરજ છે.

*લેખકના પુસ્તક "જીવનનું વાવેતર"માંથી સાભાર*

*(મંગલ મંદિર, માર્ચ-૨૦૧૧)*

## કચ્છી એકાક્ષરી ભાષાની કમાલ

● સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા ●

*ખે ભા? ભો ખે*

*તરા પ્રાગો, ડે લાગો*

*રાભા ડે, પ્રાખેં મામ.*

આ સાદા શબ્દોની અંદર ચમત્કાર છે. એનો અર્થ થાય છે:

*ભાઈઓ ભલે ખાય?*

*હા, ભલે ખાય.*

*તો રા પ્રાગો એમને લાગો આપશે?*

*રા ભાઈ આપે એ બા મામ ખાય.*

કચ્છનું રાજ્ય જામરાવળ પાસેથી કબજે કરી પહેલા ખેંગારજીએ આખા કચ્છ રાજ્યને વ્યવસ્થિત કર્યું ત્યારથી કચ્છના પ્રમાણભૂત ઈતિહાસની શરૂઆત થઈ છે. ઉપરનો પ્રત્યેક શબ્દ કચ્છના રા'ખેંગારજીથી માંડીને છેલ્લા મહારાવશ્રી મદનસિંહજી સુધીની વંશાવળી વ્યક્ત કરે છે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ખે | – | ૧લા ખેંગાર | ૧૦. | લા | – | લાખોજી (લખપતજી) |
| ૨. | ભા | – | ભારમલજી | ૧૧. | ગો | – | ગોડજી (બીજા) |
| ૩. | ભો | – | ભોજરાજજી | ૧૨. | રા | – | રાયધણજી (બીજા) |
| ૪. | ખે | – | ખેંગારજી બીજા | ૧૩. | ભા | – | ભારમલજી (બીજા) |
| ૫. | ત | – | તમાચીજી | ૧૪. | ડે | – | ડેસરજી (બીજા) |
| ૬. | રા | – | રાયધણજી | ૧૫. | પ્રા | – | પ્રાગમલજી (બાપુજી) |
| ૭. | પ્રા | – | પ્રાગમલજી | ૧૬. | ખેં | – | ખેંગારજી ત્રીજા |
| ૮. | ગો | – | ગોડજી | ૧૭. | મા | – | માધુભા વિજયરાજજી |
| ૯. | ડે | – | ડેસરજી | ૧૮. | મ | – | મદનસિંહજી |

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ,*
*વસંત નગર સોસાયટી, ગોપાલચોક,*
*મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

*(મંગલ મંદિર, જુલાઈ-૨૦૧૧)*

# ઝિંદાદિલી....

## (જેઓ મુશ્કેલીઓ વચ્ચે પણ અડગ છે)

પ્રભુલાલ સંઘવી

જીવનમાં મુસીબતો આવે પણ જેનું મનોબળ ભાંગે નહિ, એક સમસ્યામાંથી માંડ બહાર નીકળે ત્યાં બીજી સમસ્યા ઊભી રહે તો પણ ડગે નહિ અને કંટકભર્યા પથમાંથી પણ જે આગળ વધે અને પડકારોનો આનંદ ઉઠાવે એને કહેવાય ઝિંદાદિલી. બેશક મુશ્કેલીઓ અને નિષ્ફળતાઓ વચ્ચે પણ જુસ્સો કાયમ રાખવો અઘરો છે. પણ અશક્ય નથી. આવો મળીએ એવા વીરલાઓને.

૧. અમેરિકાના પ્રમુખ અને મહાન નેતા **અબ્રાહમ લિંકન** પાસે જ્યારે કોઇ વ્યક્તિ પોતાના દુઃખના રોદણા લઇને આવતી ત્યારે લિંકન કઇ બોલતા નહિ અને પોતાના કબાટમાંથી એક સૂચિ કાઢીને એ વ્યક્તિને આપી દેતા. શું હતું એ સૂચિમાં? એ લિસ્ટ હતું અબ્રાહમની નિષ્ફળતાઓનું. અને એક નહીં પણ શ્રેણીબંધ નાકામિયાબીઓનું.

- ★ ઇ.સ. ૧૮૩૧માં વેપારમાં નિષ્ફળતા મળી.
- ★ રાજકારણમાં પ્રવેશ થયો પણ ૧૮૩૨માં વિધાનસભા ચૂંટણીમાં પરાજય મળ્યો.
- ★ ફરી વેપાર તરફ વળ્યા તેમા નાકામિયાબી હાથ લાગી.
- ★ ૧૮૩૪માં વિધાનસભામાં ચુંટાયા પણ થોડા સમયમાં પ્રેમિકાના નિધનનો ગમ ઘેરી વળ્યો.
- ★ ૧૮૩૬માં સખત બીમાર પડ્યા.
- ★ ૧૮૩૮માં સ્પીકરની ચૂંટણીમાં હાર મળી.
- ★ ૧૮૪૩ થી ૧૮૪૮ સુધી કોંગ્રેસની ચૂંટણીમાં હારની હેટ્રિક કરી. પછી સેનેટ અને ઉપપ્રમુખની ચૂંટણીમાં પણ નિષ્ફળતા મળી.
- ★ અંતે ૧૮૬૦માં અમેરિકાના પ્રમુખ બન્યા.

*બોલો લિંકન નિષ્ફળતાથી ડગી ગયા હોત તો?*


૨. હવે વાત કરીએ **સ્ટીફન હોકિંગની.** એ મહાન ખગોળ વિજ્ઞાની છે અને પદાર્થ વિજ્ઞાનનો જ્ઞાની છે. ચંદ્ર પર વસવાટના રિહર્સલરૂપે બે વર્ષ પૂર્વે ઝીરો ગ્રેવિટી નામની 'અવકાશ પ્રવાસન' કંપનીના અવકાશયાનમાં ૩૨,૦૦૦ ફૂટની યાત્રા કરી આવ્યા છે. અમેરિકાનો સર્વોચ્ચ પ્રેસિડેન્શિયલ ફ્રીડમ એવૉર્ડ વિજેતા હોકિંગ તદ્દન અપાહીજ હાલતમાં છે અને વાચા પણ બંધ છે. હા, ૨૧ વર્ષની વયે જ હોકિંગને મોરર ન્યુરોન નામની કરોડરજ્જુ સ્નાયુ અને જ્ઞાનતંતુ પર વિપરીત અસર કરતી બીમારીએ હુમલો કર્યો. આ ખરતરનાક બીમારીનું નિદાન કરનારા તબીબોએ તો કહી પણ દીધું કે સ્ટીફન બે-ચાર વર્ષ માંડ કાઢશે. પણ હોકિંગે આ ડોક્ટરોને ખોટા સાબિત કરી દીધા. આજે ભલે તે વ્હીલચેરમાં જીવે છે પણ તે જીવનનો આનંદ ઉઠાવે છે અને મગજની ગતિ તો એવી કે ભલભલા ચકરી ખાઇ જાય. વ્હીલચેરમાં બેસીને જ બ્રહ્માંડના સતત વિસ્તરણની જટિલ થીયરી તેણે જગત સમક્ષ રજૂ કરી હતી. તેની બ્લેકહૉલની થીયરીએ પણ માનવજાતને ચકરાવે ચડાવી દીધી. પેરેલાઇઝ્ડ હાલતમાં તે જેનવાઇલ્ડને પરણ્યો હતો અને હાલ તે બ્રહ્માંડની ઉત્પત્તિમાં ઈશ્વરની કોઈ ભૂમિકા નથી એવા વિવાદાસ્પદ નિવેદન બદલ ચર્ચામાં છે.

આ સૂચિમાં ઘણા નામો ઉમેરી શકાય એમ છે.

૩. પવનઊર્જાના ઉદ્યોગમાં માત્ર ભારત નહીં પણ વિશ્વસ્તરે દબદબો ધરાવતા અને કચ્છમાં પણ જેમનું ઉદ્યોગગૃહ કાર્યરત છે તે **સુઝલોન એનર્જીના તુલસી તંતી**નો કિસ્સો પણ કંઇક આવો જ છે. આ સાહસિક ઉદ્યોગપતિને અગાઉ સોળ ધંધામાં સફળતા મળી ન હતી. પણ તેઓ હિંમત હાર્યા નહીં. સોળમો ધંધો કાપડની મિલનો હતો અને અવારનવાર સર્જાતા વીજવિક્ષેપના અંધકારમાં જ તેમને વિન્ડ ઍનર્જીના વ્યવસાયનો પ્રકાશ દેખાયો અને આજે તો તેઓ પવન ઊર્જાના બાદશાહ બની ગયા.

૪. આમ તો બોલીવુડના મહાનાયક **અમિતાભ બચ્ચન**નો કેસ પણ અહીં ટાંકવા જેવો છે. ના, આ વાત ઝંઝીર ફિલ્મ પૂર્વેના તેમના સંઘર્ષની નથી. બેશક એ પહેલાં તેમણે સંઘર્ષ તો કર્યો જ હતો પણ અહીં વાત છે ૧૯૯૫ બાદના, તેમના ત્યારના નિષ્ફળતાના દોરની. ૧૯૯૬માં બિગ-બી એ મોટે ઉપાડે પોતાની કંપની એ.બી.સી.એલ.ને લૉન્ચ કરી અને બીજા જ વર્ષે 'મૃત્યુદાતા' ફિલ્મ સાથે પાંચ વર્ષના સંન્યાસ

(અનુસંધાન : જુઓ પાના નં.-૬૯ ઉપર)



# શિક્ષણમાં ગુણવત્તાનું મૂલ્યાંકન



ડૉ. કાંતિ ગોર 'કારણ'

આઝાદી પહેલાનો ૯.૪૭% સાક્ષરતાનો દર ૬૧% થી વધ્યો છે. સ્પષ્ટ છે કે આઝાદી પછી સાક્ષરતાનું પ્રમાણ સારી એવી ગતિથી વધી રહ્યું છે. આ સ્થિતિએ પહોંચવામાં કચ્છના દાનવીરો, જ્ઞાતિ મંડળો અને યુવક યુવતીઓનો પુરુષાર્થ નોંધનીય છે છતાં આ વિકાસ સંતોષકારક નથી.

કચ્છમાં શિક્ષણ ક્ષેત્રે થયેલો વિકાસ સંખ્યાત્મક દૃષ્ટિએ પણ સંતોષકારક નથી તો ગુણવત્તાની તો વાત જ ક્યાં રહી? હજુ અનેક ક્ષેત્રોમાં નવી શિક્ષણ સંસ્થાઓની જરૂર છે. થોડી પહેલી નજરે ધ્યાનમાં આવતી મર્યાદાઓની વાત કરીએ.

કચ્છમાં પૂરતા પ્રમાણમાં વિજ્ઞાનપ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળાઓ નથી. પરિણામે ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને વિજ્ઞાનમાં આગળ વધવાની તક મળતી નથી. એજ રીતે અબડાસા, રાપર, લખપત જેવા વિસ્તારમાં ઉચ્ચ અભ્યાસ માટે કોઇ કૉલેજ નથી.

સંખ્યાત્મક રીતે તો આ વિકાસ અસંતોષકારક છે જ પણ ગુણવત્તાની દૃષ્ટિએ પણ સારું એવું કાર્ય બાકી છે. અનેક પ્રાથમિક શાળાઓમા પાયાની ભૌતિક સુવિધાઓ ખૂટે છે. સાતમું ધોરણ ભણ્યા પછી જરૂરિયાત પૂરતું વાંચન, લેખન બધા વિદ્યાર્થીઓ કરી શકે એવી સામાન્ય સિદ્ધિ આપણે હાંસલ કરી શક્યા નથી. તો પહેલા ધોરણથી કમ્પ્યુટર આધારિત ટેકનોલોજીથી શિક્ષણ અપાય અને અત્યારના પાંચ વર્ષની વય કક્ષાના બાળકોની આ ક્ષેત્રની ગ્રહણશક્તિ આશ્ચર્યમૂઢ કરી દે તેવી હોવા છતાં એમને શરૂઆતથી યોગ્ય કક્ષાનું શિક્ષણ મળે તેવું હાલમાં સંભવિત લાગતું નથી. કારણ કે શિક્ષકોની આ બાબતોની ક્ષમતા જ પ્રશ્નાર્થ સર્જે છે. કચ્છના સમૃદ્ધ અને જાગૃત વર્ગ સક્રિય ન થાય તો કચ્છના યુવાનો અતિ અલ્પમાત્રામાં સમયની સ્પર્ધામાં ટકીને આગળ વધી શકશે. મોટાભાગના નિરાશ થશે. પ્રાથમિક શાળાઓના પરિણામો પણ વિશ્વસનિયતાની દૃષ્ટિએ શંકાના ડાયરામાં રહ્યા છે.

માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં ૯૦ ટકાથી વધારે પરિણામો લાવનારી શાળાઓ અતિ અલ્પ પ્રમાણમાં છે અને બોર્ડના સમગ્ર પરિણામોનું વિશ્લેષણ કરતાં ૯૦ ટકાથી વધુ ગુણ લાવનાર આ વિસ્તારના વિદ્યાર્થીઓ અતિ અલ્પ પ્રમાણમાં છે અને તેને કારણે હરીફાઇના આ સમયમાં વ્યવસાયિક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવામાં આપણા વિદ્યાર્થીઓ પાછા પડે છે. બે ચાર વર્ષે એકાદ વિદ્યાર્થી આઇ.એ.એસ. કક્ષાની પ્રવેશ પરીક્ષા પાસ કરે તો એને મોટી ઘટના માનવામાં આવે છે. અલબત્ત આને માટે વિદ્યાર્થીઓની ક્ષમતા કરતાં શિક્ષણની સુવિધાઓ અને ગુણવત્તાની અતિ નિમ્ન કક્ષા જ વધારે કારણભૂત છે. શિક્ષણમાં ગુણવત્તા સુધારણાનું અભિયાન સમગ્ર ગુજરાતમાં શરૂ થયું છે. શિક્ષણમાં ગુણવત્તા સુધારણા માટેના આ પ્રયત્નો જ દર્શાવે છે કે વર્તમાન શિક્ષણની ગુણવત્તાથી બધાને અંસતોષ છે.

આ બાબતે સૌ પ્રથમ તો એ વિચારવું જરૂરી છે કે આ ગુણવત્તા શું છે? ગુણવત્તાને સમજવા માટે ગુણ, ગુણવ અને ગુણવત્તા શબ્દો સમજવા જરૂરી છે. 'ગુણ' શબ્દ સંસ્કૃતભાષાનો શબ્દ છે. આ અનેકાર્થી શબ્દ વિવિધ સંદર્ભમાં વિવિધ અર્થમાં પ્રયોજાય છે. ગુણ એટલે ધર્મ, સ્વભાવ, ખાસ વિશેષતા, વિશિષ્ટ લક્ષણ, શુભ પરિણામ વગેરે. સંસ્કૃતમાં ગુણોની સંખ્યા ૨૮ જેટલી દર્શાવવામાં આવી છે. તેમાં પ્રકૃતિગત ત્રણ ગુણો સત્વ, રજસ અને તમસથી આપણે પરિચિત છીએ. શિક્ષણનું કાર્ય વ્યક્તિમાં રહેલા સત્વ ગુણને શોધીને તેને વિકસાવવા અને વિસ્તારવાનું છે.

'ગુણવ' એટલે જેનામાં ગુણ રહેલો છે તે. કોઇપણ વ્યક્તિ કે પદાર્થમાં એકાદ સારો ગુણ તો હોય છે જ. વ્યક્તિ કે પદાર્થમાં રહેલા સારા ગુણની ઉત્કૃષ્ટતા એ તેની ગુણવત્તા. દૂધનો ગુણ તેની મીઠાશ છે. આ મીઠાશની ઉત્કૃષ્ટતા દૂધની ગુણવત્તા નકકી કરે છે. દરેક વ્યક્તિમાં સારા ગુણો હોવા છતાં સમાજમાં લગભગ દરેક ક્ષેત્રમાં ગુણવત્તાનું પ્રમાણ સંતોષકારક જોવા નથી મળતું. આના કારણો વિચારવા જેવા છે. આ બાબતને સમજવામાં સંસ્કૃતનો આ શ્લોક ઉપયોગી થાય તેમ છે.

અમન્ત્રમક્ષરં નાસ્તિ નાસ્તિ મૂલમનૌષધમ અયોગ્યઃ પુરૂષો નાસ્તિ યોજકસ્તત્ર દુર્લભઃ

આ રીતે ગુણવાન વ્યક્તિઓ હોવા છતાં તેમનામાં રહેલી ક્ષમતાનો ઉપયોગ કરીને ગુણવત્તાને ઉત્કૃષ્ટ બનાવી શકે તેવા આયોજકો, પ્રબંધકો કે વ્યવસ્થાપકોના અભાવે, એટલે કે વ્યવસ્થાપનના અભાવે ગુણવત્તા જળવાતી નથી. એટલે જ શિક્ષણમાં સંપૂર્ણ ગુણવત્તા વ્યવસ્થાપનનું અભિયાન શરૂ થયું છે.

(Total Quality Management)

કોઈપણ વ્યક્તિ માત્ર ગુણવાન હોય તેટલું પૂરતું નથી. તેનામાં રહેલી ગુણવત્તાનો ઉપયોગ અન્યના કલ્યાણ માટે થવો જોઇએ. મહાકવિ કાલિદાસે ગુણવત્તા શબ્દને આ જ સંદર્ભમાં સરસ રીતે પ્રયોજ્યો છે. રઘુવંશના આઠમા સર્ગમાં રાજા અજ (દશરથના પિતા) નું વર્ણન કરતી વખતે તેના સૌંદર્ય, શૌર્ય, સમૃદ્ધિ ઇત્યાદિનું વર્ણન કર્યા બાદ મહાકવિ લખે છે કે 'તસ્ય ગુણવત્તા હિ પરપ્રયોજના' અર્થાત્ તેની એટલે કે અજની ગુણવત્તા અન્યને માટે એટલે કે લોકકલ્યાણને માટે હતી.

આમ કોઇ પણ વ્યક્તિ ગુણવત્તા યુક્ત હોય તેટલું પૂરતું નથી. આ ગુણવત્તાનો ઉપયોગ લોકકલ્યાણને માટે હોવો જોઇએ. આ ત્યારે જ શક્ય બને કે વ્યક્તિ ગુણવત્તા યુક્ત અને મૂલ્યનિષ્ઠ હોય. વ્યક્તિમાં રહેલ ગુણોને પારખીને તેને ગુણવત્તાયુક્ત અને મૂલ્યનિષ્ઠ બનાવવાનું કાર્ય શિક્ષણ જ કરી શકે. તેથી જ સ્વામી વિવેકાનંદ શિક્ષણને માનવ નિર્માણની પ્રક્રિયા અને મહાત્મા ગાંધીજી બાળકના મન, શરીર અને આત્મામાં જે કંઇ શ્રેષ્ઠ રહેલું છે તેને બહાર કાઢવાના કાર્યને શિક્ષણ કહે છે.

વર્તમાન સમયમાં શિક્ષણ સારા અને સાચા માનવીનું ઘડતર કરવાના કાર્યમાં ઊણું ઉતર્યું છે એવી વ્યાપક ફરિયાદ સાંભળવા મળે છે. શિક્ષણ દ્વારા સમાજને પ્રાપ્ત થતી શિક્ષિત વ્યક્તિઓ દ્વારા સમાજ સમૃદ્ધ બનતો હોય છે. આ રીતે સમાજની ગુણવત્તાનો આધાર શિક્ષણ પર છે. એટલે જ એવું કહેવાય છે કે કોઇ પણ દેશના નાગરિકનું સ્તર તેના શિક્ષકના સ્તરથી નીચું ન હોઇ શકે. વિદ્યાર્થીઓનું સ્તર જે તે સમયના શિક્ષણનું સ્તર દર્શાવે છે.

વર્તમાન સમયમાં શિક્ષણમાં થતું મૂલ્યાંકન માત્ર લેખિત પરીક્ષા પૂરતું મર્યાદિત હોવા છતાં આપણા અનુસ્નાતક વિદ્યાર્થીઓ કૉલેજમાં પ્રાધ્યાપક થવા માટે નેટ અને સ્લેટની પરીક્ષાઓ આપે છે તેમાં પાસ થનારનું પ્રમાણ માંડ ચાર ટકા જેટલું હોય છે. હકીકતમાં આ વિદ્યાર્થીઓ અનુસ્નાતક કક્ષાએ પંચાવન ટકાથી વધારે ગુણ મેળવીને ઉત્તીર્ણ થયા બાદ આ પરીક્ષાઓ આપતા હોય છે.

પ્રથમ નજરે દેખાતી આ ક્ષતિઓના કારણો તપાસવા જેવા છે.

કોઇપણ કાર્ય ઉત્તમ રીતે પાર પાડવા માટે તે કાર્ય કરનાર માણસો જે તે કાર્યના નિષ્ણાત હોવા જોઇએ. તે કાર્ય માટે એ કાર્યને માટે જરૂરી કૌશલ્યો ધરાવનાર, ક્ષમતાવાન વ્યક્તિઓની પસંદગી થવી જોઇએ. શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે શિક્ષણ સાથે સંકળાયેલ વ્યક્તિઓ ગુણવાન હોય તે જરૂરી છે. એટલે કે આ વ્યક્તિઓનું ચયન શિક્ષણ માટે જરૂરી એવા ગુણો, કૌશલ્યો પર આધારિત હોવું જોઇએ.

હાલમાં શિક્ષકોને, પૂર્વસેવા તાલીમ આપતી તાલીમી સંસ્થાઓમાં તાલીમાર્થીઓને, તેમણે આપેલ પરીક્ષાઓના પરિણામોને આધારે પ્રવેશ આપવામાં આવે છે. તેમણે મેળવેલા ગુણ તેમણે આપેલ લેખિત પરીક્ષાઓને આધારે મેળવ્યા હોય છે. હાલની આપણી પરીક્ષાઓ વિદ્યાર્થીની માત્ર લેખન ક્ષમતાની ચકાસણી કરે છે. લેખન ક્ષમતામાં સર્જનાત્મકતાનો સમાવેશ થતો નથી. વિદ્યાર્થીની સમજણની પણ ભાગ્યે જ ચકાસણી થાય છે. હવે તો ભાષા અને સાહિત્યના વિદ્યાર્થીઓ મૂળ કૃતિઓ વાંચ્યા વિના પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થઇ શકે છે. ટૂંકમાં વિદ્યાર્થીએ પ્રાપ્ત કરેલ ગુણપત્રકનો તેની વાસ્તવિક ક્ષમતા સાથે કશો જ સંબંધ નથી હોતો. છતાં આ ગુણપત્રકના આધાર પર તે શિક્ષક થઇ શકે છે.

શિક્ષકના વ્યવસાય માટે જરૂરી ગુણો, ક્ષમતાઓ, જરૂરી અભિયોગ્યતાઓ જેવાં કે ભાષા પ્રભુત્વ, રજૂઆતની કલા, મૌલિક વિચાર શક્તિ, નૈતિકતા, વ્યવસાય પ્રત્યેની નિષ્ઠા વગેરે બાબતોને ચકાસ્યા વિના માત્ર લેખિત પરીક્ષાના પરિણામોને આધારે વ્યક્તિ શિક્ષક થઇ શકે છે. પરિણામે કલાર્ક થવાને યોગ્ય વ્યક્તિ શિક્ષક થઇ જાય અને શિક્ષક થવાને યોગ્ય વ્યક્તિ મામલતદાર થઇ જાય. વ્યવસાય સાથેનું આ કજોડું ઉભયપક્ષે નુકસાનકારક છે. બાળકને નાનપણથી મળવા જોઇતા શૈક્ષણિક માર્ગદર્શનને અભાવે આમ બનતું હોય છે. આજ બાબત શિક્ષણ સાથે સંકળાયેલા અધિકારીઓને પણ લાગુ પડે છે.

શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે શિક્ષણમાં થતી મૂલ્યાંકનની પ્રક્રિયાને વિશ્વસનીય બનાવવાની જરૂર છે. વળી આ મૂલ્યાંકનમાં માત્ર લેખનને બદલે વિદ્યાર્થીઓની નૈતિકતા, વ્યવહારિક આવડત, સમાજ અને દેશ પ્રત્યેની નિષ્ઠા, લોકશાહી પ્રત્યેની જાગરૂકતા અને મૌલિક ચિંતન શક્તિ જેવી બાબતોનો સમાવેશ થવો જોઇએ. તે માટે આવી બાબતોને શિક્ષણની સમગ્ર પ્રક્રિયામાં સ્થાન મળવું જોઇએ.

વર્તમાનપત્રો, રેડિયો, ટી.વી. જેવા અન્ય સમૂહ માધ્યમો અને વાસ્તવિક અનુભવો અનુસાર શિક્ષણમાં ગુણવત્તાનું સમગ્ર ચિત્ર આશાસ્પદ તો નથી જ. તેમ છતાં તે ન સુધારી શકાય તેવું નિરાશાજનક પણ નથી. શિક્ષણમાં સંપૂર્ણ ગુણવત્તા વ્યવસ્થાપન માટે હાલમાં શરૂ થયેલા પ્રયત્નો એ અર્થમાં પણ આવકાર્ય છે કે વર્ષોથી શિથિલ અને જડ બનેલ તંત્રમાં એક સળવળાટ શરૂ થયો છે. ચેતના આવી છે પણ આ અભિયાનને પહેલા થયેલા અનેક કાર્યક્રમોની જેમ થોડા સમય પૂરતું સક્રિય રાખીને આટોપી ન લેવાય તે જરૂરી છે. સરકારી પરંપરા પ્રમાણે આ બધી કવાયતનું પૂર્ણ વિરામ રિપોર્ટ્સ અને ફાઇલિંગમાં ન આવે તો જ આ અભિયાન સાર્થક બનશે.

શિક્ષણની ગુણવત્તાને ઉત્કૃષ્ટ બનાવવા માટે આચાર્યો અને શિક્ષકોને તાલીમ અપાય તે પૂરતું નથી. પણ વર્ગખંડોમાં તેનો

વિનિયોગ થાય તે પાયાની બાબત છે. આ તાલીમના પરિણામોનું યોગ્ય મૂલ્યાંકન થતું રહે તે જરૂરી છે. ઉદાહરણ તરીકે પ્રાથમિક કક્ષાએ શિક્ષકોને અનેક તાલીમ આપવામાં આવી છે પણ તેના સમગ્ર મૂલ્યાંકનનો સમય હવે પાકી ગયો છે. જેથી છેલ્લા થોડા વર્ષો દરમિયાન અપાયેલી તાલીમથી ગુણવત્તા કેટલી સુધરી છે અને આ તાલીમી કાર્યક્રમોની ફળશ્રુતિ શી છે તે જાણી શકાય. આ રીતે શિક્ષણની સમગ્ર પ્રક્રિયાનું મૂલ્યાંકન સમયાંતરે થતું રહેવું જોઈએ.

શિક્ષાનીતિની અસ્થિરતાએ આપણને ખૂબ જ મોટું નુકસાન કર્યું છે. શિક્ષણને સ્પર્શતા નિર્ણયોનો પ્રભાવ લાંબા ગાળા સુધી પડતો હોય છે. ખોટા નિર્ણયો, અવિચારી રીતે લેવાયેલા ઉતાવળા નિર્ણયો ખૂબ મોટું નુકસાન કરે છે. ઉદાહરણ તરીકે આપણી અંગ્રેજી શિક્ષણની બદલાતી અસ્થિર નીતિએ આપણને ખૂબ મોટું નુકસાન કર્યું છે. આજે સ્થિતિ એ છે કે ગુજરાતીઓને નથી સારું અને સાચું ગુજરાતી આવડતું અને નથી પાકું અંગ્રેજી આવડતું.

ગુણવત્તાવિહીન શિક્ષણ માટે માત્ર શિક્ષકો અને આચાર્યોને દોષિત માનવા એ જરા પણ યોગ્ય નથી. શિક્ષણનીતિ અને વ્યવસ્થાપનને રાજકીય ઉદ્દેશોથી બદલ્યા કરતા રાજકારણીઓ, દૃષ્ટિવિહીન અને જડતાપૂર્ણ વહીવટ ચલાવનાર અધિકારીઓ, પોતાના સંતાનોને માટે કશું જ ન કરતા માત્ર પૈસા ખર્ચીને નિશાળે મોકલીને જવાબદારીમાંથી છૂટી પડતા વાલીઓ અને શિક્ષણની ઉપેક્ષા કરતા સમાજના સંપન્ન સભ્યો, આ બધા જ શિક્ષણની ઉતરતી કક્ષાની ગુણવત્તા માટે જવાબદાર છે.

શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે શરૂ થયેલા તાલીમવર્ગો આવકાર્ય છે જ પણ સાથે સાથે શિક્ષણ માટે જરૂરી મૂળભૂત ભૌતિક સુવિધાઓને પૂર્ણ કરવા પણ અગ્રતાક્રમે પ્રયત્નો થવા જોઈએ. હજુ પણ ઘણી શાળાઓ પાસે પૂરતા વર્ગખંડ નથી. ક્રીડાંગણોનો અભાવ છે. જ્યાં છે ત્યાં પૂરતા સાધનો નથી. આ યાદી ખૂબ જ લાંબી થઇ શકે તેમ છે. ઇન્ફર્મેશન ટેકનોલોજીના જમાનામાં આપણે પહોંચી ગયા છીએ છતાં ઘણી બધી શાળાઓ વીજળીથી વંચિત છે. ગામડાની શાળાઓમાં મોટેભાગે શાળા સમય દરમિયાન વીજળી ઉપલબ્ધ હોતી નથી. આ બધા જ પ્રશ્નો ઝડપથી ઉકેલાઇ જવા જોઇએ. આ બાબતો માટે પણ સમય મર્યાદા નક્કી થવી જોઇએ. જેથી શિક્ષણ સાથે સંકળાયેલી કોઇપણ વ્યક્તિ ભૌતિક સમૃદ્ધિના અભાવનું બહાનું પણ ન કાઢી શકે.

શિક્ષણની ગુણવત્તા અને સમાજની ગુણવત્તા બને એક સિક્કાની બે બાજુઓ છે. સમાજ શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે ભોગ આપશે તો તેનું અનેકગણું વળતર તેને મળવાનું જ છે.

સમગ્ર જિલ્લામાં એક જ સરકારી એન્જિનિયરિંગ કૉલેજ છે અને તેમાં પણ ગણ્યા ગાંઠ્યા અભ્યાસક્રમો! જે નવી શરૂ થઇ રહી છે તે પણ સ્વનિર્ભર કક્ષાની, મેડિકલ કૉલેજ પણ માન્યતા ચાલુ રહેશે કે નહીં તેની અવઢવમાં ડચકા ખાઇ રહી છે. કૉલેજોમાં પણ અધ્યાપકો અપૂરતા પ્રમાણમાં, તેથી વિદ્યાર્થીઓએ કચ્છ બહાર જવું પડે છે. મોટા ભાગની કૉલેજોમાં પણ પૂરતો સ્ટાફ નથી. એકાદ, બે કૉલેજોને બાદ કરતાં ક્યાંય રેગ્યુલર આચાર્યો નથી. આજ સ્થિતિ મોટા ભાગની હાઇસ્કૂલોમાં પ્રવર્તે છે. નફાની ગણતરી વિના શિક્ષણનું કાર્ય કરે તેવી સ્વનિર્ભર સંસ્થાઓ હજુ તો કચ્છમાં નથી. આ સ્થિતિ પછી ગુણવત્તાયુક્ત, સર્વાંગી વિકાસની અપેક્ષા રાખનારને મહાન આશાવાદી ભારતીય તરીકેનું ઇનામ આપ્યા સિવાય બીજો વિકલ્પ છે?

કચ્છના પુરુષાર્થી ધનિકો નફો નહીં પણ નુકસાનના ધોરણે શિક્ષણક્ષેત્રને પ્રથમ પસંદગી આપવાનું શરૂ કરે અને આ સમસ્યાને જીવનમરણની સમસ્યા માનીને કચ્છના સૌ હિતેચ્છુઓ સક્રિય થાય તેની કચ્છના તેજસ્વી વિદ્યાર્થીઓ અને કચ્છનું ભવિષ્ય રાહ જુએ છે.

*સુદર્શન, ૯૨, શ્રીજી નગર, એન.આર.આઈ. કોલોની,*
*આર.ટી.ઓ. રિલોકેશન સાઈટ, માધાપર, કચ્છ-૩૭૦ ૦૨૦.*

*(મંગલ મંદિર, જૂન-૨૦૧૧)*

---

## ઝિંદાદિલી....

**(અનુસંધાન : પાના નં.-૬૬ ઉપરથી ચાલુ)**

બાદ હિંદી ફિલ્મોમાં પુનરાગમન કર્યું. પણ ભૂતકાળમાં અનેક ફિલ્મોમાં યાદગાર અભિનય આપનાર અને લોકપ્રિયતાના સીમાડા ઓળંગનાર બિગ-બીના એકેય પાસાં પોબારા પડ્યા નહીં. એબીસીએલની એક પછી એક ફિલ્મો ફ્લોપ રહી અને કંપની જાણે ફડચામાં ગઇ હોય એવી હાલત થઇ. એટલું ઓછું હોય એમ પોતાનીય મૃત્યુદાતા, મેજરસાબ, હિંદુસ્તાન કી કસમ, કોહરામ, લાલ બાદશાહ સહિતની મોટાભાગની ફિલ્મોએ બોક્ષ ઓફિસ પર ધબડકો કર્યો. પણ પચાસની વય વટાવી ગયેલા અમિતાભ હિંમત હાર્યા નહીં. અને સંઘર્ષ ચાલુ રાખ્યો. ૨૦૦૦ની સાલમાં સમય પલટાયો અને એક તરફ કૌન બનેગા કરોડપતિએ જબ્બર સફળતા અપાવી. તો બીજી બાજુ 'મહોબ્બતે' ફિલ્મ સાથે બીગ બી એ રૂપેરી પરદે નવી ધમાકેદાર ઇનિંગ્સની શરૂઆત કરી.

***જીવનમાં આવતી અનેક વિટંબણાઓ અને ઝંઝાવાતોમાંથી માર્ગ કરી આગળ વધે અને તેમાંથી પણ આનંદ મેળવી શકે તેવા ઝિંદાદિલ માનવીઓના જીવનમાંથી યુવા પેઢીએ શીખ લેવી જોઇએ.***

*૧૦૦૩, અલકનંદા, નીલકંઠ વેલી, રાજાવાડી,*
*ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭. મો. ૦૯૮૨૦૦ ૩૭૪૭૬*

*(મંગલ મંદિર, એપ્રિલ-૨૦૧૧)*

# યુવા વિકાસ અને કારકિર્દીનું ઘડતર



દિનેશ આર. મહેતા

એકવીસમી સદીનો બીજો દશક ઝડપી પરિવર્તનનો છે. આજે ટેકનોલોજી જેટલી ગતિવાન છે તેટલા પ્રમાણમાં યુવાવર્ગે ઝડપથી આગળ વધવું પડશે. વૈશ્વિક વિચારધારાના માહોલમાં યુવાવર્ગે પોતાની આંતરિક ક્ષમતાનું પરીક્ષણ કરીને તેને ઓળખવી પડશે અને ત્યારબાદ ચોક્કસ ધ્યેયની મંજિલે આગળ વધવું જ પડશે. આમ થશે ત્યારે જ પોતાનું, પરિવારનું, સમાજનું અને દેશનું કલ્યાણ થઇ શકશે. આજે વિશ્વ પ્રવાહ સાથે તાલ મિલાવવાનું અતિ અનિવાર્ય બન્યું છે. દેશ અને સમગ્ર વિશ્વમાં જ્યારે ટેકનોલોજીનું ક્ષેત્ર વધારે વિસ્તૃત થઇને ઝડપથી આગળ વધતું હોય ત્યારે યુવાવર્ગે પોતાની કેરિયર બનાવવા પૂરતી તકેદારી રાખવી પડશે.

યુવાવર્ગે જીવનમાં તમામ સુખ ભોગવવા માટે પૂરતા પૈસા કમાવવા ખૂબ જ જરૂરી બન્યું છે. તેનાં માટે પોતાની મનપસંદ કારકિર્દીનું ઘડતર એટલીજ જરૂરી બાબત છે. યુવાવર્ગની આવડત તેમજ ક્ષમતાને આધારે તેમને ગમતું હોય તેવું જ કામ કરવાની તક એટલે મનપસંદ કારકિર્દી. ભણીગણીને તૈયાર થયા પછી યુવાવર્ગે કારકિર્દીના ઘડતર અર્થે નોકરી કરવી કે ધંધો કરવો એ બે વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો ખૂબજ અગત્યનું છે. થોડાંક વર્ષો અગાઉ લોકો સરકારી નોકરી મેળવવામાં જીવનની સાર્થકતા અનુભવતા હતા. હવે ગ્લોબલાઇઝેશનના પરિણામે સરકારી નોકરી કરતાં ઊંચા પગારો તેમજ અન્ય ઓફરોને કારણે લોકો કોર્પોરેટ ક્ષેત્રે કારકિર્દીની પસંદગી કરવાનું ઉચિત માનતા હોય છે. બીજી તરફ સરકારી કે કોર્પોરેટ ક્ષેત્રે નોકરી લઇને બંધાઇ જવા કરતાં આજનો બાહોશ યુવાવર્ગ સ્વતંત્ર વ્યવસાય તરફ પણ જતાં અચકાતો નથી. કારણ કે, તેમાં જાત મહેનતનો પૂરો બદલો પોતાને જ મળતો હોય છે. આ વિષયને સ્પષ્ટ કરવા સમગ્ર વિશ્વની વિચારધારા પ્રગતિ તરફ એક નજર કરીએ.

વિકાસની દૃષ્ટિએ વિશ્વમાં શ્રેષ્ઠ દેશ કયા છે? પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય સામયિક ન્યૂઝ વીકે તાજેતરમાં વિકાસની દૃષ્ટિએ વિશ્વમાં શ્રેષ્ઠ એકસો દેશોની યાદી તૈયાર કરી હતી. તે મુજબ ફિનલેન્ડ પ્રથમ ક્રમાંકે છે. ત્યારબાદ સ્વિટ્ઝરલેન્ડ, સ્વિડન, ઓસ્ટ્રેલિયા, નોર્વે, કેનેડા, નેધરલેન્ડ, જાપાન, ડેન્માર્ક અને અમેરિકા ૧૧મા ક્રમાંકે આવે છે. ચીન ૫૯મા ક્રમે, ભારત ૭૮મા અને પાકિસ્તાન ૮૯મા નંબરે છે. આ રેન્કિંગની યાદીમાં વૈચારિક મતભેદ રહેશેજ. પરંતુ પ્રશ્ન એ થશે કે, આ દેશોનો વિકાસ સંતુલિત છે? સર્વગ્રાહી છે? સૌથી મહત્ત્વની વાત કે આ દેશોમાં બાળક માટે વિકાસની શ્રેષ્ઠ તક છે? આરોગ્ય, સલામતી, સમૃદ્ધિ, શિક્ષણ અને પ્રગતિની તકો આવા દેશોમાં કેટલી અને કેવા પ્રકારની છે? તે સાથે લોકોની રહેણીકરણી કેવી છે? શિક્ષણની આધુનિક સવલતો કેવી અને કેટલી છે?

હવે આ સંદર્ભમાં ભારતના વિકાસની વાત કરવાનું ઉચિત બનશે. ભારતે બેશક વિકાસ સાધ્યો છે. ઉદારીકરણ બાદ છેલ્લા બે દાયકામાં આ દેશે કરેલી આર્થિક પ્રગતિ દાદ દેવા પાત્ર છે. આમ છતાં સર્વાંગી વિકાસના માઇલસ્ટોન સુધી જવા માટે હજુ વધારે કામગીરી કરવી પડશે. અન્ય એક પ્રસિદ્ધ સામયિક 'ઇકોનોમિસ્ટ' અનુસાર ૨૦૨૫માં ભારતની મોટાભાગની વસતિ યુવાન હશે. જેનો ફાયદો દેશને મળી શકે તેમ છે. ભારતની વધતી વસતિની તેઓ ટીકા કરતા નથી બલ્કે વિકાસ સાધવા માટે તેને મૂલ્યવાન સાધન માને છે. વધુમાં, તે ઉમેરે છે કે ભારત દુનિયા માટે સૌથી મોટું માર્કેટ સાબિત થશે. ભારતીય અર્થતંત્ર અનેકઘણો વિકાસ હાંસલ કરશે. આજે અમેરિકા જેવા દેશમાં બાળકોના માતા-પિતા પોતાના બાળકોને જણાવતા થઇ ગયા છે કે, સારી રીતે ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરો નહીંતર ભારતનાં યુવાનો અમેરિકા આવીને તમારી નોકરી અને ધંધાની તક ઝૂંટવી લેશે!!

એ હકીકત છે કે, આજે ભારતમાં ઉદ્યોગ-વ્યાપાર ક્ષેત્રે અનેક અવનવી તકો ઊભી થઇ છે. વિશ્વના અનેક દેશો ભારત સાથે વ્યાપાર કરાર કરવાનું અથવા તો ઉદ્યોગો સ્થાપવાનું વધુ પસંદ કરે છે. કારણ સ્પષ્ટ છે, ઉદ્યોગ-વ્યાપાર કરનાર સાહસવીરો જે-તે દેશની લોકશાહી, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ, મજબૂત ન્યાયતંત્રની પ્રણાલી, યુવાવર્ગની ક્ષમતા વગેરે પ્રથમ જોતા હોય છે. ભારતમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર, પોર્ટડેવલપમેન્ટ, પાવર સેક્ટર, ટ્રાન્સપોર્ટેશન, રૂરલ ડેવલપમેન્ટ અને એજ્યુકેશન જેવા ક્ષેત્રમાં અબજો રૂપિયાનું મૂડીરોકાણ આવી રહ્યું છે.

દેશ અને વિશ્વની ઉપરોક્ત સ્થિતિના અનુસંધાનમાં યુવાવર્ગે એક વસ્તુ ચોક્કસ રીતે સમજાવવી પડશે કે, કુદરતે

બક્ષેલી અથવા પોતાના અનુભવના આધારે ઊભી કરેલી કોઇ વિશિષ્ટ ક્ષમતાના ઉપયોગથી આપણે અન્ય કરતા ચઢિયાતા બનીને વૈશ્વિક પરિસ્થિતિનો પૂરેપૂરો ફાયદો ઉઠાવી શકીએ. તે માટે યુવાવર્ગે તકેદારી રાખીને આગળ વધવું પડશે.

યુવાવર્ગે ચાલુ અભ્યાસક્રમ સાથે સાથે વેકેશન જેવા ગાળામાં કેરિયર ઉપયોગી અન્ય પ્રવૃત્તિ અથવા નાના-મોટા કોર્ષ, સેમિનાર, વર્કશોપ દ્વારા વધારાનું જ્ઞાન મેળવવાનું અનિવાર્ય બની ગયું છે. કોલેજ લેવલે માઇન્ડ કંટ્રોલ, કોમ્યુનિકેશન, વિનિંગ હેબિટ વગેરે મહત્ત્વના પાસા છે.

આજના સમયમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજના યુવાવર્ગ સહિત સમગ્ર ગુજરાતી સમુદાય પ્રોફેશનલ ક્ષેત્રે આધુનિક પ્રગતિમાં પાછા ન પડે તે માટે પોતાનામાં રહેલી ઊણપને યુવાનવર્ગના મા-બાપ, વાલીઓ સાથે સમાજે પણ ધ્યાન આપવું જરૂરી છે.

કેટલાક પ્રોફેશનલ્સ માટે ઓફિસમાં સ્પર્ધાત્મક વાતાવરણ જળવાઇ રહે તે માટે વિનિંગ હેબિટની, માઇન્ડ કંટ્રોલ વગેરેની અગત્યતા સમજવી જોઇએ.

તેવી રીતે, કોલેજ અભ્યાસ બાદ માર્કેટિંગ ક્ષેત્રમાં ઝંપલાવવું હોય તો, કોમ્યુનિકેશનની ટ્રેનિંગ અને ઓરિએન્ટેડ જોબ માટે વિનિંગ હેબિટ વગેરે ટ્રેનિંગ ઉત્તમ સાબિત થઇ શકે છે. ઓફિસ કામકાજના કારણે સ્ટ્રેસ થતો હોય તો તેવા સંજોગોમાં લાગણીશીલ સ્વભાવ કામ આવે નહીં. તેવી સ્થિતિમાં સફળતા હાંસલ કરવા પ્રોફેશનલ્સ ઈમોશનલ ઇન્ટેલિજન્સ અને માઇન્ડ કન્ટ્રોલની ટ્રેનિંગ ઉત્તમ બને છે. તેવી રીતે કામકાજમાં આત્મવિશ્વાસ સાથે કાર્યવાહી કરવાની હોય ત્યારે ગ્રુમિંગ તરફ ધ્યાન આપવું અત્યંત જરૂરી છે.

વૈશ્વિક માહોલ તરફ નજર કરીએ તો જણાશે કે, અત્યારની સ્થિતિમાં અનેક કંપનીઓમાં વારંવાર મિટિંગ, પ્રોફેશનલ રીતભાતમાં નવીનીકરણ અને અન્ય કાર્યદક્ષતાનું પ્રમાણ જોર પકડતું જાય છે. ત્યારે આજના યુવાવર્ગને પોતાની આગવી પ્રતિભા માટે જાગ્રત થવું અતિ જરૂરી બની ગયું છે.

આજના બદલાયેલા માહોલમાં યુવાવર્ગે પોતાનો આત્મવિશ્વાસ કેળવીને નવા વાતાવરણમાં સતત આગળ વધવું પડશે. તે સાથે, યુવાવર્ગના મા-બાપે પણ આ સંબંધી જાગૃત રહેવું જરૂરી બને છે અને સમાજે પોતાના ચીલાચાલુ કાર્યક્રમોના સ્થાને નવી મંજિલ તરફ લક્ષ કેન્દ્રિત કરીને તેને અનુરૂપ કામગીરીનું ધોરણ અપનાવું પડશે.

આજના સમયે યુવાવર્ગ જેટલો શક્તિશાળી, પ્રતિભાશાળી હશે તેટલા પ્રમાણમાં પરિવારજન અને સમગ્ર સમાજની ઉન્નતિ જોવા મળશે.

આ સંદર્ભમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજના યુવાવર્ગ સહિત સમગ્ર ગુજરાતી સમુદાય પ્રોફેશનલ ક્ષેત્રે આધુનિક પ્રગતિમાં પાછા ન પડે તે માટે પોતાનામાં છુપાયેલી પ્રતિભાને બહાર કાઢીને તેનો સર્વાંગી ઉપયોગ કરવો આવશ્યક બને છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજની શિક્ષણ અને અન્ય પ્રવૃત્તિ સંબંધી એક સમિતિ આ દિશામાં ખૂબ જ કાર્યરત છે. સમાજના સભ્યો, ખાસ કરીને બાળકો અને યુવાવર્ગ તેનાં કાર્યક્રમોમાં ભાગ લઇને પોતાની કારકિર્દીના ઘડતર માટે સમિતિની કામગીરીનો લાભ ઊઠાવી શકે છે.

***સી/૪૦૨, પ્રેસ્ટીજ ટાવર,***
***ચીફ જસ્ટિસના બંગલા પાસે, જજીસ બંગલા રોડ,***
***બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.***

***(મંગલ મંદિર, જૂન-૨૦૧૧)***

## મેઘ રાજાને પ્રાર્થના

*વરસાદ તારા વગર મંગલ ક્યાંથી થાય?*
*ધરતીની પ્યાસ તારા આગમને બુઝાય*
*ક્યારેક આવે ને ક્યારેક રીસાય*
*તારા આવા વર્તને દિલ સૌના દુભાય.*
*હવેના વરસોમાં મન દઈ વરસજે તું,*
*ધરતી માતાને ભીંજવી તરબોળ કરજે તું.*
*તારું આગમન સુંદર થાય, ધરતી મન દઈ હરખાય*
*લીલુડા રંગે ધરતી રંગાય, સૌને હૈયે આનંદ છલકાય.*
*મોરલાના ટહુકા મન દઈ સાંભળજે તું*
*વૃક્ષોની લીલોતરી આનંદે નિહાળજે તું.*
*તું આવીને તહેવારોની રોનક માણજે,*
*કેટકેટલા મંગલ વરતાય તે નજરે નિહાળજે.*
*ગૌરી વ્રત આવતા ગૌરી ખુશ જણાય*
*ઉપવાસ કરી પ્રભુના ધ્યાનમાં ખોવાય.*
*રક્ષાબંધન આવતા રાખડીના બજાર લહેરાય*
*બહેનીના હૈયે વીરાને મળવાનો તરવરાટ જણાય.*
*પર્યુષણ પર્વમાં તપસ્વીઓ ઊભરાય,*
*વરસે તું મન દઈને તો તપસ્વીને ટાઢક થાય*
*ગણપતિના તો ઠેકઠેકાણે સ્થાપન થાય.*
*તારા વગર ગણપતિને તારવવાની મુશ્કેલી સર્જાય*
*નવરાત્રી આવતા રાસુડા ખેલાય*
*વરસતો હોય તું તો ખેલનો રંગ ભળી જાય*
*શ્રાવણ માસમાં ભક્તો નદીએ ન્હાવા જાય*
*તું વરસે મન દઈને તો નદી નાળા છલકાય*
*દિવાળીના સંગે સર્વત્ર દીપમાલાઓ થાશે,*
*નિહાળીને આનંદે પછી ભલે તું જાજે.*

***અનિલ હેમરાજ મોતા***
***મંગલ મંદિર, જુલાઈ-૨૦૦૦***

# સત્ય ઘટના : હું કલંકિની નથી

પદ્મા ફાડિયા

"તમારું નામ?"

"મુક્તિ."

"નામ મુક્તિ અને આ પરાધીન અવસ્થા?" ન્યાયાધીશ સાહેબે સામે ઊભેલી એક યુવાન સ્ત્રીની સામે નજર માંડી પ્રશ્ન કર્યો.

મુક્તિ મૌન રહી.

"આ સામે ઊભેલી વ્યક્તિને ઓળખો છો?"

હા..હા...સાહેબ! એ સમાજ સેવક સ્વરૂપને કોણ ન ઓળખે? સાહેબ ....એ .... જ ....એ....જ દંભી, શેતાન, શ્વેત શેતાનને કોણ ન ઓળખે?

"પરંતુ હું તમને પૂછું છું કે તમે એને ઓળખો છો?"

"ના અને હા સાહેબ! પહેલાં હું એને ઓળખતી ન હતી, આજે એને બરોબર ઓળખી ગઇ છું. નારીઓનાં દેહને ચૂંથનાર પાપી, દંભી કહેવાતા નારી ઉદ્ધારકને આજે હું બરોબર ઓળખી ગઇ છું...સાહેબ! આ મારો કહેવાતો પ્રેમી! એક સમય એવો હતો કે એ મને પ્રેમ કરતો. મારા વિના એને પળભર પણ ચાલતું નહિ. એને મારામાં જ આખી દુનિયા દેખાતી એ સમયે મુક્તિ એનો પ્રાણ હતી. સૂરજ ઊગ્યા વગર રહે તો એ મળ્યા વગર રહે, ક્યારેક ભરતીએ ચડેલા સાગર જેવો તોફાની તો ક્યારેક વર્ષાના ઘનઘોર મેઘ જેવો તોફાની તો ક્યારેક ગાંડા હાથી જેવો દોડતો મસ્તીભર્યો એ મારા દેહનો સદાય પ્યાસો રહેતો અને એ ભયંકર અંધારી રાતે મારો એવો તે શો ગુનો બની ગયો કે એણે મને રસ્તે રઝળતી કરી દીધી? શા માટે એ મારાથી મોઢું સંતાડી દૂર ને દૂર ભાગતો ગયો? શા માટે એ મને ચાહતો હતો ને મને જ છેહ દઇ દીધો કે મને ન મારા ઘરની કે સમાજની રહેવા દીધી? સાહેબ! મારો પ્રશ્ન તો એ છે કે જેણે ગુનો કર્યો છે તેને સમાજે સ્વીકારી લીધો અને જે નિર્દોષ છે તેને સમાજે હડધૂત કરી? આ સમાજનો ન્યાય? માબાપનો ન્યાય? મેં શો ગુનો કર્યો? અને જો મેં ગુનો કર્યો એમ સમાજ કહેતો હોય તો એણે ગુનો નથી કર્યો ? એને પણ સજા તો થવી જ જોઇએ? કહેતા કહેતા મુક્તિએ જોરથી હાથ પછાડ્યો.

"જે સજા મને કરી, એ સજા એને પણ થવી જ જોઇએ."

જજ સાહેબ સુમંતરાયે સ્વરૂપ સામે જોયું.

સ્વરૂપે માથું નીચે ઢાળી દીધું.

"તમે મૌન રહેશો તો તમે તમારા ગુનાનો એકરાર કરો છો એમ સાબિત થશે. તમારા બચાવ માટે તમારે કાંઇ કહેવું છે?"

છતાં સામેથી કોઇ જવાબ ન મળ્યો.

ત્યારે સુમંતરાયે મુક્તિને પૂછ્યું, 'તમારે બીજું કાંઇ કહેવું...હોય...'

"હા, સાહેબ, મારે બીજું પણ કહેવું છે. આ સામે બેઠેલી એક નારી... મારી મા છે" આંગળી ચીંધીને મુક્તિએ માની ઓળખ આપી.

એ પાંચ દીકરી અને એક દીકરાની મા છે, એનું સૌથી મોટું સંતાન હું છું, પરંતુ ઘરમાં પાંચ પાંચ દીકરીઓને કારણે એને મારી પ્રત્યે પ્રીતિ જ નથી વળી. મારી સંપત્તિ જે હતી તે બધી જ એણે કબજે કરી લીધી.

"કેટલી સંપત્તિ? લાખ બે લાખની?"

"ના, લાખ બે લાખની નહિ પણ પૂરા પચ્ચીસ લાખની. મને દાદા પાસેથી મળ્યા હતા. અમને દરેક બહેનોને દાદાજીએ આપ્યા હતા. પરંતુ હું દાદા પાસે ઉછરેલી એટલે દાદાએ મને એમનો બંગલો અને થોડીક રકમ આ બન્ને આપ્યા હતા.

"હં..."

"મારી માએ એ બધું જ લઇ લીધું, સ્વરૂપ જોડે હું પરણી જાઉં એટલે! મારી માને સ્વરૂપ પસંદ ન હતો. મને એ ગમતો હતો. પરંતુ મારી એક જ ભૂલને કારણે... કારણે... મારું જીવન વેડફાઇ ગયું સાહેબ!"

સુમંતતરાય જજ સાહેબ મુક્તિ સામે લાગણીસભર નજરે જોઇ રહ્યા.

અને સાહેબ, જ્યારે મને ખબર પડી કે મારા ઉદરમાં એક બાળકનું સર્જન થઇ રહ્યું છે ત્યારે મેં સ્વરૂપને કહ્યું, "હવે આપણે લગ્ન કરી લઇએ, તારા-મારા પ્રેમનું ફળ મારા ઉદરમાં ઉછરી રહ્યું છે ત્યારે તે ભાગી ગયો... કાયર... આ માણસ સમાજ સેવક પોતાની જાતને કહેવડાવે છે ને સ્ત્રીઓના શરીરની સાથે ચેડાં કરે છે. જે મને પ્રેમ કરતો હતો અને જેને મેં પ્રેમનું ફળ આપ્યું તે નાસી ગયો. તેમાં સમાજે મને ગુનેગાર ઠરાવી અને એ નિર્દોષ? શા માટે એને સજા નહિ? પુરુષો સ્ત્રી ઉપર અત્યાચાર કરે, બળાત્કાર કરે, નારીનો ઉપભોગ કરે, છતાં એને સમાજ

કે ન્યાયતંત્ર કોઇ શિક્ષા કરે નહિ? છીંડે ચડ્યો તે ચોર સાહેબ, આપ ન્યાયાધીશ છો, સરકાર છો, સમાજ મહાજન છો. પંચ છો. જો તેઓ જ અન્યાય કરે તો સ્ત્રીને ક્યાં જવાનું? શું સ્ત્રી માનવ નથી? કોઇની મા, બહેન, પુત્રી નથી? સાહેબ, તમને ય મા વહાલી હશે, બહેનને તમેય વહાલા હશો? સાહેબ, તમારી મા દીકરીને તમે કેવો ન્યાય આપશો?''

''અને આ માણસે, આ શેતાને મને લગ્ન કરવાનું વચન જ્યારે આપ્યું ત્યારે મેં મારી જાતને માત્ર એના એક વિશ્વાસને સહારે ન્યોચ્છાવર કરી દીધી. સાહેબ, પ્રેમ નહિ, વૃત્તિ એક એવી પ્રબળ લાગણી છે કે જ્યારે એ ઊભરાય ત્યારે સંયમની પાળ તોડી નાખે છે. એ તો દુષ્યન્તની શકુન્તલાને પૂછો, અને પ્રેમમાં અણવિશ્વાસ કેવો? એવી ઇચ્છાએ મેં આ કામ કર્યું, અને એને ખબર પડતાં જ એ નાસી ગયો. કારણ ઇશ્વરે જાણ્યું છે કે સ્ત્રી જ એક એવી શક્તિશાળી છે? જે માતા બની શકે છે અને પુરુષે અશક્ત માનીને એને છોડી દીધી. પરંતુ પુરુષ કાયર બન્યો, કારણ એના પેટે કાંઇ છોકરું આવવાનું ન હતું. એટલે એણે ઇશ્વરને છેહ દીધો, સ્ત્રીને દગો કર્યો અને સમાજે એના ગુનાને પોંખ્યો. એને કારણે જ મારા બાળકને કોણ જાણે મારી માએ ક્યાંય ફેંકી દીધો, શિક્ષા તો એને થવી જોઇએ કે જેણે એક નિર્દોષ નારીને ભયંકર દગો દીધો અને એના બાળકને કોઇ ઉકરડામાં ફેંકી દીધો. મારા વિશ્વાસને જે બેવફા નીવડ્યો છે એ જ એનો ભયંકર ગુનો છે. સાહેબ, એને શિક્ષા કરો.. પુરુષ હોવા છતાંય કાયર, બેવફા, દગાખોર, પાપી, અત્યાચારી, બળાત્કારી, શાં શાં વિશેષણો એને માટે વાપરું? અને સાહેબ, આવા પાપાચારીઓ જે સમાજમાં હોય એ સમાજમાં સ્ત્રીઓને ન્યાય કેમ મળી શકે? અને સમાજ વ્યવસ્થિત રહી જ કેવી રીતે શકે? અને આ લોકો સમાજ સુધારો કરવા નીકળ્યા છે?'' કહેતા મુક્તિ જોરથી હસી પડી... હા સાહેબ, નર્યો દંભ! ...દગો! છેહ...

સ્ત્રીઓને ફોસલાવી, લલચાવી એને જીવતાં જીવત મારી નાખવી!

સુમંતરાય સાંભળી રહ્યા..

અને આ મારી માએ મારાં ઉદરમાં ઉછરી રહેલાં બાળકને મારવા મને ઝેર જેવાં કેટકેટલાય ઓસડિયા પાયા. પણ એ બાળકને મરવું ન હતું ને મારેય મારવું ન હતું. અને કંલકિત સ્વરૂપે એનો જન્મ થયો. પાંચ પાંચ દીકરીઓની એની સૌથી મોટી દીકરી કુંવારી માતા બને એ કેમ ચાલે? એટલે માએ એ નિર્દોષ ફૂલને કચડી નાખવાનો વિચાર કર્યો. પણ મેં માને કાકલૂદીભર્યા સ્વરે કહ્યું ''મા, પાપ મેં કર્યું છે, જેણે મને દગો દીધો એણે કર્યું છે. અમારા પાપની સજા આ નિર્દોષ બાળકને શા માટે? મારાં બાળકને મેં જન્મ આપ્યો છે. એને મારી નાખવાનો જો કોઇને અધિકાર હોય તો તે મને છે, બીજા કોઇને નથી. હું એની મા છું. જે મા કહેવાય છે કે, ઇશ્વર કરતાંય મા શ્રેષ્ઠ છે એમ દુનિયા માને છે.'' આંખોમાંથી આંસુ સારતી સારતી મુક્તિ કરુણાભરી નજરે સાહેબ સામે જોઇ રહી.

''સાહેબ! ભલે, હું કુંવારી માતા બની, પણ મા તો ખરી? મારું માતૃત્વ ઝૂંટવાનો-છીનવી લેવાનો ખુદ ઇશ્વરનેય અધિકારી નથી, કારણ એક વખત એણે જ માતૃત્વ આપ્યું છે પછી એ છીનવી શા માટે લે? બસ, જો એ ન છીનવે તો સમાજ કોણ છીનવી લેનાર? મારી માએ એ નવજાત શિશુને મારા ખોળામાંથી છીનવી એક અનાથાશ્રમના દરવાજે ફેંકી દીધો..સાહેબ! એ બાળક એક કુંવારી માતાના ખોળે હોત તો કદાચ એ કલંકિત કહેવાત પરંતુ માની હૂંફમાં એ સુરક્ષિત હોત એટલો ત્યાં ન હોત...

''શું એ બાળકને ફેંકી દીધું?''

''હા, સાહેબ, સમાજના ભય થી મારી મા ડરી ગઇ. ધરતીપુત્રી સીતાય અનાથ હતી, પરંતુ જનક રાજાએ એને ઉછેરી એટલે જગતે એને સ્વીકારી. અને એવી રીતે એને ઉછેરી કે સમાજે નહિ પરંતુ અયોધ્યાના રાજકુંવરે એને સ્વીકારી. ત્યારે એ કલંક ક્યાં ગયું હતું? સાહેબ! મને મારું બાળક પાછું અપાવો...

''દીકરી! સીતાને ઉછેરનાર એક રાજા હતો એ તું કેમ ભૂલી જાય છે?'' સુમંતરાયે મુક્તિ સામે એક સમસ્યા ખડી કરી દીધી..

એક રાજા કરતાંય મા ચડે સાહેબ. હું એની મા છું, અને મા રહીશ...દુનિયા ભલે મને કલંકિની કહે, પણ હું મારાં બાળકને અનાથ તો નહિ જ રહેવા દઉં.


અને હું કલંકિની પણ નથી. એણે જ મારી સાથે લગ્ન કર્યા છે, મને ચાહી છે, મને પ્રેમ કર્યો છે. એને પૂછો તો ખરા સાહેબ આજે તો સ્ત્રીઓની દશા આવી કરનાર આ પુરુષો કેવા છે?

સુમંતરાયે ઊભા થઇને મુક્તિને માથે હાથ મૂકતાં કહ્યું, ''બેટા, તારું જીવન સુખી થાઓ. પણ હવે લગ્ન કરતાં પહેલાં ક્યારેય ખરાબ પગલું ભરીશ નહિ, અને બાળક જન્મે તે પછી સમાજ અને તારા સંસારને ખબર કરજે. જેથી સ્ત્રીઓને ક્યારેય કોઇ મુશ્કેલી ન આવે. આજનો સમાજ સ્ત્રીઓને દુઃખી ન કરે એવાં પગલાં સ્ત્રીઓએ ભરવા એવો મારો તને આદેશ છે. તારા બાળકને તને સોંપી દઇશ. પણ એને ઉછેરતા પહેલાં એને કઇ રીતે ઉછેરવો, કેવા સંસ્કાર આપવા, એ બાળક તને કઇ રીતે મા તરીકે જ બોલાવે અને ઓળખે એ વિશેના તું એને સંસ્કાર આપ. બેટા, તું સુખી થા અને સમગ્ર નારી સમાજને એક વાત કહેતી જા, લગ્ન કરો તે પહેલાં નારી સમાજનું સાચું હિત જુઓ અને એને મા સાચી માતા બને એ તું શીખવ તો તું સુખી થઇશ. જા, તું કલંકિની નથી કારણ કે એણે તારી સાથે લગ્ન કર્યા છે. સાચી શિક્ષાને પાત્ર તો એ જ છે.'' કહી જજસાહેબે એ યુવાનને જેલમાં પૂરી દેવાનો આદેશ આપી દીધો.

*''સ્વજન'', ૧૭/એ, ટ્રસ્ટ નગર,*

*શ્રેયસ ક્રોસિંગ, અમદાવાદ-૭. ફોન : ૨૬૬૦૦૦૯૩*


***(મંગલ મંદિર, જુલાઇ-૨૦૧૧)***



સંજય ઠાકર

### વ્યક્તિ વિશેષ

# કચ્છી અગ્રણી સપૂત તુલસીદાસ મૂળજી શેઠ



**શ્રી તુલસીદાસ મૂળજી શેઠ**

**જીવનયાત્રા : તા. ૪-૮-૧૯૦૮થી તા. ૨-૨-૧૯૭૪**

સુપ્રસિદ્ધ કચ્છી સપૂત, કચ્છના પૂર્વ સાંસદ અને પ્રથમ કલેક્ટર તુલસીદાસ મૂળજી (ટી.એમ.) શેઠનો જન્મ ૪થી ઓગસ્ટ, ૧૯૦૮ના રોજ મુંદ્રા ખાતે કચ્છી લોહાણા કુટુંબમાં થયો હતો. તેમણે પ્રાથમિક શિક્ષણ જન્મભૂમિ મુંદ્રામાં પ્રાપ્ત કર્યું. માધ્યમિક શિક્ષણ આર.ડી. ઇંગ્લીશ સ્કૂલ મુંદ્રા તથા ઑલ્ફ્રેડ હાઇસ્કૂલ ભુજમાં પ્રાપ્ત કર્યું. ફર્ગ્યુસન કૉલેજ પૂના, ગુજરાત કોલેજ અમદાવાદ, યુનિવર્સિટી સ્કુલ ઓફ ઇકોનોમિક્સ એન્ડ સોશિયોલોજી મુંબઇ, ગવર્નમેન્ટ લૉ કૉલેજ - મુંબઇ, લિકન્સ ઇન લંડન વગેરે સ્થળોએ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યું અને એમ.એ., એલ.એલ.બી.ની ઉપાધિ હાંસલ કરી હતી.

કચ્છમાં કચ્છી પ્રજાકીય પરિષદની કાર્યવિધિ સાથે અને યુસુફ મહેરઅલી સાથે રહી ૧૯૩૭-૩૮ના અરસામાં સ્વાતંત્ર્ય ચળવળની ચિનગારી કચ્છમાં પેટાવવાના પ્રયત્નો કરનાર તુલસીદાસ શેઠ કચ્છના હિત માટે ઝઝુમ્યા હતા. લોકહિતના કાર્યો કરવાની તે વખતના મહારાવશ્રીની ઑફર સ્વીકારી તેમણે રેવન્યુ કમિશનર તરીકે અને પાછળથી ભારતને આઝાદી મળ્યા બાદ કચ્છના પ્રથમ કલેક્ટર તરીકે યશસ્વી કામગીરી કરી હતી. તેજસ્વી પ્રતિભા ધરાવતા તુલસીદાસભાઇ ૧૯૫૨માં કચ્છના પ્રથમ આઇ.એ.એસ. થયા. શ્રી કુંદનભાઇ ધોળકિયા "શ્રુતિ અને સ્મૃતિ : કચ્છ"માં નોંધે છે કે, 'બાર વર્ષ સુધી પ્રથમ કમિશનર અને પછી કલેક્ટર તરીકે રહેલ એક પ્રગતિશીલ અધિકારી અને ૧૯૬૭થી ૧૯૭૧ પાર્લામેન્ટમાં લોકસભામાં સભ્ય તરીકે સેવા આપનાર શ્રી શેઠ અનોખી વ્યક્તિ હતા. સારસ્વતમની જેવી શિક્ષણ સંસ્થાના જન્મદાતા તરીકે તેમનું નામ ચિરંજીવ રહેશે.'

૧૯૪૦માં કચ્છ દુષ્કાળ રાહત સમિતિના તેઓ ઓર્ગેનાઇઝર બન્યા હતા અને રાહતકામે સિંધનો પ્રવાસ કર્યો હતો. કચ્છની ખેતી અને કચ્છના ખેડૂતોને અકલ્પ્ય ફાયદો કરી આપ્યો તે આજે પણ બુઝુર્ગો યાદ કરે છે. કચ્છના ખેડૂતોને અતિશય ત્રાસદાયક એવી ભાગબટાઇની પ્રથા નાબૂદ કરવાના પ્રથમ ચરણમાં તેમણે રાજાશાહીમાં પણ ઉઘડ સુખડી બાંધી આપવાની પ્રથા દાખલ કરેલી અને ઘણા ખેડૂતોએ તેનો લાભ લીધો હતો. સ્વતંત્રતા મળ્યા પછી કચ્છમાં 'ક' વર્ગનું રાજ્ય રચાતાં તેઓ કચ્છના કલેક્ટર બન્યા પછી પ્રથમ કામ તેમણે રોકડ મહેસૂલ દાખલ કરવાનું કર્યું અને ચારેક વર્ષોની મહેનત પછી ૧૯૫૨માં તેમણે ભાગબટાઇ નાબૂદ કરી વિઘાટી પ્રથા દાખલ કરી મહેસૂલી દફ્તર તે મુજબ તૈયાર કરાવી અમલમાં મૂકવાનું ક્રાંતિકારી પગલું ભર્યું હતું. કલેક્ટર કચેરી તરફથી ઓક્ટો. ૧૯૫૦થી તેમણે પાક્ષિક પત્રિકા શરૂ કરાવી જે કચ્છની જનતામાં ભારે આવકાર પામી હતી. "આપણું કચ્છ : વિકાસના તેર વર્ષ" સ્મરણિકા (૧૯૬૨)માં નોંધાયા મુજબ, 'ભારતને આઝાદી મળી અને ખેડૂતના ભાગ્યનું ચક્ર ફર્યું. કચ્છને 'ક' વર્ગનો દરજ્જો મળ્યો. લાગાલગમ અને ભાગબટાઇ જેવા બોજાઓમાંથી તેને મુક્ત કરવાના શ્રીગણેશ મંડાયા... ૧૯૪૯ના ૨૧મી નવેમ્બરે કચ્છ સરકારે કચ્છભરમાંથી લેવાતા અયોગ્ય લાગાલગમો રદ જાહેર કર્યાં. આઝાદી પછી કચ્છી ખેડૂતોની આર્થિક મુક્તિનું આ સૌ પ્રથમ આશાસ્પદ સોપાન કચ્છના મહેસૂલી વહીવટમાં એક સીમાચિહ્ન સમું બની રહ્યું... લાગાલગમ પછી બીજો અગત્યનો પ્રશ્ન ભાગબટાઇની નાબૂદીનો કચ્છ કોંગ્રેસે હાથ ધર્યો. ભારત સરકારે આ પ્રશ્નની તપાસ કરવા એક અધિકારીની નિમણૂક કરી. કચ્છના ઉત્સાહી અને વતનપ્રેમી સપૂત તુલસીદાસભાઇ કલેક્ટરના સ્થાને હતા તેમણે અને સરકારી અધિકારીઓએ સાથે મળીને ભાગબટાઇ નાબૂદીની અને વિઘાટીની વચગાળાની વ્યવસ્થા તૈયાર કરી. પ્રશ્ન અટપટો હતો અને રાજ્યને નુકસાન ન જાય એ જોવાની તેમને સૂચના અપાઇ હતી. એ વચ્ચે તેમણે માર્ગ શોધ્યો. ૧૯૫૨ની જુલાઇની દસમી તારીખે કચ્છની એડવાઇઝરી કાઉન્સિલની સંમતિથી ભાગબટાઇની પ્રથા નાબૂદ

કરવાનો નિર્ણય લેવાયો અને ૨૫મી જુલાઇના રોજ તેની સત્તાવાર જાહેરાત થઇ.'

જાણીતા લેખક શ્રી શશીકાંતભાઇ એમ. ઠક્કર લખે છે તેમ, '૧૯૫૬-૫૭ના અરસામાં કચ્છમાંથી ગરાસદારી નાબૂદી માટે પણ તુલસીદાસ શેઠે પાયાનું કામ કર્યું હતું અને ગામેગામના આ માટેના જરૂરી દફતરો તૈયાર કરાવ્યા હતા... શ્રી શેઠ દર વર્ષે તેમના ખાતામાં જે જે કર્મચારીઓ શૈક્ષણિક પરીક્ષાઓ પાસ કરતા તેમને ખાસ પ્રોત્સાહન આપતા. એટલું જ નહિ પણ કચ્છમાં સૌપ્રથમ ૧૯૫૩ માં કૉલેજની સ્થાપના થઇ ત્યારે ખાતાકીય કર્મચારીઓને તેમાં દાખલ થવા માટેની સૌપ્રથમ પરવાનગી તેમણે આપેલી અને જરૂરી સુવિધાઓ પણ કરી આપેલી... કચ્છમાં સૌપ્રથમ પંચાયતરાજનો પાયો પણ શ્રી શેઠે નાંખ્યો હતો. ૧૯૫૨માં સૌપ્રથમ દસેક ગ્રામ પંચાયતોની સ્થાપના કરવામાં તેમણે પોતાની વગ અને દીર્ઘદષ્ટિનો અનેરો પરિચય આપ્યો હતો... કચ્છના 'ક' વર્ગના રાજ્યના સમય દરમિયાન જિલ્લા કક્ષાના લગભગ પચીસેક ખાતાઓનો હવાલો આ એક જ અધિકારીએ સફળતાપૂર્વક સંભાળીને અનેકવિધ બાબતોમાં કચ્છને પોતાની સેવાઓ આપી હતી અને છતાં છેક છેલ્લે સુધી તેઓએ પોતાની જાતને અકિંચન રાખી હતી.

નોકરીમાંથી નિવૃત્ત થયા બાદ ગુજરાત હાઇકોર્ટમાં તેમણે વકીલાત કરી હતી. તેઓ બાહોશ વકીલ તરીકે જાણીતા હતા. સાથે ભારત સોલ્ટ એન્ડ કેમિકલ ઇન્ડસ્ટ્રીઝના ડાયરેક્ટર રહ્યા હતા. ૧૯૬૭માં કોંગ્રેસની ટિકિટ ઉપર કચ્છમાંથી લોકસભાની બેઠક માટે ચૂંટાયા. ચૂંટણીમાં એમના પ્રતિસ્પર્ધી સ્વતંત્ર પક્ષના હિંમતસિંહજી જાડેજા સામે તેઓ ૬,૬૭૫ મતથી વિજયી થયા હતા. સંસદસભ્યના તેમના કાર્યકાળ દરમિયાન તેમણે રેલવે, રસ્તાઓ, શિક્ષણ, ડેરી ઉદ્યોગ, નમક ઉદ્યોગની મુશ્કેલીઓનું નિવારણ, નર્મદાના પાણીની ફાળવણી અને બન્ની વિસ્તારના વિકાસ બાબતમાં લગનપૂર્વક કામ કર્યું હતું. ૧૯૬૯માં કોંગ્રેસના ભાગલા વખતે તટસ્થ રહ્યા, ત્યારબાદ રાજકારણથી અલિપ્ત બની રચનાત્મક - શૈક્ષણિક પ્રવૃત્તિમાં કાર્યરત બન્યા. કચ્છના શિક્ષણ ક્ષેત્રની અગ્રીમ સંસ્થા સારસ્વતમ્‌ની તેમણે ૧૯૬૮માં સ્થાપના કરી હતી. તેની પ્રથમ બેઠક મુંદ્રા ખાતે તેમના માર્ગદર્શનમાં મળી હતી. કચ્છની ગ્રામ કેળવણી માટે આ સંસ્થા મારફતે તેઓએ શિક્ષણજ્યોત પ્રગટાવી હતી. એમના પ્રમુખપદે સારસ્વતમ્‌ની સંખ્યાબંધ હાઇસ્કૂલોની ગ્રામ્ય વિસ્તારોમાં રચના થઇ જે આજે પણ શિક્ષણ પ્રસાર કરી રહી છે.

તેઓ શિક્ષણપ્રેમી અને વિસ્મરણીય સજ્જન હતા. તેઓ શેઠ આર.ડી. એજ્યુ. ટ્રસ્ટ, મુંદ્રાના ટ્રસ્ટી હતા અને મુંદ્રામાં કૉલેજ ઑફ એજ્યુકેશન (બી.એડ.) સ્થાપવામાં તેમની ભૂમિકા મુખ્ય હતી. તેઓ જમનાબાઇ ડુંગરશી કન્યા છાત્રાલય, રાજબાઇ ચેરિટેબલ ટ્રસ્ટ, પાર્વતીબાઇ ચેરિ. ટ્રસ્ટ, લોહાણા બોર્ડિંગ-ભુજ, હરિદ્વાર ગુજરાતી ધર્મશાળા ટ્રસ્ટના ટ્રસ્ટીપદે રહ્યાં હતાં અને સેવા પ્રવૃત્તિઓ ચલાવી હતી. ગાંધીધામ ડેવલપમેન્ટ ઓથોરિટી અને કચ્છ હાથવણાટ સંઘના ચેરમેન બન્યા હતા અને સરવન્ટ ઓફ પીપલ સોસાયટીના એસો. મેમ્બર રહ્યાં હતા. કચ્છ ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો.ઓ. બેન્ક લિ. ભુજના ડાયરેક્ટર વરાયા હતા. ૧૯૭૩માં ગાંધીધામમાં કચ્છી ભાષા વિકાસ સભાની રચના થઇ, તેના પ્રથમ પ્રમુખપદે તે વરાયા હતા. કચ્છી ભાષાના વિકાસ માટે તેઓ પ્રયત્નશીલ રહ્યા હતા. સારસ્વતમ્ સંસ્થાએ તેના સંસ્થાપકની જન્મ શતાબ્દીની અનેરી ઉજવણી 'વેકેશન શાળા કાર્યક્રમ' દ્વારા મે-૨૦૦૮માં કરી હતી.

કચ્છમાં વિવિધક્ષેત્રે સેવા આપનાર સમાજદ્યોતેક વિરલ પ્રતિભા અને જાહેરજીવનના આ અભ્યાસુ અગ્રણીનું ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૭૪ના ૬૬ વર્ષની વયે નિધન થયું હતું. તેમનું અવસાન કચ્છ આવતાં હૃદયરોગના હુમલામાં અમદાવાદ રેલવે સ્ટેશને થયું હતું. એમના માનમાં સ્મૃતિગ્રંથ પણ પ્રકાશિત થયેલ છે.

***(મંગલ મંદિર, ઓગસ્ટ-૨૦૧૧)***

## સમાજની કરોડરજ્જુ

*મહેકતી માનવતાનો સ્રોત શોધતો*
*રહ્યો હું ઘરઘર ભટકતો*
*નીચલો સ્તર નહિં સજાગ, સભાન*
*ઉપલો થર પોતાનામાં જ ગુલતાન.*
*મધ્યમ વર્ગમાં ડોકિયું કર્યું*
*જોતાં મારું દિલ ઠર્યું*
*વિનયનાન્વિત વર્તન વાણી*
*મળી ગઈ માનવતાની સરવાણી.*
*પાપ કરતાં એ ગભરાતો*
*નૈતિક મૂલ્યો જાળવવા મથતો*
*કુટુંબ પ્રેમ અહીં ખૂબ છલકાતો*
*વ્યવહાર એનાથી ન વિસરાતો.*
*મોંઘવારીમાં પણ મૂલ્યો જાળવતો*
*માન મર્યાદા જીવનમાં અપનાવતો*
*મર્યાદિત આવકમાં સંતોષથી રહેતો*
*કરકસર કરી આબરૂ જાળવતો.*
*સેવા માટે તત્પર રહેતો*
*તનતોડ શ્રમ કરી ગાડું ચલાવતો*
*વધુમતી જેમાં છે પરગજુ*
*મધ્યમવર્ગ સમાજની કરોડરજ્જુ.*

**દિલીપ કે. મહેતા**

***(મંગલ મંદિર, ફેબ્રુઆરી-૨૦૦૯)***

# પ્રાર્થના એટલે પ્રભુ સાથેનો સંવાદ



ડૉ. ઊર્મિલા શાહ

હું રોજ સવારે પૂજા કરવા બેસું એટલે નાનકડો અર્ચન મારી બાજુમાં આવીને ગોઠવાઈ જાય... હું જે કંઈ કરું તેનું સૂક્ષ્મતાથી નિરીક્ષણ કરે... દીવો, અગરબત્તી, પૂજા, ફૂલ ચડાવું બધું જ તેને કરવાનું મન થાય... અને પછી હું આંખો મીંચીને ભગવાનની પ્રાર્થના બોલું ત્યારે પણ તે જ રીતે પ્રાર્થના ગાવાનો પ્રયત્ન કરે. હવે તેને ગાયત્રી મંત્ર પણ લગભગ મોઢે થઈ ગયો છે. નવકાર મંત્ર પણ ઠીક ઠીક આવડતો જાય છે. સ્કૂલમાં પણ પ્રાર્થનામાં બોલાતાં સ્તોત્રો અને શ્લોકો ધીરે ધીરે તેને કંઠસ્થ થવા માંડ્યા છે. હજી તો માંડ સાત વર્ષનો થવા આવ્યો છે પણ બાળકનું નિરીક્ષણ પણ કેટલું બધું સૂક્ષ્મ હોય છે! અને એ નિરીક્ષણ પછી તેનું આબેહૂબ અનુકરણ, બાળકનું સામાજિકરણ આમ જ થાય છે. તેનું ઘડતર આમ જ થાય છે. પણ તે સાથે તેની તર્કશક્તિ પણ સતત કામ કરતી જ રહે છે અને તેથી જ તેણે મને એક દિવસ પ્રશ્ન પૂછ્યો...

'દાદીમા, ભગવાન ક્યાં છે?'

'મેં મૂર્તિ બતાવી કહ્યું, ભગવાન આ રહ્યા દીકરા....'

તો તેને સંતોષ ન થયો. તેણે ફરી પૂછ્યું... 'પણ દાદીમા, આ તો પથ્થરના દેવ છે. એમને ભગવાન કહેવાય? સારું કામ કરે તે જ ભગવાન કહેવાય. આ તો પથ્થરનાં દેવ છે, એ હાલીચાલી તો શકતાં નથી... એ સારું કામ કેવી રીતે કરતા હશે? એકવાર તમે જ તો મને કહેતા હતા કે ભગવાન લોકોનું ભલું કરે, દુઃખિયાને મદદ કરે... હાલીચાલી ન શકે એ આવું કામ કેવી રીતે કરી શકે...?'

અને હું પણ મૂંઝાઈ... શ્રદ્ધા અને તર્ક... અને છતાં તેના મનનું સમાધાન ન કરું તો તેની શ્રદ્ધા તૂટી જાય... એકવાર મંદિરમાં એ મારી સાથે આવ્યો હતો. નાનો હતો... પણ મેં તેને હાથ જોડી પગે લાગવાનું કહ્યું તો એણે સાંભળ્યું ન સાંભળ્યું કર્યું... પગે ન લાગ્યો. મને થયું... એના મનમાં ભગવાન વિશે ખાસ્સી મથામણ ચાલતી હોવી જોઈએ અને એટલે મેં તેને હાથ જોડવા માટે બહુ આગ્રહ ન કર્યો, ફરજ ન પાડી. ને મારી પાછળ પાછળ મારો છેડો પકડીને તે પણ મંદિરની બહાર આવ્યો...

થોડા દિવસ થયા હશે... ને હું સવારે પૂજામાં બેઠી હતી... આંખો બંધ કરી સ્તોત્રો, પાઠ બોલી રહી હતી. બાજુમાં અર્ચન આવી ગોઠવાઈ ગયો. પૂજા પૂરી થઈ ને મેં આંખો ખોલી. ને એણે તરત જ પ્રશ્ન કર્યો... 'દાદીમા, મારે ભગવાન જોવા છે. તમને ભગવાન દેખાય છે?'

'હા... બેટા! મને તો ભગવાન દેખાય છે...'

'કેવી રીતે દાદીમા?'

'મારી જેમ તું પણ આંખ બંધ કરે તો તને ભગવાન દેખાશે બેટા!'

'દાદીમા, તમેય કેવું કહો છો? આંખ બંધ કરીએ તો કશું જ ન દેખાય... પછી ભગવાન કેવી રીતે દેખાય?'

'બેટા! ભગવાન આપણા હૃદયમાં હોય છે. એમને જોવા હોય તો આપણે અંતરમાં નજર નાખવી પડે.'

'દાદીમા, અંતરમાં નજર નાખવી પડે? અંતર ક્યાં હોય?'

મેં છાતી પર હાથ મૂકી તેને અંતરનું સ્થાન ચિંધ્યું.... પણ તેના મનમાં સખત મથામણ હતી... ભગવાનના દર્શન માટે દાદીમા પૂજા કરવા બેસે છે... ને આંખ બંધ કરી તેમના દર્શન કરે છે. આંખ બંધ કરીને તે વળી દર્શન કેવી રીતે કરાય? અંતરમાં ભગવાન હોય! અંતરમાં રહેલાં એ ભગવાનના તે વળી કેવી રીતે દર્શન કરાય? એનાં મનમાં સતત આ પ્રશ્ન ઘૂંટાયા જ કરતો હતો... પણ એને હું કહું પણ કેવી રીતે કે 'બેટા! તારી આંખોમાં જે નિર્દોષ પ્રેમ દેખાય છે તેમાં જ મને ઈશ્વરના દર્શન થાય છે. તારા નિર્દોષ અને કિલકિલાટ હાસ્યમાં મને દેવના દર્શન થાય છે. તારી આ નાજુક નાજુક આંગળીઓમાં મને ઈશ્વરની અનુભૂતિ થાય છે... ઈશ્વર ક્યાં નથી?... આપણે એને મંદિરમાં પ્રસ્થાપિત કર્યા છે, પથ્થરમાંથી મૂર્તિ કંડારી તેમાં પ્રાણપ્રતિષ્ઠા કરી મંદિરમાં તેને પ્રસ્થાપિત કર્યા છે. કારણ હૃદયમાં રહેલાં એ દેવને આપણે નિરખી શકતાં નથી. આપણી ઈન્દ્રિયો સતત બહારની બાજુ, ચારેબાજુ દોડ્યા કરતી હોય છે. આંતરદૃષ્ટિ એ ક્યાં કરી શકે? અને એટલે જ નિરાકાર પૂજાથી અંતરમાં રહેલાં એ દેવનાં દર્શન આપણા માટે મુશ્કેલ છે. જેને કારણે આપણે સાકાર પૂજાનો આધાર લીધો છે અને એ મૂર્તિની સામે આપણે આંખો બંધ કરી હૃદયમાં બિરાજેલ દેવ તરફ આંતરદૃષ્ટિ કરવાનો પ્રયત્ન કરીએ છીએ... આવાં કેટકેટલા પ્રયત્નો પછી ક્યારેક જ કોઈ વિરલ હોય તેને અંતરમાં રહેલ એ દેવનાં દર્શનનો લાભ મળી શકે છે... આપણી એ આંતરખોજ સતત ચાલુ રહે છે.

દેવ તો હૃદયમાં જ છે, પણ તેને નિરખવા માટે આપણાં જીવનમાં દૃષ્ટિ જોઈએ. એ દૃષ્ટિ વિના સાક્ષાત્કાર થાય નહીં...' જીવનની આવી ગહન વાત આટલા નાનકડા અર્ચનને હું કેવી રીતે સમજાવું? અને છતાંય હું તેને દૃષ્ટિ આપું નહીં તે પણ કેમ ચાલે? અને એટલે જ હું રોજ જ ઘરમાં પૂજા કરું છું, પૂજામાં બેસું છું. રોજેરોજ એ પૂજા કરતાં કરતાં જ તેનામાં શ્રદ્ધા જાગશે... અને એ શ્રદ્ધામાંથી જ તેનામાં એ આંતરદૃષ્ટિ કેળવાશે.

આજે ઠેર ઠેર મંદિરો બંધાતા જોવા મળે છે. ફક્ત ભારતમાં જ નહીં, વિશ્વભરમાં નવા નવા મંદિરો બની રહ્યાં છે, તો બીજી બાજુ હરણફાળે આગળ વધતી ટેકનોલોજી અને વિજ્ઞાનને કારણે માણસ વધુને વધુ બુદ્ધિશાળી બનતો જાય છે, પણ જીવનમાં બુદ્ધિ અને લાગણી બંનેનું સાતત્ય જળવાય એ બહુ જ જરૂરી છે. માણસને સાચા અર્થમાં માનવ બનવું હશે તો લાગણી, ભાવના વિના એ માનવ બની શકશે નહીં અને એ ભાવના જાગશે શ્રદ્ધામાંથી. આપણે એની એ શ્રદ્ધાને કેળવીએ છીએ ખરા! તેનામાં શ્રદ્ધા જગાડીએ છીએ ખરા! ઘરેઘરમાં મંદિર જેવું પવિત્ર વાતાવરણ છે ખરું?... ઘરેઘરમાં વડીલો દિવસમાં પાંચેક મિનિટ પણ જો પૂજા કરવા એકાગ્ર ચિત્તે બેસી શકતા હશે તો જ બાળકમાં એ શ્રદ્ધા વિકાસ પામશે, પણ આજે...!

ચિંતને જમવાની ઉતાવળ કરી... 'મા, હમણાં મારો રિક્ષાવાળો આવી જશે... મારે સ્કૂલનું મોડું થશે. મને જમવા આપી દે ને!...' ત્યાં તો તેની મમ્મી ગુસ્સે થઈ ગઈ... 'તું બહુ ઉતાવળ કરે છે ચિંતન... હું તો કેટલી ધમાલ કરું? સહેજ મોડો પડીશ તો શું ફેર પડી જવાનો છે? પ્રાર્થનામાં મોડો પડીશ તો કંઈ આભ તૂટી પડવાનું છે?... હા, ભણવાનું બગડતું હોય તો સમજ્યા... ખોટી ધમાલ શું કામ કરે છે?' અને બાળકનું સાચું ઘડતર જેણે કરવાનું છે એ જ મા બાળકમાં પ્રાર્થનાનું જીવનમાં કેટલું મહત્ત્વ છે એ સમજાવવાને બદલે એની ઉપેક્ષા કરતાં શીખવે છે. મને માને કહેવાનું મન થઈ ગયું... "બહેન! તમારા મા-બાપે ઈશ્વર માટે એ શ્રદ્ધા તમારામાં રેડી હતી તો તમે જીવનમાં ઊભા થતા ઝંઝાવાત સામે ટકી શકો છો... તો આજે તમે પણ જો બાળકમાં આ શ્રદ્ધાનું ઘડતર નહીં કરો તો ભવિષ્યમાં એ બાળક ઝંઝાવાત સામે કયા બળને આધારે ટકી શકશે? જીવનમાં શ્રદ્ધા જેવું તો એકેય બળ નથી ને એ કેળવાય છે માત્ર પ્રાર્થનાથી... પૂજા ને પ્રાર્થના, તેની તો જીવનમાં ખૂબ જ જરૂર છે. જીવન ઘડતરમાં એ ખૂબ જ મહત્ત્વનાં પરિબળો છે...' એ આજની શિક્ષિત માતાઓને કેવી રીતે સમજાવવું?

મને હજી આજેય યાદ છે, મારા સંતાનો સી.એન. વિદ્યાવિહારમાં ભણતા અને ત્યારે ત્યાં પ્રાર્થનાનું જે વાતાવરણ હતું... જાણે રવીન્દ્રનાથ ટાગોરના શાંતિ નિકેતનમાં ન હોઈએ! અને ત્યારે કોઈપણ મહેમાન આવે તો એ પ્રાર્થનાસભામાં હું ખાસ લઈ જતી... આંખો બંધ કરી હું પણ એ પ્રાર્થના માણતી અને ત્યારે હૃદયમાં પ્રભુ ભક્તિનાં, શ્રદ્ધાનાં તાર ઝણઝણી ઊઠતાં. શારદા મંદિરની પ્રાતઃ પ્રાર્થના.... એ પણ આવી જ શ્રદ્ધાનો સંચાર હૃદયમાં કરતી. એ ભવ્ય વાતાવરણ, સુમધુર સંગીત... હૃદયમાં જાણે આપોઆપ ઈશ્વરના દર્શન થતા. એ માટે નવી પેઢીને દૃષ્ટિ મળતી. દેવના દર્શન માટે આંતરચક્ષુની જરૂર છે, એ આંતરચક્ષુ આ પ્રાર્થનાથી જ લભ્ય બને છે... એ આપણે કેમ ભૂલીએ?

પ્રાર્થના એટલે પ્રભુ સાથેનો સંવાદ.

*૨૫, પાર્થ બંગ્લોઝ, એસ.જી. હાઈવે,*
*કર્ણાવતી ક્લબની સામે, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*ફોન : ૨૬૯૨૯૭૦૦*

***(મંગલ મંદિર, સપ્ટેમ્બર-૨૦૧૧)***

## રુબાયત

***– આનંદકુમાર આડે***

***યવતમાલથી ભાઈશ્રી આનંદકુમાર આડેએ ૩૦ જેટલી રુબાયત મોકલી છે. કાવ્યમાં આ એક અઘરો પ્રકાર છે. અરબીમાં રુબાઈ તરીકે જાણીતો, પરંતુ આપણે જેને ચોપાઈ-છંદ કહીએ તેવો આ એક અરબી-ફારસી પ્રકાર છે. મરાઠીમાં તેને રુબાઈયાત કહે છે. આપણે એના પ્રકારને બદલે કવિ હૃદયના દિલની વાતને મમળાવીએ.***

***- સંપાદક***

(૧) ભગવાને બનાવ્યો છે જો ઈન્સાન મને,
કરવું છે સદાચારનું સન્માન મને,
હું તો કરું છું નિત્ય મનુજતા ને નમન,
રસ્તામાં મળી જાય છે ભગવાન મને.

(૨) કડવું છે ભલે સત્ય પચા'વું પડશે,
અસ્તિત્વ દયાભાવનું લા'વું પડશે;
અસ્તિત્વ મનુજતાનું ટકા'વા માટે,
હર મનમાં મહારાસ રચા'વું પડશે.


(૩) સમજી લો તમે આજ સદાકત શું છે,
આગત કે અનાગત કે સમાગત શું છે,
આ વક્ત તમારો છે, તમે સમજી લો,
તો બાકી સમજવાની જરૂરત શું છે?

(૪) દુર્ભાવ માં દિલ-વ્યસ્ત ન થાવા દેજો,
દુષ્કર્મ નો અંકિત ન થાવા દેજો;
સદ્જ્ઞાન નું હોવું ય જરૂરી છે ઘણું,
સૂરજ ને કદી અસ્ત ન થાવા દેજો.

(૫) કર્ત્તવ્ય ની ગંગામાં હમેશા વસવું,
વસવું તો કમળ રૂપ જગતમાં વસવું,
જીવવું છે તમોને તો એવું જીવજો કે
દુશ્મન ને ગમી જાય તમારું વસવું.

***મંગલ મંદિર, ઓક્ટોબર-૨૦૦૧***

# કચ્છનું શ્વેત રણ!



ભરત'કુમાર' પ્રા. ઠાકર

*દર વર્ષે ડિસેમ્બરની ગુલાબી ઠંડી વચ્ચે ધોરડો મુકામે યોજાતા 'રણોત્સવ' પ્રસંગે કચ્છ આવતા પર્યટકો આ રેતાળ મુલકનાં હેતાળ હૈયાનું પ્રેમાળ આતિથ્ય માણે છે. પ્રસ્તુત છે, મહોત્સવના શીર્ષકમાં સ્થાન પામેલા અને વિશિષ્ટ અનુભૂતિ કરાવતા કચ્છના રણપ્રદેશની કેટલીક રોચક હકીકતો...!*

રણ, દરિયો અને ડુંગર જેવી ત્રણેય પ્રાકૃતિક વિશિષ્ટતાઓથી વીંટળાયેલો કચ્છ જિલ્લો તેના ઇતિહાસ, ભૂગોળ અને સંસ્કૃતિથી ગુજરાતમાં અલગ તરી આવે છે. કચ્છ પ્રદેશની ભાતીગળ કળા, સંસ્કૃતિ, લોકજીવનના પરિવેશને વૈશ્વિક ફલક આપવા અને કચ્છ સાથે રાજયમાં પ્રવાસીઓને આકર્ષવા આજથી બે દાયકા પહેલાં ૧૯૯૨થી કચ્છમાં પ્રતિ વર્ષ પ્રવાસન નિગમ દ્વારા 'રણ મહોત્સવ' (કચ્છ ઉત્સવ) યોજાતા રહ્યા છે. વચ્ચે ભૂકંપના કારણે ૨૦૦૧ અને ૨૦૦૨ એમ બે વર્ષ તે મોકૂફ રહ્યો હતો. ૨૦૧૦ સુધી ૧૭ રણ મહોત્સવો યોજાઇ ચૂક્યા છે.

● **વિશેષતા અને વિસ્મય :**

આ રંગારંગ વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમના શીર્ષકમાં 'રણ'ને સ્થાન મળ્યું છે. બીજી અનેક વિશેષતાઓ સાથે કચ્છ ખાસ તો તેના વિશિષ્ટ રણપ્રદેશ માટે પણ જાણીતું છે. **કચ્છ માટે બહુધા સામાન્ય સમજ એવી રહી છે કે કચ્છ એટલે રણપ્રદેશ. વસ્તુતઃ રણમાં કચ્છ આવેલું નથી, પણ કચ્છમાં રણ આવેલું છે! આમ, કચ્છ માત્ર રણ નથી. કચ્છનો તે એક ભૌગોલિક હિસ્સો છે.**

કચ્છનું રણ એટલે જાણે 'વિસ્મયનું મહાકાવ્ય!' જાણે કોઇ અલખ જોગીડો પડખે લાંબો થઇને સૂતો છે. એક નિર્જન, વનસ્પતિહીન, બંજર, આંખ આંજતી ક્ષારયુક્ત ભૂમિ, બરફીલો વિસ્તીર્ણ પટ, નંગધડંગ અને તેમાં દિગ્ભ્રમિત કરતાં મૃગજળ...આ બધું રણની અચરજ ગાથા સમાન છે!

કચ્છની વાત કરતી વખતે 'કચ્છના રણ'નો ઉલ્લેખ અવશ્ય જોવા મળે. એનું સાદું કારણ કદાચ એ હોઇ શકે કે કચ્છમાં વસવાટી જમીન (૨૨,૩૪૨ ચો.કિ.મી.) કરતાં રણનો વિસ્તાર (૨૩,૩૧૦ ચો.કિ.મી.) વધારે છે! બીજા શબ્દોમાં કહીએ તો કચ્છના કુલ ક્ષેત્રફળ (૪૫,૬૫૨ ચો.કિ.મી.)માં અડધાથી પણ વધુ જમીન પર રણ ફેલાયેલું છે. **વળી, વિશ્વના અજાયબ પ્રદેશોમાંનો તે એક પ્રદેશ હોવાથી પણ એનું અનેરું મહત્ત્વ રહ્યું છે.**

● **તાજથી પણ સુંદર રણ!**

પ્રવાસનની દૃષ્ટિએ એક વિશિષ્ટ અનુભૂતિ જગાવતા રણની વિગતોમાં આપણે ખોવાઇએ તે પહેલાં કચ્છના રણથી માત્ર તજજ્ઞો નહિ, આપણા અભ્યાસુ રાજનેતાઓ પણ કેટલા અભિભૂત છે તેના તાજેતરનાં ઉદાહરણોથી પ્રારંભ કરીએ. અમદાવાદમાં નવરાત્રિ મહોત્સવ (૨૦૦૪) ના ઉદ્‌ઘાટન પ્રસંગે **ત્યારના રાષ્ટ્રપતિ ડો. અબ્દુલ કલામે ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રે વિકાસની જે ઉજળી તકો રહેલી છે તેમાં કચ્છમાં 'ડેઝર્ટ ટૂરિઝમ' પર ભાર મૂકી સરકારને તે દિશામાં આગળ વધવા સૂચન કરેલું.**

તો, **ગુજરાતના મુખ્યપ્રધાન નરેન્દ્રભાઇ મોદીને** કચ્છના રણપ્રદેશની સુંદરતાએ રીતસર મોહી લીધા છે! ૧૫મી નવેમ્બર, ૨૦૦૮ના 'ગિફ્ટ સિટી પ્રોજેક્ટ' અંગે અમદાવાદમાં તંત્રીઓ સાથે યોજાયેલી બેઠકનો પ્રારંભ કચ્છના રણોત્સવની વાતથી કરતાં એમણે કહેલું કે **કચ્છનું સફેદ રણ તો અદ્‌ભુત છે. તાજમહલ કરતાંય આ કુદરતી નમક સરોવર જોવાલાયક છે અને તેમાં પ્રવાસન વિકાસની ભરપૂર શક્યતાઓ સમાયેલી છે.**

આમ, પ્રવાસ-પર્યટનની દૃષ્ટિએ કચ્છના રણે છેલ્લાં કેટલાંક વર્ષોથી અનેક ક્ષેત્રોને ઘેલું લગાડ્યું છે, જેમાં સિનેસૃષ્ટિનો પણ સમાવેશ થઇ જાય છે. કચ્છના રણમાં ઠંડા પીણાની એક વિજ્ઞાપન તૈયાર થયા પછી ગણનાપાત્ર એડ્ અને ફીચર ફિલ્મોનું ચિત્રાંકન અહીં કરાયું છે. તેમાં બોલીવુડની કેટલીક નામાંકિત ફિલ્મોનો પણ સમાવેશ થાય છે.

● **ખારાશ અને મીઠાશનું સંમિશ્રણઃ**

દક્ષિણ-પશ્ચિમે અગાધ અરબી સમુદ્ર અને ઉત્તર-પૂર્વે અફાટ રણપ્રદેશ.... આ બે પ્રાકૃતિક અને પર્યાવરણીય આવરણોની વચ્ચે કચ્છનું ભાતીગળ ભૂપૃષ્ઠ રચાયેલું છે. પશ્ચિમ ભારતને

કુદરતી સરહદી રક્ષણ અર્પતું કચ્છનું રણ એક આહ્લાદક અનુભૂતિ છે! આ રણ સિંધુ ખીણની સંસ્કૃતિનું સાક્ષી છે. તેમાં સમુદ્રની ખારાશ અને મહાનદી સિંધુના જળની મીઠાશ આજે પણ જાણે મૃગજળ બનીને તરવરે છે!

જગતનાં રણપ્રદેશોમાં કચ્છનો રણપ્રદેશ તદ્દન નિરાળું સ્થાન ધરાવે છે. કેમકે પરંપરાગત અર્થમાં દુનિયાનાં અન્ય રણોની જેમ તે 'રેતીનું રણ' (રેગિસ્તાન) નથી, પરંતુ અલગ જ પ્રકારનું રણ છે. અફાટ ખારાપાટનો સપાટ ભૂમિ પ્રદેશ તથા અગાધ લવણ જળ ભર્યા સરાણો ધરાવતું તે એક વિશિષ્ટ રણ બની રહે છે. (રણનો મીઠાંથી છવાયેલો પ્રદેશ 'ખારોપાટ' કહેવાય છે અને અહીં કાયમી તેનાં થર જામેલાં રહેતાં હોય છે.)

કુલ ૨૩,૩૧૦ ચો.કિ.મી. માં વિસ્તરેલું અને સભરસે રસેલું કુદરતના કરિશ્મા સમાન કચ્છનું આ ભૌગોલિક અંગ 'નાનું રણ' અને 'મોટું રણ' એમ બે ભાગોમાં વહેંચાયેલું છે. કચ્છ જિલ્લાની ઉત્તર, વાયવ્ય અને ઈશાને મોટું રણ (૧૮,૧૩૦ ચો.કિ.મી.) તથા અગ્નિએ નાનું રણ (૫,૧૮૦ ચો.કિ.મી.) વીંટળાઈને પડ્યું છે. મોટા રણમાં સુરખાબનગરે, નાના રણમાં ઘુડખર અભ્યારણ્યે તથા રણની ઉત્તર કાંધીએથી શરૂ થતા ભાતીગળ બન્ની પ્રદેશે રણને અને કચ્છને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ અપાવી છે.

● **રૂપેરી ચાદરનું લાવણ્ય :**

સમતળ, વેરાન અને વિસ્તીર્ણ એવા આ રણમાં દૂરસુદૂર દેખાતા મૃગજળ અને સૂસવાટા મારતી રેતીની આંધીઓ વચ્ચે રણના ઉગ્ર સૌંદર્ય અને ઘેરા નીરવ સૂનકારનો અનુભવ થાય છે. અહીંના નિસ્તબ્ધ વાતાવરણ વચ્ચે તમને ક્યાંક ચિંકારા, શિયાળ, ઘુડખર, મોટા કાચીંડા પણ જોવા મળી જાય. રણકંઠારે વસતા લોકોને સાહસિક અને ખડતલ બનાવવામાં ભયાનક પણ ભવ્ય દીસતા રણનો હિસ્સો પણ અવગણ્ય નથી.

કચ્છના અખાતમાં કોરી ક્રીકના મુખ વાટે દરિયાઇ ભરતીના પાણી રણમાં ઠલવાય છે અને વરસાદી પાણી સાથે ભળે છે. તેનું બાષ્પીભવન થતાં મીઠાંનાં થર બાઝતાં જાય છે. તેનાં પડોમાં ભળેલું મીઠું વાતાવરણમાંના ભેજને આકર્ષી સપાટીને ભેજવાળી બનાવે છે. એટલે લવણાચ્છાદિત એ ભૂમિ પ્રખર ઉનાળામાં પણ એટલી જ સખત રહેતી હોય છે. આ પ્રક્રિયા સદીઓથી ચાલુ છે. તેથી જ તો ખાવડા પાસેના કાળા ડુંગરની ટોચ પર ઊભીને નજર કરીએ તો પશ્ચિમથી પૂર્વ સુધીના મોટા રણમાં નમકની રૂપેરી ચાદર પથરાયેલી હોય એવું અદ્‌ભુત દશ્ય જોવા મળે છે!

સુરખાબને તેના પ્રજનન માટે આ ભૂમિ પર વિશેષ લગાવ છે. વરસાદ પછી આ રણનો ભૂખર પટ અવનવાં પક્ષીઓના કલશોર અને રંગોના ઉત્સવથી મુખર થઇ ઊઠે છે. ઋતુ ઋતુએ રંગછટા બદલતા પ્રકૃતિના આ કાવ્યને નીરવ અને નિરભ્ર રાત્રિએ માણતાં ધરવ જ ન થાય. કુદરતની આ પરમ શાંતિનો અનુભવ તો માણે તે જ જાણે!

● **પ્રકૃતિની અવનવી રંગછટા :**

રહસ્યભર્યા રણનું એક વધુ મનોહર આકર્ષણ તેના ઝાંઝવાનાં પ્રકૃતિચિત્રો છે. બરફ જેવા ઉજળા મીઠાના પડ પર સૂર્યબિંબની જે પ્રક્રિયા થાય છે તેથી ઝાંઝવાનાં અપૂર્વ અને અદ્‌ભુત દશ્યો ખડાં થાય છે! ક્ષણેક્ષણે વિવિધ અને નવીન રૂપ ધારણ કરતા એ દશ્યો 'રણની રમણિયતા'નું સારું રૂપદર્શન કરાવે છે અને અવનવી ઊર્મિઓ ઉત્પન્ન કરે છે.

મોટા રણમાં ખાવડા (કાઢવાંઢ) અને ખડીર (ત્રગડીબેટ) વચ્ચે ઉપરથી સૂકો જણાતો, પરંતુ નીચે ભીના કાદવવાળો ભૂભાગ આવે છે. તેથી વાહન ફસાવાની અને માર્ગ ભૂલાવાની શક્યતા રહે છે. વળી, દિવસે મીઠાના ઝળહળાટ અને સૂર્યતાપથી પણ બચવું પડે છે. આ બધાના કારણે રણની મુસાફરી બહુધા ઢળતી સાંજે, રાત્રે અને સવારે કરવામાં આવે છે. ૨૦૦૫ના અહેવાલ પ્રમાણે આ રૂટ પર કેન્દ્ર સરકાર રૂા. ૪૦ કરોડના ખર્ચે પાકો રસ્તો બાંધવાની હોવાથી ભવિષ્યમાં ખાવડા-ખડીર નજીક આવી જશે.

દિવસે રણની મુસાફરી જેટલી કંટાળાભરી લાગે છે તેટલી જ રાત્રે આકાશના તારાજડિત ચંદરવા નીચે ભેદી અગમ્યતામાં ગમગીન સૌંદર્ય નિહાળતા અને સંગેમરમરનો ભાસ આપતા તેના નમકાચ્છાદિત પટ પરથી માર્ગ કાપતા રસજ્ઞ પ્રવાસીને એ જ રણ ચાંદનીના ઝલઝલામાં મુલાયમ ભાસે છે! રણનું આકાશદર્શન અવિસ્મરણીય લહાવો બની રહે છે.

ક્ષાર, ઝીણી રેતી, નમક, ઘાસ, ઘુડખર, સુરખાબ, રણદ્વીપ, ઝાંઝવાના જળ, ક્યાંક જોરથી ફુંકાતા શેતાની વાયરા અને ક્યારેક વળી ધૂળની ડમરી, ક્ષિતિજમાં ડોકું કાઢતાં જ સીધો મધ્યાકાશે પહોંચતો સૂર્ય અને નીચે હાંફતી જમીન... આ બધું એકઠું થાય એટલે કચ્છના રણનું સાહિત્યિક કલ્પનાચિત્ર સામે આવે!

આ સઘળી વિશેષતાઓ થકી જ લેફ. બર્જેસે લખ્યું છે : 'જગતમાં આ વિશાળ રણપ્રદેશની બીજી કોઇ જોડ નથી.' એટલે જ કચ્છ વિશે સમગ્રતયા કહેવાયું છે : 'અહીં જળ છે અને મૃગજળ પણ; અહીં મહેરામણ છે અને રણ પણ...!'

● **થોડી મહત્ત્વની બાબતો :**

કચ્છની રણકાંધી પરના ખડીર બેટમાં આવેલ 'ધોળાવીરા' હજારો વર્ષ જૂની સિંધુ સંસ્કૃતિના વારસાના કેન્દ્ર તરીકે પ્રસ્થાપિત થઇ ચૂક્યું છે. ત્યારે ૧૯૯૯માં પ્રકાશમાં આવેલી બે બાબતોએ

આ વિસ્તારનું મહત્ત્વ અનેકગણું વધારી દીધું છે. ખાવડા વિસ્તારની રણ કાંધીએ કુંવરબેટ પાસેથી ડાયનાસોરનાં અશ્મિઓ મળી આવતાં કચ્છ હવે કરોડો વર્ષ પ્રાચીન જુરાસિક યુગમાં પ્રવેશ્યું છે.

પશ્ચિમ કચ્છમાંથી 'કાળા સોના' જેવાં કિંમતી ખનીજો શોધી કઢાયાં છે તેમ કચ્છના રણપ્રદેશમાં 'સફેદ સોના' જેવું ટનબંધ મીઠું પણ ધરબાયેલું હોવાનાં વૈજ્ઞાનિક સર્વેક્ષણો બહાર આવતાં રણના કરિશ્મામાં એક નવું પરિમાણ ઉમેરાયું છે. દક્ષિણ ગુજરાતનો દરિયાકાંઠો ચિંતાજનક ઝડપે આગળ વધી રહ્યો છે તેમ કચ્છમાં પણ રણના આક્રમણને ખાળવા થોડા વખત પહેલાં વનવિભાગે નાના અને મોટા રણની કાંધી પરનાં ગામો પાસે વૃક્ષોનું વાવેતર કર્યું છે. ખારાપાટમાં હજારો રોપાઓની હરિયાળી જોઇને 'રણ તો લીલાંછમ'ની અનુભૂતિ થાય!

● **'ડેઝર્ટ ટૂરિઝમ'નો વિકાસ :**

આધુનિક સમયમાં પ્રવાસનમાં જે વિવિધ પાસાં અને પ્રકારો વિકસી રહ્યાં છે તેમાં ઇકો ટૂરિઝમ, યુથ ટૂરિઝમ, રૂરલ ટૂરિઝમ, એડવેન્ચરસ ટૂરિઝમ સાથે 'ડેઝર્ટ ટૂરિઝમ'નો ખ્યાલ પણ આપણે ત્યાં ઠીક-ઠીક વિકસ્યો છે. રાજસ્થાનની જેમ કચ્છમાં પણ 'રણ પ્રવાસન'ની ઉજળી સંભાવનાઓ રહેલી છે.

નોંધનીય છે કે ૨૦૦૫માં કચ્છના મોટા રણને 'જૈવ-સંયોજન આરક્ષિત ક્ષેત્ર' (બાયોસ્ફિયર રિઝર્વ) તરીકે જાહેર કરાયું છે, જે ગુજરાતનું પ્રથમ અને દેશનું ૧૫મું આવું વિશિષ્ટ અભયારણ્ય બને છે! કચ્છનું મોટું રણ હવેથી પંચમઢી, સુંદરવન, નીલગિરિ, નંદાદેવી, ગુલમર્ગ, ફલાવર ઑફ વેલી જેવાં દેશનાં અન્ય પ્રાકૃતિક-જીવસૃષ્ટિ અભયારણ્યોની હરોળમાં મૂકાયું છે.

સમગ્ર વિશ્વમાં 'ઘુડખર અભયારણ્ય' (૧૯૭૨) માત્ર કચ્છના નાના રણમાં આવેલું છે. ૨૦૦૪ની ગણતરી પ્રમાણે ૩,૮૬૩ ઘુડખરોની સંખ્યા નોંધાઇ છે. ઉલ્લેખનીય છે કે ૨૦૦૬માં યુનેસ્કો દ્વારા જાહેર થયેલ 'બાયોસ્ફિયર રિઝર્વ લોકેશન્સ'ની યાદીમાં ભારતનાં તેર અભયારણ્યોમાં ગુજરાતમાંથી એકમાત્ર કચ્છનું ઘુડખર અભયારણ્ય પણ સ્થાન પામ્યું હતું!

કેન્દ્ર સરકાર દ્વારા 'ગ્રામ્ય પ્રવાસન'ને ઉત્તેજન આપવાની યોજના હેઠળ રણ વિસ્તારના હોડકો ગામે 'શામ-એ-સરહદ' નામે કાયમી ધોરણે પ્રવાસન કેન્દ્ર સ્થપાયું છે. તો, કચ્છના જાણીતા પર્યાવરણવિદ્ જુગલકિશોર તિવારી મોટી વિરાણી (તા. નખત્રાણા) ખાતે 'સેન્ટર ફોર ડેઝર્ટ એન્ડ ઑસન' (રણ અને સમુદ્ર માટેનું કેન્દ્ર) ચલાવી રહ્યા છે.

● **રણમાં પ્રવેશી 'કાર રેલી'!**

૨૦૦૮ના રણોત્સવથી વિવિધ કાર્યક્રમો વચ્ચે એક નવતર પ્રયોગ રૂપે કાર શોખીનો માટે 'રણમાં કાર રેલી' યોજવાનું પણ અનોખું આયોજન થયું છે. તેની સાથે કચ્છમાં 'એડવેન્ચર્સ ટૂરિઝમ' (સાહસિક પ્રવાસન) નું પાસું પણ ઉમેરાઇ રહ્યું છે. લાગે છે કે આ પહેલ હવે પછી દર વર્ષે રણોત્સવના એક ઓર આકર્ષણ રૂપે પરંપરા બની રહેશે.

*'શિવમ્', ૪૦/બી, વૃંદાવન નગર, વૈશાલી સિનેમા રોડ, અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦. ફોન : ૦૨૮૩૬-૨૪૦૧૩૯ મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

***(મંગલ મંદિર, ડિસેમ્બર-૨૦૧૧)***







***(મંગલ મંદિર, જૂન-૨૦૧૧)***

## સસૂર, પગલા હૈ ક્યા?

**(અનુસંધાન : પાના નં.-૬૩ ઉપરથી ચાલુ)**

આગળ જઇને ઊભો. હમણાં આરતી થશે એ આશાએ. ત્યાં તો મેં જોયું કે સૌ કોઇ પેલા પરાળમાં જઇને સૂવા લાગ્યા.


"અરે! દિવસ ઊગવાની તૈયારી છે અને આ લોકો ઊંઘે છે કેમ! મને એકલાને ઊભેલો જોઇને એક સાધુએ કહ્યું, "અરે દેખતે ક્યા હો? જાવ, સો જાઓ." મારી ગૂંચવણ વધી રહી હતી. હું પણ કશું બોલ્યા વિના પરાળમાં જઇને સૂઇ ગયો. પછી ખબર પડી કે હજી તો રાતના બાર જ વાગ્યા છે. અડધી રાત બાકી છે.

અહીં બિહારમાં રાતના દસ વાગે સીધું કાઢવાનો રિવાજ. પછી રસોઇ શરૂ થાય, અગિયાર વાગે સૌ જમવા ઊઠે. બાર-સાડાબાર વાગે સૌ જમી રહે, પછી સૂઇ જાય.

જેણે ભ્રમણ નથી કર્યું તેને દેશાચારની શી ખબર પડે?

***લેખકના પુસ્તક "મારા અનુભવો"માંથી સાભાર***

***(મંગલ મંદિર, માર્ચ-૨૦૧૧)***



# જિંદગીમાં 'કન્ટ્રોલ' કરવા જેવી ત્રણ મહત્ત્વની બાબત

ડૉ. ચંદ્રકાંત મહેતા
પૂર્વ ઉપકુલપતિ - ગુજરાત રાજ્ય

એક મોટી કંપનીના માલિકે અહંકાર સાથે કહ્યું : 'તમે એમ ન માનશો કે કંપનીનો કાબૂ તમારા હાથમાં છે. પરસેવો વહીને જમીન પર પડે છે અથવા આપમેળે સુકાઇ જાય છે. ધન વહેતું વહેતું તિજોરીમાં આવે છે. **મારી પાસે ધનની તાકાત છે એટલે કંપની પર મારો કન્ટ્રોલ છે.** બોલો, કોઇએ કહેવું છે કશું?'

બધા કર્મચારીઓ ચૂપ રહ્યા, પણ એક કર્મચારીએ કહેવાનું સાહસ કર્યું : 'શેઠ, કંપની પર આપનો કાબૂ છે, એ કબૂલ, પણ આપનો આપની જાત પર કાબૂ છે ખરો? આસમાનમાં પડઘાતા શબ્દો કોનું નસીબ ક્યારે પલટી નાખશે કોને ખબર? એટલે જે જાતને જીતશે, તે જ અંતે કામિયાબી હાંસલ કરશે. **શુભ વિચારો જ માણસની શક્તિ બની શકે છે. અશુભ વિચારો પોતે જ અભિશાપ છે! જય રામજી કી.'**

શેઠ સમસમીને બેસી રહ્યા પણ કર્મચારીએ કહેલી વાત તેમનો પીછો છોડતી નહોતી. મિટિંગ પત્યા પછી પણ એમને ચેન નહોતું.

વૈદિક ઋષિઓ એટલે જ સર્વ દિશાઓમાંથી શુભ વિચારો પ્રાપ્ત કરવાની આકાંક્ષા સેવતા હશે. દુનિયામાં જાતજાતના શુદ્ધીકરણ પ્લાન્ટસ નંખાય છે, પણ વિચારો કે વાસનાઓના શુદ્ધીકરણનો પ્લાન્ટ એ વ્યક્તિ અને વિશ્વના જીવનની પ્રાથમિક આવશ્યકતા છે.

નાનકડો સુવિચાર કે કુવિચાર મનોજગતમાં હલચલ મચાવીને માણસની વાણી, વર્તન કે વ્યવહારમાં પરિવર્તન સર્જી શકે છે! ચિત્તની ચંચળતાનું નિયંત્રણ એ માનવી સામેનો સૌથી મોટો પડકાર છે.

આપણે વિજયના પ્રકાશને બદલે પરાજયના અંધકારની ચાદર ઓઢીને ઘૂમવાનું વધુ પસંદ કરીએ છીએ. આપણું મન માંદલું રહે, તન માંદલું રહે, વાણી નિરાશાગ્રસ્ત રહે, વિચારો લક્વાગ્રસ્ત રહે, અભિવ્યક્તિ લંગડી હોય તો જિંદગીમાં આપણે કશું જ પામી શકીશું નહીં. જિંદગી આપણા મનોવલણનું પ્રતિબિમ્બ છે. તમે જગતના ભલે રાજા ન હો, પણ જાતના રાજા છો. તમારી અંદરના રાજાનું સન્માન જાળવો. અસ્થિર અને ડગમગતા કદમે નહીં, શાનદાર કદમે ચાલો, શાનદાર રીતે બોલો અને શાનદાર રીતે જીવો, પળે-પળે આત્મવિશ્વાસની સુવાસને પ્રસરવા દો.

આપણું જીવન માત્ર 'ઇમોશન' અને 'પેશન'ના હાથનું પૂતળું બની જશે તો આપણે 'કર્તા' રહેવાને બદલે 'ભોક્તા' (માઠાં પરિણામોના) બની જશું. જીવનમાં ઇમોશન્સ એટલે કે લાગણીઓ, ભાવ, આવેશ, ઊર્મિ વગેરેને જાકારો આપવાની જરૂર નથી પણ એને છુટ્ટો દોર આપવાને બદલે રચનાત્મક નિયંત્રણમાં રખાય. 'પેશન' એટલે કે તીવ્ર મનોભાવો, જેવા કે ગુસ્સો, ક્રોધાવેશ વગેરેને માણસ નિયંત્રણમાં ન રાખે તો 'શુભ'ને બદલે 'અશુભ' વિચારો તેના મનનો કબજો લઇ લે. **મનને શાંત અને સ્વસ્થ રાખવું એ પણ જિંદગીનું એક મહત્ત્વનું 'મિશન' છે.**

માણસ પોતાના મનુષ્યત્વની સાંગોપાંગતાની સાધના અને તેની અભિવ્યક્તિ માટે જન્મ્યો છે અને એ માટે મન રૂપી કલ્પવૃક્ષ પરમાત્માએ આપણી અંદર ગોઠવ્યું છે... માગો તે આપશે, પણ માગણ બનીને મન પાસે જશો તો નહીં, પણ અધિકારપૂર્વક તેનાં દ્વાર ખખડાવશો તો તે પોતાનો અક્ષયકોશ તમારે હવાલે કરી તમને ચમત્કારિક પરિણામો આપશે. **આપણને સ્પષ્ટ રીતે વિચારતાં નથી આવડતું એટલે જીવનદેવતા પાસે સ્પષ્ટ રીતે માગતાં નથી આવડતું!** પરમેશ્વર કે પરમ પિતા તો બ્રહ્માંડનો રાજાધિરાજ છે અને આપણે છીએ તેના પૃથ્વી પરના વારસદાર! કયો પિતા એવું ઇચ્છે કે તેનો પુત્ર કંગાલ રહે?

આજની સૌથી મોટી સમસ્યા હોય તો એ છે કે માણસનાં વસ્ત્રો તો સુંદર છે પણ વિચારોનું ગંદાપણું-ગોબરાપણું દિવસે દિવસે વધતું જાય છે! બિનવિશ્વાસપાત્ર જબાન, બિનવિશ્વાસપાત્ર વાયદા, કાયદાનાં સ્વાર્થલક્ષી અર્થઘટનો, કર્મ સાથે પલાયનવાદી વ્યવહાર, સ્વજનો-પરિજનો-ગ્રાહકો અને નાગરિકો સાથે પ્રવંચનાયુક્ત પેંતરા, બહાનાંબાજી, શોષણખોરી અને ભ્રષ્ટાચાર! માનવીની અંદર બીજો બેઇમાન માણસ જીવી રહ્યો છે, જે માણસની બહારની વર્તણૂકનો સંચાલક અને નિયંત્રક છે! શુદ્ધ કાર્યો માટે અનિવાર્ય છે શુદ્ધ વિચારો. પણ એની શુદ્ધતા તરફ આંખ આડા કાન કરવા એને આજનો માણસ પોતાનો બુદ્ધિસિદ્ધ અધિકાર માને છે. ઠપકા અને ભપકાનો ચસકો એ આજના માણસના જીવનનાં મહત્ત્વનાં રસકેન્દ્રો છે. બીજાને ઠપકો

આપવાની કે આત્મપ્રદર્શનની એક પણ તક માણસ ગુમાવવા તૈયાર નથી.

**માણસે જિંદગીમાં 'કન્ટ્રોલ' કરવા જેવી ત્રણ મહત્ત્વની બાબતો કઈ?**

**૧. જિંદગી પરત્વેનો પોતાનો ઉદ્દેશ કે ધ્યેય.**

**૨. જિંદગી પ્રત્યેનું પોતાનું મનોવલણ**

**૩. પોતાની લાગણી અને તીવ્ર મનોભાવો.**

બર્નાર્ડ શૉના મતે આપણા લક્ષ્યાંકો આપણે પસંદ કરીએ ત્યારે આપણે એ પણ યાદ રાખવું જોઈએ કે આપણે પસંદ કરેલા ધ્યેયો શુભ હોય અને પ્રાપ્ત કરી શકવાની પાત્રતા ધરાવતા હોય. એ ધ્યેયની સિદ્ધિ કાજે અટલ અને મજબૂત નિર્ધારનું પીઠબળ પૂરું પાડો.

જિંદગીમાં બીજી મહત્ત્વની વસ્તુ છે જીવન પ્રત્યેનું આપણું મનોવલણ કે દષ્ટિકોણ. રચનાત્મક કે સકારાત્મક મનોવલણ એ ધ્યેયની સાધના માટેનું પ્રથમ સોપાન છે. પોતાનો એકાંગી અને ઉતાવળિયો વિચાર કેવી રીતે બદલી શકાય, એ વિચારવાનું અને તેને અમલી બનાવવાનું મનોવલણ જ આપણને અણધાર્યા, આઘાતજનક કે હાનિકારક પરિણામોથી બચાવી શકે! સકારાત્મક વિચારોની વૃદ્ધિ થતી રહે અને નકારાત્મક વિચારોની બાદબાકી થતી રહે એ જોવાની જવાબદારી પણ સ્વપ્નદ્રષ્ટા અને ધ્યેયનિષ્ઠ વ્યક્તિ તરીકે આપણી પોતાની જ છે.

પોતાની લાગણીઓ, આવેશો અને તીવ્ર મનોભાવોને વશમાં રાખવા એ જીવનનું અતિ મહત્ત્વનું કાર્ય છે. લાગણીના અશ્વોની ચાલને નિયંત્રણમાં નહીં રાખો તો તે તમને પતનની એવી ખીણમાં હડસેલી દેશે કે ત્યાંથી ઊગરવાનો આરો-ઓવારો નહીં રહે. **લાગણીઓ તથા તીવ્ર મનોભાવોનું સમયોચિત નિયંત્રણ એ જ સફળ વ્યક્તિત્વનો માપદંડ છે. જીવનમાં રચનાત્મક અને વિનાશાત્મક પરિબળો ચાલતાં રહેવાનાં. ગંગા પણ વહેતી રહે છે અને ગટર પણ. પરંતુ આપણે ગંગાજળ સંઘરીએ છીએ, ગટરનું પાણી નહીં.** માણસના તીવ્ર મનોભાવો રચનાત્મક પણ બની શકે અને વિઘાતક પણ. માણસ તેનો ઉપયોગ ક્યાં, ક્યારે અને કેવી રીતે કરે છે તેનો વિવેક જ તેને માટે પડકાર રૂપ બને છે.

જીવનમાં કોણ પ્રગતિ કરી શકે? જેનું હૈયું કૂણું અને કરુણાશીલ હોય, જેનું રક્ત ધસમસતું અને ઉષ્માભર્યું હોય, જેનું દિમાગ ત્વરિત અને ઉચિત નિર્ણયશક્તિથી ધમધમતું હોય, જેનું લક્ષ્ય કેવળ વૈભવી જીવન નહીં પરંતુ ઉચ્ચ મનન-ચિંતન અને શુદ્ધ વિચારોને કારણે આધ્યાત્મિક સુવાસ અને શાંતિથી છલકાતું હોય!

આપણે આપણી જાતને પ્રત્યેક ક્ષણે એક વાત સંભળાવવી જોઈએ કે હું સુયોગ્ય રીતે જીવી રહ્યો છું, કારણ કે હું સ્વસ્થ છું, આનંદિત છું, કઠોર પરિશ્રમ કરતા હું અચકાતો નથી, મારા હાથમાં આવેલા કામને હું 'પતાવતો' નથી પણ દીપાવું છું. એમ પણ બને છે કે આપણે સદાય એવું કરવા સમર્થ ન રહીએ, પણ જ્યારે એવી અસમર્થતા ડોકાય કે આપણને અવરોધે ત્યારે આપણે પૂર્વે જે કાંઈ સુંદર કરી શક્યા એનાં સ્મરણોને વાગોળવાનો હક્ક આપણી પાસેથી કોણ છીનવી શકે છે?

તમે જો જીવનને વિતાડશો તો જીવન તમને વિતાડશે. જીવનના ચાહક અને પ્રશંસક બનવામાં જ શાણપણ છે, આલોચક કે સમીક્ષક બનવામાં નહીં.

*૧૬, હેવનપાર્ક, રામદેવ નગર પાસે,*
*સેટેલાઈટ રોડ નજીક, અમદાવાદ-૧૫.*
*ફોન : ૨૬૯૨૯૨૯૧, મો. ૯૮૨૪૦ ૧૫૩૮૬*

*(મંગલ મંદિર, ડિસેમ્બર-૨૦૧૧)*

## આઉં આંકે ગોત્યો આય

ઉગધે સૂરજ જે આસપાસ, આઉં આંકે ગોત્યો આય
ઉલધે ચંધર જે આસપાસ, આઉં આંકે ગોત્યો આય;
હે મુંજી અખિયેંજા તારા! હે મુંજે જિગર જા ઉજારા!
હેકલો હેકલો તારેં મેં, આઉં આંકે ગોત્યો આય.

મંધર અને મસિતેં મેં, આઉં આંકે ગોત્યો આય,
પ્રાર્થના ને નિમાજેં મેં, આઉં આંકે ગોત્યો આય;
મુજે રૂગેં જે અંગારેં મેં, આઉં આંકે ગોત્યો આય,
ટુટેલે સોણે જે ટુકરેં મેં, આઉં આંકે ગોત્યો આય.


આંકે ગોતેજી ગાલ ઈકીં, ચાર ડિયેંજી ગાલ નાંય,
આંકે ગોતેજી ધૂન ઈતાં, જન્મો જન્મજી સોધ આય;
આંકે ગોતી ઘે ગાતી ઘે, ભલેં જિંધગીજો અંત અચે,
ફરી ફરીને હર જન્મ મેં, આઉં આંકે ગોત્યો આય.

કડેંક આભાસ થીયેતો, ઐં મુંજે આસપાસ અયો,
અને હર પલ મુંકે મિલેલાં, તન મનસે ઉદાસ અયો;
આંકે પામે જી ધૂન મેં, ધોડી ધોડીને થકી રાં તો,
તેર મુંજી ભેશુધી મેં પણ, આઉં આંકે ગોત્યો આય.

આંજી સોધમેં, 'સાટી'જી, એડી કઈ અધૂરાસ હુવી?
સનમ આખર અંઇ, ન મિલ્યાસે મિલ્યા જ ન!
નિકાઃ હકડી હર રાત, હર સાંજીને હર સવાર,
મુંજી તમામ તાકાત સે, આઉં આંકે ગોત્યો આય.

***ઓસમાન સાટી - ભુજપુર***

*મંગલ મંદિર, ફેબ્રુઆરી-૧૯૯૫*



# જિંદગી ગુજરે તે ઘર

ચંદ્રહાસ ત્રિવેદી

રમાબહેન એમના નાનકડા બંગલાના ઓટલા ઉપર આજે ક્યારનાય આંટા-ફેરા કર્યા કરતા હતા. સાંજના લંબાતા ઓળા હવે તો ઓટલાનેય વટાવીને ધીમે ધીમે વિદાય થઇ રહ્યા હતા. પણ હજુ રાજેશભાઇ આવ્યા ન હતા. આમ જોઇએ તો કંઇ ખાસ મોડું થયું ન હતું પણ રમાબહેનને હૈયે એટલો ઉચાટ હતો કે તેમને એમ લાગ્યા કરતું હતું કે ઘણું મોડું થઇ ગયું છે. રસ્તા ઉપર દૂરથી કોઇના સ્કૂટરનો અવાજ સંભળાય ત્યાં રમાબહેન ઓટલાના બે પગથિયાં ઉતરીને ઝાંપે આવીને ઊભાં રહી જતાં હતાં. પણ રાજેશભાઇને ન જોતાં નિરાશ થઇને પાછાં ઓટલા ઉપરની બેઠક ઉપર ગોઠવાઇ જતા હતાં. રમાબહેન જેમ જેમ અધીરાં થતાં જાય તેમ તેમ રાજેશભાઇને મોડું થતું જાય. થોડીક વારમાં તો સાંજ લપાતી-છૂપાતી સરકી ગઇ અને આછો અંધારો સાંજને હડસેલીને આગળ વધવા લાગ્યો હતો. દૂર દૂરના થાંભલાઓ ઉપર હવે તો વીજળીના દીવાઓ પણ ઝબુકવા લાગ્યા હતા.

રમાબહેન અને રાજેશભાઇનો બંગલો આમ તો શહેરમાં જ કહેવાય પણ વિસ્તરતા શહેરના છેવાડે આવેલી સોસાયટીમાં હતો. તેથી ત્યાંની હવામાં હજુ ગામડાની મહેક વર્તાતી હતી. સોસાયટીમાં થોડાક બંગલા છૂટાછવાયા પથરાવા લાગ્યા હતા. પણ વચ્ચે પડેલી કેટલીય ખાલી જગા હજુ ખસવાનું નામ દેતી ન હતી. જો કે તેના ઉપર ભીંસ તો વધી રહી હતી જેનાથી તે ગૂંગળાતી હોય તેમ લાગતું હતું.

રમાબહેન ઘરમાં જવાની તૈયારી કરતાં હતાં ત્યાં રાજેશભાઇના સ્કૂટરની ઘરઘરાટી સંભળાઇ અને રમાબહેન ઘરમાં અંદર જવાને બદલે ઝાંપે આવી ગયાં. રાજેશભાઇ આવ્યા એ વાતે તેમને નિરાંત થઇ પણ સાથે સાથે તેમના મુખ ઉપરની રેખાઓ સંકોચાઇને મૂંઝાતી હોય તેમ વળ લેવા લાગી. રોજની જેમ રાકેશભાઇને સ્કૂટર ઉપર બેઠા બેઠા ઝાંપાને પગથી ઠેલવો ન પડ્યો. તેમનું સ્કૂટર હજુ ઝાંપે આવે તે પહેલાં રમાબહેને ઝાંપો ખોલી નાખ્યો હતો. એટલે રાજેશભાઇનું સ્કૂટર વિના રોક-ટોક બંગલાની અંદર આવીને ઊભું રહ્યું. રાજેશભાઇએ સ્કૂટરને જરા રેઇસ કરીને તેની ચાવી કાઢી લીધી. સ્કૂટરના રેઇસ થવાને કારણે બંગલામાં રાજેશભાઇની હાજરી ફરી વળી તો બીજી બાજુ સ્કૂટર થોડોક ધૂમાડો ઓકીને જાણે છેલ્લો શ્વાસ લઇને તરફડીને શાંત થઇ ગયું.

સ્કૂટર હજુ તો માંડ બંધ થયું હશે ત્યાં રમાબહેને ઉતાવળે ઉતાવળે આગળ વધીને સ્કૂટર ઉપર લટકતી શાકભાજીની થેલીઓ કાઢી લીધી અને રાજેશભાઇએ સ્કૂટરની ડિકીમાંથી કંઇક કાઢ્યું તે પણ રમાબહેને તેમના હાથમાંથી ઝૂંટવી લીધું. પછી તો ભાર વિનાના થઇ ગયેલા રાજેશભાઇ હળવે હળવે રમાબહેનની પાછળ ઓટલાના પગથિયાં ચઢી ગયા. એટલામાં તો રમાબહેન બંગલાનું બારણું પણ ધક્કો મારીને જરા વધારે ખોલી નાંખી આગળ પડેલ ટીપોઇ ઉપર ઝોળીઓ મૂકતાં મૂકતાં બોલ્યા “શંકર આવ્યો છે.”

શંકરનું નામ સાંભળતાં રાજેશભાઇના મુખ ઉપરની રેખાઓ જરા ખેંચાઇ ગઇ અને બારણામાં પેસતા પેસતા જ તેઓ બોલ્યા, “હવે શું કામ?” રાજેશભાઇના શબ્દોમાં વાતનો અણગમો સ્પષ્ટ વર્તાતો હતો.

રમાબહેન તો રાજેશભાઇના પ્રશ્ન સાથે તેમને કંઇ ખાસ સંબંધ ન હોય તેમ બોલતાં રહ્યાં, “બિચારો, સાવ અડધો થઇ ગયો છે.”

“તેમાં આપણે શું કરીએ? પણ જો સાંભળ. આપણે હવે તેને બિલકુલ રાખવો નથી. તું જરાય ઢીલી પડીશ નહિ.”

“અરે, એ જ બિચારો ઢીલોઢસ થઇ ગયો છે. તેની સામેય જોવાતું નથી.”

“પણ તું તેની સામે જુએ છે જ શું કરવા?”

“લો, કરો વાત. તેના આવા સમયે જો આપણે તેની સામે ન જોઇએ તો કોણ જુએ!”

“જે લોકોને ત્યાં આપણું કામ રખડાવીને રોકડી કરવા વારે વારે જતો રહેતો હતો તે લોકો જુએ. મને એ નથી સમજાતું કે હવે આપણે ત્યાં કેમનો આવ્યો છે.”

“કહેતો હતો કે હવે તે બીજા કોઇને ત્યાં ક્યારેય જવાનો નથી અને જીવશે ત્યાં સુધી આપણું જ કામ કરશે.”

“હું પણ ગણેશને છોડવાનું ક્યાં કહું છું? શંકર કહેતો હતો

કે તે ગણેશને એવો તૈયાર કરી દેશે કે જેથી આપણને તેની ખોટ ક્યારેય નહિ વર્તાય.''

''એનો અર્થ એ છે કે આપણે એકને બદલે બે નોકર રાખવાના. લોકોને એક નોકર રાખવાના સાંસા હોય છે ત્યાં તમારે હવે બે જણ રાખવા છે - એમ જ ને!''

''શંકર કહેતો હતો કે હવે તેને પગાર જોઇતો નથી. કહે છે કે હવે મારે પગારનું શું કરવાનું? મારે ઘર તો છે નહિ. જે ગણો તે આ છે. મારે ફક્ત થોડીક બીડીઓ જોઇએ- તે મને લાવી આપજો. કારણ કે હવે તે વ્યસન છૂટશે નહિ. બાકી ખાવા-પીવામાં તો હું તમારા બધામાં સહેજે ભળી જઇશ. તેનો તમને ભાર પણ નહિ વર્તાય.''

''એટલે આપણે બે માણસોને ખવડાવવાનું. આ મોંઘવારીમાં તેનો હિસાબ તમે ગણ્યો છે?''

રમાબહેન ખવડાવવાની વાત સાંભળતાં જરા ખિન્ન થઇને બોલ્યાં, ''તમે એવા વિચારો ન કરો. આપણે તેને ખવડાવનારા કોણ? ખવડાવનારો તો ભગવાન છે. તે કોઇને ભૂખ્યો સૂવાડતો નથી અને હવે તે બિચારો કેટલું ખાવાનો અને કેટલા દિવસ ખાવાનો.''

વાત ન સમજાતાં રાકેશભાઇ બોલ્યા, ''એટલે તમે શું કહેવા માંગો છો?''

''મેં કહ્યું ને કે તે બિચારો માંદો છે. સાવ નંખાઇ ગયો છે. જાણે મરવાને વાંકે જીવે છે.'' રમાબહેનના અવાજમાં દર્દ હતું.

''તો પછી તેણે તેના ભાઇને ત્યાં જવું જોઇએ. તે અહીં રહે તે મને ઠીક નથી લાગતું.''

''તમે કેવી વાત કરો છો? જીવતાં ક્યારેય તેના ભાઇએ તેની સામે નથી જોયું તે હવે તેને સંઘરશે! માણસ ગમે ત્યાં હરે-ફરે પણ છેવટે તો તેને ઘરે જ આવે.''

''અને તે વળી આપણા ઘરે?'' રાજેશભાઇના બોલમાં જરા કડવાશ હતી.

''જુઓ, એવું ન બોલશો. ઘર કોઇનુંય થયું નથી અને થવાનું નથી. જ્યાં જિંદગી ગુજરે તે ઘર. પછી ભલેને તે ચોરાનો ઓટલો હોય કે મંદિરની પડાળી હોય. હવે આ બાબત તમે એક શબ્દ બોલશો નહિ અને તેને એવું કંઇ કહેશો નહિં. આપણી છેલ્લી ઘડીએ આપણે પણ કોણ જાણે ક્યાં પડ્યાં હોઇશું.'' અને રમાબહેનની આંખો આંસુથી ભરાઇ ગઇ.

વાતે અણધાર્યો વળાંક લેતાં રાજેશભાઇ મૂંઝાઇ ગયા. ત્યાં રમાબહેન બોલ્યાં, ''તમે થાક્યા-પાક્યા હશો, પણ તમે એક વાર અંદર જઇને તેને મળી આવો અને ખબર પૂછી આવો એટલે તે બિચારાનો જીવ હેઠો બેસે. ત્યાં સુધી હું તમારા બધાની ન્હાની વ્યવસ્થા કરું છું.''

શંકરની ખબર પૂછવા રાજેશભાઇ બંગલાની પાછળ જઇ રહ્યા હતા ત્યાં પાછળથી રમાબહેન બોલ્યાં, ''જો તમે તેને બીજું કંઇ કહો તો તમને મારા સમ છે.''

હજુ રમાબહેન રસોડામાં ગયાં પણ ન હતાં ત્યાં રાજેશભાઇ જેવા ગયા હતા તેવાજ પાછા આવ્યા. રમાબહેને પ્રશ્નસભર નજરે તેમની સામે જોયું. રાજેશભાઇ નીચી નજરે એટલું જ બોલ્યા, ''હવે શંકર નથી રહ્યો આ દુનિયામાં.''

ક્ષણભર રમાબહેન સ્તબ્ધ થઇ ગયાં. પછી એકદમ દોડીને રાજેશભાઇનો હાથ પકડીને તેમની છાતી ઉપર માથું મૂકી ડૂસકાં લેવા લાગ્યાં. તે વખતે રાજેશભાઇનો હાથ રમાબહેનની પીઠ ઉપર પ્રેમથી ફરતો હતો અને તેમની આંખોમાંથી પડતા આંસુઓથી રમાબહેનની પીઠ ભીંજાઇ રહી હતી.

*(મંગલ મંદિર, ડિસેમ્બર-૨૦૧૧)*

## ભારતની દુનિયાને ભેટ

**(અનુસંધાન : પાના નં.-૮૬ ઉપરથી ચાલુ)**

ઘણો ફાળો હતો.

એકમાત્ર સ્વામી વિવેકાનંદ હિન્દુ ધર્મ અને સંસ્કૃતિની રજૂઆત માટે ૧૮૯૩માં અમેરિકા ગયા હોવાનું જાણમાં છે. વર્તમાનમાં ઘણા ધર્મપુરુષો પ્રવાસાર્થે/પ્રચારાર્થે પશ્ચિમના દેશોમાં જાય છે. કેટલાક ત્યાં સ્થાયી પણ થયા છે. એમની પ્રવૃત્તિઓ વિષે વધુ લખવું ઉચિત નથી.


આઝાદી પછી ભણવા તેમ જ કમાવવા વિદેશ ગયેલ અને પછી ત્યાં જ સ્થાયી થયેલ લાખો સફળ ભારતીઓનો સમાજ અલગ લેખનો દાવેદાર છે. એમને અહીં ન સમાવાય.

ભારતે દુનિયાને આપેલ ભેટની આ એક યાદી થઇ. આપણે જો તટસ્થ અને ન્યાયી બનવું હોય તો ભારતે દુનિયા પાસેથી શું મેળવ્યું અને અપનાવ્યું છે એની પણ યાદી બનાવવી જોઇએ. એ યાદીમાં બટેટા, ટમેટા, ચા, પોશાક વગેરેથી અણુવિદ્યા સુધીનું ઘણું આવે છે. આગલા લેખોમાં આવી બાબતોનો અછડતો ઉલ્લેખ થતો રહ્યો છે. અહીં વધુ લખવાનું ટાળ્યું છે. એનાથી કેટલાક વાંચકોની લાગણી દુભાય છે.

માનવ સંસ્કૃતિના વિકાસમાં અન્ય દેશોએ આપેલ ફાળો જાણવો હોય તો ઘણી વધુ યાદીઓ બનાવવી પડે. એનાથી એમના યોગદાનનો પણ ખ્યાલ આવે. કદાચ તે આપણને નમ્ર બનાવે.

*૧, શ્યામ વાટિકા સોસાયટી,*
*વાસણા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭.*

*(મંગલ મંદિર, નવેમ્બર-૨૦૧૨)*



# ભારતની દુનિયાને ભેટ



મુરજી ગડા

ભારત પાસે દુનિયાને આપવા જેવું ઘણું હતું. એમાંથી ભારતે કેટલું આપ્યું છે અને દુનિયાએ કેટલું લીધું કે અપનાવ્યું છે એના પર એક નજર કરીએ.

**(૧)** સમસ્ત દુનિયામાં પ્રસરી ગયેલી દશાંશ પદ્ધતિના મૂળમાં રહેલ 'શૂન્ય' એ ભારતની દુનિયાને મળેલી પહેલી ભેટ ગણાય છે. આદિ માનવ પોતાના વિચાર શબ્દોમાં જણાવતો થયો, એટલે કે ભાષાની રચના થઇ એની સાથે ગણતરી પણ શરૂ થઇ હતી. એના માટે એણે પોતાની આંગળીઓનો ઉપયોગ કર્યો હશે. આજે પણ નાના બાળકો ગણવા માટે પોતાની આંગળીઓનો ઉપયોગ કરે છે.

ગણતરી માટે આંગળીઓનો ઉપયોગ કરવો એટલો સ્વાભાવિક છે કે મોટા ભાગની પ્રાચીન સંસ્કૃતિઓમાં સ્વતંત્રપણે દસના ગુણાંકવાળી પદ્ધતિ શરૂ થઇ હશે. ભારત, સુમેર, મિસર, બેબીલોન, ગ્રીસ અને ચીનની સંસ્કૃતિઓનો આમાં સમાવેશ થાય છે. એમાં માત્ર બે અપવાદ હતા. મધ્ય અમેરિકાની મયન સંસ્કૃતિએ વીસના ગુણાંકવાળી તેમ જ રોમનોએ પાંચના ગુણાંકવાળી પદ્ધતિ અપનાવી હતી. રોમન કદાચ એક જ હાથનો ઉપયોગ કરતા હશે. જો માણસના હાથને ચાર કે છ આંગળીઓ હોત તો આઠ કે બારના ગુણાંકમાં અંકશાસ્ત્ર રચાયું હોત.

આ બધી પદ્ધતિઓમાં શૂન્યના ઉપયોગ વગર આગળ વધવામાં અગવડ થતી અને મોટી રકમો ખૂબ જટિલ બનતી. શૂન્ય ઉપરાંત રકમના દરેક આંકડાના સ્થાન મુજબ એની કિંમત આંકવાની ભારતની પ્રથા સૌથી સરળ હતી. સમયાંતરે બધાએ તે અપનાવી. જે પણ હોય, આજે ભારતને 'શૂન્ય'ના આવિષ્કારનો યશ મળે છે.

**(૨)** પ્રાચીન ભારતને પૂર્વમાં આવેલા દેશો કરતાં પશ્ચિમમાં આવેલા નજીકનો દેશો સાથે વધારે સંપર્ક હતો છતાંય ભારતીય સંસ્કૃતિ ત્યાં ફેલાઇ કે જળવાઇ શકી નહીં. બલકે પૂર્વમાં આવેલ મ્યાનમાર, થાઇલેન્ડ, મલેશિયા, કંબોડિયા, ઇન્ડોનેશિયા વગેરે દેશોમાં ભારતીય સંસ્કૃતિ ફેલાઇ અને જળવાઇ રહી છે. એનું એક કારણ એ છે કે આ પ્રદેશમાં પોતાની સંસ્કૃતિ ખીલી નહોતી. જ્યારે પશ્ચિમમાં આવેલ પર્શિયન સામ્રાજ્યની પોતાની સબળ સંસ્કૃતિ હતી. ત્યાં ભારતીય સંસ્કૃતિની જે પણ અસર થઇ હશે તે ઇસ્લામના ઉદય અને ફેલાવા સાથે ભૂંસાઇ ગઇ.

પૂર્વના દેશો પર ભારત ઉપરાંત ચીનની પ્રાચીન સંસ્કૃતિની પણ ઘણી અસર છે. એટલે જ ઘણા સમય માટે આ પ્રદેશ ઇન્ડોચાયના કહેવાતો હતો. ભારતની દક્ષિણ-પૂર્વ એશિયાને મળેલી આ ભેટ છે.

**(3)** ચીને ભારત પાસેથી માત્ર એક જ ગણનાપાત્ર બાબત અપનાવી છે. એ છે બૌદ્ધ ધર્મ. સમ્રાટ અશોકના સમય સુધી બૌદ્ધ ધર્મ પૂર્વ ભારત પૂરતો જ સીમિત હતો. અશોકે પોતાના ખાસ માણસોને મોકલી ભારત બહાર બધી દિશાઓમાં એને ફેલાવ્યો હતો. પછીથી તિબેટ થઇ તે પૂરા ચીનમાં ફેલાઇ ગયો. ત્યાં એને એટલો આવકાર મળ્યો કે ચીનના જ્ઞાનપિપાસુઓ કેટલીય યાતના વેઠી મૂળ બૌદ્ધધર્મનો અભ્યાસ કરવા ભારત આવતા હતા. ભારતે ચીન તેમ જ દક્ષિણ-પૂર્વના દેશોને આપેલ આ મહત્ત્વની ભેટ છે.

**(૪)** સમસ્ત દુનિયામાં ફેલાયેલી બુદ્ધિશાળીઓની ગણાતી એકાકી ઘરેલુ (indoor) રમત શતરંજ ભારતે સમસ્ત દુનિયાને આપેલી ભેટ છે. પ્રાચીન ભારતમાં રમાતી શતરંજ થોડા જુદા પ્રકારની હતી. આજે દુનિયામાં પ્રચલિત છે તે શતરંજ ભારત તેમ જ પર્શિયાની (આજનું ઇરાન) પુરાણી રમતનું હાયબ્રિડ સ્વરૂપ છે.

આ બધી પ્રાચીન યુગમાં ભારતે અન્ય દેશોને આપેલી ભેટ હતી. મધ્ય યુગમાં ભારતની સમૃદ્ધિથી આકર્ષાઇ ઉત્તર પશ્ચિમના માર્ગે ઘણા વિદેશીઓનાં ધાડાં આવ્યાં. એમાંથી કેટલાંક લૂંટીને પાછાં જતાં રહ્યાં જ્યારે કેટલાક રાજ કરવા અહીં જ રોકાયાં. એમનામાંથી મોટા ભાગના અલગ અલગ મુસ્લિમ રાજ્યોના સૂબા હતા. જે અહીં રહી ગયા તે પોતાની સંસ્કૃતિ સાથે લાવ્યા હતા. એટલા પ્રમાણમાં ભારતીય સંસ્કૃતિ પર એમની અસર થઇ. મધ્ય યુગમાં ભારતે એક અપવાદ સિવાય દુનિયાને ઉલ્લેખનીય કંઇ આપ્યું નથી કે દુનિયાએ ભારત પાસેથી કંઇ અપનાવ્યું નથી.

**(૫)** લાંબા સમયથી યુરોપ એશિયા સાથે વેપાર કરતું હતું. એશિયાથી નિકાસ થતી કમોડિટીમાંની એક અગત્યની વસ્તુ દક્ષિણ ભારતમાં થતા તેજાના હતા. મધ્ય યુગના અંત ભાગમાં

યુરોપના વેપારીઓએ ભારત તેમ જ પૂર્વના દેશો માટે દરિયાઇ માર્ગ શોધ્યો. એમનો મૂળ ઇરાદો વેપારનો હતો પણ તક મળતાં તેઓ એશિયામાં રહી ગયા અને રાજ કરવા લાગ્યા. અંતે પરિણામ જે પણ આવ્યું, તેજાના એ અન્ય દેશો સાથે ભારતે યુરોપને મધ્યયુગમાં આપેલી ભેટ છે.

**(૬)** ઉત્તર ભારતમાં મોગલોના શાસનકાળ દરમિયાન ઉર્દૂ ભાષાનો ઉદય થયો. ઉર્દૂ ભાષા એ હિંદી અને ફારસી ભાષાનું મિશ્રણ છે. આજે તે કેટલાક મુસ્લિમ રાષ્ટ્રોની મુખ્ય ભાષા છે. એનો ઉદય ભારતમાં થયો હોવાથી મધ્ય એશિયાને મળેલી એ ભારતની ભેટ ગણાય.

ઉર્દૂ ઉપરાંત તમિલ ભાષા પૂર્વના દેશોમાં મર્યાદિત સ્વરૂપે ફેલાઇ હતી. સંસ્કૃત, હિંદી કે અન્ય કોઇ ભાષા ભારત બહાર ખાસ ગઇ નથી.

**(૭)** આ જ અરસામાં તાજમહેલ બંધાયો હતો. એક ઇમારત હોવાથી એ ભારત બહાર જઇ ન શકે. છતાં એ એટલો પ્રખ્યાત થયો છે અને પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર બન્યો છે કે એને સમસ્ત માનવજાતિની અમાનત ગણવી રહી. તાજમહેલ ઉપરાંત ભારતમાં અન્ય ઘણી સુંદર જગ્યાઓ છે પણ એમનું જરૂરી માર્કેટિંગ થયું ન હોવાને લીધે અત્યારે માત્ર તાજમહેલને ભારતે સમસ્ત દુનિયાને આપેલી ભેટ ગણવી રહી.

**(૮)** ભારતની એક આગવી ભેટ છે રાજસત્તા સામે અહિંસક અસહકારનો ગાંધીવાદ અને ગાંધીજી પોતે. એમનાથી વિદેશી ઘણી વ્યક્તિઓ પ્રભાવિત થઇ, એમના સિદ્ધાંતોને અમલમાં મૂક્યા છે. આવા થોડા નોંધપાત્ર નામ છે : અમેરિકાના કાળા લોકોના સમાન હક માટે લડનાર માર્ટિન લ્યૂથર કિંગ, સામ્યવાદી સરકાર સામે થનાર પોલંડના લેક્ વલેસા, દક્ષિણ આફ્રિકાના ક્રાંતિકારી નેતા નેલ્સન મંડેલા વગેરે.

એક વ્યક્તિ તરીકેની ગાંધીજીની અન્ય કેટલીય બાબતો દુનિયા માટે એક આદર્શરૂપ બની છે. ગાંધી અને ગાંધીવાદ ભારતે સમસ્ત દુનિયાને આપેલી ભેટ છે.

**(૯)** ભારતની આસપાસના એશિયાના દેશોમાં બોલીવુડના ચિત્રો અને સંગીત સારા પ્રમાણમાં આવકારાય છે. આ દેશોને મનોરંજન ક્ષેત્રે મળેલી આ ભારતની ભેટ છે.

૬૦-૭૦-૮૦ ના દાયકામાં રશિયામાં પણ ભારતીય ચલચિત્રોની માંગ હતી. રશિયાની પોતાની ફિલ્મ ઇન્ડસ્ટ્રી ખાસ વિકસી નહોતી. અને અમેરિકા સાથેની હરીફાઇને લીધે હોલીવુડને ત્યાં આવતાં અટકાવાતું હતું. હવે એ બાધ નથી રહ્યો એટલે હોલીવુડની સ્પર્ધામાં બોલીવુડના ચિત્રોની માંગ ઓછી થઇ હોવાનું જાણવા મળે છે.

**(૧૦)** વર્તમાનમાં ભારત ઘણા દેશોને કામદારો પૂરા પાડી રહ્યું છે. એમાં વિકસિત દેશોને શિક્ષિત યુવાનો તેમ જ અખાતના દેશોને કારીગરો અને મજૂરોનો સમાવેશ થાય છે. આ બધા ભલે પોતાની ઇચ્છા અને હેતુથી વિદેશ જતા હોય, સસ્તા દરે મળતા કામદારો પણ એક પ્રકારની ભેટ ગણાય.

**(૧૧)** પ્રાચીન ભારતની યોગવિદ્યા તેમ જ આયુર્વેદ ઠેઠ હમણાં વિદેશમાં જવા લાગ્યાં છે. હજી પણ સાવ નાના પાયે ફેલાતી આ જ્ઞાનશાખાઓ જે અપનાવે એમના માટે ભેટ છે.

**(૧૨)** સંસ્કૃતિ સાથે શબ્દો અને ખાવાની વાનગીઓ પણ ફેલાય છે કારણકે વાનગીઓ સંસ્કૃતિનો ભાગ છે. બહાર ગયેલી વાનગીઓમાં સ્થાનિક પસંદગી પ્રમાણે જરૂરી ફેરફાર થવાથી એમને ઓળખવી અઘરી પડે છે. ચૂપકીદીથી ફેલાતી અને એકબીજાને અપાતી વાનગીઓ અને શબ્દો વૈશ્વિક ભેટ છે.

એક વ્યક્તિની જાણ અને યાદશક્તિની આ નોંધ માત્ર છે. આ યાદી સંપૂર્ણ હોવાનો કોઇ દાવો કરવામાં આવતો નથી. કોઇ વાચક પાસે ઘણી વધારે માહિતી હોઇ શકે છે. આ યાદીમાંની થોડી વૈશ્વિક સ્તરની ભેટ છે, થોડી કોઇ ખાસ પ્રદેશને મળેલી છે તેમ જ કેટલીક ભેટ ગણાય કે નહીં તે પણ ચર્ચાસ્પદ છે. આ સૌમાંથી લેખકને બૌધ્ધ ધર્મની ભેટ સૌથી વધુ અગત્યની લાગે છે. વિશેષ કરીને જ્યારે ભારતમાં જ એનું ખાસ ચલણ રહ્યું નથી.

ભારત પાસે આપવા જેવું ઘણું હતું. એના પ્રમાણમાં ભારતે દુનિયાને સાવ ઓછું આપ્યું છે તેમજ દુનિયાએ પણ ઓછું અપનાવ્યું છે. આની પાછળ જે પણ કારણ હોય, એક મુખ્ય કારણ માર્કેટિંગનો અભાવ લાગે છે.

લૂંટના હેતુથી, વેપારના હેતુથી તેમ જ આજીવિકાના હેતુથી લોકો પહેલેથી વિદેશ જતા હતા. માત્ર જ્ઞાન મેળવવાના હેતુથી વિદેશ જનાર જુદી માટીના માનવી હોય છે. મધ્ય યુગમાં ઘણા એકલ દોકલ વિદેશીઓ જ્ઞાન મેળવવા ભારતમાં આવ્યા હોવાની નોંધ છે. એમાંથી સાતમી સદીમાં આવનાર ચીનના હ્યુ-એન-ત્સંગ, ૯૭૩માં આવનાર પર્શિયાના બરૂની તેમ જ ૧૩૨૧માં આવનાર ફ્રેન્ચ સાધુ જોરડાન્સ જાણીતા છે. ભારત વિષેનું જોરડાન્સનું પુસ્તક મિરાબ્લિયા, લેન્ડ ઓફ મારવલસ (અજાયબ ભૂમિ) પ્રખ્યાત છે.

જ્યારે મધ્ય યુગમાં જ્ઞાન મેળવવા કે આપવા ભારતમાંથી વિદેશ જનારની નોંધ ક્યાંય પણ વાંચવામાં કે જાણવામાં આવી નથી. એ પાછળનાં કારણો શું હશે!

ભારતમાંથી ઉચ્ચ અભ્યાસાર્થે વિદેશ જવાની શરૂઆત અંગ્રેજી શાસન દરમિયાન થઇ છે. આપણી આઝાદીના લડવૈયા/ઘડવૈયા બધા વિદેશમાં કાયદો, વ્યવસ્થા, ન્યાયતંત્ર વગેરે ભણી આવ્યા હતા. એમની લડત અને સફળતા પાછળ આ તાલીમનો

**(અનુસંધાન : જુઓ પાના નં.-૮૪ ઉપર)**

# ઈનફર્ટિલિટિ - વંધ્યત્વ

ડૉ. મિલી શાહ
(કન્સલ્ટન્ટ ગાયનોકોલેજિસ્ટ
એન્ડ
ઈન્ફર્ટિલિટિ સ્પેશિયાલિસ્ટ)

લગ્ન પછી એક વર્ષની અંદર અગર કોઈ યોગ્ય સાધન વાપરવામાં ન આવે છતાં પણ ગર્ભધારણ ન થઈ શકે તેવા સંજોગોમાં તેને વંધ્યત્વ કહે છે.

સ્ત્રી અને પુરુષ બંનેએ વંધ્યત્વના કારણો માટેની તપાસ કરાવવી જરૂરી છે.

- **પુરુષમાં ખામીની તપાસ :**

વંધ્યત્વ વિષયે સ્ત્રી કરતાં પુરુષની તપાસ પ્રમાણમાં સરળ છે. ઑપરેશનની જરૂર પડતી નથી.

પુરુષની તપાસ માટેના વીર્યને બે-ત્રણ દિવસના સંયમ પછી એક ચોખ્ખી બોટલમાં લેવામાં આવે છે. અડધા કલાક પછી તેનું પૃથ્થકરણ કરી તેના શુક્રકોષોનું પ્રમાણ જાણવામાં આવે છે.

- **સ્ત્રીમાં ખામી અને તેની તપાસ :**

આ સંબંધી સ્ત્રીવર્ગમાં ચાર પ્રકારની ખામી હોય છે :

★ નળીની ખામી
★ અંડાશયની ખામી
★ ગર્ભાશયના મુખની ખામી
★ અન એક્સ્પ્લેઈન ઈનફર્ટિલિટિ - જ્યાં કોઈ કારણ ના હોય.

***સ્ત્રીમાં ખામીની તપાસ જુદી જુદી રીતે કરી શકાય.***

★ નળીની તપાસ
★ એચ.એસ.જી. (H.S.G.)
★ હિસ્ટેરોસ્કોપી તપાસ
★ ગર્ભાશયની અંદરનો મસો (Poly P)
★ ગર્ભાશય ખોલવાની નવી પધ્ધતિ (Tubal cannulation)
★ ગર્ભાશયની અંદરનો પડદો (Septum)
★ લેપ્રોસ્કોપી સર્જરી
★ અંડાશયનું ફિલિંગ
★ ગર્ભાશયની ગાંઠ (Fibroid)
★ અંડાશયની ગાંઠ (Chocolate Cyst)

- **IUI (Intra Uterine Insemination)**

આ વંધ્યત્વ સારવારની એક આધુનિક પદ્ધતિ છે.

આ પદ્ધતિ પ્રમાણમાં સરળ અને સસ્તી છે. તેના દ્વારા સારા પરિણામ મેળવી શકાય છે.

આ પ્રક્રિયામાં સ્ત્રીનું અંડબીજ છૂટું પડ્યા પછી પુરુષના વીર્યના સારા શુક્રકોષોને વીર્યના બીજા ભાગોથી છૂટા પાડવામાં આવે છે અને ખાસ પ્રકારની કેન્યુલા દ્વારા ગર્ભાશયની કેવીટીમાં (પોલાણમાં) મૂકવામાં આવે છે.

જો IUI કર્યા પછી સફળતા ન મળે તો જ ટેસ્ટ ટ્યુબમાં જવું જોઈએ.

- **ટેસ્ટ ટ્યુબ બેબી શું છે?**

ટેસ્ટ ટ્યુબ બેબી અથવા IVF (In Vitro Infertilization) એ ગર્ભ રાખવાની એક આધુનિક પદ્ધતિ છે. જેમાં ગર્ભ શરીરની બહાર બનાવવામાં આવે છે અને પછી તેને ૪૮ - ૫૬ કલાક પછી ગર્ભાશયની કેવીટીમાં પાછો મૂકવામાં આવે છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મેડિકલ સેન્ટરમાં વંધ્યત્વ - ઈનફર્ટિલિટિની પ્રાથમિક સારવાર કરવામાં આવે છે અને તેમાં સફળતા પણ મળેલ છે.

***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ મેડિકલ સેન્ટર***
***સોમથી શનિ : ૪.૩૦ થી ૬.૦૦***

***(મંગલ મંદિર, ડિસેમ્બર-૨૦૧૨)***

## કાવ્યકુંજ

*હે કુદરત!*
*સર્જનહાર*
*અજબ છે તારી સરજન.*
*અંતર અંતર વચ્ચે અંતર.*
*છતાં જીરવીએ*
*ઝેર જીવનના*
*રમતા રમતા શંકર શંકર.*

***ગુલાબચંદ ધારશી રાંભિયા***
***મંગલ મંદિર, જુલાઈ-૨૦૦૪***

## લોક સંસ્કૃતિની વિરાસત

# કચ્છની નોબત - શરણાઈ વાદનની કળા - પરંપરા



જોરાવરસિંહ જાદવ

*ઢોલ - નગારાં - શરણાઈના સૂરો, ઘરોઘર વાગશે;*
*ઈ ટાણે કચ્છડાને, સુલેમાન જૂમા યાદ આવશે.*

સને ૧૯૮૫ના વર્ષની આ વાત છે. ફ્રાંસમાં 'ફેસ્ટિવલ ઑફ ઈન્ડિયા'નું આયોજન કરવામાં આવ્યું હતું. કચ્છી નોબત - શરણાઈથી એનો દબદબાપૂર્ણ આરંભ થયો. પૅરિસના એફિલ ટાવર માથે આ નોબત - શરણાઈની જુગલબંદી કરનાર કલાકાર હતા મુંદ્રા - કચ્છના સુલેમાન જુમાણી. નોબત - શરણાઈ પર વાગતી કચ્છી રાગિણીઓ સાંભળનાર હજારો અને ટી.વી. પર જોનાર - સાંભળનાર કરોડો દર્શકોના હૈયામાં આનંદના રંગસાથિયા પુરાણા. એમના અંતરના આનંદમોરલા એકસામટા ટહુકી ઊઠ્યા. **પ્રસારણની પાંખે ચડીને કચ્છી લોકવાદ્યો સૌ પ્રથમવાર જગતચોકની વચ્ચે મુકાયાં. ગુજરાત અને ગુજરાતીઓ માટે આ ગૌરવપૂર્ણ ઘટના હતી.** એ પછી અઢી દાયકામાં જ એ ગૌરવનો આનંદ ઓસરી ગયો. દેશ અને દુનિયામાં નોબત - શરણાઈનો ડંકો વગાડનાર સુલેમાન જુમાના અવસાનની સાથે આ કળા અને કલાકારો અસ્તાચળના આરે આવીને ઊભા છે, ત્યારે કચ્છની હજારો વર્ષ પુરાણી આ કલા - પરંપરા કચ્છના બાજંદા નોબત શરણાઈ વાદકોનો પરિચય કરાવવાનો અહીં ઉપક્રમ રાખ્યો છે.

એક બહુ જાણીતી કહેવત છે : 'નગારામાં તતૂડીનો અવાજ કોણ સાંભળે?' આ તતૂડીના અવાજને દબાવી દેનાર નગારા વિશે આપણે ઝાઝું જાણતા નથી. નગારું એટલે નોબત. એ 'દમ' તરીકે પણ જાણીતું છે. દમામી એટલે નોબતની સોબત કરનાર નગારચી. નોબત - શરણાઈ વગાડનારને બેસવાની જગા નગારખાનાં કે 'ટકોરખાનાં' તરીકે ઓળખાય છે. જૂના કાળે દેવદ્વારે, મંદિરોમાં, મસ્જિદોમાં અને રાજદ્વારે મંગલ ચોઘડિયાં વગાડવામાં આવતાં. લખપતિ નગરશેઠની હવેલીએ ભૂંગળ અને ભેર વાગતાં. અર્થાત્ ડંકો દેવાતો. યુદ્ધ અને સવારીના સમયમાં ઊંટ અને અશ્વો ઉપર બે બાજુ નગારાં મૂકીને વગાડવામાં આવતાં. એને વગાડનાર નગારચી 'મુરસલ' અટકથી ઓળખાતા. કચ્છમાં આજેય મીર અને લંઘા આ વાદ્યો વગાડે છે.

**કચ્છના આ અત્યંત લોકપ્રિય વાદ્ય નોબત સાથે પરંપરાગત રીતે શરણાઈની જુગલબંદી કરવામાં આવે છે.** નગારાની રચનાનો વિચાર કરીએ તો ત્રાંબા કે માટીની ગોળ કોઠી ઉપર ચામડું મઢવામાં આવે છે. નોબતની જોડીમાં 'નર' અને 'માદા' હોય છે. આ માદા કે માદીને કલાકારો જીલના નામે જાણે છે. માદીની કોઠી પ્રમાણમાં નાની હોય છે. એનું ચામડું મઢેલું મોઢું ૧૨થી ૧૫ ઇંચ જેટલું રાખવામાં આવે છે. જ્યારે નરનું મોઢું ૧૫થી ૨૦ ઇંચ જેટલું જોવા મળે છે. માદી માથે બકરાના ચામડાની દેશી પડી ચડાવવામાં આવે છે. એના છેડા ભેંસ કે પાડાના ચામડાની પંડીમાં ઘર (કાણું) બનાવી તેમાં વાધર પરોવી માદીની કોઠી સાથે વાધરને ચામડાની પટી સાથે ખેંચીને આકર્ષક આકારે ગૂંથીને મઢી લેવામાં આવે છે. જ્યારે નર નગારાની પડી ભેંસ કે પાડાના ચામડામાંથી બને છે. નોબતવાદન કરતાં પહેલાં લાકડાના ટિંટિયા સળગાવીને એના તાપે માદીના ચામડાને તપાવવામાં આવે છે. સુરનો જાણતલ કલાકાર એને ગોળ ગોળ ફેરવી સૂરના ઊંચાનીચા અવાજ પ્રમાણે તપાવીને સૂરમાં લાવી શકે છે. નર નગારાને ગરમ કરવાની જરૂર પડતી નથી. આ નોબતને બાંધવાનું કામ ડબગર કરે છે ને ઘણી વાર ઉસ્તાદ કલાકાર જાતે પણ કરી લે છે.

નોબતવાદન કરતાં પૂર્વે કલાકાર નગારાની જોડ્યને સૂંથિયા પર કે ત્રિકોણાકાર ઘોડી માથે ગોઠવે છે. નર અને માદી વગાડવાના દાંડિયા પણ જુદા જુદા હોય છે. નરનું વાદન જાડી દાંડીથી અને માદીનું વાદન જરાક જીણા-પાતળા દાંડિયાથી કરવામાં આવે છે. નગારવાદન સાથે સંગતમાં કચ્છી શરણાઈ વગાડવામાં આવે છે. આ બે જોડિયાં વાદ્યોની જુગલબંદી જે તે પ્રસંગને અનોખી ગરીમા બક્ષી જાય છે. એને સાંભળવાની મજા પણ કંઈક ઓર જ હોય છે. પ્રસંગ અને સ્થળને અનુરૂપ વાગતી નોબત-શરણાઈ પરંપરિત શુદ્ધ ભારતીય લોકવાદ્યો છે. જૂના કાળે રાજવીઓએ આ બધા કલાકારોને ખૂબ જ પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. પરિણામે તેઓને આજીવિકા મળતાં ટકી ગયા હતા.

કચ્છી રાજવીઓની જાહોજલાલીને યાદ કરતાં જીવનસંધ્યાએ આવીને ઊભેલા માંડવી કચ્છના જાણીતા નોબતવાદક શ્રી અબુ મીર કહે છે કે **અમારા કચ્છમાં રાજાશાહીના જમાનામાં રાજદરબારના નગારખાનામાં રોજ સવાર-સાંજ નોબત - શરણાઈનું વાદન કરવામાં આવતું** જેમાં કચ્છી રાગો આધારિત રજવાડી રેજાની ધૂનો વાગે. એને અનુરૂપ નોબત વાગે. રાજદરબારમાં શરણાઈ પર સમયને અનુરૂપ કચ્છી સસઈરાગ જેવા અનેક રાગોની ધૂનો વાગે. મોટા ભાગે કચ્છી તાલો ૧૪ માત્રના મુગલાઈ ઠેકા કે પછીથી કેરવામાં અથવા સ્વારી તાલ, ઝૂમરા તાલ, ચોતાલ કે વિલંબિત દીપચંદી તાલમાં શરણાઈવાદક બંધે જ વગાડે. આમ કચ્છી રાગની ધૂન મુજબ નગારચી પ્રથમ ઠેકો (તાલ) બાંધે. પછી એમાં એ તાલની

દુગુન કરે, મુખડા વગાડે, ટૂકડા વગાડે, પરત રેલા અને ચક્રધાર વગાડે. ફિરત કરે અને છેલ્લે 'તીહા' અને 'નવધા' મારી મૂળ ઠેકા પર આવી જાય. આ પ્રમાણે નોબત વગાડવાનો બાઝ છે. તેમાં પછી નોબત વાદકની જેવી કુશળતા તેવું વગાડે. પણ રિયાઝ પ્રેકટિસમાં પછી નગારું વગાડવાની કલા કલાકારને હાથ બેસે છે. રાજ દરબારમાં આમ જ્યારે સૂર, રાગ અને તાલની જુગલબંદી રચાય છે ને દુગુન, તીગુન, ચોગુન, મુખડા, પરત, રેલા, ચક્રધાર, તીહા (તોડા) નવધા વગેરે રમતો નોબત પર વાગે ત્યારે કલારસિક દરબારીઓ કલાકારોને ભારે દાદ આપતા હોય છે. અમીર ઉમરાવો અને રાજા મહારાજાઓ જૂના કાળે કલાની કદર કરીને કલાકારને રહેણાંકના ખોરડાં, જમીન - જાયદાદ, ઈનામો અને વર્ષાસન બાંધી આપતા. રાજના પ્રોત્સાહનને કારણે કચ્છી લોકવાદ્યોના અને ગાયક કલાકારો ગીત, સંગીત, વાદ્ય અને નૃત્યની કલાઓને વિકસાવવા રાતદિવસ રિયાઝમાં રત રહેતા. નોબતમાં પારંગત થવા માટે કચ્છી વાદકો રાત-દિવસ કઠોર પરિશ્રમ કરતા, પરિણામે એમને રાજ દરબારમાં ગાયકો અને વાદકો તરીકે માનપાન મળતું.

આપણાં દેવમંદિરો સાથે ગીત, સંગીત અને નૃત્યની પરંપરા હજારો વર્ષથી જોડાયેલી જોવા મળે છે. શ્રીનાથજીની હવેલી, જગન્નાથજીનું મંદિર, અંબાજીનાં મંદિરો, સ્વામિનારાયણ મંદિરો અને પીરની મજારે ટકોરખાનામાં સવાર, સાંજ મંગલ ચોઘડિયાં વગાડવામાં આવે છે. મંદિરોમાં નોબતનો ડંકો વાગે એટલે ભક્તોને જાણ થઈ જાય છે કે દર્શન ખૂલી ગયાં છે. આજે તો તમામ મંદિરોમાં મશીનથી વાગતી નગારીઓ અને ઝાલરો આવી ગઈ છે. **યંત્રવાદે કેટલાય કલાકારોનો રોટલો છીનવી લીધો છે. એમને સંગીતવાદ્યના ઘરાનામાંથી ઉખેડી નાખ્યા છે.**

ગુજરાતમાં લગ્નપ્રસંગે મંગલવાદ્ય તરીકે ઢોલ, શરણાઈ, મશક અને ત્રાંસાં વગાડવામાં આવે છે, પણ કચ્છમાં તો નોબત શરણાઈ વગરનાં લગ્ન અધૂરાં ગણાય છે. લગ્નપ્રસંગે માંડવામુહૂર્ત અને ગણેશ સ્થાપનથી લઈને કન્યા વિદાય સુધીના તમામ પ્રસંગોમાં નોબત - શરણાઈથી વાતાવરણ ભર્યુંભર્યું બની જતું. કચ્છમાં મીર અને લંઘા જ્ઞાતિના કલાકારો પેઢી - પરંપરાથી નોબત - શરણાઈવાદન કરતા આવ્યા છે. અનેક નગારચીઓએ આ ક્ષેત્રે ઊંચી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી દેશ વિદેશમાં કચ્છનું નામ ગુંજતું કર્યું છે. અહીં એવા કેટલાય બાજંદા કલાકારોની પણ વાત કરીએ.

કચ્છી નોબત - શરણાઈનું નામ વિશ્વભરમાં પ્રસિદ્ધ કરનાર ઊંચા ગજાના મોખરાના કલાકાર છે સ્વ. સુલેમાન જુમા જુનાણી. કચ્છના સંગીતપ્રેમી લંઘા પરિવારમાં સને ૧૯૦૫માં જન્મેલા સુલેમાનભાઈએ તેમના પિતા જુમાભાઈ અને મુંદ્રાના બસુ લંઘા ઉસ્તાદ પાસે તાલીમ લઈને દસ વરસની વયે નોબતવાદન શરૂ કર્યું. રાજ દરબારમાંથી માંડીને દિલ્હીના દરબાર સુધી અનેક મોટા મેળાવડા અને મહોત્સવોને એમણે રળિયાત કર્યા હતા. એમની જોડે એમના દીકરા મરહુમ સુમારભાઈ શરણાઈ પર સંગત કરતા. સુમારભાઈના પુત્ર યુસુફભાઈએ પિતા પાસે તાલીમ લીધી. જાહેર કાર્યક્રમોમાં દાદા, પુત્ર અને પૌત્રની નોબત શરણાઈ પરની જુગલબંદી સાંભળવી એ પણ એક લ્હાવો ગણાતો. ગુજરાત લોકકલા ફાઉન્ડેશનના કાર્યક્રમોમાં આ લેખકે મનભરીને અનેકવાર માણ્યા છે. **ફ્રાંસના એફિલ ટાવર ઉપર નોબતનો ડંકો વગાડનાર સુલેમાન જુમાને ગુજરાત સરકારે સને ૧૯૮૪માં ગૌરવ પુરસ્કાર અને સંગીત નાટક અકાદમી નવી દિલ્હીએ ૧૯૮૫માં લોકસંગીત એવોર્ડ દ્વારા એમને સન્માન્યા હતા.**

કચ્છ - અંજારના મરહુમ લંઘા અબ્દુલભાઈ જુસબ સોરઠિયા ઉચ્ચ કોટીના નગારાવાદક ગણાતા. ભુજના વતની મ. લંઘા રમઝુભાઈ બુઢા તારવાણીનું નગારા વાદનમાં મોટું નામ હતું. એમનું નોબતવાદન સાંભળવા જાહેર મેળાવડાઓમાં લોકો ઉમટી પડતા. નલિયાના નોબત - શરણાઈવાદક ભાઈઓ લંઘા ઉમરભાઈ (અભલા) આજી તથા ઈસ્માઈલભાઈ બુઢા આજી સૂર અને તાલના તરવૈયા તરીકે ખ્યાતિ પામ્યા છે. શ્રી અબદુલ્લા નોબતના ઊંચા ગજાના કલાકાર છે, સાથોસાથ ઢોલવાદનના પણ બાજંદા કલાકાર ગણાય છે. બેય લંઘા ભાઈઓ કચ્છી નોબત - શરણાઈની કલાને જીવની પેઠે જતન કરીને જાળવી રહ્યા છે.

માતાનો મઢ જ્યાં આશાપુરાનાં બેસણાં છે એ કચ્છના રાજવી પરિવારનાં કૂળદેવી ગણાય છે. ત્યાં પણ સવાર-સાંજ ચોઘડિયા વગાડવામાં આવે છે. થોડા વર્ષો અગાઉ અહીંના નગારચી તરીકે મ. લંઘા અલીમામદ સાલેમામદ ખાવરા આ બંને કાકા ભાઈઓના નામનો કચ્છમાં એક કાળે ડંકો વાગતો. એમની આશાપુરા મઢના નગારચી તરીકે નિયુક્તિ કરવામાં આવી હતી. **કચ્છના મહારાવશ્રી જ્યારે માતાજીના દર્શને પધારતા ત્યારે ખાસ રોકાઈને આ બંને ભાઈઓનું નોબત - શરણાઈવાદન સાંભળતા.** આ કલાકાર બેલડીએ નોબત શરણાઈની સાથોસાથ સારંગી અને તબલા સાથે કચ્છની લોકવાર્તાઓ કહેવાની કલા પણ હસ્તગત કરી હતી. મહારાવશ્રી મોડી રાત સુધી જાગીને એમની આ સંગીતમય લોકવાર્તાઓ માણતા. કલારસિકોમાં એમનું નામ ઊંચા આદર સાથે લેવાતું.

કચ્છી નોબત - શરણાઈ વાદકોના ઘરાનાના કેટકેટલા કલાકારો તૈયાર થયા! એક સમયે કચ્છના મોથારા ગામના વતની લંઘા મામદભાઈ સાલેમામદ ભેખાતિયા નોબતવાદક તરીકે ઊંચી ખ્યાતિ ધરાવતા હતા. એમણે આની તાલીમ આપીને ઘણાબધા ઉસ્તાદોને તૈયાર કર્યા હતા. એમનો સંગીતપ્રેમી પરિવાર આજેય નોબતવાદન કલાનું જતન કરી રહ્યો છે જ્યારે ગઢશીશામાં રહેતા માંડવી (કચ્છ)ના વતની લંઘા ઈબ્રાહીમ કાદરધીન લાલોર તથા તેમના પુત્ર ગનીતભાઈ લંઘા પણ નોબતવાદનમાં સારું માનપાન ધરાવે છે. આ થઈ લંઘા કલાકારોની વાત.

હવે કરીએ નોબત - શરણાઈવાદક મીર કલાકાર કસબીઓની વાત. **કચ્છમાં મીર જાતિના કલાકારોએ નોબત - શરણાઈ વાદન અને ગાયકીમાં ઘણી ઊંચી સિદ્ધિઓ હાંસલ કરી છે.** એમાંના એક છે માંડવી તાલુકાના બાપટ ગામના મ.મીર ઉમર

નુરમામદ દગા. તેઓ કચ્છના મોડ દરબારોના મીર ગણાતા. દરબારી પરિવારોમાં જ્યારે મેળાવડા, ઉત્સવો કે લગ્ન જેવા માંગલિક પ્રસંગો આવતા ત્યારે આ મીર પિતા-પુત્રની હાજરી અવશ્ય રહેતી. વળી મોડ દરબારોના કુળદેવ મોડપીર દાદા ગણાય છે. આ દાદાના સ્થાનકે ઉમર નૂરમામદના નોબત - શરણાઈના સૂર રેલાતા ત્યારે એને સાંભળવા માટે દૂરદૂરથી કલારસિકો ને ભાવિક ભક્તો મોટી સંખ્યામાં ભેગા થતાં. સમગ્ર કચ્છ અને ગુજરાતમાં તેમની ખ્યાતિ ખૂબ જ ફેલાઈ હતી.

બીજા દરબારી મીર હતા રોહા-કોટડાના મ.મીર હુસેનભાઈ અલારખા મેરિયા. તેઓ રોહા જાગીર (કવિ કલાપીનું સાસરું)ના દરબારી મીર હતા. રોહા દરબારમાં નગારખાનું હતું. તેમાં બેસીને આ કલાકાર બાપ-દીકરો સવાર-સાંજ નોબતવાદન કરતા. તેમનું નોબતવાદન અજોડ ગણાતું. રાજદરબારી કચેરીમાં અને માંગલિક પ્રસંગોમાં તેઓ નોબતવાદન કરી સૌના અંતરમાં આનંદનો અબીલ ગુલાલ ઉડાડતા. હુસેનભાઈ રોહા દરબારની કચેરીમાં રાજવી અને અમીર ઉમરાવો સામે બેસી સારંગી અને તબલા પર રસપ્રચુર લોકવાર્તાઓ માંડતા. **રાત ખૂટે, પ્રાગવડના દોરા ફૂટે પણ વાત ન ખૂટે.** પોતાની કલા દ્વારા દર્શકોને ખુશ કરીને એમણે અસંખ્ય ઈનામ - અકરામો મેળવ્યા હતા. બહુ મોટી નામના મેળવી હતી. રાજ દરબારે સંગીતકાર અને વાર્તાકાર તરીકે એમનો ભારે આદર થતો.

સમગ્ર મીર સમાજને ગૌરવ બક્ષનાર બીજા લબ્ધપ્રતિષ્ઠ નોબતના સોબતી હતા માંડવીના મ.મીર બાવલાભાઈ હાજીભાઈ પોસલા. એમનું નોબત - શરણાઈવાદન સાંભળવું એ જીવનનો એક લહાવો ગણાતો. તેઓ વાદકની સાથે અચ્છા ગાયક હતા. કચ્છી લોકગાયકી, કાફી, કચ્છી રાસુડા, કચ્છી દરબારી રેજા અને લોકધૂનો પર અજોડ કાબૂ ધરાવતા હતા. કચ્છના કોઈ પણ કલાકારને બાવલા મીર સાથે કાર્યક્રમ આપવા બેસવું એ બહુ મોટી વાત ગણાતી. પણ એમની સાથે મીર આદમભાઈ ઈસ્માઈલ નોબતવાદન કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દેતા. આ કલાકાર બેલડીને દેશી રાજ્યોના રાજવીઆ તરફથી ઉત્સવો પ્રસંગે નોબતવાદન માટે ખાસ નિમંત્રણ આપીને તેડાવતા. કચ્છી કલાપ્રેમીઓ આજેય એમને ભાવપૂર્વક યાદ કરે છે.

માંડવી - કચ્છના વતની અને બાવલાભાઈ મીરના ખાસ શાગીર્દ મીર આદમના પુત્ર મ.મીર હારુન ધીસુરાને બાવલાભાઈએ શરણાઈ વાદનની કલા સંપૂર્ણપણે શીખવી હતી. એ જ્યારે શરણાઈ વાદનનો કાર્યક્રમ આપતા ત્યારે દૂરથી સાંભળનાર થાપ ખાઈ જતા. એમને એમ જ લાગતું કે આ બાવલા મીરની જ શરણાઈ વાગે છે. ગુરુ મીર બાવલાની જેમ હારૂન આદમ, કચ્છી ગાયકીના પણ મોખરાના કલાકાર હતા. હારૂન મીરની શરણાઈ સાથે મ. મીર પીનુભાઈ ઈસ્માઈલ ઘેલા નોબતની સંગત કરતા. એમણે મીર આદમ ઉસ્તાદ પાસેથી તાલીમ લઈને નોબત વાદનમાં પ્રવીણતા પ્રાપ્ત કરી હતી. આ જોડી તબલા ને સારંગી ઉપર જાણીતા ઉસ્તાદો સાથે સંગત કરતી. રજવાડી મીર જ્ઞાતિના રેજાની કચ્છી ગાયકીમાં તેમનું નામ અને સ્થાન ઊંચું ગણાતું. એમણે તોપાના ગુરુઓ પાસેથી ગાયકીમાં પ્રાવીણ્ય પ્રાપ્ત કર્યું હતું. કચ્છના કલારસિકો આજેય એમને રાજઘરાનાના ગાયક તરીકે યાદ કરે છે.


કચ્છ વાગડના કટારિયા ગામમાં મીર અલીમામદ અલ્લારખ્ખા ઘોરા નામના નોબતવાદક થઈ ગયા. આ બાપબેટાની જોડી પણ ઠીકઠીક જાણીતી બની હતી. કચ્છના નાના મોટા ઉત્સવોમાં તેઓ નોબત-શરણાઈથી નવો પ્રાણ પૂરતા. મીર કલાકારોની શ્રેણીમાં એવું જ એક અનોખું નામ છે માંડવી - કચ્છના વતની અને મીર હારૂન ઉસ્તાદના પુત્ર અબુ મીરનું. તેમને નોબત વાદનની કળા ગળથૂથીમાં મળી હતી. કિશોરવયે એમણે પિતાશ્રી પાસેથી નોબત વાદનની તાલીમ લીધી હતી. આજે તેઓ આકાશવાણીના મોખરાના નોબત શરણાઈવાદક ગણાય છે. સરકારના અને સંસ્થાઓના જાહેર કાર્યક્રમોમાં તેઓ મીર જાતિની વેશભૂષામાં માથે પાઘડી બાંધી નોબત - શરણાઈવાદન કરવા બેસે છે. ત્યારે કચ્છી રજવાડી કલાકારોની યાદ તાજી થાય છે. અબુભાઈ શરણાઈ વગાડે ત્યારે તેમના ભાણેજ મીર હાજીભાઈ ફકીર મહંમદ અથવા તેમના નાના ભાઈ મીર સતારભાઈ નગારાવાદન માટે બેસે છે. સાથે બીજી શરણાઈ પર મીર નૂરમામદ ઈસ્માઈલ બેસે છે. આ મંડળીનું નોબત - શરણાઈ વાદન સાંભળવા દૂરદૂરથી લોકો ઉત્સવોમાં ઊમટી પડે છે.

કચ્છી સંગીત વિરાસતના આ છેલ્લા કલાકારો ગણાય છે. આજે લંઘા અને મીર પરિવારો પેઢી - પરંપરાના વારસાને ટકાવી રાખવા સંઘર્ષ કરી રહ્યા છે, એને જાળવવા જતન કરી રહ્યા છે, પણ ઈલેક્ટ્રોનિક વાજિંત્રોની ભરમાર વચ્ચે એ વારસાને જાળવવાનું કામ હવે એમનાય ગજા બહારનું થતું જાય છે. **નવી પેઢીના યુવાનોને પશ્ચિમના સંગીતનું ઘેલું લાગ્યું છે. પરિણામે કચ્છી નોબત - શરણાઈવાદકો, જોડિયા પાવા, મોરચંગ, હાની, સુરંદો, ઘડો અને મોરલી વાદનની કલાના કસબીઓની કલા અસ્તાચળના આરે આવીને ઊભી છે.** કચ્છમાં યોજાતા રણ મહોત્સવ જેવા મોટા ઉત્સવો દબદબાપૂર્ણ રીતે ઊજવાતા થયા છે. દેશ વિદેસથી આવતા પ્રવાસીઓ સમક્ષ કચ્છી કલાકારોને ગૌરવપૂર્ણ રીતે રજૂ કરવામાં આવે છે.

આ બધા છેલ્લી પેઢીના કલાકારો છે. કચ્છી સંગીત કલા અને લોકવાદ્યોનો આ વારસો અસ્તાચળના આરે આવીને ઊભો છે. **સરકાર, સંગીત નાટક અકાદમી, શ્રેષ્ઠીઓ અને ગુજરાત લોકકલા ફાઉન્ડેશન જેવી સંસ્થાઓ તરફથી કચ્છી કલા અને કલાકારોને જીવતદાન મળે એવી કોઈ નક્કર યોજના આકાર લે તો અનેક કચ્છી કલાકાર પરિવારોને જીવતદાન મળી જાય.** એમની તાવડી પોરો ન ખાઈ જાય. એ શુભ દિવસની આતુરતાપૂર્વક રાહ જોઈએ.

*'સજ્જન સ્મૃતિ', ૨, પ્રોફેસર્સ કોલોની,*
*વિજય ચાર રસ્તા, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.*

*(મંગલ મંદિર, જાન્યુઆરી-૨૦૧૩)*



# ઘડપણમાં સુખી કેવી રીતે થવાય?



દિનેશ પાંચાલ

રહી રહીને એક વાત સમજાય છે. સુખી થવા માટે ફક્ત ઈશ્વરની કૃપા પૂરતી નથી. સુખી થવાની આવડત પણ હોવી જોઈએ. ધનદોલત પૂરતાં હોય પણ તેમાંથી આનંદ પ્રાપ્ત કરતા આવડવું જોઈએ. આનંદ એટલે સુખની શેરડીમાંથી બનતો ગોળ! ઘડપણ જિંદગીનો ડેન્જર ઝોન ગણાય. ૮૮ વર્ષના કોઈ વૃદ્ધનું શરીર ચોરસફૂટના હિસાબે રોગોએ વહેંચી લીધું હોય ત્યારે તેની દશા, એક હરણ પર ત્રાટકતા ત્રણ વાઘ જેવી થઈ જાય છે. અનુભવીઓ એથી જ કહે છે કે ઘડપણમાં ગીતા વાંચવા કરતાં અખબારોની આરોગ્યપૂર્તિ વાંચવાથી વધુ ફાયદો થાય છે. સુખી થવા માટે ઘડપણમાં વૃદ્ધો શું કરી શકે અથવા તેમણે શું કરવું જોઈએ તે પર નજર ફેરવીએ.

૧. વૃદ્ધોએ સમાજ માટે કાંઈક કરવું હોય તો સૌપ્રથમ તેમણે પોતાની જાત સારી રાખવી જોઈએ. કેટલાંક વૃદ્ધોને ખાવા પીવાની કે વ્યસનોની બૂરી લત હોય છે. દીકરાઓ તેમને સમજાવે તોય તેઓ તે છોડતા નથી. નશાની હાલતમાં ક્યાંક પડ્યા તો કમરના મણકા ભાંગી જાય છે અને ભાંગેલા મણકા માત્ર વૃદ્ધની જ નહીં દીકરાઓની પણ કમર ભાંગી નાખે છે. (યુવાને સંતાનોને પણ કહેવાનું પ્રાપ્ત થાય છે કે તમે માંદા પડશો અને વેળાસર દવા નહીં કરાવશો તો તેમાં એટલું નુકસાન નહીં થાય પણ વૃદ્ધોની સારવારમાં ઢીલ કરશો અને તેઓ ખાટલો પકડી લેશે તો આખા ઘરની પથારી ફરી જશે. એથી વૃદ્ધોની સારવારને અગ્રીમતા આપો.)

૨. વૃદ્ધોએ તેમની પાસે જે કાંઈ મૂડી હોય તેને ઘડપણના સુરક્ષા કવચ તરીકે સાચવી રાખવી જોઈએ. ઘણાં વૃદ્ધો રિટાયર થયા પછી પી.એફ. ગ્રેજ્યુઈટી વગેરેના પૈસા સંતાનોને વહેંચી આપે છે. ઘડપણની આ ગંભીર ભૂલ ગણાય. યાદ રહે, તમારા મૃત્યુ પછી એ પૈસા તેમને જ મળવાના છે. એથી ઉતાવળે હાથ કાંડા કાપી આપવાની ભૂલ કરવી જોઈએ નહિ.

૩. ઘડપણમાં દેવદર્શન, ભક્તિ, પૂજાપાઠ વગેરે કરવાથી શાંતિ મળતી હોય તો ભલે તેમ કરો પણ શ્રદ્ધાના અતિરેકમાં અંધશ્રદ્ધાળુ બનવું જોઈએ નહીં. ઘડપણમાં દેવ કરતાં દેહ તરફ વધુ ધ્યાન આપવું જરૂરી છે. વર્ષમાં એક સત્ય નારાયણની કથા નહીં કરાવો તો ચાલશે, પણ એકવાર બોડી ચેક-અપ તો અવશ્ય કરાવવું જ જોઈએ.

૪. સુગર, પ્રેસર, વા વગેરે રોગો હોય તો તે માટે નિયમિત ચેક-અપ તથા જરૂરી દવા કરવામાં લાપરવાહી કરવી જોઈએ નહીં. દેહના કોઈ પણ રોગને ઘડપણમાં નજરઅંદાજ કરશો તો તે રોગ આખા કુટુંબને બાનમાં લેશે. અમારા બચુભાઈ કહે છે : ‘ઘરમાં ટી.વી. અને બીબી ન હોય તો ચાલે પણ દેહમાં ટી.બી. કે બી.પી. ન હોવા જોઈએ!’

૫. તમારા ઘરેણાં તથા મિલ્કતના મહત્ત્વનાં દસ્તાવેજો બને તો બેંકના લોકરમાં રાખો. પણ એટલું યાદ રાખવું કે બેંકમાં લોકર હોવા કરતાં ઘરમાં વોકર હોવું વધુ જરૂરી છે. ઘડપણમાં રોજ ચાલવું જરૂરી છે. યાદ રહે, સોના-ચાંદી, ઘરબાર, જમીન-જાયદાદ એ ભૌતિક સંપત્તિ છે. જીવનમાં એ પણ ઉપયોગી છે પરંતુ હિમોગ્લોબીન, રક્તકણ, શ્વેતકણ, કેલ્શિયમ વગેરે દેહની ભીતરી મિલ્કત ગણાય. એ મિલ્કત વિના બાહ્ય મિલ્કતનો આનંદ મળી શકતો નથી. મોટી માંદગી આવી પડે ત્યારે કંગન, નેકલેસ કે બંગડીઓના બીલ કરતાં કાર્ડિયોગ્રામ, એન્ડોસ્કોપી કે બાયોપ્સીનું બીલ વધારે આવે છે. પૈસા ન હોય તો બંગડી વેચીને બાયોપ્સી કરાવવી પડે એવા સંજોગો પણ આવે છે. એથી ઘડપણમાં માત્ર બાહ્ય મિલ્કતની જ નહીં, આંતરિક મિલ્કતની પણ કાળજી લેવી જોઈએ.

૬. ઘડપણમાં એક બીજું પણ શાણપણ દાખવવું જરૂરી છે. નોકરી ધંધાની વિકટ જવાબદારીમાં તણાવયુક્ત જીવન જીવી રહેલા દીકરાઓ પર બને ત્યાં સુધી તમારી કોઈ જવાબદારી ન લાદો. બલકે પરોક્ષ રીતે તેમને અનુકૂળ બની રહેવાય એવી રીતે જીવો. કુટુંબમાં કોઈ જોડે લડો નહીં. સૌ જોડે આનંદથી હળો મળો. ઘરના કોઈ પણ નાના મોટા કામમાં શક્ય એટલા સહાયરૂપ થાઓ. દીકરા વહુઓની દિનચર્યામાં માથું મારવાનું તો ખાસ ટાળો. તમને કાંઈ પૂછવામાં ન આવે ત્યાં સુધી ઘરમાં કોઈને સલાહ ના આપો. કોઈ બાબતે મમતે ના ચઢો. વડીલપણાના કેફમાં તમારો જ કક્કો ખરો ના કરાવો. તમારે કારણે ઘરના

સભ્યોને માથે કોઈ વધારાની જવાબદારી આવી પડે એવું કાંઈ ન કરો. જેમકે સવારે તમારી સાથે ચાલવા જતા દસ પંદર મિત્રોને કદી ભોજન માટે ઘરે આમંત્રણ આપો નહીં. (ઈચ્છા થાય તો તેમને બાગમાં નાસ્તો કરાવી શકાય.) દીકરા વહુ મહિને કેટલી ફિલ્મ જુએ છે તથા કેટલીવાર બહાર જમે છે તેનો હિસાબ રાખવાને બદલે બે દિવસથી તમને ઝાડો ખુલાસીને થતો નથી. જો હરડે લેવાનું ચૂકી જવાશે તો ગંભીર ગેસ ટ્રબલ થઈ જશે એ વાત પર ધ્યાન આપો. યાદ રહે, દીકરાઓને કેવળ મિલ્કત આપીને જ સુખી કરી શકાતા નથી, ઘડપણમાં તમારા તરફથી તેમને ઓછામાં ઓછી તકલીફ પડે એ રીતે જીવો તો દીકરાઓ માટે તે અદશ્ય આશીર્વાદ બની રહેશે.

૭. તમારા રોગ પ્રમાણે પરેજી કરવાનું કદી ચૂકવું નહિ. દાદાને ઉગ્ર એસિડીટી હોય છતાં રોજ ભજિયાનો નાસ્તો જોઈતો હોય અથવા ત્રણસો જેટલું સુગર રહેતું હોય તોય દાદા ઘીમાં લચપચતો શીરો ખાવાની ફરમાઈશ કરતા હોય તો તેવી વૃદ્ધહઠ વહેલી તકે છોડી દેવી જોઈએ.

૮. કોઈ પણ રોગ થયો હોય તો તે માટે ડૉક્ટર પાસે જવાને બદલે ભગત ભૂવાનું મંત્રેલું પાણી પીવું, તાંત્રિકોના માદળિયા બાંધવા કે બાધા આખડીમાં પડવું એ નરી અંધશ્રદ્ધા ગણાય, જે પાછળથી બહુ મોંઘી પડી શકે છે.

૯. તમારું શરીર રજા આપતું હોય તો સામાજિક પ્રવૃત્તિઓમાં યોગદાન આપવું જોઈએ. સિનિયર સિટીઝન ક્લબ અથવા એ પ્રકારની બીજી સેવાભાવી સંસ્થાઓ સાથે જોડાઈને માનદ્ સેવા આપવી જોઈએ. સારા પુસ્તકો અને સારા મિત્રો એ જીવનની શ્રેષ્ઠ મિલ્કત ગણાય. એથી હંમેશાં ઉત્તમ પુસ્તકો અને સારા મિત્રોની સોબત કેળવો. સારું વિચારી શકવાની ક્ષમતા હોય તો મિત્રો સાથે તમારા વિચારો શૅર કરો. લખી શકતા હો તો અખબારોમાં મંતવ્ય લખો. જાહેર વ્યવસ્થા કે રાજકીય અરાજકતાઓ અંગેના પ્રશ્નો વિશે અખબારોમાં ચર્ચા કરો. પ્રવચનો ગોઠવો. તમે વૃદ્ધ થઈ ગયા છો એવી લાચારીનો ભાવ પરાણે મન પર લાદીને જીવશો નહીં. ઘડપણ ભલે દેહમાં પડ્યું રહેતું... એને મન પર હાવી થવા દેશો નહીં.

૧૦. રક્તદાન, દેહદાન, ચક્ષુદાન તથા હોસ્પિટલોમાં માનદ્ સેવા જેવી પ્રવૃત્તિઓ દ્વારા તમારા નિવૃત્તિકાળનો સુંદર વિનિયોગ કરો. તમારી જાતને હંમેશાં સમાજસેવામાં જોતરેલી રાખશો તો તમારા પોતાના દુ:ખો ભૂલી જશો. ઘરનાઓ સહિત આખો સમાજ તમને માનથી જોશે અને તમને અનોખો સંતોષ મળશે.

૧૧. સિનિયર સિટીઝન ક્લબમાં સૌ ભેગા મળી અનેક પ્રકારના રચનાત્મક કામો અંગે ચર્ચા વિચારણા કે પ્રવૃત્તિઓ કરી શકાય. પ્રવાસો ગોઠવી શકાય. ડૉક્ટરો, કલાકારો, વકીલો કે મેડીક્લેઈમના નિષ્ણાતના પ્રવચનો ગોઠવી તેમના જ્ઞાનનો લાભ મેળવી શકાય. માનવતાને વરેલા મંદિરો, ઘરડાઘરો, અનાથાશ્રમો કે લોકકલ્યાણના ટ્રસ્ટો સાથે મળી સમાજ ઉપયોગી કામો કરવા એ ભગવાનની ભક્તિ કરતાંય વધુ ઉપયોગી પ્રવૃત્તિ છે.

૧૨. લગ્ન, સીમંત, મોસાળુ, પહેરામણી કે જનોઈ જેવાં સામાજિક ખર્ચાળ રિવાજોમાં આંધળો ખર્ચ કરી ઘડપણની બચતને ફૂંકી મારવા જેવી ભૂલ કદી કરશો નહિ. લગ્ન હંમેશાં સાદાઈથી કરવા. જીવનમાં માંદગી ટાણે પૈસાની સાચી જરૂરિયાત ઊભી થાય છે ત્યારે ત્યાં કસર થઈ શકતી નથી. યાદ રહે, લગ્ન સાદાઈથી થઈ શકે પણ ઑપરેશન સાદાઈથી કરી શકાતું નથી. ભલે તમે જૂની પેઢીના માણસ હો પણ સમયના પરિવર્તનો સ્વીકારીને તે પ્રમાણે તમારા વિચારોને 'અપડેટ' કરવા તૈયાર રહો. જૂનવાણી કે જર્જરિત વિચારોને તિલાંજલિ આપી વિવેકબુદ્ધિ પ્રમાણે જીવનને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં ઢાળો. વહેમ, અંધશ્રદ્ધા, શુભ-અશુભ ચોઘડિયા, જન્માક્ષરો, જ્યોતિષ, વાસ્તુશાસ્ત્ર કે બાધા - આખડી વગેરેને તિલાંજલિ આપી જીવનને આધુનિક પરિવેશમાં ઢાળો.

આવી તો અનેક બાબતો છે જે ઘડપણમાં સુખથી કેમ જીવવું તે અંગે દિશાસૂચન કરે છે. જિંદગીની જાત્રા પ્રસૂતિગૃહથી સ્મશાનગૃહ સુધી અને ઘોડિયાઘરથી ઘરડાઘર સુધી વિસ્તરે છે. જીવન અને મૃત્યુ એક સિક્કાની બે બાજુ છે. જ્યોર્જ સાંતયાનાએ કહ્યું છે : 'જિંદગી અને મોતનો કોઈ ઉપાય નથી. ઉત્તમ તો એ જ કે એ બે વચ્ચેના સમયગાળાને પૂરેપૂરો માણી લેવો!'

સૌ વૃદ્ધોને અને 'મંગલ મંદિર'ના વાચકમિત્રોને સુખી જીવનની હાર્દિક શુભેચ્છા પાઠવું છું!


**ધૂપછાંવ**

*જીવન બીજું કાંઈ નહીં, બાવન પત્તાની વાત છે;*
*એક્કો, દૂરી, ગુલામ, બાદશાહ ભાગ્યતણી સોગાત છે.*
*કળા શીખી લો રમવાની તો જીત તમારી સાથ છે;*
*સારું નરસું... મારું તારું... મનના સૌ ઉધમાત છે.*
*રાખ થાય છે સૌની સરખી, વ્યર્થ બધી પંચાત છે!*

*– મુનિ ચંદ્રજી વિજયજી 'આનંદ' (બંધુ ત્રિપુટી)*

*સી-૧૨, મજૂર મહાજન સોસાયટી, ગણદેવી રોડ, જમાલપોર, નવસારી-૩૯૬ ૪૪૫. મો. ૯૪૨૮૧ ૬૦૫૦૮*

*(મંગલ મંદિર, ફેબ્રુઆરી-૨૦૧૩)*



# પરિવર્તનના પ્રવાહો



શાંતિલાલ સંઘવી

આપણી કચ્છી જૈન કોમ સાધારણ રીતે શિક્ષિત ગણાય છે. અન્ય કોમોની સરખામણીએ શાંત અને સમજદાર લેખાય છે. સાવ અભણ હોય એવી વ્યક્તિ આ કોમમાં ભાગ્યેજ મળે.

**છેલ્લા ૫૦-૬૦ વર્ષો દરમ્યાન આપણી કોમમાં ભૂતકાળમાં વિચાર પણ ન કરી શકાય એવા સામાજિક સુધારા થયા છે.** હવે શાળાઓમાં અને ઉચ્ચ શિક્ષણની કોલેજો અને સંસ્થાઓમાં છોકરા - છોકરીઓ છૂટથી હળે મળે છે, હાથ મિલાવે છે, ખભે ધબ્બા મારે છે, અરસપરસ ભેટે છે અને ઘણા કિસ્સામાં પોતાના જીવનસાથીની પસંદગી પણ કરી લે છે. પાર્ટી - મેળાવડામાં બંને પક્ષો થોડી છૂટછાટ પણ લઈ લે છે. વિવિધ નિમિત્તે યોજવામાં આવતી પાર્ટીઓ હવે સહજ લેખાય છે અને તેમાં નાના-મોટા છોકરા - છોકરીઓથી માંડીને સીનિયર સિટીઝન સ્ત્રી પુરુષો પણ મસ્ત બનીને કશા જ સંકોચ વગર નાચવાનો લહાવો લે છે. સાસુ-વહુ વચ્ચે અનેક જગાએ બહેનપણા જેવા સંબંધો જોવા મળે છે. સસરા - પુત્રવધૂ વચ્ચે નિખાલસ બાપ-દીકરી જેવા સંબંધો પણ જોવા મળે છે. એકબીજાની મજાક મશ્કરીઓ પણ થાય છે. નાનેરાઓ મોટાઓની ટીકા અને ફિલ્મ ઉતારતા હોય છે. ઘણા ઘરોમાં યુવાન પુત્રવધૂઓ નવો ડ્રેસ અથવા નવી સાડી પહેરીને સજીધજીને ખુદ સસરાને જ પૂછે છે, 'પપ્પા, હું કેવી લાગું છું?' બે સંતાનોની મા પણ લગ્ન જેવા પ્રસંગોએ યોજાતી સંગીત સંધ્યાઓમાં સ્ટેજ પર આધુનિક નૃત્ય કરતી જોવા મળે છે. વેવાઈઓ નાચે છે - વેવાણો નાચે છે! આવી ઘણી બાબતોમાં હવે રૂઢિચુસ્તતા જોવા મળતી નથી. સિત્તેર પ્લસ - એંસી પ્લસવાળા સુપર સીનિયર સિટીઝનોએ પણ બધું સ્વીકારી લીધું છે. કેટલાકને કદાચ એમાંનું કશુંક ન પણ ગમતું હશે છતાં હવે કોઈ એમનું સાંભળવાનું નથી. દુનિયા - સમાજ ઘણો આગળ વધી ગયો છે. આજથી ૫૦-૬૦ વર્ષ પહેલાં એમાંની જે બાબત સાવ અશક્ય અને અસ્વીકાર્ય હતી તેવી ઘણી બાબતો હવે સહજ - સામાન્ય છે.

જોકે દુનિયામાં કોઈ જ બાબત ૧૦૦ ટકા સારી હોતી નથી - એમાં જોખમો રહેલા જ હોય છે. તેજ રીતે કોઈ બાબત ૧૦૦ ટકા ખરાબ પણ હોતી નથી. લાભ ઉઠાવનારા અને દુરુપયોગ કરનારા તો દરેક કાળે રહેલા જ હોય છે. અને એના સારા માઠા પરિણામો સમાજ ભોગવે જ છે. શ્રીમંતો તરફથી થતો પૈસાનો દેખાડો અને પૈસાનો દુર્વ્યય હવે અટકાવી શકાય એવું લાગતું નથી. નામના અને વાહવાહનો મોહ છૂટે એમ લાગતું નથી. ટૂંકી જિંદગીમાં શક્ય એટલી મોજમજા માણી લેવાની વૃત્તિ દિન પ્રતિદિન વધતી જાય છે. 'આજની ઘડી તે રળિયામણી.' કાલ કોણે દીઠી છે? પાસે પૈસો છે તો વાપરો. ખબર છે કે અમુક રીતે પૈસા વાપરવાથી શરીર અને મન બગડે છે. પણ એની કોઈને ચિંતા નથી. ખાવામાં અને પીવામાં અનેક લોકો લિબરલ બની ગયા છે. **યુવાનોમાં કૌવત - બહાદુરી - શૂરવીરતા - ખુમારી - આત્મવિશ્વાસ રહ્યા નથી. યુવતીઓ સ્વરક્ષણ કરી શકે એવી તાલીમ લેતી નથી. ગંભીરતાપૂર્વક શિક્ષણ લેનારા વિદ્યાર્થીઓ ઘટતા જાય છે - ડિગ્રીવાળા વધતા જાય છે. પણ વિશિષ્ટ આવડતવાળા - કશુંક અસામાન્ય કરી બતાવનારા ઘટતા જાય છે. ટી.વી. નામની ચૂડેલે તો એવો સખત ભરડો લીધો છે કે સદવાંચન નામની ચીજ સાવેસાવ વીસરાઈ ગઈ છે.**

અનેક લોકોએ 'સેલ ફોન'થી થતા નુકસાન બાબતે વારંવાર લખેલ છે પરંતુ નાના બાળકોથી માંડીને વૃદ્ધો સુધી તેને કાને લગાડીને સતત ફરતા રહે છે. સેલ ફોનનો ઉપયોગ અનિવાર્ય હોય ત્યાં જ અને ત્યારે જ કરવો જોઈએ એ વાત હવે કોઈ સાંભળતું નથી. પાર્ટીઓ અને મેળાવડામાં હાઈ વોલ્યુમવાળા સ્પીકરો દ્વારા અસાધારણ ઘોંઘાટ થાય છે - પ્રદૂષણ થાય છે એ વિશે વિચાર કરવાની પણ કોઈની મરજી નથી. બુફે ભોજન પદ્ધતિમાં અસાધારણ બગાડ થાય છે પણ હવે એનો કોઈ ઉપાય રહ્યો નથી.

લગ્નોમાં પણ ગોર મહારાજો જાતજાતની બિનજરૂરી અને હાસ્યાસ્પદ વિધિઓ કરાવે છે. જે વધારે અને આંટીઘૂંટીવાળી વિધિઓ કરાવે તે શાસ્ત્રી વધુ વિદ્વાન એવી માન્યતા જોર પકડતી જાય છે. સ્વાભાવિક છે કે ગોર મહારાજ તો પોતાના પેટ માટે કરે છે. એનો દોષ ન કાઢી શકાય પણ આપણી વિચાર શક્તિને લકવો લાગી ગયો છે. કેટલીક સંગીત સંધ્યાઓમાં સારા મેલોડિયસ ગીતો પણ રજૂ થાય છે પણ મોટેભાગે રીધમ આધારિત છીછરા ગીતો પર નૃત્યો થતા હોય છે અને લોકો મૂરખની જેમ ઉત્સાહિત થઈને તે માણતા હોય છે. શિષ્ટતાનું ધોરણ જળવાતું નથી. કોઈ ભૂલેચૂકે જો સાદગી કે કરકસરની વાત કરે તો તેને ગાંડો ગણી લેવામાં આવે છે.

**આનું જ નામ પરિવર્તન.** સારાની સાથે નરસું અને નરસાની સાથે સારું સદાકાળથી જોડાયેલું છે અને રહેવાનું છે. માત્ર અને માત્ર સ્વતંત્ર બુદ્ધિ ધરાવતા માણસો જ ફક્ત સારું ગ્રહણ કરી નરસાનો ત્યાગ કરી શકતા હોય છે. અને એવા માણસો સમાજમાં ઘણા ઓછા, લઘુમતીમાં જ હોય છે. જ્યાં ખુદ ભગવાનનું પણ કોઈ સાંભળતું નથી ત્યાં કોઈ એકલદોકલ વ્યક્તિનું તો કોઈ ક્યાંથી સાંભળે?

અને છતાં અન્ય ઘણી કોમોની સરખામણીએ કચ્છી જૈન કોમે ઘણી પ્રગતિ કરી છે. દહેજની અપેક્ષા - માગણી લગભગ નાબૂદ થઈ ચૂકી છે. લગ્નમાં જ્ઞાતિબાધ રહ્યો નથી. ભ્રૂણ હત્યા જેવી નિંદાપાત્ર પ્રવૃત્તિનો સદંતર અભાવ જણાય છે. લોકો દીકરીના જન્મને આવકારતા થયા છે. કોઈ વહુ હવે બળી મરી હોય કે કૂવે પડીને આપઘાત કર્યો હોય એવો કોઈ કિસ્સો સાંભળવા મળતો નથી. ઘરોમાં પણ ગૃહિણીઓનો અવાજ અને અભિપ્રાય અગત્યના ગણાય છે. મોટી ઉંમરના પુરુષો જૂના જમાનામાં જોવા મળતું તેમ નાની ઉંમરની કન્યાઓને બીજીવારની કે ત્રીજીવારની વહુ બનાવી લાવતા, તે હવે સ્વપ્નવત્ બની ચૂક્યું છે. હવે ન ફાવે તો સાસરીમાં ‘પડ્યું પાનું નિભાવવા’ કોઈ વહુ રોઈ - કકળીને બેસી રહેતી નથી પણ બેધડક છૂટાછેડા માગી લે છે અને આર્થિક રીતે સ્વનિર્ભર બનીને જિંદગીભર સિંગલ રહી બાળક હોય તો પણ તેને ઉછેરી - સંભાળીને જીવન પ્રવાહ જીરવી લે છે. **અનેક ક્ષેત્રોમાં તો છોકરાઓ કરતાં છોકરીઓ વિશેષ આગળ નીકળી ચૂકી છે.** છોકરીઓ વધારે ગંભીરતાથી ભણે છે. આ તમામ સામાજિક પરિવર્તનો મારી દૃષ્ટિએ આવકારદાયક છે.

પરંતુ કેટલીક બાબતોમાં આપણે પાછળ છીએ. આપણા છોકરા - છોકરીઓ આપણી મૂળ દાદી ભાષા સંસ્કૃત બિલકુલ શીખતા નથી. **માતૃભાષામાં પણ પાવરધા હોતા નથી. શાસ્ત્રીય કે ઉપશાસ્ત્રીય સંગીતમાં તો લગભગ ઝીરો જેવી હાલત છે. સાહિત્ય રસમાં પણ સ્થિતિ જરાય સારી નથી.**

સંસ્કૃત તેમજ માતૃભાષાનું જ્ઞાન નથી તો આપણી ધર્મભાષા પ્રાકૃત પણ કોઈ શીખતા નથી. એટલું જ નહીં પણ આપણા દેશની ભગિની ભાષા મરાઠી કે બંગાળી જેવી પણ શીખતા નથી. અંગ્રેજી સિવાયની ફ્રેંચ કે સ્પેનિશ ભાષા પણ શીખતા નથી. ઉર્દુ પણ શીખતા નથી. કલા પ્રવૃત્તિઓમાં પણ રસ લેતા નથી. **અને વ્યાયામ? એની તો વાત જ ના કરશો.**

સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિ કાત્જુ સાહેબે કહેલી વાત કે ‘આપણા દેશના ૯૦% લોકો મૂર્ખ છે’ બધાના ધ્યાનમાં જ હશે.

આપણે પોતે આ ૯૦%માં છીએ કે લઘુમતી ૧૦%માં છીએ એનો આપણે જાતે જ આત્મનિરીક્ષણ કરી નિર્ણય કરી લેવો જોઈએ.

માત્ર પૈસા કમાવાથી ચારિત્ર્ય ક્ષમતા કે જ્ઞાન ક્ષમતા આવી જતી નથી. કોઈ પોતે જ પોતાને હોશિયાર સમજે એની ઝાઝી કિંમત નથી.

**પરિવર્તનો કદી અચાનક આવી ચડતા નથી. બહુ જ ધીમે ધીમે પરંતુ મક્કમ ગતિથી આવતા રહે છે.** અને તે જીવનના કોઈ એક જ ક્ષેત્ર પૂરતા નથી આવતા પરંતુ જીવનના તમામ ક્ષેત્રોમાં નિશ્ચિતપણે પ્રવેશે છે. જડસુ રૂઢિચુસ્તો અને પરંપરાવાદીઓ ગમે તેટલા બૂમબરાડા પાડે તો પણ પરિવર્તનને અટકાવી શકતા નથી.

**આર્થિક, સામાજિક, ધાર્મિક, રાજકીય, શૈક્ષણિક, ઔદ્યોગિક વગેરે ક્ષેત્રે જે જે પરિવર્તનો આવ્યા છે અને આવી રહ્યા છે તે તમામના સારા અને નરસા બંને પ્રકારના પરિણામો કશી જ ફરિયાદ કર્યા વગર સ્વીકારવાની અને ભોગવવાની સૌએ તૈયારી રાખવી પડશે.**

પરિસ્થિતિ આવી છે છતાં મારે મારા જૈન યુવાનો અને યુવતીઓને જરા આગ્રહપૂર્વક કહેવાનું છે કે મિત્રો, લોલે લોલ ન કરો. બધા કરે છે એમ ન કરો, હરગીઝ ન કરો. **નીચી મૂંડી રાખીને અર્થ વગરના રિવાજો અને રૂઢિઓનો સ્વીકાર ન કરો.** માન્યું કે તમારી પાસે અને તમારા માતા-પિતા પાસે અઢળક પૈસો છે પણ મિત્રો, પૈસાનો દેખાડો અને ધૂમાડો કરવા માટે ખાસ અક્કલની જરૂર પડતી નથી. એ કામ તો મૂર્ખ લોકો પણ કરી શકે છે પરંતુ પૈસાનો સદુપયોગ કરવા માટે અક્કલની જરૂર પડે છે. દુનિયા શું કરે છે તેની પરવા ન કરો, નમાલા બનવાની બિલકુલ જરૂર નથી. **તમે ક્રાંતિ નહીં કરો તો શું અમારા જેવા ‘ડોહાઓ’ ક્રાંતિ કરશે?**

પ્રભુની બનાવેલી દુનિયામાં કશું જ અશુભ નથી. કમૂરતા - સમૂરતા, શુકન - અપશુકન, શુભ - અશુભ ચોઘડિયા — બધું જ માત્ર ભ્રમણા છે. **બધા જ દિવસો સારા જ છે. એકેય દિવસ ખરાબ નથી. આ બધું તો બ્રાહ્મણોએ પેટ માટે ફેલાવેલી માયાજાળ છે.** તમે શા માટે ડરપોક બનો છો? શા માટે ભગવાન પર વિશ્વાસ રાખતા નથી? તમે યુવાન છો, બુદ્ધિશાળી છો, કોઈની વાતમાં ભરમાઈ જતા નથી એ પુરવાર કરો. મક્કમ બનો, મજબૂત બનો અને ‘ના’ પાડતાં શીખો. ફરીવાર કહું છું કે **બધા (૯૦ ટકાવાળા?) કરે છે તેમ ન જ કરો. તમારી જાતને ૧૦ ટકા વાળાઓમાં સામેલ કરો.**

**છે કોઈ એવો મરદ, છે કોઈ એવો વીરલો કે વીરલી, છે કોઈ એવો પ્રભુનો લાડકવાયો જે બરાબર કાળી ચૌદસના દિવસે લગ્ન કરવા તૈયાર થાય?** છે કોઈ ભગવાનના ન્યાયમાં સાચી શ્રદ્ધા ધરાવનાર?

*આરએચ-૨, પુણ્યશ્રી એપાર્ટમેન્ટ, કાશીરામ અગ્રવાલ હોલની પાસે,*
*અમદાવાદ-૩૮૦ ૦૧૫. ફોન : ૨૬૩૦૧૭૨૯*

***(મંગલ મંદિર, માર્ચ-૨૦૧૩)***

તંત્રીલેખ

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તેના સુવર્ણ જયંતી વર્ષના પૂર્ણાહૂતિ સમારંભના સમયે....



અશોક મહેતા

સામાન્યપણે દરેક પ્રકારના પ્રાણી, જીવજંતુ વગેરે સમૂહમાં રહેવા ટેવાયેલા હોય છે. મનુષ્ય પણ સમૂહમાં રહેવા ટેવાયેલો છે, તેથી તેને સામાજિક પ્રાણી કહેવામાં આવે છે. સમાજની વ્યાપકતા અલગ અલગ સમયે અલગ અલગ પ્રકારની હોઈ શકે. ભારતીય સમાજ, ગુજરાતી સમાજ, કચ્છી સમાજ, જૈન સમાજ વગેરે પ્રકારના વિભાગોથી લોકો સમાજ બનાવે છે. સામાન્યપણે પ્રદેશ કે જ્ઞાતિના ધોરણે રચાતા સમાજો નાના પ્રકારના હોય છે અને લગભગ દરેક મનુષ્ય પોતપોતાના સમાજમાં હિસ્સેદારી લેતો હોય છે. સામાન્યપણે આ પ્રકારના સમાજોનો વિકાસ ભારતભરમાં થવા પામેલ છે અને નાના નાના સમુદાયો દ્વારા કરવામાં આવતા વિકાસના કાર્યોને એક સૂત્રે સાંકળીએ તો ભારતભરના સમાજોએ કરેલ આ પ્રકારના કાર્યોના કારણે સમગ્ર ભારતનો પણ વિકાસ સંધાતો રહે છે.

એ અલગ વાત છે કે નાના નાના સમુદાયના કારણે દરેક પ્રદેશમાં પ્રદેશવાદ કે જ્ઞાતિવાદ વિકસ્યો છે અને મારા-તારાનો ભેદ ઉપસી આવતો દેખાય છે કે જે લાંબેગાળે રાષ્ટ્ર માટે નુકસાનકર્તા બની રહે છે. અને તેથી જ સમાજના ડાહ્યા મોભીઓ પોતાનાથી શક્ય બને તેટલા પ્રમાણમાં પોતાના સમાજને વિશાળતા તરફ લઈ જવા પ્રયત્નશીલ રહેતા હોય છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, એ આ પ્રકારનો સમાજ છે કે જેની દૃષ્ટિ હંમેશાં વિશાળતા તરફ તકાયેલી રહે છે અને તેથી તેના કાર્યોમાં પણ હંમેશાં વિશાળતા તરફના પ્રયાણ જોવા મળે છે. તા. ૧૩ એપ્રિલ, ૨૦૧૩ ના રોજ તેની સ્થાપનાને ૫૦ વર્ષ પૂરા થાય છે. તા. ૧૪ એપ્રિલ, ૨૦૧૩ના રોજ જ્યારે તે ૫૧ માં વર્ષમાં પ્રવેશ કરી રહેલ છે ત્યારે તેની પ્રવૃત્તિઓ પર સર્વગ્રાહી નજર ફેરવી લેવી જરૂરી છે.

સૌપ્રથમ તેણે શરૂઆત કરી સમાજ પરિવારના સભ્યો માટે કલ્યાણકારક યોજનાથી. સમાજના સભ્ય પરિવારોને શૈક્ષણિક ક્ષેત્રે, મેડિકલ ક્ષેત્રે તથા અન્ય અનેક ક્ષેત્રોમાં વર્ષ દરમ્યાન તે સારી રીતે આર્થિક સહયોગ આપી રહેલ છે. સમાજ પરિવારના સભ્યોના પ્રશ્નો ઉકેલવા તે હંમેશાં કાર્યરત રહે છે.

આ સમય દરમ્યાન અમદાવાદમાં અલગ અલગ વિસ્તારમાં તેણે ત્રણ ભવનો ઊભા કર્યા : (૧) ગીતા મંદિરના 'સેવા ભવન' પર અતિથિ ભવનના ૧૦ રૂમો, બે ડોરમેટરી તથા કોઈ પણ કચ્છી વિદ્યાર્થી માટે હોસ્ટેલ ચાલુ કરેલ છે. (૨) શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર અતિથિ ભવનના ૨૫ રૂમોની સગવડ ઉપલબ્ધ કરાવેલ છે. અહીં ૪૦૦ વ્યક્તિનો સમાવેશ થઈ શકે તેવા વાતાનુકૂલિત સાંસ્કૃતિક હોલની સગવડતા ઉપલબ્ધ છે. અહીં મેડિકલ સેન્ટર પણ ખૂબજ કિફાયતી દરે કાર્યરત રહેવા પામેલ છે. મેડિકલની ૨૬ બ્રાંચો, દર અઠવાડિયે ૬૦થી વધુ એમ.ડી. કક્ષાના ડૉક્ટરોની સુવિધા, પરીક્ષણના લગભગ તમામ પ્રકારના સાધનો અને ફીઝિયોથેરાપી સેન્ટરની સેવા પણ અહીં ઊભી કરવામાં આવેલ છે. અને તેથીજ દરરોજની ઓ.પી.ડી. ની સંખ્યા હવે ૪૫૦ને પણ પાર કરી ગયેલ છે. થોડા જ સમયમાં તે ૫૦૦ની સંખ્યાએ પહોંચશે. અમદાવાદની સમગ્ર જનતા માટે આ એક અમૂલ્ય સવલત છે કે જેનો ચિતાર ત્યાં મુલાકાત લેનારને જ આવી શકે. (૩) શાહીબાગ ખાતે "શ્રી કચ્છી વિશ્રામ ગૃહ" ઊભું કરવામાં આવેલ છે. અહીં ૬૫ જેટલા અતિથિ ભવનના રૂમોની વ્યવસ્થા છે. અતિથિ ભવન તરીકે તેનો ઉપયોગ કોઈ પણ વ્યક્તિ કરી શકે છે. કચ્છથી સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે આવતા દર્દીઓ માટે અહીં ખૂબજ કિફાયતી દરે રહેવાની સગવડતા ઉપલબ્ધ કરવામાં આવેલ છે. અહીં જલારામ અન્નક્ષેત્ર પણ ચાલુ છે કે જ્યાં જરૂરિયાતવાળાને વિના મૂલ્યે ભોજન પીરસવામાં આવે છે. તાજેતરમાં અહીં કચ્છની ઝલક દર્શાવતું "કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ"નું નિર્માણ કરવામાં આવેલ છે, કે જ્યાં લગભગ ૫૦ ની સંખ્યાના લોકો દરરોજ તેની મુલાકાતે પધારે છે. તેના કારણે કચ્છના ટુરિઝમને પણ વેગ મળી રહેલ છે.

આવાસ યોજના માટે એક અલાયદું ભવન પણ અમદાવાદમાં ઊભું કરવામાં આવેલ છે, કે જ્યાં ૪૦ પરિવારોને ખૂબજ નજીવા દરે બે રૂમ રસોડાના ફ્લેટો ફાળવવામાં આવેલ છે. થોડા સમય પછી એક અદ્યતન 'અતિથિ ભવન' મુંબઈ ખાતે પણ શરૂ કરી દેવામાં આવનાર છે.

કચ્છમાં નર્મદા નદીના સિંચાઈ માટેના પાણી તથા વધારાના પાણી ટૂંક સમયમાં કેનાલ મારફતે વહેતા થાય તે માટે તે કાર્યરત છે. કચ્છ, મુંબઈ તથા અમદાવાદમાં ઉદ્યોગો, ખનીજ, ખેતી, બાગાયતી પાકો, શિક્ષણ વગેરે માટે તે અવારનવાર સેમિનાર

યોજી જનજાગૃતિ આણવા પ્રયાસ કરી રહેલ છે. કચ્છમાં વૃક્ષારોપણ તથા ઘાસચારાના પ્રશ્ને તેણે કાર્યવાહી શરૂ કરેલ છે. કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના માધ્યમ દ્વારા 'કચ્છનો સર્વાંગ ઈતિહાસ' નામનો ગ્રંથ બે ભાગમાં બહાર પાડેલ છે. કચ્છના ૫૯ જેટલા ગેજેટસના ૧૮૦૦૦ પાનાને સી.ડી.માં કન્વર્ટ કરાવી, મહામૂલી સામગ્રીનું ભવિષ્યની દૃષ્ટિએ યોગ્ય રીતે જતન કરેલ છે. કચ્છના વિકાસના પ્રશ્ને અવાર-નવાર સેમિનારો યોજેલ છે.

તેનું મુખપત્ર 'મંગલ મંદિર' છેલ્લા ૩૭ વર્ષથી સતતપણે પ્રસારિત કરવામાં આવી રહેલ છે. સમગ્ર ભારતના કચ્છી જૈન સમાજમાં તેણે એક અલગ પ્રકારની છાપ ઊભી કરેલ છે. 'મંગલ મંદિર' એ આ સમાજનું મુખપત્ર હોવા છતાં ગુજરાતીમાં વાંચી શકનાર કોઈના પણ માટે તે ઉત્તમ વાનગી પીરસતું રહેલ છે. ઉત્તરોત્તર તેની ગતિ ઉર્ધ્વ તરફ જ તકાયેલી રહે છે. ઉદ્યોગ વિશેષાંક, મુંબઈ વિશેષાંક, દક્ષિણ ગુજરાત વિશેષાંક જેવા તેણે અનેક વિશેષાંકો પણ પ્રકાશિત કરેલ છે.

આજથી દોઢેક વર્ષ અગાઉ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે તેનું ૫૦મું વર્ષ સુવર્ણ જયંતી વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કરેલ જ્યારે મુખ્યત્વે બાર મહિનાના બાર કાર્યક્રમો અને ટોટલ ૭૦ જેટલા અનેકવિધ કાર્યક્રમોનું આયોજન ગોઠવવામાં આવેલ હતું. મેડિકલ કેમ્પ, શૈક્ષણિક વિકાસના સેમિનારો, ઇતર ડેવલપમેન્ટ અંગેના વાર્તાલાપો, મહિલા ઉત્કર્ષ અંગેના કાર્યક્રમો જેવા અનેક કાર્યક્રમો દર અઠવાડિયે યોજવાનું નક્કી કરવામાં આવેલ હતું. વર્ષ દરમ્યાન તે યોજવામાં પણ આવેલ હતા.

***સુવર્ણ જયંતી વર્ષના મુખ્ય કાર્યક્રમોની વાત કરીએ તો :***

★ તા. ૧૪-૪-૨૦૧૨ ના રોજ, સુવર્ણ જયંતી વર્ષના પ્રથમ દિવસે ગાંધીનગર ખાતે વૃદ્ધાશ્રમ અને શ્રી કચ્છી વિશ્રામ ગૃહ ખાતે 'કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ'નું લોકાર્પણ કરવામાં આવેલ હતું. એજ દિવસે બપોરના ટાઉન હોલ ખાતે ફિલ્મ ક્ષેત્રના કચ્છી નામાંકિતો પદ્મશ્રી આણંદજી વીરજી શાહ, શ્રી હરીશ ભીમાણી, શ્રી વિનોદ ગણાત્રા તથા શ્રીમતી ફાલ્ગુની હીરેન શાહનું અભિવાદન સહ બહુમાન કરવામાં આવેલ હતું. અનિવાર્ય સંજોગોના કારણે આ સમારંભમાં શ્રી અમીન સાયાની તથા શ્રી વિપુલ એ. શાહ ઉપસ્થિત રહી શકેલ ન હતા. એજ રાત્રે જયશંકર સુંદરી હોલ ખાતે હેતુલક્ષી મનોરંજન કાર્યક્રમ ગોઠવવામાં આવેલ કે જેમાં કચ્છના ઈતિહાસની એક ગાથા 'વ્રજવાણીનો ઢોલી' વણી લેવામાં આવેલ હતી.

★ સુવર્ણ જયંતી વર્ષના દ્વિતીય કાર્યક્રમની વાત કરીએ તો તે સુમતિ ગુર્જર ભવન - મુંબઈ ખાતે રવિવાર, તા. ૧૩-૫-૨૦૧૨ અને સોમવાર, તા. ૧૪-૫-૨૦૧૨ના 'કચ્છના વિકાસના પ્રશ્ને' બે દિવસીય સેમિનારનું આયોજન ગોઠવવામાં આવેલ હતું. આ કાર્યક્રમ દરમ્યાન અગ્રીમ કચ્છી ઉદ્યોગપતિશ્રીઓ, યુનાઈટેડ ફોસ્ફરસ લિમિટેડના શ્રી રજ્જુભાઈ શ્રોફ, સોમૈયા ગ્રુપના શ્રીમતી લીલાબેન કોટક, મસ્કતથી પધારેલ શ્રી કનકસિંહ શેઠ, આરતી ગ્રુપના શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી તથા શ્રી રાજુભાઈ ગોગરી, નવનીત ગ્રુપના શ્રી ડુંગરશીભાઈ ગાલા, શ્રી શાંતિલાલભાઈ ગાલા તથા શ્રી બિપિનભાઈ ગાલા, એન્કર ગ્રુપના શ્રી જાદવજીભાઈ શાહ, એક્સલ ગ્રુપના શ્રી દીપેશભાઈ શ્રોફ, સીમ્પ્લેક્ષ-ભીલાઈ ગ્રુપના શ્રી વિજયભાઈ હીરાલાલ શાહ, પ્રિન્સ ગ્રુપના શ્રી જયંતભાઈ છેડા તથા શેમારૂ ગ્રુપના શ્રી રમણભાઈ મારૂનું સન્માન કરવામાં આવેલ હતું.

★ તૃતીય મુખ્ય કાર્યક્રમની વાત કરીએ તો ગુરૂવાર તા. ૨૧-૬-૨૦૧૨ ને અષાઢી બીજ, કચ્છી નૂતન વર્ષના દિવસે ટાઉનહોલ ખાતે લાલ રાંભિયા તથા તેના સાથી કલાકારો દ્વારા 'કચ્છી ડાયરા'ની રંગભરી રજૂઆત કરવામાં આવેલ હતી. સાથે સાથે સમાજનું વસતિપત્રક - ૨૦૧૨ નું લોકાર્પણ પણ કરવામાં આવેલ હતું.

★ ચોથો મુખ્ય કાર્યક્રમ એટલે રવિવાર તા. ૨૨-૭-૨૦૧૨ ના રોજ ટાગોર હોલ ખાતે કચ્છ યુવક સંઘ - મુંબઈ નિર્મિત કચ્છી નાટક 'જિંદગી જલસો ભને વઈ' ભજવવામાં આવેલ હતું. અમદાવાદ સ્થિત વિવિધ ઘટક સમાજના અનેક કચ્છી પરિવારોએ આ નાટકની મજા સારી રીતે માણેલ હતી.

★ પાંચમો મુખ્ય કાર્યક્રમ એટલે શનિવાર, તા. ૮-૯-૨૦૧૨ અને રવિવાર તા. ૯-૯-૨૦૧૨ એમ બે દિવસનો ગુજરાત સ્થિત કચ્છી જૈન યુવા-યુવતી સંમેલન અમદાવાદ ખાતે યોજવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં ગુજરાત સ્થિત કચ્છી જૈન યુવક-યુવતીઓએ ભાગ લીધેલ હતો અને આ પ્રકારના કાર્યક્રમની ફરી અપેક્ષા સેવી હતી.

★ છઠ્ઠા મુખ્ય કાર્યક્રમને રવિવાર તા. ૩૦-૯-૨૦૧૨ના રોજ વાર્ષિક સ્નેહમિલન સમારંભ અને સ્વામિવાત્સલ્ય જમણવાર સ્વરૂપે શ્રી કચ્છી જૈન ભવન પાલડી ખાતે ઉજવવામાં આવેલ હતો.

★ રવિવાર, તા. ૨૧-૧૦-૨૦૧૨ ના રોજ સપ્તક પાર્ટી પ્લોટ ખાતે નવરાત્રિ ગરબા મહોત્સવ સ્વરૂપે સાતમા મુખ્ય કાર્યક્રમ તરીકે ઉજવવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં અમદાવાદ સ્થિત મોટા ભાગના કચ્છી ઘટક સમાજના પરિવારોએ ભાગ લીધેલ હતો. ૩૦૦૦ થી પણ વધુ સંખ્યાના કચ્છીઓએ એકત્રિત થઈ નવરાત્રિની રંગત માણેલ હતી.

- ★ આઠમો મુખ્ય કાર્યક્રમ વિ.સં. ૨૦૬૯ના નૂતન વર્ષે શ્રી કચ્છી જૈન ભવન પર નૂતન વર્ષ મિલન સમારંભ સ્વરૂપે ઉજવવામાં આવેલ હતો.
- ★ નવમો મુખ્ય કાર્યક્રમ એટલે રવિવાર, તા. ૨-૧૨-૨૦૧૨ ના રોજ સમાજના જ ૬૦થી પણ વધુ બાળકો તથા યુવા-યુવતીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ મનોરંજન કાર્યક્રમ કે જે ટાઉનહોલ ખાતે ઉજવવામાં આવેલ હતો. ઉપસ્થિત શ્રોતાગણે આ કાર્યક્રમને મન મૂકીને માણેલ હતો.
- ★ સુવર્ણ જયંતી વર્ષનો દસમો મુખ્ય કાર્યક્રમ એટલે રવિવાર, તા. ૬-૧-૨૦૧૩ના રોજ ભુજ-કચ્છ ખાતે યોજવામાં આવેલ (૧) કચ્છના વિકાસમાં ખૂટતી કડીઓ વિષેનો સેમિનાર, (૨) કચ્છના સર્વાંગ ઈતિહાસના ગ્રંથનું વિમોચન તથા (૩) નવનિર્વાચિત ધારાસભ્યશ્રીઓનું બહુમાન – કે જે કચ્છના રાજકરણના આટાપાટાના કારણે મુલત્વી રાખવાની ફરજ પડેલ હતી. કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ પ્રાયોજિત 'કચ્છનો સર્વાંગ ઈતિહાસ' ગ્રંથનું વિમોચન પાછળથી રવિવાર તા. ૩-૨-૨૦૧૩ ના રોજ કચ્છી ઉદ્યોગપતિ શ્રી દામજીભાઈ એંકરવાલાના વરદ્ હસ્તે કરાવવામાં આવેલ હતું. શરૂના કાર્યક્રમ દરમ્યાન તા. ૫-૧-૨૦૧૩ થી તા. ૯-૧-૨૦૧૩ દરમ્યાન 'કચ્છના પ્રવાસ દર્શન'નો કાર્યક્રમ સુપેરે પાર પાડવામાં આવેલ હતો.
- ★ અગીયારમો મુખ્ય કાર્યક્રમ એટલે સંસ્કાર કેન્દ્ર પાલડી ખાતે શુક્રવાર તા. ૨૨-૨-૨૦૧૩ થી રવિવાર તા. ૨૪-૨-૨૦૧૩ દરમ્યાન ત્રિ-દિવસીય 'કચ્છી મેળા' નું આયોજન ગોઠવવામાં આવેલ હતું. અહીં કચ્છના વિવિધ ગામોના કાબેલ કારીગરોના હસ્તકલા, અજરખ, બાટીક, મડવર્ક, રોગાન આર્ટ, કુંભારકામ વગેરે પ્રકારના ૭૦ જેટલા ગ્રુપોના સ્ટોલો રાખવામાં આવેલ હતા. કચ્છી પેઈન્ટરોએ તૈયાર કરેલ પેઈન્ટીંગ ફ્રેઈમની 'પેઈન્ટિંગ ગેલેરી', કચ્છના બેનમૂન ફોટાઓની 'ફોટો ગેલેરી', કચ્છી વાજિંત્રો સાથેનું કચ્છી સંગીત તથા કચ્છી ફુડ કોટ એ આ મેળાની શાન બની રહેલ હતી. ત્રણ દિવસ દરમ્યાન ૨૫,૦૦૦થી પણ વધુની સંખ્યાના લોકોએ આ મેળાની મજા માણેલ હતી.
- ★ સુવર્ણ જયંતી વર્ષનો બારમો અને અંતિમ કાર્યક્રમ એટલે કે પૂર્ણાહૂતિ સમારંભ, કે જે શનિવાર, તા. ૧૩-૪-૨૦૧૩ના રોજ અમદાવાદ ખાતે યોજવામાં આવનાર છે. આ કાર્યક્રમમાં ધરતીકંપ અગાઉ કે ધરતીકંપ બાદ કચ્છમાં સ્થાપિત થયેલ ઉદ્યોગોના કેટલાક મુખ્ય ઉદ્યોગપતિશ્રીઓનું સન્માન કરવામાં આવનાર છે. ઉદ્યોગપતિશ્રીઓના સન્માનનો કાર્યક્રમ એટલા માટે યોજવામાં આવનાર છે કે આ ઉદ્યોગોના કારણે છેલ્લા દસ વર્ષમાં કચ્છનો આર્થિક તેમજ સામાજિક વિકાસ ખૂબજ ઝડપથી સાધી શકાયેલ છે. કચ્છનું સ્વરૂપ જ બદલાઈ ચૂકેલ છે. તેના કારણે કચ્છની આર્થિક પરિસ્થિતિ પણ બદલાઈ ચૂકેલ છે. વિશેષમાં આ દિવસે ક્રેડિટ સોસાયટીની શુભ શરૂઆત પણ કરવામાં આવનાર છે.

*ઉપરોક્ત હકીકતને ટૂંક સ્વરૂપે રજૂ કરીએ તો :*

- ★ પ્રથમ કાર્યક્રમ : ગાંધીનગર ખાતે સિનિયર સિટીઝન હોમની સ્થાપના, કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમનું લોકાર્પણ, સિને જગતના કચ્છી પ્રતિભાશાળીઓનું બહુમાન, હેતુલક્ષી મનોરંજન કાર્યક્રમ
- ★ દ્વિતીય કાર્યક્રમ : મુંબઈ ખાતે કચ્છના વિકાસના પ્રશ્ને સેમિનાર, ટોચના કચ્છી ઉદ્યોગપતિશ્રીઓનું સન્માન
- ★ તૃતીય કાર્યક્રમ : કચ્છી નૂતન વર્ષે 'કચ્છી ડાયરો'
- ★ ચતુર્થ કાર્યક્રમ : કચ્છી નાટક
- ★ પાંચમો કાર્યક્રમ : ગુજરાત સ્થિત કચ્છી જૈન યુવા-યુવતી સંમેલન
- ★ છઠ્ઠો કાર્યક્રમ : વાર્ષિક સ્નેહમિલન સમારંભ તથા સ્વામિવાત્સલ્ય જમણવાર
- ★ સાતમો કાર્યક્રમ : નવરાત્રિ ગરબા મહોત્સવ
- ★ આઠમો કાર્યક્રમ : નૂતન વર્ષ મિલન સમારંભ
- ★ નવમો કાર્યક્રમ : સમાજના બાળકો દ્વારા તૈયાર કરવામાં આવેલ મનોરંજન કાર્યક્રમ
- ★ દસમો કાર્યક્રમ : ભુજ ખાતે યોજવામાં આવનાર ત્રિવિધ કાર્યક્રમ
  - (૧) 'કચ્છના વિકાસના પ્રશ્ને ખૂટતી કડીઓ' વિષયે સેમિનાર
  - (૨) 'કચ્છનો સર્વાંગી ઈતિહાસ' ગ્રંથનું વિમોચન
  - (૩) નવનિર્વાચિત કચ્છી ધારાસભ્યશ્રીઓનું બહુમાન
- ★ અગિયારમો કાર્યક્રમ : અમદાવાદ ખાતે યોજવામાં આવેલ 'કચ્છી મેળો'

★ બારમો કાર્યક્રમ : (૧) પૂર્ણાહુતિ સમારંભ
(૨) કચ્છમાં સ્થાપિત થયેલ ઉદ્યોગોના ઉદ્યોગપતિશ્રીઓનું સન્માન
(૩) ક્રેડિટ સોસાયટીની શુભ શરૂઆત

ઉપરોક્ત કાર્યક્રમો પ્રત્યે નજર ફેરવતા આ કાર્યક્રમોમાં વિવિધતાના દર્શન થવા પામશે. એ નિઃશંકપણે કહી શકાશે કે સામાજિક વિકાસની બાબતે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની દૃષ્ટિ સર્વગ્રાહી રહેવા પામેલ છે. તેણે પોતાને કોઈ એક ચોકઠામાં જકડીને બાંધી રાખવાના બદલે તેની દૃષ્ટિ સમગ્રતયા વિકાસની રહેવા પામેલ છે. આ રીતે ભારતભરના કચ્છી ઘટક સમાજો સર્વગ્રાહી પ્રવૃતિ સાધતા રહે તો આપણે કચ્છનો, ગુજરાતનો અથવા જે તે પ્રદેશનો અને ભારત દેશનો સર્વગ્રાહી વિકાસ સાધી શકશું.

ઉપરોક્ત દૃષ્ટિએ ભારત દેશનો સર્વગ્રાહી વિકાસ સાધવા આજે પણ અનેક કચ્છી સંસ્થાઓ પોતપાતાના સ્થળે અને પોતપોતાના ક્ષેત્રમાં કાર્યરત રહેવા પામેલ છે. દરેક સંસ્થા પોતપોતાના ક્ષેત્રમાં ઉચ્ચ આદર્શોને વળગી રહીને અનેક પ્રકારના સમાજોપયોગી કાર્યો કરતી રહેલ છે. આ પ્રકારની ઉચ્ચ આદર્શને વરેલી કચ્છી સંસ્થાઓથી લોકો પરિચિત થાય તે હેતુએ 'મંગલ મંદિર'નો આ અંક એટલે કે એપ્રિલ-૨૦૧૩નો અંક 'કચ્છી સંસ્થા વિશેષાંક' તરીકે પ્રસારિત કરવામાં આવી રહેલ છે. ઉત્કૃષ્ટ પ્રકારની લગભગ ૫૦ થી પણ વધુ સંસ્થાઓની માહિતીનો અહીં સમાવેશ કરવામાં આવેલ છે. આ પ્રકારની અન્ય કચ્છી સંસ્થાઓ પણ કાર્યરત હશે જ. એકથી એક ચડે તેવી આ સંસ્થાઓ નેત્રદીપક કામગીરીમાં વ્યસ્ત રહેવા પામેલ છે. તે સંસ્થાઓના મોભીઓને મંગલ મંદિર તથા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ નત મસ્તકે વંદન કરે છે. આ સંસ્થાઓ વધુ ને વધુ ફૂલે-ફાલે તે માટે સમગ્ર કચ્છી સમાજને પ્રયાસ કરવા - પોતાનું પદાર્પણ અર્પવા 'મંગલ મંદિર' અપીલ કરે છે.

હાલે દુનિયામાં એક નવીન પ્રકારનો પવન ફુંકાવા લાગેલ છે - સ્વેચ્છાએ સંપત્તિ ત્યાગનો. અહીં પ્રસારિત કરવામાં આવેલ દરેક સંસ્થાની કામગીરી એટલા ઉચ્ચ પ્રકારની રહેવા પામેલ છે કે જે આ ત્યાગવીરો માટે માર્ગદર્શક બની શકે તેમ છે. આ સંસ્થાઓની કામગીરી કોઈને પણ અચંબામાં ગરકાવ કરી દે તેવી રહેવા પામેલ છે. અગર આ ત્યાગવીરોની થોડી સંપત્તિ પણ આ સંસ્થાઓને પ્રાપ્ત થઈ શકશે તો આ સંસ્થાઓ વધુને વધુ પ્રજ્જવલિત થઈ શકશે.

તેનો સહુથી વિશેષ આનંદ સુવર્ણ જયંતી વર્ષના પૂર્ણાહૂતિ સમારંભના સમયે શ્રી કચ્છી જૈન સેવા સમાજ અમદાવાદને થશે.

"કચ્છી સંસ્થા વિશેષાંક" પ્રસારિત કરીને દિશાસૂચન કરવા બદલ મંગલ મંદિરને પણ અનેરો આનંદ ઉપજશે.

***(મંગલ મંદિર, એપ્રિલ-૨૦૧૩)***

## કચ્છી નઉં વરે

*આંકે સુખજી ખાણ ડે! કચ્છી નઉં વરે*
*નિત-ડીં ખિલણજી લાણ ડે! કચ્છી નઉં વરે*
*ઢારી વિજે ડુકારજે, રાંકાશ ધઉસ કે*
*એડી જુડીજા બાણ ડે! કચ્છી નઉં વરે*
*ચોપા ચરેં પ્યા સીમમેં ડાણા પંખી ચૂણે*
*ખાલી ન કેંકે ભાણ ડે! કચ્છી નઉં વરે*
*કોઠીયું ભર્યું વે ધાંઈસે, ડેલા ચરો ભરલ*
*કો ચીજજી ન ત્રાણ ડે! કચ્છી નઉં વરે*
*ડૈં-દૂધ-ઘી જી છેલ વે, હર ડીં ભને પિરભ*
*મેમાણ ભરી રેઆણ ડે! કચ્છી નઉં વરે*
*ડાઢો વખત વિને પાંજે મુલક મથા*
*કચ્છકે નયાં પ્રાણ ડે! કચ્છી નઉં વરે*

*ડુકારજે = દુષ્કાળના, રાંકાસ = રાક્ષસ, ડાઢો = ખરાબ.*

***સંકલન : કુંજલતા રમણિકલાલ ગાલા***
***(મંગલ મંદિર, જુલાઈ-૨૦૦૦)***

## બેટી

હું છું પપ્પાની બેટી રાણી,
હું છું બેટી બહુ શાણી.
સ્કૂલે જાઉં દફતર તાણી,
આવું છ કલાકની સજા માણી.
ગીત ગાઉં રાગડા તાણી,
રમવાની મજા પૂરી ન માણી.
લેસન કરું સજા જાણી,
વળી ટ્યૂશનના બંધનમાં બંધાણી.
ટી.વી. જોવા બેઠી પલાઠી તાણી,
ત્યાં તો મમ્મીની થઈ પધરામણી.
ભણવા બેસાડી કાન તાણી,
હવે તો આંખો પણ છે ઘેરાણી.
હું પપ્પાની બેટી રાણી,
હું છું બેટી બહુ શાણી.

***સલોની નવીન લાલકા***
***(મંગલ મંદિર, ફેબ્રુઆરી-૨૦૦૧)***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
# સુવર્ણ જયંતી વર્ષ – પૂર્ણાહુતિ સમારોહ
# શાનદાર રીતે સંપન્ન થયો

મંત્રી,
શ્રી કચ્છી જૈન સેવા સમાજ -
અમદાવાદ

## કચ્છમાં સ્થાપિત ઉદ્યોગોના ઉદ્યોગપતિશ્રીઓનું વિશિષ્ટ સન્માન
## કચ્છીયતને ઉજાગર કરતું.... શ્રી કચ્છી જૈન સેવા સમાજ – અમદાવાદ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, એક એવા પ્રકારનો સમાજ છે કે, જેની નજર હંમેશાં પ્રગતિના સોપાનો સર કરવા તરફ રહેતી હોય છે. એટલું જ નહીં પરંતુ તેના સેવાકીય કાર્યોમાં પ્રતિદિન વિશાળતા અને વિવિધતા જોવા મળતી હોય છે. સ્થાનિકે કેટલાક અન્ય સમાજો શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને એક દીવાદાંડી સ્વરૂપે નિહાળતા હોય છે. તા. ૧૩ એપ્રિલ, ૨૦૧૩ના રોજ તેની સ્થાપનાને ૫૦ સોનેરી વર્ષ પૂરા થયા છે અને તા. ૧૪ એપ્રિલ, ૨૦૧૩ના રોજ ૫૧મા વર્ષમાં પ્રવેશ કરેલ છે.

સમાજે તેની સુવર્ણ જયંતી વર્ષ ઊજવણી મહોત્સવના લગભગ ૬૦થી વધુ કાર્યક્રમોનું સફળતાપૂર્વક આયોજન કર્યું હતું. જેનાં મુખ્ય કાર્યક્રમો તરફ એક દૃષ્ટિપાત કરીએ તો....

- ★ પ્રથમ કાર્યક્રમ : અમદાવાદ ખાતે કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમનું લોકાર્પણ, સિને જગત અને લોકકલા ક્ષેત્રની કચ્છી પ્રતિભાશાળી વ્યક્તિઓનું બહુમાન અને હેતુલક્ષી મનોરંજન કાર્યક્રમ
- ★ દ્વિતીય કાર્યક્રમ : મુંબઈ ખાતે કચ્છના વિકાસના પ્રશ્ને સેમિનાર, ઉચ્ચ કક્ષાના કચ્છી ઉદ્યોગપતિશ્રીઓનું સન્માન.
- ★ તૃતીય કાર્યક્રમ : કચ્છી નૂતન વર્ષે 'કચ્છી ડાયરો'
- ★ ચતુર્થ કાર્યક્રમ : કચ્છી નાટક
- ★ પાંચમો કાર્યક્રમ : ગુજરાત રાજય સ્થિત કચ્છી જૈન યુવક-યુવતીઓનું સંમેલન
- ★ છઠ્ઠો કાર્યક્રમ : વાર્ષિક સ્નેહમિલન સમારંભ તથા સ્વામિવાત્સલ્ય
- ★ સાતમો કાર્યક્રમ : નવરાત્રિ ગરબા મહોત્સવ
- ★ આઠમો કાર્યક્રમ : નૂતન વર્ષ મિલન સમારંભ
- ★ નવમો કાર્યક્રમ : સમાજના બાળકો દ્વારા રજૂ થયેલ મનોરંજન કાર્યક્રમ
- ★ દસમો કાર્યક્રમ : ભુજ ખાતે 'કચ્છનો સર્વાંગી ઈતિહાસ' ગ્રંથનું 'કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ'ના ઉપક્રમે વિમોચન
- ★ અગિયારમો કાર્યક્રમ : અમદાવાદ ખાતે યોજાયેલ 'કચ્છી મેળો'
- ★ બારમો કાર્યક્રમ : પૂર્ણાહુતિ સમારંભ. જેમાં કચ્છમાં સ્થાપિત થયેલ ઉદ્યોગોના ઉદ્યોગપતિશ્રીઓનું સન્માન અને ક્રેડિટ સોસાયટીનો આરંભ.

ઉપરોક્ત કાર્યક્રમો તરફ નજર કરતાં જણાશે કે તમામ કાર્યક્રમો **હેતુલક્ષી** અને **વિવિધતાસભર** હતા. એ નિઃશંકપણે કહી શકાય કે સામાજિક વિકાસ અને સાર્વજનિક સેવાકીય ક્ષેત્રે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની દૃષ્ટિ હંમેશાં સર્વગ્રાહી રહી છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા તા. ૧૩-૪-૨૦૧૩ના સાંજે ૪ વાગે અમદાવાદમાં સરદાર પટેલ સાંસ્કૃતિક કેન્દ્ર, શાહીબાગ ખાતે તેના સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તેના મુખ્ય કાર્યક્રમોના અંતિમ ચરણે પૂર્ણાહુતિ સમારોહનું શાનદાર રીતે આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના પ્રારંભમાં પ્રાર્થના થયા બાદ સમાજના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી અશોક મહેતાએ આ ભવ્ય પ્રસંગે પોતાના આવકાર પ્રવચનમાં જણાવ્યું કે વર્ષ ૨૦૦૧માં કચ્છમાં ભૂકંપે સર્જેલ તારાજી બાદ અત્રે પધારેલા ઉદ્યોગપતિશ્રીઓએ કચ્છની કાયાપલટ

કરી નાખેલ છે અને તેના પરિણામે સર્વાંગી વિકાસ થઈ શકેલ છે. પ્રમુખશ્રીએ સમાજની પ્રારંભિક વિગતથી અત્યારની સ્થિતિ વિશે ટૂંકમાં જણાવતાં કહ્યું કે એક બીજમાંથી અત્યારે વટવૃક્ષ બનીને સમાજ ઊભો છે. છેલ્લા ૫૦ વર્ષોમાં અનેક પ્રકારના બદલાવ થતા રહ્યા અને સમાજની સ્થાપના કરવામાં પાયાની ઈંટ સમાન મોભીઓની હાજરી અત્યારે અમદાવાદમાં અસ્તિત્વ ધરાવતી નથી, તેમ છતાં ત્યાર પછીના કેટલાક લોકો સમાજની સાક્ષી સમાન મોજૂદ છે. વધુમાં તેમણે જણાવ્યું કે સમાજનું કાર્યક્ષેત્ર માત્ર અમદાવાદ જ નહીં રહેતાં, કચ્છ અને મુંબઈમાં જઈને પણ અનેક પ્રકારની કામગીરી આ સમાજ કરી રહ્યું છે. તેમણે નર્મદા ડેમની કચ્છ બ્રાંચ કેનાલનો ખાસ ઉલ્લેખ કરતાં જણાવ્યું કે, શરૂમાં આ ડેમની યોજનાનું કામ બિલકુલ થયું ન હતું. ત્યારબાદ વર્ષ ૨૦૦૨થી વર્ષ ૨૦૦૫માં કામ આગળ ધપાવવા અનેક પ્રકારની કામગીરી આ સમાજ દ્વારા કરવામાં આવી. લાગતાવળગતા મંત્રીશ્રીઓ પાસે વારંવાર રજૂઆત કર્યા બાદ આખરે વર્ષ ૨૦૦૫માં કચ્છની યોજના સંબંધી ટેન્ડરો બહાર પડ્યા હતા.

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના માધ્યમથી 'કચ્છનો સર્વાંગી ઈતિહાસ' ગ્રંથના વિમોચનનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું કે છેલ્લા ત્રણ વર્ષની સતત કામગીરી બાદ જુદા જુદા વિષયના ૩૦ જેટલા તજજ્ઞો પાસે તે ગ્રંથ લખાવવામાં આવેલ છે. અને તાજેતરમાં જ તેનું વિમોચન કરાવવામાં આવેલ છે.

સમાજની ૫૦ વર્ષની વિકાસ ગાથામાં સૌએ આપેલ સાથ - સહકાર બદલ તેમણે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

આમંત્રિત મહેમાનશ્રીઓ, રાજકીય અને સામાજિક આગેવાનશ્રીઓ, કચ્છથી પધારેલા ઉદ્યોગપતિશ્રીઓ, સમાજના પદાધિકારીશ્રીઓ, કાર્યકર્તાઓ, અન્ય સમાજોના હોદ્દેદારશ્રીઓ તેમજ સમાજ પરિવારજનોની મોટી સંખ્યામાં ઉપસ્થિતિથી આજનો આ હેતુલક્ષી પૂર્ણાહુતિ સમારંભ દીપી ઊઠ્યો હતો.

કાર્યક્રમમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિકાસગાથા, તેના કાર્યો અને પ્રવૃત્તિઓની એક ઝલક જ્યારે સી.ડી.ના માધ્યમથી પ્રસ્તુત થઈ ત્યારે દર્શકોએ સમાજની પ્રશંસા કરી હતી. ઉપરાંત વર્ષ ૨૦૦૧માં ભયાનક ભૂકંપથી કચ્છમાં મોટાપાયે નુકસાન થયા બાદ ત્યાં ઉદ્યોગ એકમો સ્થાપનાર ઉદ્યોગપતિશ્રીઓનું સન્માન તેમજ સમાજની ક્રેડિટ સોસાયટીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

સમારોહના મુખ્ય મહેમાન સ્થાને ગુજરાત રાજ્યના શિક્ષણ, કાયદો, પંચાયત અને નાગરિક પુરવઠા મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા હતા. જ્યારે આ અવસરે અતિથિ વિશેષશ્રીઓ તરીકે ઔડાના ચેરમેન શ્રી ધર્મેન્દ્રભાઈ શાહ, સિને જગતના જાણીતા સંગીત નિર્દેશક પદ્મશ્રી આણંદજીભાઈ શાહ, સાહિત્યકાર પદ્મશ્રી કુમારપાળ દેસાઈ, ફોકિયાના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી નિમેષભાઈ ફડકે, એમિરેટ જૈન ઈન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશનના ચેરમેન શ્રી ઉત્કર્ષભાઈ શાહ, તથા પ્રમુખ શ્રી ગણપતભાઈ ચૌધરી, દોશીઓન વીઓલિયા વોટર સોલ્યુશન લિ.ના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી આસીતભાઈ દોશી, હર્ષા એન્જિનિયર્સના શ્રી હરીશભાઈ રંગવાલા વગેરેની ઉપસ્થિતિ ખાસ ધ્યાન આકર્ષક રહી હતી.

બીજી તરફ ઉદ્યોગપતિઓ શ્રી જયેશભાઈ ઠક્કર - જિંદાલ ગ્રુપ, શ્રી કરણભાઈ અદાણી - અદાણી ગ્રુપ, શ્રી ગૌરવભાઈ ભટ્ટ - સાંઘી ગ્રુપ, શ્રી પી.ડી. વાઘેલા - કે.પી.ટી. ચેરમેન, મેજર શ્રી સિંઘ - ઈફકો, શ્રી પ્રકાશ સંઘવી - રત્નમણિ ગ્રુપ, શ્રી દામજીભાઈ શાહ - એંકર ગ્રુપ, શ્રી સંજય રાય - કંડલા એનર્જી એન્ડ કેમિકલ્સ લિ., શ્રી જયપાલ સિંઘ - મીના ગ્રુપ, વગેરેએ કચ્છ, કચ્છી પ્રજા અને કચ્છીયતને બિરદાવીને કચ્છના સર્વાંગી વિકાસની વિગતો જણાવેલ હતી. આ પ્રસંગે સી.ડી.ના માધ્યમથી કચ્છમાં સ્થાપેલ કેટલાંક ઉદ્યોગોની કામગીરી સ્ક્રીન પર દર્શાવવામાં આવી હતી.

આ અવસરે મુખ્ય મહેમાનશ્રી, અતિથિ વિશેષશ્રીઓ તેમજ કચ્છથી પધારેલા સર્વે ઉદ્યોગપતિશ્રીઓનું સ્વાગત કરીને ઉચિત સન્માન કરવામાં આવ્યું હતું.

મોટાભાગના વક્તાશ્રીઓએ પોતાના પ્રવચનમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની ૫૦ વર્ષોની ઉત્કૃષ્ટ કામગીરીને ખાસ બિરદાવીને સમાજના સર્વે હોદ્દેદારો તેમજ કાર્યકરોને અભિનંદન આપ્યા હતા.

સમાજના આ હેતુલક્ષી પ્રસંગે મુંબઈ અને અન્ય સ્થળોએથી સર્વશ્રી મુળજીભાઈ એન. શાહ, વશનજીભાઈ સોની, વીરેનભાઈ શાહ, હિંમતભાઈ દામા, મહેન્દ્રભાઈ મોરબિયા, ઉપેન્દ્રભાઈ ખાસ ઉપસ્થિત રહીને સમાજનું ગૌરવ વધાર્યું હતું.

કાર્યક્રમમાં મનોરંજનના એક ભાગ તરીકે યુવા વર્ગે મનમોહક અદાઓ સાથે સાંસ્કૃતિક કાર્યક્રમના એક ભાગ તરીકે "હોલીયામેં ઉડે રે ગુલાલ..." નૃત્ય રજૂ કરીને દર્શકોના દિલ જીતી લીધા હતા.

ગ્રીષ્મ ઋતુના પ્રારંભ વચ્ચે આવતી વસંતઋતુની સુગંધથી મહેકતી ચૈત્ર નવરાત્રિ જેવા પવિત્ર સમયગાળામાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા તેની સુવર્ણ જયંતી નિમિત્તે ઊજવેલ આ પૂર્ણાહુતિ સમારોહનો ઉદ્દેશ ખૂબજ હેતુલક્ષી હતો. વર્ષ ૨૦૦૧ના ગોઝારા ભૂકંપે સમગ્ર કચ્છને સમગ્ર રીતે ખેદાન મેદાન કરી નાખ્યું હતું ત્યારે કચ્છમાં ઉદ્યોગો સ્થપાય તે માટે

સરકારે જાહેર કરેલ ટેક્ષ મુક્ત નીતિના પરિણામે દેશ-વિદેશના અનેક નામાંકિત ઉદ્યોગપતિઓએ આગળ આવીને કચ્છમાં વિવિધ પ્રકારના સંખ્યાબંધ ઉદ્યોગો સ્થાપ્યા. આ ઉદ્યોગ - એકમોના કારણે **કચ્છમાં લોકોને રોજગારી પ્રાપ્ત થઈ.** મોટા મોટા ઉદ્યોગ ધંધાના અનુસંધાને તેને સંલગ્ન **અન્ય નાના - મોટા એકમો કચ્છમાં ઊભા થયા. હોટલ અને પોર્ટ ક્ષેત્રે વિકાસ થયો. ટુરિઝમ માટે નવી દિશા ખૂલી.** ઔદ્યોગિક એકમોના પરિણામે એક પ્રકારની ક્રાંતિ થઈ, હલચલ થઈ. સમગ્ર કચ્છ ટૂંક સમયમાં બેઠું થયું. તેનો સર્વગ્રાહી વિકાસ થયો. નિઃશંકપણે કહી શકાય કે ભૂકંપ બાદ ત્યાં સ્થપાયેલા ઉદ્યોગોનો ફાળો કચ્છની વિકાસયાત્રામાં મહત્ત્વનો બની રહ્યો. તે સંજોગોમાં, ત્યાંના ઉદ્યોગ - એકમોના **ઉદ્યોગપતિશ્રીઓનું વિશિષ્ટ સન્માન** કરવાનું શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે બીડું ઝડપ્યું અને આ અવસરે તેઓશ્રીને અમદાવાદ ખાતે ખાસ આમંત્રિત કરીને તે સ્વપ્નને સિધ્ધ કરી બતાવ્યું. જે કામગીરીને બિરદાવતો પડઘો આજના કાર્યક્રમના વક્તાશ્રીઓએ પોતાના મનનીય પ્રવચનોમાં પાડ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે કચ્છમાં ભૂકંપ બાદ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા કચ્છ ખાતે ભૂકંપથી અસરગ્રસ્ત લોકોના લાભાર્થે રાહતની વિવિધ પ્રકારની કામગીરી સફળતાપૂર્વક કરવામાં આવી હતી. એટલું જ નહીં પરંતુ ભૂકંપ બાદ કચ્છનો વિકાસ થાય તે માટે વર્ષ ૨૦૦૨થી ૨૦૦૪ દરમ્યાન કચ્છ, અમદાવાદ તેમજ મુંબઈ ખાતે કચ્છના પ્રશ્નો વિશે અનેક સેમિનારોનું આયોજન કર્યું હતું. જેમાં માતૃભૂમિ કચ્છ માટે કંઈક કરી છૂટવાની ભાવનાથી અને અનેક લોકો આ વિચાર મંથનમાં જોડાય તેવા ઉદ્દેશથી કચ્છના ઉદ્યોગો, પાણી, વીજળી અને શિક્ષણ જેવા અનેક વિષયો પર ચર્ચા કરવા તજજ્ઞો, ધારાસભ્યશ્રીઓ, રાજકીય આગેવાનો, ઉદ્યોગપતિશ્રીઓ, સામાજિક સેવકો વગેરેને મોટી સંખ્યામાં સમગ્ર ભારતભરમાંથી વિવિધ સેમિનારોમાં એકત્ર કર્યા હતા અને સરકાર સમક્ષ તેવા પ્રશ્નોની યોગ્ય રજૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ કચ્છમાં સ્થાપિત થયેલા ઉદ્યોગોની અનેકવિધ માહિતી સાથે માર્ચ-૨૦૦૭માં સમાજના માસિક મુખપત્ર **"મંગલ મંદિર"નો "કચ્છ ઉદ્યોગ વિશેષાંક"** બહાર પાડ્યો હતો. આ રીતે જોઈએ તો શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે અમદાવાદમાં રહીને પણ કચ્છના વિકાસમાં શક્ય કામગીરીનું પ્રદાન કર્યું છે, તેમ નિશ્ચિતપણે કહી શકાય. આ બાબતે વધુમાં જોઈએ તો કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના માધ્યમ દ્વારા 'કચ્છનો સર્વાંગી ઇતિહાસ' નામનો મહત્ત્વનો ગ્રંથ ભાગ-૧ અને ૨ બહાર પાડેલ છે. કચ્છના ૫૯ જેટલા ગેઝેટ્સના ૧૮,૦૦૦ પાનાને સી.ડી.માં પરિવર્તન કરાવીને તેની જાળવણી કરી છે. કચ્છની સંસ્કૃતિને ઉજાગર કરવા શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગમાં "કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ"ની રચના પણ આ સમાજે કરી છે.

**અમદાવાદ - ગાંધીનગર વિસ્તારની ખૂબ જ ગૌરવવંતી સંસ્થા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની ૫૦મી જન્મ દિવસની ઉજવણી અને તેના અંતર્ગત વિવિધ કાર્યક્રમના રંગબેરંગી માહોલનો શાનદાર રીતે સમાપન થયું.**

ઉપરોક્ત પૂર્ણાહુતિ સમારંભ કચ્છ અને કચ્છના વિકાસના સંદર્ભમાં અતિ હેતુલક્ષી સાબિત થયો.

સમાજના માનદ્ મંત્રી શ્રી પ્રતાપભાઈ દંડે કાર્યક્રમના અંતે આભારવિધિ કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, તા. ૧૪-૪-૨૦૧૨ના રોજ આ મહોત્સવના પ્રારંભ અગાઉ જ્યારે આખા વર્ષ દરમ્યાનના ૧૨ જેટલા વિવિધ હેતુલક્ષી મુખ્ય કાર્યક્રમો સહિત ૬૦ જેટલા કાર્યક્રમો યોજવાની હારમાળા તૈયાર કરવામાં આવી ત્યારે મનમાં સંદેહ હતો કે આ બધા કાર્યક્રમોનું આયોજન કેવી રીતે શક્ય બનશે? તે પ્રશ્ન સતાવતો હતો.

આ સ્થિતિમાં સમાજના ટ્રસ્ટ મંડળના તમામ ટ્રસ્ટીશ્રીઓ, કારોબારી સમિતિના સર્વે સભ્યશ્રીઓ, વિવિધ સમિતિઓના કન્વીનરશ્રીઓ તેમજ તેનાં દરેક સભ્યશ્રીઓ અને કાર્યાલયના સ્ટાફની કુનેહ, પરિશ્રમ, સમયનો ભોગ, સમાજ પ્રત્યેની લાગણી અને ન્યોચ્છાવરની ભાવના વગેરે પાસાં અગત્યના બની રહ્યા. અલબત્ત સમાજના પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાની રાત-દિવસની સતત મહેનત અને તેમના નેતૃત્વ હેઠળ ઉપપ્રમુખશ્રીઓ, માનદ્ મંત્રીશ્રી, સહમંત્રીશ્રી વગેરેની કામગીરી ખાસ નોંધનીય છે. દરેકના સહયોગ દ્વારા આખા વર્ષ દરમ્યાનનો સુવર્ણ જયંતી મહોત્સવ એક સંભારણાં રૂપે રહેશે.

ઉપરોક્ત પૂર્ણાહુતિ સમારંભના સમયે સ્થાનિક કેટલાક ઘટક સમાજો અને અન્ય સમાજના આગેવાનોએ કહ્યું હતું કે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે મેળવેલ સિધ્ધિ તેમજ તેની વિકાસગાથાની કામગીરી કાબિલેદાદ છે, ધન્યવાદને પાત્ર છે.

આ પ્રકારના પ્રતિભાવ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સફળતા માટે ઘણું કહી જાય છે.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**કાંતિલાલ વેલજી સાવલા**
**કન્વીનર : પૂર્ણાહુતિ સમારંભ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

***સહયોગ : દિનેશ આર. મહેતા***

## સંભારણાની સફર : મણકો - ૪

# "હમસફર"

ડૉ. સુધા મૂર્તિ
અનુવાદ : સોનલ મોદી

મારાં લગ્ન થયાં તે જમાનામાં, એટલે કે આજથી ત્રીસેક વર્ષ પહેલાં લગ્નવેળાએ દીકરીને મા તરફથી સોનું-રૂપું-સાડીઓ કરતાંય મહત્ત્વની એવી બે-ત્રણ સાચી શિખામણો મળતી. મોટેભાગે દીકરીને સાસરામાં દૂધમાં સાકરની જેમ ભળી જવાની, રહેવા-ખાવા-ખવડાવવામાં સાસરાની રીત અપનાવી લેવાની, નોકર-ચાકરનું માન રાખવાની તથા જાત ઘસીને પણ બધાંને મદદરૂપ થવાની શીખ મળતી. છોકરીઓ આ શિખામણોને ખરેખર ગંભીરતાથી ગ્રહીને પિયરને થોડા જ વખતમાં ભૂલી જતી અને સંપૂર્ણપણે સાસરામાં સમાઈ જતી.

મારાં બાનું નામ વિમલા કુલકર્ણી. તેમણે પણ મને લગ્ન વખતે શિખામણનાં બે વેણ કહેલા. ઉપર જણાવેલ બધી શીખ આપ્યા બાદ એક ખૂબ અગત્યની વાત કહેલી. જે પાછલી જિંદગીમાં મને ખૂબ જ ઉપયોગી થઈ છે. બાએ મને કહ્યું હતું કે, 'બેટા, જીવનમાં તડકી-છાંયડી તો આવશે જ. ભાગ્યનું ચક્ર ક્યારે ફરે કોઈને ખબર નથી પડતી. હંમેશાં થોડી બચત હાથવગી રાખજે. તારા અને તારા વરના પગારમાંથી થોડા રૂપિયા દર મહિને બાજુએ મૂકી દેજે, જેથી સંકટ સમયે કામ લાગે. એ બચત કપડાં, દાગીના પાછળ ક્યારેય ન વાપરીશ. તમે જુવાન હો ત્યારે તો તમને ઘણુંય રંગરંગીન ખરીદવાનું મન થાય. પણ બેટા, ભીડ વખતે આમાંની એકેય વસ્તુ કામ નથી આવતી. સંકટ વખતે બહુ થોડી વસ્તુઓ કામ લાગે છે. હિંમત, તમારો સ્વભાવ અને તમારી શાખ, નવી-નવી પરિસ્થિતિમાં અનુકૂલન સાધવાની તમારી શક્તિ તથા સંઘરેલા પૈસા. બેટા, જવાનીનું રળ્યું અને અધરાતનું દળ્યું કાયમ કામ લાગે. ખરાબ સમયે બધાં ખસી જશે ત્યારે માના શબ્દો યાદ આવશે. કરકસર તે બીજો ભાઈ, ને ત્રેવડ તે ત્રીજો ભાઈ.'

હું તો નવી નવી પરણેલી એટલે મારાં બાની શિખામણ મને હાસ્યાસ્પદ લાગતી. એવા ખરાબ દિવસો મારા જીવનમાં આવશે એવું મેં સ્વપ્નેય વિચાર્યું ન હતું. હું તો ભણેલી-ગણેલી, કંઈક લાડમાં ઉછરેલી, કોડીલી કન્યા હતી. મારા માથે તો ચોવીસે કલાક પ્રખર સૂર્ય તપતો હતો. છાંયડાને ત્યાં કોઈ સ્થાન ન હતું. રોજેરોજ 'સની ડે.' કોઈ જ 'રેઈની ડે' નહીં. છતાંય માએ કહ્યું એટલે એમાં કાંઈ તથ્ય હશે જ, એમ સમજીને મેં લગ્ન પછી અમારા બટુકડા સંસારમાંથી દર મહિને છૂપાછૂપી થોડા રૂપિયા બચાવીને રસોડાના એક કબાટમાં સંતાડીને જુદા મૂકવા માંડ્યા.

મને તો મનગમતી મોભાદાર નોકરી મળી ગઈ હતી. મુંબઈમાં બાંદ્રામાં ફ્લેટ હતો. મારી ઑફિસ ફોર્ટમાં ટેલ્કોમાં અને મારા પતિ શ્રી નારાયણ મૂર્તિની નરીમાન પોઈન્ટ પર પટણી કોમ્પ્યુટર સર્વિસીસમાં. એક મધ્યમવર્ગીય સોહામણા સ્વપ્ન સમાન મારું જીવન હતું. થોડા જ સમયમાં ભગવાને એક સ્વસ્થ દીકરી આપીને અમારા જીવન - આનંદમાં વધારો કર્યો. જીવન પાસે આથી વધુ મારી કોઈ જ અપેક્ષા ન હતી. પણ ભાવિના ભંડકિયામાં કાંઈક જુદું જ આકાર લઈ રહ્યું હતું.

એક દિવસ મારા પતિ ઑફિસથી આવ્યા ત્યારે ખૂબ જ ઊંડા વિચારમાં ડૂબેલા હતા. તેમના મોં પર ચિંતાના ભાવ મેં તરત જ પારખી લીધા. આમ તો તેઓ અત્યંત અંતર્મુખી અને શાંત છે. ચાર વાક્યની જરૂર હોય ત્યારે એક શબ્દ માંડ બોલે તેવા. પણ એ દિવસ મને બરોબર યાદ છે. હું રસોડામાં દિવેટવાળા સ્ટવ પર રોટલી બનાવતી હતી. મેં પૂછ્યું, 'તમે શા વિચારમાં પડ્યા છો? કાંઈ ચિંતા કરવા જેવું તો નથી ને?'

તેમણે ખૂબ વિચારીને મને કહ્યું, 'અહીં આવ, બેસ. મને એક તુક્કો આવ્યો છે. તને કહું કે નહીં, તે વિચારમાં પડ્યો છું. પણ સાંભળ. મને લાગે છે કે ભારતદેશ માટે હવેનાં વર્ષો સોફ્ટવેરના છે. લોખંડ-પોલાદ, કાપડ ઉદ્યોગની જેમ દેશનો મોટામાં મોટો બિઝનેસ હવે આવતાં ઘણાં વર્ષો સુધી સોફ્ટવેરનો જ રહેશે. આપણા દેશમાં હોશિયાર ભેજાંઓની કમી નથી. સોફ્ટવેર પ્રોગ્રામ્સ બનાવવા માટે અત્યંત તાર્કિક મગજ અને મહેનતની જરૂર છે. ભારત પાસે આવા લોકો ઘણાં છે. મને લાગે છે કે મારે આ દિશામાં કાંઈ કરવું જોઈએ. ભારતની આ તેજ યુવા શક્તિને મારે નાથવી છે, જોતરવી છે, એક દિશા બક્ષવી છે. મારે મારી પોતાની સોફ્ટવેર કંપની ચાલુ કરવી છે.'

હું તો ઘાસ ખાઈ ગઈ. તદ્દન અવાક! અમારી પોતાની કંપની ચાલુ કરવાનું તો ઠીક, એ દિશામાં વિચાર કરવાનું પણ મેં સ્વપ્નું નહોતું જોયું. અમારા બંનેનાં કુટુંબો મધ્યમવર્ગના. અમારી સાત પેઢીમાંથી કોઈએ પોતાનો ધંધો નહોતો કર્યો. મને તો મારી ટેલ્કોની અને મારા પતિની પી.સી.એસ.ની નોકરીથી જ પરમ સંતોષ હતો. બસ જીવનભર આવી શાંતિની નોકરી હોય, ઘરનું ઘર હોય, પતિ અને એકાદ-બે બાળકોનું સુખ હોય અને બધાથી અદકેરો સંતોષ હોય, તો બીજું શું જોઈએ? મેં આગળ પાછળ વિચાર્યા વગર મૂર્તિને આવું ગાંડપણભર્યું સાહસ કરવાની ઘસીને 'ના' પાડી દીધી.

પણ એમને તો ધૂન ચઢી હતી. એ એમ કાંઈ ગાંજ્યા જાય તેમ ન હતા. મારા નકારાત્મક જવાબની તેમણે તૈયારી રાખી જ હશે. તેમણે તો ધંધાની રૂપરેખા - આંટીઘૂંટીઓ સમજી-વિચારી

લીધી હતી. તેમની પાસે એક ચોક્કસ દૃષ્ટિ હતી. તેમણે મને ફરી સમજાવવા માંડી. 'તું તો ઇતિહાસનાં પુસ્તકો વાંચવાની શોખીન છે. મારી વાત સમજ, જ્યારે યુરોપમાં ઔદ્યોગિક ક્રાંતિ થઈ ત્યારે આપણે બ્રિટિશર્સના ગુલામ હતાં. આપણે તે તકનો લાભ લેવો ચૂકી ગયા. હવે આ દુનિયા એક જબરદસ્ત બૌદ્ધિક-વૈચારિક ક્રાંતિના ત્રિભેટે ઊભેલી છે. બુદ્ધિશાળી ભારતીયો આ સમયનો લાભ નહીં લે તો આ દેશ હંમેશ પછાત જ રહેશે. તું એમ માને છે કે, હું પૈસા માટે આ બધું કરું છું? મારી ઘણા વખતથી આ સુષુપ્ત મહેચ્છા છે જ. મને નાસીપાસ ન કરીશ. રજા આપ. હું નોકરી છોડી દેવા માગું છું. હવે તો આ પાર કે પેલે પાર.'

હું તો મારા બાળપણમાં સરી પડી. અમારા એક દૂરના સગાએ વર્ષો પહેલાં પોતાનો ધંધો ચાલુ કર્યો હતો, એ મને આછું-પાતળું યાદ હતું. થોડા જ વખતમાં તેમણે ખૂબ ખોટ ખાધેલી. પાયમાલ થઈ ગયા. ગાંઠનાં ગોપીચંદન કર્યાં. જૂની મિલકતોય વેચવી પડી ને નીચાજોણું થયું તે નફામાં. હું તો 'પોતાના ધંધા'ને 'નુકસાન'નો પર્યાય સમજતી. મૂર્તિની વાતો સાંભળીને હું હેબતાઈ ગઈ હતી. અમારી આવી જ હાલત થશે તો? અમારી પાસે તો બાપદાદાની કોઈ મિલકતોય ન હતી. નુકસાન થાય તો કયા વાડી-વજીફા વેચશું? વળી, હવે અમે બે એકલાં ન હતાં. અમારે માથે નાનકડી દીકરીની પણ જવાબદારી હતી. હું ખૂબ જ મૂંઝાઈ ગઈ.

મારા પતિ મારા મનને કળી ગયા. મને કહે, 'આ એક નવા જ પ્રકારનો ઉદ્યોગ છે. એમાં ઝાઝી મૂડીની જરૂર નથી. બુદ્ધિની વધારે જરૂર છે. મારે તારો સંપૂર્ણ સહકાર જોઈએ છે. તેમના અવાજમાં દૃઢતા અને સચ્ચાઈનો રણકો હતો. હું આજે પણ તેમના એ ગુણને કારણે તેમના પ્રત્યે ખૂબ ખૂબ માન ધરાવું છું.

રસોડામાંથી રોટલી બળવાની વાસ આવી. 'લો... આજથી જ લોહીઉકાળા ચાલુ થઈ ગયા. ભેંસ ભાગોળે, છાશ છાગોળે ને ઘેર ધમાધમ. ધંધો ચાલુ કર્યા પહેલાં જ ખાવા નહીં પામીએ.' મેં મનોમન વિચાર્યું. હું બેસી જ રહી. અમે નાનાંનાનાં ડગ માંડ-માંડ માંડનારા, હરણફાળ ભરવાનું વિચારી રહ્યાં હતાં. અમારી સામે કેટકેટલી મુશ્કેલીઓ આવશે તથા આ સાહસનું પરિણામ શું આવશે તેના ઊંડા વિચારમાં હું પડી. અમારે માથે ઘણી જવાબદારીઓ હતી. સાસરાનું બહોળું કુટુંબ હતું. મારી નણંદોને પણ પરણાવવાની હતી. અત્યારે અમારા બંનેની પગારની આવક ખૂબ સારી હતી. નિશ્ચિતતામાંથી અનિશ્ચિતતા તરફ જાતે જ જવાની આ વાત હતી. જાતે જ ખાડો ખોદો ને પડો, તેવી વાત. બધું જ ડગમગી જવાનું હતું.

બીજી બાજુ, મને મારા પતિમાં અખૂટ વિશ્વાસ હતો. જો હું જ તેમને સહકાર નહીં આપું તો તે ભાંગી પડશે. તેમનાં આશા-અરમાનોનો ભુક્કો થઈ જશે. ધંધો કરીએ તો નફા-નુકસાનની તૈયારી તો રાખવી જ રહી! મારો અંતરાત્મા મને કહેતો હતો, 'જાઓ, ફત્તેહ કરો. તમે ટકી જશો.'

ખૂબ વિચારીને મેં તેમને ધીમેથી પૂછ્યું, 'તમે એકલા જ છો કે ધંધામાં બીજા પાર્ટનર લેવાના છો?'

શ્રી મૂર્તિ ભાગ્યે જ હસે છે. તેમને કદાચ ખ્યાલ આવી ગયો હશે કે હું તેમની વાતમાં રસ લઈને આડકતરી રીતે સંમતિ આપી રહી છું. તેથી હસીને મને કહે, 'ના, ના, અમે છ જણ છીએ. મારા જેવા જ મહેનતુ યુવાન સ્વપ્નદૃષ્ટાઓ છે! અમારા માટે સીધે રસ્તે, કાયદેસર કમાવવાની આ સોનેરી તક છે. અમારું એક સ્વપ્ન છે કે ભારતને સોફ્ટવેર ઉદ્યોગ દ્વારા દુનિયાભરમાં ગૌરવ અપાવવું અને દેશની તિજોરીમાં ઢગલો વિદેશી હૂંડિયામણની રેલમછેલ કરી દેવી. તારે મને મદદ કરવાની છે. મારે ધંધો શરૂ કરવા થોડા રૂપિયાની જરૂર છે. તારી બચત મને આપીશ?'

મને મારાં બાના શબ્દો યાદ આવ્યા. 'બેટા, અત્યંત ભીડના સમયમાં જ તારી બચત વાપરજે.' આજે એ સમય આવી ગયો હતો. છતાંય મન ડગી ગયું હતું. હું કોઈ નિર્ણય નહોતી લઈ શકતી. પાઈ-પાઈ બચાવીને, દુકાનદારો સાથે રકઝક કરીને બચાવેલી મારી એ મોંઘેરી મૂડી મને કેટલી વહાલી હતી! અંતે મનોમન એક દૃઢ નિર્ણય લઈ હું ઊભી થઈ. રસોડાના કબાટમાંથી મેં મારી છૂપી બચત કાઢી. ધીમે ધીમે નોટો ગણી. દસ હજાર રૂપિયા હતા. રૂપિયા પાલવમાં લઈને હું મારા ઘરને ખૂણે અમે બનાવેલ નાનકડા મંદિર સામે ગઈ. પ્રાર્થના કરીને, મારી એ મૂડી અનન્ય વિશ્વાસ સાથે મેં મૂર્તિને આપી. હું કાંઈ ન બોલી શકી, ફક્ત 'બેસ્ટ લક, મૂર્તિ.'

થોડીવારે મને કળ વળી. મેં ધીમેથી કહ્યું, 'તમને આપવા માટે આથી વધારે મારી પાસે કાંઈ જ નથી. પણ મારાથી બનતી મદદ હું આ કંપની ચલાવવામાં તમને કરીશ. અરે હા, તમે કંપની માટે નામ વિચાર્યું છે?' મેં પૂછ્યું.

'હા, "ઈન્ફોસીસ." આ કંપનીનો પાયો નાખવા માટેની મૂડી આપવા બદલ હું તારો હંમેશ ઋણી રહીશ. હવે તારે તારા જીવનની અત્યંત કંટકભરી ખાડાટેકરાભરી સફર માટે તૈયાર રહેવું પડશે. મને સાથ આપીશને?'

નાનપણમાં અમે એક કવિતા ભણ્યા હતા. મને તેના શબ્દો યાદ આવ્યા :

***'વરસતો વરસાદ હો કે ગાત્રો થીજવતી ઠંડી***
***તપતો સૂર્ય હો કે નફા-તોટાની કંટકભરી કેડી,***
***શીતળ-મધુર સ્મિત સાથે હું તમારી હમસફર રહીશ.'***


મૂર્તિએ મને ફરી તેમનું મોંઘેરું સ્મિત આપ્યું. મને કહે, 'થેન્કસ વન્સ અગેઈન.' આજ સુધી તેમણે મને પૂછ્યું નથી કે એ દસ હજાર હું ક્યાંથી લાવી હતી!

આજે એ દિવસો યાદ કરું છું ત્યારે મને મારા બાના શબ્દો યાદ આવે છે, જેને કારણે મારું જીવન બદલાઈ ગયું.

મારાં બાળકોને તથા વિદ્યાર્થીઓને આ વાત હું ઘણી વાર કહું છું. 'કમાજો, વાપરજો પણ આંધળા ખર્ચ ન કરી દેતા. બચતની ટેવ હંમેશ રાખજો. મુશ્કેલીઓ કહીને નથી આવતી.'

***(મંગલ મંદિર, ઓગસ્ટ-૨૦૧૩)***

# વિકલાંગોને જીવતા દેવ માનતા ઉદ્યોગપતિ



કિરણ ચાંપાનેરી 'સેતુ'

કલા અને સંસ્કાર નગરી ભાવનગરના ૨૯૧મા જન્મદિવસની ઉજવણીના દિવસે ભાવેણાવાસી, કલાપ્રેમી ઉદ્યોગપતિ અને તેમની કંપની માઈક્રો-શાઈન પ્રોડક્ટ્સની મુલાકાતનો અવસર સાંપડેલો. ભાવનગર શહેરના જાણીતા એવા તખ્તેશ્વર ટેકરાના પરિમલ વિસ્તારમાં, સત્યનારાયણ રોડ પર, શ્રી સત્યનારાયણ મંદિરની બાજુમાં જ માનવીય અભિગમ ધરાવતી આ માઈક્રોશાઈન કંપનીમાં સતત પ્રયોગ ચાલતા રહે છે. **આ કંપનીના માલિક અને સીઈઓ એક પ્રયોગશીલ ઉદ્યોગપતિ છે. માનવીય મૂલ્યોની ગરિમાનું જતન કરનાર છે. તેઓ પોતાની કંપનીમાં વિકલાંગોની શક્તિને પારખીને નોકરીમાં રાખે છે.** કંપનીને માનવીય ગરિમાનું મંદિર અને વિકલાંગોને જીવતા દેવો માની સ્વમાન બક્ષનાર ઉદ્યોગપતિ છે શ્રી નિશિથભાઈ મહેતા.

માઈક્રોશાઈન કંપની એટલે પ્રયોગશાળા. નવીન અને ઉત્તમ પ્રોડક્ટ્સ દુનિયાને આપવાનું ધ્યેય. ઉદ્યોગના વિકાસાર્થે સતત પ્રયોગો કંપનીમાં થતા રહે. તેની સાથોસાથ કંપનીમાં કામ કરતા માનવ સંશાધન અંગે પણ પ્રયોગ ચાલતા રહે.

નિશિથભાઈનું મૂળ વતન શિહોર. ભાવનગરની સર ભાવસિંહજી પોલિટેકનિકમાં સિવિલ એન્જિનિયરિંગનો અભ્યાસ કરીને ૧૯૭૧માં કોઈક પ્લાસ્ટિક પ્રોડક્શન કરવાના હેતુથી મહેતા ટેરેસના એક રૂમમાં માઈક્રોશાઈન કંપનીના શ્રીગણેશ કરેલા. આજે આ કંપની દ્વારા ઉત્પાદિત વિવિધ પ્રકારના પ્લાસ્ટિકના ફાસ્ટનર ઈસરો, ઍરોસ્પેસ, મિલિટરી, ઓટો મોબાઈલ કંપનીઓમાં ઉપયોગમાં લેવાય છે. માઈક્રોશાઈન કંપની ફાસ્ટનર્સ બનાવતી ટી.એસ. ક્વોલિફાઈડ કંપની છે.

માઈક્રોશાઈન કંપનીનાં સાતેક વર્ષના કાર્યકાળ અને કામગીરીના અનુભવ બાદ નિશિથભાઈએ અનુભવ્યું કે આ ઉદ્યોગ એકમ તો ચાલે છે, પણ 'સ્વવિકાસ' માટે શું? સમાજ માટે શું? આંતરિક - આત્મિક વિકાસ માટે શું? આ પ્રશ્નના મનોમંથનમાંથી તેમને માર્ગ મળ્યો. તેમની નજર સમાજની વિકલાંગ વ્યક્તિઓ પર પડી. **વિકલાંગોની છઠ્ઠી ઇન્દ્રિય સતેજ હોય છે.** તેમની આ શક્તિનો ઉપયોગ કંપનીમાં કરવામાં આવે તો સામાન્ય માણસ કરતાં પણ વધુ કાર્યક્ષમ નીવડે. એટલે ૧૯૭૮થી કંઈક સેવા અને સામાજિક ઉત્તરદાયિત્વ અદા કરવાના હેતુસર વિકલાંગોને પોતાની કંપનીમાં કામે રાખવા લાગ્યા.

આજે પણ આપણે ત્યાં વિકલાંગને સામાન્ય પ્રવાહમાં ભળવાની ખૂબ મુશ્કેલી પડે છે. પણ માઈક્રોશાઈન કંપની અને નિશિથભાઈએ વિકલાંગો પ્રત્યે માનવીય અભિગમ અપનાવ્યો છે. **જે સમાજ વિકલાંગને નકામો ગણે છે તેને આ કંપની કામનો માને છે! સમાજ વિકલાંગને 'વેસ્ટ' માને છે ત્યારે આ કંપની તેને 'બેસ્ટ' ગણે છે. સમાજ વિકલાંગને જવાબદારી માને છે તો માઈક્રોશાઈન કંપની તેને મૂડી ગણે છે!** ટૂંકમાં 'ડિસેબલ્ડ' માંથી ઉત્તમ 'એબિલિટી' ક્યાં છે તેને નિશિથભાઈ શોધીને કંપનીના ઉત્પાદક કાર્યમાં લગાડે છે! પછી તે વ્યક્તિ મંદબુદ્ધિની હોય, બહેરી-મૂંગી હોય, અપંગ હોય. પણ વિકલાંગોની કાર્ય કરવાની ક્ષમતા અને ઉત્તમતા સામાન્ય માણસ કરતાં ચડિયાતી હોય છે!

૧૯૭૮માં સેવાના ઉમદા ભાવથી નિશિથભાઈએ વિકલાંગોને પોતાની કંપનીમાં નોકરીએ રાખવા માંડ્યા. વિકલાંગો સાથેનાં દસેક વર્ષના અનુભવ પછી ૧૯૮૮માં નિશિથભાઈનો અભિગમ બદલાયો. ધીમે ધીમે સેવાનો ભાવ મનમાંથી નીકળતો ગયો. અને હવે તો વિકલાંગો કંપનીની સેવા કરે છે એ ભાવ સર્જાયો છે! હવે તો માઈક્રોશાઈન અને નિશીથભાઈ માટે વિકલાંગોને પોતાને ત્યાં રાખવો એટલે સાધના! કંપનીનું સમગ્ર વાતાવરણ પારિવારિક ભાવનામય. સામાન્ય માનવી અને વિકલાંગો સાથે જ કામગીરી કરે. **પણ વિકલાંગોની ગરિમા, માનસન્માન ક્યાંય ઘવાય નહીં તેની પૂરી સભાનતા અને કાળજી રખાય!**

માઈક્રોશાઈન કંપનીના વિવિધ વિભાગો અને તેમાં કામ કરતા કર્મચારીનો પરિચય નિશિથભાઈ કરાવી રહ્યા હતા. મુલાકાત વખતે તેમની કંપનીના ૩૮ કર્મચારીઓમાંથી ૨૨ વિકલાંગ કર્મચારીઓને મળવાનું થયેલું. તેમની કંપનીમાં મંદબુદ્ધિની, બહેરી-મૂંગી, હાથે-પગે અપંગ વ્યક્તિઓને શ્રેષ્ઠપણે કામગીરી બજાવતી જોઈને ખરેખર આશ્ચર્ય થાય!... "મંદબુદ્ધિની વ્યક્તિ માટે એક જ પ્રકારનું કામ એ એનો ખોરાક અને દવા બની રહે છે. રિપીટેટિવ કામ કરવાનો તેમને કંટાળો નથી આવતો પણ તેનાથી આનંદ મળે છે...તો બહેરી - મૂંગી વ્યક્તિ ચોકસાઈભર્યા, એકાગ્રતાવાળાં કામો નિપુણતાથી કરે છે.

કારણ તે સાંભળતી નથી એટલે આસપાસ શું ચાલે છે તેનો અવાજ સંભળાતો નથી. આથી તે તેના કાર્યમાં મશગૂલ - એકાગ્ર રહે છે...પગ વગરની વ્યક્તિઓ એક જ જગ્યાએ બેસીને ઘણું સારું કામ કરે છે...''

...આમને મળો...મૂકેશભાઈ પટેલ અને તેમનાં પત્ની રંજનબહેન...'' નિશિથભાઈએ પરિચય આપ્યા પછી એ વિકલાંગ પતિ-પત્નીએ જે વાતો કરી ત્યારે ખરેખર આપણને સમાજ-પરિવારનો વરવો, કુરૂપ પાસાનો ખ્યાલ આવે.

રંજનબહેન - મૂકેશભાઈની દુ:ખદ વાત સાંભળીને લાગણીશીલ માનવી તો હચમચી ઊઠે!... કડી-કલોલ પાસેનું અંબિકાનગર મૂકેશભાઈનું વતન. કુદરતી ખોડ સાથે તેઓનો જન્મ થયેલો. માતાપિતાનું છત્ર પણ ગુમાવેલ. તેમના મોટાભાઈની હોટલ અંબિકાનગર ચાર રસ્તા પર સારી ચાલે. કુદરત સામે સંઘર્ષ કરતા કરતા મૂકેશભાઈ મોટા થયા. પોતાનાં સમોવડી - વિકલાંગ રંજનબહેન સાથે લગ્ન કરી ઘરે લાવ્યા. ત્યારે પરિવારજનોએ તેમને "તને માંડ પાલવતા હતા ત્યાં આ બીજી લંગડીને ક્યાં પાલવવી?'' કહી ઘરમાંથી હાંકી કાઢ્યા. તેમણે ભાવનગરની વાટ પકડી. ભાવનગરમાં એક હોટલમાં રૂ. ૧૦/- ના રોજથી સવારે આઠથી રાત્રિના દસ વાગ્યા સુધી કામ કર્યા કરે. તેમાં એક દિવસ સવારે નિશિથભાઈની નજર આ વિકલાંગ દંપતી પર પડી. પોતાની કંપનીમાં કામે આવશો...પૂછપરછ કરી. તેઓને કંપનીમાં કામે લગાડ્યાં... "અહીં અમને પરિવાર જેવું લાગે છે. **નિશીથભાઈ અમારા સાહેબ-માલિક નહીં પણ વડીલ જેવા છે.** તેઓ અમારા પ્રત્યે જુદાઈ રાખતા નથી. તેમના ઘરે જે દિવસે નવું, સારું ખાવાનું આવે તે અમારા દરેક કર્મચારીને ઘરે પણ પહોંચાડે...અહીં કામે લાગ્યા પછી કંપનીની આર્થિક સહાયથી અમે અમારો નાનકડો આશિયાનો પણ બનાવ્યો. હવે અમને સુખી જોઈને અમારાં સગાંઓ ઈર્ષા-અદેખાઈ કરે છે...''

છે ને સમાજની વિરૂપતા! સગો ભાઈ જાકારો આપે. જમીન, મકાન છીનવી લે. ત્યારે માનવીય અભિગમ, સમાજ પ્રત્યે નિસબત ધરાવતા નિશિથભાઈ તેમને આવકારો આપે!

વિકલાંગો પ્રત્યે સમાજના અભિગમ અંગે નિશિથભાઈ મહેતા સાથેની ચર્ચામાં તેઓએ સ્પષ્ટપણે પ્રતિભાવ આપ્યો કે, "આપણા સમાજે વિકલાંગને વિકલાંગ તરીકે ન જોતાં તેનામાં છુપાયેલી સારપ, સમયપાલન, કામ પ્રત્યેના લગાવને જોવાં જોઈએ. **વિકલાંગને પાંગળો, બિચારો નહીં પણ સ્વમાનભેર જીવી શકે તે રીતે આપણા સામાન્ય પ્રવાહમાં ભેળવવા પ્રયાસ કરવા જોઈએ.** દરેક ઉદ્યોગ કંપનીઓમાં વિકલાંગની શક્તિ, આવડત પ્રમાણે નોકરીએ રાખવાની પહેલ કરવી જોઈએ. સમાજમાં જેમ સમૂહલગ્નોના મેળાવડા થાય છે તે પ્રમાણે ઉદ્યોગ કંપનીઓએ, કોર્પોરેટ કંપનીઓએ વિકલાંગોના રોજગારી મેળા યોજીને તેમની શક્તિ પ્રમાણે નોકરી આપવી જોઈએ. **દરેક ઉદ્યોગપતિ, કંપનીના સી.ઈ.ઓ. કે એક્ઝિક્યુટિવમાં વિકલાંગો પ્રત્યે જોવાની નજર કેળવાશે તો સમાજના આ નબળા વર્ગને બાપડા-બિચારા રહેવાનો વારો નહીં આવે..."**

આ કંપનીના 'સેન્ટર ફોર એક્સલન્સ' દ્વારા સંગીતકલા, ભારતીય સંસ્કૃતિ - સભ્યતાને અનુરૂપ નૃત્ય - નાટિકાઓ, સારા પ્રવચનકારોનાં પ્રવચન, સેમિનાર યોજીને સ્વસ્થ સમાજનિર્માણના પ્રયાસો કરવામાં આવે છે. સારાં પ્રવચનો, ગીત-સંગીતની કેસેટો, ડીવીડી, સીડીઓ પણ વિતરણ કરવામાં આવે છે.

સમાજ પરત્વેના ઉત્તરદાયિત્વ અને વિકલાંગોના ઉત્કર્ષની પ્રવૃત્તિ માટે ૧૯૯૯માં ભારત સરકારના સામાજિક ન્યાય અને શક્તિકરણ મંત્રાલય તરફથી રાષ્ટ્રીય ઍવોર્ડ, ૧૯૯૯માં એનસીપી ઈડીપી તરફથી હેલન કેલર ઍવોર્ડ, ૨૦૦૩-૦૪નો ફિકીનો વાર્ષિક ઍવોર્ડ, ૨૦૦૯ માં રામક્રિષ્ન બજાજ રાષ્ટ્રીય ગુણવત્તા ઍવોર્ડ, ૨૦૦૯માં રીયલ હીરોઝ ઓફ ઈન્ડિયા સીએનએન-આઈ બીગ રિલાયન્સ ઍવોર્ડ શ્રી નિશિથભાઈ મહેતા અને માઈક્રોશાઈન કંપનીને એનાયત થયેલ છે.

*સીઈઆઈ, ગુજરાત રાજ્ય સહકારી સંઘ*
*૧૦૪/૧૮૪૨, કૃષ્ણનગર, સૈજપુર બોઘા,*
*અમદાવાદ-૩૮૨ ૩૪૬. મો. ૯૬૬૨૮ ૩૩૨૬૮*
*(મંગલ મંદિર, ઓગસ્ટ-૨૦૧૩)*

## કવચિત્

કવચિત્ આંખોમાં આંખ પુરાવી તમો હસ્યા હોત,
તો નિશ્ચિત અમો તમારા દિલમાં વસ્યા હોત.

કવચિત્ અમોને જોઈ તમો લગીરે હસ્યા હોત,
તો અમો તમ પર મન મૂકીને વરસ્યા હોત.

કવચિત્ તમો અમારી સામે મીઠું મલક્યા હોત,
તો અમો વગર લીલસેવાળે લાંબુંલચ લપસ્યા હોત.

કવચિત્ તમોને બેડલા સાથે નીરખ્યા હોત,
તો અમે ભર શિયાળે તરસ્યા હોત.


કવચિત્ તમો અમાસની રાતે ચમક્યા હોત,
તો નિ:શંક અમો ગીત ગાતા રણક્યા હોત.

કવચિત્ તમો અમોને જરા અમથું પણ સમર્યા હોત,
તો ખુદા કસમ! અમો તમોને પરણ્યા હોત.

કવચિત્ તમો અમારાથી જરા અમથું પણ વકર્યા હોત,
તો અમોએ અમારી જાતને જરૂર તમોને સમર્પ્યા હોત.

*શરદચંદ્ર હરિલાલ શાહ "સહસા"*
*(મંગલ મંદિર, જાન્યુઆરી-૨૦૦૯)*

# માધ્યમોનું ભાવિ



ડૉ. યાસીન દલાલ

ગુટેનબર્ગે, ૧૬મી સદીમાં છાપેલા શબ્દની શોધ કરી અને એને પગલે વિશ્વમાં અખબારોનો જન્મ થયો. ત્યારથી જ એના નસીબમાં શાસનની સામે ટકરાવાનું લખાયું છે. વિશ્વભરનો અખબારી ઈતિહાસ એ 'જદો' જે હદ અને સંઘર્ષનો ઈતિહાસ છે. આપણાં અખબારએ ૨૦૦ વર્ષ પૂરાં કર્યા ત્યારે આપણા એક વરિષ્ઠ પત્રકાર ચલાપતિરાવે આપણાં અખબારોના ઈતિહાસને 'દમન' અને 'મુક્તિનો ઈતિહાસ' કહ્યો હતો. બ્રિટિશ અમલ દરમિયાન આપણે ત્યાં આ દમનનો કાયદો ઘડાયો ત્યારથી અખબારો ઉપર નિયંત્રણ માટે જાતજાતના કાયદા ઘડાતા રહ્યા છે. પણ અખબારોનો માર્ગ ભાગ્યે જ કોઈ દેશમાં સંપૂર્ણપણે સુંવાળો રહ્યો છે. અમેરિકા અને બ્રિટનમાં પણ નહીં. પશ્ચિમના મુક્ત વિચારવાળા દેશોમાં પણ અવારનવાર અખબારોએ શાસન સામે લડવું પડે છે. અમેરિકા, બ્રિટન અને કેનેડા જેવા દેશોમાં પ્રેસ કાઉન્સિલ જેવી સંસ્થાઓ સરકાર અને અખબાર વચ્ચેના સંબંધો જાળવી રાખવા માટે મથામણ કરતી રહેતી હોય છે. અને છતાં ક્યારેક સંબંધો તંગ બની જ જાય છે.

અખબારોએ હંમેશાં એક વિચિત્ર અને વિષમ પરિસ્થિતિમાંથી પસાર થવું પડે છે. મોટા ભાગના દેશોમાં સમાજ અખબારોનું મહત્ત્વ સ્વીકારે છે અને એને યશ પણ આપે છે, બિરદાવે છે. પણ બીજી બાજુએ દેશની સરકાર અખબાર તરફ સહિષ્ણુ બની શકતી નથી. સમાજ જે હાથે અખબારને યશ આપે છે તે સરકાર બીજા હાથેથી છીનવી લે છે અને કેટલીક વાર તો ઊલટું અખબારને અપયશ આપે છે, એની સાથે અથડામણમાં ઊતરે છે. અને પછી? એક વધુ વિષમ પરિસ્થિતિ નિર્માણ થાય છે. જેમાં શાસન અખબારને દબાવે છે એમ લોકો એને વધુ માથે ઊંચકે છે. જેમ અખબાર તરફ તંત્ર અસહિષ્ણુ બને છે એમ એની નકલોનો ફેલાવો વધતો જાય છે. આ અર્થમાં જ કદાચ માર્ટિન વૉકર કહે છે કે દમન એ વાસ્તવમાં અખબારની સૌથી મોટી પ્રશસ્તિ છે. પણ આ સત્ય જાણવા છતાં સરકારો અખબાર સામે દમનની લાલચ રોકી શકતી નથી. આથી અંતે તો અખબારે શાસનની સામે ઝીંક ઝીલવાની તૈયારી સાથે જ ચાલવું પડે છે. શાસનપાસે જે સત્તા અને સાધનો છે, એ એની પાસે નથી. એ દૃષ્ટિએ એક બહુ પાંગળું સાધન છે. એની શક્તિને શાસન ગમે ત્યારે છીનવી શકે છે. બરોબર એ જ રીતે, જે રીતે જાપાનના લશ્કરી તંત્રે ૧૯૩૪ માં ત્યાંના વિશ્વપ્રસિદ્ધ અખબાર 'અશાહી શુમ્બુન'ની કચેરીને તોડી ફોડી નાંખી હતી. ૧૯૧૯માં એ જ અખબારના કર્મચારીઓને સત્તાવાળાઓએ ઝાડ સાથે બાંધીને માર્યા હતા. હજી હમણાં, ૧૯૮૦માં 'કુરિયર' ની ઓફિસમાં લશ્કરે ઘસી જઈને એનાં પગથિયાં ઉપર જ એના વરિષ્ઠ પત્રકાર વોલ્ટર તોબાગીને ઠાર કર્યા હતા. અગાઉ કહ્યું તેમ બ્રિટન અને અમેરિકા પણ આમાંથી બાકાત નથી. ૧૯૭૭માં એક સમાચાર છાપવા બદલ એને એનું મૂળ સાધન નહીં બતાવવા બદલ 'ન્યૂયોર્ક ટાઈમ્સ'ના માયરન ફાર્બર નામના પત્રકારને જેલ સજા ફટકારવામાં આવી હતી. દક્ષિણ આફ્રિકાની જેલોની સ્થિતિ વિશે લેખો લખવા બદલ 'રેન્ડ ડેઈલી મેઈલ' ને દંડ કરવામાં આવ્યો હતો. ફ્રાંસનું અગ્રણી અખબાર 'લામોન્ડ' છે અને એના કેટલાક પત્રકારોનાં ઘર ઉપર ૧૯૬૧ અને ૧૯૬૨માં બૉંબ ફેંકાયા હતા. ૧૯૬૮માં જર્મનીના અખબાર 'ડાઈવેલ્ટ'નાં ડિલીવરી વાહનોને નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. ઈજિપ્તમાં નાસરના મોત પછી સાદત સત્તા ઉપર આવ્યા. નાસરના શાસનમાં 'અલ અહરામ' અને એનાં તંત્રી હેકલનું પ્રભુત્વ એકદમ વધી ગયું હતું. સાદતે હળવેકથી હેકલને અલ અહરામના તંત્રીપદેથી ખસેડી દીધા. બ્રિટન અને ફ્રાંસે એકઠા થઈને ૧૯૫૬માં સુએઝ નેહરને બચાવવા માટે ઈજિપ્ત ઉપર હુમલો કર્યો હતો. આ પગલાંનો 'માંચેસ્ટર ગાર્ડિયને' વિરોધ કર્યો એટલે બ્રિટિશ સરકારે એની જાહેરખબરો બંધ કરી દીધી હતી.

લંડનથી 'ઈન્ડેક્ષ ઓન સેન્સરશીપ' નામનું સામયિક બહાર પડે છે. એનું મુખ્ય કામ છે વિશ્વભરમાં અખબારો ઉપર લદાતી સીધી કે આડકતરી સેન્સરશીપની માહિતી આપીને એની સામે લોકમત ઊભો કરવાનું. એણે ઝિમ્બાબ્વે અને દક્ષિણ આફ્રિકાના દેશોથી માંડીને ઈરાન જેવા એશિયન દેશોમાં અખબારો ઉપર સેન્સરશિપની લગામ જે રીતે લાદવામાં આવે છે એની ચર્ચા કરી હતી. અને વિશ્વભરની જેલોમાં સબડતા અખબારનવેશો અંગે ચોંકાવનારી માહિતીઓ રજૂ કરી હતી. ખાનગી માહિતીના ઓઠા નીચે ઘણીવાર શાસકો જે રીતે લોકોથી સાચી માહિતી છુપાવે છે એની સામે આવી સંસ્થાઓ ઝઝૂમે છે.

ઈન્ટરનેશનલ પ્રેસ ઈન્સ્ટિટ્યુટે ૧૯૮૪ના વર્ષના પોતાના

અહેવાલમાં વિશ્વભરમાં અખબારો પ્રત્યે વધી રહેલી અસહિષ્ણુતાની નોંધ લીધી હતી અને પત્રકારો ઉપર થઈ રહેલા હુમલાઓના કિસ્સા ટાંક્યા હતા. હવે રેડક્રોસ પણ આ બાબતમાં સક્રિય બન્યું છે. જિનિવામાં હમણાં આ વિષય ઉપર એની એક ખાસ બેઠક મળી ગઈ જેમાં માહિતી આપવામાં આવી હતી કે ૧૯૮૪માં વિશ્વમાં અખબારી આઝાદી ઉપર તરાપ મારવાના ૨૧૧ કિસ્સા બન્યા હતા. જેમાં ૩૫૯ અખબાર નવેશો સંકળાયા હતા. ૨૩ પત્રકારોનાં ખૂન થયાં હતાં ૨૦૫ને જેલમાં મૂકવામાં આવ્યા હતા અને પત્રની હકાલપટ્ટી થઈ હતી.

રેડક્રોસે હવે અખબારી આઝાદી ઉપર થતા કોઈ પણ પ્રકારના હુમલાની ઘટનાની તરત જાણ થઈ શકે અને પગલાં લઈ શકાય એ માટે એક 'હોટ લાઈન' ની સ્થાપના કરી છે. આ હોટ લાઈન ચોવીસ કલાક કામ કરતી રહેશે અને પત્રકારોના ગુમ થવાના કે ઈજા થવાના કિસ્સાઓમાં તાત્કાલિક મદદ પૂરી પાડશે. આ ઉપરાંત અખબારોને થતી કનડગતની વિશ્વવ્યાપી માળખાનું કેન્દ્ર બનવાની પણ રેડક્રોસે તૈયારી બતાવી હતી. રેડક્રોસે એ મુદ્દો સ્વીકાર્યો છે કે પત્રકારોને પણ માનવ અધિકારોની બાબતમાં બીજાં ક્ષેત્રો જેટલા જ અધિકારો મળવા જોઈએ. પત્રકારોની સલામતી અંગેના માર્ગદર્શક સિદ્ધાંતો ઘડી કાઢવા માટે ઈન્ટરનેશનલ પ્રેસ ઈન્સ્ટિટ્યુટ સાથે હાથ મિલાવ્યા છે. હવે સંગઠિત વિસ્તારોમાં અથવા યુદ્ધ વિષયક સંવાદદાતાઓ જાય એ માટે ખાસ પ્રકારની તાલીમ આપવામાં આવશે. આ ઉપરાંત અખબારનવેશોને કાનૂની ત્રૂટિઓ અંગે માર્ગદર્શન આપી શકાય એ માટે અવારનવાર પરિસંવાદોનું આયોજન કરવામાં આવશે.

૧૯૮૧માં યુનેસ્કોએ આ વિશે થોડી પહેલ કરી એ પછી આવી ચર્ચા પ્રથમવાર જ યોજાઈ હતી. આફ્રિકી અને આરબ દેશોમાં સંખ્યાબંધ પત્રકારો ગુમ થઈ ગયા છે. એમની ભાળ મેળવવાનું કામ હવે શરૂ કરવામાં આવશે. આ બેઠકમાં કોમનવેલ્થ પ્રેસ યુનિયન વતી શ્રી સી. આ. ઈરાની પણ હાજર હતા, જેઓ કલકત્તાના 'સ્ટેટમેન' સાથે વર્ષોથી સંકળાયેલા રહ્યા હતા.

માર્ટિન વોકર કહે છે તેમ એક મહાન અખબાર સમાચારની બાબતમાં બીજા કોઈ પણ માધ્યમ ઉપર સરસાઈ ભોગવે છે અને આથી એની સ્વાયત્તતાની જાળવણી એ એક મહત્ત્વના માનવઅધિકારની જાળવણી છે.

આપણાં અખબારોના ફેલાવાનો દર વિશ્વમાં નીચામાં નીચા દરમાં આવે. આપણો ફેલાવાનો માથાદીઠ દર ૦.૦૧૩ છે, ત્યારે વિકાસશીલ દેશોનો સરેરાશ દર ૦.૦૨ અને ૦.૦૫ વચ્ચે છે.

કટોકટી દરમ્યાન બંધારણમાં જે કેટલાક સુધારા થયા એમાં એક સારો સુધારો એ થયો કે નાગરિકોની ફરજોમાં વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ ઉમેરવામાં આવ્યું. વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ માત્ર બંધારણની પોથીમાં પુરાઈને રહી ગયું છે. બીજા અખબારી પંચે તો આવા સમાચારો અને લેખો ઉપર પ્રતિબંધ મૂકવાની હિમાયત કરી છે. આમ, વિકાસની પ્રક્રિયામાં ઉદ્દીપક બનવાને બદલે માધ્યમો ઘણીવાર એમાં જાણ્યે-અજાણ્યે અવરોધરૂપ બને છે. છેલ્લા દાયકામાં બનેલી ગુજરાતી ફિલ્મોએ બળતામાં ઘી હોમ્યું છે અને ચમત્કારો તથા મંત્ર-તંત્રની ધડમાથા વગરની વાર્તાઓ અને પ્રસંગો વડે લોકમાનસને દૂષિત કર્યું છે. આપણી ગ્રામપ્રથા આ દૂષણોમાંથી મુક્ત નહીં થાય ત્યાં સુધી વિકાસની ગાડી પાટા ઉપર નહીં ચડે.

### અખબારો અંગે કેટલીક જાણવા જેવી માહિતી

- ★ **વિશ્વમાં છાપાનો પ્રથમ શોધક : ગુટેન બર્ગ**
- ★ **ભારતનું પ્રથમ અખબાર : બેંગાલ ગેઝેટ**
- ★ **ભારતનો પ્રથમ પત્રકાર : જેમ્સ હીકી**
- ★ **વિશ્વમાં સૌથી વધુ ફેલાવો ધરાવતું દૈનિક 'ન્યુયોર્ક ટાઈમ્સ'**
- ★ **ભારતનું સૌથી જૂનું હયાત અખબાર : 'મુંબઈ સમાચાર'**
- ★ **ગુજરાતમાં પ્રગટ થતાં કુલ પત્રોની સંખ્યા : ૪૫૦**
- ★ **ભારતનાં કુલ દૈનિકોની સંખ્યા : ૮૦૦**
- ★ **ભારતમાં સો વર્ષ વટાવી ગયા હોય તેવા કુલ ૧૦ પત્રો છે તેમાંથી ચાર ગુજરાતમાં છે. (૧) 'મુંબઈ સમાચાર', (૨) 'જામે જમશેદ', (૩) 'ખેડા વર્તમાન', (૪) 'ગુજરાત મિત્ર.'**

**આમાંથી પ્રથમ બે પત્રો મુંબઈથી પ્રસિદ્ધ થાય છે. એક વર્તમાન પત્ર ગુજરાતના ખેડામાંથી પ્રગટ થાય છે અને 'ગુજરાત મિત્ર' સુરતનું દૈનિક છે. 'જામે જમશેદ' હવે બંધ પડ્યું છે.**

પ્રેસ કાઉન્સિલના નવા અધ્યક્ષ માર્કંડેય કાત્જુએ કહ્યું છે કે પ્રેસ કાઉન્સિલના કાર્યક્ષેત્રમાં ટેલીવિઝનને પણ આવરી લેવું જોઈએ. તેમણે આક્ષેપ કર્યો છે કે માધ્યમોને પ્રજાની પડી જ નથી. તેમણે પ્રશ્ન કર્યો છે કે જે દેશમાં ૮૦ ટકા પ્રજા રોજના રૂપિયા ૨૦ માંડ કમાતી હોય એ દેશમાં ક્રિકેટ અને સિનેમા પાછળના ગાંડપણનો શો અર્થ? તેમણે પ્રશ્ન કર્યો છે કે પ્રજાને દેવાનંદ અને રાજેશ ખન્નામાં આટલો બધો રસ લેતી શા માટે કરવી જોઈએ? પ્રજાને કરીના કપૂરના લગ્નમાં રસ નથી. દેશના પાયાના પ્રશ્નોમાં એને રસ છે. એમણે વધુમાં કહ્યું હતું કે દેશની ૯૮ ટકા પ્રજા મૂર્ખ છે. ક્રિકેટ અને સિનેમા પાછળ લોકો પાગલ છે અને મોટાભાગની પ્રજા અંધશ્રધ્ધાળુ છે.

શ્રી કાત્જુની આ વાત થોડી આત્યંતિક ભલે લાગે પણ વિચારવા જેવી છે. એમનું સૂચન છે કે દેશમાં પ્રેસ કાઉન્સિલની જેમ

જ બ્રોડકાસ્ટિંગ કાઉન્સિલ પણ હોવી જોઈએ. જો કે આવું એક સ્વૈચ્છિક સંગઠન ઉભું થઈ ગયું છે. એણે ઈન્ડિયા ટી.વી. ના શ્રી રજત શર્માને સમન્સ પાઠવીને બોલાવ્યા પણ હતા. એક વાત એવી છે કે શ્રી શર્માએ માફી માંગી હતી. બીજી વાત એવી છે કે તેઓ કોઈપણ જાતના જવાબ આપ્યા વિના ભાગી ગયા હતા. સી.એન.એન. દેશ આઈ.બી.એન. ચેનલ ઉપર શ્રી કરણ થાપરે શ્રી કાત્જુની લીધેલી મુલાકાત આ દૃષ્ટિએ ખૂબ રસપ્રદ બની રહે છે.

બીજી બાજુ સરકાર તરફથી વાણી સ્વાતંત્ર્યનું ગળું ઘોંટવા માટે પ્રયત્ન થાય છે એ પણ એક હકીકત છે. બંગાળમાં મમતા બેનરજી આપખુદ ઢબે વર્તી રહ્યા છે. એમણે પોતાનું કાર્ટૂન દોરનાર એક અધ્યાપકને તરત જ જેલમાં પૂરી દીધો. આની સામે મહાશ્વેતા દેવી સહિત બંગાળના બુદ્ધિજીવીઓએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો. આ ઓછું હોય તેમ મુંબઈમાં એક કાર્ટૂનિસ્ટ શ્રી અસીમ ત્રિવેદીની એક કાર્ટૂન બદલ ધરપકડ થઈ. એમના ઉપર દેશદ્રોહનો આરોપ મૂકાયો. એમણે સાંસદો બંધારણની મશ્કરી કરે છે એવું કાર્ટૂન દોર્યુ હતું. દેશદ્રોહનો કાયદો અંગ્રેજોએ બનાવ્યો છે. આઝાદ ભારતમાં એનું કોઈ ઔચિત્ય જ નથી. અસીમ ત્રિવેદીએ જામીન ઉપર છૂટવાનો પણ ઈન્કાર કર્યો. અંતે એમનો છૂટકારો થયો. મુંબઈના પોલીસ વડાએ કહ્યું કે કાર્ટૂનિસ્ટે પોતાની મર્યાદામાં રહેવું જોઈએ. પ્રશ્ન એ છે કે પોલીસ વડા અહીં પોતાની જ મર્યાદા ચૂકી ગયા અને અભિવ્યક્તિ સ્વાતંત્ર્યની બાબતમાં ખોટો ચંચૂપાત થયો. ગુજરાતમાં પણ અનેક પત્રકારો ઉપર રાજદ્રોહનો આરોપ લાગી ચૂક્યો છે.

હવે મૂળ મુદ્દા ઉપર પાછા આવીએ. તો કોઈપણ સ્વાતંત્ર્ય જવાબદારી વિનાનું હોતું નથી અને હોઇ શકે પણ નહીં. પ્રેસ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ઈન્ડિયા એક જમાનામાં સક્રિય હતી પણ હવે એ નિષ્ક્રિય થઈ ગયું છે. એણે ભૂતકાળમાં રમખાણો વખતે રિપોર્ટીંગની બાબતમાં એક માર્ગદર્શિકા બહાર પાડી હતી જેનું પાલન અત્યારે માધ્યમો કરતાં જ નથી. ગુજરાતના રમખાણો હોય કે આસામના, અખબારો અને ટેલિવિઝન ક્યારેક આગ ઠારવાને બદલે એમાં ઘી નાખે છે. ઉપરથી આપણા બેજવાબદાર નેતાઓ તદ્દન ભડકામણાં ભાષણો કરે છે. હમણાં મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાનાં શ્રી રાજ ઠાકરેએ જાહેરમાં કહ્યું કે હું મુંબઈમાંથી બધા ઉત્તર ભારતીયોને હાંકી કાઢીશ. છતાં એમની ઉપર કોઈ પગલાં લેવાયા નહીં.

નવા માધ્યમોનો સદુપયોગ કરવામાં આવે તો દેશ અને સમાજને ખૂબ ફાયદો થઈ શકે તેમ છે. નવા માધ્યમની મદદથી આપણને એકપણ પૈસો ખર્ચ્યા વિના અઢળક માહિતી મળી શકે છે. આ માહિતીની મદદથી આપણે ધારીએ તો પૃથ્વી ઉપર સ્વર્ગ ઉતરી આવે. જમીનના પેટાળમાં ક્યાં પાણી છે અને કેટલું છે એ જાણી શકાય. વૈકલ્પિક ઉર્જા મેળવી શકાય. ઉપગ્રહોની મદદથી હવામાનનો વર્તારો ચોક્કસપણે મેળવી શકાય પણ આ બધામાં સ્વયંશિષ્ટ અનિવાર્ય છે. ભારત અત્યારે એક ગરીબ અને બેરોજગાર દેશ છે. આરોગ્યની બાબતમાં કુપોષણથી પીડાતો દેશ છે. જો માધ્યમોનો સદુપયોગ કરવામાં આવે તો ગરીબી અને બેકારી દૂર કરવામાં ઝડપ આવી શકે. તેમજ ભ્રષ્ટાચાર વિરુદ્ધ પણ માધ્યમોની મદદથી લોકોને જાગૃત કરી શકાય.

અત્યારે સોશિયલ મીડિયાનો જમાનો છે. ફેશબુક, ટ્વીટર, ઈ-મેઈલ, સ્કેનીંગ આ બધા શબ્દો લોકો રોજબરોજ વાપરે છે. ખાસ કરીને નેતાઓને કાંઈ કહેવું હોય તો ટ્વીટર અને ફેશબુકનો ઉપયોગ કરે છે પણ એનો દુરૂપયોગ પણ વ્યાપક થઈ ગયો છે. યુવાપેઢી છોકરીઓની છેડતી માટે સોશિયલ મીડિયાનો ખાસ ઉપયોગ કરે છે અને મોબાઈલ ઉપર ફોટા પાડીને એની ક્લીપ બધે ફેરવવામાં આવે છે. રાજસ્થાનના એક મંત્રી આમાં જ ઝડપાઈ ગયા અને રાજીનામું આપવું પડ્યું. હવે મધ્યપ્રદેશના એક મંત્રી પણ આમાં જ ઝડપાઈ ગયા છે. એમણે તો વળી એક કદમ આગળ ભર્યું. પેલી યુવતીને ફરિયાદ પાછી ખેંચી લેવા માટે એક કરોડ રૂપિયાની ઓફર કરી પણ વાત બહાર પડી ગઈ એટલે મુખ્યપ્રધાને એમને હાંકી કાઢી. ટૂંકમાં આ જમાનો સોશિયલ મીડિયાનો છે પણ ભારતમાં એનું ચલણ હજી વ્યાપક બન્યું નથી. હવે જુદી જુદી રાજ્ય સરકારો ટેબલેટ એટલે કે લેપટોપ વિદ્યાર્થીઓને મફત આપવાની છે. ઉત્તરપ્રદેશ સરકારે એનો અમલ પણ શરૂ કરી દીધો છે. કેન્દ્રના પ્રધાન કપિલ સિબ્બલે દોઢથી બે હજાર રૂપિયામાં ટેબલેટ અપાશે એવી જાહેરાત પણ કરી દીધી છે.

અમેરિકામાં 'ન્યુઝવિક' બંધ થઈ ગયું અને બીજા સંખ્યાબંધ દૈનિકો અને સામયિકો બંધ થવાને આરે છે. કારણ કે ત્યાં હવે દૈનિકો અને સામયિકો ઈન્ટરનેટ ઉપર મુકાવા માંડ્યા છે. પરિણામે મુદ્રણ માધ્યમનો ફેલાવો ઘટવા માંડ્યો છે. અમુક કિસ્સામાં તો માત્ર ઈન્ટરનેટ માટેના જ છાપા શરૂ થયા છે. ગુજરાતમાં સુરત ખાતેથી 'ઈ-મેઈલ' નામનું ઈ.સામયિક શરૂ થયું હતું પણ આપણે ત્યાં આ બધું પ્રાયોગિક ધોરણે ચાલે છે. કેટલાક સામયિકો પોતાના વિશેષાંકો ઈન્ટરનેટ ઉપર મૂકે છે. રાજકોટનું સાંધ્ય દૈનિક 'અકિલા' પણ ઈન્ટરનેટ ઉપર મુકાય છે. પરિણામે મારા લેખો અને મારે લગતા સમાચારો કેનેડામાં રહેતી મારી પુત્રી વાંચી શકે છે. દિલ્હીના મોટાભાગનાં દૈનિકો પણ ઈન્ટરનેટ ઉપર મુકાવા માંડ્યા છે.

પણ આમ કહ્યા પછી પણ એક વાત નોંધવી પડે છે કે ભારત અને ગુજરાતમાં દૈનિકો અને સામયિકોનો ફેલાવો વધ્યો છે. આનો દાખલો 'દિવ્ય ભાસ્કર' દૈનિક ગુજરાતમાં એ અમદાવાદ ઉપરાંત વડોદરા, સુરત અને છેક કચ્છ સુધી પહોંચ્યું છે. આખા દેશમાં એની એક ડઝનથી વધુ આવૃત્તિઓ નીકળે છે. મધ્યપ્રદેશ અને રાજસ્થાન સુધીનો વિસ્તાર એણે કબજે કરી લીધો છે. 'ગુજરાત

સમાચાર' ની પણ પાંચ આવૃત્તિઓ પ્રગટ થાય છે એ બધાનો કુલ ફેલાવો ૧૮ લાખ નકલ જેટલો છે. માત્ર રાજકોટમાંથી જ દસ સાંધ્ય દૈનિકો નીકળે છે. 'અકિલા', ઉપરાંત 'સાંજ સમાચાર', 'આજતક', 'અબતક', 'કાઠિયાવાડ પોસ્ટ', 'ઈન્વેસ્ટીગેશન', 'સૌરાષ્ટ્ર આસપાસ', 'આજકાલ', 'લોકસમર્થન' આટલા દૈનિકો નીકળે છે. રાજકોટ જેવા શહેરમાં આટલી મોટી સંખ્યામાં સાંધ્ય દૈનિકો નીકળે છે એ શું સૂચવે છે? કે મુદ્રણ માધ્યમોનો ગુજરાત અને ભારતમાં અસ્તકાળ શરૂ થયો નથી. આના અનેક કારણો છે. એક તો આપણા દેશમાં બધાને કોમ્પ્યુટર કે ઈ-મેઈલ પોસાય નહીં. હજી સાક્ષરતાનો દર ૬૫ ટકાએ પહોંચ્યો છે. બીજી આપણી પ્રજા હજી ટેકનોલોજીથી વાકેફ નથી. હજી દેશની ૭૦ ટકા વસતી ગામડામાં વસે છે. આ બધા કારણો જોતા અત્યારે તો લાગે છે કે માધ્યમોની બાબતમાં મુદ્રણ માધ્યમો ભવિષ્યમાં એમ જલદી અસ્ત નહીં થાય. અમદાવાદથી હમણા 'મેટ્રો' નામનું બપોરનું દૈનિક શરૂ થયું છે. અમદાવાદથી જ અને બીજા કેટલાક કેન્દ્રોમાંથી 'ડી.એન.એ.' નામનું અંગ્રેજી દૈનિક શરૂ થયું છે. આની સામે 'જનસત્તા' રાજકોટથી બંધ થઈ ગયું છે પણ એકંદરે બંધ થનાર કરતાં નવા નવા અખબારો વધારે નીકળ્યા છે. 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા' ની ગુજરાતી આવૃત્તિ શરૂ થઈ અને બંધ પણ થઈ ગઈ. એવું જ 'જન્મભૂમિ' અને 'મુંબઈ સમાચાર' નું થયું. 'કુમાર' અને 'અખંડ આનંદ' બંધ થઈને ફરી શરૂ થયા. સાથે સાથે અનેક નવા સામયિકો પણ શરૂ થયા અને જે સામયિકો ટકેલા છે એ વધુ સમૃદ્ધ થયા છે. દા.ત. 'બુધ્ધિપ્રકાશ.' સુરતથી 'સંવેદન' નવું સામયિક નીકળ્યું છે. એ જ રીતે અમેરિકાના ગુજરાતી ડાયજેસ્ટ 'ગુર્જરી ડાયજેસ્ટ' ની ગુજરાતી આવૃત્તિ અમદાવાદથી શરૂ થઈ છે. જો કે એનું પ્રકાશન સ્થળ મુંબઈનું છાપ્યું છે. એના સંપાદક કિશોર દેસાઈ છે. તાજેતરમાં ઉંઝાની અસાઈત સાહિત્ય સભા તરફથી 'કલા વિમર્શ' નામે ત્રૈમાસિક શરૂ થયું છે. એના તંત્રી વિનાયક રાવલ અને સંપાદકો હેમંત દવે અને મનીષા દવે છે. ગાંધીનગરથી 'મમતા' નામનું વાર્તા માસિક પણ શરૂ થયું છે. આમ 'ચાંદની' અને 'આરામ' નો યુગ કદાચ પાછો આવી રહ્યો છે.

આમ માધ્યમોના ભવિષ્યની વાત કરીએ તો ભારત અને વિશ્વની પરિસ્થિતિ જુદી છે. અમેરિકા અને યુરોપ એક જ પંગતમાં બેસે છે તો એશિયા અને આફ્રિકા જુદી પંગતમાં આવે. રૂપર્ટ મર્ડોકે થોડા વરસ પહેલા એક આંતરરાષ્ટ્રીય દૈનિક શરૂ કરેલું છે. જેની જુદા જુદા દસ દેશોમાંથી આવૃત્તિઓ નીકળતી એનું નામ 'આઈ.એચ.ટી' એટલે કે 'ઈન્ટરનેશનલ હેરલ્ડ ટ્રીબ્યુન' હતું. એની એક આવૃત્તિ આપણા પડોશમાં શ્રીલંકાથી પણ નીકળી. મારી કલ્પનાનાં ભવિષ્યની વાત કરું તો મને હંમેશા મુદ્રણ માધ્યમો વધુ ગમે છે. ટેલીવિઝનને આપણે અનુસરવું પડે છે ત્યારે છાપું આપણને અનુસરે છે. આપણી અનુકૂળતાએ અખબાર વાંચી શકીએ છીએ. બહારગામ ગયા હોઈએ તો આવીને જેટલા દિવસ બહારગામ હોઈએ તેટલા દિવસના છાપા એક સાથે વાંચી શકાય છે પણ રેડિયો કે ટેલીવિઝનની બાબતમાં એ શક્ય નથી. ઈન્ટરનેટ માટે કોમ્પ્યુટર અને પ્રિન્ટર તથા સ્કેનર કે લેપટોપ જેવા સાધનો જોઈએ, પણ અખબાર માટે કોઈ સાધનની જરૂર નથી પડતી. ટેલીવિઝન આવ્યું ત્યારે બર્ટ્રન રસેલે આગાહી કરેલી કે લોકો હવે રેડિયો અને છાપાને ભૂલી જશે પણ એ આગાહી ખોટી ઠરી. દરેક નવું માધ્યમ આવે છે ત્યારે જૂના માધ્યમ સાથે સંઘર્ષ થાય છે પણ અંતે બંને માધ્યમો ટકે છે. ટેલીવિઝન આવ્યું એ પછી સિનેમા ૭૦ એમ.એમ. થયું અને સ્ટીરિયો ફોનિક સાઉન્ડ આવ્યું. ડિજિટલ સીસ્ટમ આવી, મલ્ટીપ્લેક્ષ સિનેમાગૃહો આવ્યા. પરિણામે લોકો હજી અત્યંત મોંઘી ફિલ્મો જોવા જાય છે.

૧૯૫૫માં માર્શલ મેક્લુહાન નામના મીડિયા પ્રોફેટે આગાહી કરી હતી કે એક વખત એવો આવશે કે જ્યારે આખું વિશ્વ એક ગામડામાં ફેરવાઈ જશે. આને એમણે 'વૈશ્વિક ગામડું' તરીકે ઓળખાવેલું. આ બે રીતે થઈ શકે એમ એમનું કહેવું હતું. એક તો ટ્રાન્સપોર્ટ ઝડપી બનશે. આ વાત સાચી પડી ગઈ છે. યુરોપના લોકો ખરીદી માટે સિંગાપુર જતા થઈ ગયા છે. દુબઈ પણ ખરીદીનું સ્વર્ગ થઈ ગયું છે. હોંગકોંગની લીઝની મુદત પૂરી થઈ જતાં એ ચીનના ભાગ તરીકે ચાલુ રહ્યું છે. ચીને હજી એને મુક્ત બંદર તરીકે ચાલુજ રાખ્યું છે કે જેથી બહારના લોકો ત્યાં ખરીદી માટે આવી શકે. બીજું મેક્લુહાનની આગાહી મુજબ સંદેશા વ્યવહારમાં ક્રાંતિ થશે. રાબેતા મુજબ મેક્લુહાનને એમના સમકાલિનોએ ગાંડો ગણીને હસી કાઢ્યો પણ આજે હવે આખી દુનિયા એને યાદ કરે છે. ઈન્ટરનેટની મદદથી આખી દુનિયા એકમેક સાથે સંકળાઈ ગઈ છે. શ્રીજી મોબાઈલની મદદથી ભારતની વ્યક્તિ અમેરીકન વ્યક્તિ સાથે વાત કરી શકે છે અને એને જોઈ પણ શકે છે. આમ અરેબિયન નાઈટસ કે પંચતંત્રની વાત હવે સાચી પડે છે. આ બધા વિજ્ઞાન અને ટેકનોલોજીના ચમત્કારો છે. અત્યારે આ સ્થિતિ છે તો ભવિષ્યમાં શું હશે એની કલ્પના જ કરવી રહી. જો કે દરેક સાધનનાં બે ઉપયોગ હોય છે. છરીથી શાક સુધારી શકાય તેમ કોઈની હત્યા પણ કરી શકાય. આપણે ત્યાં હવે 'પેઈડ ન્યુઝ' નું દૂષણ આવી ગયું છે. એક સંસદ સભ્યે ઝી ન્યૂઝ ઉપર સો કરોડની લાંચ માગવાનો આરોપ મૂક્યો છે. એનો કેસ ચાલે છે. કેટલાક અખબારોમાં પણ રાજકીય પક્ષો પૈસા આપીને સમાચારરૂપે પોતાનો પ્રચાર કરે છે. આમ માધ્યમોની દૃષ્ટિએ ભવિષ્ય ઉજળું પણ હશે પણ એના ભયસ્થાન સાથે.

*સૌજન્ય પબ્લિકેશન્સ*
*૫, સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી, રાજકોટ - ૩૬૦ ૦૦૭.*
*ફોન : (૦૨૮૧) ૨૫૭૫૩૨૭*

***(મંગલ મંદિર, ડિસેમ્બર-૨૦૧૩)***

# આંજો કાગર

છેલ્લા ત્રણેક વર્ષથી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું મુખપત્ર 'મંગલ મંદિર', એમની જ્ઞાતિ-લક્ષી માહિતી ઉપરાંત સમસ્ત કચ્છી સમાજને સ્પર્શતી માહિતી પ્રદાન કરવા પ્રયત્નશીલ છે, જે આવકાર્ય છે.

પહેલાં મુંબઇ, પછી અમદાવાદ અને હવે આ ત્રીજો વિશેષાંક દક્ષિણ ગુજરાતમાં વસતા સમસ્ત કચ્છીઓ વિશે વિસ્તૃત માહિતી આપે છે. જૈન-ધર્મ પરંપરા અનુસાર શ્રાવકો માટેની દૈનિક ધાર્મિક પ્રવૃત્તિ 'સામાયિક' જેમ ધર્મને લગતી માહિતીના વાંચન અને મનન થકી 'આત્મદર્શન' માટે પ્રેરે છે, તેમ જૈન સમાજનું આ 'સામયિક' દેશના વિભિન્ન વિસ્તારોમાં વસતા આપણા હમ વતનીઓની સામાજિક આર્થિક સ્થિતિનું "સમ્યક દર્શન" કરવા પ્રેરે છે.

'મંગલ મંદિર'ના આ દળદાર વિશેષાંકનો વિગતે પ્રતિભાવ તો એના સમગ્ર વાંચન પછી જ આપી શકાય, પરંતુ તેમ છતાં અત્રે પ્રાથમિક અવલોકન નોંધું છું, કે આ અંક ખરેખર વિશેષ છે. એમાં દક્ષિણ ગુજરાતમાં વસતા 'કચ્છી માડુ'ના 'વજૂદ' નું વર્ણન છે, એમના ખમીરનું દર્શન છે. તદુપરાંત અહીં વસતા કચ્છીઓને ઉપયોગી એવી કચ્છ તેમજ અન્ય વિસ્તારોની મહત્ત્વની માહિતી પણ છે, જે આ અંકનું 'VALUE ADDITION' ગણી શકાય. આ અંકમાં સમાવિષ્ટ કચ્છ વિશેની માહિતી કદાચ અન્યત્ર પણ પ્રકાશિત થયેલી હશે પરંતુ દક્ષિણ ગુજરાતમાં વર્ષોથી વસવાટ કરતા કચ્છી પરિવારોની માહિતીનું, નિઃશંક, આ પ્રથમ સંકલન છે. માહિતી વૈવિધ્ય અને વિસ્તાર જોતાં આ કામ કેટલું કઠિન રહ્યું હશે તેનો મને અંદાજ છે, કારણ કે અમદાવાદ-વિશેષાંક પ્રકાશનની 'પ્રસવ-વેદના'નો હું પણ સહભાગી હતો. બિન વ્યવસાયિક ધોરણે પ્રકાશિત થતા આ જ્ઞાતિ મુખપત્રના પ્રકાશન માટે માનદ્ સેવાઓ આપતા સંપાદન ટીમના સર્વે સભ્યોની સમર્પિત ભાવના ખરેખર પ્રશંસનીય છે.

મને વિશ્વાસ છે કે, આ મુખપત્રના તંત્રી શ્રી અશોક મહેતા, જેમની આભને આંતરતી 'દષ્ટિ-ક્ષિતિજે', હવે પછી, કદાચ ઉત્તર ગુજરાતમાં વર્ષોથી વસવાટ કરતા લગભગ દોઢ લાખ કચ્છીઓ હશે. મંગલ મંદિરનો આગામી વિશેષાંક, એ વિસ્તારને આવરી લેશે- એવી આશા સાથે... મંગલ મંદિર સંપાદન મંડળના સર્વે સભ્યોને મારા હાર્દિક અભિનંદન.

*હંસરાજ કંસારા*

*માનદ સલાહકાર – 'કચ્છશ્રુતિ', મુખ્ય તંત્રી- "જ્ઞાતિસેતુ"*

*(મંગલ મંદિર, ફેબ્રુઆરી-૨૦૦૯)*

★

### કરસેવા માટે જૈન કેમ તૈયાર નથી?

મંગલ મંદિરમાં શ્રી શાંતિલાલ સંઘવીએ જૈનો માટે કર સેવાનો મુદ્દો છેડ્યો છે અને તેના કારણોની શોધ કરી રહ્યા છે? શાંતિલાલ સંઘવી તો આપણા વડીલ કહેવાય અને આટલા વર્ષોથી સમાજ સાથે સંકળાયેલ છે તેમને જો ઉત્તર ન મળતો હોય તો હું શું આપી શકું? તેમ છતાં એક નાજુક પ્રયત્ન કરું છું.

૧. જૈનો જન્મથી જ લગભગ શ્રીમંત હોય છે અને એના કારણે તેઓ વ્યાપારમાં પોતાનું પ્રભુત્વ જમાવતા હોવાથી માત્ર બુદ્ધિના જોરે જ કામ પાર પાડવામાં માને છે. શારીરિક શ્રમ તો બહારના માણસોથી કે પૈસાથી પણ થઇ શકે છે તેવું માને છે.

૨. ટ્રસ્ટીઓ મોટા ભાગના વડીલો હોય છે અને આજ સુધી વડીલોએ લગભગ આજ્ઞા જ આપી છે. આજ્ઞાપાલન કરવાનો અવસર જ નથી મળતો અને સંયુક્ત કુટુંબમાં રહેવાના કારણે ઘરકામમાં પણ મદદ કરવાની જરૂરિયાત ઉપસ્થિત થતી નથી, જેથી તેઓ વાંકા વળી શકતા નથી.

૩. ટ્રસ્ટીઓ ક્યારેય પોતે સંઘના સેવક છે એવું પોતાની જાતને પ્રતિપાદિત થવા દીધું નથી. પોતે માત્ર સંચાલક હોવાનું કે માત્ર વહીવટ કરવાનું જ માનતા હોય છે.

૪. ઇતર કામના સાધુ સંતો પણ જાતે કામ કરતા હોય છે. જેનાથી તેના ભક્તોમાં એની ટેવ પડે છે જ્યારે જૈનોમાં સાધુ સંતોનો રાહ અલગ હોય છે.

૫. કર સેવાની વાત બાજુએ મૂકીએ તો ઘણી વખત ટ્રસ્ટીઓ સામાન્ય શ્રાવકની સાથે જમતા પણ નથી કારણ કે તેમનો અહમ્ ઘવાય છે.

૬. સરકારી નોકરીમાં આવી ગયેલા જૈનો પોતે પોતાને મળેલા હોદ્દાને (લાંછન લાગે એવું) એટલે કે ખુરશી ઉપાડવાનું કે જાજમ પાથરવાનું કામ કરવામાં નાનમ અનુભવે છે.

૭. વ્યાખ્યાનમાં પણ ટ્રસ્ટીઓ મોડા આવે છતાં આગળ બેસવાનો આગ્રહ રાખતા હોય છે.

૮. ખરેખર જે વર્ગ કામ કરવા કે ભોગ આપવા તૈયાર થાય છે તેને આગળ ધપાવવામાં તેમજ તેઓને મોટીવેટ કરવામાં ટ્રસ્ટીઓ પાછી પાની કરે છે.

૯. સત્તાનો નશો પૈસા કરતાં પણ વધારે ખરાબ છે.

૧૦. અંતમાં જૈનોને પોતાના નામની કે તકતીની પડી હોય છે. જો એવું જાહેર કરવામાં આવે કે જે જૈનો કર સેવા કરશે અને તેને ઇનામ રૂપે તેની તકતી મુકવામાં આવશે તો શાયદ!

કારણ જૈન, ધર્મશાળા, ઉપાશ્રય વગેરેમાં ફોટા, તકતી સિવાય શું હોય છે જે ઇતર જ્ઞાતિઓમાં ખાસ હોતું નથી. કોઇને મન દુઃખ થાય તો ક્ષમા સાથે.

*નીતિન સંઘવી - ગાંધીનગર*

*(મંગલ મંદિર, ફેબ્રુઆરી-૨૦૧૦)*

★

## માનવીને 'માનવી' બનાવવા માટે પ્રેરણા આપતા લેખો આપવા બદલ અભિનંદન

ઘણા સમાજોનાં મુખપત્રો બહાર પડે છે તેમાં 'મંગલ મંદિર' અનોખી ભાત પાડે છે. તેનું ગેટઅપ અને લેખો પસંદ કરવાની પદ્ધતિ ખરે જ ધન્યવાદને પાત્ર છે. માનવીને 'માનવી' બનાવવા માટે પ્રેરણા આપતા લેખો આપવા બદલ તંત્રી મંડળને ધન્યવાદ આપવા માટે મારી પાસે શબ્દો નથી.

માસ એપ્રિલ-૧૦ના અંકમાં 'જૈન ધર્મના પ્રસારમાં અને પ્રજા કલ્યાણ અંગે શ્રેષ્ઠીઓનો ફાળો' ડૉ. નીતાબહેન ઠાકરનો લેખ વાંચી શ્રેષ્ઠી જગડુશા અંગે ઘણી જ માહિતી મળી. અત્યાર સુધી આવી સચોટ માહિતી મળી ન હતી. એવું જ, શ્રી સંજય પી. ઠાકરનો લેખ પણ 'વહાણવટાની વિરાસત અને કચ્છની દરિયાવટ' માટે પણ માન ઉપજે છે. વળી, 'ભૂકંપના કૌભાંડો અને કૌભાંડોનો ભૂકંપ' નામનો શ્રી પ્રવીણચંદ્ર શાહનો લેખ ખૂબ જ અભ્યાસપૂર્ણ અને વાસ્તવિક પરિસ્થિતિ શું છે? તેનો સચોટ ચિતાર આપે છે.

'ઝારાના યુદ્ધ' અંગેનું પ્રકરણ પણ આ અંગેની સાચી માહિતી આપે છે. જ્યારે 'બજેટની ખાસ પ્રકારની ભાષા' અંગેના સરળ રહસ્યો, સરળ ભાષામાં આપવા માટે પણ લેખક પ્રત્યે માન ઉપજે છે. 'પ્રસવથી પ્રૌઢતા ભણીની સંઘર્ષગાથા' નામનો શ્રી પંકજ પનવેલીએ ડાંગીભાષા અંગેની જે વિગત આપી છે તે પણ અભ્યાસપૂર્ણ છે. એવા જ બીજા આર્ટિકલો 'મહા ગુજરાત રાજ્યના સંકલ્પ બીજ અને પિંડ વિકાસની મેઘધનુષી ભરતી ઓટ' સાથે 'પીપલ્સ ઈન્કવાયરી કમિટીનો નર્મદા પ્રોજેક્ટ અંગેનો રિપોર્ટ' લે. શ્રી અશોકભાઈ મહેતા, શ્રી પ્રવીણચંદ્ર શાહનો 'પ્રજાને પીવાના પાણી આયોજન...' વાળો અભ્યાસપૂર્ણ લેખ, 'હું હોસ્પિટલમાં સુખી છું' પ્રા. પૃથ્વી શાહ અને શ્રી ગુલાબભાઈ દેઢિયાનો બંને સમાજોને નજીક લાવવાનો અભિગમ દર્શાવતો લેખ અને આરોગ્યલક્ષી લેખો મનનીય અને સામાન્ય માનવીને પણ સમજાય એ રીતે લખાયા છે અને છપાયા છે. ટૂંકમાં, આખા અંકની બધી સામગ્રી ખંતપૂર્વક પસંદ કરી આપવામાં આવી છે એ માટે એનાં લેખકો અને તંત્રી મંડળને ખાસ અભિનંદન આપું છું.

*ધનજી કે. ભાનુશાલી 'કડક બંગાલી' - ભુજ*

*(મંગલ મંદિર, જૂન-૨૦૧૦)*

★

## શ્રેષ્ઠ લેખ – શ્રેષ્ઠ આંજો કાગર

મંગલ મંદિર મે-૧૦નો અંક મળ્યો છે, આભાર.

શ્રેષ્ઠ લેખ - શ્રેષ્ઠ આંજો કાગર વિજેતા સર્વશ્રી શાંતિલાલભાઈ સંઘવી અને પૃથ્વી શાહ તથા મુ. કાંતિસેનભાઈ શ્રોફને અભિનંદન.

મંગલ મંદિરનો આ પ્રયાસ લેખકોને વધુ ક્વોલિટેટિવ લખાણ લખવા પ્રેરશે.

*પ્રા. જિતેન્દ્ર અંતાણી - ભુજ*

*(મંગલ મંદિર, જૂન-૨૦૧૦)*

★

## ભારતીય સંસ્કૃતિની ઉદાત્તતા! સાચેજ?

જુલાઈના અંકમાં જલિયાવાલાં બાગ હત્યાકાંડને લગતો એક પ્રસંગ ટાંકી લેખકે ભારતીય સંસ્કૃતિની ઉદાત્તતા વર્ણવી છે. સૌથી પહેલાં સહજ બને છે એવી હકીકત દોષની વાત કરી લઈએ.

૧૯૧૯માં થયેલ જલિયાવાલાં બાગ હત્યાકાંડના અનુસંધાનમાં ઠેઠ ૧૯૪૦માં ઉધમસિંહે જેની હત્યા કરી હતી એ બ્રિગેડિયર ગવર્નર માઈકલ ઑ'ડ્વાયર (O'Dwyer) હતા. જનરલ ડાયર તો વર્ષો પહેલાં ૧૯૨૭માં મૃત્યુ પામ્યા હતા. (નામના સરખાપણાને લીધે લોકોની ગેરસમજ થાય તે સમજી શકાય છે.) લુટેનન્ટ ગવર્નરે જનરલ ડાયરને ગોળીબારની પરવાનગી આપી હતી અને પાછળથી ગોળીબારનો બચાવ પણ કર્યો હતો એટલે એ પણ દોષિત તો હતા જ. (સંદર્ભ : વિકિપીડિયા)

ઉધમસિંહ અદાલતમાં શું બોલ્યા હતા એનો સંદર્ભ મને મળતો નથી. કથિત લેખમાં વર્ણવેલ બોલ્યા હોય અને ન પણ બોલ્યા હોય. કોઈનું ગૌરવ વધારવા (કે એને બદનામ કરવા) એના નામે ઘણુંબધું બંધબેસતું ઉમેરવામાં આવતું હોવાનું ઘણા કિસ્સામાં જોયું છે.

મારા આ પત્રનો મૂળ હેતુ કથિત 'ભારતીય સંસ્કૃતિની ઉદાત્ત ભાવના' વિશે વાત કરવાનો છે. પ્રાચીન અને મધ્યકાલીન ભારતમાં સ્ત્રીઓ સાથે ખૂબ અન્યાય થયા છે અને વર્તમાનમાં પણ થઈ રહ્યા છે. એના થોડાંક નમૂના અહીં રજૂ કર્યા છે.

- દીકરીઓને કાચી વયે પરણાવવામાં આવતી. ક્યારેક કુમળી બાળાઓને પૈસા લઈ મોટી ઉંમરના પુરુષો સાથે પરણાવવામાં આવતી.
- કેટલાક પ્રદેશોમાં સતી થવાના નામે સ્ત્રીને દબાણ કરી પતિની ચિતામાં જ જીવતી બાળી મૂકવામાં આવતી. પછી એને ગૌરવ અપાતું. (રાજા રામમોહનરાયના પ્રયાસોથી અંગ્રેજોએ કાયદો કરી એ પ્રથાને બંધ કરાવેલી.)
- ગુજરાત, રાજસ્થાનમાં ઘુંઘટની જે પ્રથા હતી તે કદાચ મુસ્લિમોની નજરથી બચવા શરૂ થઈ હશે. છતાં પોતાના જ ઘરમાં મર્યાદાના નામે વડીલ પુરુષોથી ઘુંઘટ કાઢવામાં સ્ત્રી સાથે અન્યાય થતો હતો. એટલું જ નહીં, દરેક વડીલ પુરુષ પર શંકા કરી એમનું પણ સૂક્ષ્મ રીતે અપમાન થતું હતું.
- ખાસ કરીને દક્ષિણ ભારતના મંદિરોની દેવદાસીની પ્રથા કેટલી હિણપતભરી હતી એ વિશે વધું લખવું જરૂરી નથી.
- ત્યારે એક પત્નીત્વનો કાયદો કે રિવાજ નહોતા. જેને પોસાય તે ઘણી પત્નીઓ રાખતા. ઘરમાં શોક્ય હોય ત્યાં સ્ત્રીની

ગરીમા ક્યાં? રાજાઓના જનાનખાનામાં સેંકડો સ્ત્રીઓ હોવાનું વાંચ્યું છે. તે સ્ત્રીઓની મનોદશા કેવી હશે?

- અમુક કુટુંબોમાં દીકરીને જન્મતા જ 'દૂધ પીતી' કરવામાં આવતી. બાળકો ન થાય તો હંમેશાં સ્ત્રીઓને જ જવાબદાર ગણાતી. દીકરી જન્મે તો પણ સ્ત્રીને જ દોષ દેવાતો. (બાળક નર કે નારી થાય એના માટે માત્ર પુરુષ જ જવાબદાર છે એ હવે સાબિત થયું છે.)
- આવા અત્યાચારનો ભોગ બધી સ્ત્રીઓ બનતી નહોતી એ ખરું છતાં બધી સ્ત્રીઓની દુનિયા મોટેભાગે ઘરની અંદર જ સમાઈ જતી. ધંધો, વ્યવસાય કે સામાજિક સંસ્થાઓમાં એમના માટે જગ્યા નહોતી.
- કેટલાક નાના રાજ્યોમાં નવવધૂને લગ્નની રાતે રાજાને 'ભેટ' ધરાતી. અમુક સમાજોમાં આ રીતે ધર્મગુરુને 'ભેટ' ધરાતી હોવાનું પણ વાંચ્યું છે.
- ગરીબની દીકરી રૂપાળી હોય તો એને માટે તે અભિશાપ બની જતો. કોઈ કોઈ રાજ્યમાં રૂપાળી સ્ત્રીઓને રાજાના ખાસ માણસો ઉપાડી જતા હતા. રાજાના જનાનખાનામાં વધારો કરવા.

આજે સ્ત્રીઓ પરના આવા અત્યાચાર ઓછા થયા છે પણ ગયા નથી. ગર્ભ પરીક્ષણ કરી નારી બાળકનો ગર્ભપાત કરાય છે.

દહેજ માટે સ્ત્રીને બાળી મૂકવાના કિસ્સા પણ નિયમિત છાપામાં ચમકે છે. હજી પણ દીકરા અને દીકરી વચ્ચે મા-બાપ પોતે ભેદભાવ રાખે છે. આગળ જતાં ભાઈ અને બહેન વચ્ચેના ભેદભાવ સાવ સામાન્ય બાબત છે.

સ્ત્રીઓ પ્રત્યે અન્યાય અને અત્યાચારના આવા હજી વધુ દાખલા આપી શકાય. એમાંથી મોટાભાગના અત્યાચાર કુટુંબીઓ દ્વારા જ કરવામાં આવે છે. આ છે સંસ્કૃતિનું નગ્ન સ્વરૂપ.

સ્ત્રીઓની આવી દુર્દશા વિશે કંઈ આશ્વાસન લેવું હોય તો એટલું કહી શકાય કે સ્ત્રીઓ પ્રત્યેના અન્યાય અને અત્યાચારમાં ભારત એકલું નહોતું. દુનિયાના બધા દેશોમાં તે એક યા બીજા પ્રકારે મોજૂદ હતું. વિકસિત તેમજ લોકશાહી દેશોમાં તે ધીરે ધીરે ઓછું થઈ રહ્યું છે. પછાત તેમજ આપખુદ શાસનવાળા દેશોમાં હજી કંઈ સુધારો થયો નથી.

સંસ્કૃતિનું સાચું સ્વરૂપ પુસ્તકોમાં લખેલ હોય તે નહીં પણ વ્યવહારમાં જે આચરાતું હોય તે છે. ભારતનો એક મોટો વ્યવસાય છે ભોળા લોકોને ભરમાવી ઠગવાનો, લૂંટવાનો. એના માટે જાતજાતની તરકીબો અજમાવાય છે. ઘણી વખત એની શરૂઆત થાય છે આપણા કહેવાતા 'ભવ્ય ભૂતકાળથી.' એના ઊંડાણમાં ન જતાં એટલું કહેવું જરૂરી છે કે ભૂતકાળની વાતો વિચાર્યા વગર આંખો મિંચીને સ્વીકારી લેવી યોગ્ય નથી.

જો લંડનની અદાલત ઉધમસિંહની આ કથિત વાત સાંભળી 'જોઈ રહી' હશે તો તે અહોભાવથી નહીં હોય. ત્યારે અંગ્રેજોને ભારતીય સ્ત્રીઓની દશા વિશે ખબર હતી. તેઓ પણ બદનામ થયેલા છે.

*મૂરજી ગડા - વડોદરા*

*(મંગલ મંદિર, સપ્ટેમ્બર-૨૦૧૦)*

★

## આપશ્રીની સંસ્થાનું પ્રકાશન

આપશ્રીની સંસ્થા દ્વારા પ્રકાશિત 'મંગલ મંદિર' નિયમિત મળે છે. એક જ્ઞાતિનાં મંડળ દ્વારા વતનથી દૂર રહીને વતનને નજીક લાવવાનાં પ્રયાસો આ પ્રકાશનમાં જોવા મળે છે. ખૂબ જ આકર્ષક અને નયનરમ્ય છાપકામ સાથેનું આ મંગલ મંદિર કોઈ પણ વ્યવસાયિક પ્રકાશનની તુલનામાં જરા પણ ઊણું ઉતરે તેવું નથી. લખાણમાં વિવિધતા અને વિષયોની પસંદગી પણ કાળજીપૂર્વક કરવામાં આવે છે. જે માટે તંત્રીમંડળ ધન્યવાદનાં અધિકારી છે. સાડા ત્રણ દાયકાથી એકધારા આ પ્રકારે સમાજની સેવા કરવી, એ અનોખો યજ્ઞ છે. જેમાં આપશ્રીની આગેવાની હેઠળની ટીમ પણ અભિનંદનને પાત્ર છે.

મંગલ મંદિર સર્વ વાચકો માટે મંગલમય બની રહે તેવી શુભેચ્છાઓ.

*શૈલેષ વ્યાસ*
*સમાચાર યુનિટના મુખ્ય અધિકારી,*
*ઓલ ઈન્ડિયા રેડિયો, ભુજ (કચ્છ)*

*(મંગલ મંદિર, નવેમ્બર-૨૦૧૦)*

★

## મંગલ મંદિરનો એક અંશ હોવાનો મને ગર્વ છે

મારી કૃતિઓ મંગલ મંદિરમાં છપાય છે તે વાંચી અહીંના વાચકોએ મને કે મારી પત્નીને મુખોન્મુખ આનંદ વ્યક્ત કર્યો છે. કચ્છમાંથી પણ થોડા સાહિત્યિક મિત્રોએ વધામણાં કર્યા છે.

ટૂંકમાં 'મંગલ મંદિર'એ એકાદ વર્ષમાં ગજબનું ગજું કાઢ્યું છે. આવા સામયિકનો એક અંશ હોવાનો મને ગર્વ છે.

*ડૉ. ગિરીશ વીછીવોરા - મુંબઈ*

*(મંગલ મંદિર, જાન્યુઆરી-૨૦૧૧)*

★

આપણા સમાજમાં કેટલાક સામાજિક તથા ધાર્મિક પ્રસંગોએ કોઇક ચીજવસ્તુ જેવી કે કોઇ વાસણ કે ચાંદીનો સિક્કો વગેરેની લહાણી કરવામાં આવે છે. પરંતુ હજુ કોઇએ પુસ્તકની લહાણી કરી હોય એવું જોવા મળતું નથી. કોઇ પ્રેરણાદાયી પુસ્તકની લહાણી કરવાનો રિવાજ પણ હવે શરૂ થાય તો આવકારદાયક ગણાય.

મંગલમંદિરમાં અવારનવાર કચ્છના શ્રી કુમાર ભરતભાઇ ઠાકરના લખાણ પ્રકાશિત થાય છે. આ વિશિષ્ટ પ્રકારના લખાણ

હોય છે. તેમના લખાણો અખંડ આનંદ તેમજ કુમાર જેવા માસિકોમાં પણ અવારનવાર આવતા રહે છે. તેમના લખાણો એટલે શુદ્ધ દસ્તાવેજી આલેખ. ક્યાંય પણ ન અતિશયોક્તિ કે ન અલ્પાંકિત, ન કશી પોતાની માન્યતા કે કલ્પના કે ધારણા. ફક્ત ઠોસ હકીકતો, અને તે પણ સંક્ષેપમાં. સહેજ પણ બિનજરૂરી શબ્દના ઉપયોગ વગર. આ લાક્ષણિક્તા મને તો નોંધપાત્ર લાગે છે.

*શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

*(મંગલ મંદિર, માર્ચ-૨૦૧૧)*

★

## પ્રામાણિકતા : શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - અમદાવાદ

આપની સંસ્થા સંચાલિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદમાં સંજોગોવશાત્ અમે અવારનવાર રોકાણ કરીએ છીએ. તે મુજબ તાજેતરમાં ત્યાં રોકાણ કરવાની આવશ્યક્તા ઊભી થતાં અમને પૂરા સાથ-સહકાર સહિત રૂમ નં.-૩૦૧, ૩૨૦માં સગવડ કરી આપવામાં આવી હતી.

ઉપરોક્ત રોકાણ દરમ્યાન અમારી કિંમતી વસ્તુઓ / લેપટોપ ત્યાંના ઓફિસ કાઉન્ટર પર ભૂલાઈ ગયા હતા. જેની અમને ખબર પણ ન હતી. ચિંતા સાથે શોધખોળ ચાલુ હતી. તે દરમ્યાન ત્યાંના સ્ટાફ **શ્રી કૃષ્ણકાંત ડી. મોદી** એ અમને સામેથી જાણ કરીને કાઉન્ટર પર ભૂલાઈ ગયેલ સામાન પરત આપ્યો હતો. આ રીતે તેમણે પ્રામાણિકતા દાખવેલ છે અને આપની સંસ્થાનું નામ રોશન કર્યું છે. તે માટે ખૂબ ખૂબ ધન્યવાદ.

અમે આપની સંસ્થા અને શ્રી મોદીભાઈનો ખાસ આભાર માનીએ છીએ.

*ચેતન જે. અંતાણી*

*૨૦૭, પ્રમુખ સ્વામી નગર - ભુજ, મો. ૯૪૨૯૨ ૯૫૦૫૪*

*(મંગલ મંદિર, ફેબ્રુઆરી-૨૦૧૨)*

★

**આપના સંપાદન હેઠળ 'મંગલ મંદિર'ના લેખોનું ચયન અને અન્ય સામગ્રી ખૂબ સુંદર અને સાહિત્યિક હોય છે.** છાપકામ પણ અત્યંત સ્વચ્છ, સુઘડ અને મુદ્રણદોષ રહિત હોય છે તે માટે આપને વિશેષ અભિનંદન.

*દિનેશ પાંચાલ (જર્નાલિસ્ટ) - નવસારી*

*(મંગલ મંદિર, મે-૨૦૧૨)*

★

## નિયમિત વિભાગોના કટાર લેખકોને સલામ...!

'મંગલ મંદિર'માં 'આંજો કાગર' વિભાગમાં લગભગ દરેક અંકે છેલ્લા અંકના સારા લેખો વિષે વાંચકો અચૂક લખે છે. કદરદાનીની આ વાત સરાહનીય છે. ક્યારેક એવા પ્રતિભાવો વાંચીને મૂળ લેખ વાંચવાનો રહી ગયાનો વસવસો થાય. ટૂંકમાં, વાંચવા જેવા સરસ લેખો-વાર્તાઓ-માહિતીની કદર વાચકવર્ગ કરે જ છે.

પણ આલોચના કરતા આ પ્રતિભાવો બાબતે નવાઇ લાગે તેવું એ છે કે આ પત્રોમાં નિયમિત અને સતત હાજર રહેતા કલમવીરોનો ઉલ્લેખ નથી થતો હોતો અથવા ઓછો થાય છે. **કોઇ સારો લેખ લખવો, તેને મઠારવો, ફરી ફરીને લખવો એ અઘરું તો છે જ, પણ કોઇ વિષય પર સતત અને ચોકસાઇપૂર્વક નિયમિત રીતે લખવું એ સહેલું નથી. આ નિયમિત વિભાગો સંભાળતું વૃંદ જે કામગીરી સંભાળે છે, તે કાબિલેદાદ છે.** 'મંગલ મંદિર'ની સફળતાના શ્રેયમાં એમનો ફાળો મોટો છે. આવો, એમને બિરદાવીએ.

આ કટાર લેખકોનાં નામો ગણાવીએ તો **સર્વશ્રી ગુલાબચંદભાઇ રાંભિયા** (બાલુડે જયું ગાલ્યું), **સૂરજલાલ મહેતા** (શબ્દરમત અને જાણવા જેવું), **રજનીકાંત પારેખ** (સુડોકુ), **દિનેશભાઇ મહેતા** (વલોવતન). ઘણા લાંબા સમય સુધી આજ 'વલોવતન' સુપેરે સંભાળ્યું તે **પોપટભાઇ ઘરોડ**, સ્વાસ્થ્યની અમૂલ્ય વાતો કરતાં **ડો. ગડા અને ડો. દીપ્તિબહેન**, પ્રશ્ન અને પ્રત્યુત્તર વિભાગ સંભાળતાં **સુશ્રી ચંદ્રાબહેન** અને છેલ્લે 'સાર સમાચાર'ને નામે થોડા સમયથી પણ ઘણી રસપ્રદ, ક્યારેક ચોંકાવનારી માહિતી આપતા **મુ. શાંતિભાઇ સંઘવી.** વળી સમાજની દરેક પ્રવૃત્તિઓનું સંકલન કરીને સર્વાંગી રજૂઆત કરતા જાણીતા અને માનીતા **પ્રતાપભાઇ દંડ.** આ દરેક કટાર લેખકે ચીવટ સાથે નિયમિત રીતે દાદ માંગી લે તેવી કામગીરી બજાવી છે, તેમાં બેમત નથી.

એક બીજી વાત પણ નોંધવા જેવી છે. કારણવશાત એકની કોલમ બીજાએ સંભાળવી પડી હોય તેવું પણ બન્યું છે! **પણ એ કામ એવી સિફતથી થયું છે કે વાચકને અણસાર સુદ્ધાં ન આવે.**

આ બધી વાતોની પાછળ છે : મુખ્યમંત્રી જેવા મુખ્ય તંત્રીશ્રી! આવા ચુનંદા લેખક મિત્રોને સાથે રાખીને, જાણે કે તંત્રીશ્રીનું એક જ ધ્યેય છે : **મંગલ મંદિર અને સમાજ આખો પ્રગતિ કરે સમૃદ્ધ બને. આ ટીમે ક્યાંય કચાશ રાખી નથી, કે નથી રાખ્યું કાંઇ બોલવા જેવું, સિવાય કે "વાહ વાહ!!"**

*શાંતિલાલ વ. શાહ - અમદાવાદ*

*(મંગલ મંદિર, મે-૨૦૧૨)*

★

## 'મુંબઇ-સેમિનાર'ની પ્રતિક્રિયા

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા ચેમ્બુર, મુંબઈમાં આયોજિત સેમિનાર અત્યંત માર્ગસૂચક એવમ્ હેતુલક્ષી બની રહ્યો. માદરે વતન કચ્છ અને મુંબઈ બહાર સ્થાયી પરિવારોની સંસ્થાઓના પ્રતિનિધિઓને આમંત્રીને 'સંગઠને શક્તિ યુગે યુગે'ના

સૂત્રને સાકાર કરેલ છે.

સમાજ પ્રત્યે ઋણ અદા કરતાં કચ્છી ઉદ્યોગપતિશ્રીઓનું જાહેર અને મોટા સમૂહમાં સન્માન એક બહારગામની સંસ્થા દ્વારા મુંબઈમાં સંપન્ન થયો! અદ્‌ભુત. ધન્યવાદ!!

સેમિનારમાં વિવિધ વિષયો પર નિષ્ણાત, અનુભવી અને સેવાભાવી વ્યાખ્યાનકારોએ કરેલ છણાવટ ખૂબ જ માહિતીપૂર્ણ એવમ્ માર્ગદર્શક રહી.

સેમિનારમાં રજૂ થયેલ બે સૂચનો (૧) કચ્છની સમસ્યાઓના ઉકેલ અર્થે કેન્દ્રિય સંસ્થાનું સ્થાપન અને (૨) અખિલ ભારત કચ્છી જૈન ફેડરેશન સ્થાપન. આ કામગીરી અમદાવાદ શ્રી કચ્છી જૈન સેવા સમાજના નેજા હેઠળ જરૂર શક્ય બનશે એ જ શુભેચ્છા. અમારા તરફથી સંપૂર્ણ સહયોગની ખાતરી.

નંદકભાઈ પંડ્યાનાં વહેતા વાણી પ્રવાહમાં સૌ શ્રોતાઓ તણાઈ ગયા. એમનાં બે સૂત્રો 'ખભ્ભો અને પેરેશુટ' અમને ખૂબ સ્પર્શી ગયાં. એમના જ્ઞાનનો લાભ દક્ષિણ ભારત સ્થાયી પરિવારોમાં ફેલાય તે માટે એકમ સક્રિય થયેલ છે.

સફળ સેમિનારમાં અમને ભાગીદાર બનાવી દેશભરની વિવિધ કચ્છી સંસ્થાઓના સન્નિષ્ઠ કાર્યકરોને રૂબરૂ મળવાની, વિવિધ નિષ્ણાતોને સાંભળવાની એવમ દ.ભા.ક.વી.ઓ. જૈન એકમનાં કાર્યોની રજૂઆત કરવા મને આપેલ મંચ બદલ હાર્દિક આભાર. આપની સમસ્ત ટીમને આ દીર્ઘદૃષ્ટિભર્યા સેમિનારની સફળતા બદલ ખૂબ અભિનંદન.

*કલ્યાણજી કુંવરજી સૈયા - ચેન્નાઈ*

*(મંગલ મંદિર, જૂન-૨૦૧૨)*

★

## KUTCHI JAINS

The Kutchis in general and the Kutchi Jains in particular have always been pillars of our readership throughout the history of the Bombay Samachar and I sincerely hope that their activities will continue to multiply and we shall be delighted to carry such reports in the Bombay Samachar.

I look forward to receiving a copy of the Seminar Report of your Golden Jubilee Conference and I take this opportunity of wishing you and through you the conference every success.

***Muncherji N M Cama***

***Managing Director – "Mumbai Samachar"***

*(મંગલ મંદિર, જૂન-૨૦૧૨)*

★

## 'મંગલ મંદિર'ની સાર્થકતા

તમે બધાએ ખૂબ જ સાચા અર્થમાં ખૂબ જ મોટું 'મંગલ મંદિર' બાંધ્યું છે.

હજી પણ વધારે મંગલ કામોનો વ્યાપ વધારતા જાઓ છો. ખૂબ જ ધન્યવાદને પાત્ર બધું થઈ રહ્યું છે.

**આ બધી વિગત અને માહિતીઓની આવતા પચાસ વર્ષ પછી વધારે ઉપયોગીતા હશે.** આપણી મહાજન સંસ્કૃતિને ખૂબ જ સાચી માર્ગદર્શિકા આપ બનાવી રહ્યા છો.

*કાંતિસેન શ્રોફ*

*(મંગલ મંદિર, ઓગસ્ટ-૨૦૧૨)*

★

## એક પત્ર - સમાજના સહુ સભ્યોને નામ

શું આપશ્રી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય છો? જો નથી અને અમદાવાદથી ગાંધીનગરમાં રહેતા જૈન હો, આપનું મૂળ કચ્છમાં હોય તો સત્વરે સભ્યપદ પ્રાપ્ત કરો. ભારત તથા બહાર, ઘણા સ્થળોએ કચ્છી જૈન ફેલાયેલા છે. સ્થાનિક સ્તરે સંગઠિત થઇ તેઓ સામાજિક-ધાર્મિક પ્રવૃત્તિઓમાં પણ સક્રિય છે. **પણ અમદાવાદ શ્રી કચ્છી જૈન સેવા સમાજની વાત નિરાળી છે. તેના સભ્ય થવું એ સ્વયંના, પરિવારના, સમાજના અને સમગ્ર કચ્છના વિકાસ તરફ મંડાયેલું જરૂરી કદમ છે.**

જો આપ ક.જૈ.સે.સ.ના સભ્ય છો તો આજે આત્મમંથન કરવાનું છે. આપણો સમાજ શું શું પ્રવૃત્તિઓ કરે છે તેનાથી વાકેફ છો? તેની જાણકારી મેળવી પોતાને અને પરિવારને ઉપયોગી યોજનાઓનો લાભ લેવો જોઇએ. **આપણે સમાજનો હિસ્સો છીએ અને સમાજ આપણા માટે જ પ્રવૃત્તિઓ કરે છે. સાથે-સાથે એ પણ ચિંતન કરવાનું છે કે સમાજની વર્તમાન પ્રવૃત્તિઓમાં હું ક્યાં ક્યાં સહયોગી અને સહભાગી બની શકું છું?** સમય આપીને, કાર્યકર્તાઓને નૈતિક પ્રોત્સાહન આપીને, જરૂર જણાય ત્યાં સલાહ-સૂચન આપીને, પોતાની કમાણીનો અમુક હિસ્સો સમાજને અર્પણ કરીને, વગેરે રીતે સમાજ સાથે પોતાની જાત જોડવાની છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે મુખ્ય ચાર સોપાનો સિદ્ધ કર્યા છે. અમદાવાદમાં પ્રથમ-એસ.ટી. બસ સ્ટેશન પાસેનું અતિથિ ભવન, બીજું પાલડીનું વિવિધલક્ષી પ્રવૃત્તિઓ સાથેનું અતિથિ ભવન, ત્રીજું શાહીબાગ સ્થિત ભવન અને ચોથું-આપણા જરૂરતમંદ ભાઇઓને બહેરામપુરામાં ટોકન કિંમતે ઉપલબ્ધ કરાયેલ આવાસો. મારા ખ્યાલ મુજબ આપશ્રી આ હકીકતોથી માહિતગાર છો. આ ચારેય સ્થાયી સોપાનો ખૂબ જ ઉપયોગનાં છે. આની સાથે-સાથે સમાજે સમયે-સમયે ઘણાં ઉપયોગી કાર્યો કર્યા છે, પછી તે ભૂકંપ સમયની સહાય-સેવા હોય કે સુરત-મુંબઇમાં પૂર સમયની રાહત હોય. સુનામી વખતે દેશ-બાંધવોને ફાળો પહોંચાડવાનો હોય કે કચ્છના વિશાળ હિતમાં અલગ-અલગ પ્રકારના સેમિનારોનું આયોજન હોય. વિભિન્ન ચિકિત્સા સુવિધાઓની પ્રાપ્તિ કરાવવાની

હોય કે વિદ્યાર્થીઓને કારકિર્દી ઘડતરના માર્ગદર્શનનું આયોજન, આવી અનેક જાતની પ્રવૃત્તિઓનું સંચાલન સમાજ કરતો રહ્યો છે.

*પ્રિય આત્મન!*

હવે તારે આત્મા સાથે સંવાદ સાધવાનો છે. ઉપરોક્ત સતત અલ્પકાલીન પ્રવૃત્તિઓની હારમાળા સાથેના સમાજના મુખ્ય ચાર સોપાનમાં મારી શું ભૂમિકા રહી છે? **સમાજના આ પુનિત કાર્યોમાં મેં શું યોગદાન આપ્યું છે? કેટલો શ્રમ, કેટલો સમય, મારી બૌદ્ધિક યોગ્યતા અને આર્થિક ક્ષમતાનો કેટલો હિસ્સો આ માત્ર અને માત્ર સાત્વિક પ્રવૃત્તિઓ માટે ફાળવ્યો છે?** જે મેં ધન દાન કર્યું છે તે શું અંતરની ઊર્મિથી કે હાર્દિક ઉત્સાહથી કર્યું છે કે કોઈની શેહ-શરમ અથવા આગ્રહથી. કોઇ ઔપચારિકતા નિભાવવા ખાતર ફાળો આપ્યો છે કે સમૂહમાં વટ પાડવા અને અહમ વિકસિત કરવા.

બંધુવર! ક્ષમતા ઓછી હોવી કે ન હોવી એ મૂળ વાત નથી. મુખ્ય વાત છે - **સમાજની સાથે સ્વના જોડાણની. હોશિયારી કે બુદ્ધિ કૌશલ્ય હોય તે સારી વાત છે - મોટી વાત નથી.** પૈસો હોવો તે સારી વાત છે, મોટી વાત નથી. હોશિયારી અને પૈસો (કે પૈસો અથવા હોશિયારી) હોવા અને સમાજ માટે ઉપયોગ કરવો. એ સારી વાત છે - મોટી વાત નથી. હા, મારા મિત્ર! મોટી વાત છે - સમાજ અને સમાજની પ્રવૃત્તિઓ સાથે આત્મીયભાવથી જોડાવું. આપણા કાર્યથી અન્યોને તે માટે પ્રેરિત કરવાની.

**સમાજની વર્તમાન પ્રવૃત્તિઓમાં હું શું યોગદાન આપી શકું છું એ અંગે જરૂરથી વિચાર કરવો જોઇએ.** તારામાં ઘણી ક્ષમતા અને યોગ્યતા છે. એ પણ બની શકે કે સમાજની હાલની યોજનાઓ સિવાય પણ તારા મગજમાં કોઇ નવા વિચારો કે નવી કલ્પનાઓ છે. એ પણ હોઇ શકે કે વર્તમાન પ્રવૃત્તિઓ અંગે તારું ચિંતન 'જરા હટીને' હોઇ શકે. **તું મૂંઝાતો નહીં. તારી કલ્પનાઓને મૂર્ત સ્વરૂપ આપવા સમાજ તને યોગ્ય મંચ પૂરો પાડશે.**

**જે કાર્યમાં દિલ રેડાય છે ત્યાં ચમત્કાર થાય છે.** પથ્થર તૂટી શિલ્પ સર્જાય છે. સ્વપ્ન હકીકત બને છે. શ્રમ સેવા બને છે. દાન ઊગી નીકળે છે. અન્યથા સેવા અથવા દાન અહંકાર નિર્માણનું કારખાનું બની જાય છે. જેનાથી સંસ્થાનનો બાહરી વિકાસ દેખાય છે પરંતુ પ્રેમ અને લાગણીનો શૂન્યાવકાશ હોય છે.

ભારતીય તત્ત્વજ્ઞાનમાં 'સ્વ'ના વિલય અને 'સ્વ'ના વિકાસ બંનેની વિસ્તારથી વાતો છે. 'સ્વ' આપણને પ્રિય છે તેનો વિલય શા માટે કરવો? હું તેનો વિસ્તાર કરવાની વાત કરૂં છું. હાલ પૂરતું પોતાના 'સ્વ'ને સમાજના સ્તર સુધી વિસ્તારીએ તો સમાજ નિશ્ચિતરૂપે પૂર્ણ-રૂપેણ સ્વસ્થ્ય, પ્રસન્ન અને વિકસિત સ્વરૂપ હાંસલ કરી શકશે.

*રસિકભાઇ ખીમજીભાઇ મહેતા*

*તા.ક. :* આ પત્ર માત્ર લખ્યો જ નથી, જાતને પણ સંબોધેલ છે.

*(મંગલ મંદિર, સપ્ટેમ્બર-૨૦૧૨)*

★

**"જીવમાત્ર માટે વૃક્ષોની આવશ્યક્તા છે"**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને વૃક્ષારોપણ પ્રવૃત્તિ હાથ ધરવા બદલ લાખ લાખ અભિનંદન. વૃક્ષ, એ જીવદયા પ્રવૃત્તિનો પ્રતીક છે, જેના થકી સમગ્ર જીવસૃષ્ટિ ટકી રહી છે. એની મહત્વતા સમજીને સમાજે પ્રવૃત્તિ શરૂ કરી છે, તે ખરેખર બિરદાવવાને લાયક છે.

જીવમાત્રને "શ્વાસ" લેવા પ્રાણવાયુ આપી જીવાડનાર વૃક્ષ છે. જેના પર અસંખ્ય જીવો, પશુ - પક્ષીઓ આશરો લે છે. મનુષ્ય માત્રને પ્રાણવાયુ ઉપરાંત જીવનની ઘણી બધી જરૂરિયાતો પૂરી પાડનાર 'વૃક્ષ' એ ખરેખર સંત છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે આ પ્રવૃત્તિ શરૂ કરીને અન્ય મહાજનોને એક પ્રેરણાદાયક દૃષ્ટાંત પૂરું પાડ્યું છે.

ઘણાં મહાજનો પાસે દેવદ્રવ્ય તેમજ જીવદયાને નામે અઢળક નાણું પડ્યું છે. તેઓ જીવદયાના આ રીતના કાર્યમાં અગર તે નાણાંનો ઉપયોગ કરે તો સમાજને અનેકગણો લાભ થશે.

એક પુખ્ત વયનું વૃક્ષ સમાજને વિવિધ રીતે રૂા. ૨૩/-નો ફાયદો આપે છે.

આજે જ્યારે ગ્લોબલ વોર્મિંગ નામનો રાક્ષસ સમગ્ર વિશ્વનો નાશ કરવા મોં ફાડીને ઊભો છે ત્યારે આ વૃક્ષ જ એમાંથી બચાવી શકશે. અમદાવાદ કચ્છી જૈન સેવા સમાજને આ કાર્યમાં સફળતા મળે એવી પ્રાર્થના.

*એલ.ડી. શાહ - બિદડા, કચ્છ*

*(મંગલ મંદિર, સપ્ટેમ્બર-૨૦૧૨)*

★

**"કચ્છને નંદનવન બનાવીએ"**

ઓગસ્ટ માસના 'મંગલ મંદિર'માં તમે ખૂબ સરસ વિચાર સમાજ સમક્ષ મૂક્યો છે — "વૃક્ષારોપણ."

એના અનુસંધાનમાં થોડાક વિચારો રજૂ કરું છું.

**કચ્છની વનસ્પતિઓ અને વૃક્ષારોપણ સંબંધી સૌથી વધારે અને સમગ્રતયા વિચારો શ્રી જયક્રિષ્ણ ઈન્દ્રજીએ કર્યા હતા.** એમના અનુભવોનો નિચોડ એટલે તેમનું પુસ્તક "કચ્છ સ્વસ્થાનની વનસ્પતિઓ અને તેની ઉપયોગીતા" દરેક પ્રકારના માર્ગદર્શનોથી ભરપૂર છે.

૫૦ વર્ષ પહેલા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે સેવાના કામો શરૂ કર્યા અને અહીં સુધી પહોંચ્યા. તો આવતા ૫૦ વર્ષમાં આપણે કચ્છના શ્રી જયક્રિષ્ણ ઈન્દ્રજીના પુસ્તકમાંથી માર્ગદર્શન લઈ એમણે વિચારેલું કચ્છ બનાવી બતાવીએ.

એમને પગલે ચાલી શકે તેવા સરસ સાથીઓ કચ્છમાં હજી બેઠા છે.

આ સદી માટે મોટામાં મોટું કામ છે આપણે સૌ ભેગા મળી તે કામ કરી બતાવીએ.

અમે બધા તમારી સાથે જ છીએ.

*કાંતિસેન શ્રોફ - ભુજોડી, કચ્છ*

*(મંગલ મંદિર, સપ્ટેમ્બર-૨૦૧૨)*

★

**'મંગલ મંદિર' માસ સપ્ટેમ્બર-૨૦૧૨ના અંકનો પ્રતિભાવ**

**છેલ્લા ત્રણેક વરસથી 'મંગલ મંદિર' વાંચવાનો એવો નશો ચડે છે કે દર મહિને તેનો આખેઆખો અંક વાંચી જાઉં છું.** માસ સપ્ટેમ્બર-૨૦૧૨નો અંક મળતાં એકી બેઠકે તે વાંચી ગયો. આખા અંકમાં કચ્છ અને કચ્છીયતના દર્શન થયા. 'કચ્છી ભાષા - પાંજી ભાષા - મીઠડી ભાષા' લેખ મારા મનને પ્રસન્ન કરી ગયો. ભાઈશ્રી ભોલાભાઈ ગોલીબાર કચ્છી છે એ પહેલવહેલું જાણ્યું. આમ તો નાનો હતો ત્યારે 'ચક્રમ' ચાર આનાનો નિયમિત વાંચતો. પણ સ્વ. એન.જે. ગોલીબાર કચ્છી હતા એ જાણી શક્યો ન હતો. હું પોતે કચ્છીનો લેખક છું અને કચ્છીમાં જ ત્રણ વાર્તા સંગ્રહો પ્રસિદ્ધ થયા છે અને તેમાં બે પુસ્તકોને કચ્છી સાહિત્ય અકાદમીએ પહેલું - બીજું એમ બબ્બે પુરસ્કારો આપ્યા છે. વાત રહી લિપિની.... તો અંગ્રેજીને ક્યાં પોતાની લિપિ છે? અરે, આપણી રાષ્ટ્રભાષા હિંદીને પણ ક્યાં પોતાની લિપિ છે? એવું જ મરાઠી, કાશ્મીરી ભાષાનું પણ છે. આમ છતાં આ ભાષાઓ આંતરરાષ્ટ્રીય કક્ષાએ હવે બોલાય છે. એટલે લિપિ વગર જ ગુજરાતી લિપિમાં કચ્છીનું ખેડાણ કરવું જોઈએ. ભાઈશ્રી ભોલાભાઈને મારા હાર્દિક અભિનંદન.

'ભૂખરા રણમાં મેઘધનુષ અને સંગીતનો સમન્વય' વાળો લેખ ભાઈશ્રી હરેશભાઈ ધોળકિયાએ સરસ લખ્યો છે તેમજ 'સામૈયાનું શ્રીફળ' કથા પણ રોચક છે. ભુજપુરના કોરશી પટેલ વિશે મેં એક વાર્તા પણ લખી છે.

**ટૂંકમાં, આ આખો અંક ઘણો જ રોચક છે અને જ્ઞાનવર્ધીવાળો છે. ફરીથી બધાને અભિનંદન.**

*ધનજી ભાનુશાલી 'કડક બંગાલી', એડવોકેટ - ભુજ (કચ્છ)*

*(મંગલ મંદિર, ઓક્ટોબર-૨૦૧૨)*

★

**'શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ'ને શુભેચ્છા**

આપ સૌ શરીરે સ્વાસ્થ્યમય રહો અને મન પરમ શાંતિ અને આનંદનો અનુભવ કરે એ જ નવ વર્ષની શુભ કામના.

'મંગલ મંદિર'ના અંક નિયમિત મળે છે. માહિતીસભર લેખો આપવા બદલ તંત્રી મંડળને અભિનંદન અને લેખકોને પણ ખૂબ ખૂબ અભિનંદન.

*જેઠાલાલ વી. ગંગર 'મંગલમ્' - મુંબઈ*

*(મંગલ મંદિર, ડિસેમ્બર-૨૦૧૨)*

★

**દિલ્હીના ગેંગ રેપ માટે કોણ જવાબદાર?**

થોડા સમય પહેલા વિવાદાસ્પદ રહી ચૂકેલો દિલ્હી ગેંગ રેપનો કિસ્સો અખબાર અને મીડિયા દ્વારા ખૂબ જ પ્રચલિત બની ગયો. મીડિયા સમક્ષ અગ્રણીઓ, રાજકારણીઓ, નેતા, ફિલ્મ જગતના કલાકારો વગેરેએ આ બનાવને શરમજનક ગણાવ્યો અને બળાત્કારીઓને સજા થવી જોઈએ તેવી માગણી કરી.

શું માત્ર બળાત્કારીઓને સજા કરવાથી કે ફાંસી આપવાથી બનાવો ઘટી જશે? શું એમ કરવાથી તેમની માનસિકતા પર અસર થશે? હકીકતમાં તો બળાત્કારના મૂળમાં અન્ય કયા પરિબળો ભાગ ભજવે છે તેનો કેમ નિર્દેશ થતો નથી? તેની સામે કોઈ આંદોલનો કેમ થતા નથી? તેની સામે મહિલાઓ કેમ અવાજ ઉઠાવતી નથી?

ઘણા લોકો જાણે છે અને ઘણી વખત ફરિયાદી પણ કબૂલ કરે છે કે આ કૃત્ય મેં ફલાણા નામના પિક્ચર કે સિરીયલ જોઈને કર્યું છે. ફિલ્મો તથા સિરીયલમાં દર્શાવવામાં આવતા દૃશ્યોની અસર શું આ કોમળ માનસ પર નથી થતી? અમેરિકામાં પણ ફિલ્મો જોઈને ગુનાહિત કૃત્યો આચરતા હોવાનું બહાર આવ્યું છે. જે અભિનેત્રીઓ આ પ્રકારના બનાવને શરમજનક માનતી હોય તો તેઓ ફિલ્મોમાં બોલ્ડ સીન આપવાનું બંધ કરશે? જાહેરાતો તેમજ પોસ્ટરોમાં જે રીતે અભદ્ર દૃશ્યો બતાવવામાં આવે છે તેના પર પ્રતિબંધ મુકાશે?

માત્ર વધારે નાણા કમાવવાની લાલચમાં ગમે તેવા અંગ પ્રદર્શનના દૃશ્યો આપવાની દોટ અભિનેત્રીઓ બંધ કરશે? શું સેન્સર બોર્ડ આ બળાત્કારી બનાવોને નજર સમક્ષ રાખીને બોલ્ડ સીન વગેરે પર કાતર મારશે?

આ બધી બાબતો સામે વિરોધ કેમ થતો નથી? પરિવારજનો એક સાથે બેસીને અમુક પ્રકારના દૃશ્યો જોતાં લાજ અનુભવે તેવા દૃશ્યો પર પ્રતિબંધ મુકાય તે માટે કેમ કોઈ કમર કસતું નથી?

અને બીજી બાબત 'જેવું અન્ન તેવું મન' તેવું વાક્ય મહાભારતમાં પુરવાર થઈ ચૂક્યું છે. આજે અનાજમાં પણ સર્વત્ર ભેળસેળ ચાલે છે. એટલે ખોરાક પણ ઉપરોક્ત બાબતમાં અગત્યનો બદલાવ લાવી શકે છે.

અને છેલ્લે જોઈએ તો સ્ત્રીઓના પહેરવેશની બાબત પણ અમુક અંશે ઉપર મુજબના બનાવો માટે જવાબદાર છે.

જ્યાં સુધી આ બધી બાબતો સ્વીકારવાની કે અપનાવવાની તૈયારી નહીં થાય અને કાયદો - કાયદાની રીતે કામ કરશે તો બળાત્કારી શું અને ભ્રષ્ટાચારી શું? આ તમામ લોકો દેશનું વસ્ત્રાહરણ કરી દેશને બેહાલ સ્થિતિમાં મૂકી દેશે તેવો પવન ફુંકાયો

છે. પવનનો સામનો ન થઈ શકે તો ઘરના બારી બારણા બંધ કરી સાવધ થવા જેવું છે. બાકી તો સૌ કર્માધીન આત્મા છે અને કર્મો એને કયા રસ્તે લઈ જશે તેની કાંઈ જ ખબર પડશે નહીં. 'ધર્મમ્ શરણં ગચ્છામિ'નો પાઠ સદાયે યાદ કરીએ અને પરમાત્મા સૌનું રક્ષણ કરશે તેવું શ્રધ્ધાપૂર્વક માનીએ.

કોઈની લાગણી દુભાઈ હોય તો ક્ષમાયાચના.

*નીતિન સંઘવી - ગાંધીનગર*

*(મંગલ મંદિર, માર્ચ-૨૦૧૩)*

★

## તંદુરસ્તીની સમૃદ્ધિ મફતમાં મેળવી શકાય!

મંગલ મંદિરના ફેબ્રુઆરી માસના અંકમાં શ્રી દિનેશભાઈ પંચાલનો "ઘડપણમાં સુખી કેમ થવાય?" તે સમજાવતો લેખ ખૂબ ગમ્યો. લેખમાંની તેમની બે-ત્રણ વાતો ઊડીને આંખે વળગે તેવી છે : (૧) આ વયે દેવ કરતાં દેહ પર ધ્યાન આપો, (૨) ધાર્મિક પુસ્તકોને બદલે તંદુરસ્તીને લગતી પૂર્તિઓ વાંચો, (૩) લગ્ન સાદગીથી થઈ શકશે, ઑપરેશનમાં સાદગી નહીં ચાલે અને (૪) પરંપરાગત સમાજમાં ઊંડે સુધી જડ ઘાલી ગયેલી અંધશ્રદ્ધા અંગેની ચોટદાર વાત, એકદમ સાચી અને સમયસરની છે. લગ્નની સાદગી માટે અને સાવ અર્થ વગરની ક્રિયાકાંડ બાબતે તો વડીલો કરતાં યુવાપેઢીનો કાન આમળવો જોઈએ. તેમને કહેવાતી ધાર્મિકતામાંથી છોડાવવા જોઈએ અને સાચો ધર્મ માનવતાને વરેલી સંસ્થાઓને મદદ કરવામાં છે તે સમજાવવું જોઈએ. શિક્ષિત યુવાનો પણ લગ્ન ટાણે કુંડળી અને જન્માક્ષરોની વાતો કરે છે ત્યારે તેમના અજ્ઞાન ઉપર દયા આવે છે, ક્યારેક ગુસ્સો પણ.

તંદુરસ્તી અને તેની જાળવણી અંગે શ્રી પંચાલે સુંદર વાતો કરી છે. તેનાથી એક ડગલું આગળ જઈને કહીએ તો આ વાતો વડીલો ઉપરાંત નાના મોટા સૌને અત્યંત ઉપયોગી થઈ પડે તેવી છે. વળી આ વાતો અપનાવવી પણ સહેલી છે. તંદુરસ્ત રહેવું આપણે માનીએ છીએ તેટલું અઘરું નથી, કે નથી મોંઘું!

ખોઈ નાખ્યા પછી જેની કિંમત સમજાય અને પસ્તાવાનો પાર ન રહે તેવી બે વાતો, તે પૈસો અને તંદુરસ્તી. તેથી જ ડાહ્યા માણસે જેમ ભવિષ્ય માટે ધન બચાવવું જોઈએ તેમ શારીરિક ધન સાચવવા માટે શક્ય તેટલા ઉપાયો કરવા જોઈએ. બીજું દાક્તરી સારવાર મોંઘી થઈ રહી છે અને હજુ મોંઘી થશે તે નિર્વિવાદ છે.

તંદુરસ્તી જાળવવી કિશોરો ને યુવાનો માટે સાવ સહેલું છે. 'સ્વાસ્થ્ય વિના નહીં ચાલે' એટલું સમજી લેવું જરૂરી છે. એકવાર આ વાત માન્ય રાખો કે તંદુરસ્તી અમૂલ્ય છે, એ ખોઈ નાખવા જેવી જણસ નથી, તો તમારે માટે અસંખ્ય ઉપાયો છે — પણ બીમારી આવે તે પહેલાં.

શરૂઆતથી જ નાની નાની વાતો અપનાવીને મોટી વય સુધી સ્વાસ્થ્ય સાથે દીર્ઘ આયુષ્ય ભોગવી શકાય. હોસ્પિટલમાંથી સારવાર લઈને આવેલા કોઈ સંબંધીના ખર્ચના આંકડા જોશો તો ચોંકી જવાશે. અને સરકાર હસ્તક ગયેલા મેડી ક્લેઈમનો કોઈ ભરોસો નહિ. એમના વાંધાવચકા ન સમજાય તેવા અને મુશ્કેલીમાં મૂકી શકે તેવા હોવાના અનેક દાખલા બન્યા છે. ટૂંકમાં, માંદા પડ્યા પછી શું કરવું એના વિચારને બદલે માંદા પડાય જ નહિ તેના વિચારને જ મહત્ત્વ આપવું જોઈએ.

તંદુરસ્ત શરીરને એવું જ તંદુરસ્ત રાખવા માટે વગર ખર્ચના, સાવ મફત ઉપાયો છે! આપણે લક્ષ આપતાં નથી. તેવી જાગૃકતા દાખવતા નથી તે દુઃખની વાત છે.

ભાઈશ્રી દિનેશભાઈએ લખ્યું છે તેમ છાપાંઓની પૂર્તિઓ પોકારી પોકારીને અમુક વાતો વારંવાર કહ્યા કરે છે. ખરેખર એ લેખકોને ધન્યવાદ ઘટે છે જેઓ સમાજના સ્વાસ્થ્ય માટે ચિંતિત છે, સજાગ છે. થોડી સદીઓ પહેલાં ચીનમાં એક રાજા હતો. સ્વાસ્થ્ય બાબતે એટલો સજાગ કે જો કોઈ પ્રજાજન માંદું પડે તો તેને જેલ થાય! ૨૫-૩૦ વર્ષનો યુવાન માંદો જ કેમ પડ્યો? સાથે જ, સ્થાનિક વૈદને પણ ખખડાવી નાખે!

પત્રને લાંબો ન કરતાં, સ્વસ્થ રહેવાની ચાવીઓ જ જોઈ લઈએ? પરદેશ ભણી આવેલા સ્પેશિયાલિસ્ટ ડૉક્ટર સાહેબની સલાહ કરતાં, ક્યારેક પડોશમાં રહેતા ૭૫-૭૭ વર્ષના, પણ તંદુરસ્ત વયસ્કની સલાહ, તેમના સ્વાસ્થ્યનું રહસ્ય વધુ ઉપયોગી થઈ પડે.

યોગને સજાવી ધજાવી 'યોગા' (યોગનું આ અંગ્રેજીકરણ છે. રામા - ક્રિષ્ણા જેવું. સંસ્કૃતના જાણકાર અને યોગના નિષ્ણાત ગુરુજીઓ પણ યોગા શબ્દ જ વાપરે છે, ત્યારે અચરજ થાય છે) બનાવી નાખીને સમાજને યોગના માર્ગે વાળવાવાળા આસનો વગેરેમાં આધુનિકતાના નામે જાતજાતની કરામતો ઉમેરતા જાય છે. પહેલા સાદો યોગ હતો, હવે ડીઝાઈનર યોગા થઈ ગયું. કસરતમાં પણ ડીઝાઈન એટલે ધંધો! સાદો યોગ એટલે ઊંડો શ્વાસ લો ને ધીમેધીમે છોડો. આમ તો યોગની વ્યાખ્યા ઘણી વિસ્તૃત છે, પણ આપણા વિષય પૂરતું આટલું યોગ્ય છે. બોલો, શ્વાસ લાંબે સુધી લેવા અને છોડવા ધીમેધીમે, આમાં કાંઈ અઘરું છે? મહાવરો કરશો, દિવસમાં ૩ થી ૪ વાર, બે-બે, ત્રણ-ત્રણ મિનિટની આ કસરત કરશો તો ગળું, નાક ને ફેફસાં મજબૂત થશે. માનશો? કરશો? મયૂરાસન, મત્સ્યાસન, કુકકુટાસન વગેરે જેવાં આસનોનો લાભ લેવો હોય તો સાદી કસરત કરો, સાવ સાદી. લાફિંગ ક્લબોમાં જાવ. આ અઘરાં આસનો યોગના ચાહકોને કરવા દો. તમે તો શાળાનો વિદ્યાર્થી કરે છે તેવી સાદી, કમર, ડોક અને હાથપગની કસરત જ કરો. પણ નિયમિત. શ્વાસની ક્રિયા તો ખરી જ.

કબજિયાત ઘણા રોગોની જનેતા છે. નાની વયથી જ એની સામે લડો. એનો શ્રેષ્ઠ ઈલાજ છે : ચાલો.... ચાલો... ને ચાલો! અડધો કે એક કિલોમીટરથી શરૂ કરીને ધીમે ધીમે અંતર થાકી ન જવાય ત્યાં સુધી વધારતા જાવ. ચાલો, બસ ચાલો. કબજિયાત

ભાગી જશે. પણ ચાલવાનું ચાલુ રાખજો.

છેલ્લે, સોના જેવા, તેથી પણ વધુ કિંમતી મફતમાં મળતા મૂલ્યવાન તડકાની વાત કરીએ. સવારે સૂર્યોદય થાય પછીનો પહેલો કલાક અને સાંજે સૂર્યાસ્ત થાય તે પહેલાંનો એક કલાક – આ બે કલાક દરમ્યાન જેટલો સમય કાઢી શકો તેટલો સમય સૂર્યસ્નાન કરો. આ તડકામાં ઘણી શક્તિ છે - તમારી તંદુરસ્તી માટે. શક્ય તેટલાં ઓછા વસ્ત્રો પહેરવાં. હવે કહો, ઈશ્વરદત્ત આ દવાના પૈસા પડે છે? મારા સગાં માસીબા ગાંડપણની બીમારીમાં સપડાયેલાં. વારંવાર – ૪-૬ મહિને – તેમને ફરી પાગલખાનામાં મૂકવા પડે. પરિવાર આખાને ગાંડા કરી નાંખે એવા આ દર્દને મટાડ્યું તડકાએ! ખરેખર. સવાર-સાંજના કૂણા સૂર્યકિરણોથી તેઓ કાયમી ધોરણે દર્દમુક્ત થઈ ગયા. આ વાર્તા નથી, સાંભળેલી વાત પણ નથી. મેં પોતે જોયેલી ને અનુભવેલી આ ઘટના છે. સારવાર માટે માસીબા અમારે ઘરે જ રહેલાં.

મેં બતાવેલી દરેક દવા : (૧) ઊંડા શ્વાસ લેવા, (૨) ચાલવું અને (૩) સૂર્ય સ્નાન કરવું – વગર પૈસાની જ છે ને? ૧૫ વર્ષના વિદ્યાર્થીથી માંડીને ૭૫ કે ઉપરની વયના સૌ કોઈ આ ત્રણેય કસરતો કરી શકે. એક્શન કરતાં કોઈ રિએક્શન થાય, મૂંઝવણ થાય, અપસેટ થઈ જવાય, તો સહર્ષ મૂકી દેશો. Better Late than Never. જાગ્યા ત્યારથી સવાર. ક્યારે જાગો છો? અહીં 'કાગર'થી જ જણાવશો?

***શાંતિલાલ વ. શાહ - અમદાવાદ***

***(મંગલ મંદિર, માર્ચ-૨૦૧૩)***

★

## અન્ય માસિકો માટે દીવાદાંડી - 'મંગલ મંદિર'

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું મુખપત્ર માસિક 'મંગલ મંદિર' અનોખું છે. તેની ખાસિયત અફલાતુન અને લાજવાબ છે. તેમાં રજૂ થતી વિવિધ વાંચન સામગ્રી આજકાલના સમારંભોમાં પીરસાતી હજાર - બારસોની ડિશ કરતાંય સ્વાદિષ્ટ લાગે છે.

અનમોલ માહિતીનો ખજાનો પ્રસ્તુત કરનાર અને સમયની સાથે કદમ મેળવી ચાલનાર 'મંગલ મંદિર' અન્ય સમાજના માસિકો માટે દીવાદાંડીની ગરજ સારે છે.

આ માટે તંત્રી મહોદય, તેની જાંબાઝ ટીમ તથા તેમનાં ટીમવર્કને ખોબલે - ખોબલે અભિનંદન. ઉપરાંત 'મંગલ મંદિર' વાંચવા માટે મને પ્રેરિત કરનાર મારા પરમ મિત્ર શ્રી ચંદ્રકાંતાઈ ગાલા (હિંદમાતા - વડાલા)નો હું ખાસ આભારી છું.

'મંગલ મંદિર' એપ્રિલ-૨૦૧૩ના અંકમાં 'આંજો કાગર' વિભાગમાં મારો પત્ર રજૂ થયેલ હતો. વિશેષ કાંઈ નહિં, સમાજમાં પહેડીઓ અને સમારંભોને નામે અતિરેક જોઈ મારું મન હચમચી ઊઠ્યું અને ઉદ્ભવેલા વિચારોને મારા ઉપરોક્ત પત્રમાં વાચા આપેલ હતી. 'મંગલ મંદિર'ના તંત્રી મંડળે, તેને યોગ્ય સ્થાન આપીને વાચકો સુધી પહોંચાડવાનું ઉત્તમ કાર્ય કર્યું.

પીઢ લેખક શ્રી શાંતિલાલભાઈ સંઘવી અને શ્રી શાંતિલાલભાઈ વ. શાહએ મારા વિચારો પર પોતાનો પ્રતિભાવ આપ્યા, તે મારા, મારા ગામ અને મારી માતૃસંસ્થા "શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમ - સોનગઢ" માટે એક અહોભાગ્યની બાબત છે. બાકી સમગ્ર સમાજ મેં રજૂ કરેલ વિચારોને અમલમાં મૂકવાનું સાહસ દેખાડે તો... ત્યારબાદ સમાજની પ્રગતિની પરિકલ્પનાથી મારું રોમેરોમ આનંદિત થઈ ઉઠે છે.

***શેઠિયા ધનજી ખીમજી લાખાપુરવાલા - મુંબઈ***

***મો. ૯૩૨૪૬ ૮૪૬૨૨***

***(મંગલ મંદિર, જુલાઈ-૨૦૧૩)***

★

## વલોવતનમાં ઉપયોગી માહિતી
## 'પ્રાચીન દરગાહ ભદ્રેશ્વરમાં....' સંબંધી વિશેષ

'મંગલ મંદિર'માં આવતા વિવિધ લેખો ગુજરાતીમાં પ્રકાશિત થતા માસિકોમાં એક વિશિષ્ટ ભાત પાડે છે. ભાવિ પેઢીને સંસ્કારના પાઠ ભણાવતા લેખો સાંપ્રત સમાજ માટે અત્યંત જરૂરી છે, જે મંગલ મંદિર પૂરી પાડે છે. તંત્રી મંડળ માટે તે અભિનંદનના અધિકારી છે.

જૂન માસ'૧૩ના મંગલ મંદિરમાં 'વલોવતન'માં ઉપયોગી માહિતી આપવામાં આવી છે. પ્રાચીન દરગાહ ભદ્રેશ્વરમાં જાપાની પ્રો. કુકામી નાઓંકાનું સંશોધન પ્રશંસનીય છે. તેમાં થોડો ઉમેરો કરું છું.

આ દરગાહ અંગે અગાઉ પણ સંશોધન થયું છે. તે મુજબ ઈ.સ. ૧૧૫૯-૬૦ના અરસામાં અબુલઅઝમ અબ્દુલ્લાસુત ઈબ્રાહીમનો રોજો બંધાયો હશે તેવું વિદ્વાનો માને છે. (ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ - ગ્રંથ-૪, પૃ. ૪૯૦) આ લેખ ખાસ તો તેની લિપિ માટે વધારે મહત્ત્વ ધરાવે છે. કુફી અભિલેખોમાં આ અભિલેખ પ્રાચીનતમ લેખ છે. ભદ્રેશ્વરમાંથી આવા કુલ આઠ લેખ મળી આવ્યા છે. (Epigrahia Indica, Arebic and Persian Supplement-1965, pls. i-v) ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ વિભાગના અધિકારી દ્વારા આ લેખની વાચના કરવામાં આવેલી.

આ પહેલાં પણ ગુજરાતમાં મસ્જિદ બંધાયાના સાહિત્યિક ઉલ્લેખો મળે છે. અલ બિજાઝુરી (ઇ.સ. ૯મી સદી) નામના અરબ લેખકે તેના ગ્રંથ 'કુયુહલ બુલદાન'માં નોંધ્યું છે કે, હાશમ બિન અમરુએ દક્ષિણ ગુજરાતના ગંધાર બંદર પર દરિયાઈ હુમલો કરી (આશરે ઇ.સ. ૭૬૦) મૂર્તિઓનો નાશ કરી ત્યાં મસ્જિદ બંધાવી હતી. (ગુ.રા.સાં.ઈ. ગ્રંથ-૪, પૃ. ૪૮૯)

***દિનકર મહેતા - અમદાવાદ***

***(મંગલ મંદિર, જુલાઈ-૨૦૧૩)***

★

## OPENING OF RENOVATED MEDICAL CENTRE

***Shri Ashokbhai Mehta, (Managing Trustee), Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad***

At the outset, I thank all the trustees of Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad (SKJSS) for remembering me on all important occasions of SKJSS and inviting me for the same in this Silver Jubilee Year. I did attend on 20th October 2013, the latest such occasion of Inauguration function of Renovated Medical Centre at Paldi. I congratulate the entire team of SKJSS for all such achievements. I append some of my views about the latest function, which if you feel are worthy of place in SKJSS's mouth piece Mangal Mandir, you may do publish them.

Change is a continuous process. All changes are not necessarily progress. In last decades, three fields have witnessed tremendous changes due to technology. These are Medical, Communication and Entertainment. In particular medical field has undergone paradigm shift. It is heartening to note that SKJSS has in tune with time did the renovation of its Medical Centre. This is progress, a step further in the right direction and one more feather in the cap of SKJSS.

In his speech, Shri Ashokbhai Mehta mentioned that SKJSS extends the medical facilities as well as the guest house facilities to any Kutchhi who comes to Ahmedabad for the medical treatment, at subsidized rate or free depending upon the merit. So it is more appropriate to call Shri Kutchhi **JAIN** Seva Samaj - Ahmedabad, Shri Kutchhi **JAN** Seva Samaj - Ahmedabad. This is indeed a great work. He also mentioned that majority of the patients coming from Kutchh suffer from cancer or kidney related diseases. About forty years back, when I was studying in engineering college at Surat, one Kutchhi officer in Public Health Department, who was known to me had told me that the highest rate of eye related diseases were reported in Kutchh. The situation today may be different.

It is an accepted fact that in the success of any public institution or activity, TEAM WORK is at the core. But even in such team success, the role or contribution of some individual is notable. While celebrating the success, many institutes fail to recognize the contribution of some worthy individual. I am glad that SAKJS publically acknowledged the work done by Shri Pratapbhai Dand for the renovation of medical centre and honoured him by a proper 'Sanman Patra'. This should become an example for other institutes to follow. Recently I read that the word TEAM is the acronym of a sentence 'Together Each Achieves More'. But the latest acronym for TEAM is **'Together Each Achieves Miracle'**. SKJSS has epitomized the latest acronym.

Shri Chandrakantbhai Ghoghari mentioned that in next financial year, the Company Law is going to make mandatory 2% contribution of annual profit towards Corporate Social Responsibility (CSR) for the corporate. He mentioned that their group has been spending more than 2% for such causes. I had in the past read that some Gujarati Corporate Houses like Tatas, Wadia and Lalbhai Group were pioneers in extending the amenities like eight hours working per day, paid leave, leave travel concession, bonus, housing facilities, crash, subsidized canteen facilities, transportation, provident fund and gratuity to name some of them to their employees. They did extend most of these amenities before it became mandatory by law. Many people quote that 'What Bengal thinks today, India thinks tomorrow'. Here I wish to state that 'What Gujarati does today, othere do tomorrow or may be day after.' Corporate Social Responsibility (CSR) and Inclusive Growth are two buzzwords in circulation these days. It is good that SKJSS is instrumental in the implementation part of these two jargons.

Another noteworthy feature of this function was that, quite a number of donors for various activities of SKJSS are REPEAT DONORS. This is an indication of the feet that most of the donors have felt that their donation is properly and judiciously used for the purpose for which they had donated. This indicates the faith the donors have in the team of SKJSS.

***Pravinchandra Shamji Shah (Dharamashi) - Surat***
***M. 99789 03247***

***(મંગલ મંદિર, ડિસેમ્બર-૨૦૧૩)***

# ઐતિહાસિક અવસર

## સરદાર સરોવર પ્રોજેક્ટ
## નર્મદાની કચ્છ બ્રાન્ચ કેનાલનું ખાત મુહૂર્ત

કચ્છ જિલ્લાના રાપર મધ્યે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ રૂા. ૧૨૬૫ કરોડના ખર્ચે ૮૬ કિ.મી. લાંબી નર્મદા બ્રાન્ચ કેનાલના કામનું તેમજ ત્રણ પંમ્પિંગ સ્ટેશનોનું તા. ૯-૪-૨૦૧૧ ના રોજ ખાત મુહૂર્ત કર્યું હતું. કેનાલના કામ સાથે મોટાભાગના ખેતરોને પાણી પહોંચી શકે તે રીતે ઇજનેરી કૌશલ્યના બેનમૂન કામથી ૬૦ ફૂટ પાણી ફેંકવાની ક્ષમતાવાળા ત્રણ પંમ્પિંગ સ્ટેશનો ઊભા કરવાની આ યોજના છે. તે ઉપરાંત, સરદાર સરોવર પ્રોજેક્ટ ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટીના પ્રતીક રૂપે સરદાર વલ્લભભાઇ પટેલની વિશ્વની સહુથી ઊંચી એક પ્રતિમા પણ ઊભી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. તેમાં લિફ્ટ દ્વારા ૬૦ માળ જેટલી ઉંચાઇએ જઇ શકાશે અને સરદાર પટેલની આંખોમાંથી બહારની દુનિયા જોઇ શકાશે.

રાપર તાલુકામાં નર્મદા શાખા નહેરનું ખાતમુહૂર્ત એ કચ્છ જિલ્લા માટે એક ઐતિહાસિક દિવસ બની ગયો છે. કચ્છવાસીઓની આંખો જે દશ્ય જોવા તલપાપડ બની હતી તે 'નમામિ દેવી નર્મદે'ની સાક્ષીવાળી જનમેદનીમાં આનંદનો માહોલ સર્જાયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા ૫૦ વર્ષથી ખોરંભે પડેલી કચ્છની નર્મદા કેનાલ યોજના આ રીતે કાર્યરત થઇ છે. અને તેના પરિણામે કચ્છના રણ વિસ્તારને લીલુંછમ કરવાના અભિયાનનું સ્વપ્ન સાકાર થશે તેવી અપેક્ષા છે.

વધુમાં, સરદાર સરોવર ડેમ ઉપર મોટા કદના દરવાજાનું નિર્માણ કરવાનું પણ આ યોજનામાં આયોજન છે. સિંચાઇ કામ માટે ૯૦ ટકાની કેન્દ્રિય સહાય ડેઝર્ટ ડેવલપમેન્ટ પ્રોગ્રામ હેઠળનાં વિસ્તાર માટે મંજૂર કરવાની માંગણી પણ ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવી છે.

સરદાર સરોવર પ્રોજેક્ટની નર્મદા કેનાલ કચ્છ શાખાના રૂા. ૪૬૦૦ કરોડના વિરાટ જળસંચય કામોનું પ્રારંભ રૂા. ૧૨૬૫ કરોડના ખર્ચે કચ્છ શાખા નહેર અને ત્રણ પંમ્પિંગ સ્ટેશનોના બાંધકામથી થયું છે. આ યોજના હેઠળ કચ્છનાં ૭ તાલુકાના ૧૮૨ ગામોની ૨,૭૮,૫૬૧ એકર જમીનને પિયત જળ ઉપલબ્ધ થશે તેમજ જિલ્લાના મોટાભાગના ગામડાં અને નગરોને નિશ્ચિત ધોરણે પીવાના પાણીનો પુરવઠો પ્રાપ્ત થશે.

ઉપરોક્ત કામ પૈકી રૂા. ૪૦૨ કરોડના ખર્ચે કચ્છ આખા નહેરની ૩૦ કિ.મી. લંબાઇ (સાંતલપુર તાલુકામાં મોમાઇમોરાથી રાપર તાલુકાનાં નાની હમીરપુર ગામ સુધી), રૂા. ૩૪૫ કરોડના ખર્ચે ૫૬ કિ.મી. લંબાઇ (રાપર તાલુકામાં નંદાસર ગામથી ભચાઉ સુધી) તેમજ રૂા. ૫૧૮ કરોડના ખર્ચે ત્રણ પંમ્પિગ સ્ટેશનો (મંજુવાસ, હમીરપુર અને ભચાઉ)ના કામોનો સમાવેશ થાય છે.

અત્રે યાદ રહે કે ૧૨૧૦ મી. લાંબો, ૧૬૩ મી. પાયાથી ઊંચાઇ ધરાવતો સરદાર યોજના બંધ વિશ્વનો બીજા નંબરનો સૌથી મોટો કોંક્રીટ ગ્રેવિટી બંધ છે અને હાલ ૧૨૧.૯૨ મી. ઉંચાઇ સાથે ૯૭ ટકા કોંક્રીટ બાંધકામ પૂર્ણ હોતાં પાણી સંગ્રહ ક્ષમતા ૧૫૫ કરોડ ઘનમીટર છે.

ઉપરોક્ત ખાતમુહૂર્તના પ્રસંગે અને સમારંભના સ્થળે સિંચાઇમંત્રી નીતિનભાઇ પટેલ, મહેસૂલમંત્રી આનંદીબહેન પટેલ, રાજ્યમંત્રી વાસણભાઇ આહીર, રાધનપુરના ધારાસભ્ય શંકરભાઇ ચૌધરી, સરદાર સરોવર નર્મદા નિગમના શ્રી નિવાસ, શ્રી રાજગોપાલન, શ્રી એસ. જગદીશન, શ્રી મુકેશભાઇ ઝવેરી વગેરે અધિકારીઓ, સાંસદ, ધારાસભ્યો સહિત અન્ય આગેવાનો ઉપસ્થિત હતા.

નર્મદા નિગમના ડિરેક્ટર શ્રી મુકેશભાઇ ઝવેરીએ સમારંભના અંતે આભાર દર્શન કર્યું હતું.

આ પ્રસંગે મુંબઇ સ્થિત કચ્છીઓ માટે ખાસ ટ્રેઇનની વ્યવસ્થા થતાં, ત્યાંથી કચ્છી આગેવાનો સહિત સારી માત્રામાં કચ્છી પરિવારજનો સમારંભના સ્થળે ઉપસ્થિત રહ્યા હતા.

નર્મદાની કચ્છ બ્રાન્ચ કેનાલના ખાતમુહૂર્ત પ્રસંગના કાર્યક્રમમાં અંદાજે ત્રીસેક હજારની માનવમેદની એકત્ર થઇ હતી.

## નમામિ દેવી નર્મદે
## અમ આંગણે અવનવું અવસર

સરદાર પ્રોજેક્ટ, નર્મદાની કચ્છ બ્રાન્ચ કેનાલનું ખાત મુહૂર્તના ઐતિહાસિક અવસરે ઉપસ્થિત રહેવા માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજના ઉપક્રમે એક ખાસ બસ દ્વારા સમાજના પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી, ટ્રસ્ટબોર્ડ અને કારોબારી સમિતિના સભ્યો, સમાજ પરિવારના સભ્યો તેમજ અન્ય અગ્રણીઓ ૮-૪-૨૦૧૧ ના સાંજે રવાના થઇ, કટારિયા તીર્થમાં રાત્રિ રોકાણ કર્યા બાદ ૯-૪-૨૦૧૧ ના વહેલી સવારે રાપર સમારંભના સ્થળે આગમન કર્યું હતું. જ્યાં વિશાળ માત્રામાં જનમેદની એકત્ર થઇ હતી.

કચ્છના સ્વપ્ન સમી નર્દા શાખા નહેર તથા ત્રણ પંમ્પિગ સ્ટેશનોનું ભૂમિપૂજન ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ ત્રંબૌ જેસડા ગામ વચ્ચે શાસ્ત્રોક્ત વિધિથી કર્યું હતું. ત્યારબાદ રાપર ખાતે ખીચોખીચ ઉપસ્થિત મેદની સમક્ષ સ્વીચ દબાવીને કચ્છની નર્મદા યોજનાના કામોનો શુભારંભ કરાવ્યો હતો. સમારંભના સ્થળે સમાજના હોદ્દેદારો, આગેવાનો અને પરિવારજનોની ઉપસ્થિતિ માટે નર્મદા નિગમના ડિરેક્ટર શ્રી મુકેશભાઇ ઝવેરીએ સમાજના પ્રમુખશ્રી અશોકભાઇ મહેતા અને અન્ય સાથે રૂબરૂ વાતચીત દરમિયાન આનંદ વ્યક્ત કર્યો હતો.

શિલાન્યાસના સમારંભ કાર્યક્રમમાં કેટલાક દાનવીરો અને અમુક સંસ્થાઓએ સરકારશ્રીના કન્યા કેળવણી નિધિમાં દાન આપવાની જાહેરાત કરી હતી. જેમાં જાણીતા દાતા અને ઉદ્યોગપતિ શ્રી દામજીભાઈ એન્કરવાલા મુખ્ય હતા. તે સિવાય, સરદાર સરોવર પ્રોજેક્ટના બાંધકામના સ્થળે 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ના બાંધકામ માટે સુવઇ ગ્રામવાસીઓએ ૧૦૦ કિલો ચાંદી જમા કરાવીને અન્ય ગામડાંઓને એક નવી દિશા બતાવી હતી.

ઉપરોક્ત કાર્યક્રમ સમાપ્ત થતાં, સ્વાદિષ્ટ ભોજનને ન્યાય આપીને સમાજના સભ્યો વળતી વેળાએ શંખેશ્વર મહાતીર્થમાં ભવ્ય દર્શનનો લાભ લઈને મોડી રાત્રિના અમદાવાદ પરત ફર્યા હતા.

સમગ્ર પ્રવાસ દરમિયાન ટ્રસ્ટી શ્રી નરેન્દ્રભાઈ શાહ, શ્રી બંસીલાલભાઈ ગડા (મુંબઈ) તેમજ શ્રી રજનીકાંતભાઈ પારેખે પ્રસંગોપાત વિવિધ વાર્તાલાપ, જોક્સ અને ગીત દ્વારા રંગત જમાવીને પ્રત્યેક ઘડી આહ્લાદક બનાવી હતી. પ્રવાસ સંગાથી પૈકી અમુક દિલાવર વ્યક્તિઓ દ્વારા પ્રવાસખર્ચના સૌજન્યની જાહેરાત થતાં, તેઓશ્રીનો આભાર માનવામાં આવ્યો હતો.

શ્રી જયસુખભાઈ સંઘવીએ બસમાં નાસ્તા-પાણીની તેમજ અન્ય વ્યવસ્થા સારી રીતે સંભાળીને દરેકને ખુશ કર્યા હતા.

*સી/૪૦૨, પ્રેસ્ટીજ ટાવર, ચીફ જસ્ટીસના બંગલા પાસે,*
*જજીસ બંગલા રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*

*(મંગલ મંદિર, મે-૨૦૧૧)*

# વિશિષ્ટ કચ્છી વ્યક્તિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ કેટલીક વિશિષ્ટ કચ્છી વ્યક્તિઓના નામોનું લિસ્ટ તેની વિગતો સાથે તૈયાર કરે છે. અમારી પાસે કેટલાક નામો માટે અધૂરી માહિતી આવેલ છે, જે નામોની વિગત અત્રે પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. સંપૂર્ણ વિગતો મળેથી વિશિષ્ટ વ્યક્તિની યાદી તૈયાર કરવામાં આવશે. જે તે વ્યક્તિને વિનંતી કે તેઓ પોતાની સંપૂર્ણ વિગતો અમને મોકલીને અમારા કાર્યમાં પૂરેપૂરો સહકાર આપે. આ લિસ્ટ મુજબની પ્રોમિનન્ટ વ્યક્તિઓની માહિતીની જાણકારી જેઓ પાસે હોય **તેઓ પણ તે માહિતી અત્રે મોકલાવી આપશે** તો અમારા કાર્યમાં તેઓ પૂરેપૂરા સહભાગી બની શકશે.

**આ પ્રકારની અન્ય વ્યક્તિઓની માહિતી પણ આવકાર્ય છે.**

- શ્રી અજીમ હાસમ પ્રેમજી - બેંગ્લોર
- શેખ કનકસિંહ ખીમજી રામદાસ - મસ્કત
- શ્રી કેશવલાલ પ્રેમજી ભુડિયા - મોમ્બાસા
- શ્રી લક્ષ્મણભાઈ ભીમજી રાઘવાની - નૈરોબી
- શ્રી મૂળજીભાઈ પિંડોરિયા - દક્ષિણ આફ્રિકા
- શ્રી વિજય છેડા - અમેરિકા
- શ્રી હેમંત ચીમનલાલ શાહ - અમેરિકા
- શ્રી દામજીભાઈ લાલજી શાહ - મુંબઈ
- શ્રી અમરચંદભાઈ રામજી ગાલા - મુંબઈ
- શ્રી ડુંગરશીભાઈ રામજી ગાલા - મુંબઈ
- શ્રી ચંદ્રકાંત વલ્લભજી ગોગરી - મુંબઈ
- શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા - હૈદ્રાબાદ
- શ્રી હિરાલાલ ભાણજી શાહ - ભીલાઈ
- શ્રી દિનેશભાઈ ત્રિવેદી - નવી દિલ્હી
- શ્રી બાબુભાઈ મેઘજી શાહ - મુંબઈ
- શ્રી રાઘવજીભાઈ સાવલા - મધ્યપ્રદેશ
- શ્રી સુરેશચંદ્ર મહેતા - ગાંધીનગર
- શ્રી અમિન સાયાની - મુંબઈ
- શ્રી હરિષ ભિમાણી - મુંબઈ
- શ્રી આણંદજી વિરજી શાહ - મુંબઈ
- શ્રી વિપુલ અમૃતલાલ શાહ - મુંબઈ
- શ્રી વિનોદભાઈ ગણાત્રા - મુંબઈ
- શ્રી શાહબુદ્દીન રાઠોડ
- શ્રીમતી અપર્ણા પોપટ
- શ્રી મરિયમબહેન ડોસા - મુંબઈ
- શ્રીમતી ગુલબર્ધન - ભોપાલ
- શ્રી શિતાંશુ પરાસચંદ્ર મહેતા - વડોદરા
- શ્રી ભૂપત મહાશંકર ઓઝા - નવી દિલ્હી
- શ્રી શૈલેષભાઈ અંજારિયા
- શ્રી દિવ્યભાસ અંજારિયા
- શ્રીમતી અનિતા શાહ - મુંબઈ
- શ્રી પ્રતાપભાઈ ઉધારામ અસનાની - અમદાવાદ
- શ્રીમતી ચેતના ગાલા - મહારાષ્ટ્ર
- શ્રીમતી સ્વાતિ ઠક્કર/ચૌહાણ - મુંબઈ

***પ્રતાપ નારાણજી દંડ,***
***માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

*(મંગલ મંદિર, માર્ચ-૨૦૧૨)*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**શ્રી કચ્છી જૈન ભવન**

૪૩/૪૪-બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી, પાલડી - એલિસબ્રિજ, અમદાવાદ – ૩૮૦ ૦૦૬

ફોન : (૦૭૯) ૨૬૫૭ ૮૮૯૨, ૨૬૫૮ ૧૫૦૧, ૨૬૫૭ ૭૪૬૮ ● ફેક્સ : (૦૭૯) ૨૬૫૮ ૨૦૬૦

E-mail : kutchi_jainamd@hotmail.com ● Web site : www.kutchijainahd.org

## ॥ ભાવભર્યું આગોતરું આમંત્રણ ॥

## ★ અમદાવાદ ખાતે સમારોહ ★

**આદરણીય સ્વજનશ્રી,**

સવિનય જણાવવાનું કે આગામી તા. ૧૪-૪-૨૦૧૨ને શનિવારના રોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, તેની કારકિર્દીનાં ૪૯ વર્ષ પૂર્ણ કરી ૫૦મા વર્ષમાં પ્રવેશી રહેલ છે. સુવર્ણ જયંતી વર્ષનાં આ ૫૦મા વર્ષને વિવિધ **સમાજોપયોગી** કાર્યો દ્વારા ઊજવવાનું સમાજનાં ટ્રસ્ટ મંડળે નિર્ણય કરી, તેના વર્ષભરનાં આયોજનો ઘડી કાઢેલ છે. **"સુવર્ણ જયંતી વર્ષ"**ના વર્ષભરના કાર્યક્રમની માહિતી 'મંગલ મંદિર'માં અન્યત્ર પ્રકાશિત કરી છે.

સુવર્ણ જયંતી વર્ષનાં મહોત્સવની શરૂઆત શનિવાર, તા. ૧૪-૪-૨૦૧૨ના દિવસે અમદાવાદ ખાતે, એક દબદબાભેર સમારોહ યોજીને કરવામાં આવનાર છે.

**સુવર્ણ જયંતી મહોત્સવ સમારોહ**ના સમયે ઉપસ્થિત રહી, અમારા ઉત્સાહમાં જોમ પૂરવા, આપશ્રીને આ **"ભાવભર્યું આગોતરું આમંત્રણ"** પાઠવવામાં આવી રહેલ છે કે જેથી આપશ્રી, આપશ્રીની ડાયરીમાં આ દિન અમારા ખાતે ફાળવી શકો અને અમદાવાદ આવવા-જવાની મુસાફરીના આયોજનો અગાઉથી ગોઠવી શકો. આપશ્રીએ તા. ૧૩-૪-૨૦૧૨નાં રાત્રે અથવા તા. ૧૪-૪-૨૦૧૨નાં વહેલી સવારે અમદાવાદ આવવાનું રહેશે. તા. ૧૫-૪-૨૦૧૨નાં સવારમાં આપશ્રી અમદાવાદથી પ્રયાણ કરી શકશો.

સુવર્ણ જયંતી મહોત્સવ સમારોહ સમયની આપશ્રીના પરિવારજનની ઉપસ્થિતિ, આ સમાજને તેનાં સમાજોપયોગી આયોજનો પાર પાડવા વધુ સારી રીતે પ્રોત્સાહિત કરી શકશે.

આપશ્રીના આવા-ગમનની જાણ અમને અગાઉથી કરવા વિનંતી કે જેથી આપશ્રીનાં અમદાવાદ ખાતેનાં રોકાણની વ્યવસ્થા અમે અગાઉથી ગોઠવી શકીએ.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના અમદાવાદ - ગાંધીનગર સ્થિત પરિવારોના કુટુંબીજનોને પણ આ સમારોહના કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવે છે.

સહકારની અપેક્ષા સાથે,

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ.**

**હીરજી પાસુ શાહ - ભૂ.પૂ. મેને. ટ્રસ્ટી તથા પ્રમુખ**
**ડૉ. ચંદ્રકાંત દેઢિયા - ભૂ.પૂ. મેને. ટ્રસ્ટી તથા પ્રમુખ**

**અશોક મહેતા - મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ**
**કાંતિલાલ સાવલા - કાયમી ટ્રસ્ટી તથા ઉપપ્રમુખ**
**મનુભાઈ શાહ - ટ્રસ્ટી તથા ઉપપ્રમુખ**
**પ્રતાપ દંડ - ટ્રસ્ટી તથા માનદ્ મંત્રી**

*(મંગલ મંદિર, માર્ચ-૨૦૧૨)*

# મંગલ મંદિર


## વિક્રમી ૫૦૦ અંક

## સંભારણા-૪ વિશેષાંક

# વિભાગ-૨

કચ્છ

# દુલેરાય કારાણી તથા શંભુદાન ગઢવી વચ્ચે પ્રેમ, સ્નેહ અને અહોભાવ



પુષ્પદાન શંભુદાન ગઢવી
કચ્છના પૂર્વ સાંસદ

કચ્છના રાષ્ટ્ર કવિ આદરણીય શ્રી દુલેરાય કારાણીજી તથા કચ્છના રાજકવિ શ્રી શંભુદાનજી ઈશ્વરદાનજી ગઢવી વચ્ચે અપાર સેતુ, પ્રેમનો સંબંધ હતો. તે વિશેની જાણકારી આપણને સન્માનનીય શ્રી દુલેરાય કારાણીજીએ શ્રી શંભુદાન ગઢવી લિખિત "કચ્છ દર્શન" પુસ્તકના "પ્રવેશક"માં જણાવેલ વિગતો વાંચતા, તેઓશ્રીને શંભુદાનજી પ્રત્યે કેવો ભાવ અને લાગણી હશે તે જાણવા મળે છે.

## "પ્રવેશક"

*કચ્છનો ઈતિહાસ એટલે એક મહાસાગર. આ મહાસાગરને તળિયે અનેક રત્નો પડેલા છે. કેટલાક ઈતિહાસકારોએ આ રત્નોને શોધી કાઢીને એમનો પ્રકાશ ઈતિહાસના પટ પર વહેતો મૂક્યો છે. આમ છતાં એવા અનેક રત્નો સાગરને તળિયે અણપ્રીછ્યા રહી ગયા છે. એમાંના કેટલાક અમૂલ્ય રત્નોને એ સાગરના ઊંડાણમાંથી બહાર લાવીને એમનો સંગ્રહ કવિ શંભુદાનજીએ કચ્છ અને ગુજરાતની જનતા સમક્ષ ધરી દીધો છે. આ રત્ન સંગ્રહનું નામ "કચ્છ દર્શન."*

*આ "કચ્છ દર્શન"ના આલેખન પાછળ કુદરતનો જ કંઈક સંકેત હોય એવું લાગે છે. કેટલાક અણગમતા પ્રસંગો પણ અતિ અગત્યના અને અમૂલ્ય થઈ પડે છે, એવો જ આ દાખલો છે. શ્રી શંભુદાનજીની અણગમતી એવી માંદગીએ જ આપણને આ "કચ્છ દર્શન"નાં દર્શન કરવાની તક આપી છે. આ માંદગી પણ આજે ઉપકાર થઈ પડી છે, એમ કહેવું પડે છે.*

*સન ૧૯૭૬ના મે મહિનામાં હું ભુજ ગયો ત્યારે મારા કાને વાત આવી કે, શંભુદાનજીની તબિયત બરાબર નથી. આ વાત સાંભળતાં હું તરત એમને ત્યાં દોડી ગયો. એમના શુષ્ક શરીર પર દૃષ્ટિ પડતાં મારા મનમાં દુઃખ થયું. પણ એ કૃશ કાયાના ખોળામાં ચોપડો હતો, હાથમાં કલમ હતી. કલમ ચાલતી હતી. કૃશકાય કવિ શંભુદાનજી ચોપડો ચીતરવામાં મશગુલ હતા. માંદગીએ એમની પાચનક્રિયા અવ્યવસ્થિત કરી નાખેલી હોવાથી એમનું શરીર લેવાઈ ગયું હતું. મેં જોઈ લીધું કે કવિ પોતે તો કૃશકાય બની ગયા હતા પણ કવિની કલમ કૃશકાય બની ન હતી. એ તો એવી જ મદમાતી હતી. કોરા કાગળ પર દોડતી હતી. એમની આત્મશક્તિ જોઈને મને નવાઈ લાગી. એમનું કૃશ શરીર જોઈને મને દુઃખ થયું, પણ એમની દોડતી કલમ જોઈને મને એટલો જ આનંદ થયો.*

*ઘણા વખત પહેલા એકવાર કવિને ત્યાં મેં બે હસ્તપ્રતો જોઈ હતી. એકમાં ઝારાના યુદ્ધનું વર્ણન હતું : 'ઝારાના ઝૂલણા'. બીજીમાં અમદાવાદના સૂબા શેર બુલંદખાનની ભુજિયા પરની ચડાઈનો ચિતાર હતો. બંને પ્રસંગો કચ્છના ગૌરવરૂપ હતા. કચ્છના આ ગૌરવગ્રંથો પુસ્તકાકારે પ્રગટ કરીને કચ્છી જનતાને ભેટ ધરવા યોગ્ય હતા. પરંતુ અવકાશને અભાવે કવિ શંભુદાનજી એ હસ્તપ્રતોને હાથમાં લઈ શકતા ન હતા. માંદગીએ એમને અવકાશ આપ્યો અને એ અવકાશનો એમણે સદુપયોગ કર્યો. વર્ષોથી બેકાર પડી રહેલા એ અણમોલ સાહિત્યનું અને એ ઉપરાંત એમના અંતરમાં ઘૂંટાતી તેમજ તેમના સંગ્રહમાં દબાઈ રહેલી ઘણી અપ્રકટ ઘટનાઓને પ્રકટ કરવાની આ તક ઝડપી લીધી. પરિણામે સમયના અંધકારમાં રહેલી ઘણી ઘણી અવનવી વાતો અક્ષરબધ્ધ થયેલી આપણને આજે જોવા મળે છે. ઘણીવાર દુશ્મન પણ મિત્રનું કામ કરે છે તેનો પ્રત્યક્ષ પુરાવો છે, આ એમની માંદગી.*

*ભુજમાં મહાદેવ નાકા બહાર કલ્યાણેશ્વર મહાદેવનું પુરાતન મંદિર છે. આ કલ્યાણેશ્વરની સ્થાપના પાછળ એક ખાસ ઈતિહાસ છે. ભુજની મોટાભાગની જનતા આ ઈતિહાસથી અજ્ઞાત હશે. કચ્છના રાઓ શ્રી ભારમલજી પહેલાના મામા કોઠગાંગડના ઝાલા કલ્યાણસંગજીનો આ મંદિરની સ્થાપનામાં મોટો હાથ છે, એ વાત આજે ભાગ્યે જ કોઈ જાણતું હશે.*

*કચ્છના ઈતિહાસમાં જેનો ક્યાંય ઉલ્લેખ નથી, એવા એ અન્ય પ્રસંગ પર એમણે નવો જ પ્રકાશ પાડ્યો છે.*

*રાઓ શ્રી ખેંગારજી પહેલાના ભાઈ સાહેબજીને હળવદના ઝાલા રાજ રાયસિંહજીએ માર્યા ત્યારથી ખેંગારજીએ પ્રતિજ્ઞા કરી હતી કે મારા ભાઈના ખૂનીને ન મારું ત્યાં સુધી માથા પર રંગીન પાઘડી ધારણ નહીં કરું. પછી તો નાગાબાવા ઘાયલ રાયસિંહજીને રણભૂમિમાંથી જ પોતાની સાથે લઈ ગયા. આ રાયસિંહજી હળવદ પાછા આવ્યા અને રાજસત્તા પોતાના હાથમાં લઈ લીધી. આ વાતની ખેંગારજીને ખબર પડતા લીધેલી પ્રતિજ્ઞા યાદ આવી ગઈ. ખેંગારજી હળવદ પર ચડાઈ લઈ ગયા, રાયસિંહજીને માર્યા અને લીધેલી પ્રતિજ્ઞા પૂર્ણ કરી.*

*સાહેબજી જ્યાં મરાયા હતા ત્યાં ખેંગારજીએ એક દેરી ચણાવી અને ભાઈના ખૂનીને બધા જોઈ શકે એટલા માટે*

રાયસિંહજીનું મસ્તક એ દેરી પર મૂકાવી દીધું. આ દેરી પર ધૂપ, દીપ અને નજરાણા પણ ચડવા લાગ્યા. કચ્છને માટે એ ગૌરવનો વિષય હતો જ્યારે હળવદને માટે નામોશીનો વિષય હતો. હવે હળવદનો દશોંદી કવિ આ નામોશીની હકીકતને કેવી રીતે ફેરવી નાખે છે તે જોવા જેવું છે. કવિ પોકારી ઉઠે છે –

**ધૂપ દીપ નજરાં લિયે, વેરી તણે વતન;**
**સાહેબ રે સિર પર ચડ્યો, રાસો ક્રોડ રતન.**

અર્થાત્ રાયસિંહજી પર વેરીઓની વચ્ચે ધૂપ દીપ અને નજરાણા ચડે છે. કોટી કોટી રત્નોના મૂલ્યનું રાયસિંહજીનું માથું સાહેબજીના શિર ઉપર ચડી બેઠું છે.

ઝાલા રાજના કવિની આ કલ્પના કેવી અદ્‌ભુત છે! આ અમૂલ્ય કલ્પના શ્રી શંભુદાનજીની શોધનું જ પરિણામ છે.

કચ્છના ઈતિહાસમાં ખાસ નોંધવાલાયક બે યુદ્ધ પ્રસંગો : એક ઝારાનું યુદ્ધ, બીજું ભુજિયાનું યુદ્ધ. ભુજિયાના યુદ્ધ વખતે અમદાવાદનો સુબો શેર બુલંદખાન કચ્છ પર ચડી આવ્યો હતો. આ પ્રસંગે દુનિયાના ઈતિહાસમાં પણ અજોડ એવો બનાવ બન્યો હતો.

અમદાવાદી સૂબાએ ભુજિયા કિલ્લા પર પોતાનું વર્ચસ્વ જમાવવા માંડ્યું. ભુજિયાનો ભુંડાગરો કોઠો પણ હાથ કરી લીધો હતો. આ યુદ્ધના વર્ણનનું એક અમર કાવ્ય આપણા રાજકવિ શંભુદાનજીના વડીલ દાદા હમીરજી રત્નુએ રચેલ છે. મહાકાવ્ય જેવા આ કાવ્ય પર કવિએ પોતાના હૃદયનો રંગ ચડાવેલ છે. ભુજના બે ગઢ વિશે કવિ કહે છે :

**ભુજિએ ઉપર ગઢ ભુજે, શહર પાસ ગઢ સોય,**
**સુરપત રે ગઢ સારીખા, દેશળ રે ગઢ દોય.**

એક ભુજ શહેરનો અને બીજો ગઢ ભુજિયાનો અર્થાત્ ઈન્દ્રરાજાના બે ગઢ જેવા રા'દેશળના બે ગઢ.

ભુજિયા ગઢ પર આ વખતે કટોકટી આવી પડી હતી.

એ જ અરસામાં જયપુરી નાગા બાવાની એક મોટી જમાત ભુજમાં આવી પડી હતી. આ નાગા બાવાઓએ હાથમાં હથિયાર લઈ લીધા અને યુદ્ધનો રંગ પલટી નાખ્યો. હાથમાં તલવારો ચમકાવતા એમના પંજહથ્થા, ભસ્મચર્ચિત, ઉઘાડા ધડિંગ શરીર જોઈને સુબાના સૈનિકો હેબતાઈ જ ગયા. આ યુદ્ધમાં નિર્વસ્ત્ર નાગા બાવાની જમાતે ભારે પરાક્રમ દાખવીને કચ્છી લશ્કરને વિજય અપાવ્યો હતો. એમને જોઈને કચ્છના યુવાનોમાં પણ નવું બળ આવી ગયું હતું.

સુબાના સૈન્યમાં એવા ખાનખાનાખાન ભરાયા હતા, તેમના નામોનો રમૂજભર્યો ઉલ્લેખ કરતા કવિ હમીરજી કહે છે:

**બલોલખાં દલોલખાં, જલાલખાં મહાબલી,**
**કમાલખાન લાલખાં, જમાલખાન કંદલી;**
**સુરાંદખાં ફિરોજખાન, તાજખાન મીરખાં,**
**કમીરખાં રહીમખાન, શેરખાં કબીરખાં.**

આ શબ્દોમાં કવિની રમૂજ વૃત્તિ અને એમની કલાના દર્શન થઈ જાય છે.

આ યુદ્ધનું વર્ણન પણ જોવા જેવું છે. વાંચતા વાંચતા શરીરનું રક્ત ઉછળી ઊઠે એવું એ અદ્‌ભુત વર્ણન છે. આ ચારણી છંદની જરા ચમક તો જુઓ!

**કચ્છી દાહિમે લાંક બાંધી કટારી, ઝલાઝૂમ કીધી, ઘણે હેમ ઝારી;**
**વામે પાસ ખાંડો જડાઉ બિરાજે, છાજે બાણ કબ્બાણ ભથાણ છાજે.**

(જમણી બાજુએ કચ્છી કટારી બાંધી છે, જાણે સોનુ ચઢાવેલ હોય એવી ચમકી રહી છે. ડાબી તરફ જડતરવાળું જડાઉ ખાંડું શોભે છે. ભાથામાં બાણ છે, ધનુષ પણ ઓપે છે.)

ભુજિયાના યુદ્ધનું આ વર્ણન વાંચતા મહાકાવ્ય “બિરદશૃંગાર” યાદ આવી જાય છે અને સ્વ. કવિરાજ હમીરજીને આજે અનેક ધન્યવાદ આપવાનું મન થઈ જાય છે.

આ રણ સંગ્રામમાં લડનારા અને કચ્છની આઝાદી માટે કુરબાન થઈ જનારા અનેક રણવીરોના નામો કવિની આ કાવ્ય કૃતિમાં જોવામાં આવે છે. એટલે “આંખો દેખા અહેવાલ” જેવી જ આ રચના બની જાય છે.

કચ્છને કબજે કરવા આવેલા શેર બુલંદખાન આખરે નામોશીભરી નિષ્ફળતા લઈને ભાગી છૂટે છે.

**ખાગ વાય જીત્યા ક્ષત્રી, જાડેજા જગભલ્લ,**
**સેર બિલંદ સૂધો હુઓ, દલમાંહે બેદલ્લ.**

સંવત ૧૭૮૫ના શ્રાવણ સુદ પાંચમના દિવસે કચ્છી સૈન્યનો વિજય થયો. આ વિજયની યાદગીરીમાં ભુજમાં નાગ પાંચમની અસવારીની શરૂઆત થઈ. આ નવી શોધ પણ કવિ શંભુદાનજીને આભારી છે.

મહારાઓશ્રી દેશળજી બાવાના કુંવર લખપતજી થયા. આ લખપતજીએ ભુજમાં વ્રજભાષા પાઠશાળાની સ્થાપના કરીને પોતાનું નામ અમર કર્યું છે.

લખપતજીના અવસાન બાદ એમના કવિ મિત્ર બારોટ અમરસિંહે કેટલાક મરસિયાની રચના કરી છે. મૃત્યુ પછીની રચના જ હૃદયના ઊંડાણમાંથી બહાર આવતી હોય છે. આ રચનાના એક કાવ્યમાં કવિ કહે છે કે – વિક્રમ, ભોજ, જગદેવ, ઉન્નડ એવા રાજવીઓ વિદાય થયા – પડ્યા પણ,

**ધ્રમ રાજે પડે મોટે ધડે, ચિત કવિયાં ઈતરા ચડે,**
**પાંચમો નાથ ધ્રમ પૂતળો, પ્રથીઈન્દ્ર લખપતિ પડે.**

લખપતજીના વિયોગમાં બાવરો બનેલો કવિ કહે છે, શું કરું? કાશી કરવત લઉં કે ભેરવ જપમાં કૂદી પડું?

**ભૈરવ જપ માંહી ભિડું, તિણ હૂતાં એ દુઃખ તળે,**
**કાશીએ સીસ કરવત મરાં, મુજે સામ લાખો મિલે.**

આવા પ્રકારની રચનાઓ મહારાઓ શ્રી લખપતજીની લોકપ્રિયતા રજૂ કરી જાય છે. આ અપ્રકટ અસલી કાવ્ય કૃતિઓ પ્રગટ કરી તેને કચ્છની જનતા સન્મુખ ધરવાનો યશ પણ શ્રી શંભુદાનજીને ફાળે જાય છે.

રા'રાયધણની અસ્તવ્યસ્ત કારકિર્દી પછી મહારાઓશ્રી ભારમલજી બીજાનો સમય પણ કચ્છડા માટે કટોકટીવાળો નીવડ્યો હતો. અંગ્રેજોનો પગપેસારો વધતો જતો હતો. ઈસ્ટ ઈન્ડિયા કંપનીની તલવાર માથા પર લટકતી હતી. ભાયાતો એમના પરના અન્યાયને લીધે બેદિલ બની ગયા હતા અને ગોરી સરકારનું શરણ શોધવા લાગ્યા હતા. રાઓશ્રીનું માનસ પણ અસ્વસ્થ બનતું જતું હતું. સાચા સલાહકારો મરી પરવાર્યા હતા. જમાદાર ફતેહ મોહમ્મદના પુત્રો ઈબ્રાહિમ મિયાં અને હુસેન મિયાં વચ્ચે ઘર્ષણ જાગ્યું હતું. ચારે તરફની મુશ્કેલીઓ કચ્છને ઘેરી વળી હતી. આ સમયની ઘણી અવનવી વાતો જે આજ લગી ઈતિહાસનાં પૃષ્ઠો પર ચડી નથી તેને ખોળી ખોળીને શ્રી શંભુદાનજીએ આ ગ્રંથમાં રજૂ કરીને એ વખતના રાજ્યના કારભારનો પ્રમાણભૂત ચિતાર આ ગ્રંથમાં આપેલ છે.

શ્રી શંભુદાનજીએ ચારણોના અસલી વ્યવસાય પર પણ નવો પ્રકાશ પાડ્યો છે. જૂના વખતના ઘણા ચારણો મોટા વેપારી હતા. જંગલના રાજા જેવા વણઝારા હતા. ચારણોની વણઝાર એટલે આજનો મોટો જનરલ સ્ટોર. સેંકડો પોઠિયાના માલ સાથે એમની વણઝાર રહેતી અને ગામડે ગામડે પડાવ નાંખીને આ ચારણ વણઝારા વેપાર ચલાવતા. માળવાથી અફીણના ગોટા પોઠિયા પર લાદીને હજારો રૂપિયાનો અફીણનો ખાનગી વેપાર ખેડતા. કચ્છમાં તો એમને ખાસ લાભ હતો. એમના વેપાર પર જકાત નહોતી. આ કારણથી તેનો વેપાર ધમધોકાર ચાલતો.

કચ્છ મંજલના ચારણ સોદાગર જોધા માણકાણીએ તો છેક રાજસ્થાન સુધી પોતાનું નામ પ્રખ્યાત કર્યું હતું. તેણે પોતાની ઉદારતા અને કુશળતાથી જયપુરના મહારાજાનો પ્રેમ પ્રાપ્ત કર્યો હતો અને રાજસ્થાનમાં પણ ચારણોના વેપાર પર જકાત માફ કરાવી હતી. આ પ્રસંગનું રસિક વર્ણન શ્રી શંભુદાનજીએ આ પુસ્તકમાં રજૂ કર્યું છે. દાણ-માફીના પ્રસંગ પર કવિ જોધા માણકાણીનું રચેલું જુદી જુદી ભાષાઓનું એક ગીત વાંચવા જેવું છે. જકાત માફની બાબતમાં, એમાં ચારણ વેપારીઓના વખાણ છે. એમાં એક કચ્છી ગીત છે –

**તડે હાણે જાડે જે મેં, કચ્છ જા કુંવર તા કુંછે,**
**ઈની જે મેં અભાગીઓ, કેર કંધો આસ?**
**ખટી ખેંધા દેશાવરે પાણ કે અસિસ ડીંધા,**
**સારી કંધા પર-ડે મેં, પાણ જી સુવાસ.**

વરસો પહેલાની કચ્છી ભાષાની આ રચનાના શબ્દ પ્રયોગો આજની કચ્છીથી જરા પણ ઉતરતા નથી. ઉલટા આજની કચ્છી ભાષાને બળ આપે એવા છે. જૂના વખતની કચ્છી ભાષા પણ જોરદાર હતી એવી આ શબ્દોથી ખાતરી થાય છે.

જૂના વખતના જુદા જુદા તહેવારો કચ્છમાં કેવી રીતે ઉજવવામાં આવતા, એ વાતથી પણ કવિએ કચ્છની જનતાને પોતાના જાત અનુભવથી વાકેફ કરી છે.

કચ્છ રાજ્યમાં રાજના લગ્ન પ્રસંગોની ઉજવણી વખતે કેવા પ્રકારની કાર્યવાહી ચાલતી અને કોઈવાર કેવી મડાગાંઠ આવી પડતી, તેનું વર્ણન પણ વાંચવા જેવું છે.

સ્વ. ખેંગારજી બાવા, વિજયરાજજી બાવા અને વિદ્યમાન મદનસિંહજી બાવાના અવનવા જીવન પ્રસંગો વ્યક્ત કરીને કવિએ કચ્છી પ્રજા પર મોટો ઉપકાર કર્યો છે. આ પ્રસંગો જો એમણે પ્રકટ ન કર્યા હોત તો એ બધી અતિ મહત્ત્વની વાતો કાળની ગર્તામાં ક્યાંય ઊંડે ઉતરી જાત અને દીવો લઈને શોધતા પણ તે હાથમાં આવત નહીં.


કચ્છના રાજવીઓ તેમના સેવકો પ્રત્યે કેવી લાગણી ધરાવતા હતા તે પણ જોવા જેવું છે. સ્વ. ખેંગારજીબાવાના હજૂરી સામતભા હતા. ખેંગારજી બાવાના તે માનીતા હજૂરી હતા. દરબારગઢની પડખે બાજુમાં જ એમનું મકાન હતું. આ સામતભાનું અવસાન થતા બાવાના મનમાં ભારે દુઃખ થયું. છેલ્લે છેલ્લે સામતભાનું મોં જોવા ખેંગારજી બાવાનું મન તલપી ઉઠ્યું. પણ વચમાં એક પથ્થરની બારી આડે આવતી હતી. ખેંગારજી બાવા એ બારી તોડાવીને પોતાના વહાલા હજૂરીનું મોં જુએ છે અને એ જ હજૂરીના વારસદાર વાઘુભાની માંદગી વખતે ખેંગારજી બાવાના વારસદાર મદનસિંહજી બાવા જૂના નિયમનો ભંગ કરીને એમને જોવા એમને ઘેર પહોંચી જાય, એવા દાખલા – સેવકો પ્રત્યેના પ્રેમના – ભાગ્યે જ ક્યાંક જોવા મળશે.

રાજકવિ શ્રી શંભુદાનજીના જીવનનો વિકાસ પણ શ્રી મદનસિંહજી બાવાને આભારી છે. મારું પણ એમજ છે, એ વાત પણ આ તકે વ્યક્ત કરવાની મારી ફરજ છે. મારા પર શ્રી મદનસિંહજી બાવાના બે હાથ છે, જ્યારે શ્રી શંભુદાનજી પર ચાર હાથ છે. આ ચાર હાથોની પ્રેરણા આ કચ્છ દર્શનનું પ્રકાશન થવામાં કારણભૂત બની છે અને કચ્છની એક અમૂલ્ય સંપત્તિ પ્રાપ્ત થઈ છે.

આ ગ્રંથના અનેક તત્ત્વોનું ઝીણવટથી વિવેચન કરીએ તો એક વધારાના પુસ્તકની જરૂરત પડે તેમ છે. એટલે માત્ર થોડી જ વાતો અતિ સંક્ષિપ્ત સ્વરૂપે રજૂ કરતાં પણ આટલો વિસ્તાર થવા પામ્યો છે, એ આ ગ્રંથની જ મહત્તા છે. નાના-મોટા પ્રસંગોની કવિની યાદદાસ્ત તો દાદ માંગી લે તેવી છે.

કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતની જનતા આપણા રાજકવિ શ્રી શંભુદાનજીના આ અથાગ પરિશ્રમની કદર કરીને આ અમૂલ્ય ગ્રંથ અપનાવી લેશે – વધાવી લેશે એવી આશા અસ્થાને નથી.

**– દુલેરાય કારાણી**



જડીબુટ્ટી

# જ્યાં પ્રેમ છે ત્યાં આશા છે, જ્યાં ઘૃણા છે, ત્યાં નિરાશા છે

ડૉ. પલ્લવી કે. શાહ
"વ્યાખ્યાતા"

પ્રેમ! અઢી અક્ષરના આ શબ્દમાં સમગ્ર વિશ્વ સમાઈ જાય છે. દરેકને પ્રેમ જોઈએ. દુનિયામાં એવી એક પણ વ્યક્તિ નહીં હોય જેને પ્રેમની જરૂર ન હોય. દરેકે દરેક સંબંધો પ્રેમના - લાગણીના તાંતણે બંધાયેલા છે. માતા-પિતા અને સંતાન, મિત્રો, ભાઈ-બહેન બધા જ સંબંધોનું અસ્તિત્વ અને આયુષ્ય એકમાત્ર પ્રેમ શબ્દ પર નિર્ભર છે. માનવીય સંબંધો તો ખરા જ, પણ જોવા જઈએ તો પ્રાણી જગતમાં પણ આ ભાવના શોધવા જવી નહીં પડે!

એકબીજાની ચાંચમાં દાણા મૂકતી પેલી હોલારાજાની જોડલીમાં પ્રેમ નથી તો શું છે? જીભેથી ચાટીને વાછરડાને સાફ કરતી પેલી ગોરીનો પ્રેમ નથી તો શું છે? પોતાના બચ્ચાને જીભ ઉપર આવી, બચાવવાની કોશિશ કરતી વાઘની માસી પ્રેમની મૂર્તિ જ છે! હાથણીના વિરહમાં વર્ષો સુધી ઝુરતા ગજરાજનો પ્રેમ કોઈનાથી છાનો નથી. આવા તો કંઈ કેટલાય ઉદાહરણો!

પ્રેમની ભાવના સ્વાભાવિક રીતે જ આપણામાં વણાયેલી હોય છે. સમય આવ્યે એના તોલમાપ કરવા નથી પડતા. જેમ શ્વાસ આપણે સ્વાભાવિક રીતે જ લઈએ છીએ, તેમ પ્રેમ પણ આપણે સ્વાભાવિક રીતે જ કરીએ છીએ.

આ પ્રેમની ભાવના જ્યાં છે ત્યાં જ સંપ છે. આમ વિચારવા જઈએ તો જે વ્યક્તિ આપણી સાથે પ્રેમથી વાત કરશે, એની સાથે વાત કરવાનું મન થશે. એ વ્યક્તિ સાથે વધુ સમય રહેવાની ઈચ્છા થશે, એનું સાન્નિધ્ય સતત મળતું રહે એવી ઝંખના રહેશે અને એટલે જ એવી વ્યક્તિ આપણી સમસ્યાનો ઉકેલ લાવી શકશે એવી આશા જાગે છે.

**પ્રેમનો ગુણ એવો છે, જે માનવીને નિઃસ્વાર્થ, ધૈર્યવાન અને પરિપક્વ બનાવે છે.** આ ત્રણે ગુણોના કારણે માણસની રીતભાત, વર્તન અને વાણીમાં પરિવર્તન આવે છે. સ્વાર્થની ભાવના દૂર થાય છે. ઉતાવળના કારણે લેવાતા અયોગ્ય નિર્ણયોને જીવનમાં સ્થાન નથી હોતું. સ્વભાવમાં પરિપક્વતા આવે છે, ઠરેલપણું આવે છે. આ બધાની સાથે પ્રેમનું અમૃત ભળતા, બળી-ઝળીને આવેલ વ્યક્તિને ચંદનનો લેપ થાય છે.

આપણા મોંમાંથી ઘણીવાર શબ્દો સરી પડે છે : "તમારી પાસે મન હળવું કરવાથી મનને શાંતિ મળે છે." આ ઉદ્દગારો સામી વ્યક્તિના પ્રેમાળ સ્વભાવને કારણે જ નીકળે છે. આવી વ્યક્તિ પાસે આવનાર અનેક સમસ્યાઓથી ભલેને ઘેરાયેલો હોય, ઘરના, નોકરીના, સમાજના, કુટુંબના કંટાળાથી ત્રસ્ત હોય, પણ એને મનમાં એક આશા હોય છે કે કદાચ હલ નહીં મળે પણ શાંતિ તો જરૂર મળશે જ.

આવી વ્યક્તિ કુટુંબનો આધારસ્તંભ બને છે. સમાજમાં મોભાનું સ્થાન પ્રાપ્ત કરે છે. એની ગણના સમાજની ઠરેલ વ્યક્તિમાં થાય છે, પાંચમાં પૂછાય છે. તેની સલાહ બધા જ માન્ય રાખે છે અને **આવી વ્યક્તિ પાસે જ સમાજ આશા રાખે છે, નવી પેઢીને ઘડવાની.**

પ્રભુ મહાવીરે તો પ્રેમ અને લાગણીથીય આગળનો શબ્દ આપી દીધો : "મૈત્રી." આ મૈત્રી જગતના સકળ જીવો પ્રત્યે દાખવવી. જીવ ભલે સૂક્ષ્મ હોય કે વિશાળ, કંથવો હોય કે હાથી, **દરેક પ્રત્યે સમાન ભાવ. જરાપણ દ્વેષ નહીં, સર્વ પ્રત્યે ક્ષમાની ભાવના.** માત્ર પ્રભુ મહાવીર જ નહીં, બધા જ ધર્મ પ્રવર્તકોએ આ વાતની હિમાયત કરી છે.

પ્રેમની આ સંસ્કૃતિવાળો આપણો આ દેશ, પ્રેમના સંસ્કાર લોહીમાં લઈને જન્મેલા આપણા દેશવાસીઓ તેમ છતાં ક્યાંક કશીક ઉણપ રહી જાય છે. પરિણામે જ કાશ્મીર માટે લડત થાય છે, નક્સલવાદીઓ ફાવી જાય છે, ને ભાષા અને પાણી માટે ઝઘડા થાય છે.

સર્વ પ્રત્યે પ્રેમભાવ રાખવાની વાતને ભૂલી જઈને આપણો પ્રેમ આપણા પરિવાર, સ્નેહીજન અને બહુ તો સીમિત સમાજ પૂરતો મર્યાદિત થઈ જાય છે. અને પછી ઊભા થાય છે 'મારું' 'તારું'ના વાડા. એ જ, આ નદીનું પાણી અમારું છે અને આ ખનીજ અમારી છે! વિચાર નથી કરતા આપણે કે જે જમીન પર આપણું સામ્રાજ્ય જમાવીને બેઠા છીએ, એ વાસ્તવમાં છે કોની? કુદરતની!!! કુદરતને કોઈ રાજ્યના કોઈ દેશના સીમાડા નથી હોતા. એ તો નર્યા પ્રેમની મૂર્તિ જ છે ને એના હેતની હેલી વરસ્યા જ કરે છે. **આપણે જ મારું મારું કરીને વિવાદો ઊભા કરીએ છીએ. સ્વાર્થવૃત્તિ માઝા મૂકે ત્યારે કુદરતે માથું ધૂણાવવું પડે અને સર્જાય, વિનાશક ભૂકંપ અને મહા વિનાશકારી સુનામી!!**

(અનુસંધાન : જુઓ પાના નં.-૧૩૯ ઉપર)

ઇતિહાસ

# ઉત્તરાયણનો પર્યાય પતંગ : ઇતિહાસ



ડૉ. મિહિર એમ. વોરા

મિત્રો, જાન્યુઆરી મહિનો આવે એટલે આપણે સૌને આપણો પોતીકો તહેવાર ઉત્તરાયણ યાદ આવે અને પતંગ, માંજો, ફીરકી, ઊંધિયું, તલસાંકળી, શેરડી, બોર યાદ આવે, અગાસીનું ધાબુ યાદ આવે, રંગબેરંગી ચશ્માં અને તેની પાછળના ચશ્મા યાદ આવે. જોરથી વગાડાતા ગીત-સંગીત યાદ આવે અને જીવદયા પ્રેમી તરીકે પક્ષીઓ પણ યાદ આવે, જે પતંગની દોરીથી ઘાયલ થઈ જાય છે તે યાદ આવે.

ઉત્તરાયણ શબ્દની ઉત્પત્તિ સમજવા જેવી છે. આ શબ્દનો સંસ્કૃત અર્થ એટલે 'ઉત્તરાયન.' ઉત્તર + અયન = ઉત્તરાયન અર્થાત્ ઉત્તર તરફનું પ્રયાણ. આ દિવસે સૂર્ય પૃથ્વીની આજુબાજુની પોતાની પરિભ્રમણની દિશામાં પણ પરિવર્તિત કરી ઉત્તર દિશા તરફ ખસે છે. માટે ઉત્તરાયણ એટલે સૂર્યનું ઉત્તર તરફનું પ્રયાણ... સૂર્યના આ પરિવર્તનથી આ દિવસે રાત-દિવસ સરખા એટલે કે ૧૨-૧૨ કલાકના હોય છે અને બીજા દિવસથી શિયાળાની લાંબી રાત ટૂંકી બને છે. એટલે કે ઉત્તરાયણ પછી દિવસ લાંબો અને રાત ટૂંકી બની જાય છે. આ ઉપરાંત ઉત્તરાયણને મકરસંક્રાંતિ પણ કહે છે. આ દિવસે સૂર્ય ઉત્તરની સાથે સાથે એક રાશિમાંથી બીજી રાશિમાં સ્થળાંતર કરે છે. સૂર્યની આ ક્રિયાને સંક્રાંતિ કહેવાય છે. આ પ્રમાણે બાર રાશિ પ્રમાણે વર્ષમાં કુલ બાર સંક્રાંતિઓ થાય છે. ૧૪ જાન્યુઆરીએ સૂર્ય ધન રાશિમાંથી મકર રાશિમાં સ્થળાંતર કરે છે. માટે આ તહેવારને મકરસંક્રાંતિ પણ કહેવાય છે. ગુજરાત અને ભારતના ઘણા વિસ્તારોમાં તો આ દિવસે પતંગ ચગાવી આ પર્વને ઉજવે છે. આજે ઉત્તરાયણનો પર્યાય પતંગ બની ગયો છે.

મિત્રો, કોઈ વાર વિચાર્યું છે કે પતંગનો ઇતિહાસ શું છે? તેની પાછળનું કારણ શું છે? આ બધા સવાલોનો જવાબ એટલે પતંગનો ઇતિહાસ. તો આવો જાણીએ અને માણીએ, પતંગનો ઇતિહાસ... મિત્રો, એક વાતનું ખાસ ધ્યાન રાખજો કે તમારા પતંગના દોરાથી પક્ષીઓ અને પશુઓ હેરાન થાય નહીં અને કોઈ રાહદારીનો જીવ જાય નહીં. અને હા, કપાયેલ પતંગ લેવા દોડતા બાળકો કે તમારો જીવ અગાસી ઉપરથી પડી જતા કે વાહનની અડફેટે જાય નહીં તેવી એક જીવદયા પ્રેમી તરીકેની અપીલ છે. પતંગ ચગાવવાની શરૂઆત ચીનમાં આશરે ૩૦૦૦ વર્ષ પહેલાં થયેલી. પતંગ બનાવવા સિલ્કના કાપડનો ઉપયોગ થયેલો અને લાકડી માટે વાંસનો ઉપયોગ થયેલો. ઇન્ડોનેશિયાની ગુફાઓમાં પણ પતંગના ચિત્રો જોવા મળ્યા છે. તે વખતે વનસ્પતિના મોટા-મોટા પાંદડાઓમાંથી પતંગ બનાવાતા. હજાર વર્ષ પહેલાં ચીનના ખેડૂતે પોતાની હેટ પવનથી ઊડી ન જાય તે માટે હેટને પતંગ બાંધી રાખી હતી. ચાઈનીઝ જનરલ હુઆન થેંગ હુએ સૈન્યની વ્યૂહરચના બનાવીને અંતરનો અંદાજો મેળવીને પોતાના સૈન્યને શહેરની અંદર પ્રવેશ કરાવીને જીત મેળવી હતી. ચીનથી કોરિયા અને સમગ્ર એશિયા તથા ભારતમાં જુદા જુદા પ્રકારની પતંગો પ્રચલિત થઇ અને તેને ઉડાવવા પાછળના વિવિધ સાંસ્કૃતિક હેતુઓ પણ જોડાવા લાગ્યા. સાતમી સદીમાં બૌધ્ધ સાધુઓ દ્વારા પતંગ જાપાનમાં પહોંચી. તેઓ પતંગનો ઉપયોગ શેતાની શકને ડામવા માટે અને પોતાના ફળદ્રુપ પાકને સુરક્ષિત રાખવા માટે કરતા હતા. એના સમયગાળા દરમિયાન જાપાનમાં પતંગને સૌથી વધુ પ્રસિદ્ધિ મળી હતી. માઇક્રોનેશિયાના લોકો પાંદડાંની પતંગનો ઉપયોગ માછલી પકડવાના સાધન તરીકે કરતા હતા. પોલિનેશિયનોની લોકવાયકા પ્રમાણે બે દેવતાઈ ભાઈઓએ મનુષ્યને પતંગનો ખ્યાલ આપ્યો હતો. ૧૩મી સદીના અંતમાં માર્કો પોલોએ યુરોપમાં પતંગની કહાણી પહોંચાડી હતી. ૧૬મી અને ૧૭મી સદીમાં જહાજના સહેલાણીઓ જાપાન અને મલેશિયાની પતંગો લાવ્યા. યુરોપિયન સંસ્કૃતિમાં પતંગે કુતૂહલ જગાવ્યું હતું. ૧૮મી અને ૧૯મી સદીમાં વૈજ્ઞાનિક સંશોધનો માટે પતંગનો ઉપયોગ વાહન અને સાધનો તરીકે થવા લાગ્યો. બેન્જામિન ફ્રેંકલીન અને એલેકઝાન્ડર વિલ્સે પવન અને હવામાનની વધુ માહિતી મેળવવા માટે પતંગનો ઉપયોગ કર્યો હતો. સર જ્યોર્જ કેલી, સેમ્યુઅલ લેન્ગલી, લોરેન્સ હાર્ગ્રેવ, એલેકઝાન્ડર ગ્રેહામ બેલ અને વ્રેટ બ્રધર્સે પતંગો સાથે વિવિધ પરીક્ષણો કર્યા અને એરોપ્લેનના વિકાસમાં ફાળો આપ્યો હતો.

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન બ્રિટીશ, ફ્રાન્સ, ઇટાલી અને રશિયન આર્મિ પતંગનો પ્રયોગ કરીને દુશ્મનોની જાણકારી મેળવીને તેઓ પોતાના જવાનોને એરોપ્લેનમાંથી તાત્કાલિક માહિતી પહોંચાડવા માટે કર્યો હતો. બીજા વિશ્વયુદ્ધમાં અમેરિકન નૌકાદળે પતંગના અન્ય ઉપયોગો શોધ્યા. હેરી સાઉલની બેરેજ પતંગે એરોપ્લેનોને તેમના લક્ષ્યથી વધુ પડતા નીચે ઉડતા અટકાવ્યા. દરિયામાં ખોવાઇ ગયેલા અથવા ભૂલા પડેલા પાઇલોટ ગીબ્સને

(અનુસંધાન : જુઓ પાના નં.-૧૪૦ ઉપર)

આરોગ્ય

# "મારા ૭૧ વર્ષના મમ્મી સમજાવવા છતાં કાંઈ સમજતા નથી, પોતાનું ધાર્યું જ કરે છે" – (૩)

## ડિમેન્સિયા બીમારી વિશે ગેરસમજ




ડૉ. મણિલાલ ગડા
(મનોચિકિત્સક)

ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા
બાળ મનોચિકિત્સક)

આગલા લેખમાં આપણે જાણ્યું કે ડિમેન્સિયા - સ્મૃતિભ્રંશના કિસ્સા સામાન્ય રીતે ૬૦ વર્ષની ઉંમર બાદ જોવા મળે છે.

ડિમેન્સિયાના કિસ્સાઓમાં દર્દી તથા પરિવારજનો યાદશક્તિ ઓછી થવાથી જેટલા પરેશાન થાય છે એનાથી અનેકગણા વધારે પરેશાન વર્તણૂંક તથા માનસિક લક્ષણોથી થાય છે.

ડિમેન્સિયાના લક્ષણો વિશે આપણે આગળના લેખમાં ઊંડાણમાં જાણકારી મેળવી.

**માનસિક લક્ષણો :** (૧) ભ્રમ (Delusions), (૨) વહેમ આવવા, (૩) આભાસ થવો (શરીર પર જીવજંતુ ચાલે છે, મારી બાજુમાં માણસો બેઠા છે વગેરે), (૪) સ્વજનોને ન ઓળખવા, (૫) લાગણીશૂન્યતા.

**વર્તણૂંકને લગતા લક્ષણો :** (૬) બહાર ભટકવાનું વધી જાય છે. (૭) ઊંઘની પ્રક્રિયા બદલાઈ જાય છે. (૮) ચીડિયાપણું / ગુસ્સો વધી જાય છે. (૯) સાંજના ભાગમાં લક્ષણો વધારે, (૧૦) સ્મૃતિભ્રંશ / ભૂલકણાપણું – તાજેતરના વર્તમાન પ્રસંગો યાદ રહેતા નથી, વર્ષો પહેલાના પ્રસંગો ઊંડાણમાં યાદ રહે છે. (૧૧) અમુક ઘટનાઓ જ ભૂલાય છે. (૧૨) નામ / શબ્દો ભૂલી જવાય છે. યોગ્ય શબ્દો યોગ્ય સમયે યાદ આવતા નથી. (૧૩) જમી લીધું હોય છતાં કહે છે કે મને જમવા આપ્યું નથી. (૧૪) નિત્યક્રમ કરવામાં તકલીફ થાય છે.

- **ડિમેન્સિયા બીમારી વિશે ગેરસમજ :**

ડિમેન્સિયા - સ્મૃતિભ્રંશ બીમારી વિશે ઘણી બધી ગેરસમજ લોકોમાં, સમાજમાં છે. જેથી યોગ્ય નિદાન તથા યોગ્ય સારવારમાં અડચણો આવે છે, બાધા આવે છે. છેલ્લા ત્રણ દાયકામાં થયેલા સંશોધનોએ (એમ.આર.આઈ. સ્કેન, પેટ સ્કેન, ફંકશનલ એમ.આર.આઈ. સ્કેન વગેરે) ડિમેન્સિયાની બીમારીમાં બ્રેઈનમાં થતા ફેરફારો વિશે ઉપયોગી જાણકારી આપી છે.

આ લેખ દ્વારા ગેરસમજ દૂર કરી યોગ્ય વૈજ્ઞાનિક માહિતી મેળવીએ.

**ગેરસમજ-૧ :**

"મારા મમ્મીને (કેસ નં.-૧) જૂના પ્રસંગો બરોબર યાદ છે જ્યારે તાજેતરના પ્રસંગો યાદ નથી. મને જૂના પ્રસંગો યાદ નથી. મારા મમ્મી ઢોંગ કરે છે.

**મનોવૈજ્ઞાનિક સત્ય :**

ડિમેન્સિયાની બીમારીનું એક લક્ષણ છે કે તાજેતરના, વર્તમાન પ્રસંગો યાદ રહેતા નથી. જૂના વર્ષો પહેલાના પ્રસંગો ઊંડાણમાં યાદ રહે છે.

**યાદશક્તિ તથા બ્રેઇન :**

આપણે જ્યારે પ્રસંગો, ઘટનાઓ, વ્યક્તિઓને યાદ કરીએ છીએ ત્યારે મગજના (બ્રેઈનના) જ્ઞાનતંતુઓમાં ત્રણ પ્રક્રિયાઓ થાય છે.

૧. ઘટનાની નોંધ (Registration)
૨. કરેલ નોંધની જાળવણી (Retention)
૩. જાળવેલ નોંધ પાછી મેળવવી (Recall).

**કોઈપણ ઘરના પ્રસંગને યાદ કરવો હોય તો એ ઘટના પ્રસંગની બ્રેઇનમાં નોંધ કરેલી હોવી જરૂરી છે.** એ નોંધની જાળવણી કરવી જરૂરી છે તથા જાળવેલ નોંધને પાછી મેળવવા માટેની પ્રક્રિયા કરવી જરૂરી છે.

આ ત્રણેય પ્રક્રિયા માટે બ્રેઈનના જ્ઞાનતંતુઓની રચના, રસાયણો તથા કાર્યો નોર્મલ હોવા જરૂરી છે. આમાંની એક પણ પ્રક્રિયા વ્યવસ્થિત રીતે ન થાય તો એ ઘટના / પ્રસંગ વ્યક્તિને યાદ રહેતો નથી.

યાદશક્તિને કોમ્પ્યુટર સાથે સરખાવી શકાય. કોમ્પ્યુટરમાં પણ કોઈ માહિતી પાછી મેળવવી હોય તો ત્રણ પ્રક્રિયા જરૂરી છે :

૧. માહિતી ટાઈપ કરવી (Data entry)
૨. ટાઈપ કરેલી માહિતી સાચવવી (Entry Saved)
૩. સાચવેલી માહિતી પાછી મેળવવી (Retrieve).

ઉપરની ત્રણેય પ્રક્રિયામાંની એક પણ પ્રક્રિયા કોમ્પ્યુટરમાં યોગ્ય રીતે ન થઈ હોય તો માહિતી પાછી મળી શકતી નથી.

ડિમેન્સિયાની બીમારીમાં યાદશક્તિ (Memory)ના બીજા તબક્કામાં (નોંધ જાળવી રાખવામાં) તકલીફ હોય છે.

જ્ઞાનતંતુઓ ઘટી જતા હોવાથી ન્યુરોટ્રાન્સમિટરનું પ્રમાણ ઘટી જાય છે આથી ઘટનાની નોંધ લેવાયા પછી તે જાળવી શકાતી નથી. આથી તાજેતરની ઘટનાઓ (બીમારી શરૂ થયા પછીની) યાદ રહેતી નથી, ભૂલાઈ જવાય છે.

**જૂની ઘટનાઓ યાદ રહે છે કારણકે જે વખતે ઘટનાઓ બની હતી તે વખતે જ્ઞાનતંતુઓ નોર્મલ હતા.** ન્યુરોટ્રાન્સમિટરની માત્રા નોર્મલ હતી તથા ત્રણેય પ્રક્રિયાઓ યોગ્ય રીતે થઈ હતી.

કુટુંબીજનોએ આ વૈજ્ઞાનિક સત્ય સમજી પોતાની પ્રક્રિયામાં ફેરફાર કરવો અગત્યનું છે તથા સારવારનો એક હિસ્સો છે. દર્દી ઢોંગ કરતો નથી પરંતુ આ લક્ષણ એના કાબૂમાં નથી. પરિવારજનોએ સમજદારીપૂર્વક પોતાની વર્તણૂંકમાં ફેરફાર કરવો જોઈએ.

### ગેરસમજ-૨ :

કેટલું સમજાવ્યું છતાં પોતાના ખોટા વિચારો છોડતા નથી. (૧) શારીરિક રીતે બધું જ નોર્મલ છે છતાં કહ્યા કરે છે કે, 'શરીર પર જીવજંતુ ચાલે છે.' (૨) આજુબાજુમાં કોઈપણ નથી છતાં ફરિયાદ કરે છે કે લોકો મારી બાજુમાં બેઠા છે. (૩) 'વર્ષો પહેલા મૃત્યુ પામેલી વ્યક્તિઓ દેખાય છે. ઘણી વખત એમની જોડે વાતો કરે છે' એવું કહે છે.

### મનોવૈજ્ઞાનિક સત્ય :

ઉપરોક્ત ફરિયાદો ડિમેન્સિયાની બીમારીનાં લક્ષણો છે. ડિમેન્સિયાની બીમારીમાં (૧) બ્રેઈનના જ્ઞાનતંતુ ઓછા થાય છે. (૨) ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રા ઓછી થાય છે. જેથી બ્રેઈનમાં આવેલ મનના અવયવોના કાર્યોમાં ખલેલ પહોંચે છે. બ્રેઈનમાં આવેલ લિમ્બિક સિસ્ટમના અવયવો મનના કાર્યો (વિચારવાનું, બોલવાનું, વર્તણૂંક, યાદશક્તિ, લાગણીઓ વગેરે) કરે છે જે વ્યક્તિના કાબૂમાં હોય છે. ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રા ઓછી થવાથી આ કાર્યોમાં ખલેલ પહોંચે છે. જેને લીધે આભાસ થાય છે, વહેમ આવે છે. દર્દીને આ લક્ષણો સાચા જ લાગે છે.

પરિવારજનોએ સમજવું પડશે કે દર્દીને સમજાવવાથી કાંઈ થવાનું નથી. કારણ આ લક્ષણો દર્દીના કાબૂમાં નથી. બ્રેઈનમાં થતા ન્યુરોટ્રાન્સમિટર્સના ફેરફારોને લીધે આ લક્ષણો છે. દવાઓ દ્વારા જ આ લક્ષણો કાબૂમાં આવશે. **દર્દી આ લક્ષણો વ્યક્ત કરે ત્યારે વાતચીતનો વિષય બદલાવવો જરૂરી છે અને દર્દીને જે વિષયમાં પહેલા રસ હતો એ વિષય પર ચર્ચા કરવી જરૂરી છે.** આથી દર્દી ઉપરોક્ત લક્ષણો ભૂલી જઈ મનગમતા વિષય પર વાતચીત કરશે.

### ● સારાંશ :

ડિમેન્સિયાની બીમારીનું પ્રમાણ વધી રહ્યું છે. બીમારીના લક્ષણો વિશે જાણકારી મેળવવી જોઈએ. જેથી પરિવારજનો દર્દીની યોગ્ય સારવાર કરી શકે તથા ગેરસમજ દૂર થાય.

૬૫ વર્ષની ઉંમર બાદ વર્તન તથા માનસિક લક્ષણો હોય તો મનોચિકિત્સકની સલાહ લેવી જરૂરી છે. દર્દી ઢોંગ કે નાટક નથી કરતો પણ બીમાર છે. સહાનુભૂતિપૂર્વક પરિવારજનોએ યોગ્ય સારવાર કરવી જોઈએ.

*(ક્રમશઃ)*

---

## વાર્તા : સ્વાતંત્ર્ય દિન!

**(અનુસંધાન : પાના નં.-૧૩૬ ઉપરથી ચાલુ)**

'ચાલ્યા જાવ તમે, મને જરા પણ પરવા નથી.'

'જો જુલી, શાંતિથી વાત કર. ઇચ્છું તો સવારે તમને બંનેને ઘર છોડવાની નોટિસ આપી શકું તેમ છું. બોલ આપું?'

જુલી શાંત થઇ ગઇ. પરિમલ પિતા પાસે આવ્યો અને હાથ પકડી બોલ્યો, 'પપ્પા, સોરી. ગુસ્સે ન થાવ. શાંત રહો.'

'એ તું આ તારી વાઇસ પ્રેસિડેન્ટને કહે. પણ હા, કાલે સવારે જશું જ.'

પરિમલે વિનંતીઓ કરી. પણ રમણ ન માન્યો.

ભારતી શાંતિથી વાતો સાંભળતી હતી. તે બોલતી ન હતી. પણ છેલ્લે જુલી સામે જોઈ બોલી, 'બહેન, કાલે સવારે નાસ્તાની વ્યવસ્થા કરી લેજો. હું નથી કરવાની. મારે જવાની તૈયારી કરવાની છે. અને હા, જાવ, સૂઈ જાવ હવે. બહુ થાકી ગયા હશો તમે બંને.'

બંને પગ પછાડી અંદર ચાલ્યા ગયા.

ભારતી નબળા અવાજે બોલી, 'રમણ, તમે આ શું કર્યું? આવડો મોટો નિર્ણય?'

'તો શું કરું? તારું અપમાન થતું જોયા કરું?'

'જુલી તો નાદાન છે.'

'જરા પણ નાદાન નથી. પૂરી સ્વાર્થી છે. કાલે સવારે જઈએ જ છીએ.'

'તમે બપોરે ફોન કર્યો હતો વૃદ્ધાશ્રમમાં?'

'ના, એ ગપ્પું હતું. પણ મેં તો કહી જ દીધું છે કે ગમે ત્યારે આવશું. તેમને ખબર જ છે.'


'પણ તૈયારી?'

'તું સૂઈ ગઈ હતી ત્યારે મેં બે નાની બેગ તૈયાર કરી લીધી છે. આપણો વળી શું સામાન હોય? જરૂરી બધું લઈ લીધું છે. **બસ, હવે નવી જિંદગી. આજથી સ્વતંત્ર. રાગથી પણ મુક્તિ.** આરામથી જીવશું. તને નિરાંતે માંદા પડવાની છૂટ. મોજથી પડજે.' કહી રમણ ભારતીને વળગી પડ્યો. ભારતી પણ.

*ન્યુ મિન્ટ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૨૭૯૪૬*

ઇશારો

# પરિતોષ એન્જિનિઅર



ડૉ. સુધીર ચી. મોદી

લગભગ ૫૦ વર્ષની ફેમિલી ફિઝિશિયન તરીકેની પ્રેકટિસ દરમિયાન ઘણા કુટુંબો સાથે ઘરોબો થઈ જાય તે સ્વાભાવિક છે કારણકે તે કુટુંબોની ત્રણથી ચાર પેઢીઓના સભ્યોની સારવાર કરતો રહ્યો હોઉં. તેઓ બધા પણ મને તેમનો જ ગણે અને સર્વે વાતો કરે. તેમજ કુટુંબના દરેક સારા પ્રસંગમાં આગ્રહભર્યું આમંત્રણ પણ આપે.

યજ્ઞેશભાઈનું કુટુંબ ઘણા વર્ષોથી મારા દવાખાને સારવાર માટે આવે. તેમના બા, બાપુજીની પણ મેં સારવાર કરી હતી. તેઓની વધારે બીમારીમાં ઘણી વખત તેમના ઘરે વિઝિટે ગયો હતો. વર્ષોથી યજ્ઞેશભાઈનું કુટુંબ, તેમના નાના ભાઈનું કુટુંબ અને બહેનો દૂર રહેવા ગયા છતાં સારવાર માટે મારે ત્યાં આવે. આટલા વર્ષોના સંબંધને કારણે તેઓના સુખ-દુઃખની વાતો પણ કરે. દરેક વ્યક્તિને પોતાના મનનો ઉભરો ઠાલવવા માટે એકાદ એવી વ્યક્તિ કે સ્થળ જોઈતું હોય છે. ઘણી વખત તેમની વ્યથા કે મુશ્કેલીનો ઉપાય ના કરી શકતા હોઈએ, છતાં તેમની વાત શાંતિથી સાંભળીએ, તો તેમને ઘણી હળવાશ કે શાંતિ મળતી હોય છે.

યજ્ઞેશભાઈ, તેમના પત્ની સરલાબેન અને પુત્ર પરિતોષ. યજ્ઞેશભાઇ એકાઉન્ટ લખીને સંસાર ચલાવે. એટલે મધ્યમવર્ગના માનવી કહેવાય. તેમના પત્ની સરલાબેન કોઈ પ્રાથમિક શાળામાં શિક્ષિકા. બંને જણા એટલા સરળ સ્વભાવના અને નમ્ર કે ના પૂછો વાત. આવી વ્યક્તિઓને જોઈને થાય કે સમાજમાં શકુનિ, મંથરા કે માફિયા કે આતંકવાદી લોકો પણ હોય છે અને આવા સીધાસાદા સુદામા, લાલબહાદુર શાસ્ત્રી જેવા માનવો પણ હોય છે. તેમનો દીકરો પરિતોષ ભણીને એન્જિનિઅર થઈ ગયો. ડિગ્રી મળ્યા બાદ પરિતોષના મગજમાં એવું ભરાઈ ગયું કે સારા હોદ્દાની કે સરસ મોટા પગારની સર્વિસ મળે તો જ કરવી. ઓછા પગારની કે સામાન્ય નોકરી તો કરવી જ નહીં. આ કારણે ઘરે બેસી રહે કે ગમે તેમ ટાઈમ પસાર કરે. નસીબજોગે ખોટી સોબતમાં ફસાઈને કોઈ વ્યસને ના ચડી ગયો. યજ્ઞેશભાઈ અને સરલાબેન સમજાવીને થાક્યા પણ ના માન્યો. દીકરાને કામધંધા વગર ઘરે બેઠેલો જોઈ નિસાસા નાખે અથવા જીવ બાળે.

એક દિવસ યજ્ઞેશભાઈ મારી આગળ બોલ્યા કે જુઓને સુધીરભાઈ, મારો દીકરો પરિતોષ એન્જિનિઅર થઈ ગયાને ૧ વર્ષ થયું, પરંતુ હજી કોઈ સર્વિસ કરતો નથી અને ત્યારબાદ પરિતોષના મગજમાં શું છે તે જણાવ્યું. મેં કહ્યું, એક દિવસ એને મારી પાસે મોકલજો.

ચાર દિવસ બાદ પરિતોષ મારી કેબિનમાં આવીને બેઠો. મેં તેની સાથે તેના વાંચનના શોખની, ક્રિકેટની અને ફિલ્મની વાતો કરી. બાદમાં પૂછ્યું કે, પરિતોષ અત્યારે તું શું કરે છે? પરિતોષ બોલ્યો, સારા હોદ્દાની કે પગારની નોકરી ક્યાં મળે છે? તેની રાહ જોતો ઘરે જ છું. મેં કહ્યું, તને એન્જિનિઅર થઈ ગયાને તો વર્ષ થઈ ગયું. તું જ તેની ખુશીના પેંડા ખવડાવી ગયો હતો. તેણે હસતા હસતા હા કહી. ત્યારબાદ મેં પૂછ્યું કે ઇન્ફોસિસના ચેરમેન શ્રી નારાયણ મૂર્તિનું નામ સાંભળ્યું છે? પરિતોષ બોલ્યો, અરે, તે તો ખૂબ જ જાણીતી વ્યક્તિ છે અને તેમની ઇન્ફોસિસ કંપનીનું તો નામ છે.

મેં કહ્યું, તેઓ કર્ણાટકના નાના ટાઉનમાં ભણ્યા. સામાન્ય મધ્યમવર્ગના કુટુંબના. ડિગ્રી મળ્યા બાદ એક કંપનીમાં સર્વિસમાં જોડાયા. થોડા વર્ષો સર્વિસ કર્યા બાદ પોતાની કંપની શરૂ કરવાનું સાહસ કર્યું અને આગળ આવી ગયા. તેમણે ડિગ્રી મળ્યા બાદ પહેલા જ દિવસે મોટી અપેક્ષા ના રાખી, કે ઇન્ફોસિસ જેવી કંપની શરૂ ના કરી. **જિંદગીની શરૂઆત તો નાના પાયાથી જ શરૂ થાય. પછી ધીમે ધીમે એક પછી એક પગથિયું ચડતા જવાય.** તેવું જ આપણા ભૂતપૂર્વ વૈજ્ઞાનિક રાષ્ટ્રપતિ સ્વ. અબ્દુલ કલામનું વાંચ્યું હશે. શરૂઆતમાં તો સર્વિસમાં જોડાયા, ત્યારબાદ ધીમે ધીમે પોતાના બુધ્ધિબળ, જ્ઞાન અને પરિશ્રમથી આગળ વધતા ગયા.


પરિતોષ બોલ્યો, હા, વાત તો બિલકુલ સાચી છે. આ બધું મેં પણ વાંચ્યું છે.

મે કહ્યું, બસ ત્યારે, શરૂઆતમાં તો સર્વિસ લઈ જ લેવાની. પછી પોતાના બુધ્ધિબળ અને પરિશ્રમથી ધીમે ધીમે આગળ વધતા જવાનું. તેના મગજમાં વાત બેસી ગઈ.

બે મહિના બાદ યજ્ઞેશભાઈ હરખાતા આવ્યા અને બોલ્યા, સાહેબ, પરિતોષ એક કંપનીમાં સર્વિસે લાગી ગયો છે. હવે ઘરમાં શાંતિ અને આનંદ છે.

મેં જોયું કે સારા છોકરાઓને સહેજ ઇશારો કરતાં તેઓ પોતાની કારકિર્દી ઘડતરની મંજિલે આગળ વધી શકે છે.

*૩, સમૃધ્ધ કેપિટલ, આર્યવૃંદ ફ્લેટ પાસે,*
*પાણીની ટાંકીવાળો રોડ, સાયન્સ સિટી રોડ,*
*સોલા, અમદાવાદ-૩૮૦ ૦૬૦. મો. ૯૮૯૮૬ ૧૨૬૮૫*



ખુશ રહો!

# સ્માઇલ પ્લીઝ



જાગૃતિ તન્ના "જાનકી"

સ્માઇલ, એ ઈશ્વરે આપેલી કદાચ સૌથી અનોખી ભેટ છે કારણકે દરેક વ્યક્તિ સ્માઇલ કરી શકવા સમર્થ હોય છે. પછી તે નાનું બાળક હોય કે વૃદ્ધ, અંધ હોય કે અપંગ, મૂક હોય કે બધિર, અમીર હોય કે ગરીબ, મૂર્ખ હોય કે બુદ્ધિશાળી — ઈશ્વરે દરેકને આ ભેટથી નવાજીત કરેલા છે. પણ એ અનોખી ભેટનો સ્વીકાર સ્માઈલ કરવી કે નહીં, એ પાછું જે તે વ્યક્તિ પર આધારિત હોય છે.

**એટલે જ સ્માઇલ કદાચ દુનિયાનું સૌથી અનોખું કુદરતી અને માનવસર્જિત નેટવર્ક છે, જે લોકોને એકબીજા સાથે જોડે છે.**

સ્માઈલ, જે આપણે પરિચિત સામે પણ કરી શકીએ અને અપરિચિત સામે પણ.

જ્યારે આપણે ક્યાંક પણ દૂરથી આપણા કોઈ પરિચિતને જોઈએ અને વાતચીત કરવાનું શક્ય ના હોય તો આપણે સ્માઇલ કરતા હોઈએ છીએ. આમ, સ્માઇલ જાણે પરિચિત હોવાનું પ્રતીક હોય.

ઘણી વખત કોઈ પરિચિત વ્યક્તિ ક્યાંક સામે મળે અને આપણે તેની સામે સ્માઈલ કરીએ અને તે ના કરે તો ગુસ્સો સાતમા આસમાને પહોંચી જાય કે તેની સ્માઇલ કિંમતી છે તો શું મારી સ્માઇલ સસ્તી છે? હવે એ મળે એટલે જો હું પણ સ્માઇલ નહીં કરું. પણ એમાં એવું છે કે ભલેને આપણને એ વ્યક્તિ તરફથી સ્માઈલના બદલે સ્માઈલ ના મળી હોય, પણ પેલું કહેવાય છે ને કે **'જેવું આપો તેવું પામો.'** આપણે જેવું ફીલ કરતા હોઈએ કે જેવું વિચારતા હોઈએ એને લગતી લાગણીઓ અને વિચારોને આપણે આપણી તરફ આકર્ષિત કરતા હોઈએ છીએ. એટલે આપણે કરેલી સ્માઇલ વ્યર્થ તો ન જ જાય. તેના બદલામાં આપણે બ્રહ્માંડમાંથી બીજી અનેક સ્માઇલ માટેના કારણોને આકર્ષિત કરતા હોઈએ છીએ.

સ્માઈલનું કનેક્શન એવું છે જે ઘણી વખત પરિચિત કરતા અપરિચિત લોકો સાથે વધુ મજબૂત હોય છે. કદાચ દરેકના જીવનમાં એવા સંબંધો તો હોતા જ હશે, જે માત્ર નિર્દોષ સ્માઇલથી જોડાયેલા હોય. અમુક લોકો આમ અપરિચિત હોય પણ સ્માઇલથી પરિચિત હોય.

**સ્માઇલ, સ્મિત કે હાસ્ય — દરેક શબ્દ જોડાક્ષરવાળા અને કામ પણ લોકોને જોડવાનું કરે છે.** જેવું નામ એવા ગુણ એ વાત અહીં સાર્થક થતી લાગે.

આ સ્માઈલમાં પણ કેટલીક વિવિધતાઓ : નાની, મોટી, ઉદાસ, નિર્દોષ, ખડખડાટ, સ્વીટ, ક્યુટ, કીલર વગેરે વગેરે. દરેકને પોતાની અનોખી સ્માઈલ હોય છે. એમાં પણ કોઇ નાના બાળકની સ્માઈલની તો વાત જ જવા દો. **આખરે તો સ્માઇલ ગમે તે પ્રકારની હોય, સુંદર જ હોય કેમકે સ્માઇલ એ હકારાત્મકતાનું પ્રતીક છે. જો જીવનની દરેક પરિસ્થિતિનો સામનો સ્માઇલ સાથે કરીએ ને તો જિંદગી સોર્ટેડ છે બોસ! તો ખુશી હોય કે ગમ, સ્માઇલ કરતા રહો અને કરાવતા રહો.**

સામાન્ય રીતે એવું કહેવાય છે કે જે લોકો અંદરથી બહુ ઉદાસ રહેતા હોય ને, એ લોકો જ વધુ સ્માઈલ કરતા હોય અને બીજાને પણ હસાવતા હોય. જો આ વાત સાચી હોય, તો એ લોકો કદાચ સૌથી શ્રેષ્ઠ કામ કરી રહ્યા હોય છે. કેમકે એ લોકો પોતે ઉદાસ હોવા છતાં પોતાની ઉદાસીને બદલે લોકોને ખુશી આપતા હોય છે.

સ્માઈલ કિંમતી પણ છે અને ફ્રી પણ. કિંમતી એટલે કે તેની કોઇ કિંમત ન આંકી શકાય અને સસ્તી એટલે કે તે ફ્રી ઑફ છે. તમે ગમે તેટલી વાપરો તો પણ ખૂટે નહીં, ઉલટાની વધે જ.

આ રચના વાંચીને વાચકોના ચહેરા પર નાની અમથી સ્માઈલ પણ આવી હોય તો આ રચનાનું પ્રકાશન સાર્થક ગણાશે.

*માત્ર ફોટોગ્રાફ અને સેલ્ફીમાં જ નહીં,*
*પણ રીઅલ લાઈફમાં પણ... સ્માઈલ પ્લીઝ!*



*માધાપર શેરી નં.-૧, મોરબી-૩૬૩ ૬૪૧.*
*મો. ૯૯૭૪૨ ૧૫૦૪૦*
*E-mail : jagrutitanna15@gmail.com*

## નવા વર્ષની પ્રાર્થના

*હે પ્રભુ!*
મારી સર્વ વાતો તારો જાપ બની રહો
મારા અંગોના સર્વ હલનચલન
તારી પૂજાની મુદ્રા બની રહો.
મારું હરવું ફરવું તારી પ્રદક્ષિણા બની રહો
હું જે ખાઉં તે તારી આહૂતિ બની રહો
હું સૂઈ જાઉં તે તને કરેલા પ્રણામ બની રહો
મારું સકળ સુખ તને અર્પણ કરેલું
સમર્પણ બની રહો.
અને હું જે કાંઈ કરું,
તે તારી પૂજા બની રહો.

*ગુલાબચંદ ધારશી રાંભિયા - અમદાવાદ*

વાર્તા

# સ્વાતંત્ર્ય દિન!



હરેશ ધોળકિયા

રમણ સોફા પર નીચું મોં કરી બેઠો હતો. પાસે ભારતી પણ નીચું મોં કરી બેઠી હતી. બંનેના ચહેરા ઉદાસીન હતા. ભારતીની આંખો ભીની હતી. તેણે માથા પર પાટો બાંધ્યો હતો. બાકીનો આખો ડ્રોઈંગ રૂમ ખાલી હતો. વાતાવરણમાં સંપૂર્ણ શાંતિ હતી. કેવળ ઘડિયાળનો ટક ટક અવાજ આવતો હતો. પશ્ચિમની બારીમાંથી સૂરજનો પ્રકાશ આવતો હતો. બપોર ઢળતી હતી. બંને ચૂપચાપ બેઠા હતા.

અચાનક રમણ બોલ્યો, 'ભારતી, રડે છે શા માટે?'

ભારતી બોલી, 'હવે તો હદ થાય છે, રમણ.'

'બરાબર છે, પણ તેમાં રડવાની જરૂર નથી. તેનો ઉપાય શોધવો રહ્યો.'

'પણ આજે જુલીએ જે વર્તન કર્યું તે યોગ્ય તો ન જ હતું.'

'યોગ્ય જ નહીં, ક્ષમાને પાત્ર પણ ન હતું.'

રમણને વહેલી સવારનો પ્રસંગ યાદ આવી ગયો.

સવારે સાડા પાંચ વાગ્યા હતા. રમણ જાગતો હતો. રાત્રે ભારતીને થોડો તાવ આવી ગયો હતો. શરદ ઋતુ હતી એટલે તેની તબિયત નરમ ગરમ રહેતી હતી. પણ ગઈકાલે રાતે થોડી વધારે તબિયત નરમ થઈ ગઈ હતી. દવા લઈ ભારતી સૂતી હતી છતાં રાતે તેને અસુખ થયું. એટલે તેણે રમણને ઉઠાડેલ. રમણે તેના કપાળ પર પાણીના પોતા મૂકેલ. તેથી થોડી હળવાશ થઇ હતી. છતાં તેને અશક્તિ તો હતી જ. માથું પણ દુઃખતું હતું. તે થોડી કણસતી હતી. રમણ તેની પાસે બેઠો હતો.

છ વાગ્યા એટલે જુલીએ દરવાજા પર ટકોરા માર્યા. રમણ ઊભો થયો અને દરવાજો ખોલ્યો. જુલી અંદર આવી.

'પપ્પા, મમ્મી હજી ઉઠ્યા નથી?' તેણે પૂછ્યું.

'જુલી બેટા, આજે મમ્મીની તબિયત જરા વધારે સારી નથી તેથી સૂતા છે. આખી રાત તાવ હતો.'

'પણ પપ્પા, ટિફીન તૈયાર કરવાનું છે. હમણાં બે છોકરા જાગશે અને તૈયાર થઈ જશે. મારે પણ સાડા સાતે જવાનું છે. મારું પણ ટિફિન તૈયાર કરવાનું છે.'

'જુલી, આજે તારે જ તૈયાર કરવું પડશે. ભારતી તો ઊભી પણ નહીં થઈ શકે.'

જુલીનો અવાજ ઊંચો થઈ ગયો. 'અરે, એ તો કેમ ચાલે? આ બધી વ્યવસ્થા કોણ કરશે? મમ્મીને કહો કે અડધોએક કલાક ઊભા થાય અને આ બધું કરી આપે.' કહી તે ચાલી ગઈ.

રમણે નિઃશ્વાસ નાખ્યો. તે ફરી શેટી પાસે ગયો અને ભારતી પાસે બેઠો. ભારતીની આંખમાં બે ટીપા દેખાતા હતા.

રમણે ભારતીનાં કપાળ પર હાથ ફેરવ્યો અને બોલ્યો, 'ભારતી, આજે તારે ઊભા નથી થવાનું. આજે ભલે જુલી કામ કરે.'

ભારતીને તો બોલવાના પણ હોશ ન હતા. તે ચૂપ રહી. અડધો કલાક નીકળી ગયો.

ફરી જુલી આવી. તેણે ભારતીને સૂતેલી જોઈ. તે તો ગરમ થઇ ગઇ. પાસે જઇ તેનો હાથ પકડી તેને હલાવી અને બોલી, 'મમ્મી, ઊભા થાવ, મોડું થાય છે. છોકરાં તૈયાર થાય છે. હમણાં તૈયાર થઈ જશે. તેમને ટિફિન આપવું પડશે. આમ સૂતા રહેશો તો નહીં ચાલે.'

રમણ હળવેથી બોલ્યો, 'જુલી, તે ઊભી થઈ શકે તેમ જ નથી. તેને તાવ છે.'

'પણ તો આ તૈયારી કોણ કરશે?'

'આજે તો તારે જ કરવી પડશે. નહીં તો રાહ જો. સાત વાગે કામવાળી આવશે, તે કરી આપશે.'

'પપ્પા, એ ન ચાલે. તો તો છોકરાંઓને સ્કૂલમાં મોડું થઈ જાય અને મારાથી ન થઈ શકે. મારે પણ તૈયાર થવું છે. મને એક કલાક જોઈશે.'

'હા, પણ ભારતી તો નહીં કરી શકે.'

જુલી પગ પછાડતી ચાલી ગઈ. થોડીવારે પરિમલને તેડીને આવી. તેને કહે, 'જો પરિમલ, મમ્મી ઉઠતા નથી. કામ કોણ કરશે?'

પરિમલે પિતા સામે જોયું. રમણ બોલ્યો, 'પરિમલ, આજે તારી મમ્મીને આખી રાત તાવ આવ્યો છે. હજી ઉતર્યો નથી, હળવો થયો છે. તે ઊભી થવા શક્તિમાન જ નથી.'

પરિમલે જુલી સામે જોયું. જુલી બોલી, 'પણ તો પછી આ બધા કામ કોણ કરશે? બધું મોડું થઈ જશે.'

પરિમલે હળવેથી જુલીને કહ્યું, 'પણ જુલી, મમ્મી માંદી છે.'

'હા, પણ હળવે હળવે કામ કરશે તો વાંધો નહીં આવે.'

પરિમલે પિતા સામે જોયું. રમણે નકારમાં મસ્તક હલાવ્યું.

પરિમલે પિતાને કહ્યું, 'પપ્પા, મમ્મીને મદદ કરો અને ઉઠાડો અને કામ કરવામાં પણ મદદ કરો.'

રમણને ગુસ્સો ચડ્યો. તે બોલ્યો, 'પરિમલ, મમ્મી ઊભી થઈ શકે તેમ જ નથી. સમજતો કેમ નથી?'

જુલી બોલી, 'પપ્પા, ઊંચા અવાજે વાત ન કરો. કંઈ કરો અને મમ્મી કામ કરી શકે તેમ કરો.'

રમણે દૃઢ અવાજે કહ્યું, 'શક્ય જ નથી. આજે તો તે કામ નહીં જ કરી શકે. તમારે જ વ્યવસ્થા કરવી પડશે. કાં તું બનાવી લે અથવા બાળકો ભલે મોડા જાય અથવા ન જાય.'

પરિમલે ઊંચા અવાજે કહ્યું, 'પપ્પા, કેવી વાત કરો છો? જુલીને તૈયાર થતાં એક કલાક લાગે છે. રસોઇ કરવા જાય તો તૈયાર ક્યારે થાય? અને તૈયાર થઇ રસોઈ કરે તો તેનો મેકઅપ બગડી જાય અને છોકરા મોડા કેમ જઈ શકે? હમણાં જ તેમની બસ તેડવા આવશે.'

'હા, પણ જે કરો તે, મમ્મી તો નહીં કરી શકે.'

જુલી રડવા જેવા અવાજે બોલી, 'પરિમલ, મમ્મી આમ માંદા કાં પડે છે? તેને ખબર નથી કે આપણો કાર્યક્રમ બગડી જાય છે?'

પરિમલ બોલ્યો, 'કાલે દવા કાં ન લીધી?'

રમણે જવાબ આપ્યો, 'તાવ મોડી રાતે આવ્યો અને દવા તો રોજ લે જ છે. ઋતુના કારણે તાવ આવી ગયો છે. હવે તેની ઉંમર છે. ક્યારેક આવું થઈ જાય.'

જુલી બોલી, 'ક્યારેક આવું ન ચાલે. તે માંદા પડે તો બધું શેડ્યુઅલ તૂટી પડે તે કેમ નથી સમજતા?'

રમણ મૂંગો રહ્યો.

પરિમલે તેની સામે જોયું.

જુલી ઉશ્કેરાટમાં બોલી, 'આમ તો ન ચાલે. આપણે તેમને રાખીએ છીએ તેના બદલે તેમણે આપણી વ્યવસ્થા જાળવવી જોઈએ.'

**રમણ ચમક્યો. "રાખીએ છીએ" — શબ્દ તેને કઠ્યો. તેણે પરિમલ સામે જોયું. પરિમલ નીચું જોઈ ગયો.**

જુલી પગ પછાડી ચાલી ગઈ. પરિમલ પાછળ ગયો.

રમણે ઊભા થઈ બારણું બંધ કર્યું.

પાસે આવીને જોયું તો ભારતીની આંખમાંથી આંસુ વહેતા હતા.

રમણે તેના મસ્તક પર હાથ ફેરવી કહ્યું, 'તું તો જુલીનો સ્વભાવ જાણે છે. માઠું લગાડવાની જરૂર નથી.'

ત્યારે તો વાત પૂરી થઈ. જુલ્લી ગુસ્સામાં રહી. વારંવાર આવી ભારતીને સંભળાવી જતી હતી. તે બે માટે ચા પણ ન કરી આપી. તેનો સમય થયો ત્યારે પગ પછાડતી ચાલી ગઈ. છેક આઠ વાગે કામવાળી આવી ત્યારે રમણે તેને બે કપ ચા કરવા કહ્યું. ત્યારે તેમને ચા મળી.

આ બધું યાદ આવી ગયું. તેની જીભ કડવી થઈ ગઈ.

★

પરિમલ રમણનો એકનો એક દીકરો. આઈ.ટી. એક્સપર્ટ હતો. ખૂબ સારી કંપનીમાં નોકરી કરતો હતો. પુષ્કળ પગાર હતો. કંપનીમાં જ નોકરી કરતી જુલીને પરણ્યો હતો. રમણ-ભારતીને માત્ર જાણ જ કરી હતી. બંનેએ સ્વીકારી લીધું હતું.

જુલી તો અભિમાની હતી. કામ કરવા ટેવાયેલ ન હતી. નોકરી કરવી અને ફુરસદના સમયમાં શણગારવું અને મોબાઈલ જોયા કરવો એ જ તેની પ્રવૃત્તિ અને ભણેલાં ગણેલાં હોવા છતાં મજાની વાત એ કે ત્રણ વર્ષમાં તેમને બે બાળકો થઈ ગયા હતા.

જુલીએ આવતાવેંત જ કહી દીધું હતું કે તે ઘરનું કામ નહીં કરે. આમ તો કામવાળી રાખી હતી, પણ બાળકોને ઘરનું ખાવાનું મળે તે માટે ભારતીએ જ રસોઈ કરવી એવો જુલીએ આગ્રહ રાખ્યો હતો. રમણે રસોયો રાખવાનું સૂચન કરેલ, પણ જુલીએ જવાબ આપેલ કે, 'મમ્મી આખો દિવસ નવરા બેઠા હોય છે. તો રસોઈ કરે તો શું ખોટું? મારી જેમ કામ કરતા હોત તો ઠીક છે. નવરા હોય તો રસોઈ કરવી. પૈસા વધારાના નથી.'

'પણ બેટા, પૈસા હું મારા પેન્શનમાંથી આપીશ.' રમણે કહેલ.

'ના, નથી આપવા. મમ્મીએ જ રસોઈ કરવી.'

અને માત્ર રસોઈ જ નહીં, બે ઉછરતાં બાળકોને પણ ભારતીને સંભાળવા પડતા. જુલી તો સવારે આઠ વાગે ચાલી જાય. છેક બપોરે ચાર પછી આવે. આવી, 'થાકી ગઈ છું' કહી સૂઈ જાય — છ વાગ્યા સુધી. એટલે ભારતીને સવારે છોકરાં ઉઠાડવાથી કામ શરૂ કરવું પડતું. તે ઉઠાડતી, તૈયાર કરતી. તે દરમિયાન તેમના માટે ટિફિન તૈયાર કરતી. તે જાય એટલે જુલીનું ટિફિન તૈયાર કરે. બપોરે બે વાગે બાળકો પાછા આવે ત્યારે તેમને પાસે બેસી જમાડે. પછી સુવાડી દે. રાતની રસોઈ પણ તે જ કરે. માંડ અગિયાર વાગે નવરી થાય. થાકી જાય, પણ કામ તો રહે જ. બોલી ન શકે.

રમણના મિત્રો આ જોતા. તે કહેતા, 'ભારતી ભાભી, અલગ રહો ને, પરિમલને સ્વતંત્ર કરી દો.'

ભારતી કહેતી, 'અરે, પણ પરિમલ અમારો એકનો એક દીકરો છે. તેનાથી જુદા કેમ થવાય? અને એકવાર ઘર છોડીએ તો પછી ઘરમાં પગ ન રહે. પછી આવવું પણ તકલીફ પડે. ના, મારા એકના એક દીકરાથી હું જુદી થવા માંગતી નથી. આવી સલાહ મને ન આપવી.'

'પણ....'

'મને ખબર છે કે હું થાકી જાઉં છું. જુલી ક્યારેક બરાબર નથી વર્તતી. એ તો ચાલે. તેથી કંઈ દીકરાને ન છોડાય. તેને મારા પર ખૂબ પ્રેમ છે.'

'પણ તે પણ તેની પત્નીને કંઈ નથી કહેતો. તમને આરામ આપવા પણ નથી કહેતો. રસોયો પણ નથી રાખતો.'

'વાંધો નહીં. મારામાં તાકાત છે ત્યાં સુધી કામ કરીશ. પછી

જોયું જશે.'

બધા ખૂબ સમજાવતા, પણ ભારતી ન માનતી. તેને પરિમલ પ્રત્યે ખૂબ રાગ હતો. તેને છોડવા માંગતી ન હતી. તેને પૌત્રો પર પણ પ્રેમ હતો. અલબત્ત, છોકરાઓને સમય જ ન હતો. તેઓ પોતામાં મસ્ત રહેતા. માત્ર જમવા સમયે સાથે બેસતા પણ વાતચીત બહુ ઓછી કરતા. જુલીએ તેમને ભળવાની મનાઈ કરી હતી. **ક્યારેક જુલી તોછડાઈથી પણ વાત કરતી. રમણને પણ ન ગમતું. પણ તે બોલી ન શકતો.** તેને પણ ઓછી ઉપાધિ ન હતી. સવારે છોકરાઓને તૈયાર કરવામાં મદદ કરવી પડતી. તે માટે બંનેએ પાંચ વાગે જાગી જવું પડતું. પહેલા ભારતી તૈયાર કરતી, પછી રમણ તેમના દફતર ગોઠવી આપતો. બપોરે આવે પછી બંનેને તે લેસન કરાવતો. ન માને તો સમજાવવું પડતું. ક્યારેક તો લેસન પણ કરી દેવું પડતું. સાંજે તેમને બાગમાં ફરવા લઈ જવા પડતા. તે પણ રાત્રે થાકી જતો. પણ પુત્રપ્રેમ તેને પણ નડતો હતો. બંને ચૂપચાપ સહન કરતા હતા.

આ કારણે તેઓ નિવૃત્ત અને મુક્ત હોવા છતાં ક્યાંય જઈ શકતા ન હતા. રમણને કાર્યક્રમોમાં જવાનો શોખ હતો. તેણે વિચારેલ કે નિવૃત્તિ લઈ વિવિધ કાર્યક્રમોમાં ભાગ લેશે. ભારત ફરવાની પણ ઈચ્છા હતી. કુટુંબીજનોને પણ મળવા જવાની ઈચ્છા થતી. પણ બાળકોનું ધ્યાન રાખવામાં અને ઘરનું કામ કરવામાં સમય જ મળતો ન હતો. બહાર જવાની વાત કરે તો પરિમલ અને જુલી કહેતા કે તેઓ જશે તો છોકરાનું ધ્યાન કોણ રાખશે? તેમણે નથી જવાનું. ખબર નહીં, રમણ – ભારતી બોલી ન શકતા. **પુત્ર રાગ હતો કે લાચારી, તેઓ પણ સમજી શકતા ન હતા.**

સમય જતાં જુલીની દાદાગીરી વધતી જતી હતી. ભારતીની ઉંમર વધતી જતી હોવા છતાં અને હવે તે થાકતી હતી છતાં જુલી તેમના પર દબાણ કરતી અને કામ કરાવતી. ક્યારેક કડક પણ થઈ જતી. ભારતીને જરા પણ ન ગમતું. ક્યારેક બંને એકલા હોય ત્યારે રમણ કહેતો, 'ભારતી, ચાલને આપણે ક્યાંક ફરવા ચાલ્યા જઈએ.'

ભારતી કહેતી, 'પણ બાળકોનું શું? જુલી જવા દેશે?'

'પણ આપણી જિંદગી પૂરી થવા આવી છે.'

'વાત સાચી છે. પણ પરિમલ-જુલીને તકલીફ તો પડવા દેવી ન જોઈએને!'

'એમ વિચારીશ તો તો ક્યારે ક્યાંય નહીં જવાય.'

'મને પણ એ જ વિચાર આવે છે, પણ...'

અને વાત અટકી પડતી.

અરે, ક્યારેક કોઈ કાર્યક્રમમાં કે જ્ઞાતિના કાર્યક્રમમાં જતા અને થોડું મોડું થતું તો જુલી રાડારાડ કરી નાખતી. ભારતીને ધમકાવી નાખતી. રમણને આ જરા પણ ન ગમતું. તે કશુંક કહેવા જતો, પણ ભારતી ઈશારાથી અટકાવી દેતી.

પણ હવે તો ઉંમર વધતી હતી. થાક વધતો હતો. ભારતીને બે પગમાં પણ દુઃખાવો વધતો હતો. માંડ ચાલી શકતી હતી. દવા કરતી હતી, પણ ઉંમરને ટાળી શકે તેમ ન હતી. પણ જુલી કશું સમજતી જ ન હતી અને પરિમલ પણ મા-બાપ પ્રત્યે ઉદાસીન રહેતો હતો. તે પણ માત્ર રવિવારે ઘરે હોય. ત્યારે દિવસનો મોટો ભાગ સૂતો રહે. જાગતો હોય તો કાં તો મોબાઈલ જોયા કરે અથવા ટી.વી. જોયા કરે અથવા પતિ, પત્ની અને બાળકો બહાર ફરવા ચાલ્યા જાય. ત્યારે પણ સૂચના આપતા જાય કે તેઓ ગમે ત્યારે આવશે. **માતા-પિતા પાસે બેસવાનો તેને વિચાર જ ન આવતો. ક્યારેક તે નવરો બેઠો મોબાઈલ જોયા કરતો હોય** અને રમણ પાસે આવીને બેસે અને વાતો કરવા પ્રયત્ન કરે, તો તે હુંકાર કર્યા કરે. કોઈ ખાસ લાંબી વાત ન કરે. રમણ ભારતીની તકલીફોની વાત કરવા જાય તો કહે, 'પપ્પા, તમે નવરા છો. મમ્મીને કોઈ સારા ડોક્ટર પાસે લઇ જાવને. તમે તો જાણો છો કે મને તો એક મિનિટની પણ ફુરસદ નથી. એટલે મારી પાસે વાત કરવાનો શો અર્થ છે?'

'પણ બેટા,' રમણ કહેતો, 'તારે પણ મમ્મી સાથે ડોક્ટર પાસે ચાલવું જોઈએ. મમ્મીને ગમશે. તે તારી કંપની ઇચ્છે છે.'

'સાચી વાત છે, પણ મને સમય ક્યાં છે?'

'ક્યારેક એકાદ દિવસની રજા લઇ લે.'

'પપ્પા, ઑફિસમાં એટલું ભયંકર કામ રહે છે કે શ્વાસ લેવાની પણ ફુરસદ નથી મળતી. આખો દિવસ દોડાદોડ હોય છે. ભયંકર થાકી જવાય છે. માંડ રવિવારે આરામ મળે છે. ત્યારે તમે આ બધી વ્યર્થ વાતો કરી મારા આરામનો સમય બગાડો છો.'

રમણ તો દીકરા સામે જોઈ રહેતો. તેને થતું કે શું તેણે દીકરાને આવી તાલીમ આપી છે? પરિમલ નાનો હતો અને જરા પણ માંદો પડતો, તો રમણ હાંફળો ફાંફળો થઈ જતો અને અનેક ડૉક્ટરોને બતાવતો. સાજો થાય ત્યાં સુધી રજા લઈ લેતો અને તેની પાસે જ બેસતો. રજા ન લે તો પરિમલ કકળાટ કરી નાખતો કે, 'પપ્પા, તમે મારી પાસે બેસતા નથી.' અને આજે તેને બાપ કે મા પાસે બેસવાનો સમય નથી. બોલો! રાતે પણ નવ વાગે બેડરૂમમાં ઘૂસી જાય. બંને અગિયાર સુધી વાતો કરતા હોય. બાળકો સાથે ધમાચકડી કરતા હોય, પણ નવ વાગે રમણ કે ભારતી કંઈ કહેવા જાય તો કહે – મમ્મી, પપ્પા, હું ભયાનક થાકી ગયો છું. ખૂબ ઊંઘ આવે છે. મને સૂઈ જવા દો. રવિવારે વાતો કરશું અને રવિવારે વાત કરો તો કહે – આરામ કરવા દો!

રમણ ઊભો થઈ ચાલ્યો જતો.

પણ હવે હદ થતી હતી. માંદી ભારતીએ પણ કામ તો કરવું જ જોઈએ એવો જુલીનો હઠાગ્રહ રમણને અકળાવતો હતો. આ ચલાવવું જોઈએ કે કેમ તેનો તે વિચાર કરતો હતો.

સાડા છ વાગે જુલી ઓફિસમાંથી આવી. જોયું તો સોફા પર રમણ અને ભારતી બેઠા હતા. ભારતીના માથા પર પાટો બાંધ્યો હતો. તેનું માથું સખત દુઃખતું હતું. તેથી લંબાઇને બેઠી હતી. પાસે રમણ બેઠો હતો.

જુલી ભારતી પાસે આવી. બોલી, 'મમ્મી, તબિયત બરાબર

થઈ ગઈ?'

રમણે જવાબ આપ્યો, 'ના, તેને સખત માથું દુઃખે છે.'

'છોકરા શાળાએથી પાછા આવ્યા ત્યારે નાસ્તો આપ્યો હતો ને?'

'કામવાળીને કહી દીધું હતું. તેણે આપી દીધો હશે.'

જુલીનો અવાજ ખૂબ ઊંચો થઈ ગયો. 'આપી દીધો હશે? એનો અર્થ શું? તમે નહોતો આપ્યો? તમને ખબર છે કે કામવાળી છોકરાને ખવડાવે તે મને જરા પણ પસંદ નથી. તમારે જ નાસ્તો આપવાનો હોય.'

'હા, પણ તબિયત બરાબર ન હોય તો શું કરવું?' રમણે જવાબ આપ્યો.

'જરા તરા ઊભા થવાથી કંઈ થઈ ન જાય.'

'પણ તે ઊભી જ નથી થઈ શકતી.'

'તો તમારે મદદ કરવી. પણ નાસ્તો તો તેમણે જ આપવાનો.'

રમણ ચૂપ થઈ ગયો. જુલી પગ પછાડતી અંદર ચાલી ગઈ.

રાતે પરિમલ ઘેર આવ્યો. બધા મૌનથી જમ્યા. ભારતી ન જમી. સૂતી રહી. પછી બધા બહાર સોફા પર બેઠા. જુલીએ પરિમલને કહ્યું, 'પરિમલ, જોને મમ્મી કામ નથી કરતા.'

પરિમલે જુલી સામે જોયું.

'આજે તેમણે છોકરાઓને નાસ્તો ન આપ્યો. કામવાળીના હાથે ખાવો પડ્યો.'

પરિમલે પિતા સામે જોયું.

રમણે જવાબ આપ્યો, 'તને તો ખબર છે કે કાલ રાતથી તારી મા માંદી છે. માથું સખત દુઃખે છે.'

જુલી બોલી, 'પણ માથું દુઃખે તેથી કંઈ સૂઈ ન રહેવાય. ઊભા થઈ શકાય.'

'પણ તેનામાં શક્તિ જ નથી.'

પરિમલ બોલ્યો, 'પણ પપ્પા, તમારે તેને મદદ કરવી જોઈએ.'

રમણ મૂંગો રહ્યો.

જુલી બોલી, 'મમ્મી કામ ન કરે તે ન ચાલે.'

પરિમલે માથું હલાવ્યું.

જુલી બોલી, 'બેઠે બેઠે ખાવું શોભા નથી દેતું. કામ તો કરવું પડે.'

રમણે ઠંડકથી જવાબ આપ્યો, 'કાલથી નહીં ખાઉં, બસ?'

પરિમલે ચમકીને પિતા સામે જોયું. ભારતીએ પણ હળવેથી મસ્તક ઊંચું કરી પ્રશ્નાર્થ નજરે પતિ સામે જોયું.

'એટલે?' જુલી બોલી.

'કાલથી તમે જ આ ઘરમાં રહેજો.'

'તો તમે ક્યાં જશો?'

'વૃદ્ધાશ્રમમાં.'

પરિમલ ઊભો થઈ ગયો. બોલ્યો, 'શું બોલ્યા?'

જુલી પણ ઊભી થઈ ગઈ.

'હા, પરિમલ કાલથી અમે વૃદ્ધાશ્રમમાં રહેવા જઈએ છીએ.'

'પણ શા માટે?'

'ભારતી કામ નહીં કરે તો જુલી ચલાવી નહીં લે અને તેને લાગશે કે તે મફતનું ખાય છે. ટોણા મારશે. તે સાંભળવાની હવે તૈયારી નથી.'

'પણ પપ્પા...?'

'જો બેટા, હવે પાણી ઉપરથી જાય છે. જુલીને કંઈ કહેતા નથી એટલે તે ગમે તેમ બડબડ કર્યા કરે છે, તે ન ચાલે.'

જુલી ઉછળી અને બોલી, 'હું બડબડ કરું છું?'

'હા.'

'તમે કોની સાથે વાત કરો છો તેની તમને ખબર છે?'

'હા, મારા દીકરાની વહુ સાથે.'

'હું કંપનીની વાઈસ પ્રેસિડેન્ટ છું તે ખબર છે?'

'કંપનીમાં. અહીં પુત્રવધૂ છો.'

'આ હું તો નહીં જ ચલાવું.'

'એટલે જ કાલે ઘર છોડીએ છીએ.'

પરિમલ મૂંઝાઈ ગયો. 'પપ્પા....'

રમણ બોલ્યો, 'જો પરિમલ, આમ તો આ ઘર મારા નામ પર છે. તું મારા ઘરમાં રહે છે. તારો આ ઘર પર જરા પણ અધિકાર નથી. ધારું તો તને ઘરમાંથી કાઢી શકું છું. પણ મારી એ ઈચ્છા નથી. હું જ ચાલ્યો જાઉં છું. મારું જીવન હવે થોડું છે. મેં ઘણા સમયથી વૃદ્ધાશ્રમમાં નામ તો નોંધાવી દીધું છે. મને એમ હતું કે જવું નહીં પડે. તમારા પ્રેમ વચ્ચે રહીશ. પણ તમને તો પ્રેમ કરવાની ફુરસદ નથી. જુલીની તો ઈચ્છા પણ નથી. તું તેને વશ છો. તમને બંનેને ઑફિસનું પદ માથે ચડી ગયું છે. **તેમાં અમે મા-બાપના બદલે કામવાળા દેખાઈએ છીએ. આ તારી વાઈસ પ્રેસિડેન્ટ પત્ની ભારતીને કામવાળી માને છે. ગમે તેમ ધમકાવે છે.** ભારતી પ્રેમ ખાતર ગમે તે કામ કરવા તૈયાર છે, પણ ધમકીથી કામ નહીં કરે. બહુ સહન કર્યું, હવે ઈચ્છા નથી. કાલે સવારે અમે અમારો સામાન લઈને ચાલ્યા જઈશું. બપોરે મેં વૃધ્ધાશ્રમમાં ફોન કરી લીધો છે. તેમણે આવવાની રજા આપી દીધી છે.'

પરિમલ હવે વધારે મૂંઝાયો. બોલ્યો, 'પપ્પા, જુલી કંઈ કહે તેથી કંઈ ઘર ન છોડાય.'

'જુલીને સાસુને કહેવાનો અધિકાર છે ખરો?'

'પપ્પા, જુલી પણ કામથી થાકી જાય છે અને અકળાય છે. તેથી ક્યારેક ગુસ્સે થઇ જાય છે.'

'રોજને તું ક્યારેક કહે છે? અને તેની ભાષા? મજૂરને શોભે તેવી ભાષા છે. ઓફિસમાં પણ આવી જ ભાષા બોલે છે?'

જુલી ગુસ્સાથી ધ્રૂજતી હતી. 'તમે મારી નિંદા કરો છો.'

'ના, વાઈસ પ્રેસિડેન્ટની સાથે વાત કરીએ છીએ. જુલી સાથે વાત નથી કરતા.'

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૩૦ ઉપર)**

# કચ્છી બોલીની ઉપબોલીઓ

'બોલી વિજ્ઞાન'માં કચ્છી બોલીને પ્રાદેશિક બોલીમાં વર્ગીકૃત કરવામાં આવે છે. સામાન્ય રીતે દરેક ભાષાને સમાજના ભૌગોલિક અને સામાજિક જુથ વચ્ચે ગાઢ સંબંધ હોય છે. આથી જે તે ભાષા સમાજના જુથો વચ્ચે વાગ્ વ્યવહારની માત્રાની રેખાઓ ઓછી હોય છે, ખાલી વ્યવહારની માત્રાની રેખાઓ જે તે ભાષા સમાજની બોલીભેદની સંભવિત સીમા બની જાય છે. આમ તો, ભાષા સમાજના પેટાળમાં જ બોલીભેદ ગોઠવાયેલો હોય છે. જુદા જુદા ભૌગોલિક અને સામાજિક સ્તરના બોલીભેદો અલગ અલગ વિસ્તારના ભાષા સમાજના હોવાથી ભાષામાં જુદા જુદા સ્વરૂપે શ્રેષ્ઠતા જોવા મળે છે કારણકે ભાષાનું ધારકબળ તો સમાજ છે. જેના આધારે દરેક ભાષા સમાજની પોતાની બોલીના વિકાસનું મંડાણ થતું હોય છે. એટલું જ નહીં, પણ દરેક વિસ્તારની બોલીના સ્થળ પરિમાણોના પ્રભેદો ભાષા ભેદને એક વિસ્તારની ભાષા બોલીની સીમાથી બીજા વિસ્તારની બોલીની સીમા સુધી લઈ જાય છે. આ સાતત્યપૂર્ણ પ્રક્રિયા અપ્રત્યક્ષ ધીમી ગતિએ અને નિરંતર થતી પ્રક્રિયા બે અલગ અલગ સીમા પર બોલાતી બોલી (between the dialect or within the dialect)માં થતા પરિવર્તન અને બોલીના બદલતા વલણને જે તે વિસ્તાર કે પ્રદેશના 'લેબલ', 'ઓળખ' (Label identity) આપી બોલીને અલગ દર્શાવવામાં આવે છે, જેને ઉપબોલી કે Speech variety તરીકે ઓળખાવવામાં આવે છે.

ગુજરાતના કચ્છ પ્રદેશમાં બોલાતી કચ્છી બોલીમાં ભેદકતા ભૌગોલિક પરિસ્થિતિ અને સીમા પર સમભાષાંશ સીમારેખાની અરસપરસ બોલાતી અસરને કારણે કચ્છી બોલી કરતાં પૂર્વ કચ્છના સરહદી વિસ્તારમાં બોલાતી બોલી ઉત્તર સરહદમાં બોલાતી કચ્છી અને પશ્ચિમી સરહદમાં બોલાતી કચ્છી ભૌગોલિક પરિસ્થિતિને કારણે ભિન્ન લાગે છે.

- **પૂર્વ કચ્છના વિસ્તાર (સીરક્રીક સરહદ) :**

આ વિસ્તારમાં વાગડ, સિંધ, સોઢા (થરપારકરવાસી), મિંયાણા, સમરા, સુમરા - સંગાર વિ.નો સમાવેશ થાય છે. આ ઉપરાંત લેવા - લેઉઆ કડવા પાટીદાર (કણબી) ભુજના પ્રાથંકિયા, અંજારમાં મચ્છુ, વાગડના આહીરો, સોરઠમાં રબારી, કંસારા, દાંતણિયા (મારવાડી વાઘરી), ઘાંચી, અગરિયા કે જેઓ બનાસકાંઠા વિસ્તારમાં બોલાતી ગુજરાતી મિશ્રિત કચ્છી બોલે છે, મુસલમાન, ઓસવાળ જ્ઞાતિ ભાષક વ્યવહારમાં ગુજરાતી મિશ્રિત કચ્છીનો ઉપયોગ કરે છે.

આ વિસ્તારની ગુજરાતી મિશ્રિત કચ્છીમાં વાગડી બોલીમાં શબ્દમાં જીંય, તીંય, જુકો, તુકો જેવા શબ્દોનો ઉપયોગ થાય છે અને શબ્દમાં આવતા 'આ' સ્વર પહેલાં આવતા 'આ' સ્વરનું ઉચ્ચારણ 'અ' જેવું થાય છે, સંભળાય છે. દા.ત. અકાય — અકાય, અકાસ — આકાસ, અચાર — આચાર, પવર — પાવર. આ ઉચ્ચારણમાં 'અ' સ્વરનું ઉચ્ચારણ ભાવયુક્ત ઉચ્ચારણ થાય છે. આ સિવાય કેટલાક ઉચ્ચારણો સિંધી ભાષાની અસરના કારણે થાય છે.

આ વિસ્તારમાં બન્ની, ખાવડા, ખડીર પ્રાંથડની ઉત્તરે કંજરકોટ સુધીના ઘાસના મેદાનોના વિસ્તારનો સમાવેશ થાય છે.

આ વિસ્તારમાં બોલાતી 'કચ્છી' કરતાં ચાર અંતઃસ્ફોટક વ્યંજન અને પાંચ અનુનાસિકોને કારણે ભિન્ન પડે છે.

- **પશ્ચિમ વિસ્તારમાં બોલાતી કચ્છી (માંડવી કચ્છી)**

આ વિસ્તારની મોટાભાગની જાતિ / કોમ કચ્છી ભાષક છે. કચ્છના બાવન ગામોમાં સિંધમાંથી આવીને વસેલા ઓસવાલ વણિકો, ભાટિયા, ભટ્ટી, રાજપુતો વગેરેની ભાષા કચ્છી છે.

આ વિસ્તારના લોકો ખારવા (વાઘેરી બોલી) (રાજસ્થાની મિશ્રિત બોલી) ભાષી છે. આ વિસ્તારમાં 'કચ્છી' ભાષકોની સંખ્યા પ્રમાણમાં વધુ જોવા મળે છે. સિંધમાંથી આવીને કચ્છમાં વસવાટ કરનાર પ્રજા મુખ્યત્વે ઓસવાલ વણિકો, ભાટિયા, રાજપુતો, મેમણ, ખત્રી વગેરે પ્રજા છે.

પશ્ચિમ મારવાડમાંથી આવેલ પ્રજા પણ કચ્છી બોલીના ભાષક છે. ખારવા અને કાયસ્થી બોલીમાં રાજસ્થાની ભાષાની છાંટ વરતાય છે.

આ સિવાયના કચ્છી ભાષકની બોલીનું પ્રાચીન સ્વરૂપ જાડેજા રાજપુત બોલીના ભાષક છે.

આ વિસ્તારની બોલીને 'બાબાણી બોલી' કે 'જાડેજી કચ્છી' તરીકે પણ ઓળખવામાં આવે છે.

આ બોલી કચ્છી બોલી કરતાં બે અંતઃસ્ફોટક વ્યંજન અને ચાર અનુનાસિકોને કારણે ભિન્ન પડે છે.

કચ્છ વિસ્તારમાં બોલાતી સ્થાનિક ભાષાના ઉચ્ચારણ કે શબ્દાવલિના ૧૯૧૭માં કચ્છમાં કરવામાં આવેલ સર્વેના આધારે એવું અનુમાન કરી શકાય કે ઉચ્ચારણ અને શબ્દાવલિમાં જે ભિન્નતા લાગે છે તે ભિન્નતા આ વિસ્તારની બોલીમાં ભાતીગળ વિશિષ્ટતા છે. આ વિશિષ્ટતા સીમા સમભાષાંસના કારણે જે તે વિસ્તારની સામાજિક - સાંસ્કૃતિક પરિસ્થિતિ, સામાજિક - રાજકીય જુથના કારણે હોઈ શકે. આવી વિશિષ્ટ બોલીમાં નીચેની બોલીઓનો સમાવેશ થાય છે :

૧. ભાટિયા કચ્છી — જ્ઞાતિ આધારિત — પૂર્વ કચ્છ
૨. ઓસવાલી કચ્છી — જ્ઞાતિ આધારિત — વાગડ
૩. અબડાસા કચ્છી — વિસ્તાર / પ્રાદેશિકતા — પ્રાદેશિક
૪. કાયસ્થી કચ્છી — જ્ઞાતિ આધારિત — ભુજ
૫. ચારણિયા હરિજન કચ્છી — જ્ઞાતિ આધારિત
૬. થરી અને થરેલી કચ્છી — લુપ્ત થયેલ.

અલબત્ત, આવા ધોરણ આધારિત બોલીને કે.કા. શાસ્ત્રીજી કચ્છીની સત્તરેક બોલી હોવાનું અનુમાન કરે છે.

***મહેન્દ્ર સાકરચંદ દોશી - અમદાવાદ***
***મો. ૯૪૨૮૦ ૨૦૫૦૧***

જ્ઞાન સાથે ગમ્મત

# રસવંદના – નવરસ ગેમ



ભાવના એ. ઝવેરી

માનવજીવન અનેક સંવેદનાઓથી ભરેલું છે. જીવનમાં નવરસનું અત્યંત મહત્ત્વ છે. જીવનમાંથી નવરસ લઈ લેવામાં આવે તો જીવન સાવ શુષ્ક અને જડવત બની જાય છે.

અંકશાસ્ત્રમાં ૯ના આંકનું ખૂબ જ મહત્ત્વ છે. ૯નો આંક પૂર્ણાંક કહેવાય છે. જેમકે ૯ ને ગમે તે આંકડાથી ગુણ્યા પછી જે આંક આવે તે બે આંકડાનો સરવાળો ૯ જ આવે.

દા.ત. ૯ x ૯ = ૮૧ (૮ + ૧ = ૯)

૯ x ૧૭ = ૧૫૩ (૧ + ૫ + ૩ = ૯)

૯નું મહત્ત્વ શાસ્ત્રોમાં વિશેષ છે. આજની ગેમ પણ તે પ્રમાણે રમવાની છે. નવી થીમ, નવો કોન્સેપ્ટ – જ્ઞાનમાં વધારો થશે ને કંઈક નવું જાણવા મળશે.

૯ ક્લુ સાથેના નવ પ્રશ્નો આપેલા છે. દરેકના ક્રમવાર ૯ જવાબ આપવાના છે. ૯ x ૯ = ૮૧ (એક્યાસી) જવાબ થશે. જોઈએ, કોને આવડે છે.

રમાડનાર : રમનારની સંખ્યા પ્રમાણે ક્લુ લખેલો કાગળ અને જવાબ લખવા માટે ક્રમવાર નામ લખી ૯ ટીમ બનાવી પ્રિન્ટ કરાવીને રાખો.

સમય : ૧૦ મિનિટ. જેના જવાબ સૌથી વધારે સાચા તે વિનર.

*૯ ક્લુ આ પ્રમાણે છે.*

૧. ભરત મુનિએ અથર્વવેદમાંથી જગતને ૯ રસ અર્પણ કરેલા તે કયા છે?

૨. પરમને પામવા માટે ભક્તિના ૯ પ્રકાર કયા છે?

૩. કુબેરના ભંડારના ૯ નિધિના નામ.

૪. ૯ પ્રકારની સૃષ્ટિના નામ.

૫. ૯ રત્નોના નામ.

૬. સ્થાયી ભાવના ૯ પ્રકાર કયા છે?

૭. હાસ્યરસના ૯ પ્રકારના નામ.

૮. પૃથ્વીના ૯ ખંડના નામ.

૯. કલ્યાણકારી દિવ્ય મંત્રો (ૐ... નમઃ) આ રીતે આવશે.

*(જવાબો આજ અંકમાં અન્યત્ર આપેલા છે.)*

## સોશિયલ મીડિયાનો ફાયદો : ૪૦૦થી વધુ જ્ઞાતિ જોડાઈ

ડિજિટલ વર્લ્ડની ખાસિયત છે કે મનમાં રહેલી પરિકલ્પના સાકાર કરી શકાય છે. આવો જ એક કિસ્સો દહીંસરમાં રહેતા અમિત છેડા અને અતુલ નીસરે પૂરો પાડ્યો છે.

ડિજિટલ મીડિયાના વધતા પ્રભાવને કારણે જ્ઞાતિઓની ગતિવિધિઓમાં યુવાનો પહેલાં કરતાં ઓછો રસ દાખવી રહ્યા છે. ઘણી જ્ઞાતિઓમાં ફરિયાદ ઊઠી છે કે યુવાનો જ્ઞાતિના વડીલો આ માટે ડિજિટલ મીડિયાને કારણભૂત માને છે. આવી પરિસ્થિતિમાં ડિજિટલ મીડિયાના પ્રભાવને ખાળવા અને જ્ઞાતિઓને વધુ એકવાર બેઠી કરવા બે ભાઈઓ મેદાને પડ્યા છે. જો **ફેસબુકને કારણે જ્ઞાતિના ભાઈબંધુઓ જ્ઞાતિના કાર્યક્રમમાં ન આવતા હોય તો શા માટે જ્ઞાતિ જ આખેઆખી ફેસબુક જેવી એપ્લિકેશન ઉપર ન પહોંચે?** આ વિચારથી પ્રેરાઈને અતુલ અને અમિતે ભેગા મળીને એક એપ્લિકેશન શરૂ કરી. જેનું નામ છે "કોમ્યુટ્રી." આખેઆખી નાતના દરેક સભ્યને આ એપ્લિકેશન સાથે જોડી દીધા. કોમ્યુટ્રીની મદદથી વાગડ સમાજના ૪૦,૦૦૦થી વધુ જ્ઞાતિસભ્યોને એક એપ્લિકેશન સાથે જોડી દેવામાં આવ્યા છે. હવે આ જ્ઞાતિની કોઈપણ જાણકારી એટલે કે પરિવારમાં થનારા સારા-માઠા પ્રસંગો, સમાચાર, જ્ઞાતિની સૂચના જેવી તમામ વિગત ફેસબુક મારફત તમામ સભ્યો સુધી એક ક્લિકમાં પહોંચી જાય છે. **આ પ્રયોગ હવે વાગડના કચ્છીઓથી આગળ વધીને કુલ ૪૦૦ જ્ઞાતિઓ સુધી પહોંચી ચૂક્યો છે. ૧૦ લાખથી વધુ યુઝરો આ એપ્લિકેશન સાથે જોડાઈ ગયા છે** અને દૈનિક એક લાખથી વધુ વપરાશકારો આ એપ્લિકેશન પર સમાચારોની અને માહિતીની આપ-લે કરે છે.

આજથી પાંચ વર્ષ પહેલાં શરૂ થયેલો આ પ્રોજેક્ટ અત્યારે લિમ્કા બુક ઑફ રેકોર્ડસમાં સ્થાન પામી ચૂક્યો છે.

# YOUTH CLUB

## Wonderful Questions to Read and Answer

1. How many Malayalees have become the President of India?
2. How many States share the border with Kerala?
3. How many teaspoons make a table spoon?
4. How many Vedas are there in Hindu Mythology?
5. How many times did Mahatma Gandhi visit Kerala?
6. How many Contries have larger area than India?
7. What is the pH value of Water?
8. How many planets are there in the Solar System?
9. How many districts in Kerala have Coastlines?
10. How many Millimetres make a Centimetre?
11. How many players are there in a Football team?
12. How many inches make a feet?
13. How many legislative Assemblies have been elected so far in Kerala?
14. How many district panchayats are there in Kerala?
15. One time vehicle tax is valid for how many years?
16. How many feathers are there in a shuttle cock?
17. How many languages are printed in an Indian currency?
18. How many Chapters are there in Mahabharatha?
19. Which Commonwealth Games was hosted in India in 2010?
20. How many overs per team are there in T-20 Cricket?
21. How many years did Mahatma Gandhi spend in South Africa?
22. What is the position of Kerala in terms of area?
23. How many Chromosomes are there in the human body?
24. How many Spokes are there in an Ashoka Chakra?
25. What is the qualifying age for becoming a MLA?

***Don't panic. The question numbers are the answers..***

---

## જ્યાં પ્રેમ છે, ત્યાં આશા છે

**(અનુસંધાન : પાના નં.-૧૨૭ ઉપરથી ચાલુ)**

એવું જ વ્યક્તિત્વનું! આવી વ્યક્તિ બધાને નિરાશ કરે છે. નથી કોઈ લક્ષ્યને આંબી શકતું, નથી જીવન સાર્થક થતું. નકારાત્મક વિચારોથી નકારાત્મક આભા બને છે. જેમાં કોઈનેય પ્રવેશવાનું મન થતું નથી. અંતે સમાજ, કુટુંબ, સ્નેહીજન તેનો આધાર લેવાનું છોડી દે છે. એનું જીવન વિતે છે મનુષ્યનું, પણ કોઈ માનવીય ગુણો શોધ્યા જડતા નથી.

શું આ બાબત સાવ જ નિરાશાજનક છે? એનો કોઈ ઉપાય નથી? ના... ના... એવું તો હોય જ નહીં ને! દરેક સમસ્યામાંથી બહાર નીકળવાનો કોઈ ને કોઈ રસ્તો ખુલ્લો હોય જ! આપણી આ સમસ્યાનો એકમાત્ર રસ્તો છે. પ્રેમ, ઘૃણા કરનારી, દ્વેષ કરનારી, નફરત કરનારી વ્યક્તિને હકારાત્મક બનાવવી હોય તો તેને પ્રેમ નામનો જડીબુટ્ટી આપવી પડે! નિરાશ થયા વિના એ અમૃતનું પાન કરાવવું પડે. **ભડભડતી નફરતની આગ પર મૈત્રીના ચંદનનો લેપ કરવો પડે.** આટલું થાય તો તિહાર જેલમાંથી તિહાર આશ્રમ બનાવવું અશક્ય નથી.

***મા આશાપુરા બી.એડ. કૉલેજ, ભુજ.***
***મો. ૯૪૨૯૫ ૪૭૯૬૫, E-mail : plvshah@gmail.com***

## ઉત્તરાયણનો પર્યાય પતંગ : ઇતિહાસ

**(અનુસંધાન : પાના નં.-૧૨૮ ઉપરથી ચાલુ)**

ગર્લ બોક્સ પતંગ દ્વારા પોતાની ભાળ આપી હતી. પાઉલ ગાર્બરે બનાવેલી ટારગેટ પતંગમાં જડેલા મોટા હીરાને કારણે દરિયામાં રહેલા એરક્રાફ્ટને ઓળખી શકાતા હતા. વૈજ્ઞાનિક સંશોધનો અને શોધોને કારણે હવે લશ્કરમાં પતંગોનો ઉપયોગ ઘટ્યો છે. ૫૦ વર્ષ પહેલાં જોવા મળતી પતંગોમાં નવા પદાર્થોનો પ્રયોગ કરીને તેને નવું રૂપ આપવામાં આવ્યું. નાયલોન, ફાઈબર ગ્લાસ, કાર્બન પેપરનો પ્રયોગ કરીને તેને કલરફુલ બનાવવામાં આવી.

ગ્રીકો અને ચીનાઓની માન્યતા એવી છે કે, પ્રથમ પતંગ બનાવનાર પુરુષ હકીમ લુકમાન હતા. ઈસવીસનના આરંભના અરસામાં ચીનના હળવંશી સમ્રાટના રાજ્ય પર જંગલી મોગલો ચડી આવ્યા હતા. તે રાજાના દરબારમાં હુઆંગ થોંગ નામનો એક વિચક્ષણ વિદ્વાન દરબારી હતો. તેણે ભમરા જેવી અનેક પતંગો ચડાવી તેમ જ ભમરા જેવા ગુંજારવ માટે તેણે પતંગમાં મોટા ભૂંગળા ગોઠવ્યા હતા. મોગલો અંધારી રાતે આકાશમાં થતા રહસ્યમય અવાજથી જંગલી દુશ્મનો ડરી ગયા અને તેઓ ભાગી ગયા. ચીન, કોરિયા અને જાપાનમાં પતંગનો ઉપયોગ જાહેરખબર માટે કરવામાં આવતો હતો. ચીનની પૂર્વે આવેલા તીઆન જીલ નામના એક પતંગ ઉસ્તાદે અનેક આકારના પતંગની શોધ કરી હતી. તેની ડિઝાઇનોની આજે પણ નકલ કરવામાં આવે છે. સૌપ્રથમ ચીનમાં ડ્રેગન નામનો પતંગ બનાવવામાં આવ્યો હતો. તે ૩૦ સે.મી. વ્યાસવાળા પતંગમાં ૨૪ નાના-નાના પતંગોના તોરણ બનાવવામાં આવ્યા હતા. આ પતંગ આકાશમાં સતત ગોળ ગોળ ફરતો રહે છે. **ભારતમાં પતંગ ઉડાવવાનો પુરાવો ૧૫૦૦માં મોગલકાળના એક ચિત્રમાં મળ્યો.** જેમાં એક પ્રેમીને પોતાની કેદી પ્રેમિકાને પતંગ દ્વારા યુક્તિપૂર્વક સંદેશો મોકલતો દર્શાવ્યો છે. આ ઉપરાંત સાતમી સદીમાં બૌદ્ધ સાધુઓ દ્વારા પતંગ જાપાનમાં બનાવાયો હોવાનો ઉલ્લેખ પણ જોવા મળે છે. ચીનના રિવાજ મુજબ છોકરો સાત વર્ષનો થાય ત્યારે તેના ભવિષ્યને રુંધતા અનિષ્ટ આત્માઓને દૂર ઉડાડી દેવામાં આવે છે. જેથી કરીને છોકરાને ભવિષ્યમાં નડે નહીં તે માટે તેઓ મોટી પતંગ પર એકડો થઈ શકે એટલો દોર ચડાવવામાં આવે છે. પછી પ્રાર્થના સાથે તેને આકાશમાં છોડી દેવામાં આવે છે. પતંગ ઉપલા વાતાવરણના પ્રબળ પવનની પાંખે ચડીને દૂર દૂર જતી રહે છે અને તે સાથે બાળકને નડતા અમંગળ તત્ત્વો પણ દૂર દૂર ફેંકાઈ જાય છે.

હિંદુ માન્યતા પ્રમાણે ભીષ્મે આ દિવસે દેહત્યાગ કર્યો હતો. આ દિવસે ગંગાએ સ્વર્ગમાંથી ઉતરીને સાગરના પુત્રોનો ઉધ્ધાર કર્યો હતો. આમ આજે ચીનથી લઈને કોરિયા સુધી અને સમગ્ર એશિયામાં પણ જુદા જુદા પ્રકારની પતંગો પ્રચલિત થઈ છે અને પતંગ ઉડાવવા પાછળના વિવિધ સાંસ્કૃતિક હેતુઓ પણ જોડાવા લાગ્યા છે. પતંગ આજે ભલે મોજશોખ માટે ચગાવવામાં આવતો હોય પણ તેની શોધ આ માટે થઈ નથી. પતંગની શોધ ખરેખર તો ગંભીર વિચારધારા પર થઇ છે. તેનો ઉપયોગ હંમેશાં કટોકટી, યુદ્ધ કે સંશોધન માટે થતો રહ્યો છે. આથી હવે આકાશમાં જ્યારે પોતાની પતંગ ચગાવો ત્યારે ઉપરોક્ત ઇતિહાસ ધ્યાન રાખજો.

*સંદર્ભ : વિવિધ અખબારી લેખો પતંગ સંબંધી અને વિકિપીડિયા*

## વલોવતન

**(અનુસંધાન : પાના નં.-૧૪૬ ઉપરથી ચાલુ)**

ઉદ્યોગના મહારથી લેઉઆ પટેલ કાનજી કુંવરજી વરસાણી દ્વારા ભુજ નજીક કરોડોની કિંમતની ૯ એકર જમીન અને રૂપિયા ૧૫ કરોડના આર્થિક સહયોગથી સુપર સ્પેશિયાલિટી કે.કે. પટેલ હોસ્પિટલનું નિર્માણ કરવામાં આવશે. જેનું ખાત મુહૂર્ત રવિવાર, તા. ૮-૧૨-૨૦૧૯ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે કરવામાં આવ્યું.

★ **રાજ્યકક્ષાની બાળ નાટ્ય સ્પર્ધામાં ભદ્રેશ્વરનું નાટક પ્રથમ :** કચ્છ ભદ્રેશ્વરમાં કાર્યરત યુસુફ મહેરઅલી સેન્ટર દ્વારા બાળ નાટક "જાતિ અલગ નહીં હમારી" ગુજરાત રાજ્ય રમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ આયોજિત બાળ નાટ્ય સ્પર્ધા અંજારમાં યોજવામાં આવી હતી. તેમાં પ્રથમ નંબરે આવેલ છે.

★ **પશુધનનો ચારો જુવારનો જોરાવર પાક : માલધારીઓ ખુશ :** સારા વરસાદના પગલે વર્ષો બાદ લોરિયા ફાટકથી માંડી ઠેઠ બન્નીના ઘાસિયા મેદાનો સુધી હજારો એકરમાં આડબીડ 'ગુંધરી' જુવારનો પાક સારી એવી ઊંચાઈએ થયેલ છે. આ જુવાર પશુ માટે સ્વાદિષ્ટ અને ઉત્પાદનમાં ભારે ઉત્તમ ગણાય છે. આ પાકની સામાન્ય ઊંચાઈ કરતાં ૧૦-૧૨ ફૂટ ઊંચો થયો છે. આ બાબતે મોટા રણની વચ્ચે ખાનગી કંપનીઓએ પણ બન્નીના પશુ માટે આ જુવારનું વાવેતર કર્યું છે. તેની કડબ લાંબા સમય સુધી સચવાઈ પશુના પૌષ્ટિક આહાર તરીકે કામ લાગે છે.

★ **કચ્છ રણોત્સવનો પ્રારંભ :** તા. ૧૫-૧૨-૨૦૧૯ને રવિવારના રોજ ભારતના ઉપ રાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુના હસ્તે રણોત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. કચ્છના સફેદ રણને ઉપ રાષ્ટ્રપતિએ ગુજરાતના પ્રવાસનનું સફળ મોડલ ગણાવી દેશવાસીઓને એક વખત તેની મુલાકાત લેવા અપીલ કરી હતી.

★ **કચ્છને મળી નવી ૩૪ માધ્યમિક શાળા :** રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન (RMSA) અંતર્ગત કચ્છમાં ૨૪ નવી માધ્યમિક શાળાઓની સાથે રાજ્ય સરકાર દ્વારા પણ ૧૦ નવી માધ્યમિક શાળાઓની મંજૂરી સાથે કચ્છ જિલ્લામાં કુલ ૩૪ માધ્યમિક શાળાઓને મંજૂરી મળી ગઈ છે. ■

NanoNine®

**નવેમ્બર-૨૦૧૯ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૧૫ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ**

૧. ઉષ્મા શાહ – અમદાવાદ
૨. સ્મિતા શાહ – અમદાવાદ
૩. નીના ગોરજી – અમદાવાદ
૪. સરલા શાહ – અમદાવાદ
૫. જ્યોતિ ગડા – અમદાવાદ
૬. અલ્કા વોરા – અમદાવાદ
૭. અવંતી દંડ – અમદાવાદ
૮. કલ્પના પાલાણી – અમદાવાદ
૯. જયસુખ સંઘવી – અમદાવાદ
૧૦. ચંદુભાઈ કુબડિયા – અમદાવાદ
૧૧. ઈન્દુબેન પટેલ – અમદાવાદ
૧૨. નયના ગોગરી – અમદાવાદ
૧૩. ખેલીન છેડા – અમદાવાદ
૧૪. પ્રિયંકા શાહ – અમદાવાદ
૧૫. દર્શના શાહ – અમદાવાદ
૧૬. ધરા વોરા – અમદાવાદ
૧૭. નયના કારાણી – અમદાવાદ
૧૮. માનસી શાહ – અમદાવાદ
૧૯. ભરત ત્રેવાડિયા – અમદાવાદ
૨૦. મહેન્દ્ર પૂજ – અમદાવાદ
૨૧. ડૉ. અતુલ ધરોડ – અમદાવાદ
૨૨. ભાવના જાદવ – અમદાવાદ
૨૩. પ્રવીણ ખંડોર – મુંદ્રા
૨૪. રિદ્ધિ સાવલા – વડોદરા
૨૫. ઉષા સંઘવી – રાઉરકેલા
૨૬. મલય શાહ – ભુજ
૨૭. પ્રભા શેઠિયા – વલસાડ
૨૮. ચેતના મહેશ્વરી – આદિપુર
૨૯. હર્ષા મહેતા – ગાંધીધામ
૩૦. હેમલતા દેઢિયા – અડાલજ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રો અનુસાર ત્રણ વિજેતાઓ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી. બહારગામના વિજેતાઓ સંપર્ક કરી પૂરેપૂરૂં સરનામું મોકલશે તો કુરિયરથી ઈનામ મોકલવામાં આવશે.*

**<u>વિજેતાઓ</u> :**

(૧) સરલા શાહ – અમદાવાદ
(૨) અવંતી દંડ – અમદાવાદ
(૩) ભાવના જાદવ – અમદાવાદ

## લઘુ કાવ્યો

*તમે,*
*હકીકત છો?*
*સ્વપ્ન છો?*
*કે પછી*
*ભ્રાંતિ છો?*
*કોણ છો તમે?*
*શું છો તમે?*
*સવાલોની વણથંભી*
*વણઝાર....*

*તારી જુદાઈ*
*હંમેશાં મને*
*વીંછીઓની જેમ*
*ડંખી છે*
*કારણ પણ*
*દેખીતું જ છે,*
*મેં તને*
*સહરાની પ્યાસથી*
*ઝંખી છે.*

***અરુણા અરુણ ઠક્કર - ભુજ***

## હોય છે

ક્યારેક શબ્દ પણ 'ઘા' કરતો હોય છે
ને ક્યારેક મહેફિલમાં જતો હોય છે

ક્યારેક રાહત તો ક્યાંક મીઠું ભભરાવતો હોય છે
ને ક્યારેક હવા મહીં સુવાસ પ્રસરાવતો હોય છે.

કંઈ કાર્ય કરતો નથી છતાં ઈર્ષ્યા થતી હોય છે
સારૂં કામ દેખી કેટલાયને ખટકતું હોય છે.

હું બીમાર ને જાતજાતની અફવા થતી હોય છે,
એ બિચારાને ક્યાં ખબર હોય છે.

મન ખોટા ભ્રમ મહીં ફરતો હોય છે,
ને ગામ આખાયની પંચાત કરતો હોય છે.

સાચું-ખોટું માનવ જ કરતો હોય છે,
છતાં જીવનમાં પસ્તાતો ફરતો હોય છે.

સદ્કાર્ય સમજી 'દિલકશ' કરતો હોય છે,
સદ્ગતિના શરણે ભટકતો તે હોય છે.

***દિલીપ આચાર્ય 'દિલકશ' - ભુજ, કચ્છ***
***મો. ૯૯૨૫૪ ૨૬૯૮૮***

## બાળપણ

જઈને કદી ન પાછું વળતું
સાદ કરે કોઈ ગમે તેટલું
સદાય દિલની અંદર છૂપાયું
અતીતના આવરણમાં સંતાયું
બાળપણ એ ક્યાં ખોવાયું?

ઢીંગલા ઢીંગલીની એ રમતો
કેટલા ખુશીના હતા એ દિવસો
એ ભોળપણ ને એ નિર્દોષતા
ના કોઈથી વેર, ના કોઈ પરાયું
બાળપણ એ ક્યાં ખોવાયું?

આભમાં ઝબુકતા તારલાઓ સંગે
સાંભળતા પરીઓ કેરી વાતો
ચૂપચાપ આવીને નિંદર રાણી
નયનોમાં નિચોડતી મીઠું સપનું
બાળપણ એ ક્યાં ખોવાયું?

ના કોઈ ફિકર, ના કોઈ ચિંતા
એ... મજાથી હસતા ને રમતા
સંતાકૂકડી, દોડપકડ ને ગિલ્લી દંડા
મનમાં બધું થઈ જતું એ તાજુ
બાળપણ એ ક્યાં ખોવાયું?

યાદ આવે શાળાના એ દોસ્તો
જેમની સાથે હતા વિતાવ્યા
જિંદગીના એ અમૂલ્ય વરસો
હતું કિસ્મતનું એ મીઠું નજરાણું
બાળપણ એ ક્યાં ખોવાયું?

લડતા ઝઘડતા એકમેક સાથે
વળી પાછા એક થઈ જતા
ગલીઓ અને શેરીઓ ખૂંદતા
ખાનપાનનું ભાન હતું ગુમાવ્યું
બાળપણ એ ક્યાં ખોવાયું?

યાદોમાં મન જઈને વિહરતું
સંસ્મરણો એ તાજા કરતું
ક્યારેક વળી એ જીદે ભરાતું
એને કેમ કરી સમજાવું
બાળપણ એ ક્યાં ખોવાયું?

***સુનિતા એ. શાહ - અમદાવાદ***
***મો. ૯૮૨૫૧ ૫૧૫૧૩***



# બાલુડેં જયું ગાલિયું

**સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા**

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : અજ તા જભરો થ્યો. પાંજે સામે જે ફ્લેટમેં જગન રેતો અનજી અને અનજી ઘરવાળી જે વચ્ચે થોડીવાર બોલચાલ થઈ ને પોય જગનજી ઘરવાળી રસોડમેં ઊભે ઊભે જ ટોપજો ઘા કે... ઈ તા જગન જરાકમેં ભચે વ્યો નકા અનજો મથો ફુટેવ્યો વો. સે જરા તપાસ કે ને ચો ક જગનજી ઘરવાળી એડી ખારી કીં થઈ ને છુટ્ટો ટોપ મારે?

બચુડો : (તપાસ કે ને ચેં) જગનજી ઘરવાળી જગનકે કીં પૂછે ત પણ જગન ધ્યાન નતે ડને. સે જગનજી ઘરવાળી ચે આંઈ આમિરખાન કે નેર્યો - ઈ અનજી ઘરવાળીજી મડે ગાલીયું ભરાભર સુણેતો – ને આંકે ચુંગા લગેંતા. તડેં જગન ચે ઈ આમિરખાન જી બઈ બાયડી આય. આંઉ પણ જેર બઈ ગેને અચીંધો તેર ભરોભર સોણધો. અતરે જગનજી ઘરવાળી છુટ્ટો ટોપ જો ઘા કરે. હાણે ઘરમેં શાંતિ આય.

## ખિલજા મ ભલા

મોજેલાલ : યાર, આજે મારા સગપણ માટે એક ઈ-મેઈલ આવ્યો છે. એમાં લખ્યું છે બાપ હાર્ડવેરમાં છે, માં સોફ્ટવેરમાં છે, ભાઈ ફુટવેરમાં છે અને છોકરી અંડરવેરમાં છે. તો મારે શું જવાબ આપવો?

ખોટેલાલ : એનો ફોટો જોવાની માંગણી કર.

મોજેલાલ : ફોટો બતાવ્યો. ભાઈ ફુટવેરની દુકાનમાં અને છોકરી અંડરવેરની દુકાનમાં સેલ્સ વિભાગમાં છે.

☺ ☺ ☺ ☺ ☺

મંજુ : અલ્યા, આ લેડિઝ ડિઝાઈનની બુટ્ટી કાનમાં ક્યારથી પહેરી છે?

સંજુ : જ્યારથી મારી પત્નીને આ મારી કારની સીટ ઉપર મળી ત્યારથી!

☺ ☺ ☺ ☺ ☺

જગુ : તેં આ ડૉક્ટરને આટલો બધો કેમ માર્યો?

ભગુ : એ તને નહીં ખબર પડે. એણે આટલી ગરમીમાં મને પાણી ઉકાળીને પીવા માટે કહ્યું.

☺ ☺ ☺ ☺ ☺

ચમન : (ખૂબસુરત એરહોસ્ટેસને) તારી શકલ અદ્દલ મારી વાઈફને મળતી આવે છે.

*એરહોસ્ટેસે જોરથી તમાચો માર્યો.*

ચમન : અરે, આદત પણ એકસરખી જ છે!!

☺ ☺ ☺ ☺ ☺

નરમસિંહ : અલ્યા, તું આમ ઘોડી પર ઊંધો બેસીને જ સવારી કેમ ચાલુ રાખે છે?

કડકસિંહ : આ તો મારો ૧૦ ગ્રામ ચાંદીનો સિક્કો ઘોડી ઘાસ ભેગો ખાઈ ગઈ છે માટે.

☺ ☺ ☺ ☺ ☺

ચીન્ટુ : અલ્યા પીન્ટુ, રાત્રે મોબાઈલ ચાર્જિંગમાં ના રાખતો. બેટરી ફાટી જાય છે.

પીન્ટુ : મને ડફોળ ના સમજતો. હું તો મોબાઈલમાંથી બેટરી કાઢીને પછી જ ચાર્જિંગમાં રાખું છું.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

## હી મિડે તું ન્યારી ગિન

મિલે સચો રસ્તો, મારગ ગોતાંતો
હાણેં નેંઢી ગાલ મેં આરીસો ગોતાંતો

ધિલ મેં કાંચ નાંય તોય તોટે તો,
જીવનમેં ધિવાલ નાય તિરાડ પે'તી

બસ હીં જ હલેતો જીંધગી ચક્કર
હાણે 'કચ્છી' બેફામ નેર્યા કરે તો સફર

*વિપુલ બી. જોશી "કચ્છી બેફામ" - ભુજ, કચ્છ*
*મો. ૯૯૦૯૭ ૨૬૧૦૬*



**ફ્લેટ વેચવાનો છે**

**પાલડી વિકાસગૃહ રોડ**

**3 BHK – Converted into 2 BHK. ૨૫૦ વાર**
**(૧૬૫ વાર કન્સ્ટ્રક્શન + ૮૫ વાર ટેરેસ રાઈટ્સ સાથે)**
**ફર્નિશ્ડ. South West Wind Direction**
**BUDGET : 90 Lakhs**
**701, SHIVASHISH RESIDENCY**
(શ્રી કચ્છી જૈન ભવન - પાલડીથી એકદમ નજીક)
**સંપર્ક : 72838 38658**

## NanoNine® શબ્દ રમત-૧૫૯

*સંકલન : રજનીકાંત પારેખ*



શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો તા. ૩૧-૧-૨૦૨૦ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. સીતાના પતિ (૨)
૩. કાક, કાગડો (૨)
૫. નિશા, રજની (૨)
૭. વરસાદની ઋતુમાં જોઈએ (૨)
૯. યતિ, ગોરજી (૨)
૧૦. વાઢ, કાપો, સ્ત્રીઓનું કાનનું ઘરેણું (૨)
૧૧. પંખી પકડવાની જાળી, ફાંદો, ફરેબ (૨)
૧૨. વિશ્વજીતની ફિલ્મ '_____ સાલ બાદ' (૨)
૧૭. ગાયન, ગીત (૨)
૧૮. પરાજ્ય, ફૂલોની મોટી માળા (૨)
૧૯. હાથથી ચાલતી માલ લઈ જવાની ગાડી, _____ પરનું ખાવાથી માંદા પડાય (૨)
૨૦. સંગીતના _____ સૂર હોય છે (૨)
૨૧. ઉંમરમાં નાનું બાળક, વાળ, કેશ (૨)
૨૨. પતિ, પિયુ, કાન્ત (૨)
૨૩. _____ સે _____ મિલા, શાહરૂખ ખાનના પિક્ચરનું ગીત (૨)
૨૪. લંબાઈ વગેરેનું પ્રમાણ હદ, ગજું (૨)
૨૫. તડકો, તાવ, સંતાપ (૨)
૨૬. વસવાટ, દુર્ગંધ (૨)
૨૭. નિસાસો, અરે (૨)
૨૯. કામ, કારણ, વાસ્તે, પ્રયોજન (૨)
૩૦. કંસાર, બાંટ (૨)
૩૧. શરીર, કાયા (૨)
૩૨. મિયાં બીબી રાજી તો ક્યા કરેગા _____ (૨)
૩૩. ઝંડું _____ , માથું દુઃખતું હોય તો લગાડો (૨)
૩૪. પોતાનું, અંગત (૨)
૩૫. સારાંશ, તત્ત્વ (૨)
૩૬. છેડો, ખેતરની ચારે તરફ ખેડ્યા વગરની જમીન (૨)
૩૭. ઉમેદ, વિશ્વાસ (૨)
૩૮. અગ્નિ, દેવતા (૨)
૩૯. અક્ષત, તૂટ્યા વગરની (૨)
૪૧. કઠોળનું ફાડિયું, _____ અને ભાત (૨)
૪૨. પ્યાલો, જામફળ, ફળનો મુરબ્બો (૨)
૪૩. લાલો _____ વગર લોટે નહીં (૨)
૪૪. પોપટની _____ વાંકી (૨)
૪૫. આબરૂ, પ્રતિષ્ઠા (૨)
૪૬. જંગલ, ઉજ્જડ પ્રદેશ (૨)
૪૭. ઘર પછવાડેની ખુલ્લી જગ્યા (૨)
૪૮. અવાજ, ધ્વનિ (૨)
૪૯. મામાની પત્ની (૨)
૫૦. હારની વિરૂધ્ધ, જય (૨)
૫૧. છિદ્ર, વેહ (૨)
૫૨. બે (૨)

### ઊભી ચાવીઓ

૧. રાજા, _____ પાટ (૨)
૨. બુધ્ધિ, અક્કલ, સમજ (૨)
૩. પિતાના નાના ભાઈ (૨)
૪. ઊડતી વાત, અફવા, _____ ગોળા (૨)
૫. પૂરી એક અંધેરી ને ગંડુ _____ , નૃપ, રાજ્ય કરનાર (૨)
૬. એક તેલ બી, ચામડી પર કાળો નાનો ટપકો (૨)
૭. ફોટો, ક્રાંતિ (૨)
૮. '૩૦' (૨)
૧૩. સાંભળવાની ઈન્દ્રિય, છિદ્ર (૨)
૧૪. ચારો, લીલું ઘાસ, '૪' (૨)
૧૫. પાંખોવાળી દેવતાઈ સુંદરી, બાળકોને તેની વાર્તા ગમે છે (૨)
૧૬. થઈ ગયેલું, વીતેલું, _____ પૂર્વ (૨)
૧૭. મોં ની બે બાજુનો ભાગ, તમાચો મારી _____ લાલ રાખવા (૨)
૧૮. હસ્ત, કર (૨)
૧૯. _____, પીળો ને વાદળી મૂળ રંગ કહેવાય (૨)
૨૦. _____ ના ડંખથી ઝેર ચઢે, સર્પ, ભુજંગ (૨)
૨૧. બગીચો, ઉદ્યાન (૨)
૨૨. કંપારો, ધ્રુજારી (૨)
૨૩. તાસક, પ્રિયડ, ઓપ (૨)
૨૪. માસ, મહિનો (૨)
૨૫. મુગટ, રાજમુગટ (૨)
૨૬. રસ્તો, પ્રતીક્ષા, રાહ (૨)
૨૭. આવરદા, આયુષ્ય, પેદાશ (૨)
૨૮. ખુશ, સંમત (૨)
૨૯. કર્મ, કૃત્ય, વાંસના (૨)
૩૦. શકરો, સમડી જાતનું પક્ષી (૨)
૩૧. મોટર ગાડી (ઈ) (૨)
૩૨. કાળો, ઉકાળો (૨)
૩૩. દારૂનું પીઠું, એક ડઝન = _____ નંગ (૨)
૩૪. શત, રાત્રી, રજની (૨)
૩૫. ઈમારતી લાકડાની એક જાત (૨)
૩૬. શેખાઈ, બડાઈ (૨)
૩૭. આરોપ, કલંક (૨)
૩૮. કેરી, સામાન્ય (૨)
૩૯. આકાશ, નભ (૨)
૪૦. રિશ્વત, કામ કઢાવવા છૂપી રીતે આપવી પડતી રકમ (૨)
૪૧. કર્ણ રોજ સોનામહોરનું _____ કરતો (૨)
૪૨. જીવ, પ્રાણપ્રિય વ્યક્તિ, લગ્નમાં વર સાથે જતો સમૂહ (૨)
૪૩. વર, લાડકવાયો છોકરો (૨)
૪૪. ચૌદહવી કા _____ . ગુરૂદત્તની એક ફિલ્મ (૨)
૪૫. મા, જનની (૨)
૪૬. માળી, ફૂલ વેચનાર (૨)
૪૭. વાર્તા, કથા, બીના (૨)
૪૮. ચલણી સિક્કો, ધન, પૈસા (૨)

## NanoNine® શબ્દ રમત-૧૫૮નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| એ | કા | સ | ણું | | ખા | ત | ર | | ની | | ગ |
| કા | ળ | જી | | ક | ન | ક | | અ | ક | બ | ર |
| ગ્ર | | વ | રૂ | ણ | | લા | | મા | | ડ | મી |
| | મ | | વાં | ક | | દી | વા | ન | | ભા | |
| | ત | લા | ટી | | તો | | હ | ત | ભા | ગી | |
| બા | લ | દી | | અ | પ | મા | ન | | લ | | શ |
| ર | બ | | વા | | | ળી | | તૂ | | મા | શી |
| ણું | | હે | રિ | ટે | જ | | સ | ર | દા | ર | |
| | વા | ડ | | બિ | | પ | ગી | | ન | ગ | ર |
| પ | | મા | ન | સ | રો | વ | ર | | વી | | |
| ક્ષી | | સ્ત | ર | | ટ | ન | | મો | ર | સ | |
| | સ્મા | ર | ક | | લો | | રા | ત | | દા | સ |

*માસ નવેમ્બર-૨૦૧૯ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૫૭ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા શાહ – અમદાવાદ
૨. ચંદ્રા શાહ – અમદાવાદ
૩. સ્મિતા શાહ – અમદાવાદ
૪. વર્ષા પારેખ – અમદાવાદ
૫. દમયંતી દંડ – અમદાવાદ
૬. લક્ષ્મી ખત્રી – અમદાવાદ
૭. જ્યોતિ ગડા – અમદાવાદ
૮. ફાલ્ગુની સંઘવી – અમદાવાદ
૯. અરૂણા મહેતા – અમદાવાદ
૧૦. મોહિની મહેતા – અમદાવાદ
૧૧. કૃષ્ણકાંત મોદી – અમદાવાદ
૧૨. ધ્રુવી મહેતા – અમદાવાદ
૧૩. નીના ગોરજી – અમદાવાદ
૧૪. તૃપ્તિ સાવલા – અમદાવાદ
૧૫. ગુલાબ સાયા – અમદાવાદ
૧૬. કુલીન મહેશ્વરી – અમદાવાદ
૧૭. રંજન શાહ – અમદાવાદ
૧૮. જ્યોતિ શાહ – અમદાવાદ
૧૯. કલ્પના પાલાણી – અમદાવાદ
૨૦. જયસુખ સંઘવી – અમદાવાદ
૨૧. રાજકુમારી શાહ – અમદાવાદ
૨૨. સ્વાતિ ગાલા – અમદાવાદ
૨૩. ચંદુભાઈ કુબડિયા – અમદાવાદ
૨૪. ઈન્દુબેન પટેલ – અમદાવાદ
૨૫. તીર્થ સંઘવી – અમદાવાદ
૨૬. પ્રિયંકા શાહ – અમદાવાદ
૨૭. દર્શના શાહ – અમદાવાદ
૨૮. ચેતના વોરા – અમદાવાદ
૨૯. કુસુમ ત્રેવાડિયા – અમદાવાદ
૩૦. મહેન્દ્ર પૂજ – અમદાવાદ
૩૧. ચંદ્રકાંત લોડાયા – અમદાવાદ
૩૨. ડૉ. અતુલ ધરોડ – અમદાવાદ
૩૩. હસમુખ દેઢિયા – અડાલજ
૩૪. નિર્મલા છેડા – મુંબઈ
૩૫. જીજ્ઞા સાવલા – વડોદરા
૩૬. ગુણવંતી ખંડોર – મુંદ્રા
૩૭. ઉષા સંઘવી – રાઉરકેલા
૩૮. પ્રભા શેઠિયા – વલસાડ
૩૯. ચેતના મહેશ્વરી – આદિપુર
૪૦. રીશ્વા મહેતા – ગાંધીધામ
૪૧. મલય શાહ – ભુજ
૪૨. કંચનબેન મોરબિયા – ભુજ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલનારાઓમાંથી લક્કી ડ્રો કરતાં, ત્રણ વિજેતાઓનાં નામ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે. બહારગામના વિજેતાઓ સંપર્ક કરી સરનામું પૂરેપૂરું મોકલશે તો કુરિયરથી ઈનામ મોકલવામાં આવશે.*

૧. મોહિની મહેતા – અમદાવાદ
૨. કૃષ્ણકાંત મોદી – અમદાવાદ
૩. ચંદ્રકાંત લોડાયા – અમદાવાદ

## "રસવંદના – નવરસ ગેમ"ના જવાબો

**(૧) રસ :** શૃંગાર રસ, વીર રસ, રૌદ્ર રસ, બીભત્સ રસ, હાસ્ય રસ, કરુણ રસ, ભયાનક રસ, અદ્ભુત રસ, શાંત રસ. **(૨) ભક્તિના પ્રકાર :** શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદ સેવન, અર્ચન, વંદન, સખ્ય, દાસ્ય, આત્મ નિવેદન. **(૩) કુબેર ૯ નિધિ :** પદ્મ, મહા પદ્મ, શંખ, ચક્ર, કચ્છપ, મુકુંદ, કુંદ, નીલ, ખર્વ. **(૪) સૃષ્ટિના પ્રકાર :** મહત તત્ત્વની, અહંકાર, સુભમજીવી, ઈન્દ્રીય, પંચ મહાભૂત, તામસી, સ્થાવરોની, પશુ-પક્ષીની, મનુષ્યોની. **(૫) ૯ રત્નો :** હીરો, માણેક, મોતી, પન્નો, પોખરાજ, લસણિયો, ગોમેદ, પરવાળુ, નીલમ. **(૬) સ્થાયી ભાવ :** રતિ, હાસ્ય, શોક, ક્રોધ, ઉત્સાહ, ભય, જુગુપ્સા, વિસ્મય, નિર્વેદ. **(૭) હાસ્ય રસ :** સ્મિત, હસિત, વિહસિતા, ઉપહસિત, અપહસિત, અતિહસિત, વિટ હાસ્ય, હ્યુરર હાસ્ય, શૃંગારિક હાસ્ય. **(૮) પૃથ્વીના ખંડ :** ઈલાવૃત્ત, ભદ્રામ, હરિવર્ણ, કિંપુરુષ, કેતુમાલ, રમ્યક, ભારત, હિરણ્યમ, ઉતરકુરુ. **(૯) કલ્યાણકારી મંત્રો :** ● ૐ પ્રણવાય નમઃ ● ૐ અર્હમ નમઃ ● ૐ તત્ત્વ પુરુષાય નમઃ ● ૐ વૃક્ષ પુરુષાય નમઃ ● ૐ હીંકારાય નમઃ ● ૐ હીં રામ રામાય નમઃ ● ૐ પંચ પુરુષાય નમઃ ● ૐ દત્ત દિગમ્બરાય નમઃ ● ૐ સર્વમંગલાય નમઃ

## NanoNine® Sudoku

**નવેમ્બર-૨૦૧૯ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૧૫ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ તથા વિજેતાઓના નામ માટે**

**જુઓ : પાના નંબર-૧૪૧**

### ઉકેલ : ક્રમાંક - ૧૧૧૬

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 7 | 5 | 6 | 1 | 8 | 9 | 4 | 2 |
| 6 | 2 | 1 | 5 | 4 | 9 | 8 | 7 | 3 |
| 8 | 9 | 4 | 3 | 7 | 2 | 5 | 6 | 1 |
| 1 | 8 | 7 | 9 | 6 | 3 | 2 | 5 | 4 |
| 4 | 3 | 2 | 7 | 5 | 1 | 6 | 8 | 9 |
| 5 | 6 | 9 | 2 | 8 | 4 | 3 | 1 | 7 |
| 9 | 5 | 6 | 1 | 3 | 7 | 4 | 2 | 8 |
| 7 | 4 | 3 | 8 | 2 | 5 | 1 | 9 | 6 |
| 2 | 1 | 8 | 4 | 9 | 6 | 7 | 3 | 5 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 7 | 3 | 1 | 8 | 2 | 9 | 6 | 5 |
| 5 | 2 | 1 | 3 | 6 | 9 | 7 | 8 | 4 |
| 8 | 9 | 6 | 7 | 5 | 4 | 3 | 2 | 1 |
| 1 | 6 | 2 | 9 | 7 | 3 | 5 | 4 | 8 |
| 3 | 8 | 5 | 2 | 4 | 6 | 1 | 9 | 7 |
| 7 | 4 | 9 | 8 | 1 | 5 | 6 | 3 | 2 |
| 9 | 3 | 4 | 5 | 2 | 7 | 8 | 1 | 6 |
| 2 | 1 | 7 | 6 | 3 | 8 | 4 | 5 | 9 |
| 6 | 5 | 8 | 4 | 9 | 1 | 2 | 7 | 3 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 6 | 5 | 9 | 8 | 1 | 3 | 2 | 7 |
| 3 | 9 | 1 | 5 | 7 | 2 | 8 | 6 | 4 |
| 7 | 2 | 8 | 6 | 3 | 4 | 5 | 9 | 1 |
| 2 | 5 | 9 | 8 | 1 | 3 | 4 | 7 | 6 |
| 6 | 1 | 3 | 7 | 4 | 9 | 2 | 8 | 5 |
| 8 | 4 | 7 | 2 | 6 | 5 | 1 | 3 | 9 |
| 9 | 8 | 4 | 3 | 5 | 6 | 7 | 1 | 2 |
| 5 | 3 | 6 | 1 | 2 | 7 | 9 | 4 | 8 |
| 1 | 7 | 2 | 4 | 9 | 8 | 6 | 5 | 3 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 2 | 1 | 3 | 5 | 7 | 4 | 8 | 9 |
| 8 | 3 | 9 | 4 | 6 | 1 | 7 | 5 | 2 |
| 7 | 5 | 4 | 9 | 2 | 8 | 6 | 3 | 1 |
| 3 | 4 | 7 | 1 | 8 | 5 | 9 | 2 | 6 |
| 1 | 8 | 5 | 2 | 9 | 6 | 3 | 4 | 7 |
| 9 | 6 | 2 | 7 | 4 | 3 | 8 | 1 | 5 |
| 2 | 9 | 6 | 8 | 1 | 4 | 5 | 7 | 3 |
| 4 | 1 | 3 | 5 | 7 | 9 | 2 | 6 | 8 |
| 5 | 7 | 8 | 6 | 3 | 2 | 1 | 9 | 4 |

## NanoNine® *Sudoku*

*રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)*

*સુડોકુ ક્રમાંક-૧૧૧૭ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૧-૨૦૨૦સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ માર્ચ-૨૦૨૦ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.*

સુડોકુ ભરનારનું નામ : ______________________________

સરનામું : ______________________________

______________________ ફોન/મોબાઈલ : ______________________

### ક્રમાંક - ૧૧૧૭

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 4 | | | | | 9 | 8 | |
| | | | 8 | | 7 | 4 | 2 | 6 |
| | | 2 | | | 6 | | | |
| 7 | | | | 4 | 8 | | 6 | 3 |
| 2 | | 4 | | | | 8 | | 5 |
| 6 | 5 | | 3 | 7 | | | | 9 |
| | | | 9 | | | 5 | | |
| 4 | 8 | 5 | 7 | | 1 | | | |
| | 2 | 1 | | | | | 3 | 4 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 1 | 2 | | 9 | 8 | 4 | | |
| 5 | | | 3 | | | | | 1 |
| 7 | 3 | | | | | | 2 | |
| | | | 8 | | 4 | 9 | 3 | 2 |
| | | 7 | | | | 1 | | |
| 3 | 2 | 8 | 6 | | 9 | | | |
| | 6 | | | | | | 7 | 5 |
| 2 | | | | | 7 | | | 9 |
| | | 5 | 1 | 8 | | 3 | 6 | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 1 | 2 | | | | | | 9 |
| 8 | | | 3 | 1 | | | 7 | |
| | 7 | | 2 | | 9 | | 5 | 1 |
| 5 | | | 7 | | 2 | 6 | | 8 |
| | 8 | | | | | | 3 | |
| 9 | | 1 | 5 | | 3 | | | 4 |
| 6 | 3 | | 1 | | 4 | | 8 | |
| | 2 | | | 3 | 7 | | | 6 |
| 7 | | | | | | 1 | 9 | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 2 | | 5 | 7 | | | 6 | |
| | | 7 | | 6 | 8 | 1 | | 5 |
| | | 6 | 2 | | | 9 | | |
| | | | 1 | | 4 | 8 | | 3 |
| | 1 | | | 3 | | | 4 | |
| 2 | | 3 | 7 | | 5 | | | |
| | | 1 | | | 2 | 4 | | |
| 4 | | 8 | 6 | 9 | | 2 | | |
| | 6 | | | 4 | 7 | | 8 | |

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા અમદાવાદ ખાતે પ્રાયોજિત ક્રિકેટ ટુર્નામેન્ટ - ૨૦૧૯

અમદાવાદ - ગાંધીનગર વિસ્તારના દરેક ઘટક કચ્છી સમુદાયના યુવાનો પરસ્પર એકબીજાની નજીક આવે એવા ઉમદા હેતુથી અમદાવાદ ખાતેના શ્રી કચ્છી સમાજ દ્વારા એક ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન ૨૦થી ૨૨ ડિસેમ્બર, ૨૦૧૯ દરમિયાન અમદાવાદમાં પાર્થ પાર્ટી પ્લોટ મધ્યે સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટમાં ૬ ઘટક કચ્છી સમાજોના કુલ ૮ શ્રેષ્ઠ ટીમોએ હિસ્સો લઈને પોતાના સમાજવતી ઉત્કૃષ્ટ રમતનું પ્રદર્શન કર્યું હતું. ફાઈનલ મેચનું રાત્રિના બે વાગે સમાપન થયું હતું. તે સમયે વિવિધ શ્રેણી હેઠળના ઍવોર્ડસ સંબંધિત ટીમ અને તેના ખેલાડીઓને એનાયત કરવામાં આવ્યા હતા. જેમાં વિજેતા ટીમ, મેન ઑફ ધ ફાઈનલ મેચ - દીપેશ પટેલ, બેસ્ટ બેટ્સમેન ઑફ ધ ટુર્નામેન્ટ - પાર્થ પટેલ, બેસ્ટ બોલર ઑફ ધ ટુર્નામેન્ટ - નિકુલ ઠક્કર, બેસ્ટ ફિલ્ડર ઑફ ધ ટુર્નામેન્ટ - રજત પટેલ જ્યારે મેન ઑફ ધ સીરીઝ - પાર્થ પટેલની જાહેરાત થઈ હતી. ટુર્નામેન્ટ માટે આર્થિક મુખ્ય સહયોગ નવનીત ગ્રુપનું હતું. તે સિવાય અન્ય સહયોગી તરીકે શ્રી મનુભાઈ શાહ, શ્રી મુકેશભાઈ હાલાણી, શ્રી ચમનભાઈ પલણ તથા શ્રી જગદીશભાઈ ઠક્કર હતા. દરેક સમાજના હોદ્દેદારો, અગ્રણીઓ તથા બહોળા પ્રમાણમાં સમાજ પરિવારજનોએ ઉપસ્થિત રહીને આનંદપૂર્વક મેચ નિહાળી હતી.



સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ

★ **૧૦મી સદીમાં નિર્માણ પામેલ કંથકોટના સૂર્ય મંદિરનું થશે 'સૂર્યોદય' :** ગુજરાત અને ભારતમાં આવેલા પ્રસિદ્ધ સૂર્ય મંદિરમાં ભચાઉ તાલુકાના કંથકોટ ગામના ૧૦મી સદીના પ્રાચીન સૂર્ય મંદિર રૂપિયા ૭.૯૦ કરોડના ખર્ચે ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ દ્વારા નવનિર્માણ માટેની વિકાસ દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. કંથકોટ મંદિરના વિકાસ કામોના આયોજનમાં ત્યાં આવેલ ચેક ડૅમ તથા મોર માટેના ચણ બાબતના ચબુતરાનું પણ નવીનીકરણની યોજના કાર્ય કરવામાં આવશે તેવી માહિતી છે.

★ **રેલવે :** તા. ૧૬-૧૧ના રોજ ભુજ ખાતે રાજયમાં પ્રથમ એવા રેલવેના કોચના સફાઈ કામ અંગેના કાર્ય માટે ઓટોમેટિક વોશિંગ પ્લાન્ટનું તાજેતરમાં લોકાર્પણ કરવામાં આવ્યું હતું. રૂપિયા ૧.૭૦ કરોડના ખર્ચે તૈયાર થનાર આ પ્લાન્ટથી મેન પાવરની સાથે સાથે વોટરનો પણ બચાવ થશે. ભુજ તરફ આવતી ટ્રેનોમાં નવા આધુનિક ડબ્બાવાળી એલ.એચ.બી.ની રેક કન્વર્ટ કરી છે. જેથી આ આધુનિક કોચની સફાઈ પણ ઓટોમેટિકલી વોશિંગ મશીનથી થાય તેવી ગોઠવણ કરવામાં આવી છે.

★ **કચ્છી હસ્તકલા ક્ષેત્રે રાષ્ટ્રપતિ એવોર્ડ :** ભારત સરકાર દ્વારા બાંધણીના ઉત્કૃષ્ટ કામ માટે શિલ્પગુરુનું બહુમાન છેલ્લા ૪૦ વર્ષથી હસ્તકલા ક્ષેત્રે કાર્યરત મૂળ બારા (અબડાસા) અને હાલે ભુજ રહેતા નૂરબાનુબેન ખત્રીને મળેલ છે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે બાંધણીના ત્રણ બેજોડ નમૂના પસંદગી પામે તોજ ઍવોર્ડ મળે છે. અગાઉ ૧૯૯૫માં પણ નૂરબાનુબેનને રાષ્ટ્રીય ઍવોર્ડ મળેલ હતો. આ વખતે તેમને ૨૦૧૭ માટે આ ઍવોર્ડ મળેલ છે. ભુજના ૪૫ વર્ષીય નસરીબેન ખત્રી, જેઓ ૩૦ વર્ષથી બાંધણીના કામ સાથે સંકળાયેલ છે. તેમની બાંધણીમાં બનારસી દુપટ્ટો કે જેમાં સાત કલર સાથેની સિકરી ડિઝાઇન રજૂ કરી રાષ્ટ્રીય ઍવોર્ડ પ્રાપ્ત કરેલ છે. તેમજ ભુજના ૫૨ વર્ષીય બિલકીસબાનુ કે જેઓ ૩૫ વર્ષથી બાંધણી કામ કરે છે, તેમનો બાંધણીકામ દુપટ્ટો ક્રેપ સિલ્ક કસબ (લાલ - કાળો) શિકારી (મેમણ ફેશન) માટે રાષ્ટ્રીય મેરિટ સર્ટિફિકેટ માટે પસંદગી પામ્યા છે. આ ઉપરાંત અબડાસા તાલુકાના તેરાના રહેવાસી ૫૧ વર્ષીય ખેરૂન્નિસાબેન અબ્દુલ અઝીઝને પણ તેમના દ્વારા તૈયાર થયેલ લગ્નપ્રસંગ માટે બારિક વર્ક સાથે ટ્રેડિશનલ બાંધણીના દુપટ્ટા માટે નેશનલ મેરિટ સર્ટિફિકેટનું બહુમાન પ્રાપ્ત થયેલ છે. આ સર્વેને રાષ્ટ્રપતિના હસ્તે સન્માનિત કરાશે.

★ **નાની બન્નીમાં મિદિયાવળનો મબલખ પાક :** આ વર્ષે અનરાધાર વરસેલા વરસાદે ખેડૂતોની દશા બગાડી દીધી છે. મગફળી, કપાસ, કઠોળ, બાજરો, જુવાર, તલ વગેરે પાકોનો વરસાદ અને માવઠાથી કચ્છના ખેડૂતો બેહાલ થઈ ગયા છે. બધા પાકો નાશ પામ્યા છે ત્યારે નાની બન્નીમાં એવી વનસ્પતિ છે જેની કોઈ સારસંભાળ લેવી નથી પડતી.


★ **અલભ્ય પક્ષી રણ દશરથિયાનો રણમાં પડાવ :** મેઘરાજાની કચ્છમાં થયેલ અપાર કૃપાથી બન્નીના ઘાસિયા મેદાનમાં દુષ્કાળમાં નવપલ્લવિત નહીં થયેલા ૩૬ જેટલા નવા ઘાસ બન્નીમાં દેખાયા છે અને તેની વચ્ચે અલભ્ય એવા રણ દશરથિયાની હાજરીએ પક્ષી વિષારદો અને પક્ષી પ્રેમીમાં ખુશી ફેલાવી દીધી છે. રણ નિવાસી આ પક્ષી રણની રેતી જેવું રંગ ધરાવે છે. જેથી મનુષ્યના પગની પાસે બેઠો હોય તો પણ દેખાય નહીં તેવા રૂપરંગ ધરાવે છે. આ વખતે પક્ષી પ્રેમીઓની નજરમાં દસેક રણ દશરથિયા નજરે ચડી ગયા. તે નિશાચર જીવ હોતાં રાત્રે જ ભોજન માટે ક્રિયાશીલ થાય છે. રાત્રે ઉડતી જીવાત, પતંગિયા, ફૂલ, ઢાલીયા જીવડા વગેરેને ઉડતા ઉડતા જ શિકાર બનાવે છે.

★ **મોંઘી એસ.ટી. વોલ્વો બસ સર્વિસ :** ગુજરાત એસ.ટી. તંત્રે તાજેતરમાં ભુજથી રાજકોટ, અમદાવાદ, સુરત, વડોદરા, ભાવનગર, ગાંધીનગરને સાંકળતી વોલ્વો બસ સેવા શરૂ કરી છે. પરંતુ તેના ભાડા ખાનગી ટ્રાવેલ્સની બસોથી વધુ હોવાથી પ્રવાસીઓમાં ચણભણાટ શરૂ થયો છે. સામાન્ય રીતે એસ.ટી. બસના ભાડા અન્ય બસ સેવાઓ કરતા ઓછા હોય છે. આના કારણે આ રૂટ ઉપરની સેવાઓને નબળો પ્રતિસાદ મળે છે.

★ **કચ્છમાં પવનચક્કી પર રોક :** કચ્છમાં સરકારી જમીનોમાં આડેધડ ઊભી કરાયેલ પવનચક્કી દ્વારા ભૂસંપદા, પર્યાવરણ અને નિવાસીઓ તેમજ અન્ય જીવોને જફા આપનાર તથા અનેક રીતે નુકસાનીના અહેવાલો વચ્ચે ઠેરઠેરથી ઊઠી રહેલા વિરોધના પગલે આખરે પવનચક્કીને નવી સરકારી જમીન નહીં ફાળવવાનો નિર્ણય લેવાયો છે.

★ **ભુજમાં કચ્છની પ્રથમ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ :** મૂળ કચ્છ સામત્રાના અને હાલે કેન્યા વસતા અને ત્યાંના મીઠા

(અનુસંધાન : જુઓ પાના નં.-૧૪૦ ઉપર)




## સરનામા ફેરફાર

- **નારાણજી નરશી મૈશેરી**
  એ-૧૨, ઓમ ટાવર, બી.એસ.એન.એલ. બિલ્ડિંગ પાસે, ઘોડા કેમ્પ રોડ, શાહીબાગ,
  અમદાવાદ-૩૮૦ ૦૦૪.

## પુત્રી જન્મ

- **ગુરુવાર, તા. ૨૮-૧૧-૨૦૧૯**
  સૌ. જીજ્ઞા ગૌરાંગ ચંદ્રકાંત શાહ (બાંઢિયા - કચ્છ) અમદાવાદના ઘેર પુત્રીનો જન્મ થયેલ છે.

## અવસાન નોંધ : પુષ્પાંજલિ

- **બુધવાર, તા. ૪-૧૨-૨૦૧૯**
  તારાબાઈ રાયચંદભાઈ દંડ (પરજાઉ - કચ્છ) - અમદાવાદ
- **શુક્રવાર, તા. ૬-૧૨-૨૦૧૯**
  પ્રવીણભાઈ હરજીવન સંઘવી (ઉં.વ. ૬૬) (સાંતલપુર - કચ્છ) અમદાવાદ
- **રવિવાર, તા. ૮-૧૨-૨૦૧૯**
  ધનલક્ષ્મીબેન રાયચંદભાઈ ખોના (સાંધવ - કચ્છ) અમદાવાદ
- **રવિવાર, તા. ૮-૧૨-૨૦૧૯**
  નિરંજન હરખચંદભાઈ સંઘવી (ઉં.વ. ૬૯) (આડેસર - કચ્છ) અમદાવાદ

***સદ્‌ગતશ્રીઓના આત્માના શ્રેયાર્થે પ્રાર્થના.***

## સાભાર સ્વીકાર

### વૈયાવચ્ચ ખાતે

**રૂા. ૧૫,૦૦૦/- મૂલચંદભાઈ એન્ડ સન્સ - વિરમગામ**

*સંસ્થા ઉપરોક્ત દાતાશ્રીનો ખૂબ ખૂબ આભાર માને છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ



## રવિવાર, તા. ૨૬-૦૧-૨૦૨૦ : ધ્વજ વંદન કાર્યક્રમ

## ॥ જાહેર આમંત્રણ ॥

*રાષ્ટ્રના ૭૦મા પ્રજાસત્તાક દિન નિમિત્તે રવિવાર, તા. ૨૬-૦૧-૨૦૨૦ના રોજ સવારે ૦૯.૦૦ કલાકે શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના પ્રાંગણમાં સંસ્થાના કાયમી આમંત્રિત ટ્રસ્ટી **શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી**ના વરદ્ હસ્તે ધ્વજવંદન કરવામાં આવશે.*

*ધ્વજવંદન બાદ વયસ્ક સમિતિ અને સાંસ્કૃતિક સમિતિ દ્વારા એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે.*

*ઉપરોક્ત કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ભોજનની વ્યવસ્થા રાખેલ છે.*

*સમાજના સર્વે સભ્યોએ ઉપરોક્ત કાર્યક્રમમાં સમયસર પધારવા માટે ભાવભર્યું આમંત્રણ છે.*

**પ્રદીપ સૂરજલાલ મહેતા**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પ્રતાપ નારાણજી દંડ**
**મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# સદાબહાર વયસ્ક સમિતિ દ્વારા દિલબર પિકનિકનું સુંદર આયોજન થયું

• મા, પાવા તે ગઢથી ઉતર્યા – મહાકાળી....

• માડી તારા ગોખ ગબ્બર અણમોલ રે

શિખરે શોભા ઘણી રે લોલ...





શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વયસ્ક સમિતિ તરફથી તા. ૧૭-૧૨-૨૦૧૯ના રોજ પાવાગઢની એક દિવસની પિકનિકનું ખૂબ આનંદદાયક રીતે આયોજન કરવામાં આવ્યું હતું. ઠંડીના મસ્ત માહોલની રંગત સાથે સવારે ૦૬.૩૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડીથી ૭૦ જેટલા સભ્યોએ બે બસ દ્વારા નવકારમંત્ર અને પ્રભુ સ્મરણ સાથે પ્રસ્થાન કર્યું હતું. ઓમકાર તીર્થના સ્થાને નવકારશી અને પૂજા - અર્ચના કર્યા બાદ બસમાં સંયુક્ત રીતે આનંદ માણીને નિર્ધારીત સમયે પાવાગઢ પહોંચ્યા હતા. કેટલાક સશક્ત સભ્યોના દિલ-દિમાગમાં શિખરની ઉપર બિરાજમાન મહાકાળી મા ના દર્શન કરવાનો તાન - આલાપ ગુંજી રહ્યો હતો. વિશ્વમાં સ્વિટ્ઝરલેન્ડ જેવા રાષ્ટ્રની માફક પાવાગઢ ખાતે નીચેથી ઉપર જવા - આવવા રોપ-વે ની વ્યવસ્થાનું નિર્માણ થયેલું છે. જેની મજા લૂંટવાનો અમૂલ્ય અવસર કેટલાક સભ્યોએ દિલધડક રીતે માણ્યો. માતાજીના સ્થાને તેઓએ ખૂબ ભક્તિ અને આસ્થાપૂર્વક દર્શનનો લહાવો લીધો. જેને જીવનમાં એક યાદગાર ઘડી ગણી શકાય. બપોરના મનભાવક વાનગીઓના જમણ બાદ ત્યાંથી સૌ વડોદરા સમીપ અટાપી વન્ડરલેન્ડ - આજવા ગાર્ડનની મુલાકાતે ગયા હતા. વૈશ્વિક સ્તરના શ્રેષ્ઠ પાર્ક જેવું આધુનિક સજાવટ સાથેનું ખૂબ અલૌકિક, આશ્ચર્ય ઉપજાવે તેવા આ પાર્કમાં ફરીને વડીલો આનંદમય થઈ ગયા. ફ્લાઇંગ કરાઉઝ, થ્રિલીંગ એન્જિન, સ્કાય ડ્રોપ, ડિસ્કો તાગડા, ટબ્બી જમ્પ, ભીમ ધ બૂમરાંગ, જુગ્નૂ વર્લ્ડ, સ્કાય પેડલ, એડલ્ટ રાઇડ, હાઇ થ્રિલ રાઈડ, કિડ્સ રાઇડ અને એડવેન્ચર રાઇડ જેવી અતિ આધુનિક રાઇડ્સ માણવાનો એક અનોખો અને અજાયબ કહી શકાય તેવો અવસર આ પાર્કમાં પ્રાપ્ત થયો હતો. તે સિવાય, વિવિધ રાજ્યોની મંડળીના નૃત્ય, કલા-કસબ અને વૃંદાવન ગાર્ડનની સજાવટ ખૂબ ધ્યાનાકર્ષક હતા. રાત્રિના રંગબેરંગી નિરુપમ વોટર લેઝર શો નિહાળ્યા બાદ તરત ડીનર લઈને ત્યાંથી અમદાવાદ આવવા પ્રસ્થાન કર્યું હતું. રાત્રિના ૧૧ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે આનંદ અને મસ્ત વાતાવરણમાં સૌ પરત આવ્યા હતા.

આ કાર્યક્રમ માટે શ્રીમતી જયાબેન ચંદુભાઈ કુબડિયા તરફથી રૂા. ૫,૦૦૦/-નું સૌજન્ય પ્રાપ્ત થયું હતું. જે માટે તેમનું ઉચિત બહુમાન કરવામાં આવ્યું હતું.

આ પિકનિકના સમગ્ર કાર્યક્રમ દરમિયાન સમિતિના દરેક સભ્યશ્રીઓએ ખૂબ જહેમત ઉઠાવીને કાર્યક્રમમાં રંગત લાવી હતી, જેની સૌ સભ્યોએ પ્રશંસા કરી હતી.

*રજનીકાંત પારેખ, કન્વીનર - વયસ્ક સમિતિ*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## સરસ્વતી સન્માન કાર્યક્રમ ઉત્સાહી માહોલમાં સંપન્ન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, અમદાવાદ - ગાંધીનગર વિસ્તારના વિદ્યાર્થીઓને દર વર્ષે સમાજના નિયમાનુસાર પુરસ્કૃત કરે છે. તેજસ્વી તારલાઓને સ્ટેજ પર વિશિષ્ટ ઇનામ સાથે પ્રમાણપત્ર એનાયત કરીને બિરદાવવામાં આવે છે. આ કામગીરી સમાજની "સરસ્વતી સન્માન સમિતિ" દ્વારા થતી હોય છે.

આ કામની શરૂઆત સમાજના મુખપત્ર 'મંગલ મંદિર'ના મે માસના અંકમાં ફોર્મ પ્રકાશિત કરીને થાય છે. ફોર્મ દ્વારા ધોરણ બાળવર્ગથી અનુસ્નાતક (પોસ્ટ ગ્રેજ્યુએશન) વિદ્યાર્થીઓની યાદી તૈયાર થાય છે અને એ યાદીમાંથી સમાજના નિયમાનુસાર તેજસ્વી વિદ્યાર્થીઓની તારવણી થાય છે. આ વર્ષે ધોરણ બાળવર્ગથી ધોરણ ૯ સુધીના દરેક વિદ્યાર્થીઓને સમાજના સ્વામિવાત્સલ્યના કાર્યક્રમના દિવસે પુરસ્કાર આપવામાં આવ્યા હતા. જ્યારે ધોરણ-૧૦થી અનુસ્નાતક (પોસ્ટ ગ્રેજ્યુએશન) સુધીના વિદ્યાર્થીઓને તા. ૧૫-૧૨-૨૦૧૯ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે આયોજિત "સરસ્વતી સન્માન" કાર્યક્રમ દરમિયાન ઇનામો આપવામાં આવ્યા હતા. જે પૈકી તેજસ્વી તારલાઓને સ્ટેજ પર નવાજવામાં આવ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. આ સરસ્વતી સન્માન કાર્યક્રમ માટે દાતાશ્રી માતુશ્રી પ્રભાબેન કાંતિલાલ સાવલા, માતુશ્રી વિમળાબેન શાંતિલાલ શાહ અને શ્રી રસિકભાઈ ખીમજીભાઈ મહેતા પરિવારો તરફથી ખૂબ જ સારો સહયોગ સાંપડેલ હતો. કાર્યક્રમમાં વ્યવસ્થા માટે નિમેષ ગોગરી, જય ગોગરી, ભાવના ગોગરી, નયના ગોગરી, પારૂલ કુબડિયા, ચાર્મિ દેઢિયા, શુભ શાહ, સિધ્ધાર્થ શાહ વગેરે વોલન્ટિયર્સનો ખૂબ સુંદર સાથ-સહકાર સાંપડ્યો હતો. સમિતિના સભ્યો મનીષ વીરા, વિશાલ શાહ, સ્મિતા શાહ, નીતિન શાહ, અમી શાહ, રોહિત સંઘવીએ સંયુક્ત રીતે સમગ્ર કાર્યક્રમનું ખૂબ સુંદર રીતે સંચાલન કર્યું હતું.

આ કાર્યક્રમ દરમિયાન "ઉચ્ચ શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ"ના ઉપક્રમે ડૉ. શૈલેન્દ્ર ગુપ્તાનું પ્રેરણાત્મક વક્તવ્ય યોજવામાં આવ્યું હતું.

*પંકજ મેઘજી ગોગરી, કન્વીનર - સરસ્વતી સન્માન સમિતિ*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : મેરેજ બ્યુરો સમિતિ

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની મેરેજ બ્યુરો સમિતિ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે સમસ્ત જૈન પરિવારોના લગ્નોત્સુક ઉમેદવારો માટે કાર્યરત છે.*

*આજના આધુનિક ટેકનોલોજીના યુગમાં યુવાવર્ગની માંગને અનુલક્ષીને આ સમિતિએ **hellokutchis.com** વેબસાઈટ અંતર્ગત લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી માટે **Vivah.hellokutchis.com** નામનું એક પોર્ટલ શરૂ કર્યું છે. તેનો લાભ લેવા માટે લગ્નોત્સુક ઉમેદવારે પોતાના નામનું રજિસ્ટ્રેશન આ સમિતિ સમક્ષ કરાવવું જરૂરી છે. તે સિવાય દર શનિવારે બપોરે ૦૩.૩૦થી ૦૫.૩૦ દરમિયાન આ સમિતિના સભ્યોની રૂબરૂ મુલાકાત કરીને ડેટા બેંકનો લાભ પોતાનું રજિસ્ટ્રેશન કરાવીને લઈ શકાય છે.*

*વધુ વિગત માટે સંપર્ક : ૯૯૭૯૬ ૫૧૯૨૯, ૯૩૨૦૩ ૧૬૮૬૮*

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| ● રવિવાર, તા. ૧૨-૦૧-૨૦૨૦ સવારના ૧૦.૦૦ કલાકે | રજા અને ઉજા માળે, ગાલા હબ એનેક્ષ, ગાલા જીમખાના પાસે, બોપલ. | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | બોપલ - અમદાવાદ ખાતે નવા મેડિકલ સેન્ટરનું ઉદ્‌ઘાટન |
| ● રવિવાર, તા. ૨૬-૧-૨૦૨૦ સવારના ૯.૦૦ કલાકે | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી (પ્રાંગણમાં) | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | ૭૦મા પ્રજાસત્તાક દિન નિમિત્તે કાયમી આમંત્રિત ટ્રસ્ટી શ્રી મગનભાઈ મોતીચંદભાઈ સંઘવીના વરદ્ હસ્તે ધ્વજવંદન. બાદમાં વયસ્ક સમિતિ તથા સાંસ્કૃતિક સમિતિ દ્વારા એક કાર્યક્રમ. |

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## સામાજિક સુરક્ષા સમિતિ

આ સમિતિ પાસે ઘણીવાર એવા મેડિક્લેઇમ આવે છે કે તે વ્યક્તિ માટે ઓછી રકમના પ્રીમિયમથી મેડિક્લેઇમ પોલિસી લઇને તબીબી ખર્ચની પૂરતી રકમ વીમા કંપની પાસેથી મેળવી શકાય. આ સંજોગોમાં ૬૫ વરસથી નીચેની વ્યક્તિઓએ તેમનો મેડિક્લેઇમ વીમો ઉતરાવી લેવો હિતાવહ છે. સમાજના કોઈ સભ્યને આ કામગીરીમાં અગર મુશ્કેલી જણાય તો મેડિક્લેઇમ પોલિસી લેવા માટે આ સમિતિનો સંપર્ક કરી શકે છે. સમાજની જરૂરિયાતવાળી વ્યક્તિ ઉપર જણાવ્યા મુજબ સંપર્ક કરશે તો તેમના માટે ઉચિત વ્યવસ્થા કરી આપવામાં આવશે.

આ ઉપરાંત સરકારશ્રીના 'આયુષ્યમાન કાર્ડ' અને 'મા' અમૃતમયી કાર્ડ માટે પણ યોગ્ય માર્ગદર્શન આપવામાં આવશે. સમાજના જરૂરિયાતવાળા સર્વે સભ્યોને આ યોજનાનો લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે. આ માટે નીચે જણાવેલ વ્યક્તિઓનો સંપર્ક કરવાથી યોગ્ય કરી શકાશે.

*રજનીકાંત પારેખ : ૯૮૯૮૦ ૫૩૫૨૧*
*કે.ડી. શાહ : ૯૪૨૭૩ ૯૦૦૦૭*
*નરેન્દ્ર કોઠારી : ૯૯૨૪૬ ૩૩૯૪૫*

*રજનીકાંત પારેખ, કન્વીનર - સામાજિક સુરક્ષા સમિતિ*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ *સંચાલિત* પુસ્તક લાઇબ્રેરી

### સતત વાંચન જ્ઞાનને વધુ મજબૂત કરે છે...

★ સમાજ સંચાલિત પુસ્તક લાઈબ્રેરીમાં તજજ્ઞ લેખકશ્રીઓના વિવિધ પ્રકારના ગુજરાતી, હિંદી તથા અંગ્રેજી ભાષાના માધ્યમવાળા લગભગ ૩૦૦૦ પુસ્તકો વાચકવર્ગ માટે ઉપલબ્ધ છે. ★ જેમાં બાળકો અને યુવાવર્ગ માટે રસપ્રદ અને ઉપયોગી પુસ્તકો સામેલ છે. ★ પુસ્તકોના લિસ્ટની નકલ વાચકવર્ગને મળી શકશે. ★ લાઈબ્રેરીનો સમય : સવારના ૧૧.૦૦થી સાંજના ૫.૦૦ વાગ્યા સુધી. ★ વાચકવર્ગને લાઈબ્રેરીના સભ્ય થવા અનુરોધ છે. ★ સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન - પાલડી.

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## સ્ટાફ સભ્યોએ "સ્ટેચ્યુ ઑફ યુનિટી" સ્થળનો પ્રવાસ કર્યો

સ્ટેચ્યુ ઑફ યુનિટી એટલે કેવડિયા વિસ્તારમાં સરદાર પટેલ પ્રતિમાનું તા. ૩૧-૧૦-૨૦૧૮ના રોજ રાષ્ટ્ર અર્પણ થયા બાદ પ્રથમ વર્ષમાં જ પ્રવાસીઓનો સતત ધસારો જોવા મળ્યો છે. પ્રથમ એક વર્ષમાં એટલે કે ૩૧ ઓક્ટોબર, ૨૦૧૯ સુધી કુલ ૨૭,૧૭,૪૬૮ પ્રવાસીઓએ આ અનોખા અને મંત્રમુગ્ધ કરે તેવા 'પ્રવાસધામ'ની મુલાકાત લીધી છે.

ન્યુયોર્ક ખાતે સ્થાપિત સ્ટેચ્યુ ઑફ લિબર્ટીની યાદ અપાવે તેવા આ સ્થળે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા નિયમન થતા ત્રણે અતિથિગૃહો તથા તબીબી સેન્ટરના કુલ ૪૪ સ્ટાફ સભ્યોએ એક દિવસની પિકનિકનું ખૂબ સુંદર રીતે આયોજન કર્યું હતું. આ માટે સંસ્થા દ્વારા અંશતઃ આર્થિક સહયોગ પ્રાપ્ત થયો હતો. સ્ટાફ સભ્યોએ તે માટે હર્ષની લાગણી પ્રદર્શિત કરીને આભાર માન્યો હતો. શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેથી તા. ૨૨-૧૨-૨૦૧૯ના રોજ બસ દ્વારા સવારે ૭ વાગે પ્રસ્થાન કરીને મહેમદાવાદમાં સ્થિત સિધ્ધિ વિનાયક મંદિર મધ્યે ચા-નાસ્તાની વ્યવસ્થાને ન્યાય આપીને બપોરના ૧૨.૩૦ વાગે સ્ટેચ્યુ ઑફ યુનિટી પહોંચ્યા હતા. વેલી ઑફ ફ્લાવર્સ, સરદાર ડેમ વગેરેની મુલાકાત લઇને સર્વે જણ "એકતાની પ્રતિમા - સ્ટેચ્યુ ઑફ યુનિટી" અને તેની સાથે સંકળાયેલ પ્રદર્શન, ફિલ્મ શો નિહાળ્યા હતા. સ્ટેચ્યુ વિસ્તારમાં પ્રવાસન ક્ષેત્રના અન્ય આકર્ષણો તાજેતરમાં ઉમેરવામાં આવ્યા છે. કેવડિયા ખાતે ટેન્ટ સિટી, રિવર રાફ્ટિંગ, સાઇકલિંગ જેવા વિશેષ આકર્ષણોનો પણ તેમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ કારણે ત્યાં પ્રવાસીઓની સંખ્યામાં ૫૦% વધારો થયો છે. સ્ટેચ્યુ તેમજ તેની આસપાસના પ્રવાસન ક્ષેત્રના આકર્ષણો પ્રવાસીઓને આશ્ચર્યચકિત કરે તેવા છે. પિકનિકમાં સામેલ દરેક સ્ટાફ સભ્યોએ આ પ્રવાસન સ્થળની ખૂબ તારીફ કરી હતી. ૪૫ મજલાની પ્રતિમા, તેની રચના તથા આર્કિટેક્ટ - બાંધકામ શૈલીની કમાલ ખૂબ અજોટ અને અનોખા છે. આ રીતે આ પ્રવાસ સૌ માટે અવિસ્મરણીય કહી શકાય તેવો હતો.

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : મેડિકલ ચેક-અપ સેન્ટર

### બ્રાન્ડેડ જિનેરિક દવાઓ ૩૦થી ૮૦ ટકા ડિસ્કાઉન્ટથી ઉપલબ્ધ

*શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના મેડિકલ સ્ટોરમાં કોઈપણ વ્યક્તિને બ્રાન્ડેડ જિનેરિક દવાઓ ૩૦થી ૮૦ ટકાના ડિસ્કાઉન્ટથી ઉપલબ્ધ છે.*

**એક નજર....** ★ *બ્રાન્ડેડ જિનેરિક દવાઓની અસરકારકતા બ્રાન્ડેડ દવાઓની સમકક્ષ હોય છે.*

★ *બ્રાન્ડેડ જિનેરિક દવાઓ સસ્તી હોય છે.* ★ *જિનેરિક દવાઓ પણ સ્ટાન્ડર્ડ કંપનીઓની હોય છે.*

*આપની જિનેરિક દવાઓની જરૂરિયાત માટે ઉપરોક્ત મેડિકલ સ્ટોરમાં સંપર્ક કરશો.*

*કન્વીનર - મેડિકલ સેન્ટર સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : સરસ્વતી સન્માન-૨૦૧૯ ★ તેજસ્વી તારલાઓ


દ્વિતીશા અમિત કોરડિયા
Std. - 10
98.00%


પાર્થ અમર શાહ
Std. - 10
96.30%


હેની પરેશ મોરબિયા
Std. - 10
95.00%


હેત દર્શન વોરા
Std. - 10
94.02%


આસ્થા કેતન શાહ
Std. - 10
92.00%


આસ્થા મેહુલ શાહ
Std. - 10
90.33%


ગૌતમ નીપેશ શાહ
Std. - 10
88.30%



ધ્યેય કેતન શાહ
Std. - 10
87.00%


તન્વી નરેન્દ્ર દંડ
Std. - 10
86.00%


આર્ય હેમાંગ પારેખ
Std. - 10
85.06%


યશ નિખિલ મહેતા
Std. - 10
85.00%


સાહિલ અલ્પેશ શાહ
Std. - 10
83.05%



સાક્ષી સંદીપ શાહ
Std. 12 (Com.)
87.20%


ફેની ચંદ્રેશ શાહ
Std. 12 (Com.)
84.80%


પ્રક્ષાલ ભાવેશ પારેખ
Std. 12 (Sc.)
83.40%


ચાર્મિ સ્મિત શાહ
1st Year
A+

ઋષભ અનિલ શાહ
1st Year
91.70%



આદિત્ય કૌશલ શાહ
1st Year
85.00%


શિવાની હિતેશ મુનવર
1st Year
82.50%


નીલમ જિતેન્દ્ર રાંભિયા
1st Year
81.25%


પ્રથમ કેતન શાહ
1st Year
83.80%


પ્રશીલ ભાવેશ પારેખ
2nd Year
96.30%


રાજવી અજયકુમાર સંઘવી
2nd Year
89.10%


ધ્રુવા નીતિન શાહ
2nd Year
80.00%

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : સરસ્વતી સન્માન-૨૦૧૯ ★ તેજસ્વી તારલાઓ



મિત જીગર સંઘવી
3rd Year
85.00%



ધારા વિજય છેડા
3rd Year
82.71%



સાહિલ વસંતલાલ શેઢિયા
4th Year
89.80%



તેજસ પંકજ શાહ
4th Year
89.50%



રીધ્ધિ વિજય દેઢિયા
4th Year
85.90%



દેવાંગ ગિરીશ છેડા
4th Year
80.60%



પ્રિયંકા સુકેતુ શાહ
4th Year
59.88%



અમન પ્રિયેશ સંઘવી
Dip. Textile Eng.
91.06%



મિહિર જિતેન્દ્ર રાંભિયા
Environment Engr.




સૌમિલ પંકજ ગોગરી
MS in Comp. Eng.
99.00%



ચાર્મિ ધીરેન દેઢિયા
M.Sc. (IT)
75.00%



હર્ષિલ રસિકલાલ મહેતા
GPSC (63rd Rank out of 12000)



નિસર્ગ કમલેશ શેઠ
MBA (Marketing)
C+




કેવલ તિલકચંદ મૈશેરી
MBA (Sem. IV)



સિધ્ધાંત વિજય કોરડિયા
MBA (Sem. VI)
84.38%



સલોની વસંતલાલ શેઢિયા
MBA



નીકિતા કમલેશ લાલન
MBA
80.83%



રાહુલ દિલીપભાઈ શાહ
ACCA (CA-Comp.)
74.00%



જેકીન કિરીટ નંદુ
CA
66.38%



કેયુરી મહેન્દ્ર મોરબિયા
CA
61.38%



રોનક મણિકાંત મૈશેરી
CA
52.38%







હેમ વિજય દેઢિયા
MS (Arch.)




કેવલ મહેન્દ્ર મોરબિયા




# ગુજરાતનું ગૌરવગાન ગાતાં માહિતીસભર પુસ્તકો






| | | |
|---|---|---|
| ગુજરાત અર્ધશતાબ્દી અને .... [ગુજરાતની સર્વાંગી વિકાસયાત્રા] | સં. યશવન્ત મહેતા | 175 |
| સહકાર-પર્વ [ગુજરાતની સહકારી ક્ષેત્રે વિકાસયાત્રા] | જગદીશ મુલાણી | 135 |
| પર્યાવરણ-પર્વ [ગુજરાતની વનસંપદા અને પર્યાવરણ] | નટવર હેડાઉ | 135 |
| વિત્ત-પર્વ [ગુજરાતની આર્થિક વિકાસયાત્રા] | રોહિત શુક્લ | 135 |
| ન્યાય-પર્વ [ગુજરાતના ન્યાયાધીશો અને વકીલો] | ચિન્મય જાની | 100 |
| પત્રકારત્વ-પર્વ [ગુજરાતી પત્રકારત્વની વિકાસયાત્રા] | યાસીન દલાલ | 145 |
| ઉત્સવ-પર્વ [ગુજરાતનાં ઉત્સવો, પર્વો અને મેળાઓ] | કમલેશ ચાવડા | 130 |
| સાગર-પર્વ [ગુજરાતમાં બંદરવિકાસ અને મત્સ્યોદ્યોગ] (પુરસ્કૃત) | ગૌરાંગ વૈદ્ય | 60 |
| દુગ્ધ-પર્વ [ગુજરાતમાં શ્વેતક્રાંતિની વિકાસયાત્રા] | હસમુખ દેસાઈ | 125 |
| પંચાયત-પર્વ [ગુજરાતમાં પંચાયતી રાજની વિકાસયાત્રા] | શિવદાન ગઢવી | 145 |
| ગ્રામ-પર્વ [ગુજરાતના ગ્રામપ્રદેશની વિકાસયાત્રા] | માણેકભાઈ પટેલ | 90 |
| રંગભૂમિ-પર્વ [ગુજરાતી રંગભૂમિની વિકાસયાત્રા] | હસમુખ બારાડી | 120 |
| ચાલો, ગુજરાતના પ્રવાસે (પ્રવાસ માર્ગદર્શન) | પ્રવીણ શાહ | 500 |
| યશગાથા ગુજરાતની (કાવ્યસંગ્રહ) | સંપા. રોહિત શાહ | 100 |
| સ્વર્ણિમ ગુજરાતના સી.એમ. નરેન્દ્ર મોદી (લેખો) | સંપા. રોહિત શાહ | 250 |
| સમયને સથવારે : ગુજરાત (પુરસ્કૃત) | કુન્દનલાલ ધોળકિયા | 300 |
| ગુજરાતનાં પત્રકાર-રત્નો (પત્રકારત્વ) | દિનેશ દેસાઈ | 115 |
| ગ્રેટ ગુજરાત, ગ્લોબલ ગુજરાત (પત્રકારત્વ) | દિનેશ દેસાઈ | 250 |
| નશાબંધી ગુજરાતનું ગૌરવ (વ્યસનમુક્તિ) | દોલત ભટ્ટ | 125 |
| ગુજરાતમાં સ્કાઉટગાઇડ કાર્યક્રમ (રમતગમત) | ધવલ પટેલ | 100 |
| ગુજરાતના શિક્ષણસંન્યાસીઓ (જીવનચરિત્ર) | પ્રો. રણજિતસિંહ પવાર | 180 |
| ગુજરાતની શિક્ષણવિભૂતિઓ (જીવનચરિત્ર) | ભદ્રાયુ વછરાજાની | 275 |
| ગુજરાતના અધ્યાપકોનો માહિતીકોશ | અજય રાવલ | 50 |
| ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ (મલ્ટીકલર, નકશા સહિત સંદર્ભગ્રંથ) | રજની વ્યાસ | 1000 |
| 111 ગરવા ગુજરાતીઓ (જીવનચરિત્ર, મલ્ટીકલર) | રજની વ્યાસ | 750 |
| ગુજરાતની અસ્મિતા (પુરસ્કૃત, સંદર્ભસાહિત્ય) (મલ્ટીકલર) | રજની વ્યાસ | 2000 |
| સ્વાગતમ્ ગુજરાત (સંદર્ભસાહિત્ય, મલ્ટીકલર) | રજની વ્યાસ | 380 |
| The Glory of Gujarat (સંદર્ભસાહિત્ય, મલ્ટીકલર) | Rajni Vyas | 2000 |
| Wellcome To Gujarat (સંદર્ભસાહિત્ય, મલ્ટીકલર) | Rajni Vyas | 380 |
| ગુજરાતનું પાટનગર અમદાવાદ (સંદર્ભગ્રંથ) | લે. રત્નમણિરાવ ભીમરાવ, સંપા. ડૉ. ભારતી શેલત, રસેશ જમીનદાર | 950 |
| ગરવી ગુજરાત અને ભવ્ય ભારત | પ્રા. કેશવલાલ પટેલ | 78 |
| ગુજરાતમાં લોકશાહી | પ્રા. કેશવલાલ પટેલ | 43 |
| ગુજરાતના સંતો | પ્રા. કેશવલાલ પટેલ | 54 |
| ગુજરાતનાં નારીરત્નો | યશવંત મહેતા, ગાર્ગી વૈદ્ય | 120 |

## ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

### ગૂર્જર સાહિત્યભવન

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 001
ફોન : 079-22144663.
e-mail : goorjar@yahoo.com

### ગૂર્જર સાહિત્ય પ્રકાશન

102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે, સીમા હોલની સામે,
100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15 ફોન : 26934340, મો. 9825268759
ઇમેલ : gurjarprakashan@gmail.com



વર્ષ ૧૯૫૮થી આખા ભારતમાં
લોજીસ્ટીક સોલ્યુશન આપતી કંપની
800+ MODERN VEHICLES
22 STATES+ 4 UTs
650+ BRANCHES
અમારી વિશેષતાઓ - સિંગલ વિન્ડો પ્લેટફોર્મ
VT/VX ની ૬૫૦+ શાખાઓ
ISO 9001:2015 પ્રમાણિત કંપની
Robust Systems & Processes પર કાર્યરત
Trace & Track Facility સાથે સંપૂર્ણ કોમ્પ્યુટરાઈઝ નેટવર્ક
બુકિંગ થી ડિલીવરી સુધી સામાનને Complete Insurance Cover
૧૦ કિલોથી ફુલ ટ્રક લોડ સુધીના પાર્સલ સ્વીકારીએ છીએ
૧૦૦૦૦૦+ સંતુષ્ટ ગ્રાહકો
Hard Freight Surface Transportation માં ૬ દાયકાનો અનુભવ
રોડ, એર અને રેલ દ્વારા Door to Door Express Cargo
વિસ્તૃત થઈ શકતી Sypply Chain & Inventory Management
V-TRANS
Driving Excellence
Our other Divisions
V-Xpress
V-Logis
Unit 6, Corporate Park, VN Purav Marg, Chembur, Mumbai, Maharashtra - 400071
Toll Free: 1800 220 180 / Website: vtransgroup.com / Email: info@vtransgroup.com
Download: V-Trans APP from Google/IOS

# દરેક દર્દીને "ની રીપ્લેસમેન્ટ" ની જરૂર નથી

# માઈક્રોપ્લાસ્ટી



**આધુનિક અભિગમ**

- ઓછી પીડા - ઓછો હોસ્પિટલ સ્ટે - ઓછો રક્તસ્રાવ - ઓછી ફીઝીયોથેરાપી - ઓછો ખર્ચ
- વધુ કુદરતી અનુભવ - વધુ સલામત - વધુ સંતોષ - વધુ ફ્લેકસીબીલીટી - વધુ સ્ટેબીલીટી



## ડૉ. હેમાંગ બી. અંબાણી

**M.B.M.S**

**જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જન**

નિષ્ણાંત, માઈક્રોપ્લાસ્ટી, પ્રાઈમરી એન્ડ રીવીઝન
ની રીપ્લેસમેન્ટ સર્જરી

ફેલો એટલાન્ટા એન્ડ ઈન્ડીયાનાપોલીસ યુ.એસ.એ.,
વુઝબર્ગ જર્મની, બ્રેશીયા ઈટાલી

**ડૉ. અમીર સંઘવી**
જોઈન્ટ રીપ્લેસમેન્ટ
ફેલો ઓસ્ટ્રેલીયા, યુ.એસ.એ. યુ.કે.

**ડૉ. ચિરાગ પટેલ**
જોઈન્ટ રીપ્લેસમેન્ટ
ફેલો ઓસ્ટ્રેલીયા સીડની

**ડૉ. અતીત શર્મા**
જોઈન્ટ રીપ્લેસમેન્ટ
ફેલો બેલ્જીયમ, સીંગપુર, જર્મની. યુ.એસ.એ

Shivam Orthopaedic Hospital & Joint Replacement Centre

Shree Orthocare

KD Hospital

E-mail : h_amani@hotmail.com
Website : www.hemangambani.com I www.shivamhospitalinfo.co I www.shreeorthocare.com
એપોઈન્ટમેન્ટ : ૦૭૯-૨૬૩૦૧૯૮૬, ૨૬૩૦૮૯૭૬, ૦૯૪૨૮૫૯૫૩૦૨, ૯૮૨૪૦૩૩૩૬૦

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2018-2020 Valid upto 31st December, 2020 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978 • Published on 1st of Every Month

સંભારણું : તસવીરી ઝલક

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા આયોજિત "કચ્છી મેળો" : તા. ૨૨-૨-૨૦૧૩થી તા. ૨૪-૨-૨૦૧૩



## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : નવીનીકરણ પામેલ મેડિકલ સેન્ટરનું ઉદ્‌ઘાટન (તા. ૨૦-૧૦-૨૦૧૩)



*If undelivered please return to :*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૯.
ફોન : (૦૭૯) ૨૬૫૭ ૮૮૯૨, ૨૬૫૮ ૧૫૦૧

*To,*